વાર્ષિક લવાજમ
રૂા. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
એપ્રિલ : ૨૦૧૩
અંક : ૪૧૯

સુવર્ણ જયંતી વર્ષ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



૧૪-૦૪-૧૨ સુવર્ણ જયંતી વર્ષ શુભારંભ
કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ



૧૪-૦૪-૧૨ મહાનુભાવોશ્રીઓનું સન્માન



કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું બહુમાન
મુંબઈ સેમીનાર



૨૧-૦૬-૧૨, કચ્છી ડાયરો



૨૨-૦૭-૧૨ કચ્છી નાટક



૦૯-૦૯-૧૨ સમગ્ર ગુજરાતના
કચ્છી યુવા - યુવતીઓનું સંમેલન



૨૧-૧૦-૧૨ નવરાત્રી



૦૨-૧૨-૧૨ સાંસ્કૃતિક કાર્યક્રમ




૧૬-૧૨-૧૨
પરિચય મિલન



૧૩-૦૧-૧૩ શ્રદ્ધાંજલિ




"કચ્છી મેળો" ૨૨-૦૨-૧૩ થી ૨૪-૦૨-૧૩

૧૩-૦૪-૧૩
સુવર્ણ જયંતી
વર્ષ સમાપન
સમારોહ

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપીમવાળા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

ROMAN GROUP

*Give Your Society The Best!*













*Pest Control*

*Water Purifier*

*Water Proofing*

*Building Facilities*

*Silicon Acrylic Paint*

*Water Treatment Plant*

*Rain Water Harvesting*

*Solar Water Heating Systems*

*Tank And Ringwell Cleaning*

*Property Redevelopment And solutions*

*Landscaping And Play Equipment For Gardens*

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**

AN ISO 9001 - 2000 COMPANY

# જીવન-પ્રેરક લેખસંગ્રહો અને આધ્યાત્મિક પુસ્તકો










| | | |
|---|---|---|
| સ્ત્રી : સંસારલક્ષ્મી | દિનેશ પાંચાલ | 70 |
| એવરી-ડે, પેરેન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | 125 |
| બાળઘડતરના અનુભવો | હસમુખ પટેલ | 100 |
| બાળકને સમજીએ (ઇનામી) | ઊર્મિલા શાહ | 90 |
| સંતાન ઘડતરના પડકારો | બેલા ઠાકર | 110 |
| પ્રસંગમાધુરી | ધીરુભાઈ ઠાકર | 130 |
| પરિવારની પારાયણ | રાજ પરમેશ્વર | 120 |
| પુરુષ : એક સૅન્ડવિચ | રીકિન શાહ | 100 |
| ચાલતા રહો, ચાલતા રહો | મોહમ્મદ માંકડ | 100 |
| સફળતાનો અભિગમ | દક્ષા પટેલ, રાજેન્દ્ર પટેલ | 80 |
| નો-પ્રૉબ્લેમ | રોહિત શાહ | 150 |
| મહાભારત ચરિત્રવિમર્શ (પાત્ર-પરિચય) | દર્શના ધોળકિયા | 100 |
| બ્રહ્મ સત્યથી જગત સત્ય ભણી | રમેશ સંઘવી | 100 |
| ગીતાનું અમૃત : કર્મયોગ | દોલતભાઈ દેસાઈ | 100 |
| મહાભારત : જીવનદર્શન | શાંતિકુમાર પંડ્યા | 200 |
| પિતા-પપ્પા-ડેડી | સંપા. રતિલાલ બોરીસાગર | 225 |
| મા એ મા | સંપા. રતિલાલ બોરીસાગર | 100 |









## ભોમિયા જેવાં ઉપયોગી-માર્ગદર્શક પ્રવાસ-પુસ્તકો

| | | | | | |
|---|---|---|---|---|---|
| હિમાલયમાં ચારધામ | સ્વામી સચ્ચિદાનંદ | 35 | નયનરમ્ય નૈનીતાલ | જયંતી ડી. શાહ | 70 |
| લેહ, લદાખ, કાશ્મીર, કારગિલ | સ્વામિ સચ્ચિદાનંદ | 35 | ચાલતાં ચાલતાં સિંગાપોર | કલ્પના દેસાઈ | 100 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | સ્વામી સચ્ચિદાનંદ | 80 | યુરોપમાં હરતાં-ફરતાં | પ્રતીક્ષા થાનકી | 180 |
| તામિલનાડુની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 50 | ભારત પ્રવાસદર્શન | કવિતા દાસ | 300 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
ફોન : 22144663 ફેક્સ : 22144663

**સંસ્કાર સાહિત્ય મંદિર**

5, અપરલેવલ, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજની બાજુમાં,
આંબાવાડી, અમદાવાદ-380 015 ફોન : 26304259

**ધ બૂક પોઇન્ટ**

41-42-43, શ્રીજી આર્કેડ, આનંદમહેલ રોડ, અડાજણ, સુરત-395009 ફોન : 0261-2744231
વેબસાઇટ : www.gurjar.biz ઇ-મેઇલ : goorjar@yahoo.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષ

### પૂર્ણાહુતિ કાર્યક્રમ

### નિમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો પૂર્ણાહુતિ કાર્યક્રમ શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના બપોરના ૩.૩૦ વાગે શ્રી સરદાર ભવન સાંસ્કૃતિક કેન્દ્ર, સરદાર ભવન ફાઉન્ડેશન, સરકિટ હાઉસ, શાહીબાગ ખાતે યોજવામાં આવેલ છે.

*કાર્યક્રમનું આયોજન નીચે મુજબ ગોઠવવામાં આવેલ છે.*

૧. ધરતીકંપ બાદ કચ્છમાં વિક્રમ રોજગારી સર્જનાર ઉદ્યોગપતિશ્રીઓનું ગુજરાત સરકારશ્રીના મંત્રીશ્રીઓ તથા અમદાવાદ, મુંબઈ તથા કચ્છની ખ્યાત વ્યક્તિશ્રીઓના વરદ્ હસ્તે બહુમાન.

૨. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પ્રાયોજિત ક્રેડિટ સોસાયટીનું લોકાર્પણ.

૩. સાંસ્કૃતિક કાર્યક્રમ.

કાર્યક્રમ બાદ સમૂહ ભોજનમાં ઉપસ્થિત રહી છૂટા પડીશું.

*આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સહુને ભાવભર્યું નિમંત્રણ છે.*

**અશોક મહેતા - મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**પ્રતાપ દંડ - માનદ્ મંત્રી**
**કાંતિભાઈ સાવલા - કન્વીનર, પૂર્ણાહુતિ સમારંભ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## "કચ્છી સંસ્થા વિશેષાંક" વિશે

છેલ્લા ૩-૪ મહિનાના પ્રયાસ બાદ આ સાથે પ્રકાશિત, કેટલીક કચ્છી સંસ્થાઓ વિશેની માહિતી આપતા રસપ્રદ લેખો અમે મેળવી શકેલ છીએ.

કચ્છીઓ ભારતભરમાં ફરી વળ્યા છે અને ભારતભરના અનેક શહેરોમાં તે ઠરીઠામ થયેલ છે. સ્વભાવે પરોપકારની વૃત્તિ ધરાવતા અનેક કચ્છી ભાંડરુઓએ પોતાની કર્મભૂમિના સ્થળે અને જન્મભૂમિના સ્થળે પણ અનેક પ્રકારની વિવિધ સેવા, શિક્ષણ, તબીબી વગેરે પ્રકારની સંસ્થાઓ સ્થાપી સેવાયજ્ઞ ચાલુ રાખેલ છે.

શક્ય છે કે અન્ય કેટલીક નામી સંસ્થાઓની માહિતી આ વિશેષાંકમાં બાકી હશે. ગણી-ગાંઠી સંસ્થાઓ હાલે અમારી નજરમાં જ છે કે જેમની માહિતી મેળવવા અમે કામિયાબ થઈ શકેલ નથી.

અગર આ પ્રકારની નામી સંસ્થાઓની માહિતી અમને આવતા દિવસોમાં પ્રાપ્ત થઈ શકશે તો અમે જરૂરથી "કચ્છી સંસ્થા વિશેષાંક" (ભાગ-૨)" પ્રસારિત કરવા કોશિશ કરીશું.

"મંગલ મંદિર"નો અંક વાંચનારા દરેક વાચકવર્ગને અપીલ કરવામાં આવે છે કે જો તેમને ખ્યાલ હોય તો આ પ્રકારની સંસ્થાઓની માહિતી મોકલવા / મોકલાવવા જરૂરથી પ્રયાસ કરીને અમને મદદરૂપ બને.

*તંત્રી મંડળ — "મંગલ મંદિર"*

*દુનિયા એક સુંદર કિતાબ છે, પણ જેને વાંચતા ન આવડે એને માટે નકામી.*

## અમદાવાદ - ગાંધીનગર વિસ્તાર સ્થિત કચ્છી પરિવારજનોની

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - કચ્છી ચલો પેજિસ

આ નોંધ લખાય છે ત્યારે અમદાવાદ - ગાંધીનગર વિસ્તાર સ્થિત કચ્છી પરિવારજનોના સૂચિત ડિરેક્ટરીના લગભગ ૩૨૦૦ ઉપર ફોર્મ ભરાઈને આવી ગયેલા છે. તે સર્વેનો ખૂબ ખૂબ આભાર. એક અંદાજ મુજબ હજુ ૨૦૦૦ જેવા ફોર્મ આવવાની શક્યતા છે.

બાકી રહેલા ફોર્મ તેની વિગત સાથે અત્રેના પ્રતિનિધિને આપશ્રી સત્વરે આપી શકો છો. અગર આપશ્રીએ ઉપરોક્ત ફોર્મ ભરીને આપેલ હોય પરંતુ અન્ય કચ્છી પરિવારજનોના વ્યવસાયિક ક્ષેત્રના ફોર્મ બાકી હોય તો તેમને પોતાના ફોર્મ ભરીને તુરત મોકલાવી આપવા જરૂર અનુરોધ કરશો.

કચ્છી પરિવારજનો તરફથી આ પ્રકારની બાબતમાં સમયસર લક્ષ અપાય અને તે પરત્વે સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**ડિરેક્ટરીમાં એન્ટ્રી માટે કોઈ ચાર્જ રાખવામાં આવેલ નથી.**

સૂચિત ડિરેક્ટરી દરેક કચ્છી પરિવારજનોને ત્યાં એક રેફરન્સ તરીકે લાંબા સમય સુધી રહેશે. તેથી આપશ્રી તેમાં કોઈપણ પ્રકારની જાહેરાત આપશો તો આપના વ્યવસાય સંબંધિત સતત પ્રચાર થતો રહેશે. ઉપરાંત, જાહેરાતના માધ્યમથી ડિરેક્ટરી પ્રસિદ્ધ કરવાના કાર્યમાં આપશ્રી ચોક્કસપણે સહાયરૂપ થઈ શકશો.

**બહારગામના કોઈપણ કચ્છી પરિવારજનો સૂચિત ડિરેક્ટરીમાં પોતાના વ્યવસાય સંબંધી જાહેરાત આપી શકે છે.**

જાહેરાત વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.

આ ડિરેક્ટરીમાં પ્રસિધ્ધ કરવાની જાહેરાતના દર નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ● કવર પેઈજ - ૨ | રૂા. ૪૦,૦૦૦/- | અપાઈ ગયેલ છે |
| ● કવર પેઈજ - ૩ | રૂા. ૩૦,૦૦૦/- | |
| ● કવર પેઈજ - ૪ | રૂા. ૫૦,૦૦૦/- | અપાઈ ગયેલ છે |
| ● કવર પેજ-૨ની સામેનું પાનું (મલ્ટી કલર) | રૂા. ૩૦,૦૦૦/- | અપાઈ ગયેલ છે |
| ● કવર પેજ-૩ની સામેનું પાનું (મલ્ટી કલર) | રૂા. ૨૦,૦૦૦/- | |

### મલ્ટી કલર

| | |
|---|---|
| ● અંદર આખું પાનું | રૂા. ૧૫,૦૦૦/- |
| ● અંદર અડધું પાનું | રૂા. ૮,૦૦૦/- |
| ● અંદર ક્વાર્ટર પાનું | રૂા. ૫,૦૦૦/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ

| | |
|---|---|
| ● અંદર આખું પાનું | રૂા. ૧૦,૦૦૦/- |
| ● અંદર અડધું પાનું | રૂા. ૬,૦૦૦/- |
| ● અંદર ક્વાર્ટર પાનું | રૂા. ૩,૫૦૦/- |
| ● અંદર ૧" સાઈઝ બોટમ પટ્ટી | રૂા. ૧,૦૦૦/- |

*આપશ્રીના સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે.*

**મનુભાઈ શાહ**
કન્વીનર - કચ્છી ચલો પેજિસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા** (ગઢશીશા)
**L.I.C. એજન્ટ**
**સાયન, મુંબઈ. ● ફોન : 24023429, મો. 9819861440**

# કચ્છી સમાજની કેટલીક સંસ્થાઓના નામ - ફોન નંબર

| ક્રમ | સંસ્થાનું નામ | ફોન નંબર |
|---|---|---|
| ૧. | શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન | ૨૩૭૨૧૦૮૪, ૨૩૭૩૪૬૭૮ |
| ૨. | શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન | ૨૩૪૫૫૪૬૪, ૩૦૯૫૧૯૭૨ |
| ૩. | શ્રી વેલજી લખમશી નપૂ હાઈસ્કૂલ | ૨૩૭૨૮૧૩૧, ૨૩૭૧૪૬૩૭ |
| ૪. | શ્રી કરશન લઘુભાઈ નીસર હોલ | ૨૪૨૨૯૪૧૮, ૨૪૩૮૨૧૨૧ |
| ૫. | હીરજી ઘેલાભાઈ સાવલા વિદ્યાલય | ૨૪૦૨૨૩૭૨ |
| ૬. | ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલય | ૨૩૭૭૬૯૩૫, ૨૩૭૭૮૮૫૨/૨૬૨૦૫૮૩૫ |
| ૭. | ધી બોમ્બે ગ્રેન ડિલર્સ એસોસિએશન | ૨૩૭૮૧૧૩૧, ૨૩૭૫૦૧૩૬ |
| ૮. | ધી બોમ્બે ગ્રેન ડિ.એ. પબ્લિક ચેરિ. ટ્રસ્ટ | ૨૩૭૪૦૪૨૮ |
| ૯. | અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ | ૨૩૭૨૯૩૦૪ |
| ૧૦. | શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ માંડવી | ૨૪૭૧૨૮૩૫, ૨૪૧૮૨૩૦૧ |
| ૧૧. | શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટ | ૨૩૭૭૮૭૩૯, ૨૩૭૯૧૫૮૦/૨૩૭૭૦૪૭૧ |
| ૧૨. | શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ (પગદંડી) | ૨૩૭૧૪૬૭૪, ફેક્સ : ૨૩૭૭૩૦૩૨ |
| ૧૩. | શ્રી જૈન હેલ્થ સેન્ટર / શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ | ૨૪૩૧૧૧૮૮ |
| ૧૪. | શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ - બિદડા | (૦૨૮૩૪) ૨૪૪૪૪૪, ફેક્સ : (૦૨૮૩૪) ૨૪૪૪૬૬ |
| ૧૫. | શ્રી કચ્છી વીસા ઓસવાળ શ્રેય સાધક સંઘ | ૨૩૪૨૮૩૮૪ |
| ૧૬. | શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુલુંડ | ૨૫૬૦૨૧૩૩, ૨૫૯૦૪૭૨૫ |
| ૧૭. | ધી ગ્રેન રાઈસ એન્ડ ઓઈલસીડઝ મરચન્ટસ એસો. - નવી મુંબઈ | ૨૭૮૯૭૪૫૪/૫૫/૫૬, ફેક્સ-૨૭૮૯૭૪૫૮ |
| ૧૮. | તરૂણ મિત્ર મંડળ | ૨૨૦૯૧૨૮૬, ૨૨૦૯૧૨૮૭ |
| ૧૯. | માનવ કલ્યાણ કેન્દ્ર - દહીંસર | ૨૮૯૫૩૨૬૩, ૨૮૯૩૩૩૫૩ |
| ૨૦. | માનવ કલ્યાણ કેન્દ્ર - ડોંબીવલી | ૦૨૫૧-૨૪૬૫૩૭૭ |
| ૨૧. | મારૂ હોસ્પિટલ - પરેલ | ૨૪૭૧૭૨૭૨, ૨૪૭૧૭૪૭૪ |
| ૨૨. | શ્રી મલાડ જૈન યુવક સમાજ | ૨૮૮૯૯૯૪૩ |
| ૨૩. | વનવિહાર | ૨૩૦૮૨૧૬૭ |
| ૨૪. | શ્રી વાગડ કલા કેન્દ્ર | ૨૪૩૦૩૬૪૮, ફેક્સઃ ૨૪૩૦૦૬૭૧ |
| ૨૫. | કચ્છ પેસેન્જર્સ એસોસિએશન | ૨૪૧૪ ૨૦૯૦/૧૬૪૧, ૨૪૧૮૧૯૬૬, ૨૪૧૨૦૨૬૨ |
| ૨૬. | શ્રી રવજી લાલજી છાડવા વીસા ઓ. જૈન બોર્ડિંગ | ૨૪૨૨૧૨૫૩ |
| ૨૭. | શ્રીમતી પુનઈબેન કરશન લધા કન્યા છાત્રાલય | ૨૪૩૦૧૨૫૩ |
| ૨૮. | શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ (સોનગઢ) | ૨૪૧૬૫૬૩૯ |
| ૨૯. | શ્રી સુવિધિનાથ જૈન દેરાસર (લાલબાગ) | ૨૪૭૧૦૩૮૦ |
| ૩૦. | શ્રી અનંતનાથ જૈન દેરાસર (કાથાબજાર) | ૨૩૪૪૧૯૨૯ |
| ૩૧. | શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ (વડાલા-મુંબઈ) | ૨૪૧૨૫૬૬૮, ૨૪૧૨૫૬૭૫ |
| ૩૨. | શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર (મુલુંડ) | ૨૫૬૭૧૧૭૦ |
| ૩૩. | રીટેલ ગ્રેન ડિલર્સ કો. સોસાયટી | ૨૩૭૫૬૩૬૪ |

*ભલાઈ એ એકમાત્ર એવું ધિરાણ છે જે દગો દેતું નથી.*

| | |
|---|---|
| ૩૪. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧ |
| ૩૫. પૂના જે. પી. અતિથિગૃહ | ૯૫૨૦-૨૫૯૭૪૩ |
| ૩૬. શ્રી કાત્રજ તીર્થ (પૂના) | (૯૫૨૦) ૨૪૩૭૦૯૪૪ |
| ૩૭. કોકણ શેંત્રુજય તીર્થ (થાણા) | ૨૫૪૭૨૩૮૯ |
| ૩૮. અગાશી તીર્થ (વિરાર) | (૦૨૫૦) ૨૫૮૭૧૮૩ |
| ૩૯. જયેશ ભવન (અગાશી) | (૦૨૫૦) ૨૫૮૭૫૪૯ |
| ૪૦. મૂછાળા મહાવીર તીર્થ (રાજ.) | (૦૨૯૩૪) ૨૮૪૦૫૬ |
| ૪૧. નાગેશ્વર તીર્થ | (૦૭૪૧૦) ૨૪૦૭૧૧, ૨૪૦૭૧૫ |
| ૪૨. આબુ રોડ ગુજરાતી ભવન | (૦૨૯૭૪) ૨૩૧૫૮ |
| ૪૩. ઈંદોર ગુજરાતી સમાજ | (૦૭૩૧) ૨૪૩૭૩૨૮, ૨૪૩૭૭૫૭ |
| ૪૪. જયપુર ગુજરાતી સમાજ | (૦૧૪૧) ૨૩૬૩૬૬૦, ૨૩૭૧૮૫૬ |
| ૪૫. બેંગ્લોર જૈન ભવન | (૦૮૦) ૨૨૨૦૩૯૧૯, ૨૨૨૦૦૩૮૪ |
| ૪૬. સોલાપુર ગુજરાતી ભવન | (૦૨૧૭) ૨૨૬૩૧૩ |
| ૪૭. હરીદ્વાર ગુજરાતી ભવન | (૦૧૩૩૪) ૨૪૨૭૧૫૩ |
| ૪૮. ઉજ્જૈન ગુજરાતી સમાજ | (૦૭૩૪) ૨૫૫૫૨૩૪ |
| ૪૯. પટણા ગુજરાતી સમાજ (બિહાર) | (૦૬૧૨) ૨૨૨૬૧૯૬ |
| ૫૦. અલ્હાબાદ અતિથિગૃહ | (૦૫૩૨) ૨૪૦૫૧૪૦ |
| ૫૧. દિલ્હી ગુજરાતી ભવન | (૦૧૧) ૨૭૨૨૪૯૧૩, ૨૭૨૨૫૦૧૩ |
| ૫૨. દિલ્હી ગુજરાતી સમાજ | (૦૧૧) ૨૭૨૨૦૩૬૯ |

## કચ્છ માટે મહત્ત્વનો ગ્રંથ — "કચ્છનો સર્વાંગી ઇતિહાસ" પ્રસિધ્ધ થઈ ચૂક્યો છે....

કચ્છના સર્વાંગી ઈતિહાસનું લેખનકાર્ય જુદા જુદા વિષયના ત્રીસેક જેટલા તજજ્ઞો દ્વારા થયેલ છે અને કચ્છના ૫,૦૦૦ વર્ષ પૂર્વેના સમયથી શરૂ થઈને છેલ્લા તબક્કા સુધી આલેખન થયું છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ગ્રંથનું વિમોચન ગત તા. ૩-૨-૨૦૧૩ના રોજ ભુજ - કચ્છ ખાતે કરવામાં આવેલ હતું.

ત્યારબાદ અનેક લોકોએ, આ ગ્રંથ ક્યાં મળે છે તે જાણવા પત્ર અથવા ફોન દ્વારા તપાસ કરાવેલ હતી. તેના અનુસંધાને નીચેની વિગતોની નોંધ લેવા વિનંતી.

**"કચ્છનો સર્વાંગી ઇતિહાસ" ભાગ-૧ અને ભાગ-૨ના પ્રાપ્તિ સ્થાનઃ**

- **અમદાવાદ** : (૧) ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળના નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩
  (૨) સંસ્કાર સાહિત્ય મંદિર, ૫, અપર લેવલ, એન.બી.સી.સી. હાઉસ, સહજાનંદ કોલેજની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૪૨૫૯
- **સુરત** : (૧) ધ બુક પોઈન્ટ, ૪૧-૪૨-૪૩, શ્રીજી આર્કેડ, આનંદમહેલ રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯.
- **રાજકોટ** : (૧) પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર, મ્યુ.કો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
- **ભુજ** : (૧) અક્ષર ભારતી, વાણિયાવાડ, ભુજ, કચ્છ.
  (૨) વિદ્યાર્થી વસ્તુ ભંડાર, વાણિયાવાડ, ભુજ, કચ્છ.
  (૩) સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ સેન્ટર, ભુજ, કચ્છ.
- **મુંબઈ** : (૧) નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

*માણસ ઊંચામાં ઊંચા ગિરિશિખર પર ચડી શકે છે, પણ ત્યાં લાંબો વખત નિવાસ કરી શકતો નથી.*

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહુતિ સમારંભના સમયે ........ અશોક મહેતા ..... ૧૩

*લેખ વિભાગ :*

## કચ્છી સંસ્થાઓ

- સારસ્વતમ્ - કચ્છ ........ વિજયાલક્ષ્મી શેઠ, પ્રમુખ - સારસ્વતમ ....... ૧૭
- સોમૈયા વિદ્યાવિહાર - મુંબઈ ........ ડૉ. સુધા વ્યાસ ...... ૨૦
  પ્રિન્સિપાલ, કે.જે. સોમૈયા કોલેજ ઑફ આર્ટ્સ એન્ડ કોમર્સ
- **Mahavir Education Trust - Mumbai ........ Bhavesh Patel ....... ૨૨**
  ***Principal - Shah & Anchor Kuthi Polytechnic***
  **(Shah & Anchor Kutchhi Polytechnic / Shah & Anchor Kutchhi Engg. College)**
- વીરાયતન વિદ્યાપીઠ - કચ્છ ........ ડૉ. કૌશિક શાહ, જોઈન્ટ સેક્રેટરી, વીરાયતન વિદ્યાપીઠ - કચ્છ ....... ૨૩
- **Tolani Vidya Mandir - Adipur ........ H. K. Kripalani ....... ૨૫**
  ***Trustee - Tolani Vidya Mandir***
- શ્રી નવચેતન અંધજન મંડળ ........ લાલજીભાઈ એમ. પ્રજાપતિ ...... ૨૭
  મહામંત્રી, નવચેતન અંધજન મંડળ - આદિપુર
- શેઠ ગોકલદાસ ખીમજી અને મથરાદાસ ખીમજી મસ્કતવાલા ચેરિ. ટ્રસ્ટ ........ ભરત આર. વેદ, મેનેજરશ્રી - માંડવી ........ ૩૦
- શ્રી સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલ, પાલાગલી - મુંબઈ ........ પન્નાલાલ છેડા ...... ૩૨
  અધ્યક્ષશ્રી - શ્રી ક.વી.ઓ. દે.જૈન મહાજન - મુંબઈ
- બી.એમ.સી.બી. પબ્લિક સ્કૂલ - લાખોંદ ........ મહેન્દ્ર મોરબિયા ...... ૩૩
  ફાઉન્ડર ટ્રસ્ટી, બી.એમ.સી.બી. ચેરિ. ટ્રસ્ટ - ભુજ
- બી.એમ.સી.બી. નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ........ મહેન્દ્ર મોરબિયા ...... ૩૪
  ફાઉન્ડર ટ્રસ્ટી, બી.એમ.સી.બી. ચેરિ. ટ્રસ્ટ - ભુજ
- ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ (આરતી ગ્રુપ) - મુંબઈ ........ લાલ રાંભિયા, સામાજિક કાર્યકર ....... ૩૫
- શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ........ ચંપકલાલ ભીમશી ગંગર ...... ૩૬
  ક.વી.ઓ. જૈન છાત્રાલય - મુંબઈ — પ્રમુખ - ક.વી.ઓ. જૈન છાત્રાલય - મુંબઈ
- શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ ........ અમૃતલાલ ભાણજી નીસર ...... ૩૭
  માનદ્ મંત્રી, શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ
- કચ્છ નવનિર્માણ અભિયાન - ભુજ ........ જય અંજારિયા, કો-ઓર્ડિનેટર, આલેખન સેલ ....... ૪૨
- શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવી ........ માવજીભાઈ બારૈયા ...... ૪૫
  નિયામકશ્રી, શ્રી વી.આર.ટી.આઈ. - માંડવી
- સહજીવન - ભુજ ........ કૃપા ધોળકિયા, એક્ઝીક્યુટીવ સેક્રેટરી, સહજીવન ....... ૪૯
- એરિડ કોમ્યુનિટીઝ એન્ડ ટેકનોલોજી (એક્ટ) - ભુજ ........ યોગેશ જાડેજા ...... ૫૪
  મુખ્ય સચિવ, એરિડ કોમ્યુનિટીઝ એન્ડ ટેકનોલોજી - ભુજ
- શ્રુજન - ભુજોડી ........ ફિરોઝી અંજીરબાગ ...... ૫૭
  કન્સલ્ટન્ટ શ્રુજન, અનુવાદ : હરેશ ધોળકિયા
- આશાપુરા ફાઉન્ડેશન / હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન ........ મનોજ ગુંસાઈ ...... ૬૦
  કચ્છ નવનિર્માણ ટ્રસ્ટ — સામાજિક કાર્યકર
- ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન - કચ્છ દર્શન મ્યુઝિયમ-ભુજ ........ નીતા કિશોર જોશી ...... ૬૪
  મેનેજર, ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન
- ખમીર – ભુજ ........ ઘટીત લહેર ...... ૬૮
- કચ્છડો - ભુજ ........ હરીશ હુરમાડે, કો-ઓર્ડિનેટર, કચ્છડો - ભુજ ....... ૬૯

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**

શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**

શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**

શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**

શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**

શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૮૫૪૬૪૪
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**

શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**

શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*


- સૂરવાણી - ભુજ ........ વિનોદ ગાલા, સામાજિક કાર્યકર તથા પત્રકાર ....... ૭૦
- ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન 'ફોકિયા' - અંજાર/ભુજ ....... રસીક મામતોરા ...... ૭૧
  જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર - ફોકિયા
- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ .............. હંસરાજ કંસારા, સભ્ય, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ ....... ૭૩
- ધી ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - ગાંધીધામ ........ મુરલીધર બી. જગાણી ...... ૭૬
  માનદ્ મંત્રી, ધી ગાં.ચે.ઑફ કો.એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
- ધી માંડવી ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ચેરિ. ટ્રસ્ટ - માંડવી ... વાડીલાલ બી. દોશી ...... ૭૭
  પ્રમુખ, ધી માંડવી ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
- કચ્છ યુવક સંઘ - મુંબઈ ..................... મનોજ સુંદરજી ગાલા, માનદ્ મંત્રી, કચ્છ યુવક સંઘ - મુંબઈ ....... ૮૦
- શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ - બિદડા .............. બચુભાઈ રાંભિયા, અધ્યક્ષ, બિદડા સર્વોદય ટ્રસ્ટ ....... ૮૪
- ભોજાય સર્વોદય ટ્રસ્ટ - ભોજાય ........................ લીલાધર ગડા, ટ્રસ્ટી, ભોજાય સર્વોદય ટ્રસ્ટ ....... ૮૫
- શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ - ભચાઉ ............ રતનશી નપુભાઈ શાહ, ચેરમેન, શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ ....... ૮૭
- શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ .................................. નવીન શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ....... ૮૮
- શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ ................ નવીન શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ....... ૯૧
- શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ - મુંબઈ ............ સી.એ. અશ્વિન પી. માલદે, તંત્રી - પગદંડી ....... ૯૪
- શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ .................. કાંતિલાલ ગાલા ...... ૯૬
  ઓફિસ સેક્રેટરી, શ્રી ક.વી.ઓ. સ્થા.જૈન મહાજન - મુંબઈ
- શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન - મુંબઈ ....................... પન્નાલાલ છેડા ...... ૯૯
  અધ્યક્ષ, શ્રી ક.વી.ઓ.દે.જૈન મહાજન - મુંબઈ
- શ્રી માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર - મુંબઈ ............... પોપટલાલ ભારમલ શાહ ... ૧૦૨
  પ્રમુખ, કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ....................................... દિનેશ આર. મહેતા ... ૧૦૩
  સહમંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
- શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ભુજ ....................................... લાલ રાંભિયા ... ૧૦૯
  ટ્રસ્ટી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ
- શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા (પાખાડી) .................. નાનાલાલ સ્વરુપચંદ ખંડોર ... ૧૧૧
  મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા
- શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ગાંધીધામ ..................... જિતેન્દ્ર આણંદજી છેડા ... ૧૧૩
  મંત્રી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ગાંધીધામ
- આંધ્રપ્રદેશ કચ્છી વીસા ઓસવાળ સમાજ - હૈદ્રાબાદ ................... પોપટલાલ કેશવજી છેડા ... ૧૧૪
  મંત્રી, આંધ્રપ્રદેશ કચ્છી વીસા ઓસવાળ સમાજ
- ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર - એંકરવાલા અહિંસાધામ - પ્રાગપર .................. મહેન્દ્ર રતનશી સંઘોઈ ... ૧૧૫
  ટ્રસ્ટી, એંકરવાલા અહિંસાધામ
- માનવ જ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈ ........... સી.એ. કુલીનકાંત ચાંપશી લુઠિયા, સામાજિક કાર્યકર .... ૧૨૦
- શ્રી રામકૃષ્ણ યુવક મંડળ - ભુજ .................... કેશવ કે. ગોર, પ્રમુખ, શ્રી રામકૃષ્ણ યુવક મંડળ - ભુજ .... ૧૨૪
- શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ ........................ તારાચંદ છેડા, પ્રમુખ, શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ .... ૧૨૮
- શ્રી ભુજ મહિલા મંડળ - ભુજ ................. પુષ્પાબેન વૈદ્ય, પ્રમુખ, શ્રી ભુજ મહિલા મંડળ - ભુજ (કચ્છ) .... ૧૨૯
- શ્રી સેવા મંડળ - માંડવી ...................................... ઝુમખલાલ જે. શાહ, સામાજિક કાર્યકર .... ૧૩૧
- માનવતા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ - આદિપુર ............ ગોવિંદભાઈ દનિયા, પ્રમુખ, માનવતા ગ્રુપ ચેરિ. ટ્રસ્ટ .... ૧૩૩


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

- જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી (કચ્છ) ........ ડૉ. મધુકર કે. રાણા, પ્રમુખ, જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી ...... ૧૩૪
- ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ ........ બચુભાઈ હીરજી રાંભિયા, ટ્રસ્ટી, ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ ...... ૧૩૭
- ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ ........ બચુભાઈ હીરજી રાંભિયા, ટ્રસ્ટી, ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિ. ટ્રસ્ટ ...... ૧૩૯

## કચ્છ

- ૧૯૬૫ના યુદ્ધમાં કચ્છ પ્રત્યે ગુજરાત સરકારનું વલણ ........ હરેશ ધોળકિયા ...... ૧૪૦
- તાર લુણાઈ તથા સિંધના લૂંટારાઓની હાર ........ નરેશ અંતાણી ...... ૧૪૪
- ખાનદાની – કચ્છની રસધાર : મણકો-૮ ........ દુલેરાય કારાણી ...... ૧૪૫

## સમાજની ક્ષિતિજો

- ધારાવી ઝુંપડપટ્ટીનો રસપ્રદ, પ્રેરણાદાયી પ્રવાસ ........ લાલ રાંભિયા ...... ૧૪૬

## વિચાર વિમર્શ

- ધર્મ, અધ્યાત્મ અને વિજ્ઞાન ........ મુરજી ગડા ...... ૧૪૭
- જગતમાં વૃદ્ધો અનેક છે, જ્ઞાનવૃદ્ધો જૂજ છે ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૧૫૦

## ઇતિહાસ

- અનંત હરિ મિત્ર અને પ્રમોદ રંજન ચૌધરી ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૨ ........ સ્વામી સચ્ચિદાનંદ ...... ૧૫૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ (પ્રકરણ-૧૬) ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૧૫૨

## તંદુરસ્તી

- "મને વધારે વિચારો આવે છે" ........ ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૧૫૪

## વાર્તા

- અવનીની વેદના ........ ડૉ. ઊર્મિલા શાહ ...... ૧૫૬

## માહિતી

- કારકિર્દી માટે શું જરૂરી? ........ શાંતિલાલ સંઘવી ...... ૧૫૮

## સાયન્સ અને ટેકનોલોજી

- વિશ્વના મહારાજાઓ ........ અનુવાદકર્તા : મગનલાલ સંઘવી ...... ૧૫૯

## હળવાશની પળોમાં

- બદસૂરત યુવતીઓએ નિરાશ થવાની જરૂર નથી...! ........ દિનેશ પાંચાલ ...... ૧૬૦
- બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૧૬૨

## નિયમિત વિભાગો

- આંજો કાગર ........ ૧૬૩
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૧૬૬
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૧૬૮
- સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૧૬૯
- શબ્દ રમત-૮૧ ........ સંકલન : રજનીકાંત પારેખ ...... ૧૭૧
- સુડોકુ – ૧૦૩૭ ........ સંકલન : રજનીકાંત પારેખ ...... ૧૭૩
- જાણવા જેવું ........ સંકલન : રજનીકાંત પારેખ ...... ૧૭૫
- વલોવતન ........ સંકલન : દિનેશ આર. મહેતા ...... ૧૭૭
- સમાજ દર્પણ ........ ૧૮૧
- સંસ્થા સમાચાર ........ ૧૮૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૮૫
- ઉડતી નજરે ........ ૧૮૮

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસિધ્ધ થતી જાહેરાતો માટે**
**તા. ૧-૪-૨૦૧૩થી અમલમાં આવેલ નવા દર (એક વખતનાં)**

**'મંગલ મંદિર' – લવાજમનાં વર્તમાન દરમાં કોઈ ફેરફાર નથી.**

| ક્રમ | ટાઈટલ | | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦/- | ૪,૦૦૦/- | ૩,૦૦૦/- | — |
| ૨. | કવર પેઈજ નં.-૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- | ૨,૫૦૦/- | — |
| ૩. | કવર પેઈજ નં.-૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦/- | ૩,૨૫૦/- | ૨,૨૫૦/- | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦/- | ૨,૫૦૦/- | ૧,૫૦૦/- | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર – ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦/- |

એક સાથે ૧૨ મહિનાની જાહેરાત આપનારને ૧૦ ટકા, એક સાથે ૬ મહિનાની જાહેરાત આપનારને ૭.૫ ટકા અને એક સાથે ૩ મહિનાની જાહેરાત આપનારને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**"મંગલ મંદિર" – લવાજમના દર**

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષના | : રૂા. ૧૫૦/- | ૫ વર્ષના | : રૂા. ૬૦૦/- |
| ૩ વર્ષના | : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) | : રૂા. ૧,૫૦૦/- |

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (Payable at Ahmedabad) અથવા ડ્રાફ્ટ મોકલવા વિનંતી.***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ઈલેક્ટ્રોનિક લાઈબ્રેરી

પુસ્તકોને સ્કેન કરી કૉમ્પ્યુટર દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે તેવા પુસ્તકોને ઈ-બુક કહેવામાં આવે છે. આવી ઈ-બુકનો સંગ્રહ તેને ઈલેક્ટ્રોનિક લાઈબ્રેરી કહેવામાં આવે છે. આજે વિશ્વમાં પુસ્તકોનો સંગ્રહ કરી રાખવા માટે ઘણી જ સમસ્યાઓ સર્જાઈ છે. પુસ્તકાલયો પણ નાના પડવા લાગ્યા છે. તેમજ પુસ્તકો છપાવવા માટે કાગળ વાપરવામાં આવે છે તે માટે વૃક્ષોનો નાશ થાય છે. તેવા સમયે ઈ-લાઈબ્રેરીમાં પુસ્તકોને સ્કેન કરીને તેની કોપી રાખવામાં આવે છે તેથી તે મૂળ પુસ્તક સચવાઈ રહે છે, નષ્ટ થતાં અટકે છે, સરળતાથી ઉપલબ્ધ થાય છે અને તેની નકલ કરવી પણ સરળ છે.

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદે પોથી સ્વરૂપે છપાયેલ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ તથા અનુવાદિત તમામ ગ્રંથોનું સ્કેનીંગ કરી ઈ-લાઈબ્રેરી શરૂ કરી છે. તેથી સંશોધકો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને લાભ થશે. આ લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન ભારતના પૂર્વરાષ્ટ્રપતિ શ્રી અબ્દુલકલામ સાહેબના હસ્તે કરવામાં આવ્યું.

*'પ્રબુદ્ધ જીવન' ડિસેમ્બર-૨૦૧૧માંથી, પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

# તંત્રી લેખ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## તેના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ સમારંભના સમયે....

*— અશોક મહેતા*

સામાન્યપણે દરેક પ્રકારના પ્રાણી, જીવજંતુ વગેરે સમૂહમાં રહેવા ટેવાયેલા હોય છે. મનુષ્ય પણ સમૂહમાં રહેવા ટેવાયેલો છે, તેથી તેને સામાજિક પ્રાણી કહેવામાં આવે છે. સમાજની વ્યાપકતા અલગ અલગ સમયે અલગ અલગ પ્રકારની હોઈ શકે. ભારતીય સમાજ, ગુજરાતી સમાજ, કચ્છી સમાજ, જૈન સમાજ વગેરે પ્રકારના વિભાગોથી લોકો સમાજ બનાવે છે. સામાન્યપણે પ્રદેશ કે જ્ઞાતિના ધોરણે રચાતા સમાજો નાના પ્રકારના હોય છે અને લગભગ દરેક મનુષ્ય પોતપોતાના સમાજમાં હિસ્સેદારી લેતો હોય છે. સામાન્યપણે આ પ્રકારના સમાજોનો વિકાસ ભારતભરમાં થવા પામેલ છે અને નાના નાના સમુદાયો દ્વારા કરવામાં આવતા વિકાસના કાર્યોને એક સૂત્રે સાંકળીએ તો ભારતભરના સમાજોએ કરેલ આ પ્રકારના કાર્યોના કારણે સમગ્ર ભારતનો પણ વિકાસ સંધાતો રહે છે.

એ અલગ વાત છે કે નાના નાના સમુદાયના કારણે દરેક પ્રદેશમાં પ્રદેશવાદ કે જ્ઞાતિવાદ વિકસ્યો છે અને મારા-તારાનો ભેદ ઉપસી આવતો દેખાય છે કે જે લાંબેગાળે રાષ્ટ્ર માટે નુકસાનકર્તા બની રહે છે. અને તેથી જ સમાજના ડાહ્યા મોભીઓ પોતાનાથી શક્ય બને તેટલા પ્રમાણમાં પોતાના સમાજને વિશાળતા તરફ લઈ જવા પ્રયત્નશીલ રહેતા હોય છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એ આ પ્રકારનો સમાજ છે કે જેની દૃષ્ટિ હંમેશાં વિશાળતા તરફ તકાયેલી રહે છે અને તેથી તેના કાર્યોમાં પણ હંમેશાં વિશાળતા તરફના પ્રયાણ જોવા મળે છે. તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૩ ના રોજ તેની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થાય છે. તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૩ના રોજ જ્યારે તે ૫૧ માં વર્ષમાં પ્રવેશ કરી રહેલ છે ત્યારે તેની પ્રવૃત્તિઓ પર સર્વગ્રાહી નજર ફેરવી લેવી જરૂરી છે.

સૌપ્રથમ તેણે શરૂઆત કરી સમાજ પરિવારના સભ્યો માટે કલ્યાણકારક યોજનાથી. સમાજના સભ્ય પરિવારોને શૈક્ષણિક ક્ષેત્રે, મેડિકલ ક્ષેત્રે તથા અન્ય અનેક ક્ષેત્રોમાં વર્ષ દરમ્યાન તે સારી રીતે આર્થિક સહયોગ આપી રહેલ છે. સમાજ પરિવારના સભ્યોના પ્રશ્નો ઉકેલવા તે હંમેશાં કાર્યરત રહે છે.

આ સમય દરમ્યાન અમદાવાદમાં અલગ અલગ વિસ્તારમાં તેણે ત્રણ ભવનો ઊભા કર્યા : (૧) ગીતા મંદિરના 'સેવા ભવન' પર અતિથિ ભવનના ૧૦ રૂમો, બે ડોરમેટરી તથા કોઈ પણ કચ્છી વિદ્યાર્થી માટે હોસ્ટેલ ચાલુ કરેલ છે. (૨) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર અતિથિ ભવનના ૨૫ રૂમોની સગવડ ઉપલબ્ધ કરાવેલ છે. અહીં ૪૦૦ વ્યક્તિનો સમાવેશ થઈ શકે તેવા વાતાનુકૂલિત સાંસ્કૃતિક હોલની સગવડતા ઉપલબ્ધ છે. અહીં મેડિકલ સેન્ટર પણ ખૂબજ કિફાયતી દરે કાર્યરત રહેવા પામેલ છે. મેડિકલની ૨૬ બ્રાંચો, દર અઠવાડિયે ૬૦થી વધુ એમ.ડી. કક્ષાના ડૉક્ટરોની સુવિધા, પરીક્ષણના લગભગ તમામ પ્રકારના સાધનો અને ફીઝિયોથેરાપી સેન્ટરની સેવા પણ અહીં ઊભી કરવામાં આવેલ છે. અને તેથીજ દરરોજની ઓ.પી.ડી. ની સંખ્યા હવે ૪૫૦ને પણ પાર કરી ગયેલ છે. થોડા જ સમયમાં તે ૫૦૦ની સંખ્યાએ પહોંચશે. અમદાવાદની સમગ્ર જનતા માટે આ એક અમૂલ્ય સવલત છે કે જેનો ચિતાર ત્યાં મુલાકાત લેનારને જ આવી શકે. (૩) શાહીબાગ ખાતે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" ઊભું કરવામાં આવેલ છે. અહીં ૬૫ જેટલા અતિથિ ભવનના રૂમોની વ્યવસ્થા છે. અતિથિ ભવન તરીકે તેનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ કરી શકે છે. કચ્છથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ માટે અહીં ખૂબજ કિફાયતી દરે રહેવાની સગવડતા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. અહીં જલારામ અન્નક્ષેત્ર પણ ચાલુ છે કે જ્યાં જરૂરિયાતવાળાને વિના મૂલ્યે ભોજન પીરસવામાં આવે છે. તાજેતરમાં અહીં કચ્છની ઝલક દર્શાવતું "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"નું નિર્માણ કરવામાં આવેલ છે, કે જ્યાં લગભગ ૫૦ ની સંખ્યાના લોકો દરરોજ તેની મુલાકાતે પધારે છે. તેના કારણે કચ્છના ટુરિઝમને પણ વેગ મળી રહેલ છે.

આવાસ યોજના માટે એક અલાયદું ભવન પણ અમદાવાદમાં ઊભું કરવામાં આવેલ છે, કે જ્યાં ૪૦ પરિવારોને ખૂબજ નજીવા દરે બે રૂમ રસોડાના ફ્લેટો ફાળવવામાં આવેલ છે. થોડા સમય પછી એક અદ્યતન 'અતિથિ ભવન' મુંબઈ ખાતે પણ શરૂ કરી દેવામાં આવનાર છે.

કચ્છમાં નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી તથા વધારાના પાણી ટૂંક સમયમાં કેનાલ મારફતે વહેતા થાય તે માટે તે કાર્યરત છે. કચ્છ, મુંબઈ તથા અમદાવાદમાં ઉદ્યોગો, ખનીજ, ખેતી, બાગાયતી પાકો, શિક્ષણ વગેરે માટે તે અવારનવાર સેમિનાર યોજી

*સ્નેહ અને સુગંધ ક્યાંય છુપાતાં નથી.*

જનજાગૃતિ આણવા પ્રયાસ કરી રહેલ છે. કચ્છમાં વૃક્ષારોપણ તથા ઘાસચારાના પ્રશ્ને તેણે કાર્યવાહી શરૂ કરેલ છે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમ દ્વારા 'કચ્છનો સર્વાંગ ઈતિહાસ' નામનો ગ્રંથ બે ભાગમાં બહાર પાડેલ છે. કચ્છના ૫૯ જેટલા ગેજેટસના ૧૮૦૦૦ પાનાને સી.ડી.માં કન્વર્ટ કરાવી, મહામૂલી સામગ્રીનું ભવિષ્યની દૃષ્ટિએ યોગ્ય રીતે જતન કરેલ છે. કચ્છના વિકાસના પ્રશ્ને અવાર-નવાર સેમિનારો યોજેલ છે.

તેનું મુખપત્ર 'મંગલ મંદિર' છેલ્લા ૩૭ વર્ષથી સતતપણે પ્રસારિત કરવામાં આવી રહેલ છે. સમગ્ર ભારતના કચ્છી જૈન સમાજમાં તેણે એક અલગ પ્રકારની છાપ ઊભી કરેલ છે. 'મંગલ મંદિર' એ આ સમાજનું મુખપત્ર હોવા છતાં ગુજરાતીમાં વાંચી શકનાર કોઈના પણ માટે તે ઉત્તમ વાનગી પીરસતું રહેલ છે. ઉત્તરોત્તર તેની ગતિ ઉર્ધ્વ તરફ જ તકાયેલી રહે છે. ઉદ્યોગ વિશેષાંક, મુંબઈ વિશેષાંક, દક્ષિણ ગુજરાત વિશેષાંક જેવા તેણે અનેક વિશેષાંકો પણ પ્રકાશિત કરેલ છે.

આજથી દોઢેક વર્ષ અગાઉ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેનું ૫૦મું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ જયારે મુખ્યત્વે બાર મહિનાના બાર કાર્યક્રમો અને ટોટલ ૭૦ જેટલા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. મેડિકલ કેમ્પ, શૈક્ષણિક વિકાસના સેમિનારો, ઇતર ડેવલપમેન્ટ અંગેના વાર્તાલાપો, મહિલા ઉત્કર્ષ અંગેના કાર્યક્રમો જેવા અનેક કાર્યક્રમો દર અઠવાડિયે યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. વર્ષ દરમ્યાન તે યોજવામાં પણ આવેલ હતા.

***સુવર્ણ જયંતી વર્ષના મુખ્ય કાર્યક્રમોની વાત કરીએ તો :***

★ તા. ૧૪-૪-૨૦૧૨ ના રોજ, સુવર્ણ જયંતી વર્ષના પ્રથમ દિવસે ગાંધીનગર ખાતે વૃદ્ધાશ્રમ અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'નું લોકાર્પણ કરવામાં આવેલ હતું. એજ દિવસે બપોરના ટાઉન હોલ ખાતે ફિલ્મ ક્ષેત્રના કચ્છી નામાંકિતો પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, શ્રી હરીશ ભીમાણી, શ્રી વિનોદ ગણાત્રા તથા શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહનું અભિવાદન સહ બહુમાન કરવામાં આવેલ હતું. અનિવાર્ય સંજોગોના કારણે આ સમારંભમાં શ્રી અમીન સાયાની તથા શ્રી વિપુલ એ. શાહ ઉપસ્થિત રહી શકેલ ન હતા. એજ રાત્રે જયશંકર સુંદરી હોલ ખાતે હેતુલક્ષી મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવેલ કે જેમાં કચ્છના ઈતિહાસની એક ગાથા 'વ્રજવાણીનો ઢોલી' વણી લેવામાં આવેલ હતી.

★ સુવર્ણ જયંતી વર્ષના દ્વિતીય કાર્યક્રમની વાત કરીએ તો તે સુમતિ ગુર્જર ભવન - મુંબઈ ખાતે રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૨ અને સોમવાર, તા. ૧૪-૫-૨૦૧૨ના 'કચ્છના વિકાસના પ્રશ્ને' બે દિવસીય સેમિનારનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમ્યાન અગ્રીમ કચ્છી ઉદ્યોગપતિશ્રીઓ, યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડના શ્રી રજ્જુભાઈ શ્રોફ, સોમૈયા ગ્રુપના શ્રીમતી લીલાબેન કોટક, મસ્કતથી પધારેલ શ્રી કનકસિંહ શેઠ, આરતી ગ્રુપના શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી તથા શ્રી રાજુભાઈ ગોગરી, નવનીત ગ્રુપના શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી શાંતિલાલભાઈ ગાલા તથા શ્રી બિપિનભાઈ ગાલા, એન્કર ગ્રુપના શ્રી જાદવજીભાઈ શાહ, એક્સલ ગ્રુપના શ્રી દીપેશભાઈ શ્રોફ, સીમ્પ્લેક્ષ-ભીલાઈ ગ્રુપના શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ, પ્રિન્સ ગ્રુપના શ્રી જયંતભાઈ છેડા તથા શેમારૂ ગ્રુપના શ્રી રમણભાઈ મારૂનું સન્માન કરવામાં આવેલ હતું.

★ તૃતીય મુખ્ય કાર્યક્રમની વાત કરીએ તો ગુરૂવાર તા. ૨૧-૬-૨૦૧૨ ને અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષના દિવસે ટાઉનહોલ ખાતે લાલ રાંભિયા તથા તેના સાથી કલાકારો દ્વારા 'કચ્છી ડાયરા'ની રંગભરી રજૂઆત કરવામાં આવેલ હતી. સાથે સાથે સમાજનું વસતિપત્રક - ૨૦૧૨ નું લોકાર્પણ પણ કરવામાં આવેલ હતું.

★ ચોથો મુખ્ય કાર્યક્રમ એટલે રવિવાર તા. ૨૨-૭-૨૦૧૨ ના રોજ ટાગોર હોલ ખાતે કચ્છ યુવક સંઘ - મુંબઈ નિર્મિત કચ્છી નાટક 'જિંદગી જલસો ભને વઈ' ભજવવામાં આવેલ હતું. અમદાવાદ સ્થિત વિવિધ ઘટક સમાજના અનેક કચ્છી પરિવારોએ આ નાટકની મજા સારી રીતે માણેલ હતી.

★ પાંચમો મુખ્ય કાર્યક્રમ એટલે શનિવાર, તા. ૮-૯-૨૦૧૨ અને રવિવાર તા. ૯-૯-૨૦૧૨ એમ બે દિવસનો ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા-યુવતી સંમેલન અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓએ ભાગ લીધેલ હતો અને આ પ્રકારના કાર્યક્રમની ફરી અપેક્ષા સેવી હતી.

★ છઠ્ઠા મુખ્ય કાર્યક્રમને રવિવાર તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ વાર્ષિક સ્નેહમિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર સ્વરૂપે શ્રી કચ્છી જૈન ભવન પાલડી ખાતે ઉજવવામાં આવેલ હતો.

★ રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ ના રોજ સપ્તક પાર્ટી પ્લોટ ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવ સ્વરૂપે સાતમા મુખ્ય કાર્યક્રમ તરીકે ઉજવવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં અમદાવાદ સ્થિત મોટા ભાગના કચ્છી ઘટક સમાજના પરિવારોએ ભાગ લીધેલ

***બીજાનું અનુકરણ કરીને કોઈ મોટો થયો હોય એવું હજુ સુધી જોવા મળ્યું નથી.***

હતો. ૩૦૦૦ થી પણ વધુ સંખ્યાના કચ્છીઓએ એકત્રિત થઈ નવરાત્રિની રંગત માણેલ હતી.

★ આઠમો મુખ્ય કાર્યક્રમ વિ.સં. ૨૦૬૯ના નૂતન વર્ષે શ્રી કચ્છી જૈન ભવન પર નૂતન વર્ષ મિલન સમારંભ સ્વરૂપે ઉજવવામાં આવેલ હતો.

★ નવમો મુખ્ય કાર્યક્રમ એટલે રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ ના રોજ સમાજના જ ૬૦થી પણ વધુ બાળકો તથા યુવા-યુવતીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ મનોરંજન કાર્યક્રમ કે જે ટાઉનહોલ ખાતે ઉજવવામાં આવેલ હતો. ઉપસ્થિત શ્રોતાગણે આ કાર્યક્રમને મન મૂકીને માણેલ હતો.

★ સુવર્ણ જયંતી વર્ષનો દસમો મુખ્ય કાર્યક્રમ એટલે રવિવાર, તા. ૬-૧-૨૦૧૩ના રોજ ભુજ-કચ્છ ખાતે યોજવામાં આવેલ (૧) કચ્છના વિકાસમાં ખૂટતી કડીઓ વિષેનો સેમિનાર, (૨) કચ્છના સર્વાંગ ઈતિહાસના ગ્રંથનું વિમોચન તથા (૩) નવનિર્વાચિત ધારાસભ્યશ્રીઓનું બહુમાન – કે જે કચ્છના રાજકરણના આટાપાટાના કારણે મુલત્વી રાખવાની ફરજ પડેલ હતી. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત 'કચ્છનો સર્વાંગ ઈતિહાસ' ગ્રંથનું વિમોચન પાછળથી રવિવાર તા. ૩-૨-૨૦૧૩ ના રોજ કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલાના વરદ્ હસ્તે કરાવવામાં આવેલ હતું. શરૂના કાર્યક્રમ દરમ્યાન તા. ૫-૧-૨૦૧૩ થી તા. ૯-૧-૨૦૧૩ દરમ્યાન 'કચ્છના પ્રવાસ દર્શન'નો કાર્યક્રમ સુપેરે પાર પાડવામાં આવેલ હતો.

★ અગીયારમો મુખ્ય કાર્યક્રમ એટલે સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે શુક્રવાર તા. ૨૨-૨-૨૦૧૩ થી રવિવાર તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન ત્રિ-દિવસીય 'કચ્છી મેળા' નું આયોજન ગોઠવવામાં આવેલ હતું. અહીં કચ્છના વિવિધ ગામોના કાબેલ કારીગરોના હસ્તકલા, અજરખ, બાટીક, મડવર્ક, રોગાન આર્ટ, કુંભારકામ વગેરે પ્રકારના ૭૦ જેટલા ગ્રુપોના સ્ટોલો રાખવામાં આવેલ હતા. કચ્છી પેઈન્ટરોએ તૈયાર કરેલ પેઈન્ટીંગ ફ્રેઈમની 'પેઈન્ટિંગ ગેલેરી', કચ્છના બેનમૂન ફોટાઓની 'ફોટો ગેલેરી', કચ્છી વાજિંત્રો સાથેનું કચ્છી સંગીત તથા કચ્છી ફુડ કોટ એ આ મેળાની શાન બની રહેલ હતી. ત્રણ દિવસ દરમ્યાન ૨૫,૦૦૦થી પણ વધુની સંખ્યાના લોકોએ આ મેળાની મજા માણેલ હતી.

★ સુવર્ણ જયંતી વર્ષનો બારમો અને અંતિમ કાર્યક્રમ એટલે કે પૂર્ણાહૂતિ સમારંભ, કે જે શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ધરતીકંપ અગાઉ કે ધરતીકંપ બાદ કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના કેટલાક મુખ્ય ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન કરવામાં આવનાર છે. ઉદ્યોગપતિશ્રીઓના સન્માનનો કાર્યક્રમ એટલા માટે યોજવામાં આવનાર છે કે આ ઉદ્યોગોના કારણે છેલ્લા દસ વર્ષમાં કચ્છનો આર્થિક તેમજ સામાજિક વિકાસ ખૂબજ ઝડપથી સાધી શકાયેલ છે. કચ્છનું સ્વરૂપ જ બદલાઈ ચૂકેલ છે. તેના કારણે કચ્છની આર્થિક પરિસ્થિતિ પણ બદલાઈ ચૂકેલ છે. વિશેષમાં આ દિવસે ક્રેડિટ સોસાયટીની શુભ શરૂઆત પણ કરવામાં આવનાર છે.

***ઉપરોક્ત હકીકતને ટૂંક સ્વરૂપે રજૂ કરીએ તો :***

★ પ્રથમ કાર્યક્રમ : ગાંધીનગર ખાતે સિનિયર સિટીઝન હોમની સ્થાપના, કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું લોકાર્પણ, સિને જગતના કચ્છી પ્રતિભાશાળીઓનું બહુમાન, હેતુલક્ષી મનોરંજન કાર્યક્રમ

★ દ્વિતીય કાર્યક્રમ : મુંબઈ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર, ટોચના કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન

★ તૃતીય કાર્યક્રમ : કચ્છી નૂતન વર્ષે 'કચ્છી ડાયરો'

★ ચતુર્થ કાર્યક્રમ : કચ્છી નાટક

★ પાંચમો કાર્યક્રમ : ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવા-યુવતી સંમેલન

★ છઠ્ઠો કાર્યક્રમ : વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર

★ સાતમો કાર્યક્રમ : નવરાત્રિ ગરબા મહોત્સવ

★ આઠમો કાર્યક્રમ : નૂતન વર્ષ મિલન સમારંભ

★ નવમો કાર્યક્રમ : સમાજના બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ મનોરંજન કાર્યક્રમ

★ દસમો કાર્યક્રમ : ભુજ ખાતે યોજવામાં આવનાર ત્રિવિધ કાર્યક્રમ
(૧) 'કચ્છના વિકાસના પ્રશ્ને ખૂટતી કડીઓ' વિષયે સેમિનાર

***જેવા વર્તનની તમે બીજા પાસેથી અપેક્ષા રાખો છો એવું વર્તન તમે એના તરફ પણ કરો.***

(૨) 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ગ્રંથનું વિમોચન
(૩) નવનિર્વાચિત કચ્છી ધારાસભ્યશ્રીઓનું બહુમાન

★ અગિયારમો કાર્યક્રમ : અમદાવાદ ખાતે યોજવામાં આવેલ 'કચ્છી મેળો'

★ બારમો કાર્યક્રમ : (૧) પૂર્ણાહુતિ સમારંભ
(૨) કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન
(૩) ક્રેડિટ સોસાયટીની શુભ શરૂઆત

ઉપરોક્ત કાર્યક્રમો પ્રત્યે નજર ફેરવતા આ કાર્યક્રમોમાં વિવિધતાના દર્શન થવા પામશે. એ નિઃશંકપણે કહી શકાશે કે સામાજિક વિકાસની બાબતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૃષ્ટિ સર્વગ્રાહી રહેવા પામેલ છે. તેણે પોતાને કોઈ એક ચોકઠામાં જકડીને બાંધી રાખવાના બદલે તેની દૃષ્ટિ સમગ્રતયા વિકાસની રહેવા પામેલ છે. આ રીતે ભારતભરના કચ્છી ઘટક સમાજો સર્વગ્રાહી પ્રવૃતિ સાધતા રહે તો આપણે કચ્છનો, ગુજરાતનો અથવા જે તે પ્રદેશનો અને ભારત દેશનો સર્વગ્રાહી વિકાસ સાધી શકશું.

ઉપરોક્ત દૃષ્ટિએ ભારત દેશનો સર્વગ્રાહી વિકાસ સાધવા આજે પણ અનેક કચ્છી સંસ્થાઓ પોતપાતાના સ્થળે અને પોતપોતાના ક્ષેત્રમાં કાર્યરત રહેવા પામેલ છે. દરેક સંસ્થા પોતપોતાના ક્ષેત્રમાં ઉચ્ચ આદર્શોને વળગી રહીને અનેક પ્રકારના સમાજોપયોગી કાર્યો કરતી રહેલ છે. આ પ્રકારની ઉચ્ચ આદર્શને વરેલી કચ્છી સંસ્થાઓથી લોકો પરિચિત થાય તે હેતુએ 'મંગલ મંદિર'નો આ અંક એટલે કે એપ્રિલ-૨૦૧૩નો અંક 'કચ્છી સંસ્થા વિશેષાંક' તરીકે પ્રસારિત કરવામાં આવી રહેલ છે. ઉત્કૃષ્ટ પ્રકારની લગભગ ૫૦ થી પણ વધુ સંસ્થાઓની માહિતીનો અહીં સમાવેશ કરવામાં આવેલ છે. આ પ્રકારની અન્ય કચ્છી સંસ્થાઓ પણ કાર્યરત હશે જ. એકથી એક ચડે તેવી આ સંસ્થાઓ નેત્રદીપક કામગીરીમાં વ્યસ્ત રહેવા પામેલ છે. તે સંસ્થાઓના મોભીઓને મંગલ મંદિર તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નત મસ્તકે વંદન કરે છે. આ સંસ્થાઓ વધુ ને વધુ ફૂલે-ફાલે તે માટે સમગ્ર કચ્છી સમાજને પ્રયાસ કરવા - પોતાનું પદાર્પણ અર્પવા 'મંગલ મંદિર' અપીલ કરે છે.

હાલે દુનિયામાં એક નવીન પ્રકારનો પવન ફુંકાવા લાગેલ છે - સ્વેચ્છાએ સંપત્તિ ત્યાગનો. અહીં પ્રસારિત કરવામાં આવેલ દરેક સંસ્થાની કામગીરી એટલા ઉચ્ચ પ્રકારની રહેવા પામેલ છે કે જે આ ત્યાગવીરો માટે માર્ગદર્શક બની શકે તેમ છે. આ સંસ્થાઓની કામગીરી કોઈને પણ અચંબામાં ગરકાવ કરી દે તેવી રહેવા પામેલ છે. અગર આ ત્યાગવીરોની થોડી સંપત્તિ પણ આ સંસ્થાઓને પ્રાપ્ત થઈ શકશે તો આ સંસ્થાઓ વધુને વધુ પ્રજ્જવલિત થઈ શકશે.

તેનો સહુથી વિશેષ આનંદ સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ સમારંભના સમયે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદને થશે.

''કચ્છી સંસ્થા વિશેષાંક'' પ્રસારિત કરીને દિશાસૂચન કરવા બદલ મંગલ મંદિરને પણ અનેરો આનંદ ઉપજશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ બપોરે ૩.૦૦થી ૬.૦૦ | શ્રી સરદાર ભવન, સાંસ્કૃતિક કેન્દ્ર, સરદાર ભવન ફાઉન્ડેશન, સર્કિટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ. | મધ્યસ્થ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી વર્ષનો પૂર્ણાહુતિ કાર્યક્રમ. |
| ● બુધવાર, તા. ૧૭-૪-૨૦૧૩ બપોરના ૦૨.૩૦થી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | મહિલા ઉત્કર્ષ સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ગર્ભ સંસ્કાર જ્ઞાન અને કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન |

*સ્વાધ્યાય કરનારે પણ નવાનવા અર્થનો ઉઘાડ મેળવવા માટે વારંવાર શાસ્ત્રગ્રંથનો અભ્યાસ કરવો જોઈએ.*

# "સારસ્વતમ્" : શિક્ષણ અને વિશેષ

• વિજ્યાલક્ષ્મી શેઠ (મો. ૯૭૨૭૭ ૧૦૫૩૦) •
પ્રમુખ - સારસ્વતમ્

'સારસ્વતમ્' એ અસામાન્ય નામ છે. એના નામ પરથી એના ઉદ્દેશો અને પ્રવૃત્તિઓ વિષે જાણવું અઘરું છે, પણ હું તમને કહું કે એ 'રજિસ્ટ્રેશન ઓફ સોસાયટીઝ એક્ટ' હેઠળ નોંધાયેલી એક સંસ્થા છે અને એનો ઉદ્દેશ શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પ્રસાર વિશેષ કરીને કચ્છમાં કરવાનો છે.

**"સારસ્વતમ્"**
ભીડ નાકા અંદર,
જૂની પોસ્ટ ઑફિસ રોડ,
માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
ફોન : (૦૨૮૩૪) ૨૨૩૦૧૭
E-mail : saraswatam@gmail.com

સ્વાતંત્ર્ય પહેલાં શિક્ષણને અગ્રતા ઓછી મળતી. રજવાડાઓમાં એ ભાગ્યે જ સરકાર હસ્તકની પ્રવૃત્તિ ગણાતી. ૧લી જૂન, ૧૯૪૮ના દિવસે કચ્છ કેન્દ્ર તળે આવ્યું ત્યારે કચ્છમાં ૯૦૦ ગામડાંઓ દીઠ સરકાર હસ્તક ચાલતી લગભગ ૧૦૦ પ્રાથમિક શાળા હતી, બીજી ખાનગી વ્યક્તિ દ્વારા કે ધર્માદા ટ્રસ્ટથી ચાલતી લગભગ ૩૦૦ શાળા હતી. માધ્યમિક શિક્ષણને ક્ષેત્રે રાજ્ય બે હાઇસ્કૂલ ચલાવતું હતું. એક જી.ટી. ધર્માદા (ટ્રસ્ટ) તરફથી ચાલતી હતી અને લોકોએ શરૂ કરેલી અન્ય બે ત્રણ શાળા આવનારા વર્ષોમાં પૂરા વર્ગોની (full fleded) હાઇસ્કૂલો બનવામાં હતી. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે રાજ્યમાં એક પણ કોલેજ અથવા એની સમકક્ષ સંસ્થા ન હતી.

૧લી જૂન, ૧૯૪૮ના દિને કચ્છ 'ક' વર્ગનું રાજ્ય બન્યું અને ૩૧ ઓક્ટોબર, ૧૯૫૬ સુધી એ વર્ગમાં રહ્યું. ત્યારબાદ ૩૦ એપ્રિલ ૧૯૬૦ સુધી એ બૃહદ દ્વિભાષી મુંબઇ રાજ્યનું એક અંગ રહ્યું. ૧લી મે ૧૯૬૦ પછી ગુજરાત રાજ્યનો એક ભાગ બન્યું. તેથી માધ્યમિક શિક્ષણનો વિકાસ ઉપર ઉલ્લેખિત ત્રણ તબક્કાઓમાં જોવાનો રહ્યો.

પ્રથમ તબક્કામાં તાલુકાનાં શહેરોમાં રાજ્ય દ્વારા હાઇસ્કૂલ ખોલવામાં આવી. તત્કાલીન વહીવટે બીજી પંચવર્ષીય યોજનામાં ગ્રામ વિસ્તારોમાં અન્ય ચાર હાઇસ્કૂલો માટે જોગવાઇ કરી હતી. મુંબઇ રાજ્યને આ યોજના વારસામાં મળી અને એ વહીવટ દરમ્યાન ચાર હાઇસ્કૂલ અને કન્યાઓ માટેની એક હાઇસ્કૂલ ખોલવામાં આવી. અહીં એ નોંધીએ કે હાઇસ્કૂલો માટેના મકાનો ખાનગી વ્યક્તિઓએ પૂરા પાડ્યા હતાં.

**સારસ્વતમ્‌ની હાલની કારોબારી સમિતિ**

| | |
|---|---|
| વિજ્યાલક્ષ્મી શેઠ | પ્રમુખ |
| નીતિનભાઇ ઠક્કર | ઉપપ્રમુખ |
| મંજુલાબેન વોરા | ઉપપ્રમુખ |
| શિવદાસભાઇ પટેલ | સેક્રેટરી |
| રાજુભાઇ દીપ્તી | સેક્રેટરી |
| વસંતભાઇ દોશી | ખજાનચી |
| દીપ્તી રાજુભાઇ | કારોબારી સભ્ય |
| નર્મદાબેન ઠક્કર | કારોબારી સભ્ય |
| શિવજીભાઇ આહીર | કારોબારી સભ્ય |
| ડૉ. પટેલ | કારોબારી સભ્ય |
| શ્રી નેમજીભાઇ વશનજી રાંભિયા | કારોબારી સભ્ય |
| શ્રી બિપિનચંદ્ર અંજારિયા | કારોબારી સભ્ય |
| શ્રી મનુભાઇ ચાંદાજી જાડેજા | કારોબારી સભ્ય |
| શ્રી હિંમતભાઇ રાવલ | કારોબારી સભ્ય |
| શ્રી કિશનસિંહજી જાડેજા | કારોબારી સભ્ય |

ગુજરાત રાજ્યની રચના પછી રાજ્ય દ્વારા કચ્છમાં એક પણ હાઇસ્કૂલ ન ખૂલી. જો ખાનગી રાહે શાળાઓ શરૂ કરવામાં આવે તો ગ્રાન્ટને પાત્ર હતી. ગ્રાન્ટની પ્રવર્તમાન માત્રા ઠીક ઠીક ઉદાર હતી.

આ તબક્કે શ્રી તુલસીદાસ શેઠ અને એમના સાથીઓ જૂન ૧૯૬૮માં મુંદ્રામાં ભેગા થયા. કચ્છમાં શિક્ષણની વિભિન્ન શાખાઓ અને પાસાઓના પ્રસાર તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે આ સૌ સમ વિચારની વ્યક્તિઓએ એક સંસ્થા સ્થાપવાનું નક્કી કર્યું. આ લોકોને લાગ્યું કે આવી સંસ્થા પ્રજાની તાતી જરૂરિયાત હતી. સંસ્થાનું નામ આપવામાં આવ્યું 'સારસ્વતમ્'. આ સંસ્થાના ઘડતરે નિઃશંકપણે સિદ્ધ કર્યું છે કે એ જરૂરિયાત કરતાં વહેલી નહિ, બલકે મોડી જ સ્થપાઇ હતી.

જેના ઉપર આ સંસ્થાએ ધ્યાન કેન્દ્રિત કર્યું તે પ્રથમ સમસ્યા હતી કચ્છના ગ્રામ વિસ્તારોમાં હાઇસ્કૂલો ખોલવાની. આમ કરવામાં એણે કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો પોતાની સન્મુખ રાખ્યા. પ્રથમ તો એવા સ્થળની એ પસંદગી કરે છે જે સાધારણ મોટું હોય અને જેની ત્રિજ્યામાં એક પણ હાઇસ્કૂલ ન હોય. બીજું, આઠમું ક્લાસ (તે વખતે આઠમું હાઇસ્કૂલમાં હતું), જેનાથી શાળા ખૂલે છે તેમાં ૨૫/૩૦ વિદ્યાર્થીઓ હોવાની ખાતરી. ત્રીજું આ હાઇસ્કૂલની જરૂરિયાત સ્વયં ગામ લોકોને જણાવી જોઇએ અને અંતે, એની સાબિતી તરીકે શાળા માટે ધન અને સાધનોરૂપે મદદ કરીને સંસ્થાને સહકાર આપવા આગળ આવવું જોઇએ. અત્રે એ જણાવતાં આનંદ થાય છે કે અમને મળેલી હૂંફ (response) ખૂબ જ પ્રેરણાદાયી છે. આજે દરેક શાળાનું મકાન છે, વિજ્ઞાન તથા computerની લેબોરેટરી છે.

પ્રથમ વર્ષ એટલે કે જૂન ૧૯૬૯માં પાંચ હાઇસ્કૂલ ખૂલી. આમાંની ત્રણ માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે અતિ પછાત ગણાતા એવા રાપર અને લખપત તાલુકાઓમાં હતી. આ પહેલાં લખપત તાલુકામાં એક પણ હાઇસ્કૂલ ન હતી. આજે દયાપરમાં ૧૨ ધોરણ સુધીની ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૩૫૦ ઉપરાંત

*શાસ્ત્રના શબ્દને પકડીને ચાલનારાઓએ અનેક અનર્થો સર્જ્યાં છે.*

વિદ્યાર્થીઓ ભણે છે. બીજે વર્ષે ૧૫ હાઇસ્કૂલો ખૂલી, જેમાં ખાવડા અને ૨વ જેવા રણની કાંધીના ગામો સામેલ થયા.

આનંદ અને ઉત્સાહ આપતો બીજો અનુભવ તે સહશિક્ષણની શાળાઓમાં ભણતી કન્યાઓની સંખ્યાનો. ધારણા એવી હતી કે સહશિક્ષણની શાળાઓમાં કહેવાતા ઉચ્ચ વર્ણોની કન્યાઓ માત્ર જોડાશે. અમારા અત્યંત આશ્ચર્ય અને સંતોષ સાથે અમે જોયું કે બધા જ વર્ણોની કન્યાઓ માત્ર નહિ, પણ આજ સુધી પડદો પાડતા વર્ગોની કન્યાઓ પણ શાળામાં આવતી થઇ, અને તે પણ સારી સંખ્યામાં. કુલ સંખ્યાના લગભગ ૩૦% થી ૩૫% કન્યાઓ છે. સામાજિક ક્ષેત્રે જનમત (social opinion)માં આ મોટો ફેરફાર છે. આજથી ૪૦ વર્ષ પૂર્વે જ્યારે ભુજ, માંડવી જેવા શહેરો કન્યા શાળાઓ ચલાવતા તે સમયે ગ્રામ વિસ્તારમાં સહશિક્ષણમાં દીકરીને ભણાવવાનો મા-બાપનો નિર્ણય સામાજિક સંદર્ભમાં ક્રાંતિકારી હતો.

જો મા-બાપે સામાજિક ક્રાંતિ તરફ પગ ઉપાડ્યો તો દીકરીઓ પણ પાછળ ન રહી. ઘરમાં, સમાજમાં વ્યવહારમાં ભાઇની, નાનો હોય તો પણ પાછળ ચાલવાની તાલીમ પામેલી દીકરીએ સમોવડિયા થવાની, પોતાનો મત રજૂ કરવાની અને આગળ થવાની માનસિકતા કેળવવાની હતી, આત્મવિશ્વાસ મેળવવાનો હતો. સહશિક્ષણની આ શાળાઓ સાથે કચ્છના ગ્રામ વિસ્તારોમાં મૂક સામાજિક ક્રાંતિ સર્જાઇ.

સારસ્વતમ્‌ની આ શાળાઓએ ગ્રામ કેળવણી ક્ષેત્રે એક નવો ચીલો પાડ્યો જે જોતજોતામાં ધોરીમાર્ગ બની ગયો. અત્યાર સુધીની શાળાઓ તાલુકાના મધ્યસ્થ સ્થળ સુધી મર્યાદિત હતી. સારસ્વતમ્ ગામડાંઓમાં શાળાઓ ખોલી અને નિભાવી તેનાથી પ્રેરણા લઇને અન્ય ગ્રામ, વિશેષ કરીને સમૃદ્ધ ગામો પોતપોતાના ગામમાં શાળા ખોલવાની હિંમત કરી શક્યા. આજે કચ્છમાં ૧૦૨ ગ્રાન્ટેડ શાળાઓ છે.

આ ઉપરાંત કેળવાયેલા શિક્ષકોની વધતી જતી માંગને પહોંચી વળવા બી.ઍડ.નું શિક્ષણ આપતી એક કોલેજ કચ્છમાં ઊભી થવી જોઇએ એવું સારસ્વતમ્‌ના પ્રણેતા શ્રી તુલસીદાસભાઇ શેઠની દીર્ઘદષ્ટિએ જોયું. મુંદ્રામાં શેઠ આર.ડી. હાઇસ્કૂલ ચલાવતા શ્રી રણશી દેવરાજ ઍજ્યુકેશન ટ્રસ્ટના તેઓ ટ્રસ્ટી હતા. તેમના પ્રયત્નો અને પ્રેરણા થકી કચ્છની પ્રથમ બી.ઍડ. કૉલેજ પણ મુંદ્રામાં ઊભી થઇ ગઇ.

શાળાઓ સંબંધે એક બીજું અગત્યનું પરિબળ પણ જાણવું રહ્યું તે છે ખર્ચ. આઠમું ધોરણ પ્રાથમિકમાં ગયા પછીની શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા ૩૫૦૦થી ૪૦૦૦ની આસપાસ રહે છે. જો આ શાળાઓ ન હોત તો અડધા વિદ્યાર્થીઓ, વિશેષ કરીને વિદ્યાર્થિનીઓ આગળ ભણત જ નહીં. એ કેટલું મોટું સામાજિક નુકશાન થાત અને જે વિદ્યાર્થીઓ ભણવા જાત તેમનો આંકડો ૨૦૦૦ની આસપાસ ગણીએ, તો પ્રતિમાસ રૂ. ૧૦૦૦ લેખે રૂ. ૨૦ લાખનો આવર્તક ખર્ચ (recurring cost) આવત. ગજબનો મોટો આંકડો છે. ઉપરાંત તેમને રહેવાની વ્યવસ્થા, હોસ્ટેલોનો ખર્ચ અલગ. જે કદાચ ગજા બહારનો થતે.

અન્ય એક પ્રવૃત્તિ જેના પર સારસ્વતમ્ ધ્યાન કેન્દ્રિત કર્યું તે છે આંગણવાડીઓ. સમગ્ર મુંદ્રા તાલુકાને આવરી લઇને ૯૩ જેટલી આંગણવાડીઓ દ્વારા માતાના ગર્ભથી છ વર્ષની આયુ સુધીના લગભગ ૮૦૦૦ બાળકો આંગણવાડીઓમાં કિલ્લોલ કરે છે. તેમનું પૂર્વ પ્રાથમિક શિક્ષણ, પોષણ, સ્વાસ્થ્ય રસીકરણ ઇત્યાદિની જાળવણી અને કેળવણી માટે સારસ્વતમ્ સતત પ્રયત્નશીલ રહે છે. તે ઉપરાંત, આંગણવાડીના માધ્યમથી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને પણ તાલીમ આપીને 'સબલા' બનવાની તાલીમ આપે છે. કિશોરીઓને આરોગ્ય, પોષણ, જીવન કૌશલ્ય, શિશુ સંભાળ, ગૃહ વ્યવસ્થાપન, આત્મ સન્માન કેળવવાના લક્ષ્ય સાથે ભારત સરકારે ચાલુ કરેલી રાજીવ ગાંધી સબલા યોજના ગ્રામ સ્તરે કિશોરીઓને બેંક, પોસ્ટ ઓફિસ, પંચાયત વગેરેની કાર્યપદ્ધતિથી પણ વાકેફ કરે છે. ઉપરાંત સ્ત્રીઓના અધિકારો, ગ્રાહક સુરક્ષા તથા કાનૂની સહાય જેવા ઉપયોગી મુદ્દાઓનો પણ તાલીમમાં સમાવેશ છે.

**સારસ્વતમ્ ના નેજા હેઠળ ચાલતી સંસ્થાઓ**

| | |
|---|---|
| હાઇસ્કૂલ | ૨૦ |
| આંગણવાડી | ૯૪ |
| ટ્રેઇનિંગ સેન્ટર | ૧ |
| બાળકો માટેની હોસ્ટેલ | ૨ |
| વિમેન હોસ્ટેલ | ૧ |

***ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા વાર્ષિક લાભાર્થીની સંખ્યા ૧૫૦૦૦ થી ૧૭૦૦૦***

આંગણવાડીના માધ્યમ દ્વારા સારસ્વતમ્ એક અન્ય અતિ ગંભીર સમસ્યાને હલ કરવાનું બીડું ઝડપ્યું છે, તે છે કૂપોષણની સમસ્યા. રેડિયો ટી.વી., પર આવતી જનહિતની જાહેરખબર દ્વારા આપણે સૌ જાણીએ છીએ કે આપણા રાજ્યમાં, દેશમાં આ સમસ્યા કેટલી વિકટ છે. દરેક બીજું બાળક કૂપોષણનો ભોગ બનેલું છે. છેલ્લા એક વર્ષમાં સારસ્વતમ્ મુન્દ્રા તાલુકામાં આંગણવાડીના લાભાર્થી બાળકોમાંથી કૂપોષિત બાળકોને અલગ તારવીને સઘન પ્રયત્નો વડે આનું પ્રમાણ ૨૦% ની અંદર લાવી દીધું છે. કચ્છ જિલ્લામાં તો તો આ ઓછામાં ઓછું છે જ, પણ સમગ્ર રાજ્યમાં પણ નીચામાં નીચી ટકાવારી ધરાવતા ઘટકોમાંનું છે.

સામાજિક ક્ષેત્રે આ પ્રયત્નો પણ એક મૂક ક્રાંતિ સર્જી રહ્યા છે. બાળકના કૂપોષિત હોવાનાં અગત્યનાં કારણોમાં આપણી સમાજ વ્યવસ્થા અને ધારણાઓ છે. સ્ત્રીના સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા નથી. કૂપોષિત માતાનાં બાળકો કૂપોષિત જ હોય ને! તેમાં જો વળી સંતાન દીકરી હોય તો મા-દીકરીની સંભાળ સાને સારું? પરિવારને સમજાવીને માતાને તૈયાર કરવાની વિકટ કામગીરી આંગણવાડી કાર્યકર બહેન નિભાવે છે. એક ઉદાહરણ આપું. અતિ કૂપોષિત બાળકોને અલગ તારવીને એમને માટે પ્રતિમાસ દાક્તરી પરીક્ષણ (મેડિકલ ચેકઅપ),

*બુદ્ધિશાળી બુદ્ધિથી પૈસાદાર બની શકે છે, પણ પૈસાદાર પૈસાથી બુદ્ધિશાળી બની શકતો નથી.*

પૂરકપોષણ, આહાર, દવાઓ, જરૂર જણાય ત્યાં ઑપરેશન, વગેરેના કાર્યક્રમ દરમ્યાન એક બહેન પોતાની દીકરીની સારવાર માટે જરા પણ તૈયાર નહીં. ત્રણ દીકરીઓ હતી. મરી જાય તો જાન છૂટે એ માનસિકતા. પહેલા મેડિકલ કેમ્પમાં એ બહેન અમારા પર ઉપકાર કરવા પધાર્યા. ડોક્ટરે જણાવ્યું કે સૌથી પહેલાં તો માના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવું જરૂરી છે. મા-દીકરી બંનેની સારવાર શરૂ થઇ. બે માસ ગયા. ત્રીજા મહિને એ બહેન સ્વયં આવી પોતે પણ તૈયાર થઇને, દીકરીને પણ ઢીંગલી જેવી સજાવીને, વિશેષ તો પતિની ઇચ્છાની ઉપરવટ જઇને ખબર હતી કે ઘેર પાછી પહોંચીશ તો પતિ ધોલાઇ કરશે છતાં પણ હિંમતભેર આવી. ગ્રામનારીના સશક્તિકરણના આવા પ્રત્યક્ષ પ્રમાણો અમને કાર્ય કરવા જોમ પૂરું પાડી રહ્યા છે.

આંગણવાડીના કાર્યકર તથા તેડાગર બહેનોને કેળવવા સારસ્વતમ્ એક તાલીમ કેન્દ્ર ચલાવે છે. અહીં આખા જિલ્લાની કાર્યકર અને તેડાગર બહેનોને તાલીમ આપવામાં આવે છે. પ્રતિ વર્ષ લગભગ એક હજાર બહેનોને તાલીમ અપાય છે.

અન્ય એક પ્રવૃત્તિ તે અવૈધ શિક્ષણ શાળા છોડી ગયેલા બાળકોને ખંડ સમયમાં શિક્ષા આપીને શાળાના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે અથવા તો બાળકને કાર્યબોજ વહન કરવા શિક્ષા આપીને સક્ષમ બનાવવામાં મદદ કરવી. તેવી જ રીતે પ્રૌઢ શિક્ષણ અને મહિલા સશક્તિકરણ અને જાગૃતિકરણ ક્ષેત્રે સારસ્વતમ્ પ્રયત્નશીલ છે. કિશોરાવસ્થાના પ્રશ્નો અને તે અવસ્થામાં બાળકો અને મા-બાપ વચ્ચે સમજણનો એક સેતુ બંધાય તે માટેના કાર્યક્રમો પણ સારસ્વતમે આદર્યા. પર્યાવરણ પ્રત્યે બાળકોમાં જાગૃતિ લાવવા ઇકો ક્લબ (Eco club) ઘણી શાળાઓમાં સ્થપાઇ છે.

બાળકોના અધિકારો અને બાળ મજૂરી અટકાવવા કાર્યરત 'CHILD LINE'નું માંડવી ખાતેનું કેન્દ્ર સારસ્વતમ્ સંભાળે છે.

દૂર સુદૂરના ગામડાંઓમાંથી આવતા સમાજના નબળા વર્ગના બાળકો માટે હોસ્ટેલો ચાલે છે. ઉપરાંત, થોડા સમય પહેલાં ભુજમાં ઉચ્ચ અભ્યાસ કરતી અને કામકાજી મહિલાઓ માટેની એકમાત્ર હોસ્ટેલ સારસ્વતમ્ દ્વારા શરૂ થઇ છે.

- **સારસ્વતમ્‌ના નેજા હેઠળની સંસ્થાઓ :**

જુદા જુદા વિષય પર સેમિનાર, વર્કશોપ ઇત્યાદિનું અવારનવાર આયોજન થતું રહે છે. માજી રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ બન્યા તેના ઘણા સમય પહેલાં તેમની આત્મકથા 'અગનપંખ' ગુજરાતી વિદ્યાર્થીઓ-સમાજ સમક્ષ મૂકવાની કાર્યવાહી સારસ્વતમે કરી. સારસ્વતમ્‌ના પ્રણેતા અને કચ્છના અનેરા સપૂત શ્રી તુલસીદાસભાઇ શેઠના જીવન અને કાર્યની લોકચેતનામાં ઝીલાયેલી છબીને સંપાદિત કરીને 'હું કચ્છનો, કચ્છ મારું' સારસ્વતમે પ્રકાશિત કર્યું.

ગ્રામ વિસ્તારના બાળકો વિશ્વાસપૂર્વક જીવનમાં આગળ વધી શકે તે રીતે અભ્યાસ અને ઇતર પ્રવૃત્તિઓ દ્વારા તેમનું ઘડતર કરવાની સારસ્વતમ્‌ની કોશિશ રહી છે એસ.એસ.સી.ઇ. (SSCE) બોર્ડ કક્ષાએ કચ્છના પરિણામથી ઊંચું પરિણામ લાવવાનું લક્ષ્ય રહ્યું છે. ગત વર્ષે ૨૦ હાઇસ્કૂલોનું સરેરાશ પરિણામ ૭૯.૫૦% હતું, આ વર્ષે ૬૨.૫૦% રહ્યું. ૧૦૦% પરિણામ વર્ષો વરસ લાવતી શાળાઓ પણ છે. રમતગમત ક્ષેત્રે જિલ્લા અને રાજ્યકક્ષાએ ઇનામો મેળવનાર બાળકો છે. શિક્ષણ અને તેથી વિશેષ (Education and Beyond) ની નેમ સાથે ગ્રામ વિસ્તારના બાળકોને વિજ્ઞાન અને કોમ્પ્યુટરની અદ્યતન પ્રયોગશાળાઓ મળી છે. પ્રવાસ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિસ્તરવાનો મોકો મળ્યો છે.

આ બધું શક્ય બને છે અમારા શુભેચ્છકોના સાથ, સહકાર અને નાણાંકીય સહાયને કારણે. અમારા આચાર્યો, શિક્ષકો અને બિનશૈક્ષણિક સ્ટાફની નિષ્ઠાપૂર્વકની મહેનત, આંગણવાડીની કાર્યકર અને તેડાગર બહેનો તથા સુપરવાઇઝર્સ બહેનો અને સંસ્થાના હોદ્દેદારો તથા સ્ટાફની લગન અને પ્રયત્નોને પરિણામે. એક સમયે શાળા માટે ગ્રાન્ટની નીતિ જે ઉદાર હતી તે આજે સંકોચાઇ ગઇ છે. છેલ્લા ૧૪ વર્ષથી એમાં કોઇ વધારો થયો નથી. હાયર સેકન્ડરીની મંજૂરીના અભાવે ૯ થી ૧૨નું સળંગ એકમ થતું નથી. પરિણામે વર્ગ દીઠ રૂ. ૧૫૦૦ / રૂ. ૧૮૦૦ પ્રતિ વર્ષ ગ્રાન્ટમાં શાળા નિભાવવી મુશ્કેલ થતી જાય છે. વેકેશનમાં શિક્ષણની ગોઠવણ કરનાર સામે કાર્યવાહીને પરિણામે ગુણવત્તાને અસર થાય છે તે સંજોગોમાં ગામડાનાં બાળકોને ગુણવત્તા અને પ્રવૃત્તિસભર શાળાકીય વર્ષો મળી રહે એની અમારી મથામણમાં દાતાઓનો ટેકો અમૂલ્ય છે. કચ્છના સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક જગતમાં પ્રદાન આપતા રહેવાની પ્રભુ અમને શક્તિ આપે! ■


**કચ્છજો માડુ...**

કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.

*– રશ્મિન્ ખોના (મુંબઇ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# અનોખું વિદ્યાધામ – સોમૈયા વિદ્યાવિહાર

• ડૉ. સુધા વ્યાસ •
પ્રિન્સિપાલ - કે.જે. સોમૈયા કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ

**સોમૈયા વિદ્યાવિહાર**
વિદ્યાવિહાર રેલવે સ્ટેશનની સામે,
વિદ્યાવિહાર (ઈસ્ટ), મુંબઈ.

સફળ ઉદ્યોગપતિ, સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રોમાં અગ્રગણ્ય તથા માનવતાના પ્રહરી પદ્મભૂષણ પૂ. કરમશીભાઈ જે. સોમૈયા કચ્છના વતની. **મારી પાસે જો નીલ પર્વત જેટલું કાજળ હોય, મહાસાગર જેવો ખડિયો હોય, કલ્પવૃક્ષની ડાળની કલમ હોય, પૃથ્વી જેવડો કાગળ હોય અને આ સમગ્ર સામગ્રી લઈ દેવી સરસ્વતી સદાકાળ લખ્યા કરે તો પણ તેમના ગુણોનો પાર ન આવે...**

જીવનમાં પ્રત્યેક મનુષ્ય કોઈને કોઈ સ્વપ્ન જોતો હોય છે. પરંતુ એકાદ એવી વિરલ વ્યક્તિ હોય જેમના તમામ સ્વપ્ન સાકાર થાય. પૂ. કરમશીભાઈએ શિક્ષણની ક્ષિતિજો વિસ્તારતું સોમૈયા વિદ્યાવિહાર સ્થાપ્યું. આજે બીજમાંથી વટવૃક્ષ બની અનેકાનેક શિક્ષણ સંસ્થાઓ વિકસી. એટલું જ નહીં, સાચા અર્થમાં માનવ તૈયાર કરવાનું અનન્ય કાર્ય હાથમાં લીધું.

શિક્ષણ સંસ્થાઓના સ્થાપક, 'ગિરિવનવાસી પ્રગતિ મંડળ'ના નેજા હેઠળ આદિવાસીઓની સેવામાં કાર્યરત રહ્યા. ઋગ્ણાલયો, અતિથિગૃહો, ગૌશાળાના દાતા બન્યા. એટલું જ નહીં, અનેક શિબિરોના પ્રણેતા એવા **પૂ. કરમશીભાઈનો જન્મ ૧૬મી મે, ૧૯૦૨ના દિવસે મૂળ કચ્છ તેરા ગામમાં થયો, જેમણે મહારાષ્ટ્રને કર્મભૂમિ બનાવી.**

'જીવતાઓ માટે ઉપયોગી થવાની સંધિ કદી ખોવી નહીં' આવી નેમ ધરાવતા, શૂન્યમાંથી શૈક્ષણિક તથા ઔદ્યોગિક સૃષ્ટિના સર્જક હંમેશાં કહેતા, 'ઈશ્વરે મેં માગ્યું તેના કરતાં વધુ છૂટા હાથે આપ્યું. મેં જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તે સમાજનું છે. તેથી હું સમાજને અર્પણ કરીશ.' આ જીવનમંત્ર તેમણે તથા તેમના પુત્ર ડૉ. શાંતિલાલ સોમૈયા તથા પૌત્ર શ્રી સમીર સોમૈયાએ અપનાવ્યો.

સર્વે દાનોમાં શ્રેષ્ઠ દાન વિદ્યાદાન ગણાય છે. તેઓ સંજોગોવશાત્ મહાવિદ્યાલયમાં પ્રવેશ ન મેળવી શક્યા પરંતુ અનેકાનેક વિદ્યાર્થીઓ વિદ્યા મેળવી શકે તેવી સવલત કરી આપી. અનુભવોના ભાથામાંથી જીવન કેવી રીતે જીવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ જગત સમક્ષ મૂકી આપ્યું.

'કર્મણ્યે વાધિકારસ્ત મા ફલેષુ કદાચન્' માનવીએ ફળની ઈચ્છા વિના કાર્ય કરી પરમાત્માને સમર્પિત કરી દેવું જોઈએ. "Life is for living and living is an Art." જો જીવન જીવવાની કળા માણસ પાસે ન હોય તો જીવન ભારરૂપ બની જાય.

ઈ.સ. ૧૯૫૯માં ઘાટકોપર (પશ્ચિમ)માં વિશાળ ઉજ્જડ જગ્યામાં રૂડું નંદનવન સ્થાપ્યું, જ્યાં વિદ્યાર્થી બાલ વાટિકામાં પ્રવેશ કરી સ્નાતક, અનુસ્નાતક અને શોધ નિબંધકારની પદવી પ્રાપ્ત કરે છે. સોમૈયા વિદ્યાવિહાર સંકુલમાં એન્જિનિયરિંગ, પોલિટેકનિક, મેનેજમેન્ટ, આર્ટસ, સાયન્સ, કોમર્સ, ડી.ઍડ. બી.ઍડ., વી.ટી.આઈ., વિનય મંદિર (ગુજરાતી શાળા), ધ સોમૈયા સ્કૂલ (અંગ્રેજી માધ્યમ), હોસ્ટેલનો આવિષ્કાર કરવામાં આવ્યો. આ ઉપરાંત નારી કલ્યાણ માટેનું યોગદાન - આર્થિક સમસ્યાગ્રસ્ત તેમજ જરૂરતમંદ મહિલાઓની સહાયતા માટે 'સુરૂચિ'ની સ્થાપના કરી જ્યાં અથાણા, મસાલા, પાપડ, નાસ્તાનું વેચાણ કરવામાં આવે છે.

૧૯૬૦માં કે.જે. સોમૈયા આર્ટસ એન્ડ સાયન્સનો શિલાન્યાસ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી યશવંતરાવ ચવ્હાણના વરદ્ હસ્તે કરવામાં આવ્યો. બીજમાંથી કૂંપળો ફૂટી તેના પર પર્ણો અને શાખાઓ વિકસવા લાગી. આજે શૈક્ષણિક સંસ્થાઓનું અપૂર્વ વિદ્યાક્ષેત્ર સર્જાયું છે.

મહા વિદ્યાલયમાં વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડવા માટે અનોખું વાતાવરણ સર્જી શિક્ષકો તથા પ્રાધ્યાપકો આવતીકાલના નાગરિકોને તૈયાર કરવાનું કામ કરે છે. "જ્ઞાન દેવતુ કૈવલ્યમ્"ના મુદ્રાલેખ સાથે સોમૈયા વિદ્યાવિહારમાં શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવામાં આવી. રેલવે મંત્રીનું સૂચન પરિવારજનોના નામ સાથે રેલવે સ્ટેશનની જગ્યાએ 'વિદ્યાવિહાર'નું નામ પૂ. અધાએ સૂચવ્યું. સ્વપ્નદૃષ્ટા તથા સ્વપ્નસૃષ્ટા પૂ. અધાની જીવનશૈલી અનોખી હતી.

સોમૈયા વિદ્યાવિહારના સંકુલમાં શૈક્ષણિક સંસ્થાઓને ચાર વિભાગમાં વહેંચી શકાય :

★ કે.જે. સોમૈયા કોલેજ ઓફ આર્ટસ એન્ડ કોમર્સ, જે ૧૯૬૦માં કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ હતી જ્યાં ગુજરાતી, મરાઠી, સંસ્કૃત, હિંદી, અંગ્રેજી ભાષાઓ તથા સોશિયલ સાયન્સના વિષયો, સોશિયોલોજી, સાઈકોલોજી, ફિલોસોફી, પોલિટિકલ સાયન્સ, ઈકોનોમિક્સ, હિસ્ટ્રી સાથે સ્નાતક, અનુસ્નાતકની પદવીઓ મેળવે છે. અને ગુજરાતી, હિંદી, કોમર્સ વિષયમાં પીએચ.ડી.ની પદવી વિદ્યાર્થીઓ મેળવે છે.

★ ૧૯૭૨માં કે.જે. સોમૈયા સાયન્સ એન્ડ કોમર્સમાં જીઓલોજી, બોટની, કેમેસ્ટ્રી, માઈક્રો બાયોલોજીના વિષયો સાથે વિદ્યાર્થીઓ

*કોઈપણ કાર્યમાં પ્રથમ પગલું જ મહત્ત્વનું હોય છે, જેના માટે હિંમત જરૂરી છે.*

સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી.ની પદવી મેળવે છે.

★ ૧૯૯૭૫માં એસ.કે. સોમૈયા આર્ટસ, સાયન્સ અને કોમર્સની સ્થાપના કરવામાં આવી. જ્યાં કોમ્પ્યુટર સાયન્સની પદવીઓ વિદ્યાર્થીઓ મેળવે છે.

આ ત્રણેય મહા વિદ્યાલયો મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. આ ત્રણે મહા વિદ્યાલયોમાં અનુક્રમે બી.એમ.એમ., બી.એમ.એસ., બેન્કિંગ, ઈન્સ્યોરન્સ, બી.એફ.એમ., બી.એમ.એમ. આઈ.ટી., એમ.એસ.સી. આઈ.ટી., એકાઉન્ટ એન્ડ ફાઈનાન્સ જેવા અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. ઑપન યુનિવર્સિટી, ડિસ્ટન્સ એજ્યુકેશન, યશવંતરાવ ચવ્હાણ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ પદવી મેળવી શકે છે. મેનેજમેન્ટના સાથ અને સહકારથી ધોરણ-૧૧, ૧૨ આર્ટસ, સાયન્સ, કોમર્સ, એમ.સી.વી.સી. વોકેશનલ સાયન્સનું શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવે છે.

- **સોમૈયા તંત્ર વિહાર :**

૧૯૬૩માં કે.જે. સોમૈયા પોલીટેકનિક, ૧૯૮૧માં મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (સીમસર), જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન, ૧૯૮૩માં એન્જિનિયરિંગ કોલેજ, ૧૯૮૭માં ટેકનિકલ ટ્રેઈનિંગ રિસર્ચ (સીતાર), ૧૯૮૮માં વોકેશનલ ટ્રેઈનિંગની સ્થાપના કરવામાં આવી. વિદ્યાર્થીઓની માંગને અનુરૂપ અનેક વિષયોનું જ્ઞાન આધુનિક ટેકનોલોજી સાથે પીરસવામાં આવે છે.

- **સોમૈયા સંસ્કૃતિ વિહાર :**

ભારતીય સંસ્કૃતિને વિસ્તૃત કરવા ૧૯૬૭માં 'સૂર ભારતી', ૧૯૮૯માં 'ભારતીય સંસ્કૃતિ પીઠમ્', ૧૯૯૦માં ઈન્ડોલોજીમાં સંશોધન, ૧૯૯૩માં યોગા ઍકેડેમી તથા બુદ્ધિ સ્ટડીઝ, ૨૦૦૨માં રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા કે. જે. સોમૈયા વિદ્યાપીઠ, ૨૦૦૩માં જૈનીઝમ સ્ટડીઝ સેન્ટર, ૨૦૦૫માં સાઉથ એન્ડ સાઉથીસ્ટ સ્ટડી સેન્ટરની સ્થાપના કરવામાં આવી. નેશનલ, સ્ટેટ અને ઈન્ટરનેશનલ ક્ષેત્રે સેમિનાર, વર્કશોપનું આયોજન યુ.જી.સી.ના સહયોગથી મહાવિદ્યાલયમાં કરવામાં આવે છે.

- **સોમૈયા આયુર્વિહાર (મેડિકલ કોલેજ) :**

૧૯૯૧માં કે.જે. સોમૈયા મેડિકલ કોલેજ, ૧૯૯૨માં હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર, ૧૯૯૪માં સ્કૂલ ઑફ નર્સિંગ, ૨૦૦૨માં ફિઝિયોથેરાપીની સંસ્થાની સ્થાપના થઈ.

આધ્યાત્મિક, પેરા મેડિકલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનો ત્રિવેણી સંગમ એટલે 'જ્ઞાનયજ્ઞ.' જે તા. ૧ જાન્યુઆરીથી ૩૧મી જાન્યુઆરી સુધી સોમૈયા વિદ્યાવિહારમાં છેલ્લા ૨૪ વર્ષોથી કરવામાં આવે છે. શૈક્ષણિક, સામાજિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓનું પંચામૃત સોમૈયા વિદ્યાવિહારમાં પ્રાપ્ત થાય છે.

પ.પૂ. અધા (કરમશીભાઈ સોમૈયા)એ ૧૯૯૨ સુધી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. ડૉ. શાંતિલાલભાઈએ ૧૯૯૩થી ૨૦૧૦ ડિસેમ્બર સુધી શૈક્ષણિક સંસ્થાઓને સ્થાપી અને આંતરરાષ્ટ્રીય સ્તર સુધી વિસ્તારી. ૨૦૧૧થી શ્રી સમીરભાઈએ સોમૈયા વિદ્યાવિહાર સંકુલમાં રમતગમતના ક્ષેત્રે સ્કવોશ કોર્ટ, ૪૦૦ મીટર એથ્લેટિક ટ્રેક, ઓલિમ્પિક સાઈઝ ફૂટબોલ ફિલ્ડ તથા શૈક્ષણિક ક્ષેત્રે રિસર્ચ ઈનોવેશન ઈનક્યુલેશન ડિઝાઈન લેબ, ધ સોમૈયા સ્કૂલ (સી.બી.એસ.ઈ.), 'અરબિંદો' — સાત માળની આધુનિક સગવડતાવાળી સંસ્થા, કલરીપટ્ટુ માર્શલ આર્ટ, કે.જે. સોમૈયા કોલેજ ઑફ આર્ટસ અને કોમર્સ, કે.જે. સોમૈયા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, નેક રીએક્રિડીએશનમાં 'એ' ગ્રેડ, ઍકેડેમી ઓટોનોમી તથા એસ.કે. સોમૈયા કૉલેજ ઓફ આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સને નેક રીએક્રીડીરેશનમાં 'એ'ગ્રેડ, સીમસરમાં એક્રીડીરેશન, એમ.બી.એ. મેનેજમેન્ટ, સંસ્થા માટે લેક્ચર કોમ્પ્લેક્સ 'ચાણક્ય', સોમૈયા વિદ્યાવિહાર તથા કે.જે. સોમૈયા આર્ટસ એન્ડ કોમર્સ તથા સાયન્સ એન્ડ કોમર્સની ગોલ્ડ જ્યુબિલી ઉજવણી, પોસ્ટલ કવર અને સ્ટેમ્પ પ્રકાશિત કર્યા. પૂ. અધાના સ્વપ્નાને ડૉ. શાંતિલાલભાઈએ તથા ડૉ. શાંતિલાલભાઈના સોનેરી શમણાને શ્રી સમીરભાઈ સાકાર કરી રહ્યા છે.

આજે સોમૈયા વિદ્યાવિહારના સમગ્ર સંકુલમાં વિદ્યાભ્યાસની અલગ અલગ ૩૫ જેટલી શાખાઓમાં દરરોજ ૨૮,૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે કે જેનાથી આ સંકુલના વ્યાપનો ખ્યાલ આવી શકશે.

મારા સદ્ભાગ્યે પૂ. અધા, વડીલશ્રી ડૉ. શાંતિલાલભાઈ, શ્રીમતી લીલાબહેન તથા શ્રી સમીરભાઈ સોમૈયાના માર્ગદર્શન હેઠળ અધ્યયન અને અધ્યાપન કરવાની અને કાર્ય કરવાની તક મળી. ઈશ્વરનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

*અંતમાં હું એટલું જ કહીશ :*

***સોમૈયા વિદ્યાવિહાર***
***સાત અક્ષરનું નામ***
***સદીઓ પર્યંત જ્ઞાનની જ્યોત***
***દશે દિશાએ વિસ્તરે***
***શિક્ષણ ક્ષેત્ર મેઘધનુષ***
***સમ ઝગમગે....***
એ જ અભ્યર્થના.... ■

# Mahavir Education Trust

**(Shah & Anchor Kutchhi Polytechnic / Shah & Anchor Kutchhi Engineering College)**

**● Bhavesh Patel ●**

Principal - Shah & Anchor Kutchhi Polytechnic

**Bhavesh Patel**
Principal, Shah & Anchor Kutchhi Polytechnic
Mahavir Education Trust Chowk
Waman Tukaram Patil Chowk,
Next to Dukes Company,
Chembur, Mumbai-400 088.
Adipur, Gandhidham, Kutch.

Mahavir Education Trust was established in 1983 for the purpose of imparting technical education. With the help of munificient donations from two main donors viz.,

1. Shri Lalji Velji Anchorwala
2. Smt. Shah Laxmiben Bhujpurwala Charitable Trust

The Trust established Shah & Anchor Kutchhi Polytechnic in 1983 and further Shah & Anchor Kutchhi Engineering College in 1984. Both these Institutions are ISO 9001 : 2008 certified.

Shah & Anchor Kutchhi Polytechnic is approved by A.I.C.T.E., recognised by the Directorate of Technical Education M.S. and affiliated to Maharashtra State Board of Technical Education (M.S.B.T.E.)

It conducts following courses leading to the Diploma in

- Electronics Engineering 60 seats
- Computer Technology 30 seats
- Electronics & Telecommunications 60 seats
- Information Technology 30 seats

awarded by M.S.B.T.E.

Shah & Anchor Kutchhi Engineering College is approved by A.I.C.T.E., recognized by Directorate of Technical Education M.S. and is affiliated to University of Mumbai.

It conducts following courses leading to Bachelor's degree in Engineering awarded by University of Mumbai.

- Electronics Engineering 120 seats
- Computer Engineering 120 seats
- Information Technology 120 seats
- Electronics & Telecommunications 60 seats
- Computer Engineering 60 seats (direct admission to second year)

Shah & Anchor Kutchhi Engineering College with its long-term standing of 27 glorious years in the field of Engineering Education, it proudly added following Post-Graduate courses.

| | ***Seats*** |
|---|---|
| Master of Management Studies (MMS) | 120 |
| Master of Electonics Engineering | 18 |
| Master of Computer Engineering | 18 |
| Master of Information Technology | 18 |

awarded by University of Mumbai.

Keeping in line with its Mission and Vision, the Trust has provided state-of-the art infrastructure to both its Institutions. These Institutes independantly have all facilities such as well equipped Laboratories, Workshops, Drawing Halls, Library as well as Sports Facilities. They have on their rolls well qualified and competent faculty members.

Further to bridge the Industry-Academia Interface, these Institutions strive to keep pace with the technology by inviting stalwarts from Industry to give sufficient exposure to their students, thus resulting in overall excellence in Placements, academic growth and field of Research apart from sports and Social developments. ■

★ *દરેક નાની નાની વસ્તુમાં ખુશી શોધવાની કોશિશ કરો.*

★ *એક જ કામ કરો : ક્યાંય ગાંઠ પડવા ન દો અને કોઈનાય પ્રત્યે ગાંઠ પડી ગઈ હોય તો એને વહેલી તકે ઉકેલી દો.*

★ *સફળતા આપણા હાથમાં નથી પણ મહેનત આપણા હાથમાં છે.*

★ *હંમેશાં શુભ વિચારોનું ચિંતન કરો. ખોટા વિચારો આવે ત્યારે કોઈપણ સારા પુસ્તકનો સ્વાધ્યાય કરો.*

*સાચો મિત્ર તમને સામેથી કહેશે. કાયર દુશ્મનની જેમ પીઠ પાછળ ઘા નહીં કરે.*

# વીરાયતન વિદ્યાપીઠ – કચ્છ

## જ્ઞાન અને કરુણાનું ઉત્કૃષ્ટ કેન્દ્ર

● ડૉ. કૌશિક શાહ ●
જોઈન્ટ સેક્રેટરી, વીરાયતન વિદ્યાપીઠ

**ડૉ. કૌશિક શાહ**
જોઈન્ટ સેક્રેટરી - વીરાયતન વિદ્યાપીઠ
ગામ : જખણિયા, તા. માંડવી, કચ્છ.

● **વીરાયતનનું કચ્છમાં આગમન**

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ નાં ગુજરાતનાં ધરતીકંપે કચ્છ જિલ્લામાં તાંડવ સર્જી અસંખ્ય આબાલ વૃદ્ધોની જિંદગીને ખપ્પરમાં હોમી દીધી. આ ગોઝારા ધરતીકંપે માલ-મિલકતને પણ અપરંપાર નુકસાન પહોંચાડ્યું. અંજાર શહેરની એક જ શાળાનાં ૪૦૦થી પણ વધુ બાળકોને જીવતી સમાધિ મળી. માનવીઓની આંખોમાંથી અવિરત આંસુ વહેતા હતા. હતાશાના વાતાવરણમાં શું કરવું ને શું નહીં તે કોઈને સમજાતું ન હતું, સુજતું ન હતું.

આવી ગોઝારી પરિસ્થિતિમાં દેશ-વિદેશથી સહાયનો પુરવઠો લઈ અનેક સંસ્થાઓ ભૂકંપથી વિચલિત થયેલ લોકોની મદદ માટે દોડી આવી હતી. જીવનની પ્રાથમિક જરૂરિયાતોને પૂરી કરવાની સાથે સાથે આ સંસ્થાઓએ પુનઃવસનની તાતી જરૂરિયાતને પહોંચવા કમર કસી હતી. દીન દુખિયા, બેસહારાનાં આંસુ લૂછવા, તેમને હૈયાધારણા આપવા અને તેમનાં દુઃખમાં સહભાગી થવા આશાનું એક કિરણ લઈ રાજગીર જિલ્લા નાલંદા, બિહારની સેવાભાવી સંસ્થા વીરાયતન સાધ્વીઓ અને સ્વયંસેવકોની સંગે કચ્છમાં આવી, દિવસ રાત પુનઃવસનનાં કામમાં કાર્યરત થઈ હતી.

અનેક સામાજિક સંસ્થાઓ પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી કે પુનઃવસનનાં કાર્યક્રમો આદરી પાછી ફરી હતી પણ કચ્છનાં ભવિષ્યનાં સર્વાંગી વિકાસ માટે વીરાયતને પોતાની સેવાનો અખંડ યજ્ઞ શરૂ કર્યો હતો જે આજે પણ અવિરતપણે સેવા, સાધના અને શિક્ષણનાં માધ્યમ દ્વારા કચ્છનાં શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે અવિરત કાર્યરત છે.

● **શિક્ષણથી જ પ્રગતિ :**

પ્રાથમિક સહાયનાં કાર્યો પૂરા કરી કચ્છને વિકાસની કેડી પર જો પ્રગતિ કરાવવી હશે તો શિક્ષણ ક્ષેત્રે ભગીરથ કાર્ય કરવું પડશે એ વિચારધારા સાથે વીરાયતને અનાથ બનેલા બાળકોને પોતાની પાંખમાં લઈ કામચલાઉ સ્તરે તંબુઓમાં શાળાઓ શરૂ કરી શિક્ષણનાં દીવડા પ્રજ્જવલિત કર્યા. શરૂઆતમાં શિવપારસ મંદિર (ભુજ-માંડવી રોડ) માં આ કાર્યક્રમનાં શ્રી ગણેશ મંડાયા. શિક્ષણની સાથે સાથે પ્રાથમિક જરૂરિયાત હતી બાળકોનાં માનસપટ પર છવાયેલાં ભૂકંપનાં વિનાશક દશ્યોને દૂર કરવાની અને અનાથ બાળકોને પ્રેમ અને હુંફ આપવાની. શ્રદ્ધેય આચાર્યશ્રી ચંદનાજીનાં આશીર્વાદથી પરમ પૂજ્ય સાધ્વીશ્રી શિલાપીજીનાં કુશળ નેતૃત્વમાં વીરાયતને આ વિકટ કાર્યને પ્રેમ અને કરુણાસભર કાર્યક્રમો દ્વારા સુપેરે પાર પાડવાનું બીડું ઝડપ્યું. વિવિધલક્ષી વ્યવસાયિક તાલીમ કેન્દ્રો અને ઠેર-ઠેર હંગામી ધોરણે શાળાઓની સ્થાપના કરી આમ જનતાનાં સુખ દુઃખનાં ભાગીદાર બની સફળતા પ્રાપ્ત કરી.

પાશ્ચાત્ય વિશ્વવિદ્યાલયથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા સાધ્વીજીએ વિચાર કર્યો કે શિક્ષણથી જ કચ્છનો વિકાસ સંભવ છે એટલે કચ્છમા શિક્ષણ ક્ષેત્રે પ્રગતિને લક્ષ્યમાં લઈ વીરાયતને એક નવું અભિયાન શરૂ કર્યું, જે અલ્પ સમયમાં હજારો બાળકો અને યુવાનો માટે આશાનું કેન્દ્ર બની ગયું છે.

● **વીરાયતન - કચ્છની શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ :**

ધરતીકંપની વિનાશક તારાજીને નજરમાં રાખી ઘણા લાંબા વખત સુધી ચાલનાર સહાય પ્રવૃત્તિને લક્ષ્યમાં લઈ તેમજ શિક્ષણ દ્વારા જનસમુદાયનાં વિકાસને વેગવંત બનાવવા કચ્છમાં સ્થાયી સ્વરૂપે શૈક્ષણિક કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી.

એક શ્રેષ્ઠ ઉદ્દેશ્ય, નૈતિક અને આધ્યાત્મિકતાની ગરિમા સાથે વીરાયતને શૈક્ષણિક ક્ષેત્રોમાં વિશિષ્ટ ક્રાંતિ સર્જી છે. વિદ્યાર્થીઓનાં જીવનમાં ઈષ્ટતાનાં સિદ્ધાંતો અને ઉત્કૃષ્ટ કાર્યક્ષમતાનું વીરાયતન દ્વારા ઉત્તમ સર્જન થઈ રહ્યું છે.

**વીરાયતન શૈક્ષણિક કેન્દ્રની અનન્યતા :**

★ સંસ્કાર સભર શિક્ષણ દ્વારા ચારિત્ર ઘડતર

★ યુવાઓને વૈશ્વિક જવાબદારીઓ માટે તાલીમ

★ સમાજોપયોગી થવા માટે જાગૃતિકરણ

★ સાંપ્રદાયિક સુમેળતાનો વિકાસ અને પર્યાવરણની સમતોલતા સાધવાનો હૃદયપૂર્વક પ્રયાસ

★ સંશોધનીય પ્રક્રિયા દ્વારા - નવી ક્ષિતિજોનું નિર્માણ

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

**વીરાયતન વિદ્યાપીઠમાં કાર્યશીલ શૈક્ષણિક સંસ્થાઓ :**

૨૦૦૧નાં જાન્યુઆરીમાં શિક્ષણનાં રોપાયેલા બીજ માવજત પામીને આજે વટવૃક્ષમાં ફલિત થયા છે. હાલમાં નીચે મુજબની શૈક્ષણિક સુવિધાઓ વીરાયતન - કચ્છમાં ઉપલબ્ધ છે.

★ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ (ગુજરાતી માધ્યમ)

★ પ્રાથમિક શાળા (અંગ્રેજી માધ્યમ)

★ વ્યવસાયિક તાલીમ કેન્દ્ર

★ ફાર્મસી કોલેજ (બી.ફાર્મ, એમ.ફાર્મ અને પી.એચ.ડી. અભ્યાસક્રમો)

★ બી.બી.એ. અને બી.સી.એ.ની કોલેજ

★ એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અને સંશોધનની ઈન્સ્ટિટ્યૂટ

ઉપરોક્ત બધા સંસ્થાનો અતિ આધુનિક હવા ઉજાસથી સભર મકાનોમાં તેમજ વિશ્વ કક્ષાનાં સાધનો અને શૈક્ષણિક ઉપકરણોથી સજ્જ છે. અનુભવી અને ઉચ્ચ શિક્ષીત અધ્યાપકોનાં માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ વિદ્યા સંપાદન કરી સારા પરિણામોથી ઉત્તીર્ણ થાય છે. વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે વિશાળ રમત ગમતનાં મેદાન તેમજ હેલ્થ ક્લબ અને જિમ્નેશિયમની પણ વ્યવસ્થા સંકુલમાં પ્રાપ્ત છે.

**વીરાયતન કચ્છની ઉલ્લેખનીય સિદ્ધિઓ :**

★ ૨૦૦૧ના ભીષણ ભૂકંપ બાદ ગુજરાતના કચ્છ જિલ્લામાં વીરાયતન દ્વારા અનેક સેવાકાર્યો - ભૂકંપગ્રસ્ત ૧૦,૦૦૦ બાળકો માટે કામચલાઉ સ્કૂલોમાં તત્કાળ શિક્ષણ.

★ કચ્છમાં ૩૨ સ્થળે રોજગારલક્ષી વ્યવસાયિક તાલીમ કેન્દ્રો દ્વારા ૧૨ હજાર તાલીમાર્થીઓને પગભર થવાની તાલીમ.

★ "કીડ્સ" અને "શ્રુતમ" યોજના દ્વારા હજારો ઝુંપડપટ્ટીનાં બાળકો અને બાળમજૂરો માટે સાક્ષરતા અને સ્વચ્છતાનાં અભિયાન.

★ આર્થિક અને સામાજિક રીતે અવિકસિત ગ્રામ્ય વિસ્તારનાં બાળકો માટે પ્રાથમિક અને માધ્યમિક શાળાની ગામ જખણિયા (તા. માંડવી) માં સ્થાપના.

★ સરહદી વિસ્તારમાં વર્ષોથી રહેતાં અશિક્ષિત પરિવારનાં બાળકો માટે રૂદ્રાણી ગામ (તા. ભુજમાં) નિઃશુલ્ક પ્રાથમિક શિક્ષણનું આયોજન.

★ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારનાં વિદ્યાર્થીઓને આધુનિક છાત્રાલયોમાં રહેઠાણની વ્યવસ્થા સાથે શિક્ષણની સગવડતા.

★ ૧૦,૦૦૦ ગાયો/પશુઓ માટે પાણીનાં હવાડાની વ્યવસ્થા.

★ પર્યાવરણની જાળવણી માટે સૂર્યઉર્જાનાં સાધનોથી સજ્જ, સાફ-સ્વચ્છ ભોજનાલયમાં ૨૦૦૦ લોકો માટેની વ્યવસ્થા.

★ ૧૦,૦૦,૦૦૦ વર્ગ ફુટનું બાંધકામ પૂર્ણતાનાં આરે.

★ ૪૦૦ થી વધુ લોકોને સીધી રોજગારની તક

★ દેશનાં જુદા-જુદા ભાગોમાં ભારે હોનારત કે ભયંકર આપદાનાં સમયમાં તાત્કાલિક મદદ.

**ભવિષ્યનાં પડકાર :**

બાર વર્ષથી પણ અલ્પ સમયમાં કચ્છનાં સરહદી જિલ્લામાં શૈક્ષણિક ક્ષેત્રે વીરાયતને અનુપમ પ્રગતિ હાંસલ કરી છે. આ બાર વર્ષમાં શિક્ષણ ક્ષેત્રનો બહોળો અનુભવ લઈ, કચ્છ અને ગુજરાતની સામાન્ય જનતાને લક્ષ્યમાં રાખી કેટલીક યોજનાઓ બનાવી છે, જે કચ્છ - ગુજરાતને વિકાસનાં માર્ગે આગળ લઈ જશે.

★ વીરાયતન યુનિવર્સિટીનું નિર્માણ

★ ઉચ્ચ સ્તરીય વ્યવસાયિક અભ્યાસક્રમો માટે કેન્દ્ર

★ સંશોધન કરવા માટે વિશાળ પુસ્તકાલય

★ શૈક્ષણિક સેમિનારો માટે અધ્યતન સાધનોથી સુસજ્જ સભાગૃહ

વીરાયતનને વિશ્વાસ છે કે વિજ્ઞાન અને એન્જિનિયરિંગનાં નવીનતમ જ્ઞાન દ્વારા સશક્ત વિકાસ સંભવિત છે. ઉચ્ચતમ કોટીનું શિક્ષણ વિવિધ સામાજિક પરિસ્થિતિનાં યુવાઓને સર્વશ્રેષ્ઠ અને ધપાવી શકાય તેવા લક્ષ્યો પ્રાપ્ત કરવામાં પારંગત બનાવી શકે છે.

● **વીરાયતન - એક આંતરાષ્ટ્રીય સંસ્થા :**

વીરાયતન એક આંતરરાષ્ટ્રીય સેવાભાવી સામાજિક સંસ્થા છે, જે "માનવ સેવા એજ પ્રભુ સેવા" ને લક્ષ્યમાં રાખી, આધ્યાત્મિક વિકાસ, ઉત્કૃષ્ટ શિક્ષણ અને નિઃસ્વાર્થ સેવાભાવથી લોકહિતનાં કાર્યો કરી રહી છે. આ સંસ્થામાં જાતિ, ધર્મ કે લિંગનાં કોઈપણ ભેદભાવ વિના સૌનો સંપૂર્ણ વિકાસ થાય છે. સમાજનાં નવનિર્માણમાં, આ સંસ્થા ધર્મનાં પ્રયોગશીલ સિદ્ધાંતોને આધુનિક વિજ્ઞાનની દુનિયામાં પ્રતિપાદન કરાવી, સહભાગી બની રહી છે. આ સંસ્થા નિષ્ઠાવાન અને કાર્યશીલ સાધ્વીજીઓ દ્વારા, ટ્રસ્ટીઓ, સમિતિનાં સભ્યો અને અનુભવી સહાયકોનાં સહયોગથી કાર્યરત છે.

*॥ સપનાં ઘણાં બધા છે સાકાર કરવાનાં,*
*આપના સાથ ને સહકારથી પરિપૂર્ણ કરવાનાં,*

*શ્રધ્ધાનો દિપક પ્રગટાવ્યો છે અંધકાર દૂર કરવાને,*
*ધૃત અર્પજો એમાં સતેજ કરવાને ॥*

JASH Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.

Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

# "Tolani Vidya Mandir"

***An Oasis of Knowledge in the Desert of Kutch.***

● **H. K. KRIPALANI** ●
Trustee - Tolani Vidyamandir

**Tolani Vidya Mandir**
Gandhidham Gollegiate Board,
Adipur, Gandhidham, Kutch.

*"Friends this is not all. We do not believe in haphazard planning or merely constructing half a dozen or a dozen buildings to house the institutions. In fact our aim is to make Adipur a centre of attraction in the field of higher education, with as many as educational institutions as would, in due course, to establish a small university."* These are the words said by Late Rev. Kaka Pribhdas Tolani, Founder President, Gandhidham Collegiate Board, Adipur (Kutch) in his welcome address on the inauguration of Tolani Commerce College in 1973.

In 1962 Kaka Pribhdas Tolani, a shipowner of Bombay was invited to Adipur-Kutch by his good friends Mr. Hundraj 'Dukhayal' & Mr. Hari Daryani to help in the cause of education in a very backward area. These gentlemen knew about the dream or a vision that Kaka had in the jail in Sindh during partition of India and Pakistan. Kaka lost everything that he had earned by working very hard for past 30 years. In jail he promised himself that if he ever became rich again, he will give his all to the cause of Education. He was a firm believer that 'If you educate one person the whole family prospers.' He himself was a graduate from Wilson College Bombay as there were no colleges in whole of Sindh.

In 1962 Kaka took over the Gandhidham Civil Engineering Institute and Gandhidham Arts College being run by Gandhidham Maitri Mandal. He upgraded the institute to Polytechnic in Civil Engineering and added Mechanical & Electrical courses as well in 1967 and a new Trust 'Gandhidham Collegiate Board' was formed, for management and development of Higher Education in this backward district of Kutch. Science faculty was added in 1969 and then Tolani Foundation Gandhidham polytechnic and Tolani College of Arts & Science started functioning in new buildings constructed with all modern facilities. Kaka was not only passionate and pragmatic but also inspired people around him to dedicate their time and services to the cause of higher education. His untiring efforts to develop educational facilities particularly for girls have today converted Adipur into a university town. He was an arch Advocate for girls' literacy in testimony where of goes the adage "If you educate a girl, you educated the whole family." Accordingly girls' hostel & college for Home Science, training girls for self-sufficiency and making ideal house wives was established in 1984. Tolani institute of Pharmacy was also added to campus in 1984. It will not be an exaggeration to say that Kaka's "SANKALP" - meaning determination and service to mankind made him a living legend.

Kaka Pribhdas Tolani did not have eyesight for last two decades of his life but he had vision. The planning of educational campus "Vidya Mandir" which was made by him 40 years back is fulfilling the higher education needs of more than 7,000 students specially from Eastern Kutch covering 5 talukas out of 10, like Rapar, Bhachau, Anjar, Gandhidham, & Mundra, where there are no facilities of higher Education available, offering courses in Arts, Science, Commerce, Engineering, Pharmacy, Home Science, Computer Aided Costume Designing, Management, Law etc., 'Tolani Vidya Mandir' campus today not only boasts of having maximum number of faculties and courses, but also quality education having students ranking in top ten at University level and Technical Board examinations of Gujarat State.

Looking to the dry weather of Kutch District and no medical facilities for eye diseases, Kaka established Tolani Eye Hospital & Research Centre in 1982. This hospital conducts free eye camps

જીવનમાં એટલી બધી ભૂલો ન કરવી કે પેન્સિલ પહેલાં જ રબર ઘસાઈ જાય.

through out the district in various villages and operates for cataract and other eye diseases with latest equipments and techniques of surgery.

Legends are however difficult to carry on. Gandhidham Collegiate Board was faced with this challenge in 1988 when our beloved Kaka passed away. And it was known that he transferred all his belongings to the trust for development of education. Because Kaka always believed, "The GIFT OF EDUCATION is far higher gift than that of food & clothes. It is even higher than giving LIFE to man because the real life of man consists of KNOWLEDGE."

Mrs. Jamvanti H. Kanal, the eldest daughter of Kaka, inherited the courage, determination and vision from her father. She took over the reigns of Gandhidham Collegiate Board in her able hands in 1988. Under her leadership, many new initiatives were taken and existing facilities were further improved. The successful setting up of Tolani Institute of Management Studies (TIMS) in 1995, an institute offering post Graduate Diploma in Business Management (Recognized by All India Council for Technical Education - New Delhi), with very good infrastructure and academic facilities and boasts to have very good placement record in leading and big companies not only in Gujarat but even outside. The building for Tolani Institute of Pharmacy, New Hostels for Boys & Girls, Learning Resource Centre (Under World Bank Scheme) for Polytechnic, Water Harvesting Project, Post-Graduate Centers at Arts & Commerce Colleges, Professional courses like C.A. & I.C.W.A., Open University (IGNOU) & Dr. Ambedkar centers, were some of the developments which gave the campus a look of a university what kaka has thought of.

The Earthquake of January 2001 shook the roots of Tolani Vidya Mandir Campus as well, having loss of human lives, destruction of staff quarters, hostels and college buildings and damage to almost all the infrastructure facilities on the campus. There was all over depression and gloomy atmosphere. During this time the youngest daughter of Kaka Tolani, Mrs. Anjana Hazari, the current President of Gandhidham Collegiate Board, who was staying in U.S.A. for last 30 years, was invited by her elder sister and past president of Gandhidham Collegiate Board, Mrs. J.H.Kanal, to help her in the administration of the campus. Her motivation and dedicated work lifted the morale of all in the campus. With grace of GOD as well as her Sincerity and Honesty, the assistance came from all the direction and the reconstruction of campus could be done with new colors. She took over as President of Gandhidham Collegiate Board after death of Mrs. J.H.Kanal in May 2004.

After earthquake the NGO's like Kandla Port Trust Earthquake Relief Fund, Rajiv Gandhi Foundation, Times Foundation, Akhil Bharat Maheshwari Samaj etc. helped to rebuild the campus. Once the work of reconstruction was over the President, Mrs. Hazari has diverted her concentration for further development of the campus. The Tolani Institute of Commerce - an English Medium Commerce College. Tolani Institute of Excellence - an institute to train the children for all types of Competitive Examinations like MAT, CAT, GMAT, GCET, TOFEL, PMT, JEE, AIEE, etc. and to conduct seminars for all groups of society are started. Mrs. Anandiben Patel, H'ble Minister of education, Gujarat State, inaugurated Technical Diploma programs in Civil, Electrical, Mechanical and Computer Engineering under self-finance scheme in 2006. The Tolani Institute of Law recognized by Bar Council of India has been started since JUNE 2007.

**Today the 'Tolani Vidya Mandir' campus spread over 43 acres of land, is having modern infrastructure facilities including hostels for boys & girls, a big sports stadium, an auditorium, staff, professors & principals quarters, libraries having more than 65,000 volumes of books and subscription of more than 200 journals, well equipped laboratories for science, pharmacy and engineering colleges.** There is also Sri Ramakrishna Seva Kendra for spiritual development of the students on the campus. Thus, in true sense the campus is an Oasis of Knowledge in Desert of Kutch.

Mrs. Hazari expressing her feelings on the development of the campus Says: "The Kutch University has been declared as Role Model for other Universities and I wish to give maximum contribution from Tolani Vidya Mandir Campus to make it a role model university." ■

*દરેક કામમાં જોખમ હોય છે, પણ કશું ન કરવામાં સૌથી મોટું જોખમ હોય છે.*

# શ્રી નવચેતન અંધજન મંડળ

● લાલજીભાઈ એમ. પ્રજાપતિ ●
મહામંત્રી - શ્રી નવચેતન અંધજન મંડળ

**શ્રી નવચેતન અંધજન મંડળ**
કચ્છ ડેરી સામે, પો.બો. નં. ૧૨, માધાપર,
તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦. (ગુજરાત)
ફોન : (૦૨૮૩૨) ૨૪૨૯૮૯, ૨૪૨૩૬૭
ફેક્સ - ૨૪૨૦૭૯
E-mail : info@navchetan.org / admin@navchetan.org
Website : www.navchetan.org

ટ્રસ્ટ રજિ. નં. : એફ-૯૬ (કચ્છ), બોમ્બે પબ્લિક એક્ટ, ૧૯૫૦
૮૦જી રજિ. નં. : CIT-R/TECH/80G/2010-11,
Pt. 08-03-2011 ઈન્કમટેક્ષ એક્ટ, ૧૯૬૧

**મિશન :** વિકલાંગોની ક્ષમતાના મહત્તમ વિકાસ માટે તેમને અનુરૂપ સુવિધાઓ ઊભી કરવી અને સામાજિક ન્યાય અને અધિકારો મેળવવામાં સાથ આપવો.

**વિઝન :** દરેક વિકલાંગ વ્યક્તિઓને શિક્ષણ, સ્વાસ્થ્ય, વ્યવસાયિક તાલીમ, પુનર્વસનની સુવિધાઓ પૂરી પાડવી જેથી તેઓ સ્વનિર્ભર બની આત્મવિશ્વાસથી સમાજના એક સન્માનીય વ્યક્તિ બની શકે.

● **સંસ્થા પરિચય :**

શ્રી નવચેતન અંધજન મંડળની સ્થાપના ૩૧, ઓક્ટોબર ૧૯૭૬માં દૃષ્ટિ ક્ષતિ / માનસિક ક્ષતિ / શ્રવણમંદ-મૂકબધિર / શારીરિક ક્ષતિવાળી વ્યક્તિઓના શિક્ષણ/સ્વાસ્થ્ય સ્વરોજગાર અને પુનઃસ્થાપન માટે મદદ અને સહકાર આપવાના હેતુથી થઈ છે. સંસ્થા વિકલાંગ વ્યક્તિઓની ઉપરોક્ત પ્રવૃત્તિઓ ચલાવવા માટે દાતાશ્રી/ઔદ્યોગિક સાહસો/ સંસ્થાઓ તરફથી મળતા દાન તેમજ સરકારશ્રી તરફથી મળતા અનુદાન પર આધારિત છે. કોઈ પણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર ૫ થી ૧૮ વર્ષના વિકલાંગ બાળકોને શિક્ષણના હેતુ માટે આ સંસ્થામાં દાખલ કરવામાં આવે છે. વિકલાંગ વ્યક્તિઓના વિકાસ માટે તેમને વ્યવસાયી તાલીમ – સ્વરોજગાર અને સ્વાવલંબન માટે આપવામાં આવે છે. તેમની વિકલાંગતા ઓછી કરવા સારવાર મેળવવામાં મદદ કરીએ છીએ જેથી તેઓ ઝડપથી પ્રગતિ કરી શકે. વિકલાંગ બાળકોનાં પરિવારનાં સભ્યોને પ્રશિક્ષણ આપવામાં આવે છે જેથી તેઓ વિકલાંગ બાળકોની વધુ સારી સારસંભાળ લઈ શકે. વૃધ્ધ અવસ્થામાં સ્વમાનભેર પ્રભુ પરાયણ જીવન જીવી શકે તે માટેની વ્યવસ્થા પણ કરીએ છીએ.

## વિકલાંગ વિદ્યાવિહાર

*સંપૂર્ણ વિસ્તાર અંદાજિત ૩.૭૫ એકર*

*બાંધકામ વિસ્તાર : ૭૧૪૮૭ ચો.ફુટ*

- **સુવિધાઓ :** કુમાર છાત્રાલય, પ્રાથમિક અને માધ્યમિક શાળા, પ્રાર્થના હોલ, બ્રેઈલ/ઈન્કપ્રિન્ટ લાઈબ્રેરી, બ્રેલ પ્રેસ, ઓડિયો રેકોર્ડિંગ, ફિઝીયોથેરાપી સેન્ટર, મુખ્ય ઓફિસ, સ્ટાફ ક્વાર્ટર્સ, પ્રદર્શન ખંડ અને ગેસ્ટરૂમ
- વિકલાંગતા ધરાવતા કુમારો માટેનું અમારું નિર્મિત આ સંકુલ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સંપૂર્ણ અવરોધમુક્ત તથા સુરક્ષિત છે.

### ૧. કુમાર છાત્રાલય

૧૮૫ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતાં આ છાત્રાલયમાં રહેવા તથા જમવાની સગવડ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિકના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. અહીં શારીરિક શિક્ષણ, રમત-ગમત તથા સાંસ્કૃતિક જેવી પ્રવૃત્તિઓ સર્વાંગી વિકાસ માટે કરવામાં આવે છે.

### ૨. સંમિલિત પ્રાથમિક શાળા

આ બેનમૂન શાળા ભારતની એકમાત્ર શાળા છે જ્યાં દૃષ્ટિક્ષતિ, શ્રવણમંદ, માનસિક ક્ષતિ, અસ્થિવિષયક વિકલાંગ સાથે બિનવિકલાંગ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિશિષ્ટ તાલીમબધ્ધ શિક્ષકોની મદદથી અહીં પ્રાથમિક, વિશિષ્ટ તથા જીવનનું શિક્ષણ સંમિલિત વાતાવરણમાં આપવામાં આવે છે. પ્રાથમિક શાળામાં ચાર ચેલેન્જ કેટેગરી ઉપરાંત સર્વાંગ સંપન્ન મળી ૨૨૫ બાળકો ૧ થી ૮ ધોરણ સુધીનો અભ્યાસ કરે છે.

### ૩. સંમિલિત માધ્યમિક શાળા

વિજ્ઞાનપ્રયોગ શાળા, કોમ્પ્યુટર લેબ, મલ્ટીમીડિયા તથા એજ્યુસેટ જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ છે. વિશિષ્ટ શિક્ષકોની સહાયથી અમે વિકલાંગ તથા બિનવિકલાંગ વિદ્યાર્થીઓને સંમિલિત અને અવરોધમુક્ત વાતાવરણમાં શિક્ષણ આપીએ છીએ. ૧૪૬ જેટલાં વિદ્યાર્થીઓએ આ શાળાનો લાભ લીધો છે.

### ૪. ઇન્કપ્રિન્ટ/બ્રેઇલ/મલ્ટીમીડિયા લાઇબ્રેરી

આ પુસ્તકાલયની સ્થાપના દૃષ્ટિક્ષતિ અને અન્ય લોકોને વાંચન સામગ્રી અનુકુળ માધ્યમમાં ઉપલબ્ધ કરાવવાના હેતુથી ૧૯૮૧માં કરવામાં આવી છે. તેમાં જુદા જુદા વિષયનાં ઈન્કપ્રિન્ટ, બ્રેઈલ ઓડીયો વિડિયો કેસેટ અને સીડી/ડીવીડીનો મોટો સંગ્રહ છે. ૩૦૦૦ ઈન્કપ્રિન્ટ પુસ્તકો, ૫૪૦ બ્રેઈલ પુસ્તકો, ૧૫૦૦ ઓડિયો વિડિયો કેસેટ અને સીડી/ડીવીડી છે. આ લાઈબ્રેરીમાં ૨૦ સામયિકો તથા ૫ દૈનિકપત્રો આવે છે અને ૧૯૦ સભ્યો આ સુવિધાનો લાભ લે છે.

*જિંદગી પોતાના દમ પર જ જીતી શકાય છે. બીજાના ખભા વડે તો અર્થી ઉપાડવામાં આવે છે. - શહીદ ભગતસિંહ*

**૫. બ્રેઇલ પ્રેસ**

દૃષ્ટિ ક્ષતિ ધરાવતાં વ્યક્તિઓને માહિતીમાં સભર કરવાના તથા તેમના માટે વાંચન સામગ્રી ઉપલબ્ધ કરાવવાના હેતુથી આ એકમમાં કુશળ ઓપરેટરોની મદદતી પાઠ્યપુસ્તકો, સામયિકો, વાર્ષિક અહેવાલ તથા ઇત્તર વાંચન સામગ્રી ઇન્ક્રપ્રિન્ટમાંથી બ્રેઇલમાં રૂપાંતરિત કરવામાં આવે છે. દર વર્ષે બ્રેઇલ પુસ્તકો વિદ્યાર્થીઓ તથા સંસ્થાઓને પહોંચાડવામાં આવે છે.

**૬. ઓડિયો રેકોર્ડિંગ એકમ**

આ એકમ પ્રાથમિક શાળા, કોલેજ તથા અન્ય અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાંચન જરૂરિયાત ઓડિયોમાં કેસેટ અને સીડી/ડીવીડી રૂપે સામગ્રી તૈયાર કરીને પૂર્ણ કરે છે. આ એકમ જુદા-જુદા વિષયોને આવરી લઇને પાઠ્યપુસ્તકો, નોવેલ, ટૂંકીવાર્તાઓ, કવિતાઓ તથા અન્ય વિષયોની બહોળા પ્રમાણમાં ઓડિયો સીડી તૈયાર કરી પોતાની તથા અન્ય સંસ્થાઓની જરૂરિયાત સંતોષે છે.

**૭. પ્રદર્શન ખંડ**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિમાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવવા અને તેના દ્વારા બનાવવામાં આવેલ ચીજવસ્તુઓ પ્રદર્શન અર્થે આ હોલમાં મુકવામાં આવે છે અને જો વેચાણ થાય તો મટીરિયલના નાણા બાદ કરી બાકીની રકમ બનાવનાર વિદ્યાર્થીને ચુકવવામાં આવે છે.

**૮. ફિઝિયોથેરાપી સેન્ટર**

કાયમી તથા અસ્થાયી વિકલાંગતાની તીવ્રતા ઘટાડવા તથા વિકલાંગતા આવતી જ અટકાવવાના બેવડા હેતુથી વર્ષ ૨૦૦૩થી શરૂ કરેલ આ એકમનો લાભ સંકુલના બાળકોની સાથે સાથે ગ્રામજનો પણ લઇ રહ્યા છે. અનુભવી અને તાલીમબધ્ધ ફિઝિયોથેરાપિસ્ટની દેખરેખ હેઠળ દરરોજ ૩૦ જેટલી વ્યક્તિઓને વિવિધ સારવાર તેમજ ૧૦ જેટલા સીપી બાળકોને સારવાર તેમજ કસરત ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**૯. વિકલાંગો માટે માધ્યમિક તબક્કાનું સંમિલિત શિક્ષણ (આઇ.ઇ.ડી.એસ.એસ.) :-**

આ એક સરકારની યોજના છે જેમાં સંસ્થા અમલીકરણ કરનાર એજન્સી છે. સંમિલિત વાતાવરણમાં વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓનું માધ્યમિક શિક્ષણ (ધોરણ ૯ થી ૧૨) પૂર્ણ કરવાની તક પૂરી પાડવી તથા વિકલાંગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતોને અનુરૂપ સામાન્ય શાળાના શિક્ષકોને તાલીમ આપવામાં સહાય કરવી એ આ યોજનાના મુખ્ય હેતુ છે. અત્યાર સુધી આ યોજના હેઠળ ૨૧૦ વિકલાંગ વિદ્યાર્થીઓને સમાવવામાં આવ્યા છે.

## વિકલાંગ કન્યાકુંજ

*સંપૂર્ણ વિસ્તાર : ૮૮૦૨૫ ચો. મીટર*

*બાંધકામ વિસ્તાર : ૩૫૧૦૦ ચો. ફુટ*

- સુવિધાઓ : કન્યાઓ માટેનું છાત્રાલય, પ્રાથમિક શાળા, પ્રાર્થના હોલ, સ્ટાફ ક્વાર્ટસ
- વિકલાંગતા ધરાવતી કન્યાઓ માટે તૈયાર કરેલ અમારું આ સંકુલ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ, સંપૂર્ણ અવરોધમુક્ત તથા સંપૂર્ણ સુરક્ષિત છે.

**૧. કન્યા છાત્રાલય**

૯૦ કન્યાઓની ક્ષમતા ધરાવતું કન્યા છાત્રાલય અંતરિયાળ વિસ્તારમાં રહેતી કન્યાઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે વર્ષ ૧૯૯૫માં શરૂ કરવામાં આવ્યું હતું. રહેવા જમવાની વિનામૂલ્યે સુવિધા આપતું ૧૬૦ કન્યાઓને સમાવી શકવાની ક્ષમતા ધરાવતા નવા સંકુલમાં વર્ષ ૨૦૦૮થી આ છાત્રાલયને ખસેડવામાં આવ્યું છે.

પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક તથા વ્યવસાયિક અભ્યાસ તથા પુનવર્સન કરવા ઇચ્છતી કન્યાઓ આ છાત્રાલયનો લાભ લે છે. ૩૨૦ કન્યાઓએ અત્યાર સુધી આ છાત્રાલયનો લાભ લીધો છે. અને હાલમાં ૧૨૫ કન્યાઓ આ છાત્રાલયમાં રહી અભ્યાસ કરે છે.

**૨. સંમિલિત પ્રા. કન્યાશાળા**

સહ-શિક્ષણની વિદ્યાવિહાર શાળાની અદ્‌ભુત સફળતા બાદ ફક્ત કન્યાઓ માટેની સંમિલિત પ્રાથમિક કન્યા શાળા નવા સંકુલમાં શરૂ કરવામાં આવી છે. ઔપચારિક શિક્ષણ ઉપરાંત કોમ્પ્યુટર, હસ્તકલા, ગૃહ વિજ્ઞાન, સંગીત અને શિવણકામ જેવા કૌશલ્યો પણ અહીં શીખવવામાં આવે છે. હાલે ૧૨૦ કન્યાઓ લાભ લઇ રહી છે.

## વિકલાંગ પુનર્વસન કેન્દ્ર અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર

*સંપૂર્ણ વિસ્તાર : ૧૧૦૦ ચો. મીટર*

*બાંધકામ વિસ્તાર : ૧૦૦૦ ચો. મીટર*

**સુવિધાઓ** : વિકલાંગ પુનર્વસન કેન્દ્ર, ફિઝિયોથેરાપી સેન્ટર, ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર, વેચાણ કેન્દ્ર, હાફ વે હોમ, હોસ્ટેલ વિકલાંગજનોને શિક્ષણની સાથે વ્યવસાયિક તાલીમ તથા અન્ય કૌશલ્યો શીખવી રોજગારની તક પૂરી પાડી શકાય તે માટે વિકલાંગ પુનર્વસન કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

**૧. ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર**

આ કેન્દ્રમાં કટીંગ અને ટેલરીંગ તથા કોમ્પ્યુટર ઓપરેટર જેવા ટ્રેડ ચલાવવામાં આવે છે. અહીં દર વર્ષે ૨૪ તાલીમાર્થીઓને તાલીમ આપવાની ક્ષમતા છે. અત્યાર સુધી ૯૦ વિકલાંગ તાલીમાર્થીઓને સફળતાપૂર્વક તાલીમ આપવામાં આવી છે જેમાંના મોટાભાગના લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે. હાલમાં ૧૬ તાલીમાર્થીઓ તાલીમ લે છે.

**૨. વિકલાંગ પુનર્વસન કેન્દ્ર**

વિકલાંગ પુનર્વસન કેન્દ્રને તાલીમી વિકલાંગોને રોજગારીની તક પૂરી પાડવાના હેતુથી શરૂ કરવામાં આવ્યું છે. અત્યારે ૭ જેટલા

*આપણે કોઇને એક પથ્થર મારીએ, તો બે આપણી સામે પણ આવે.*

વિકલાંગો સીવણ કામ દ્વારા શાળા તથા ફેક્ટરીઓના યુનિફોર્મ તૈયાર કરી રોજગારી મેળવે છે.

### ૩. વેચાણ કેન્દ્ર

વિકલાંગો દ્વારા તૈયાર કરવામાં આવેલ હસ્તકલાનાં નમૂના તથા સિવાયેલા કપડાનાં વેચાણ કરવાનાં હેતુથી આ વેચાણ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. કેન્દ્ર સતત નવા બજારોની શોધ કરી આ કારીગરો દ્વારા તૈયાર કરેલ વસ્તુઓનું વેચાણ કરવામાં મદદ કરે છે.

### ૪. ફિઝિયોથેરાપી સેન્ટર

આ કેન્દ્ર છાત્રાલયની કન્યાઓને તથા આસપાસના ગ્રામજનોને ફિઝિયોથેરાપી તથા સંલગ્ન સેવાઓ પૂરી પાડે છે. આ કેન્દ્ર નિષ્ણાંત ફિઝિયોથેરાપિસ્ટનાં માર્ગદર્શન હેઠળ કાર્યરત છે જે તમામ સુવિધાઓથી સજ્જ છે. રોજનાં સરેરાશ ૩૦ જેટલાં દર્દીઓ આ ફિઝિયોથેરાપી સેન્ટરનો લાભ લે છે.

### ૫. હાફ વે હોમ :-

યોગ્ય રીતે સારવાર પામેલા માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિઓના માનસિક, સામાજિક તથા વ્યવસાયિક પુનર્વસન માટે 'હાફ વે હોમ' શરૂ કર્યું છે. તાલીમબધ્ધ કર્મચારીઓની દેખરેખ નીચે અહીં તમામ પ્રકારની સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. માનસિક રીતે બીમાર ૧૧ વ્યક્તિઓને પુનઃ સ્થાપન હેતુ તાલીમ તેમજ કાર્યનુવિત કરવામાં આવે છે.

## નવચેતન અંધજન મંડળ ભચાઉ શાખા

*કુલ વિસ્તાર : ૫૬૦૦ ચો. મીટર,*

*બાંધકામ વિસ્તાર : ૩૦૦૦ ચો. મીટર*

**સુવિધાઓ** : વૃધ્ધાશ્રમ, વર્કશોપ, હોસ્ટેલ, ઓફિસ, સ્ટાફ ક્વાટર્સ

### ૧. પ્રજ્ઞાચક્ષુ / સામાન્ય વૃધ્ધાશ્રમ

આ વૃધ્ધાશ્રમ શરૂઆતમાં ફક્ત દૃષ્ટિહીન વૃધ્ધજનો માટે શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બિનવિકલાંગ વૃધ્ધો માટે પણ શરૂ કરવામાં આવ્યો. આ બંને વૃધ્ધોશ્રમો શરૂ કરવાનો અમારો ઉદ્દેશ તેમની સાર સંભાળ લેવાનો, સામાજિક રીતે ઉપેક્ષિત વૃધ્ધજનોને આશ્રય આપવાનો તથા તેમનાં જીવનનાં છેલ્લા વર્ષો શાંતિમય, તંદુરસ્તીપૂર્વક તથા આત્મસન્માનથી જીવે તેવો છે. અહીં રહેવા જમવાની સુવિધા, સ્વાસ્થ્ય તથા ધાર્મિક/સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા અમે ઘર જેવું અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો પ્રયત્ન કરીએ છીએ. અત્યાર સુધી ૩૨૨ લાભાર્થીઓએ લાભ લીધેલ. હાલે પ્રજ્ઞાચક્ષુ વૃધ્ધાશ્રમમાં ૭૩ જ્યારે સામાન્ય વૃધ્ધાશ્રમમાં ૬૯ વૃધ્ધો નિવાસ કરે છે.

### ૨. ગૃહઉધોગ

૧૮ થી ૩૫ વર્ષનાં વિકલાંગ વ્યક્તિઓને, તેઓ પોતાનો વ્યવસાય કરી શકે તે માટે તાલીમ અને પુનર્વસન પૂરું પાડવાનો આ કેન્દ્રનો હેતુ છે. કેન્દ્ર મીઠાઇ બોક્ષ, જુદા જુદા પ્રકારની ફાઇલો તૈયાર કરે છે. કેન્દ્રમાં ઑફસેટ તથા સ્ક્રીન પ્રિન્ટિંગ, બુક-બાઇન્ડીંગ, નેતરકામ જેવી સુવિધાઓ છે. ૧૫ કારીગરો અહીં કાર્ય કરે છે.


### શ્રી નવચેતન અંધજન મંડળના ટ્રસ્ટીશ્રીઓ

| ક્રમ | નામ | હોદ્દો | વ્યવસાય | સરનામું |
|---|---|---|---|---|
| ૧. | શ્રી ચાંપશીભાઇ ડી. નંદુ | પ્રમુખશ્રી | વેપાર | દાદર-મુંબઇ |
| ૨. | શ્રી અર્જુનભાઇ કે. વેકરિયા | ઉપ-પ્રમુખશ્રી | કન્સ્ટ્રક્શન | લંડન |
| ૩. | શ્રી હીરાલાલ આર. ચાવડા | ઉપ-પ્રમુખશ્રી | વેપાર | આદિપુર |
| ૪. | શ્રી લાલજીભાઇ એમ. પ્રજાપતિ | મહામંત્રી | સામાજિક કાર્યકર | માધાપર |
| ૫. | શ્રી શિવલાલભાઇ જી. પટેલ | મંત્રીશ્રી | નોકરી | ભચાઉ |
| ૬. | શ્રી વેલજીભાઇ એચ. નીસર | સહમંત્રીશ્રી | વેપાર | મુંબઇ |
| ૭. | શ્રી જીણાભાઇ જી. દબાસીયા | સહમંત્રીશ્રી | કન્સ્ટ્રક્શન | માધાપર |
| ૮. | શ્રી કરશનભાઇ એચ. વરસાણી | ખજાનચી | નિવૃત્ત | માધાપર |
| ૯. | શ્રી દામજીભાઇ એલ. શાહ (એન્કરવાલા) | ટ્રસ્ટી | વેપાર | મુંબઇ |
| ૧૦. | શ્રી નેણશીભાઇ એલ. ગાલા | ટ્રસ્ટી | વેપાર | મુંબઇ |
| ૧૧. | શ્રી હિમાંશુભાઇ સોમપુરા | આસિ. સેક્રેટરી | સામાજિક કાર્યકર | માધાપર |
| ૧૨. | શ્રી રમેશભાઇ સથવારા | આસિ. સેક્રેટરી | સામાજિક કાર્યકર | ભચાઉ |



સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર

cps **કમર્શિયલ પેકીંગ સર્વિસીસ**

સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ

53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

# શેઠ ગોકલદાસ ખીમજી અને મથરાદાસ ખીમજી મસ્કતવાલા ચેરિટેબલ ટ્રસ્ટ

● ભરત આર. વેદ ●
મેનેજરશ્રી - માંડવી

**શ્રી ભરત આર. વેદ**
મેનેજરશ્રી,
શેઠ ગોકલદાસ ખીમજી અને
મથરાદાસ ખીમજી મસ્કતવાલા ચેરિટેબલ ટ્રસ્ટ
માંડવી, કચ્છ.

કચ્છની બંદરીય નગરી માંડવીના બહુરત્ન પરિવારમાંના એક વંદનીય સદ્‌ગત શેઠ ખીમજી રામદાસ, ગોકલદાસભા, મથરાદાસભા અને સમગ્ર પરિવારજનોના કાર્યો આજે સમગ્ર માનવ સમુદાય માટે "જીવંત દંતકથા" સમાન બની રહ્યા છે કારણ કે "સમાજમાંથી પ્રાપ્ત કરેલું સમાજમાંજ અર્પણ કરવું" એ ફીલોસોફીએ આજે આ પરિવારના કાર્યોની સફરને પાંચમી પેઢીએ પણ અવિરતપણે ચાલુ રાખી પોતાના વતન પ્રત્યેની લાગણીને જીવંત રાખી છે.

ઑમાન સ્થિત 'શેઠ ખીમજી રામદાસ કંપની'એ આજે વિશ્વ કક્ષાએ વ્યાપાર ક્ષેત્રે અત્યંત જાણીતું નામ છે. કચ્છ-માંડવીના આ સામાન્ય પરિવારે ૧૮૭૦માં જ્યારે ઑમાનને પોતાની કર્મભૂમિ બનાવી ત્યારે કચ્છની જેમ ઑમાન પણ એક અવિકસિત પ્રદેશ હતો. સમયના વહેણ સાથે, વિકસતા જતા વ્યાપાર અને સમૃદ્ધિએ આ પરિવારને બન્ને પ્રદેશો માટે એક સરખો પ્રેમ અને લાગણી અનુભવવાની તક આપી જેમાં ઑમાનમાં ઉદય પામતા પ્રતિભાશાળી વ્યાપાર ગૃહની સાથે, માદરે વતન ભારત સાથેના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક બાબતો માટે પણ અગ્રણી બની રહેવાની પુણ્ય તક આ પરિવારને સાંપડી.

શૂન્યમાંથી સર્જન કરનાર ખીમજી રામદાસ પેઢી આજે અનેક મલ્ટીનેશનલ કંપનીઓ માટે દીવાદાંડી સમાન છે. આજે ઑમાનના સુલતાનરી કાબુલ-બીન-સૈયદ દ્વારા ભારતીય શેખનું અત્યંત ગૌરવપૂર્ણ બિરૂદ આ પરિવારના માનનીય શેઠ શ્રી કનકસિંહ શેઠને આપવામાં આવ્યું છે જે પદ પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ ભારતીય છે અને ઑમાન અને ભારતના સાંસ્કૃતિક, વ્યાપારી અને સામાજિક ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ કડી બની રહ્યા છે.

વ્યાપારિક હેતુ સહ અનેક દેશોમાં પરિભ્રમણ કરતાં વંદનીય શેઠ ગોકલદાસભાની દીર્ઘદૃષ્ટિએ જોયું કે પોતાના માદરે વતનની સરખામણીએ અન્ય જગ્યાએ સ્ત્રીઓ વધુ શિક્ષિત, વધુ સંસ્કારી અને વિકસિત જોવા મળી અને કુશાગ્ર બુદ્ધિવાળા પૂ. ગોકલદાસભાએ માંડવી ખાતે ભાટિયા મિત્ર મંડળની સુવર્ણ જયંતીના પ્રસંગે પોતાના મનમાં રહેલ વિચારબીજને જન્મ આપ્યો. શુભ ઘડીએ જન્મ થયો "શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયનો" જેણે આજે પોતાના યશસ્વી ૬૨મા વર્ષે સાબિત કર્યું છે કે "શિક્ષણ જ સમાજમાં પરિવર્તન લાવી શકે છે."

"સંસ્કૃતના સ્ત્રી પરાશક્તિ"ના ઉચ્ચ લક્ષ્ય સાથે માત્ર ૮૦ બાળાઓથી વર્ષ ૧૯૫૦માં શરૂ થયેલી આ શાળા આજે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સાથે ઉત્તરોત્તર વિકાસ સાધી રહી છે.

વર્ષ ૧૯૭૬માં સમગ્ર ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની તરાહ શરૂ થતાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ જેવા વિષયોના જ્ઞાન માટે અદ્યતન વર્ગખંડો, ઉદ્યોગ ખંડ, પ્રયોગશાળાની સુવિધા ધરાવતી આ શાળા આ પરિવારના માતબર દાન સાથે રાજ્યની અગ્રણી શાળા બની રહી. પરિણામ સ્વરૂપે આ શાળાને વર્ષ ૧૯૮૬માં ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ વિજ્ઞાન શાળાનો ઍવૉર્ડ મળ્યો.

શ્રીમતી ઇંદિરા ગાંધીની પ્રેરણાથી માંડવીની આસપાસના પછાત વિસ્તારોની બાળાઓને પણ શિક્ષણ મળી રહે એ હેતુથી, શેઠ ખીમજી રામદાસ કન્યા છાત્રાલયની શરૂઆત વર્ષ ૧૯૬૩માં થઈ જે આજે લગભગ ૧૫૦ બાળાઓ માટે શિક્ષણ, સંસ્કાર ઘડતરની સાથે ઘરનું હૂંફાળું વાતાવરણ પણ સર્જે છે. આ છાત્રાલયના દ્વિતીય સુવિધાપૂર્ણ યુનિટનું વર્ષ ૨૦૧૦માં ઉદ્‌ઘાટન શ્રીમતી કિરણ બેદીએ કરેલ હતું.

સમાજ પરિવર્તન માટે શિક્ષણ અત્યંત જરૂરી છે એ વાતને કેન્દ્રસ્થાને રાખી પરિવર્તન પામતા સમયની માંગ મુજબ આ પરિવારે એક કદમ આગે વધી "શેઠ ગોકલદાસ ખીમજી અને મથરાદાસ ખીમજી મસ્કતવાલા ચેરિટેબલ ટ્રસ્ટ" ની સ્થાપના કરી પોતાની સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધાર્યો. કન્યાઓ સાથે કુમારોને પણ ઉત્તમ શિક્ષણ મળી રહે એ હેતુથી વર્ષ ૧૯૭૯માં "શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ" દત્તક લઈ શિક્ષણ ક્ષેત્રે માંડવીને વધુ સુવિધા આપી. આજે સુવિધાપૂર્ણ ખંડો, કોમ્પ્યુટર લેબ., ઓડિયો-વિઝીયુઅલ ખંડ અને પરિણામની ઉચ્ચ કક્ષા સાથે આ શાળા જિલ્લાની અગ્રણી શાળામાં ગર્વભેર સ્થાન પામી રહી છે. સદ્‌ગત શેઠ ગોકલદાસભાના અને શેઠ મથરાદાસસભાના દૂરંદેશીપણાએ માંડવી શહેરને એક વધુ નજરાણું આપ્યું – "શ્રી સાકરબાઈ ખીમજી રામદાસ અંગ્રેજી મેમોરિયલ સ્કૂલ." વિશ્વકક્ષાએ અંગ્રેજી ભાષાનું મહત્ત્વ સમજી અને વતનના બાળકો એનાથી વંચિત ન રહે એવા ઉમદા હેતુ સાથે વર્ષ ૧૯૭૮માં શરૂ થયેલી આ શાળા અંગ્રેજી માધ્યમ સાથેના શિક્ષણનું કેન્દ્ર સ્થાન બની રહી છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે કે.જી. - ૧ થી ધો. ૧૨ સુધીની આ શાળાને શિક્ષણ ક્ષેત્રે "ઍજ્યુકોમ સ્માર્ટ ક્લાસ" ની સુવિધા સાથે જોડી આ પરિવારે "ગ્લોબલ શિક્ષણ" સાથે શાળાને જોડવાનો ઉમદા પ્રયાસ કર્યો છે.

"બાળકનો સર્વાંગી વિકાસ" એ જેનો મુખ્ય હેતુ છે એવા આ પરિવાર દ્વારા ત્રણે શાળાઓના તમામ પ્રકારની ભૌતિક સુવિધા જેવી

*શબ્દો કરતાં મૌન વધુ અસરકારક હોય છે.*

કે "કોમ્પ્યુટર લેબ", રમત-ગમતના મેદાન, પ્રયોગશાળા, પ્રાર્થના ખંડ, વર્ગખંડ વગેરેની સુવિધા સાથે "શિક્ષણ સાથે કોઈ બાંધછોડ નહી" એવા દઢ નિર્ધાર સાથે શિક્ષકની નિમણૂક પણ ટ્રસ્ટ દ્વારા કરી, તજજ્ઞો પૂરા પાડવામાં આવે છે.

બાળકનાં સર્વાંગી વિકાસ માટે લલિત કલાઓનું શિક્ષણ પણ જરૂરી છે એ વાતને આ ટ્રસ્ટે સાર્થક કરી "શ્રી ગોકુલ રંગભવન" નાં નિર્માણ દ્વારા. જ્યાં ભગવાન નટરાજનાં આશિષ સાથે અનેક મનોરમ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યાખ્યાન માળાઓ, વિશિષ્ટ ઉજવણીઓ, નાટકો વગેરે યોજાય છે તેમજ માંડવી શહેરની વિવિધ શાળાઓ અને સામાજિક સંસ્થાઓનાં વર્ષભરનાં ઉપયોગથી આ રંગભવન પોતાનું આગવું વાતાવરણ સર્જી શક્યું છે. વર્ષ ૧૯૮૬માં રંગભવન સાચા અર્થમાં માંડવીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહ્યું છે.

શેઠ ખીમજી રામદાસ પરિવાર અને ટ્રસ્ટ દ્વારા મળતી હૂંફથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ અભ્યાસની સાથે સાથે રમતગમત, સાંસ્કૃતિક બાબત, સંશોધન ક્ષેત્ર વગેરેમાં આકાશની ઊંચાઈ પ્રાપ્ત કરી છે જે એમની વિવિધ ક્ષેત્રની પ્રગતિ અને ઍવૉર્ડો પર વિહંગાવલોકન કરતા નજરે પડે છે. 'ઉમદા હેતુ સાથે શરૂ થયેલું કાર્ય ઉમદા પરિણામ લાવે છે' જે અહીં સાર્થક થાય છે.

શિક્ષણને કેન્દ્ર સ્થાને રાખી આ પરિવાર અને ટ્રસ્ટનું સેવાફલક સદાય વિસ્તરતું જ રહ્યું છે. સેવાના અનેક ક્ષેત્રે આફતનાં સમયે મદદરૂપ બનવામાં આ ટ્રસ્ટે કદી પાછીપાની કરી નથી. વર્ષ ૨૦૧૨, ઓગસ્ટ માસમાં વરસાદ ખેંચાતા સમગ્ર કચ્છ અછતગ્રસ્ત બની ગયું ત્યારે દિન-બ-દિન મૂંગા પશુઓની હાલત અત્યંત કથળવા લાગી. સમગ્ર કચ્છમાં ઘાસચારાની તીવ્ર તંગીને ધ્યાનમાં લઈ કચ્છ બહારથી પણ ઘાસચારો લાવી આ ટ્રસ્ટે મરતાં પશુઓની વહારે આવવાનું કામ કર્યું.

આખા માંડવી તાલુકાના કુલ્લે ૯૨ જેટલા ગામડાંઓને આવરી લેવાયા જ્યાં લગભગ ૬૫૮૪૦ જેટલા ચોપા તથા અન્ય પશુઓની સંખ્યા હતી. કચ્છ બહારથી ૭૮૧ ટન જેટલો ઘાસચારો પશુઓને વ્યવસ્થિત મળી રહે તેવી વ્યવસ્થા આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી જેમાં રૂા. ૨૯,૦૩,૫૦૫/- જેવી માતબર રકમ ખર્ચ કરવામાં આવી અને સમયસર મરતા ઢોરોને જીવતદાન આપવામાં આવ્યું.

વર્ષ ૨૦૧૨, સપ્ટેમ્બરમાં વરસાદ થતાં પરિસ્થિતિ થોડી થાળે પડતા, ઘાસચારાની આ વિતરણ વ્યવસ્થા બંધ કરવામાં આવી.

- **ટૂંકસાર :**

સંસ્થા દ્વારા ચલાવાતા સંસ્થાનો નીચે મુજબના છે.

(૧) શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય
(૨) શેઠ ખીમજી રામદાસ કન્યા છાત્રાલય
(૩) શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલ
(૪) શ્રી સાકરબાઈ ખીમજી રામદાસ અંગ્રેજી મેમોરિયલ સ્કૂલ
(૫) શ્રી ગોકુલ રંગભવન ■

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*

*M/s. J. D. Logistics*

*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**

**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

**E-mail : jdtcompany@gmail.com**

# શ્રી સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલ - પાલાગલી

## નવ સર્જનની પ્રક્રિયામાં

• પન્નાલાલ છેડા (મો. ૦૯૮૨૦૨ ૮૪૦૪૪) •
અધ્યક્ષશ્રી, શ્રી સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલ - પાલાગલી

**શ્રી સી.વી.ઓ.ડી. જૈન હાઈસ્કૂલ - પાલાગલી**
૮૪, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : (૦૨૨) ૨૩૪૩૫૪૮૮, ૨૩૪૭૧૨૦૧
E-mail : cvojain@yahoo.com

શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજન ઉપક્રમિત ૧૦૮ વર્ષ જૂની ઉપરોક્ત હાઈસ્કૂલ ક.વી.ઓ. સમાજની સહુથી જૂની અને અગ્રગણ્ય શાળા રહી છે. આ શાળામાં અનેક કચ્છી મોવડીઓએ શિક્ષણ મેળવી દેશપરદેશમાં તેમની કારકિર્દીને શિખરે પહોંચાડી છે. કચ્છી સમાજની કોઈ એવી સંસ્થા કે ગામ નહિ હોય જેના પદાધિકાર પર પાલાગલી શાળામાં શિક્ષણ મેળવેલ વિદ્યાર્થી ન હોય.

આ શાળામાં ભણી ગયેલાં કેટલાંક અગ્રણીઓના નામ મારી સ્મૃતિમાં છે; સર્વશ્રી ખીમજી માડણ ભુજપુરિયા, શ્રી જીવરાજ ભાણજી શાહ, શ્રી પોપટલાલ ભારમલ શાહ (દેરાવાસી મહાજનના પ્રમુખ), શ્રી અમરચંદભાઈ રામજી ગાલા (નવનીત), ડૉ. કુંવરજી રાયશી શાહ, શ્રી હેમરાજ પાંચારિયા શાહ (તલવાણા), પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, શ્રી ધનજી લખમશી સાવલા (હૈદ્રાબાદ), શ્રી મૂલચંદ લખમશી ચાવલા, (મે.ટ્ર. દેરાવાસી મહાજન) શ્રી રશ્મિ મયૂર (પર્યાવરણના આંતરરાષ્ટ્રીય વક્તા), શ્રી પ્રવીણભાઈ વિસરીયા (દસમા આયોજન પંચના સભ્ય - મુંબઈ અને ગુજરાત યુનિ. સાથે જોડાયેલા), શ્રી દામજી લાલજી શાહ - શ્રી જાદવજી લાલજી શાહ (એન્કર બંધુઓ), શ્રી વિનય છેડા (બિદડા હોસ્પીટલ), શ્રી લીલાધરભાઈ ગડા (અધા), ડૉ. મૂરજી ગડા, શ્રી કે.પી. ગાલા (ઍડવોકેટ), શ્રી લેક્ષ કેનિયા, ડૉ. ઉદય ગડા, શ્રી ચાંપશીભાઈ નંદુ (બેન્ઝર), શ્રી હીરજી નાનજી કેનિયા (સ્થા. મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ), શ્રી હેમચંદ ગડા, શ્રી કલ્યાણજી કે. શાહ, શ્રી ટોકરશી યુ. સાવલા, શ્રી તલકશી વશનજી ગોસર (ગોધરા), શ્રી નીલેશ ગાલા, આ લેખના લેખક શ્રી પન્નાલાલ છેડા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી તથા 'મંગલ મંદિર'ના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હંસરાજ ચંદેરિયા, તાજેતરમાં ૧૦૦ વર્ષની ઉંમરે નિધન પામેલા શ્રી વશનજીભાઈ મેવાવાલા (તલવાણા), શ્રી ઉમરશી ખીંયશી પોલડિયા, શ્રી સુરેન્દ્રભાઈ છેડા તેમજ અનેક દિવંગત અને હયાત સાધુ-સાધવીજી ભગવંતો, શક્યતઃ આઈ.ટી ક્ષેત્રના માંધાતા અઝીમ પ્રેમજીના પિતાશ્રી હાસમભાઈ પ્રેમજી ઉપરાંત ઘોઘારી જૈન સમાજના અનેક અગ્રણીઓ આ શાળાના વિદ્યાર્થીઓ રહ્યા છે.

ભાતબજાર, ચીંચબંદર, મસ્જિદ બંદર વગેરે માંડવી વિસ્તારના વ્યાપારો નવી મુંબઈ ખાતે ખસેડાઈ જતાં ક.વી.ઓ. જ્ઞાતિની તેમજ અન્ય કચ્છી જ્ઞાતિઓની વસતી અહીં ઘટતી ગઈ. શાળાઓમાં ગુજરાતી માધ્યમનું ચલણ ઘટતું ગયું. સમાજના નબળા સબળા તમામ વર્ગે પોતાનું બાળક અંગ્રેજીમાં ભણે તો એની કારકિર્દી ઊંચી બને એ દૃષ્ટિએ અંગ્રેજી માધ્યમની શાળામાં ભણવા મોકલવાનું શરૂ કર્યું. સમગ્ર વલણની અસર ક.વી.ઓ. દેરાવાસી હાઈસ્કૂલ પર પડી. ધીરે ધીરે શાળામાં ભણતાં બાળકો ઘટતાં ગયાં અને આખરે શાળા બંધ કરવાની ફરજ પડી.

શ્રી દેરાવાસી મહાજને આ પરિસ્થિતિનો અભ્યાસ કરી શાળાના વ્યવસ્થાપનમાં ફેરફાર કરવાનું નક્કી કર્યું. નવા વિઝનરી ટ્રસ્ટીઓની નિમણૂક કરી. જેના ચેરમેનપદે દેરાવાસી મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પન્નાલાલ ખીમજી છેડા રહ્યા. અન્ય ટ્રસ્ટીઓમાં શ્રી લલિતભાઈ હરિયા, CA શ્રી લક્ષ્મીચંદ નાનજી મારૂ, CA શ્રી મુકેશ ધીરજલાલ દેઢિયા, શ્રી દિલીપ હિતેનચંદ્ર શાહ MBA જેવા ટ્રસ્ટીઓ આવ્યા. પ્રમુખ તરીકે શ્રી લલિત હરિયા, ઉપપ્રમુખ તરીકે શ્રી કાનજીભાઈ ખીમસરિયા બી.કોમ., એલએલ.બી.; માનદ્ મંત્રીઓ તરીકે શ્રી કપૂરચંદ મેઘજી ગાલા (દેવપુર), CA રાજેન તલકશી ગાલા અને શ્રી પ્રવીણચંદ્ર ઠાકરશી દેઢિયા (ગઢશીશા) રહ્યાં. શાળાની નવી પ્રવૃત્તિઓ માટે સમાજમાંથી ત્રણ અગ્રગણ્ય સલાહકારો સર્વશ્રી લેક્ષ જૈન, લેક્ષ કેનિયા અને ડૉ. ઇલાબહેન દેઢિયાએ પ્રગતિના સોપાનો સર કરવા ખૂબ જહેમત લીધી.

કેળવણીની જુદી જુદી શાખાઓ - પ્રશાખાઓને શાળામાં પ્રારંભ કર્યા પછી અનેક પ્રયોગોને અંતે લાંબા ગાળા પછી પુસ્તક પ્રકાશન ક્ષેત્રે કાર્યરત ભારતના વિશાળ કોર્પોરેટ ક્ષેત્રના નવનીત પબ્લિકેશન્સ ઉદ્‌ઘોષિત કેળવણી માટેની ભારતની સહુથી મોટી શૃંખલા "K12 ટેકનો સર્વિસીઝ પ્રા.લિ." નામની દક્ષિણ ભારતની શૈક્ષણિક સંસ્થા સાથે હાથ મેળવ્યા. આ સંસ્થા દક્ષિણ ભારતમાં લગભગ એકસો જેટલી શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરે છે જેમાં ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ભણી રહ્યાં છે.

આંતરરાષ્ટ્રીય અભિગમથી ભારતીય મૂલ્યોનું શિક્ષણ આપવાનો શાળાએ નિર્ધાર કર્યો. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક વિચારસરણી અને શિક્ષણ પ્રત્યેનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન કરી નવા દૃષ્ટિકોણનું સર્જન કરતી ORCHIDS THE INTERNATIONAL SCHOOL નામથી નવી શાળાનું પગરણ થયું.

આ લખાય છે ત્યારે નવસર્જન પામતી આ શાળામાં ICSE અને IGCSE બોર્ડનું શિક્ષણ ચાલુ કરી પ્રતિભાશાળી બાળકોનું સર્જન કરવા પ્રિ-પ્રાઈમરીથી પાંચમાં ધોરણ સુધીનું ઍડમિશન ચાલુ કરવામાં આવ્યું છે. જેને દક્ષિણ અને મધ્ય મુંબઈ તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે.

આશા છે કે જૂન-૨૦૧૩થી આ શાળા શરૂ થશે ત્યારે કચ્છી સમાજમાં આ બન્ને બોર્ડની પ્રથમ શાળા શરૂ કરનાર સમાજની એક ઉત્કૃષ્ટ સંસ્થા બની રહેશે. ■

કચ્છના રણમાં મીઠી વીરડી સમાન, ગ્રામ્ય વિસ્તારમાં સ્થપાયેલ

# બી.એમ.સી.બી. પબ્લિક સ્કૂલ - લાખોંદ, તા. ભુજ

• મહેન્દ્ર મોરબિયા •
ફાઉન્ડર ટ્રસ્ટી - બી.એમ.સી.બી. ચેરિટેબલ ટ્રસ્ટ

**બી.એમ.સી.બી. પબ્લિક સ્કૂલ**
ભુજ - દૂધઈ હાઈવે રોડ,
પોસ્ટ : લાખોંદ, તા. ભુજ, કચ્છ.

બીએમસીબી ચેરિ. ટ્રસ્ટ કચ્છ - ગુજરાતનું જાણીતું ટ્રસ્ટ છે. સામાજિક ઉત્થાન જેવા કે શૈક્ષણિક, મેડિકલ, સાંસ્કૃતિક ક્ષેત્રે કાર્ય કરવા અર્થે શરૂ થયેલા આ ટ્રસ્ટે કચ્છમાં આવેલા ભીષણ ભૂકંપ વખતે લોકોને સામાજિક-આર્થિક મદદ કરી તે ઉડીને આંખે વળગે તેવી હતી. આ સમયે થયેલા નુકસાન અંતર્ગત સમાજને ભુજની આજુબાજુના વિસ્તારમાં એક સારી શાળાની જરૂર હતી. જે સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સારું શિક્ષણ ધરાવતી હોય. ટ્રસ્ટના ફાઉન્ડર ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાએ આ ઉદ્દેશ્યને લક્ષમાં રાખીને ભુજથી આશરે ૧૨ કિ.મી.ના અંતરે આવેલા લાખોંદ ગામે ભુજ-દૂધઈ હાઈવે રોડ ઉપર પસંદગી ઉતારી અને જૂન ૨૦૦૪ માં સિટી સ્કવેર ટાઉનશીપમાં શરૂ થઈ બીએમસીબી પબ્લિક સ્કૂલ, જે માટે રૂ. ૩ કરોડનું ડોનેશન BMCB ગ્રુપ દ્વારા આપવામાં આવ્યું.

૩ એકરની વિશાળ જગ્યામાં આવેલી અને તેવું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી ધરાવતી રમણિય પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે ધબકતી આ શાળા છે. આજુબાજુના ૩ કિ.મી.ના એરિયામાં તે વખતે એકપણ શાળા ન હતી અને બીએમસીબી ટ્રસ્ટે આ જરૂરિયાત પૂર્ણ કરી. વ્યાજબી ફી ધરાવતી શાળામાં ધો. ૧ થી ૧૦ ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વર્ગો તથા બાલમંદિર, સોપાન-૧-૨, એલકે, એચકે ના વર્ગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. દરેક વર્ગોમાં આશરે ૩૦ જેટલા વિદ્યાર્થીને જ પ્રવેશ અપાય છે. શાળા પાસે ઉત્કૃષ્ટ શિક્ષણ પૂરું પાડતા યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો છે. જે માત્ર અભ્યાસક્રમ જ નહિ પણ બાળકોના ઘડતરમાં પણ રસ દાખવે છે. ઉપરાંત શાળા પાસે વિશાળ રમતનું મેદાન છે. સ્વિમિંગ પૂલ, આધુનિક સાયન્સ લેબ, કોમ્પ્યુટર લેબ અને વિશાળ પુસ્તકાલય તો ખરું જ. સાથે સાથે આધુનિક ટેકનોલોજી ડિજિટલ ક્લાસરૂમ દ્વારા શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. ભુજ અને આસપાસના ગામડાંઓમાં બાળકોને બસની સુવિધા છે ઉપરાંત શાળામાં ધોરણ ૪ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે બોય્સ હોસ્ટેલની વ્યવસ્થા પણ છે.

**BMCB ટ્રસ્ટનો ઇતિહાસ :**

વર્ષ ૧૯૯૯માં કચ્છના શૈક્ષણિક ઉત્થાન માટેની પ્રવૃત્તિઓ માટે આ ટ્રસ્ટની સ્થાપના થઈ. જેમાં ભુજ મર્કેન્ટાઈલ કો. ઓપ. બેંકના ડાયરેક્ટર્સ શરૂઆતના ટ્રસ્ટીઓ હતા. ધરતીકંપ પછી કચ્છના ગ્રામીણ વિસ્તારમાં કે જ્યાં સ્કૂલના બિલ્ડિંગ ધરાશાયી થઈ ગયાં હતાં તેવા લાખોંદ ગામમાં ભુજ-ભચાઉ હાઈવે પર આ ટ્રસ્ટ દ્વારા પ્રાથમિક અને સેકન્ડરી સ્કૂલની સ્થાપના થઈ અને બાદમાં કચ્છની મેડિકલ સ્ટાફની અછતને નિવારવા માટે નર્સીંગ કોલેજની સ્થાપના થઈ અને ત્યારબાદ નર્સીંગના GNM અને ANM કોર્ષ પણ શરૂ થયા.

**BMCB ટ્રસ્ટના ટ્રસ્ટીઓ :**

(૧) ફાઉન્ડર ટ્રસ્ટી : CA મહેન્દ્ર મોરબિયા
(૨) મેનેજિંગ ટ્રસ્ટી : શ્રી રસીક એમ. વોરા
(૩) ટ્રસ્ટી : શ્રી નીતિન જે સંઘવી
(૪) નર્સીંગ કોલેજ ટ્રસ્ટી : પ્રો. કે.વી. પાટીદાર
(૫) ટ્રસ્ટી : શ્રી ભોગીલાલ એન મહેતા

શાળાના બાળકો અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ આગળ પડતા છે. જેમ કે રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ, નિબંધ કે વક્તૃત્વ સ્પર્ધા, વિજ્ઞાનમેળા, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, સાયન્સ ઓલિમ્પિયાડ, મેથ્સ ઓલિમ્પિયાડ, પ્રખરતા શોધ કસોટી વગેરેમાં અવારનવાર ભાગ લેતા રહે છે અને સફળતા મેળવે છે. ધોરણ ૧૦ નું પરિણામ પણ ખૂબ સારું રહ્યું છે. વિદ્યાર્થીઓ જિલ્લા અને રાજ્ય કક્ષાએ પણ સફળતા મેળવી લાવ્યા છે. ઉપરાંત શાળાએ કચ્છ રણોત્સવ વખતે યોજાતા કચ્છ કાર્નિવલમાં ભાગ લઈને સતત ચાર વખત પ્રથમ નંબર લઈને સફળતાના કીર્તિમાન સર કર્યા છે.

બીએમસીબી પબ્લિક સ્કૂલ, લાખોંદની સફળતા બાદ ટ્રસ્ટે ૨૦૧૦ માં વર્ધમાન વિદ્યાલય, વર્ધમાન નગરની શાળાનો પણ પોતાના ટ્રસ્ટમાં સમાવેશ કર્યો છે. આ શાળામાં પણ બાલમંદિરથી ધોરણ ૧૦ (ગુજરાતી માધ્યમ) ના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં પણ બાળકોને ભણતર સાથે ઘડતર ઉપલબ્ધ થતું રહે છે. સારું શિક્ષણ આપતા ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકો છે. આ વર્ષથી વર્ધમાન વિદ્યાલયને ધોરણ ૧૦ ના બોર્ડની પરીક્ષાર્થે પરીક્ષા કેન્દ્ર પણ ફાળવાયું છે. ૨૮ વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલ શાળાને ૧૫૦૦ વિદ્યાર્થીઓની મંજિલે પહોંચાડવામાં સિંહ ફાળો આપનાર પ્રિન્સિપાલ ગુલશનબેન ત્રિવેદી તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શન હેઠળ બીએમસીબી પબ્લિક સ્કૂલ - લાખોંદ તથા વર્ધમાન વિદ્યાલય, વર્ધમાન નગર બંને શાળાઓ ખૂબ સારી રીતે કામ કરી રહી છે. ■

*વચન પાલનનો દિવ્ય સંતોષ બધાં સુખથી વિશેષ હોય છે.*

# બી.એમ.સી.બી. નર્સિંગ કોલેજ

## કચ્છની એકમાત્ર નર્સિંગ કોલેજ

● મહેન્દ્ર મોરબિયા ●
ફાઉન્ડર ટ્રસ્ટી - બી.એમ.સી.બી. ચેરિટેબલ ટ્રસ્ટ

**બી.એમ.સી.બી. નર્સિંગ કોલેજ**
ભુજ - દૂધઈ હાઈવે રોડ,
પોસ્ટ : લાખોંદ, તા. ભુજ, કચ્છ.

BMCB ચેરીટેબલ ટ્રસ્ટ, એ એક રજિસ્ટર્ડ પબ્લિક ટ્રસ્ટ છે. જેનો મુખ્ય ઉદ્દેશ કચ્છ જેવા વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે વિકાસ કરવાનો છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સર્જાયેલી ભૂકંપ જેવી કુદરતી હોનારતના કારણે બધાના કાળજા કપાઈ ગયા હતા અને ઘણા જીવને બચાવી શકાયા ન હતા. એ પણ મુખ્યત્વે પૂરતી નર્સિંગ સગવડોના અભાવે. કેન્દ્ર સરકારે પણ ભુજ ખાતે એશિયાની સૌથી મોટી તથા સારી સગવડો ધરાવતી હોસ્પિટલ સ્થાપવાનો નિર્ણય કરી આરોગ્ય ક્ષેત્રે વિકાસ કરવાનું પ્રથમ પગલું ભર્યું.

આ ઘાતક ભૂકંપે આપણને ભવિષ્યમાં જનજીવનને બચાવવા માટે વિચારતા કર્યા કારણકે કચ્છનો હજુ સુધી ભૂકંપ ઝોનમાં સમાવેશ થાય છે. તેથી પૂરતી નર્સિંગ સગવડો ઉપલબ્ધ હશે તો આ જાનહાનિ અટકાવી શકાશે. તેથી કુશળ નર્સિસ, જિલ્લા તેમજ રાજ્ય માટે એક બળ સમાન પુરવાર થશે. આ દરમ્યાન મુખ્યમંત્રીએ પણ ભુજ ખાતે G.K. General Hospital સાથે જોડાયેલી મેડિકલ કોલેજ સ્થાપવાની તથા બેડ સંખ્યા ૭૫૦ સુધી વધારવાની જાહેરાત કરી.

ભૂકંપ જેવી કુદરતી હોનારતમાંથી નિરાંતનો શ્વાસ લીધા બાદ લાખોંદ (ભુજથી ૧૨ કિ.મી. દૂર) ખાતે B.M.C.B. ટ્રસ્ટ દ્વારા Nursing College ઈ.સ. ૨૦૦૯માં શરૂ કરવામાં આવી. જેમાં B.Sc. Nursing Course ભણાવવામાં આવે છે. આ કોલેજના સ્થાપનથી સ્થાનિક લોકો ઉપરાંત સ્ટુડન્ટ માટે રોજગારીની તકો ઉભી થશે. ઈ.સ. ૨૦૧૦માં લાખોંદ ખાતે જ Nursing School સ્થાપવામાં આવી જેમાં GMM (Diploma in Nursing) નો કોર્સ ભણાવવામાં આવે છે. ત્યારબાદ ઈ.સ. ૨૦૧૨ માં ANM કોર્સ શરૂ કરવામાં આવ્યો.

આ કોલેજ સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ કુશળ નર્સિસ તૈયાર કરી આરોગ્ય ક્ષેત્રે વિકાસ સાધવાનો છે.

આ કોલેજમાં અત્યાર સુધીમાં B.Sc Nursing, GNM અને ANM માં કુલ ૨૦૦ જેટલા સ્ટુડન્ટ ભણી રહ્યા છે. કોલેજ દ્વારા સ્ટુડન્ટને શૈક્ષણિક તેમજ વ્યક્તિત્વ વિકાસ માટેની સગવડો પૂરી પાડવામાં આવે છે, તેમજ ક્લિનિકલ અનુભવ માટે GK General Hospital તથા બીજી ખાનગી હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. આ કોલેજનું દર વર્ષે લગભગ ૯૦થી ૯૫% પરિણામ આવે છે. હજુ પણ ભવિષ્યમાં પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગ તથા એમ.એસ.સી. નર્સિગ પણ શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે.

આ બધા ઉપરોક્ત કોર્સ દ્વારા કચ્છ જેવા વિસ્તારમાં કુશળ નર્સિસ તૈયાર થશે, તેથી નર્સિંગ ક્ષેત્રે વિકાસ થશે અને રાજયમાં સર્જાયેલી નર્સિસની તંગી દૂર થઈ, ભૂકંપ જેવી હોનારત સામે લડવા માટેનું બળ મળી રહેશે, એમ આ સંસ્થાના સ્થાપક સી.એ. મહેન્દ્ર મોરબિયા અને અન્ય ટ્રસ્ટીઓનો મુખ્ય ઉદ્દેશ છે. ■

## વિદેશી મહિલાએ એક જ મહિનામાં ગુજરાતી ભાષા પર પ્રભુત્વ મેળવ્યું....

'કેમ છો? શું નવા જૂની છે?' નેધરલેન્ડથી પીએચ.ડી. માટે ગુજરાત આવેલી સેન્ડેરિન વેસ્ટાફિને આ શબ્દો બોલતાં જ યુનિવર્સિટીના સેનેટ હોલમાં તાળીઓ પડી. શહેરના કોલેજ સ્ટુડન્ટ્સને હજુ તો શુદ્ધ ગુજરાતી બોલવામાં ફાંફાં પડે છે તે સ્થિતિમાં સેન્ડેરિને માત્ર એક મહિનામાં ગુજરાતી ભાષા પર પકડ મેળવી છે. એટલું જ નહીં, નેધરલેન્ડના ફૂડ કલ્ચરની સાથે સાથે તેણે ખીચડી-કઢી પણ ભાવતાં કર્યા છે. હાલ તે ચરોતરમાંથી વિદેશમાં થતાં માઈગ્રેશન પર પીએચ.ડી. કરે છે. સાથે સાથે તે ગ્લોબલાઈઝેશન પર પણ સંશોધન કરે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે એસ.એલ.યુ. કોલેજના ઉપક્રમે કનેક્ટિંગ ગર્લ્સ ઈન્સ્પાયરીંગ ફ્યુચર્સ પર ઈન્ટરનેશનલ સીમોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નેધરલેન્ડથી આવેલી આ પીએચ.ડી. સ્ટુડન્ટે ગુજરાતીમાં પોતાનું વક્તવ્ય આપ્યું હતું.

સેન્ડેરિન કહે છે કે, "મારે અહીં પીએચ.ડી. કરવું હતું. તેથી ગુજરાતી કલ્ચરમાં પણ મિક્સઅપ થવું પડે. હું ધગશ સાથે માત્ર એક મહિનામાં ગુજરાતી શીખી છું. ચરોતરમાંથી વધારે પડતું યુએસએ, યુકે, કેનેડા સહિતના દેશમાં માઈગ્રેશન થાય છે તે પછી શું ચેન્જ આવ્યો છે તે મારા રિસર્ચનું મુખ્ય ફોક્સ છે.' સેન્ડેરિન વધુમાં કહે છે કે, 'ગુજરાતનાં શહેરોમાં વિદેશ જવા માટેનું એક ઘેલું છે. ગુજરાતમાં હું ઘણું બધું પામી રહી છું. વિદેશમાં એક પ્રકારનું એકાંત છે, સ્થગિત વિકાસ છે, પણ વિવિધતાના નામે મિંડું છે. મને અહીં વિવિધતાઓ દેખાય છે. દરેક જગ્યાએ રંગો છે, ભાષાઓ છે, નવી નવી કળાઓ છે, નવી નવી સુંદર વસ્તુઓ છે, નવી નવી વાનગીઓ છે.' ગુજરાતી ભાષા બોલતી વખતે સેન્ડેરિન કહે છે કે, "ગુજરાતી ભાષા આખા ભારતની ભાષા કરતાં કંઈક અલગ રિધમવાળી છે. આ ભાષામાં મને મારી માતૃભાષાની પણ એક ઝલક જોવા મળે છે." ■

*તમારું દુઃખ કોઈને ખુશી આપી શકે, પણ તમારા હસવાથી કોઈને દુઃખ ન પહોંચવું જોઈએ. - ચાર્લી ચેપ્લિન*

# ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ (આરતી ગ્રુપ)

● લાલ રાંભિયા ●
સામાજિક કાર્યકર

શ્રી ચંદ્રકાંત ગોગરીના વિઝન, માર્ગદર્શન અને પારિવારિક ભંડોળથી સેવારત ધનવલ્લભ ટ્રસ્ટની પ્રવૃત્તિઓની ઝલક.

**ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ (આરતી ગ્રુપ)**
૬૦૧, અંતરિક્ષ ટાવર, મુરાર રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

★

પ્રેરક : માતાપિતાશ્રી ધનવંતીબેન / વલ્લભજી ગોગરી. (નાના ભાડિયા)

ટ્રસ્ટીગણ : સર્વશ્રી ચંદ્રકાંત ગોગરી, રાજેન્દ્ર ગોગરી, લાલ રાંભિયા, મંગલ ગઢવી ઇત્યાદિ.

હેતુ : નાત, જાત, ધર્મ, પ્રાંતના ભેદભાવ વગર છેવાડાના માણસને ઉપયોગી થવું.

બીજમંત્ર : તમે ઇચ્છિત બધું જ પ્રાપ્ત કરી શકશો જો તમે તમારી આસપાસના જરૂરિયાતમંદોને મદદરૂપ બનશો.

★

**પૂછપરછ : લાલ રાંભિયા - ભુજ (કચ્છ)**
E-mail : lalrambhia@gmail.com

### ૧. તુલસી વિદ્યામંદિર :

આજે પણ મોટાભાગના ગ્રામીણ બાળકોનું શિક્ષણ પ્રાથમિક સુધી જ મર્યાદિત રહી જાય એ સંજોગોમાં બદલાવ લાવી દાખલો બેસાડવા માદરે વતન નાના ભાડિયામાં 'તુલસી વિદ્યામંદિર' નામે માધ્યમિક શાળા શરૂ કરી. નાપાસ થયેલા, નબળા, ડ્રોપઆઉટસ્, અન્ય શાળાઓએ નકારેલા તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે એડમિશનની પ્રક્રિયા શરૂ કરી. અને શિક્ષણનું સ્તર એ તબક્કે છે કે દર વર્ષે એસ.એસ.સી. નું પરિણામ ૯૫ ટકાથી વિશેષ આવે છે. ગ્રામીણ વિદ્યાર્થીઓની શિક્ષણ ભૂખ સંતોષવા ઉચ્ચ માધ્યમિક પણ શરૂ કરી જેનું પરિણામ ૯૮/૧૦૦ ટકા! આજે આજુબાજુના ૧૨ ગામના ૩૫૬ કન્યા/કુમારો હોંશપૂર્વક ભણીગણી રહ્યા છે. તેજસ્વી/જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ડિગ્રી/ડિપ્લોમા કોર્ષ માટે શિષ્યવૃત્તિ/સહાય પણ આપવામાં આવે છે. ગત વર્ષથી મોટા ભાડિયામાં કન્યાશાળા શરૂ થઈ તથા આગામી વર્ષે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર શરૂ થશે.

### ૨. મહાવીર કૉલેજ ઑફ નર્સિંગ :

સાબરકાંઠાના વાત્રક આદિવાસી વિસ્તારમાં એક સમયની નામી 'મહારાવશ્રી ફતેહસિંહરાવ ગાયકવાડ હૉસ્પિટલ' ભંડોળના અભાવે મંદ પડી ગઈ હતી. ધનવલ્લભ ટ્રસ્ટે સમયોચિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા ફંડ અને માર્ગદર્શન પૂરું પાડી હૉસ્પિટલને ફરી કાર્યરત તો કરી જ પણ વધારામાં અહીં નર્સિંગ કૉલેજ શરૂ કરી. આજે અનેક આદિવાસી દીકરીઓ ગુજરાતની શ્રેષ્ઠ નર્સિસ બની તબીબી ક્ષેત્રે સ્વમાનભેર યોગદાન આપી રહી છે. આગામી વિસ્તૃતીકરણ રૂપે અહીં કેન્સર ઇન્સ્ટિટ્યૂટ શરૂ કરવાની નેમ છે.

### ૩. મહાવીર હૉસ્પિટલ (બિહાર) :

બિહારના અતિ વંચિત, અંતરિયાળ આલમનગર કે જ્યાં ગરીબોને ઠગ કે ઝોલાછાપ ડૉક્ટરોના ભરોસે મરવાના વાંકે જીવવું પડે છે ત્યાં મહાવીર હૉસ્પિટલ શરૂ કરવામાં આવેલ છે. આજે રોજના ઍવરેજ ૮૫ જેટલા દરિદ્ર નારાયણો લાભ લઈ રહ્યા છે.

### ૪. મણિનગર સંસ્કારધામ :

વાગડ, ભચાઉના મધ્યમાં મોટી ઝુંપડપટ્ટી વસાહત છે. અહીંના કૂમળા બાળકોની સવાર પ્લાસ્ટિક/કચરો વીણી પેટિયું રળવાથી થાય છે. આ વસાહતમાં 'સંસ્કારધામ' પ્રવૃત્ત છે. આવા બાળકોની વાલીની જેમ સારસંભાળ, સંસ્કાર નિરૂપણ અને ભણતરની દિશામાં પાયાનું કામ થઈ રહ્યું છે. આગામી વર્ષમાં ગુજરાત આખાના વિચરતા સમુદાયના છાત્રો માટે હૉસ્ટેલ, હુન્નરશાળા શરૂ કરવાની નેમ છે.

### ૫. સુશીલ બોર્ડિંગ સ્કૂલ, રતનપર :

ખડીર જેવા દુર્ગમ વિસ્તારમાં ગાંધીજીના સપનાને સાકાર કરવા ભેખધારી શ્રી મણિભાઈ સંઘવી અને ત્યારબાદ સુપુત્ર શ્રી રમેશ સંઘવી દ્વારા પાંગરેલ આ નિવાસી શાળાનો વહીવટ હવે ધનવલ્લભ ટ્રસ્ટ સંભાળે છે. શિક્ષણ ઉપરાંત અહીં નૈસર્ગિક પ્રવાસન કેન્દ્ર શરૂ કરવાની ધારણા છે.

### ૬. 'મેન-ત્સી-ખંગ' - તિબેટીયન ઔષધાલય :

પૂ. દલાઈ લામા પ્રેરિત હિમાલયન વનૌષધિ આધારિત આ ચિકિત્સા પદ્ધતિનો લાભ મુંબઈગરાઓને પણ મળે એ માટે વાશી, નવી મુંબઈમાં તબીબી કેન્દ્ર શરૂ કર્યું જેનો અનેક દર્દીઓ લાભ લઈ રહ્યા છે.

ઉપરાંત પરોક્ષ રીતે અનેક સેવાભાવી સંસ્થાઓ, મહાજનો વ્યક્તિઓને આર્થિક કે બૌદ્ધિક સ્વરૂપે સહયોગ આપી રહી છે.■

GM
**GLOBAL MERCANTILE PVT. LTD.**
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

## શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ
# કચ્છી વીસા ઓસવાલ જૈન છાત્રાલય

• ચંપકલાલ ભીમશી ગંગર •
પ્રમુખ, કચ્છી વીસા ઓસવાલ જૈન છાત્રાલય - મુંબઈ

**શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ**
**કચ્છી વીસા ઓસવાલ જૈન છાત્રાલય**
સ્થાપના : તા. ૧૫-૮-૧૯૧૫
(પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. : ૧૫૪૯ (મુંબઈ))
૪૨૬, શ્રધ્ધાનંદ રોડ,
કિંગ્સ સર્કલ, માટુંગા (સે.રેલવે), મુંબઈ-૪૦૦ ૦૧૯.
ફોન : (૦૨૨) ૨૪૦૨ ૨૩૫૩, ૨૪૦૮ ૨૫૯૨

શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વિ.ઓ. જૈન છાત્રાલય

આજથી ૯૭ વર્ષ પહેલાં જ્યારે કચ્છી સમાજ કચ્છમાં વસવાટ કરતો હતો અને ખૂબ જ ઓછા પરિવારો પાસે મુંબઈમાં રહેવાની સગવડ હતી, ત્યારે સમાજના આગેવાનોની કાબેલિયત તથા સંસ્થાના સ્થાપક કચ્છ ગામ બારોઈના પૂ.વેલજી લખમશી નપૂ (વેલજીબાપા) ની દીર્ઘદૃષ્ટિ અને જહેમતને કારણે શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલયની ૧૯૧૫ની ૧૫મી ઓગસ્ટે સ્થાપના થઈ. અને સમાજની પ્રગતિ માટે એક મોટી આધારશીલા પ્રાપ્ત થઈ. સંસ્થા આજે બીજમાંથી વટવૃક્ષ બની છે. એમાં સંસ્થાના કર્તવ્યદક્ષ ભૂતપૂર્વ તથા સાંપ્રત અધિકારીઓ, મેનેજિંગ કમિટીના સભ્યો, અનેક સમાજ સેવકો અને સમગ્ર સમાજનો અવર્ણનીય ફાળો રહ્યો છે. સંસ્થાએ સમાજને અનેક શિક્ષણ વિશારદો, ઉદ્યોગપતિઓ, વ્યવસ્થાપકો, ડૉક્ટર્સ, એન્જિનિયરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ અને નામાંકિત નાગરિકો આપ્યા છે.

છાત્રાલયમાં બાળકોને રહેવાની, જમવાની અદ્યતન સગવડ વિનામૂલ્યે આપવામાં આવે છે. બાળકો અભ્યાસમાં હંમેશાં અગ્રેસર રહે તે માટે કાર્યકુશળ શિક્ષકો દ્વારા વિશેષ કોચિંગ આપવામાં આવે છે. સર્વધર્મ સમભાવની ભાવના વિકાસ પામે તે રીતે ઉત્સવો ઉજવાય છે. બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા છાત્રાલયમાં અનેકવિધ પ્રવૃત્તિઓનું પ્રશિક્ષણ નિષ્ણાત શિક્ષકો દ્વારા આપવામાં આવે છે. જેના ફળ સ્વરૂપે બાળકો દર વર્ષે રમત ગમતમાં સ્ટેટ અને નેશનલ લૅવલે રમે છે. છાત્રાલયનું બેન્ડ મુંબઈભરમાં પ્રખ્યાત છે.

સમયની ગતિ સાથે તાલ મેળવીને સમય-સંજોગ અને સ્થળની માંગને અનુરૂપ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થાનો સદૈવ યત્ન રહ્યો છે. દિવસે દિવસે આદર્શ શિક્ષણની માંગને ધ્યાનમાં રાખી આજથી ૧૩ વર્ષ પહેલાં સંસ્થાએ 'શિશુવન' (ICSE બોર્ડ)ની શાળા શરૂ કરી. જે શાળાએ International Award પણ મેળવેલ છે. મુંબઈની પ્રતિષ્ઠિત શાળાઓમાં શિશુવનની ગણતરી થાય છે અને સમાજના બાળકોને ઉચ્ચત્તમ શિક્ષણ સાથે ઘડતર પણ આપવામાં આવે છે.

આજના આધુનિક યુગમાં કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય બની ગયું છે. ત્યારે સંસ્થાના નેજા હેઠળ કોમ્પ્યુટરના વર્ગો મામૂલી ફી લઈને ચલાવવામાં આવે છે. જરૂરિયાતવાળાને ફીમાં રાહત પણ આપવામાં આવે છે.

વૈશ્વિકીકરણ (Globalization) ને કારણે વિશ્વ એક નાનું ગામડું થઈ ગયું છે ત્યારે અનેક આંતરરાષ્ટ્રીય ભાષાઓનું જ્ઞાન હોવું પણ જરૂરી છે. એટલે સંસ્થા દ્વારા લેંગ્વેંજ મોલ કે જેમાં અંગ્રેજી, જાપાનીઝ, ફ્રેન્ચ, ચાઈનીઝ જેવી ભાષાઓ વ્યાજબી ફી લઈ શીખવવામાં આવે છે.

સમાજની પ્રગતિ માટે ઘણાં કાર્યો થયા છે અને હજી અનેક કાર્યો કરવાના છે. એ દિશામાં સતત જાગૃતિ, શોધ-સંશોધન પ્રયાસો જારી છે અને રહેશે. ભવિષ્યમાં અનેક ઉચ્ચ કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ ઊભી થાય અને સમાજના દરેક બાળક ઉચ્ચ ભણતર સાથે ચણતર પણ પામે એવી સંસ્થાના અધિકારીઓની મહેચ્છા છે. સંસ્થામાં અનેક નામાંકિત કાર્યશીલ સમાજસેવકો સમય અને સેવા આપી રહ્યા છે. હાલના ટ્રસ્ટીઓ તથા અધિકારી વર્ગ નીચે મુજબ છે.

| | |
|---|---|
| શ્રી જાદવજી લાલજી ઍંકરવાલા | - ચેરમેન |
| શ્રી લખમશી હીરજી રાંભિયા | - મેનેજિંગ ટ્રસ્ટી |
| શ્રી પ્રવીણ ભીમશી છેડા | - મેનેજીંગ ટ્રસ્ટી |
| શ્રી જગશી જેઠાભાઈ છેડા | - ટ્રસ્ટી |
| શ્રી અમરચંદ રામજી ગાલા | - ટ્રસ્ટી |
| શ્રી મૂલચંદ શામજી છેડા | - ટ્રસ્ટી |
| શ્રી કેકીન કુંવરજી પ્રેમજી છેડા | - ટ્રસ્ટી |
| ડૉ. કુ. કવિતા કલ્યાણજી સાલિયા | - દાતા નિયુક્ત ટ્રસ્ટી |
| શ્રીમતી નિરંજના તારાચંદ શાહ | - દાતા નિયુક્ત ટ્રસ્ટી |

★

| | |
|---|---|
| શ્રી ચંપકલાલ ભીમશી ગંગર | - પ્રમુખ |
| શ્રી હંસરાજ હેમરાજ મારૂ | - ઉપપ્રમુખ |
| શ્રી પ્રેમજી મેઘજી રાંભિયા | - એજ્યુ. ઇન્ચાર્જ |
| શ્રી દેવેન્દ્ર લીલાધર શાહ | - માનદ્ મંત્રી |
| શ્રી હરખચંદ લાલજી સાવલા | - માનદ્ મંત્રી |
| C.A. શ્રી નવીન ચાંપશી શાહ | - માનદ્ મંત્રી |

*જે કામ આદર્યું હોય તેના માટે જ સતત પ્રયત્નશીલ રહો.*

# શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ

• અમૃતલાલ ભાણજી નીસર •
માનદ્ મંત્રી, શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ

**શ્રી કચ્છી મિત્ર મંડળ – હૈદરાબાદ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, એડન બાગ, રામકોટી, હૈદ્રાબાદ (આંધ્ર પ્રદેશ)
**સ્થાપના :** વિક્રમ સં. ૨૦૦૫, ફાગણ સુદ ૬ રવિવાર તા. ૬-૩-૧૯૪૯
**મુખ્ય ભવન નિર્માણ :** વિક્રમ સં. ૨૦૨૬ - સન ૧૯૭૦
**અતિથિગૃહ નિર્માણ :** વિક્રમ સં. ૨૦૪૦ - સન ૧૯૮૪
**• ભવન જીર્ણોદ્ધાર •**
વિક્રમ સંવત ૨૦૬૪, ભાદરવા સુદ ૫ ગુરૂવાર તા. ૪-૯-૨૦૦૮
**• નવસંસ્કરિત કચ્છી ભવન (નૂતનીકરણ) •**
લોકાર્પણ : વિ.સં. ૨૦૬૫, કારતક સુદ ૫ રવિવાર તા. ૨-૧૧-૨૦૦૮

રોજી રોટીની શોધમાં તથા ધનોપાર્જન અર્થે આપણા સાહસિક કચ્છી માડુઓ સ્થળાંતર કરી વતનથી દૂર સમસ્ત ભારતભરના વિવિધ પ્રદેશોમાં તથા અમુક અંશે વિદેશોમાં પણ મોટી સંખ્યામાં સ્થાયી થયેલ છે.

સમસ્ત પ્રાણી જગત, જીવજંતુ સમેત સહુ સમૂહમાંજ રહેવાનું પસંદ કરે છે. મનુષ્ય પણ એવું એક પ્રાણી છે જે સમૂહમાં રહેવા ટેવાયેલો છે. એટલે જ મનુષ્ય એક સામાજિક પ્રાણી કહેવાય છે. તે સમાજમાં જન્મે છે, વિકાસ પામે છે, સામાજિક વ્યવહારો કે સુખ દુઃખમાં પરિવાર અથવા સમાજ દ્વારા જ તે સધિયારો મેળવવાની ઝંખના રાખે છે, પછી તે જન્મભૂમિમાં રહેતો હોય કે દેશાંતર, ગમે તેટલા કોઈ મોટા હોય તેમને પણ સમાજ વગર ચાલતું નથી તે સર્વ વિદિત જ છે.

આમ તો સમાજ શબ્દ સમસ્ત માનવ જાત માટે પ્રયોજાય છે. પણ એક સરખો પહેરવેશ, એક સરખી ભાષા, રીતરિવાજોમાં સામ્યતા, એક સરખી માન્યતાઓ, એક જ પ્રદેશમાંથી સ્થળાંતર કરીને અન્યત્ર વસવાટ કરતા માનવ સમુદાયને આપણે સમાજ તરીકે જાણીએ છીએ.

આવોજ એક સમાજ છે આપણો શ્રી કચ્છી મિત્ર મંડળ જેમાં કચ્છી વીસા ઓસવાલ, દસા ઓસવાલ, ગૂર્જર જૈન, ભાનુશાલી, લોહાણા, ક્ષત્રિય, બ્રાહ્મણ તથા ભાટિયા જ્ઞાતિ સમાઈ ગયેલ છે.

હૈદ્રાબાદમાં આપણા ભાઈઓ ક્યારે આવ્યા તેની આધારભૂત માહિતી નથી. આમ જોઈએ તો લગભગ ૧૦૦/૧૨૫ વર્ષ પહેલા હૈદ્રાબાદમાં કચ્છી ભાઈઓ આવી વસ્યા તેવો અંદાજ છે. કહેવાય છે કે હૈદ્રાબાદના પ્રથમ કચ્છી વસવાટી શેઠશ્રી લાલજી મેઘજી હતા જેઓનું કામકાજ ઈમારતી લાકડાનું હતું. બીજા હતા શેઠ શ્રી ઠાકરશી ધારશી જેઓ અનાજના વ્યાપાર કરતા હતા. બીજા વિશ્વ યુદ્ધ પછી આપણા ભાઈઓનું હૈદ્રાબાદ ખાતે આગમન વધેલ જે ફક્ત કચ્છથી કે મુંબઈથી નહીં પણ કેટલાક તો રંગૂન (બર્મા) થી તેમજ આફ્રિકા આદિ જગ્યાઓએથી પણ સ્થળાંતર કરી પોતાનું નસીબ અજમાવવા હૈદ્રાબાદ આવતા થયા.

દેશની આઝાદી સુધી અત્રે આપણા ભાઈઓની વસતિ ખાસ ન હતી. વડીલો પાસેથી જાણવા મળેલ, તે મુજબ ત્યારે ૫૦/૬૦ ઘરો હશે. દોસ્તી તથા ભાઈચારાના નાતે તેમજ વારતહેવારે થોડા ભાઈબહેનો ભેગા થતા. જેમ જેમ આપણા કચ્છી કુટુંબોની સંખ્યા વધતી ગઈ તેમ તેમ બધા સંગઠનને મજબૂત કરવા એક સંસ્થાની - એક મંડળની જરૂર જણાઈ. સન ૧૯૪૯માં હૈદ્રાબાદમાં વસતા કચ્છી-ભાઈ બહેનો હૈદ્રાબાદના લોકપ્રિય ઉસમાન સાગર (ગંડીપેટ) માં સ્નેહ મિલન માટે એકઠા થયા. ત્યાં શ્રી કચ્છી મિત્ર મંડળની સ્થાપના વિ.સં. ૨૦૦૫ ફાગણ સુદ-૬, રવિવાર તા. ૬-૩-૧૯૪૯ ના શુભ દિને થઈ.

શરૂઆતના વર્ષોમાં સ્વ. શ્રી ટોકરશીભાઈ લાલજી કાપડિયાની ઓફિસના હોલમાં ભાઈઓ મળતા. થોડા રમત-ગમતના સાધનો જેવા કે ચોપાટ, કેરમ વગેરે વસાવેલ અને ઓફિસ સમય પછી તેમજ રજાના દિવસોમાં ભેગા મળતા. સમાજના ભાઈઓના ઉપયોગ માટે થોડા વાસણો વગેરે પણ વસાવવામાં આવેલ જે સ્વ. શ્રી ભીમશીભાઈ ડુંગરશી સાવલાની સુલતાન બજાર, બેન્ક સ્ટ્રીટની ઓફિસમાં રાખેલ અને ત્યાંથી જ સભ્યો પોતાના ઘરના પ્રસંગે વાપરવા લઈ જતા. મંડળના નેજા હેઠળ નાના મોટા કાર્યક્રમો ઉજવાતા અને સહુ હોંશથી તેમાં ભાગ લેતા.

પહેલાના વખતમાં આપણા વ્યવહારો, ઘણાખરા લગ્ન પ્રસંગો આપણા માદરે વતન કચ્છમાં જ થતા. કચ્છ જવા આવવાની અગવડતા, આર્થિક સ્થિતિ, સગા સંબંધીઓના કચ્છ બહાર વસવાટ વગેરે કારણોથી આપણા વ્યવહારો ધીરે ધીરે સ્થાનિકમાંજ થવા લાગ્યા. આ સમયના વહેણને પારખી, તે સમયના આપણા વડીલોને સમજાયું કે પોતીકા મકાન વગર સભ્યોની જરૂરતોને સંતોષી ન શકાય, મંડળની પ્રવૃત્તિઓને વેગ આપી ન શકાય. તેઓએ આ વિચારબીજ પોતાના સહયોગીઓ અને સમાજના સભ્યોના મનમાં રોપ્યું અને વિચાર વિમર્શ કરી આ દિશામાં આગળ વધવાનું નક્કી કર્યું. સંસ્થાના નામે મિલકત ઊભી કરવા નક્કી થતા બંધારણની આવશ્યકતા જણાઈ. બંધારણ તૈયાર થયું અને સંસ્થા રજિસ્ટર કરાઈ.

સન ૧૯૭૦માં શ્રી ટોકરશી લાલજી કાપડિયા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પહેલું દાન ૧૨૦૦ વાર જમીન મળેલ. જે મંડળે સહર્ષ સ્વીકારીને બનનાર કચ્છી ભવન સાથે દાતા ટ્રસ્ટનું નામ સ્મારક રૂપે

*સુખમાં ભગવાનને યાદ કરશો તો દુઃખમાં કૃપા મળશે.*

જોડવાનો નિર્ણય કરેલ. ત્યારબાદ ભવનના બાંધકામનું કામ શરૂ થયેલ. જેનું ખાતમુહૂર્ત કચ્છના ત્યારના સંસદસભ્ય શ્રી મહિપતરાય મહેતાના વરદ્ હસ્તે કરવામાં આવેલ.



સમાજની વસતી વધતી જતી હતી, સભ્યોની અપેક્ષા વધતી જતી હતી. સમાજના મોભીઓએ દૂરંદેશીથી ભવનની બાજુનીજ ૬૦૦ વાર જગ્યા લઈ અતિથિગૃહ બનાવવાનું નક્કી કર્યું. દાનનો પ્રવાહ અવિરત વહેતો રહ્યો અને ટૂંક સમયમાંજ અદ્યતન સગવડતાવાળું-સંજીવકુમાર ધનજી અતિથિગૃહ તૈયાર થઈ ગયું.



આમ કચ્છી ભવનનું એક ભવ્ય સંકુલ બનેલ. જેમાં ત્રણ મોટા હોલ, બે નાના હોલ, સ્ટેજ, ૭ ડબલ બેડ રૂમ, બે ડોરમેટરી સહિત અતિથિગૃહ તથા લિફ્ટનો સમાવેશ થાય છે. ભવન સાધનો અને સુવિધાઓથી સજ્જ છે. ફક્ત આપણા સભ્યો નહીં પણ અન્ય કોમો પણ એનો ખૂબજ લાભ લે છે અને પોતાના શુભ પ્રસંગોએ કચ્છી ભવનને જ પહેલી પસંદગી આપે છે તે ગૌરવ લેવા જેવી વાત છે.

- **આવાસ યોજના :**

સેવાભાવી કાર્યકરોનું બીજું સ્વપ્ન હતું કે સમાજના આર્થિક રીતે નબળા સભ્યોને નજીવા ભાડે રહેવાની સગવડ કરાવી આપવી. આનંદની વાત છે કે ચૈતન્યપુરીમાં આવેલ મંડળની જમીન ઉપર દાતાઓના સહકારથી શ્રી ટોકરશી લાલજી કાપડિયા પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ બહુમાળી આવાસગૃહ ૧૯૯૯માં ઊભું થયેલ છે. જેમાં ૨૪ બ્લોકના સખી દાતાનો સહયોગ રહેલ. અત્યારે જેનો લાભ ૨૪ કુટુંબો લઈ રહેલ છે. ગૃહનું ઉદ્‌ઘાટન શ્રી દામજી લાલજી એન્કરવાલા અને શ્રી અમરચંદ રામજી ગાલા, નવનીતવાલાના વરદ હસ્તે, મંડળની સુવર્ણ જયંતી વર્ષ સમારોહ સમયે કરવામાં આવેલ.




- **શાંતાબેન હીરજી કાનજી ગોસર-શાંતિ પ્રાઈમરી સ્કૂલઃ**

કચ્છી સમાજે પોતાની વિવિધલક્ષી પ્રવૃત્તિઓમાં શિક્ષણને અત્યંત મહત્ત્વનો મુદ્દો માનેલ છે. શ્રીયુત ધીરજભાઈ કાપડિયાએ આ બારામાં ઊંડો રસ લીધો અને આ લક્ષને ધ્યાનમાં રાખી મંડળે ૨૦૦૪માં બરકતપુરા, કાચીગુડામાં એક મકાન/જગ્યા ખરીદી લીધી. દાતાઓના સહકારથી તે મકાનનું નવનિર્માણ કરી ૧૧ જૂન, ૨૦૦૬ના રોજ સ્કૂલની ઉદ્‌ઘાટન વિધિ શ્રી જગનાથ રેડ્ડી, ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશન ઓફિસર, આંધ્ર પ્રદેશના વરદ્ હસ્તે કરવામાં આવેલ.



કચ્છી ભવનના નિર્માણ થયે આશરે ૩૫ વર્ષ ઉપર થઈ ગયેલ છે. આટલા લાંબા સમય દરમ્યાન લોકોની આર્થિક સધ્ધરતા વધતા તેમજ શહેરમાં બીજા ભવનમાં ઉપલબ્ધ સુવિધાઓ જોતાં, સમાજના

*પરમાત્મા પાસે માંગવા ખુદ પરમાત્માથી રૂડું બીજું શું? - ભગવદ્ ગીતા*

## શ્રી કચ્છી મિત્ર મંડળના ભવનની વિશેષતાઓ

★ મુખ્ય ગેટની અંદર દાખલ થતાજ આપને એક વિશાળ સમતોલ મેદાન દેખાશે. આપને ખ્યાલ હશે કે અગાઉ વાડીની ફરતી દિવાલ હતી તેમજ બે ફૂટ ઊંચો એક સ્ટેજ પણ હતો. આ બધું કાઢી નાખીને જમીન લેવલ કરી છે અને સંપૂર્ણ ગ્રાઉન્ડમાં ટાઈલ્સ બિછાવવામાં આવેલ છે. મેદાનમાં પાર્કિંગ થઈ શકે, રીસેપ્શન થઈ શકે કે ખુશનુમા દિવસમાં અન્ય કોઈ કાર્યક્રમ કે સભા પણ રાખી શકાય.

★ કમ્પાઉન્ડને ફરતી દિવાલને સુશોભિત કરવામાં આવેલ છે. ગેટમાં દાખલ થતાજ ભવન સુંદર, સુશોભિત અને આંખોને ગમી જાય તેવો જણાશે.

★ ગ્રાઉન્ડ ફ્લોરના હોલમાં પ્રવેશ થતા પહેલા જે મંડપ (Foyer) હતો તે મોટો કરેલ છે તેમજ હોલના પ્રવેશદ્વાર પણ મોટા કરેલ છે જેથી લોકોને અવરજવરમાં સુગમતા રહે. હોલમાં ફોલ્સ સીલિંગ સાથે સુંદર લાઈટિંગ તથા સાઉન્ડ સિસ્ટમની સારી સગવડતા કરવામાં આવેલ છે.

★ પહેલા માળના ઓડિટોરિયમને લગભગ ૧૨૦૦ ફીટ અને સ્ટેજને ૫૦૦ ચો. ફીટથી વધારવામાં આવેલ છે અને તે વાતાનુકૂલ બનાવેલ છે. પહેલા માળના હોલથી ગેસ્ટ હાઉસમાં જવા માટે સુવિધા કરી આપવામાં આવેલ છે.

★ ગેસ્ટ હાઉસમાં ૭ રૂમો તથા ૨ ડોરમેટરી સંપૂર્ણ રીતે વાતાનુકૂલ છે. તે ઉપરાંત આવેલ મહેમાનોને રીફ્રેશમેન્ટ સર્વિસ માટે પેન્ટ્રિ પણ બનાવેલ છે.

★ મુખ્ય ભવનનો ગ્રાઉન્ડ ફ્લોર ઓડિટોરિયમ, સાઈડ હોલ, બીજા માળનો મુખ્ય ઓડિટોરિયમ તેમજ મિનિ હોલને એર કૂલ બનાવેલ છે.

★ બૉરવેલના પાણીને વોટર સોફ્ટનર ટ્રીટમેન્ટ કરીને ક્ષાર રહિત કરવાની સગવડ કરવામાં આવેલ છે.

★ પીવાના પાણીને રીવર્સ ઓસ્મોસિસ ટ્રીટમેન્ટ આપીને શુદ્ધ પીવાલાયક બનાવવામાં આવેલ છે.

★ ભવન સંકુલમાં અવાજ રહિત જનરેટરની સુવિધા કરેલ છે.

★ ભવનના રસોડા અત્યાધુનિક તથા પ્રદૂષણ રહિત બનાવવામાં આવેલ છે.

★ ભવનમાં વધારાની એક લિફ્ટની સગવડ ગેસ્ટ હાઉસ માટે કરેલ છે.

★ ભોંયતળિયે વાતાનુકૂલિન ઓફિસ અને નાની સભા માટેનો પ્રબંધ તેમજ નૂતન ભંડાર ગૃહની વ્યવસ્થા કરેલ છે.

સભ્યોમાં તેમજ અન્ય કોમો જે ભવનનું પોતાના પ્રસંગોમાં ઉપયોગ કરી રહ્યા છે તેમની અપેક્ષા વધેલ છે. તેઓની વિનંતી હતી કે કચ્છી ભવન આજના સમયને અનુરૂપ પંચતારક સર્વ સુવિધા સંપન્ન હોય. સર્વ સંમતિથી કચ્છી ભવનના નૂતનીકરણ (જીર્ણોધ્ધાર) કરવાનો નિર્ણય લેવાયેલ અને વર્ષ ૨૦૦૭માં આ ભગીરથ કામની શરૂઆત કરવામાં આવેલ. ભવનના નૂતનીકરણનું કાર્ય વર્ષ ૨૦૦૮માં પૂરું થયેલ છે. આધુનિક સુવિધાઓથી સજ્જ ભવન ફરી પ્રવૃત્તિઓથી ગાજી ઉઠેલ છે.

### કચ્છી મિત્ર મંડળ દ્વારા વિવિધ સમિતિઓ સંચાલિત પ્રવૃત્તિઓ

૧. **સી.ટી.એલ. કાપડિયા પ.ચે. ટ્રસ્ટ આવાસગૃહ** : ૨૪ ફ્લેટ ધરાવતું વિશાળ આવાસગૃહ સમાજના જરૂરતમંદ સભ્યોને નજીવા ભાડે આપવામાં આવેલ છે.

૨. **બંધારણ** : સમયાંતરે બદલાતી પરિસ્થિતિ અનુસાર સંસ્થાના બંધારણને અપડેટ કરવામાં આવે છે.

૩. **ભવન મેઈન્ટેનન્સ** : સમિતિ દ્વારા આ વિશાળ ભવનનું દેખરેખ થાય છે જરૂરત મૂજબ રિપેરીંગ આદિ કામો કરવામાં આવે છે.

૪. **બુક બેંક** : સમાજના વિદ્યાર્થીઓને ચાલતા કોર્ષ મુજબ પાઠ્ય પુસ્તકો વાપરવા માટે આપવામાં આવે છે તેમજ સમાજના વિદ્યાર્થીઓને નોટબુક તથા સ્ટેશનરી ખૂબજ રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

૫. **ફંડ ફાળા** : મંડળ દ્વારા જરૂરત અનુસાર સમાજમાં ટહેલ નાખી ફંડ ઉપલબ્ધ કરાય છે.

૬. **મહિલા સમિતિ** : જેમાં સમાજની બહેનોના ઉત્કર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ ઉપરાંત એમના માટે વિવિધ મનોરંજક પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવે છે.

૭. **માનવ મિત્ર** : મહત્ત્વની આ સમિતિના સભ્યો કોઈકના ઘેર દુઃખદ પ્રસંગે બધી રીતે જવાબદારી ઉપાડી લે છે સ્મશાનથી પ્રાર્થના સુધીની બધીજ વ્યવસ્થા માનવ મિત્રો સંભાળી લે છે. સમાજને દરેક ઘેર SMS સર્વિસ દ્વારા મહત્ત્વના મેસેજ પહોંચાડે છે. સભ્ય પરિવારોમાં માંદગી વખતે હોસ્પિટલ માટે માર્ગદર્શન પૂરું પાડે છે. જરૂરત મૂજબ રક્ત એકઠું કરી આપે છે. અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ જેવી સંસ્થાઓ, હોસ્પિટલ, ગૌશાળા, જાનવરોની માવજત, ડાયાલિસીસ માટે ફંડફાળો એકઠો કરી જરૂરતમંદ જગ્યાઓએ પહોંચાડે છે. મુઠ્ઠીભર અનાજ યોજના હેઠળ સમાજના પરિવારોમાંથી ઘઉં-ચોખા-દાળ જેવા અનાજ ભેગા કરી દર મહિને આશ્રમોમાં પહોંચાડે છે.

૮. **મનોરંજન** : વર્ષ દરમ્યાન અષાઢી બીજ, શરદપૂર્ણિમા, વગેરે જેવા પ્રસંગે વિવિધ મનોરંજન પ્રવૃત્તિ કરવામાં આવે છે.

૯. **માવજત** : આ સમિતિ દ્વારા એલોપથી, હોમિયોપથી, આયુર્વેદના

*જો મન તમને અંકુશમાં રાખશે તો તે તમારું દુશ્મન બનશે. - ભગવદ્ ગીતા*

દવાખાના ચલાવવામાં આવે છે. સમાજના જરૂરતમંદ પરિવારોને વૈદ્યકીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સમયાંતરે વિવિધ ચેક-અપ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. પેથોલોજિકલ ટેસ્ટ માટે વિવિધ મોટી હોસ્પિટલો સાથે ટાઈ-અપ કરી ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ કરવામાં આવે છે સમાજના જરૂરતમંદ સભ્યોને મેડીક્લેઈમ કરી આપવામાં આવે છે તેમજ વિશેષ સહાય કરવામાં આવે છે.

૧૦. **પર્યુષણ ઉત્સવ :** સમિતિ દ્વારા સંવત્સરી પ્રતિક્રમણ ક્ષમાપના મિલન યોજી તપસ્વીઓનું બહુમાન કરવામાં આવે છે તેમજ સ્વામિવાત્સલ્યનું આયોજન કરાય છે.

૧૧. **પ્રકાશન :** સંસ્કાર અને જીવન મૂલ્યોથી સભર સંસ્થાના મુખપત્ર 'નિયાંપો' નું દર મહિને પ્રકાશન કરવામાં આવે છે જેમાં જરૂરી માહિતી ઉપરાંત વિવિધ સમિતિઓના કાર્યક્રમની જાણ સભ્યોને સમયસર થાય છે. 'નિયાંપો' પુસ્તકરૂપે તેમજ ઈ-મેઈલ દ્વારા સભ્યોને પહોંચાડવામાં આવે છે. 'અસાંજો કચ્છ.કોમ' જેવી પ્રતિષ્ઠિત વેબસાઈટ ઉપર ક.વી.ઓ. ખબર પત્રિકા સાથે 'નિયાંપો' પણ ઉપલબ્ધ છે.

૧૨. **સભ્યપદ સમિતિ :** સમિતિ દ્વારા દર મહિને નવા સભ્યો બનાવવામાં આવે છે.

૧૩. **સાધન સામગ્રી :** કોઈપણ પ્રસંગોની ઉજવણી તેમજ વિશાળ જમણવાર માટે જરૂરી સાધન સામગ્રી મંડળે વસાવી છે. જે ખૂબજ રાહત દરે સભ્ય પરિવારોને પ્રસંગોપાત ઉપલબ્ધ કરાય છે.

૧૪. **શાંતિ પ્રાઇમરી હાઈસ્કૂલ :** મંડળ દ્વારા આ સ્કૂલનું પોતાનું મકાન ખરીદવામાં આવ્યું છે જેમાં સ્કૂલનું સુચારૂ સંચાલન થાય છે.

૧૫. **શાંતિવન સમિતિ :** વડીલો માટે વિવિધ કાર્યક્રમોનું દર મહિને આયોજન થાય છે. જેમાં સ્નેહમિલન, વડીલોને ઉપયોગી થાય તેવા વિષય ઉપર ડૉક્ટરોના લેક્ચરો, સાહિત્ય, સંગીત, સ્વાસ્થ્ય, હાસ્ય, યોગ જેવા અનેક વિષયોને આવરી લેતા કાર્યક્રમો ઉજવાય છે.

૧૬. **શિક્ષણ સમિતિ :** સમિતિ દ્વારા સમાજના જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ સહાય આપવામાં આવે છે. તેજસ્વી વિદ્યાર્થીઓનું સ્વર્ણ પદક તેમજ રજત પદકથી જાહેરમાં સન્માન કરવામાં આવે છે.

૧૭. **વસતિ પત્રક :** સમિતિ દ્વારા લગભગ ૧૦ વર્ષે વસતિ પત્રક કાઢવામાં આવેલ છે. હાલમાં ૨૦૧૨માં પ્રકાશિત વસતિ પત્રક ખૂબજ સુંદર અને પરિવારની વિસ્તૃત માહિતી તથા સભ્યોના ફોટા સાથે છાપવામાં આવ્યું છે.

૧૮. **યુવા સમિતિ :** સમાજના યુવા વર્ગ માટે વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે.

૧૯. **રમત ગમત સમિતિ :** આ સમિતિ દ્વારા કેરમ, ચેસ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, ક્રિકેટના સાધનો વસાવી સભ્યોને એક હોલમાં રમવા માટે ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

ઉપરાંત સૌથી મુખ્ય વિશાળ કચ્છી ભવનના એરકન્ડિશન્ડ ૫ હોલ તેમજ અતિથિગૃહની રૂમો ટોકન રકમથી સમાજના પ્રસંગો માટે ઉપલબ્ધ કરવામાં આવે છે.

### સમાજ વિષે ચિંતન

★ સમાજે મારા માટે શું કર્યું તેમ નહીં પણ મેં સમાજ માટે શું કર્યું? તેવું વિચારો.

★ સમાજ મારો છે હું સમાજનો છું. તેના શુભ માટે હું નહીં વિચારૂં તો કોણ વિચારશે?

★ સામાજિક કાર્યથી થતું નુકશાન કે લાભ, તેના દરેક સભ્યો માટે છે. તે સમજો અને વિચારો.

★ સમાજના કાર્ય કરવા પ્રભુએ શક્તિ આપી હોવા છતાં પણ કાર્ય ન કરવું તે કાયર, આળસુ અથવા અભિમાની વ્યક્તિને જ શોભા આપે છે.

★ સમાજમાં સલાહ નહિ પણ સહકાર આપો. કહો નહીં પણ કરી બતાવો.

★ સામાજિક નકારાત્મક પ્રવૃત્તિઓથી દૂર રહો, રચનાત્મક પ્રવૃત્તિઓ જ કરો.

★ સમાજને પરિવારની જેમ સમજીને તમારી જવાબદારીઓનો નિર્વાહ કરો.

★ સમાજના નેતૃત્વમાં વિશ્વાસ રાખો અને તેનો આદર કરો, તેમણે સોંપેલું કાર્ય નિષ્ઠાથી પૂરું કરો.

★ સમાજની એકતા અને અખંડતા માટે કામ કરો અને સમાજને વફાદાર રહો.

★ સમાજ માનવ જીવનનો આધાર છે. સમાજ છે તો જ તમે છો.

**શ્રી કચ્છી મિત્ર મંડળ – હૈદ્રાબાદ**
**ટ્રસ્ટી મંડળ (વર્ષ ૨૦૦૯-૨૦૧૩)**

| ક્રમ | હોદ્દો | નામ | કચ્છમાં ગામ |
|---|---|---|---|
| ૧. | મેનેજિંગ ટ્રસ્ટી | હરિલાલ ભીમશી સાવલા | સમાઘોઘા |
| ૨. | દાતા ટ્રસ્ટી | ધનજી લખમશી સાવલા | નવાવાસ |
| ૩. | દાતા ટ્રસ્ટી | ધીરજલાલ ટોકરશી કાપડિયા | પત્રી |
| ૪. | દાતા ટ્રસ્ટી | દામજી જીવરાજ નાગડા | વરંડી મોટી |
| ૫. | દાતા ટ્રસ્ટી | નીતિન શિવજી ધરોડ | પત્રી |
| ૬. | દાતા ટ્રસ્ટી | વિજય દામજી નાગડા | વરંડી મોટી |
| ૭. | દાતા ટ્રસ્ટી | નિશાબેન નીતિન ધરોડ | પત્રી |
| ૮. | દાતા ટ્રસ્ટી | કીર્તિ ટોકરશી કાપડિયા | પત્રી |
| ૯. | દાતા ટ્રસ્ટી | સુરેશ હીરજી ગોસર | સાભરાઈ |
| ૧૦. | દાતા ટ્રસ્ટી | સુશીલ ધીરજલાલ કાપડિયા | પત્રી |
| ૧૧. | દાતા ટ્રસ્ટી | પોપટલાલ ભાણજી ગડા | લઠેડી |


*જો તમે તમારા મનને અંકુશમાં રાખો તો તે તમારો મિત્ર બની રહેશે. - ભગવદ્ ગીતા*

| | | | |
|---|---|---|---|
| ૧૨. | દાતા ટ્રસ્ટી | લીલમ ધીરજલાલ કાપડિયા | પત્રી |
| ૧૩. | દાતા ટ્રસ્ટી | હરિલાલ વેલજી નીસર | વડાલા |
| ૧૪. | દાતા ટ્રસ્ટી | શશીકાંત દામજી નાગડા | વરંડી મોટી |
| ૧૫. | દાતા ટ્રસ્ટી | હેમાંગ મણિકાંત મોમાયા | વરાડિયા |
| ૧૬. | દાતા ટ્રસ્ટી | શાંતિલાલ ખીમજી મામણિયા | મેરાઉ |
| ૧૭. | દાતા ટ્રસ્ટી | પ્રફુલ રતનશી ગોગરી | નાગલપુર |
| ૧૮. | દાતા ટ્રસ્ટી | યશવંતી અમૃતલાલ નીસર | વડાલા |
| ૧૯. | ટ્રસ્ટી | વિજયા કીર્તિ કાપડિયા | પત્રી |
| ૨૦. | ટ્રસ્ટી | અરવિંદ કેશવજી છેડા | ગોધરા |
| ૨૧. | ટ્રસ્ટી | ચીમનલાલ લાલજી ગાલા | છસરા |
| ૨૨. | ટ્રસ્ટી | તલકશી ભાણજી ગડા | લઠેડી |

**કારોબારી સમિતિ (વર્ષ ૨૦૧૦-૨૦૧૩)**

| ક્રમ | હોદ્દો | નામ | કચ્છમાં ગામ |
|---|---|---|---|
| ૧. | પ્રમુખ | ધનજી લખમશી સાવલા | નવાવાસ |
| ૨. | ઉપપ્રમુખ | મણિકાંત મેઘજી મોમાયા | વરાડિયા |
| ૩. | માનદ્ મંત્રી | અમૃતલાલ ભાણજી નીસર | વડાલા |
| ૪. | સહમંત્રી | પ્રેમચંદ કેશવજી છેડા | ગોધરા |
| ૫. | ખજાનચી | કીર્તિકુમાર ટોકરશી કાપડિયા | પત્રી |
| ૬. | સહ ખજાનચી | દિનેશ કલ્યાણજી ગોસર | વીંઢ |
| ૭. | કારોબારી સભ્ય | ખુશાલી જયેશ નાગડા | વરંડી મોટી |
| ૮. | કારોબારી સભ્ય | મણિલાલ રામજી ધરોડ | પત્રી |
| ૯. | કારોબારી સભ્ય | પંકજ હીરજી સાવલા | બેરાજા |
| ૧૦. | કારોબારી સભ્ય | નવીન વિશનજી હરિયા | શેરડી |
| ૧૧. | કારોબારી સભ્ય | દિર્ગેશ હીરજી નીસર | વડાલા |
| ૧૨. | કારોબારી સભ્ય | મનીષ મગનલાલ સાવલા | રામાણિયા |
| ૧૩. | કારોબારી સભ્ય | વિપુલ હરિલાલ નીસર | વડાલા |
| ૧૪. | કારોબારી સભ્ય | શાંતિલાલ વાલજી મારૂ | ભોજાય |
| ૧૫. | કારોબારી સભ્ય | દર્શના દિનેશ દેઢિયા | ભુજપુર |
| ૧૬. | કો-ઓપ્ટ સભ્ય | હરેશ હેમરાજ દેઢિયા | ગઢશીશા |
| ૧૭. | કો-ઓપ્ટ સભ્ય | કુણાલ તારાચંદ હરિયા | સાભરાઈ |
| ૧૮. | કો-ઓપ્ટ સભ્ય | લહેરચંદ ટોકરશી લોડાયા | રાપર ગઢવારી |
| ૧૯. | કો-ઓપ્ટ સભ્ય | લીના નીલેશ છેડા | લૂણી |
| ૨૦. | ટ્રસ્ટ બોર્ડ રીપ્રે. | હરિલાલ ભીમશી સાવલા | સમાઘોઘા |
| ૨૧. | ટ્રસ્ટ બોર્ડ રીપ્રે. | અરવિંદ કેશવજી છેડા | ગોધરા |
| ૨૨. | ટ્રસ્ટ બોર્ડ રીપ્રે. | ચીમનલાલ લાલજી ગાલા | છસરા |

**વિવિધ સમિતિઓ (વર્ષ ૨૦૧૧-૨૦૧૨ અને ૨૦૧૨-૨૦૧૩)**

| ક્રમ | સમિતિનું નામ | કન્વીનરનું નામ |
|---|---|---|
| ૧. | આવાસગૃહ | નવીન વિશનજી હરિયા |
| ૨. | બંધારણ | ચીમનલાલ લાલજી ગાલા |
| ૩. | ભવન મેઈન્ટેનન્સ | મણિલાલ રામજી ધરોડા |
| ૪. | બુક બેંક | મિહિર અરવિંદ છેડા |
| ૫. | ફંડફાળા | મણિકાંત મેઘજી મોમાયા |
| ૬. | મહિલા સમિતિ | ખુશાલીબેન જયેશ નાગડા |
| ૭. | માનવ મિત્ર | ડૉ. દિલીપ ભાનુશાલી<br>હરિલાલ ભીમશી સાવલા |
| ૮. | મનોરંજન | પંકજ હીરજી સાવલા |
| ૯. | માવજત | કીર્તિકુમાર ટોકરશી કાપડિયા |
| ૧૦. | પર્યુષણ સમિતિ | મણિકાંત મેઘજી મોમાયા |
| ૧૧. | પ્રકાશન | દર્શના દિનેશ દેઢિયા<br>દિનેશ કલ્યાણજી ગોસર |
| ૧૨. | સભ્યપદ સમિતિ | મનીષ મગનલાલસાવલા |
| ૧૩. | સાધન સામગ્રી | શાંતિલાલ વાલજી મારૂ |
| ૧૪. | શાંતિ પ્રાઈમરી સ્કૂલ | વિપુલ હરિલાલ નીસર<br>નવીન વિશનજી હરિયા |
| ૧૫. | શાંતિવન સમિતિ | હંસકુમાર રાયચંદ સાયલા |
| ૧૬. | શિક્ષણ સમિતિ | દિર્ગેશ હીરજી નીસર |
| ૧૭. | વસતિ પત્રક | અરવિંદ કેશવજી છેડા |
| ૧૮. | યુવક સમિતિ અને રમતગમત સમિતિ | કુણાલ તારાચંદ હરિયા |

## સોદાબાજી

સોદાબાજીનું રાજકારણ આજની નવી વાત નથી. એક સાદો દાખલો આપું. અંગ્રેજોનો હુમલો થવાનો હતો. પૂનામાં પેશવા પોતાના સાથીદારોને લઈને તૈયાર હતા. શિંદે કેટલું લશ્કર લાવશે? હોલ્કર કેટલું લશ્કર લાવશે? વગેરે વાતો ચાલી રહી હતી.''

''અમે આટલું લશ્કર લાવીશું. તેના બદલામાં અમને શું મળશે?''

''જાઓ, ખાનદેશનો ફલાણો ભાગ તમને મળશે''

''અમે આટલી સેના લાવ્યા છીએ. બદલામાં અમને શું મળશે?''

''તમને ફલાણો પ્રદેશ આપીશું''

આવું જ આજ દિવસ સુધી ચાલુ છે. નાના ફડનવીસના જમાનામાં પૂછવામાં આવતું કે તમે કેટલું લશ્કર લાવશો? આજે પૂછવામાં આવે છે કે તમે કેટલાં માથાં લાવશો? તો સામેથી પૂછવામાં આવે છે કે મને કયું પદ મળશે? અમને પ્રધાનમંડળમાં કેટલું સ્થાન મળશે? લોકશાહીમાં પણ આવા જ કાવાદાવા ચાલે છે. અગાઉ કરતાં આમાં મૂળભૂત રીતે શું જુદું છે? હજુ આજ પ્રકારની સોદાગરી ચાલુ છે. તાત્પર્ય એ છે કે ચૂંટણીના પરિણામોથી બહુ ઉત્તેજિત થઈ જવાની જરૂર નથી.

જે જીત્યા તેમના માટે બે શબ્દ. તમે સૌ જનતાના ચૂંટેલા સેવકો છો. જનતાના વિશ્વાસુ હોવું એ મોટી જવાબદારી છે.

*– વિનોબા ભાવે*

*પ્રભુ કાર્ય માટે આપણે આપણી આવકનો નિશ્ચિત ભાગ કાઢવો જોઈએ.*

# કચ્છ નવનિર્માણ અભિયાન

● જય અંજારિયા ●
કો-ઓર્ડિનેટર, આલેખન સેલ

**કચ્છ નવનિર્માણ અભિયાન**
પ્લોટ નં. ૭૦/બી, ગેટ નં.-૩
બેંકર્સ કોલોની, જૂબિલી ગ્રાઉન્ડ પાસે,
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૨૫૭૭૧/૭૨
Email : abhhiyanad1@gmail.com

સમાજના સર્વાંગી વિકાસમાં જે રીતે અનેક પરિબળો ભૂમિકારૂપ હોય છે તેવી જ રીતે સામાજિક સંસ્થાઓની પણ નોંધપાત્ર ભૂમિકા રહી છે. રાહત કામગીરી હોય કે પછી ખેતી, પશુપાલન, મીઠા ઉદ્યોગ જેવા પરંપરાગત વ્યવસાયોને ટકાવવાની કામગીરી કે આરોગ્ય, શિક્ષણ, આજીવિકા જેવા પ્રાણપ્રશ્નોનું સમાધાન – દરેક ક્ષેત્રોમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બહોળું પ્રદાન આપ્યું જ છે. માત્ર શહેરો જ નહીં પરંતુ સંસ્થાઓની સેવાનો લાભ ખૂબ જ અંતરિયાળ ગામડાંમાં વંચિત થઈને રહી ગયેલા સમુદાયો સુધી પહોંચ્યો છે. કચ્છમાં ૧૪ વર્ષથી સામાજિક ઉત્થાન માટે એક સંગઠન તરીકે કાર્યરત એવી સંસ્થા ‘કચ્છ નવનિર્માણ અભિયાન’નો આછો પરિચય મેળવીએ.

જૂન ૧૯૯૮માં કચ્છ પર ત્રાટકેલાં વિનાશક વાવાઝોડા વખતે કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ સાથે મળીને લોકોને યોગ્ય રાહત મળી રહે એ માટે જિલ્લા પ્રશાસન, દાતાઓ અને અસરગ્રસ્તો વચ્ચેનાં સંકલનનું કામ થયું. રાહત અને પુનઃવર્સનની કામગીરી સાથે જ કચ્છની સંસ્થાઓ સંગઠિત થઈ. વાવાઝોડા વખતના સાથે મળીને કામ કરવાના અનુભવે સંસ્થાઓને કચ્છના અન્ય વિકાસો પર કામ કરવાની પ્રેરણા આપી અને ‘કચ્છ નવનિર્માણ અભિયાન’ સંસ્થા અસ્તિત્વમાં આવી. પહેલેથી જ લોકસેવામાં જોડાયેલા કચ્છના ત્રણ અગ્રણીઓ સુષ્માબેન આયંગર, તુલસીદાસભાઈ ગજરા અને ક્રાંતિસેનભાઈ શ્રોફ ‘કાકા’ સંસ્થાના નિર્માણના પાયામાં રહ્યા. આ સંગઠનનો મુખ્ય હેતુ લોકભાગીદારી દ્વારા વિકાસની પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાનો રહ્યો છે. ખાસ કરીને સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા વંચિત સમુદાયને તેમના પરંપરાગત કૌશલ્ય સાથે નવી તકનીકોને સાંકળીને નવતર કામગીરી કરવા માટે સક્ષમ બનાવવા માટે અભિયાન કાર્યશીલ છે.



કુદરતી આફતો દરમ્યાન કચ્છ નવનિર્માણ અભિયાનનું સંગઠન બન્યું જેમાં કચ્છની ૩૧ સંસ્થાઓ જોડાઈ અને કચ્છના છેક અંતરિયાળ વિસ્તારોના પ્રશ્નોને વાચા આપવા સાથે તેના ઉકેલ, ત્યાંના લોકો દ્વારા જ મેળવવાની કામગીરીએ વેગ પકડ્યો. અભિયાનનું આ સંગઠન આરોગ્ય, શિક્ષણ, કુદરતી સંસાધનોના પ્રબંધન, વૉટરશેડ મેનેજમેન્ટ, દુષ્કાળ નિવારણ, લઘુ ધીરાણ, મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં કચ્છના ૬૫૦થી વધુ ગામોમાં કાર્યરત છે. આ તમામ ક્ષેત્રફળ વિસ્તારવામાં કચ્છ નવનિર્માણ અભિયાનના સંગઠન તળે કચ્છ મહિલા વિકાસ સંગઠન - ભુજ, એનાર્ડે ફાઉન્ડેશન - અંજાર, આશાપુરા ફાઉન્ડેશન - નખત્રાણા, ભોજાય સર્વોદય ટ્રસ્ટ - ભોજાય, વાગડ સર્વોદય ટ્રસ્ટ - રાપર, બિદડા સર્વોદય ટ્રસ્ટ - બિદડા, કોર્બેટ ફાઉન્ડેશન - અમદાવાદ, ગ્રામ સ્વરાજ સંઘ - (નીલપર) રાપર, કોહેઝન ફાઉન્ડેશન ટ્રસ્ટ - રાપર, ગાઈડ - ભુજ, શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ - ભુજ, ઉન્નતિ - અમદાવાદ, કચ્છ ફોડર, ફ્રૂટ એન્ડ ફોરેસ્ટ ડેવલપમેન્ટ ટ્રસ્ટ - ભુજ, કચ્છ યુવક સંઘ - ભુજ, લાયન્સ ક્લબ - ભુજ, રૂરલ ઍગ્રો રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સોસાયટી, સહજીવન - ભુજ, શ્રૃજન ટ્રસ્ટ - ભુજોડી, વીરાયતન - જખણિયા, વિકસત - ભુજ, વિવેકાનંદ ગ્રામોદ્યોગ સોસાયટી, વી.આર.ટી.આઈ., નલિયા-માંડવી, યુસુફ મહેરઅલી સેન્ટર - ભદ્રેશ્વર, નવચેતન અંધજન મંડળ - માધાપર, શ્રી સર્વ સેવા સંઘ - ભુજ, એક્ટ - ભુજ, શ્રી માલધારી મંગલ મંદિર ટ્રસ્ટ - ભુજોડી, ખમીર - કુકમા, ઉજાસ મહિલા સંગઠન - સાડાઉ, સૈયરે જો સંગઠન - નખત્રાણા, શ્રી ધનવલ્લભ ચેરિટેબલ ટ્રસ્ટ - નાના ભાડિયા સહિતની સંસ્થાઓ એક પરિવાર તરીકે કામ કરી રહી છે.

કચ્છમાં અવારનવાર આવતી કુદરતી આફતોના સમયે અભિયાને સાથી સંસ્થાઓના સંકલનમાં રહીને રાહત કામગીરી સાથે અસરગ્રસ્તો માટે અર્ધપાકા મકાનો બાંધવા, ક્ષતિગ્રસ્ત મકાનોનું સમારકામ, ડૅમ રિપેરીંગ, રીટ્રોફીટીંગ કરવા સાથે લોકો જાતે તેમના મકાનોનું રીટ્રોફીટીંગ કરતાં શીખે તેની તાલીમ આપવી, કાનૂની બાબતોમાં સહયોગ તેમજ લોકોને તેમના વ્યવસાયો સાથે જોડાયેલા રાખી

***સંઘર્ષ, નિષ્ઠા અને સેવાનો ત્રિવેણી સંગમ એટલે સફળતા.***

આજીવિકા મેળવતા કરવા જેવી મહત્ત્વની કામગીરી કરી છે.

કચ્છ ઉપરાંત અભિયાને ગુજરાત બહાર પણ રાહતની કામગીરીમાં સક્રિય સહકાર આપ્યો છે. ૨૦૦૪માં તાલીમનાડુના નાગાપટીનમમાં આવેલી સુનામીના અસરગ્રસ્તોના જીવનને પૂર્વવત કરવા માટે સ્થાનિક સંસ્થાઓ સાથે સંકલન કરી રાહત કામગીરી કરી. એ જ રીતે ઈન્ડોનેશિયામાં પણ સુનામી સમયે રાહત કામગીરીમાં અભિયાનનો વિશાળ ફાળો રહ્યો. આવી કુદરતી આફતોમાં કઈ રીતે રાહત કામગીરી કરવી એ અંગે જકાર્તાના પર્યાવરણ મંત્રી સાથે પણ અભિયાનના પ્રતિનિધિઓએ બેઠક કરી હતી. કાશ્મીરમાં ૨૦૦૫ના વર્ષમાં આવેલા ભૂકંપના અસરગ્રસ્તોને ઑનરડ્રીવન પોલીસીથી પોતાની જાતે જ મકાન બાંધવા માટે સક્ષમ બનાવાયા. તો ૨૦૦૬માં સુરતની પૂર હોનારતમાં પણ અભિયાન રાહતમાં સક્રિય રહ્યું.



સાથી સંસ્થાઓ સાથે મળીને કચ્છ નવનિર્માણ અભિયાનની સીમાવર્તી કચ્છ જિલ્લામાં ત્રિવિધ રીતે વિકાસના કાર્યોમાં ભૂમિકા રહી છે. અભિયાન મુખ્યત્વે સંકલન, રચનાત્મક તેમજ સેવાકીય કાર્યો સાથે જોડાયેલું સંગઠન છે.

**સમસ્યાઓનું નિરાકરણ સ્વશાસન!**

વાવાઝોડા અને ભૂકંપ જેવી કુદરતી આફતોમાં સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને લોકભાગીદારીના ત્રિવેણી સેતુ દ્વારા કાર્ય કરનાર કચ્છ નવનિર્માણ અભિયાને ભૂકંપના પુનર્વસન પછી કચ્છની મહત્ત્વની સમસ્યાઓના ઉકેલ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. કચ્છના ગ્રામીણ ક્ષેત્રોની માળખાગત સુવિધાઓની જાણકારી માટે ડેટા બેંક ઊભી કરી. ખેતી, પશુપાલન, શિક્ષણ, આરોગ્ય, ગ્રામ વિકાસ, મહિલા સશક્તિકરણ, વંચિત સમુદાયના વિકાસ માટે લોકો સરકાર તરફ મીટ માંડવાના બદલે જાતે જ માળખાગત સુવિધાઓ ઊભી કરે તે તરફ અભિયાને ધ્યાન કેન્દ્રિત કર્યું. અત્યારે અભિયાન ટેકનોલોજીનો ગ્રામીણ સ્તરે વિકાસ થાય તે માટે ચૂંટાયેલા પંચાયતી સભ્યોના સશક્તિકરણ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને મજબૂત કરવા માટે, કાયદાકીય માર્ગદર્શન ક્ષેત્રે ગામના વિકાસ માટે વિલેજ ડેવલપમેન્ટ ફંડ ઉભું કરી ગ્રામીણક્ષેત્ર માટેનું બજેટ નીચેના સ્તરેથી જ બને તે માટે, પેરાકેડર કોલેજ દ્વારા પેરા પ્રોફેશનલ તૈયાર કરીને ગ્રામીણ યુવાનોને રોજગારી મળે અને ગામમાં શિક્ષણ, આરોગ્ય, પશુપાલનની ખૂટતી કડી પૂરી કરવા માટે, વંચિત સમુદાય તેમજ મહિલાઓના હક્કો માટે તેમજ કુદરતી સંપદાઓ, પાણી, ખેતી, જંગલ, ઘાસ, જૂના કૂવા-તળાવોની જાળવણી સહિત અનેક ક્ષેત્રે કાર્યરત છે. ગ્રામીણ સેતુ પછી હવે અભિયાને અર્બનસેતુ તરફ ધ્યાન કેન્દ્રિત કરીને શહેરી ગરીબો, વંચિતોના વિકાસ ઉપરાંત સરકારી યોજનાઓ વિશે માહિતી પૂરી પાડવી, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવી માળખાગત સુવિધાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અભિયાનની કામગીરીમાં ટકાઉ રોજગારી એટલે કે લાંબાગાળાની વાર્ષિક આવક માટે કરાયેલું કાર્ય મહત્ત્વની સિદ્ધિ ગણી શકાય તેવું છે. આજે આપણા પરંપરાગત વ્યવસાયો ખેતી, પશુપાલન, મીઠાના અગર, માછીમારી સાથે સંકળાયેલા પરિવારો માટે રોજગારી સરળ બનતાં સ્થળાંતર અટક્યું છે. સ્વશાસન એટલે કે લોકોનું પોતાનું શાસન કે જ્યાં લોકો તેમની સમસ્યાઓના ઉકેલ માટે સંગઠિત બને એ દિશામાં કામ કર્યું છે. કદાચ, કચ્છમાં સેવાકીય ક્ષેત્રે આ સૌથી મોટો બદલાવ ગણી શકાય.



● **અભિયાનના અભિન્ન અંગો :**

કચ્છ નવનિર્માણ અભિયાન અનેક સંસ્થાઓનું સંગઠન તો છે તેની સાથે અભિયાનની પ્રવૃત્તિઓને સાર્થક કરવામાં સંસ્થાના સ્થાનિક વિભાગોનું યોગદાન પણ નોંધપાત્ર છે. વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડતા અભિયાનના આ વિભાગોમાં આલેખન, સેતુ, દુષ્કાળ નિવારણ કાર્યક્રમ જે ડીપીપી-૨ તરીકે ઓળખાય છે તેમજ ટેકનોલોજીની સેવાઓ પૂરી પાડતા કે-લિન્ક વિભાગનો સમાવેશ થાય છે.

● **આલેખન :**

અભિયાન સંસ્થાનો આ દસ્તાવેજિકરણ વિભાગ છે જે અભિયાનના મુખપત્ર 'પ્રતિબિંબ'નું માસિક ધોરણે પ્રકાશન કરે છે જેમાં અભિયાન તેમજ સાથી સંસ્થાઓની પ્રવૃત્તિઓનું દસ્તાવેજિકરણ કરવામાં આવે છે. અભિયાન તથા સાથી સંસ્થાઓના વિવિધ અહેવાલો, બ્રોશર, પેમ્ફલેટ, બુકલેટ, વિઝીટીંગ કાર્ડ વગેરેની

*ભક્તિ આજકાલ શ્રદ્ધાથી દૂર જઈને દેખાડો બની ગઈ છે.*

ડિઝાઈનિંગનું કામ પણ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

- **સેતુ (સેતુ માહિતી કેન્દ્ર) :**

૨૦૦૧ના ભૂકંપ બાદ હાથ ધરાયેલી રાહત અને પુનઃવસનની કામગીરી માટે કચ્છ નવનિર્માણ અભિયાન દ્વારા કચ્છના વિવિધ વિસ્તારોમાં ઉભા કરાયેલા સેતુ માહિતી કેન્દ્રોની સામૂહિક, સંકલિત પ્રયાસોમાં ચાવીરૂપ ભૂમિકા રહી છે. પંચાયતોનું ક્ષમતાવર્ધન, ખેતી, પશુપાલન જેવા પરંપરાગત વ્યવસાયોને આજિવિકા સાથે સાંકળવાનું લાંબાગાળાનું આયોજન, શિક્ષણ, આરોગ્ય અને ગ્રામ વિકાસ માટે જરૂરી માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા, ટેકનોલોજીને ગ્રામીણ સ્તરે ઉપલબ્ધ કરાવવી અને જાહેર જનજાગૃતિને લગતી રચનાત્મક પ્રવૃત્તિઓ 'સેતુ' કેન્દ્રો દ્વારા થઈ રહી છે. સેતુએ પડકારોને પહોંચી વળવા સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની સાથે ગ્રામીણ વિસ્તારોને સાંકળવાની કામગીરી તેના મારફત થઈ રહી છે.

- **દુષ્કાળ નિવારણ કાર્યક્રમ :**

આ કાર્યક્રમ અંતર્ગત અભિયાને સરકાર, ગામલોકો અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ દાતાઓની મદદથી ખેતી, પશુપાલન અને પીવાના પાણીના ક્ષેત્રે કામ કરીને લોકોનું સ્થળાંતર થતું અટકે એ દિશામાં કામ શરૂ કર્યું. સાથે સાથે લોકોને ગામમાંજ તેમના પરંપરાગત વ્યવસાયો દ્વારા કાયમી આજીવિકા મળી રહે તે ક્ષેત્રે ધ્યાન આપ્યું. હાલે દુષ્કાળ નિવારણ કાર્યક્રમ અંતર્ગત કચ્છના નવ તાલુકાઓનાં ૨૦૬ ગામોમાં ૫૪૩૩ જેટલી વિશાળ સંખ્યામાં પશુપાલક પરિવારો સાથે પશુપાલન જેવા પરંપરાગત વ્યવસાયને ટકાઉ બનાવી પશુપાલકોને સહાયરૂપ બનવાની કામગીરી થઈ રહી છે.

- **કે-લીન્ક :**

આજનો જમાનો ટેકનોલોજીનો છે અને અભિયાને ગ્રામીણક્ષેત્રના વિકાસ માટે ટેકનોલોજીનો સમન્વય સાધવાનો પ્રયાસ 'કે-લીન્ક'ના માધ્યમથી સફળતાપૂર્વક કર્યો છે. આજે કે-લીન્ક પાસે રહેલા ડેટાબેઝમાં કચ્છના ગ્રામીણ ક્ષેત્રની આંકડાકીય માહિતીનો સંગ્રહ સરકારી તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ, વ્યક્તિગત દાતાઓ અને ગામલોકો માટે પણ વિકાસકાર્યના આયોજન માટે પથદર્શક બને છે. સેતુ કેન્દ્રોની મદદથી કચ્છના ૩૫૦ જેટલા ગામોની ભૌગોલિક પરિસ્થતિ, પાણીના સંગ્રહની તેમજ સ્રોતની પરિસ્થિતિ, ખેતી પર્યાવરણ અને પશુપાલન વિશેની વિગતો, ગામલોકોના પરિવાર વિશેની વિગતો, શિક્ષણ-આરોગ્ય-રસ્તાની માળખાગત સુવિધાઓ વિશેની માહિતી, ગામમાં રહેતા સરકારી કર્મચારીઓની માહિતીનો સંગ્રહ કે-લીન્કે કર્યો છે. આ ડેટાબેઝનો આધાર વિકાસમાં કેવી ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે. સતત નવા સોફ્ટવેર વિકસાવવાની સાથે કે-લીન્કે કચ્છની સરહદ ઓળંગીને બીજા રાજ્યોમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ માટે પણ નવા સોફ્ટવેર વિકસાવ્યા છે.

- **કચ્છડો :**

કચ્છના પ્રવાસન ક્ષેત્રે અનોખી રીતે કચ્છ આવતા પ્રવાસીઓને કચ્છની સાંસ્કૃતિક, ભૌગોલિક તેમજ સામાજિક પ્રણાલીથી સંપૂર્ણ રીતે અવગત કરાવવાના હેતુસર અભિયાનનો 'કચ્છડો' પ્રવાસન સેલ કાર્યરત છે. આ સેલ પ્રવાસીઓ અને કચ્છના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા ગ્રામીણ અને પરંપરાગત વ્યવસાયકારોનું સંકલન કરાવી કચ્છી કસબીઓની કલાને દેશ-વિદેશ સાથે જોડવાના પ્રયાસ સાથે આગળ ધપી રહ્યું છે.

- **ચાલુ વર્ષની અન્ય કામગીરી :**

કચ્છના રાપર તાલુકાના ગામડાંઓમાં ટોટલ ૭૧ તલાવડી ખોદવામાં આવેલ છે કે જેના કારણે ૩૬૨ એકર જમીનમાં પિયત ખેતી થઈ શકશે.

તદુપરાંત ૧૪ મોટા તળાવો ખોદાયેલ છે અને જૂન-૨૦૧૩ સુધીમાં અન્ય ૨૫ મોટા તળાવો ખોદાઈ જશે કે જેની કાર્યવાહી હાલે ચાલુ છે. આ બધા જ ગામના તળાવો હોવાથી સ્થાનિક ગામના લોકોને તથા પશુઓને પીવાનું પાણી ઉપલબ્ધ થઈ શકશે. ■

---

## સતત વેરઝેર અને ક્રોધનું જતન પ્રાણઘાતક

આજના યુવાનો મા-બાપને ગાંઠતા નથી. એમનામાં આત્મીયતા જેવી વસ્તુ, ભાવના રહી નથી. જેના કારણે માતા-પિતાને આ જીવન આકરું લાગે છે. જીવન ટૂંકાવી દેવાનું મન થાય છે. આ વિચારસરણીના કારણે ક્રોધ વધતો જાય છે. જેને કારણે શરીરમાં એવો રસ ઉત્પન્ન થાય છે જે પ્રાણઘાતક નીવડે છે.

એક બેન જયારે કોઈ વ્યક્તિ બળીને આત્મહત્યા કરે તો એને આશ્ચર્ય થતું અને વિચાર આવતો કે આવું પગલું કયા કારણસર ભરતા હશે? એને એનો જવાબ ક્યારેય મળ્યો નહિ. પરંતુ એના જીવનમાં પરિસ્થિતિ એવી આકાર પામે છે જયારે આ બેન છેવટે આવું જ પગલું ભરે છે. બળીને મરે છે.

એક ભાઈ ભારે કઠણ હૃદયના. ક્યારેય નાસીપાસ થાય નહિ. ક્યારેય હાર માને નહિ. પરંતુ એક દિવસ આ ભાઈ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરે છે.

દરેક ધર્મમાં આત્મહત્યા વર્જ્ય છે. જ્ઞાની પુરૂષો પણ એની વિરૂધ્ધ પ્રવચનો આપે છે. પરંતુ ઘણી વખત એવું બને છે કે જ્ઞાની પુરૂષો જ જીવનનો અંત આત્મહત્યાથી લાવે છે. ત્યારે આપણને એમ લાગે છે કે એવા તે કયા કારણો હશે કે સંજોગોના કારણે એક વ્યક્તિને આવું પગલું ભરવું પડે છે. એક વાત આપણને સદા યાદ રાખવી જોઈએ કે સતત ક્રોધનું જતન કે કોઈ વ્યક્તિ વેરઝેરને કારણે દ્વેષ, ઈર્ષ્યાના કારણે તેના મગજના જ્ઞાનતંતુઓમાં એવો રસ ઉત્પન્ન થાય છે કે એના શરીરમાં ઝેર પ્રસરતું જાય છે. એ સતત ઝેરનું શરીરમાં ફર્યા કરવું માણસ આત્યહત્યા તરફ વળે છે અને છેવટે એ વ્યક્તિ માટે પ્રાણઘાતક નીવડે છે.

સમગ્ર વિશ્વના ઈતિહાસમાં હિટલર જેવો ક્રૂર અને નિર્દયી મનુષ્ય જન્મ્યો નથી. એણે લાખો લોકોની હત્યા કરી નાખી / કરાવી નાખી. તો પણ એનું હૃદય દ્રવી ન ઉઠ્યું. જેમ જેમ લોકોની - યહૂદીઓની હત્યા કરતો ગયો તેમ તેમ એમના પ્રત્યેનો વેરભાવ વધતો ગયો. આ સતત વેરભાવનું જતન એને પોતાને બહુ જ મોંઘું પડ્યું. એના શરીરમાં એવા રસો ઉત્પન્ન થયા કે એને મરવાનું સહેલું થઈ પડ્યું. એણે આત્મહત્યા કરી. વેરભાવના અતિ સંગ્રહે ઝેરનું કાર્ય કર્યું.

*રવિલાલ કુંવરજી વોરા - દેશલપુર (કંઠી)*

# શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવી, કચ્છ

● માવજીભાઈ બારૈયા ●
નિયામક - વી.આર.ટી.આઈ.

## ● પૂર્વ ભૂમિકા :

કૃષિ પ્રધાન દેશ ભારતની આર્થિક ઉન્નતિનો પાયો ગામડાંઓ છે. દેશના આર્થિક અને સામાજિક જીવન ધોરણના વિકાસ માટે ગામડાંઓના વિકાસને અગ્રતા આપવી પડશે તે નિર્વિવાદ હકીકત છે. પરંતુ આજે દુર્ભાગ્યે વિકાસની પ્રક્રિયાના એક ભાગરૂપે વધી રહેલા શહેરીકરણને કારણે ગામડાંઓ તૂટતા જાય છે. અનિયમિત વરસાદ અને દુષ્કાળોને લીધે ગામડાંઓની કરોડરજ્જુ સમાન કૃષિ અને પશુપાલન વ્યવસાય ભાંગતા જાય છે. પરિણામે ગામડાંઓના લોકો રોજગારીની શોધમાં શહેરો તરફ વળી રહ્યા છે, જેની સીધી અસર શહેરો પર વિપરીત રીતે પડી રહી છે. વસતિની ગીચતા, રહેઠાણોનો અભાવ, વધતી મોંઘવારી, આરોગ્ય પર ખતરો અને બેરોજગારી જેવી સમસ્યાઓ આ શહેરીકરણને આભારી છે, જે ખરેખર રાષ્ટ્રના વિકાસને રૂંધી રહી છે.

**શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનિંગ ઈન્સ્ટિટ્યૂટ**
નાગલપુર રોડ, જૈન આશ્રમ પાસે,
માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫. મો. ૯૦૯૯૯ ૭૧૮૦૬

આ પરિસ્થિતિ વધતા ઓછા પ્રમાણમાં સમગ્ર દેશમાં છે, પરંતુ કચ્છ જેવા વિશાળ સરહદી વિસ્તારમાં તો આ સમસ્યા ઘણી વિકરાળ બની રહી છે. રણ અને દરિયાથી ઘેરાયેલા આ પ્રદેશમાં આવતા દુષ્કાળોએ આ ધરતીના નીર નીચોવી લીધા છે. જમીનમાં ખારાશ વધી રહી છે, ખેત ઉત્પાદન ઘટી રહ્યું છે. પાણીના અભાવે પશુપાલન વ્યવસાય પણ મુશ્કેલીમાં મુકાયો છે. આ સમસ્યાનો ઉકેલ રાહત કામો નથી, પરંતુ દુષ્કાળોને નાથીને વિકાસની પ્રક્રિયા વેગવંતી બનાવવામાં રહેલો છે. આ મૂળ ઉદ્દેશને ધ્યાને લઇ આદરણીયશ્રી કાંતિસેન શ્રોફ, પૂ. કાકાની દીર્ઘદૃષ્ટિનું ફળ એટલે આ સંસ્થા કે જેની સ્થાપના જૂન-૧૯૭૫માં ''ઍક્સેલ ગ્રામ વિકાસ કેન્દ્ર''ના નામની પ્રવૃત્તિથી થઇ. ત્યારબાદ શ્રી રામકૃષ્ણ મિશન રાજકોટના તત્કાલીન અધ્યક્ષ પરમ પૂ. વ્યોમાનંદજીના આશીર્વાદથી તા. ૨૯-૫-૧૯૭૮ના શુભ દિને શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ-માંડવીના નામે કાર્યરત થઇ.

કચ્છમાં પડતા દુષ્કાળોમાંથી ગ્રામ સમાજને બહાર લાવવાના મૂળભુત ઉદ્દેશથી શરૂ થયેલ આ સંસ્થાની પ્રવૃત્તિઓ જોઇએ તો તે આ પ્રમાણે છે :

## ● ગૌશાળા અને ખેતીવાડી :

પશુપાલન વ્યવસાયને ધ્યાનમાં રાખીને ઇ.સ. ૧૯૭૭માં ચાર સંકર ગાયો લાવીને એક નિદર્શન ગૌશાળાથી આ પ્રકલ્પની શરૂઆત થઇ. કચ્છના વાતાવરણમાં આ ગાય સક્ષમ છે તેની પ્રતિતિ માલધારીઓ અને ખેડૂતોને કરાવતી આ ગૌશાળામાંથી અનેક લોકોએ પ્રેરણા લીધેલ છે. આ યુનિટની સાથે ગાંડા બાવળની ફળીમાંથી પૌષ્ટિક અને સસ્તું ખાણદાણ ઘરઆંગણે બનાવીને ખેડૂતો જાતે આ કાર્યક્રમ અપનાવતા થાય તેવા હેતુથી ઇ.સ. ૧૯૭૯માં કેટલફીડ યુનિટ ચાલુ કર્યું. આ ગૌશાળામાં અત્યારે કુલ ૩૩ જેટલા નાના મોટા સંકર પશુઓ છે. હાલે આ વિસ્તારમાં અનેક સંકર ગાયો જોવા મળે છે. સંસ્થાના નલિયા કેન્દ્ર પર કાંકરેજ ઓલાદની ગૌશાળા ઊભી કરવામાં આવી છે. જેમાં નાના મોટા ૪૦ જેટલા પશુઓ છે.

કચ્છમાં દૂધ ઉત્પાદન ઘણું છે. પણ દૂધના માર્કેટનો મોટો પ્રશ્ન છે. કચ્છના માલધારીઓ પશુપાલકોને દૂધના માર્કેટ માટે મદદરૂપ થઇ શકાય તેવા હેતુસર ૧૯૯૫માં સંસ્થાના કેમ્પસ પર અને કચ્છમાં સૌ પ્રથમ વખત ''મિની ડેરી'' શરૂ કરવામાં આવી હતી. ક્વોલીટી પ્રમાણે દૂધનું પ્રોસેસીંગ, પેકિંગ કરી દૂધને માર્કેટમાં મોકલવામાં આવેલ. આ મિની ડેરીનું મોડેલ જોયા બાદ કચ્છમાં આ પ્રકારના બે નવા યુનિટ કાર્યરત થયા. કચ્છમાં પાણીની અછત અને જમીનમાં ખારાશ જેવી સમસ્યાઓ કૃષિ વિકાસમાં અવરોધરૂપ બને છે. આથી આ સંસ્થાએ કચ્છની આબોહવા, જમીન, પાણી વગેરેને ધ્યાને લઇ ખેત ઉત્પાદન કઇ રીતે વધારી શકાય તે માટેના સંશોધન કરી ખેડૂતોને મદદરૂપ થવાની પ્રક્રિયા હાથ ધરેલ છે. આ હેતુસર વી.આર.ટી.આઇ. માંડવી અને નલિયા ખાતે કૃષિ સંશોધન માટેના અવનવા પ્રયોગો કરવામાં આવે છે. ખારાશ સહન કરી શકે તેવા સૂર્યમુખી, રાયડો, સુગરબીટ, પપૈયા, શાકભાજી વગેરે પાકની ચકાસણી કરીને તે અંગેની ખેત પધ્ધતિઓ વિકસાવવાની કામગીરી થઇ રહી છે. ખારેક જેવા પાક માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરે છે. આયુર્વેદિક પાક, ઘાસચારાના પાકો, કંમ્પોસ્ટ ખાતર વગેરે કામગીરી સંસ્થાના નિદર્શન ફાર્મ ઉપર અવારનવાર ખેડૂતોને તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવે છે.

## ● જળસંચય કામગીરી :

સમગ્ર જીવસૃષ્ટિના આધાર સમાન પાણી છે. કચ્છમાં આ સમસ્યાને હલ કરવા માટે જળસંચય અને પાણી બચતની કામગીરી આ સંસ્થાએ પોતાના મહત્ત્વના કાર્યક્રમ તરીકે હાથ ધરેલ છે. આ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, દાતાઓ, સ્થાનિક ઉદ્યોગગૃહોની મદદ અને સ્થાનિક લોકોના સહકારથી ચેકડેમો, તળાવ બાંધકામ, ખેત તલાવડી, કૂવા રિચાર્જિંગ, અનુશ્રવણ તળાવો, બંધપાળા, ટ્રેન્ચ પધ્ધતિ જેવા જળસંચયના કામો થઇ રહ્યા છે. આ ઉપરાંત ઓછા પાણીએ વધુ પાક લઇ શકાય તેવી પિયત પધ્ધતિઓનો પ્રચાર પ્રસાર જેમાં ટપક સિંચાઇ, ધોરિયા પાઇપ તથા ટ્રેન્ચ ઇરીગેશન મહત્ત્વના છે. સરકારશ્રીની જળસ્રાવ વિસ્તાર વિકાસ યોજના ૫૪ જેટલા ગામોમાં પૂર્ણ કરવામાં આવી છે. આ યોજનાની સારી અમલીવારીને કારણે સંસ્થાને જળસ્રાવ વિસ્તાર વિકાસની તાલીમી સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે. સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (આઇ.ડબલ્યુ.એમ.પી.)ના કચ્છના ૪૧ ક્લસ્ટરોના ૧૩૦ ગામોમાં ક્ષમતાવર્ધનની કામગીરી થઇ રહી છે.

*દયા એવી ભાષા છે કે જે બહેરા સાંભળી શકે અને અંધ અનુભવી શકે છે, મૂંગા સમજી શકે છે.*

**• દુષ્કાળ નિવારણ કાર્યક્રમ :**

દુકાળગ્રસ્ત કચ્છમાં દુષ્કાળ સામે રાહત નહિ પણ તેના નિવારણ માટે શું કરી શકાય તેવી કામગીરીઓ કરવામાં આવે છે. જેમાં પીવાનું પાણી, ઘાસચારો, રોજગારી અને ખોરાકની સલામતી માટે કાર્યક્રમો કરવામાં આવે છે. જેના લીધે દુષ્કાળ પડે તો પણ નડે નહિ તેવા વ્યવસ્થાપન ઉપર ભાર મુકવામાં આવે છે. હાલમાં પશુપાલન વ્યવસાયને મજબૂત કરવાની કામગીરી થઇ રહી છે.

**• લોકવ્યવસ્થાપિત પેયજળ અને સ્વચ્છતા વિકાસ કાર્યક્રમ:**

ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ઉપલબ્ધતા કરાવવી, લોકોને પૂરતું અને નિયમિત પીવાનું પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. સ્વચ્છતા, સુખાકારી અને આરોગ્ય માટે લોકોને જાગૃત કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં તેઓની ભાગીદારી લેવાના ખાસ ઉદ્દેશને પાર પાડવામાં આવેલ છે. માંડવી, મુંદ્રા, અંજાર, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાના કુલ ૨૩૩ ગામોમાં કરવામાં આવેલ આ કામગીરી હેઠળ ગામ દીઠ પાણી સમિતિ બનાવી તેના દ્વારા આરોગ્ય, ગ્રામ અને શાળા સફાઇ, વૃક્ષારોપણ, જળસંચય જેવી વિવિધ કામગીરી કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૩ જેટલા ગામોને નિર્મળ બનાવીને તેઓશ્રીનું વિશેષ સન્માન રાષ્ટ્રપતિશ્રીના વરદ્ હસ્તે થયેલ.

આ ઉપરાંત અબડાસા તાલુકામાં 'પાણી થીયે પાંજો' કાર્યક્રમ અમલીકૃત થયેલ છે. જેમાં પીવાના પાણી માટે સ્થાનિક સ્રોતને સજીવન કરી તેના વ્યવસ્થાપનની કામગીરી કરવામાં આવેલ છે, જેના કારણે ૨૭ જેટલા ગામો પીવાના પાણી બાબતે સ્વાવલંબન બન્યા છે. તેઓના ગામમાં પીવાનું પાણી ઉપલબ્ધ બન્યું છે.

**• એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (ATMA):**

કેન્દ્ર સરકાર દ્વારા ૧૦મી પંચવર્ષીય યોજનાના ભાગરૂપે વિસ્તરણ શિક્ષણનો વ્યાપ વધે તે હેતુસર એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સીની શરૂઆત કરવામાં આવી. આ કાર્યક્રમ શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અમલીકૃત થતો હતો. ડિસેમ્બર-૨૦૦૭થી કચ્છ જિલ્લામાં અમલીકરણની જવાબદારી સંસ્થાને સોંપવામાં આવી. હાલમાં સરકાર અને સંસ્થા સાથે મળીને આ કાર્યક્રમનો અમલ થઇ રહેલ છે.

આત્મા યોજના અંતર્ગત વિસ્તરણ શિક્ષણનો વ્યાપ વધે અને નવી ટેકનોલોજી ખેડૂત સુધી પહોંચે તે હેતુસર તાલુકા, જિલ્લા અને જિલ્લા બહાર તથા આંતરરાજ્ય તાલીમ, પ્રવાસ તેમજ જુથ રચના, રીવોલ્વિંગ ફંડ, નિદર્શન, કિસાન ગોષ્ઠી, કૃષિ પ્રદર્શન, બેસ્ટ ફાર્મર ઍવૉર્ડ તથા વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ આયોજિત કરવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિ આત્મા હેઠળ રચાયેલ ખેડૂત જુથ અને કૃષિ વિભાગ સાથે સંકળાયેલ વિભાગ સાથે સંકલન દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમના સફળ અમલીકરણથી કચ્છમાં છેલ્લા ચાર વર્ષથી 'બેસ્ટ પરફોર્મિંગ ડિસ્ટ્રીક્ટ આત્મા ઍવૉર્ડ'થી નવાજવામાં આવે છે. આત્મા અંતર્ગત મદનપુરા, તા. માંડવીની ફાર્મર ક્લબને બેસ્ટ ફાર્મર ઍવૉર્ડ આપવામાં આવેલ છે, જે સંસ્થા અને સરકાર બન્ને માટે ગૌરવની વાત છે.

**• ઘાસબેન્ક અને નીરણ કેન્દ્ર :**

કચ્છમાં દર પાંચ વર્ષમાં ૨ વર્ષ દુષ્કાળ, એક વર્ષ મધ્યમ અને ૨ વર્ષ પ્રમાણમાં વરસાદ સારો હોય છે. કચ્છમાં જ્યારે દુષ્કાળનું કે નબળું વર્ષ હોય ત્યારે પશુપાલન વ્યવસાયને ખૂબજ નુકસાન વેઠવું પડે છે. ચરિયાણ વિસ્તાર ખૂબ જ છે. નબળું ચરિયાણ હોવાથી સારો વરસાદ થાય તોજ તેમાંથી ઘાસચારો મળે અને નબળા વર્ષે ખેતરોમાં પણ ચારો પેદા થતો નથી. આથી આવા સમયે પશુઓને નિભાવવા અને તેની ઉત્પાદકતા જાળવી રાખવી એ બાબત ખૂબ જ અગત્યની છે. જે નબળા વર્ષે પશુઓને ઘાસચારાની અને પાણીની વ્યવસ્થા ન થાય તો તેનું સ્થળાંતર થાય. નબળા ઢોરોનું મરણ પ્રમાણ વધી જાય, દુઝણા પશુઓની ઉત્પાદકતા ઘટી જાય છે. ઓછી કિંમત, નજીવી કિંમતે ઢોરને વેચવું પડે અથવા તેને પાંજરાપોળમાં મુકીને તેના ઉપરથી કાયમી હાથ ઉઠાવી લેવો પડે છે. આવી પરિસ્થિતિ અવારનવાર સર્જાય છે. આથી આવા નબળા સમયે પશુપાલકો આ વિસ્તારમાં ટકી રહે, ઉત્પાદકતા ન ઘટે, ઊભી કરેલ દૂધની બજાર વ્યવસ્થા તૂટી ન પડે અને માલધારીઓના પરિવારના બાળકોને શિક્ષણ, આરોગ્ય સેવાથી વંચિત ન રહે તેમજ પશુપાલન દ્વારા ટકાઉ વિકાસ થાય તે માટે નબળા વર્ષે ઘાસચારા તેમજ પાણીની વ્યવસ્થામાં મદદરૂપ થવા 'નીરણ કેન્દ્ર' શરૂ કરવામાં આવે છે.

જ્યારે સારા વરસાદ વખતે ઉત્પન્ન થતો જુવારનો ચારો ગામમાં જ સંગ્રહ કરવા માટે ઘાસબેન્ક બનાવવામાં આવે છે, જે પશુપાલકોને ખૂબ ઉપયોગી છે. દુષ્કાળની અસર ઓછી કરવા ગામનું પાણી ગામમાં, સીમનું પાણી સીમમાં, ખેતરનું પાણી ખેતરમાં તેવી રીતે ગામનો ચારો પણ ગામમાં જ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

**• આરોગ્ય અને સુખાકારી :**

આપણી એક કહેવત છે કે "પહેલું સુખ તે જાતે નર્યા." એવા આશયથી ગુજરાત સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામડાંઓના પરિવારો માટે સુગમ શૌચાલય બાંધી આપવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યથી આરોગ્ય જળવાય છે, પર્યાવરણ સુધારણાનું કાર્ય થઇ શકે છે. ઘરઆંગણે સુવિધા ઉભી થાય છે. અબડાસા જેવા દુર્ગમ વિસ્તારના ગામડાંઓમાં સમયસરની સારવાર ન મળવાને અભાવે દર્દીઓને પરેશાન થવું પડે છે. આ પરિસ્થિતિમાં મદદરૂપ થવાના આશયથી સંસ્થાના નલિયા કેન્દ્ર પર એક એમ્બ્યુલન્સ વાહનની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે, જેનો લાભ અનેક જરૂરિયાતમંદ દર્દીઓ લઇ રહ્યા છે. પ્રાથમિક શાળામાં સ્કૂલ સેનીટેશન કાર્યક્રમ અને ઇકો ક્લબની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.

**• કુદરતી આપત્તિ વ્યવસ્થાપન કાર્યક્રમ :**

કચ્છમાં અવારનવાર આવતી કુદરતી આપત્તિઓનો ભોગ બનનારને મદદરૂપ થવું એ માનવીય કાર્ય છે. કુદરતી આપત્તિ બાદ તેના કાયમી ઉકેલો શોધવા તથા એ પ્રમાણે વ્યવસ્થાપન કરવું એ જરૂરી છે. જેને ધ્યાને લઇ સંસ્થાએ કચ્છમાં કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓનું એક સંકલન કેન્દ્ર એટલે કચ્છ નવ નિર્માણ અભિયાન જેના દ્વારા આપત્તિના સમયે સંકલનથી કામગીરી કરવામાં આવે છે.

**• ઉદ્યોગગૃહોની સામાજિક જવાબદારી :**

કચ્છમાં કામ કરતા ઉદ્યોગ ગૃહોની સામાજિક જવાબદારીના ભાગરૂપે વિકાસલક્ષી કાર્યક્રમો કરવાના હોય છે. આપણી સંસ્થા પાસે

*દરિદ્રતા મટાડવી છે તો પોતાની ઈચ્છાઓને સમાપ્ત કરી દો.*

લોકોની જરૂરિયાત મુજબના માઇક્રો પ્લાનિંગ તૈયાર થયેલા હોય છે. ઉદ્યોગ ગૃહો લોકોની જરૂરિયાતવાળા અને લાંબાગાળા સુધી ઉપયોગી કામો કરે તે માટે સંકલન કરી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. એક્સેલ ક્રોપ કેર લિમિટેડ, કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ, જી.એમ.ડી.સી., સુઝલોન વગેરે સાથે આવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેના સારા પરિણામો લોકોને મળેલ છે.

- **શિક્ષણ :**

ગામડાંઓના સર્વાંગી વિકાસના ભાગરૂપે સંસ્થાએ શિક્ષણની કામગીરી પણ હાથ ધરેલ છે. જેમાં વી.આર.ટી.આઇ. પંચાયતી પ્રાથમિક શાળાને એક આદર્શ શાળા બનાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. ગામડાંઓના શિક્ષકોને વિવિધ પ્રકારની તાલીમ આપવી તેમજ વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓને સાથે રાખીને વિવિધ પ્રકારની શિક્ષણની કામગીરી કરવી. શિક્ષકો તથા શાળાઓને ઉપયોગી સાહિત્ય પૂરું પાડવું અને શૈક્ષણિક પ્રવાસ યોજવા અને શૈક્ષણિક ગુણવત્તા સુધારણાના કાર્યક્રમો હાથ ધરવાની કામગીરી કરવામાં આવે છે. વાલીઓ સાથે સંકલન કરી ગ્રામ વિકાસમાં શાળાની ભાગીદારી ઊભી કરવાના પ્રયાસો કરવામાં આવે છે.

શિક્ષક, આચાર્યશ્રી, વિદ્યાર્થીઓની આવડતો વધે તે પ્રકારની સ્કીલ ડેવલપમેન્ટ શિબિરો/તાલીમો તેમજ શૈક્ષણિક પ્રવાસો, હેતુલક્ષી પુસ્તકોનું શાળાઓમાં વિતરણ, વિજ્ઞાન મેળા, બાળમેળા, વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક કાર્યક્રમ, શાળામાં પર્યાવરણીય પ્રવૃત્તિઓ અને હેતુલક્ષી સાંસ્કૃતિક કાર્યક્રમો સમયાંતરે ગોઠવાયા જ કરે છે.

સંસ્થાની આ પ્રવૃત્તિને મળેલ અનેક સફળતાઓથી પ્રેરાઇને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ સંસ્થાના પ્રતિનિધિને "શાળા ગુણવત્તા ઍવૉર્ડ સમિતિ"ના સદસ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- **કચ્છી ભાષા પરીક્ષા :**

કચ્છની શાળાઓમાં બહારથી આવતા બિન કચ્છી શિક્ષકો કચ્છી ભાષા જાણે સમજે તે જરૂરી છે. સ્થાનિકે કચ્છી ભાષાથી અજાણ લોકો કચ્છી ભાષાને સમજે તે પણ ખૂબ જરૂરી છે જેથી કચ્છના સ્થાનિક લોકો સાથે તાદામ્યતા કેળવી શકે આ હેતુથી કચ્છી ભાષા પરીક્ષા પ્રવૃત્તિ વર્ષ - ૨૦૧૦થી હાથ ધરેલ છે. આ કાર્યક્રમને ખૂબ સારો આવકાર મળ્યો છે. પ્રથમ વર્ષે જ પરીક્ષાના કેન્દ્રો તથા પરીક્ષાર્થીમાં બે થી ચાર ગણો વધારો થયો છે. જે સંસ્થાની કામગીરીના ફલકની ઝાંખી કરાવે છે.

- **વિવેકગ્રામ :**

ગ્રામ વિકાસ અને ગ્રામ સમાજ ઘડતરના ઉદ્દેશથી છેલ્લા ૧૮ વર્ષથી નિયમિત રીતે માસિકનું પ્રકાશન કરવામાં આવે છે. આ માસિક શૈક્ષણિક સંસ્થાઓ અને કૃષિ યુનિવર્સિટીના વાંચનાલયોમાં ઉપયોગી નિવડ્યું છે. જેમાં ગુજરાતના અનુભવી લેખકો દ્વારા સમાજને સંદેશો પહોંચાડવાનું કાર્ય થાય છે. આ માસિક ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતા દ્વારા હાઇસ્કૂલોમાં મંગાવવા માટે ગ્રાન્ટ માન્ય થયેલ છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

"વિવેકગ્રામ" માસિકની સાથે સમયાંતરે ઉપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં શૈક્ષણિક, મેનેજમેન્ટ, આરોગ્ય, પર્યાવરણ અને સાહિત્યના ૫૭ જેટલા પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવેલ છે. જેમાંના કેટલાક પુસ્તકો બીજી અને ત્રીજી આવૃત્તિ સ્વરૂપે પ્રગટ થયા છે. જે ગુણવત્તા અને ઉપયોગીતાને સાબિત કરે છે.

- **લોકજાગૃતિ કાર્યક્રમ :**

ગ્રામ વિકાસનું પ્રથમ પગથિયું એ લોક જાગૃતિ છે. ગ્રામ વિકાસના વિવિધ કાર્યોમાં લોકભાગીદારી ઉભી કરવી, એ પાયાની જરૂરિયાત છે. યોજનાનું મહત્ત્વ લોકો સ્વયં સમજીને તેમાં જોડાય તેવા હેતુથી ગામડાંઓમાં લોકભોગ્ય બનેલા લોકડાયરાઓના માધ્યમથી જળસંચય, પર્યાવરણ, આરોગ્ય વગેરે વિષયોને વણી લઇને લોકજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. આ હેતુલક્ષી કાર્યક્રમોથી મોટા પાયે લોકો કાર્યક્રમને સમજી પોતાનું યોગદાન આપે છે. સાચી સમજ આપવા આ "લોકડાયરા" અસરકારક માધ્યમ બન્યું છે.

- **ખારાશ વિસ્તારોત્થાન પરિયોજના :**

કચ્છના દરિયા કિનારાની જમીનની ખારાશને અટકાવવી જરૂરી છે. જળસંચય, જળ વ્યવસ્થાપન તથા પર્યાવરણની કામગીરી સર રતન ટાટા ટ્રસ્ટના સહયોગથી મુંદ્રા અને માંડવી તાલુકાઓના ૨૫ જેટલા ગામોમાં આ પ્રોજેક્ટ હાથ ધરેલ છે. લોકભાગીદારી સાથે અમલી બનેલ આ કાર્યક્રમ ખૂબ જ અસરકારક બન્યો. ગ્રામ વિકાસમાં તેના પરિણામો સીમાચિહ્નરૂપ અને પ્રેરક બની રહ્યા છે. સ્થાનિક લોકો આયોજનથી માંડીને અમલીકરણ સુધી સાથે રહેતા, આ કાર્યક્રમના અસરકારક પરિણામોથી સંસ્થાને રાષ્ટ્રીય ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયા છે.

- **કચ્છ આજીવિકા અને શિક્ષણ અભિવૃધ્ધિ કાર્યક્રમ:**

કચ્છમાં છેલ્લા ૭ વર્ષથી કેર - ઇન્ડિયાના આર્થિક સહયોગથી ગ્રામ વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓ થઇ રહી છે. 'સ્નેહલ' સાતત્યપૂર્ણ પોષણ, શિક્ષણ, આરોગ્ય અને આજિવિકામાં સતત સુધારો થાય તથા વંચિત સમુદાયોનું સશક્તિકરણ કરવું તેમજ સંવેદનશીલ પરિવારો માટે આજિવિકાની તક પૂરી પાડવાની મુખ્ય કામગીરી આ કાર્યક્રમમાં કરવામાં આવેલ. આજ કાર્યક્રમને મોટા પાયે અમલીકરણ કરવા માટે કચ્છના અબડાસા, લખપત, નખત્રાણા, માંડવી અને મુંદ્રા દરિયા કિનારાના પાંચ તાલુકાના ૨૨૫ જેટલા ગામોમાં ૧૩ ક્લસ્ટરો બનાવીને કચ્છ આજિવિકા અને શિક્ષણ અભિવૃધ્ધિ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. ખેતી, પશુપાલન અને માઇક્રો ફાઇનાન્સના મુખ્ય ત્રણ ઘટકોમાં કામગીરી થઇ રહી છે. ખેતી, પશુપાલન તેમજ બહેનોના સેલ્ફ હેલ્પ ગ્રુપો બનાવી ગ્રુપ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા સામુદાયિક વિકાસની પ્રણાલી ઊભી કરવામાં આવે છે.

અંતરિયાળ વિસ્તારમાં ખેતી, પશુપાલનની સર્વિસ માટે અબડાસા, લખપત અને નખત્રાણામાં 'ઍગ્રો સર્વિસ સેન્ટર' શરૂ કરવામાં આવેલ છે. જેનાથી આજુબાજુના ગામડાંના લોકોને ખેતી, પશુપાલન તેમજ સરકારી યોજનાઓ વિશેની માહિતી અને સેવાઓ અવિરત મળતી થઇ છે. લાંબા ગાળે ટકાઉ બને, લોક સંગઠનો જ આવા સેન્ટરો સંભાળે તે ધ્યાને લઇ શરૂઆતથી જ લોકોની ક્ષમતાવર્ધન કરવામાં આવ્યું છે. જવાબદારી લેતા કરી, દરેક પ્રવૃત્તિમાંથી લાંબેગાળે કંઇક આવક ઉભી થાય અને સેવાઓ મળતી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

*પોતાની જાતમાં વિશ્વાસ એ સફળતાનું પહેલું રહસ્ય છે.*

બહેનોના સંગઠનનું એક ફેડરેશન પણ ઊભું થયું છે.

● **એગ્રીકલ્ચર સ્કેલઅપ કાર્યક્રમ :**

કચ્છના અંતરિયાળ વિસ્તારના ખેડૂતોએ ખેતીમાં, પશુપાલન, માછીમારીમાં કરેલ સફળ કામગીરીનું વિસ્તરણ શિક્ષણ થાય એ જરૂરી છે. વધારે વિસ્તારમાં વવાતા પાકોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવેલ. આ વિસ્તારમાં કામ કરતા ખેતી, પશુપાલન તથા સેલ્ફ હેલ્પ ગ્રુપોની માહિતી - જેનું દસ્તાવેજીકરણ સમયસર થતું રહે તે જરૂરી છે. આ માટે સોફ્ટવેર પણ વિકસાવવામાં આવેલ છે. આ વિસ્તારના ઉત્પાદકોને મુખ્ય બજાર સાથે જોડવા માટે એક "વિરાટ રૂરલ એગ્રો પ્રોડ્યુસર કંપની" બનાવવામાં આવી છે. જે ભવિષ્યમાં ખૂબ ઉપયોગી બનશે. આ કંપનીને સફળ સંચાલન માટે સંચાલકોનું ક્ષમતા વર્ધનનું કામ થઇ રહ્યું છે.

● **રૂકમાવતી રીવર બેઝિન મેનેજમેન્ટ :**

રીઝ ટુ વેલી કન્સેપ્ટ સાકાર કરવાના ઉદ્દેશથી કચ્છમાં મૃતઃપાય થયેલી નદીઓને પુનઃજિવિત કરવા માટે પાઇલોટ પ્રોજેક્ટ તરીકે "રૂકમાવતી રીવર બેઝિન મેનેજમેન્ટ કાર્યક્રમ" હાથ ધરેલ છે. નદીનો કેચમેન્ટ એરિયા પસંદ કરીને તેનો સર્વાંગી વિકાસ માટે પશુપાલન, ખેતી, વોટર હાર્વેસ્ટિંગ, વોટર મેનેજમેન્ટ, જમીન સુધારણા, પર્યાવરણ જાળવણી દ્વારા લોકોનું આર્થિક જીવન ધોરણ ઊંચું લાવવાનું આયોજન છે. જેમાં જુદી જુદી યોજનાઓનો અમલ કરી લાંબાગાળાનો પ્રોજેક્ટ સંસ્થા અને ગ્રામજનો સાથે મળી કામ કરશે. આ માટેનું જરૂરી માઇક્રો પ્લાનિંગ સર્વેની કામગીરી પણ કરવામાં આવી છે. આયોજન, અમલીકરણ અને વ્યવસ્થાપન એમ ત્રણ તબક્કે આ કાર્યક્રમ આગળ ચાલશે. સ્થાનિકે યુવાનો પસંદ કરી, તાલીમ આપી સમગ્ર વિસ્તારનું આયોજન કરવામાં આવેલ છે. પાંચ ક્લસ્ટરો બનાવેલ છે. ૫૫ જેટલા ગામો અને એક લાખથી વધારે વસતિ અને ૭૦,૦૦૦ હેક્ટર જમીનના વિકાસની કામગીરીનું આયોજન થયું છે. આ કાર્યક્રમના વ્યવસ્થાપન માટે ક્લસ્ટર પ્રમાણે "મહાજન" જવાબદાર જુથ તથા સમિતિઓ બનાવેલ છે. આ કાર્યક્રમમાં પણ રૂકમાવતી રૂરલ એગ્રો પ્રોડ્યુસર કંપની લિ. બનાવવામાં આવેલ છે.

● **સંસ્થાની કેટલીક ગૌરવપ્રદ સિધ્ધિઓ :**

**'અ' વર્ગની સ્વૈચ્છિક સંસ્થા તરીકે માન્યતા :**

ગ્રામ વિકાસ ક્ષેત્રે ઘણા વર્ષોથી કાર્યરત આ સંસ્થાએ કેટલીક નોંધપાત્ર કામગીરી દ્વારા સિધ્ધિઓ હાંસલ કરેલ છે. સરકારશ્રીના અભિગમ મુજબ આવી નીવડેલી સ્વૈચ્છિક સંસ્થાઓને વધુને વધુ જવાબદારીઓ સોંપવામાં આવી રહી છે. કામગીરીમાં સરળતા રહે તે માટે ગુજરાત સરકાર તરફથી સમગ્ર રાજ્યમાં ત્રણ સ્વૈચ્છિક સંસ્થાઓને "અ" વર્ગમાં વર્ગીકૃત કરી છે, જેમાં આ સંસ્થાનો પણ સમાવેશ કરેલ છે.

## વિવિધ પુરસ્કારોથી સંસ્થાની ઉચિત કદર

***સંસ્થાની સિધ્ધિઓની રાષ્ટ્રકક્ષાએ પણ નોંધ લેવામાં આવેલ છે.***

***આજ સુધીની સંસ્થાની ઉત્કૃષ્ટ કામગીરીની કદરરૂપે ચાર રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે, જેની વિગતો આ મુજબ છે.***

| *ક્રમ* | *પુરસ્કારનું નામ* | *પુરસ્કાર આપનાર સંસ્થા* | *વર્ષ* |
|---|---|---|---|
| ૧ | ગ્રામ વિકાસક્ષેત્રે અસાધારણ કામગીરીની કદરરૂપે ગ્રામ વિકાસ રાષ્ટ્રીય પુરસ્કાર | રાષ્ટ્રીય વાણિજ્ય અને ઔદ્યોગિક સંઘ (ફિક્કી), નવી દિલ્હી | ૧૯૯૩ |
| ૨ | ગ્રામ ટેકનોલોજી ક્ષેત્રે સંસ્થાએ મેળવેલ સિધ્ધિ બદલ ગ્રામ ટેકનોલોજી રાષ્ટ્રીય પુરસ્કાર | સીરી રામ વાશેશ્રન દેવી ભાટિયા મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ, નવી દિલ્હી | ૧૯૯૭ |
| ૩ | પરમાનંદ કાપડિયા અને જાદવજી સોમચંદ મહેતા રાષ્ટ્રીય સફાઇ પુરસ્કાર | નેશનલ સેનીટેશન એન્ડ એન્વાયરમેન્ટ ઇમ્પ્રુવમેન્ટ ફાઉન્ડેશન | ૧૯૯૭ |
| ૪ | પરમાનંદ કાપડિયા અને જાદવજી સોમચંદ મહેતા રાષ્ટ્રીય સફાઇ પુરસ્કાર | નેશનલ સેનીટેશન એન્ડ એન્વાયરમેન્ટ ઇમ્પ્રુવમેન્ટ ફાઉન્ડેશન દ્વિતીય પુરસ્કાર | ૨૦૦૩ |
| ૫ | દર્શનક એવોર્ડ | દર્શક ફાઉન્ડેશન, અમદાવાદ | ૨૦૦૬ |
| ૬ | ભૂમિજળ સંવર્ધન પુરસ્કાર | જળ સંશાધન મંત્રાલય, ભારત સરકાર - ન્યુ દિલ્હી | ૨૦૦૭ |
| ૭ | ભૂમિજળ સંવર્ધન પુરસ્કાર | જળ સંશાધન મંત્રાલય, ભારત સરકાર - ન્યુ દિલ્હી | ૨૦૦૮ |
| ૮ | અર્થકેર ઍવૉર્ડ-૨૦૧૧ | જે.એસ.ડબલ્યુ. ફાઉન્ડેશન અને ટાઇમ્સ ઓફ ઇન્ડિયા-ન્યુ દિલ્હી | ૨૦૧૧ |
| ૯ | "કચ્છ રત્ન" પારિતોષિક (કૃષિ) | કચ્છી ચેર (કચ્છ યુનિવર્સિટી સ્થાપિત) | ૨૦૧૨ |

***તદુપરાંત, સંસ્થાના આદ્યસ્થાપક અને અધ્યક્ષશ્રી કાંતિસેન શ્રોફને નીચેની વિગતે બે વખત સન્માન કરવામાં આવ્યા છે.***

***૧. સંસ્થાએ કરેલી નોંધપાત્ર કામગીરીની કદરરૂપે મુંબઇની કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ દ્વારા સન્માન એપ્રિલ-૧૯૯૧***

***૨. પાણી સંગ્રહક્ષેત્રે મેળવેલ સિધ્ધિની કદરરૂપે સૌરાષ્ટ્ર લોકમંચ દ્વારા અપાયેલ ઇ.સ. ૧૯૯૬નો "જળસંચય રાષ્ટ્રીય ઍવૉર્ડ" પ્રાપ્ત કરેલ છે.***

આ ઉપરાંત ગ્રામકક્ષાએ લોક સમિતિઓ, સંગઠનો દ્વારા સંસ્થાએ કરેલ વિકાસની પ્રવૃત્તિની નોંધ લેવાતી જ રહી છે. આ સંસ્થા માટે ગૌરવની વાત છે. આપ પણ આ ગ્રામ વિકાસના કાર્યમાં આપની રૂચિ પ્રમાણે જોડાઇને ગામડાંને સ્વનિર્ભર બનાવવામાં સહયોગી બનશો.

# સહજીવન

• કુ. કૃપા ધોળકિયા •
એક્ઝીક્યુટીવ સેક્રેટરી

**"સહજીવન"**
૧૭૫, જલારામ સોસાયટી, વિજય નગર,
વિશ્વ મંગલ એપાર્ટમેન્ટની પાછળ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

## • સંસ્થાનો ઉદ્‌ભવ વિકાસ :

અર્ધ શુષ્ક એવા કચ્છ જિલ્લામાં નિયમિત દુષ્કાળ, એ કુદરતી ચક્રનો એક ભાગ છે. વર્ષ ૧૯૮૬, ૧૯૮૭ અને ૧૯૮૮માં સતત ત્રણ દુષ્કાળ પડ્યા. જેની કારમી અસર ખેતી, પશુપાલન જેવા પારંપરિક વ્યવસાયો ઉપર અને બહેનોની જિંદગી ઉપર પડી. પીવાનું પાણી, ખેતી અને પશુપાલનમાં જ્યાં સીધી રીતે બહેનો જોડાયેલી છે ત્યાં તેમની દરરોજની જિંદગીમાં વધારાનો ભાર તેમણે વેઠવો પડ્યો. આ સમયમાં કચ્છમાં મહિલાઓના ઉત્થાન માટે કાર્યરત **કચ્છ મહિલા વિકાસ સંગઠન** સંસ્થાને પર્યાવરણીય મુદ્દાઓ ઉપર બહેનો સાથે કામ કરવા માટે સામાજિક-ટેકનિકલ અભિગમ ધરાવતી ટીમની જરૂરિયાત ઉભી થઇ. જેના પ્રતિસાદમાં અમદાવાદ સ્થિત **જનવિકાસ સંસ્થા** દ્વારા કચ્છમાં **જન વિકાસ ઇકોલોજી સેલ** નામનું યુનિટ કાર્યરત થયું. આ યુનિટ આગળ જતા કચ્છના સામાજિક-પર્યાવરણીય મુદ્દાઓની ઊંડાણ પૂર્વકની સમજણ અને આવડતની ક્ષમતા સાથે ૧૯૯૭માં **'સહજીવન'** તરીકે ટ્રસ્ટ અને સોસાયટી હેઠળ સ્વતંત્ર સંસ્થા તરીકે સ્થાપના થઇ. 'સહજીવન'નો મતલબ સાથે મળીને જીવવું. (અહીં માનવ સાથે પશુ, પક્ષી, પરિસર તંત્ર અને સમગ્ર જીવ સૃષ્ટિ સાથે મળીને સંવાદિતતા સાથે જીવી શકે તેવા આશય અને પ્રવૃત્તિઓ સાથે સહજીવન નામ નક્કી કરવામાં આવ્યું.)

## • સંસ્થાનું વિઝન :

'આપણે એવાં સમાજનાં સર્જનમાં સહભાગી થઇએ, જે સંસ્કૃતિ, પરંપરા, માનવીય મૂલ્યો અને લૈંગિક સમાનતાને કેન્દ્રમાં રાખીને નિવસનતંત્ર ટકાવી રાખતું હોય.'

## • સંસ્થાનું મિશન :

અમારૂં અસ્તિત્વ લૈંગિક સમાનતા, માનવીય મૂલ્યો, પરંપરાગત જ્ઞાન અને સરળ તકનીકી ઉપાયોને સંકલિત કરતા નિવસનતંત્ર (ઇકો સીસ્ટમ)નાં સંરક્ષણ દ્વારા પરંપરાગત વ્યવસાયોને મજબૂત કરવા માટે નીતિને અસર કરે તેવા સ્થાનિક સ્તરે સમુદાય દ્વારા નિદર્શન ઊભાં કરવા માટે છે.

## • સંસ્થાના મૂલ્યો :

**૧. સામુદાયિક :**

વ્યક્તિ કે સમૂહ સાથે નિવસનતંત્ર (ઇકો સિસ્ટમ) ટકી રહે તે રીતે કામ કરવું જે બહોળા સમુદાયને અસર કરતું હોય.

સંસ્થાકીય સ્તરે તથા સાથી સંસ્થાઓની એકબીજાની ક્ષમતાઓનો સુમેળ સાધીને નવી તાકાત ઉભી કરવામાં અમે માનીએ છીએ.

**૨. વિકેન્દ્રિકરણ :**

અમે માનીએ છીએ કે સત્તા, માલિકી, જવાબદારી, નિર્ણયો અને નેતૃત્વ માટેનું કેન્દ્ર કોઇ એક પાસે ન હોતા તે સમુદાયના સ્તરે હોય.

**૩. ટકાઉપણું :**

સમુદાયનાં નેતૃત્વથી નિવસનતંત્ર (ઇકોસિસ્ટમ)નું સમતુલન કરે તેવા ટકાઉ કાર્યોની વાત અમે કરીએ છીએ.

**૪. લૈંગિક સમાનતા :**

નિવસનતંત્ર પર આધારિત જીવનશૈલીને ટકાવી રાખવા મહિલા અને પુરૂષો એમ બન્નેની સમાન નિર્ણયાત્મક ભૂમિકા આવે તેમ અમે માનીએ છીએ.

**૫. પરંપરાગત જ્ઞાનને માન આપવું :**

સમુદાયની કોઠાસૂઝ, અનુભવ તેમજ સાંસ્કૃતિક મૂલ્યો આધારિત જ્ઞાન કે જે નિવસનતંત્ર (ઇકો સિસ્ટમ)ની સમતુલા જાળવતું હોય, તેનું સંવર્ધન થાય અને તેને માન આપી દુનિયામાં ઓળખ ઊભી થાય એમ અમે માનીએ છીએ.

**૬. માનવતા :**

કુદરત અને મનુષ્ય વચ્ચે સંવાદિતતા જાળવવા માટે દરેક વર્ગ અને જ્ઞાતિની સમાનતા, સંવેદનશીલતા, નૈતિકતા અને સહકારની ભાવના જેવાં પાયાનાં મૂલ્યો જળવાય તેવી જીવનશૈલીને પ્રોત્સાહિત કરવામાં અમે માનીએ છીએ.

**૭. સંવર્ધન :**

કુદરત સર્જિત શૃંખલા તેનાં મુળભૂત સિદ્ધાંતો મુજબ ચાલતી રહે તે માટે તેનું જતન થાય એમ અમે માનીએ છીએ.

## • સંસ્થાનો અભિગમ :

★ **બહોળો દૃષ્ટિકોણ** : નિવસનતંત્રને ટકાવી પરંપરાગત વ્યવસાયને મજબૂત બનાવવાની દિશામાં સ્વાવલંબી, વિકેન્દ્રિત અને જૈવિક સૃષ્ટિને લાભ થાય એવાં પાસાને ધ્યાનમાં રાખી સ્થાનિક સ્તરે અમલ થાય, જેની અસર નીતિવિષયક બદલાવ માટે માધ્યમ બને એવી રીતે કામ કરીએ છીએ.

★ **સશક્તિકરણ** : નિવસનતંત્રનું સમતુલન જાળવવા સમુદાયમાં

*આજનો મોટો બધો (ઈગો) અહમ આવતીકાલની (લૂઝર) પડતીની નિશાની છે.*

રહેલ સુષુપ્ત શક્તિ તેમજ આવડતને બહાર લાવીને પ્રોત્સાહન મળે તેવું વાતાવરણ ઉભું કરવું જેથી તે સ્વાવલંબી બને.

★ **અભ્યાસ - નિદર્શન :** નિવસનતંત્રને અસર કરતાં દરેક પાસાઓની સમજ કેળવી ટકાઉ ઉકેલ માટેનાં નિદર્શન ઊભા (સમુદાય દ્વારા) કરી વ્યાપ વધારવો.

★ **નેટવર્ક કોલોબરેશન :** સમાન ધ્યેયને સિદ્ધ કરવાં માટે વિવિધ ક્ષમતાઓ, વિચારસરણી ધરાવતી વ્યક્તિઓ, સંસ્થાઓનાં સમન્વયથી પર્યાવરણની સમતુલા જળવાય તેવાં પ્રયત્નો અને અનુભવોનો વ્યાપ પ્રસરે તે માટે સહજીવનની સક્રિય ભૂમિકા રહેશે.

★ **નિતી વિષયક અસર :** પર્યાવરણીય સમતુલા જળવાય તેવાં સ્થાનિક સ્તરે ટકાઉ નિદર્શનો

**કાર્યક્રમો :**

**૧. પીવાનું પાણી**

- પીવાના પાણી માટે ગામ સ્વાવલંબી બને તે વિચારધારાને કેન્દ્રમાં રાખીને લૈયારી, ખારી, ડાડોર ગામોમાં નિદર્શન ઉભા કરવામાં આવ્યા.
- કચ્છ સ્તરે દુષ્કાળ નિવારણ કાર્યક્રમના માધ્યમથી આ અનુભવનું વિસ્તરણ થઇ શક્યું અને અભિયાન નેટવર્કની સંસ્થાઓ દ્વારા ઘણા ગામોમાં પીવાના પાણી માટે સ્થાનિક સ્રોતને મજબુત કરવાનું કાર્ય કરવામાં આવ્યું. ત્યારબાદ, સમગ્ર અબડાસા તાલુકાને કેન્દ્રમાં રાખી સમગ્ર તાલુકાને પાણી માટે સ્વનિર્ભર બને તે માટે સરકાર, સ્થાનિક સંસ્થાઓ, ખાનગી ક્ષેત્રના સંયુક્ત પ્રયાસોથી ઝુંબેશ શરૂ છે.

**પ્રવૃત્તિ :**

સ્થાનિક સ્રોતનું મજબૂતીકરણ અને લાંબાગાળાના ઉકેલને કેન્દ્રમાં રાખી સમગ્ર તાલુકાનું આયોજન કરવામાં આવ્યું અને તેને આધારે અમલીકરણની પ્રક્રિયા શરૂ છે.

- પાણી સમિતિનું અને પંચાયતનું ક્ષમતાવર્ધન
- પેરાકેડરનું ક્ષમતાવર્ધન અને સર્વિસ સેન્ટરની રીતે ઓળખ
- વોટર પ્રાઇસીંગ અભ્યાસ
- ભૂગર્ભજળની સીમાના અભ્યાસ બાદ ભૂગર્ભજળના રક્ષણ માટે નીતિ વિષયક બદલાવ નિદર્શન

**અસર**

- વિકેન્દ્રીત પીવાના પાણીની યોજનાને રાજ્યસ્તરે માન્યતા આપવામાં આવી. (ડી.પી.પી. અને વાસ્મોનું ઉદાહરણ)
- કચ્છમાં પીવાના પાણીને લઇને ઘણા ગામો સ્વનિર્ભર બન્યા છે. (ડી.પી.પી., સહજીવન, વાસ્મો,...)
- વ્યવસ્થાપનને લઇને માત્ર મરામત અને નિભાવણી પૂરતું સીમિત ન રહેતા ભૂગર્ભજળ વ્યવસ્થાપન થાય અને પંચાયત સક્રિય ભૂમિકા નિભાવે તે હેતુને ધ્યાનમાં રાખીને ગ્રાઉન્ડ વોટર લેજીસ્લેશન અભ્યાસ અને તેનાં અમલીકરણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.
- સ્થાનિક સ્રોતનું પાણીનું મૂલ્ય એ રીતે નક્કી થાય કે જેથી ગામ વિકેન્દ્રિત યોજના ચલાવવા પ્રોત્સાહિત થાય તે માટે વોટર પ્રાઇસીંગનો અભ્યાસ હાથ ધરાયેલ છે.

**૨. પશુપાલન નોલેજ સેલ**

પરંપરાગત વ્યવસાયોને મજબૂત કરી બજાર વ્યવસ્થા સાથે સાંકળી આર્થિક સ્તર ઉંચુ આવે તે માટે પ્રયાસો કરવા.

- લૈયારીમાં ઘાસબેંક, પચ્છમ વિસ્તારમાં બળદ વેપારના અભ્યાસો બાદ, કચ્છ વિસ્તાર માટે પશુપાલન વ્યવસાયને વધુ મજબૂત કરવા શું કરી શકાય તે માટે 'એક્શન પ્લાન' તૈયાર કરવામાં આવ્યો.
- અનુભવને આધારે ડી.પી.પી. અને સંગઠનોની સાથે રહી ઘાસબેંકનો વિચાર ગામોમાં અમલી બની શકી.
- ક્લસ્ટર સ્તરે પશુપાલન વ્યવસાય કઇ રીતે ટકાઉ વ્યવસાય બને તે માટે વ્યૂહાત્મક આયોજન કરવામાં આવ્યું. જેના આધારે નખત્રાણાના પાવરપટ્ટી અને મુન્દ્રાના પત્રી ક્લસ્ટરમા અમલીકરણ કરવામાં આવ્યું.

**પ્રવૃત્તિ**

- પરંપરાગત જ્ઞાનને માન આપી તેને બહારની દુનિયામાં ઓળખ આપવી.
- પશુ નસલ અને ઘાસિયા જમીનનું સંવર્ધન કરવું
- પશુપાલન વ્યવસાયમાં મહિલાઓની નિર્ણયાત્મક ભૂમિકા ઊભી કરવી.
- ઘાસચારા, પાણીની અછત, પશુ સારવાર, બજાર વ્યવસ્થા એમ બહોળા દષ્ટિકોણથી સર્વિસ સેન્ટરને પ્રસ્થાપિત કરવું.
- અધિકારો અને બુનિયાદી પ્રશ્નોના ઉકેલ માટે પશુઉછેરકોને સંગઠિત કરવા.

**અસર**

- સહજીવનની ઓળખ પહેલા માત્ર પીવાના પાણી માટે થતી જ્યારે હવે પશુપાલન ક્ષેત્રે સારી સમજ ધરાવતી પણ થવા પામી છે.
- અભિયાન નેટવર્કની સાથે રહી એન.ડી.ડી.બી. સાથે સંકલન કરવાની શરૂઆતથી ફરી કચ્છમાં ડેરી ઉદ્યોગ ધમધમી રહ્યો છે. શરૂઆતમાં માત્ર બે જ ક્લસ્ટરમાં પહેલ કરી જે આજે અભિયાન દ્વારા ૧૦ ક્લસ્ટરમાં દરરોજની દોઢ લાખ લિટર દૂધની નિકાસ થઇ રહી છે.
- બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠનની રચના અને તેના દ્વારા બન્ની નસલની ભેંસને રાષ્ટ્રીય સ્તરની માન્યતા માટેના પ્રયાસોમાં ટેકો આપેલ. અને બન્ની ભેંસને ૧૧મી ઓલાદ તરીકે માન્યતા

મળેલ છે.

- પશુમેળાના માધ્યમથી પશુ બજાર વ્યવસ્થાને ઔપચારિક માળખા માટે શરૂઆત થઇ ચૂકી છે.
- પશુ ઉછેરકોના જ્ઞાનને સ્વીકૃતિ મળી છે.
- પેરાવેટ કેડર ઉભી થઇ છે.
- રાજ્ય- કેન્દ્ર સ્તરે પશુપાલન વ્યવસાયને મજબૂત કરવા માટે કચ્છના લુપ્ત થવાની અણીએ પહોંચેલી નસલ કચ્છી ઉંટને ટકાવવા પ્રયાસો શરૂ થયા છે. જેમાં સહજીવન ઉંટપાલકોના સંગઠિત થવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.
- બે પશુઉછેરકોને લાઇફ નેટવર્ક દ્વારા સ્થાનિક નસલને ટકાવી રાખવા માટે ઍવૉર્ડ મળેલ છે.

### ૩. પુનઃપ્રાપ્ય ઉર્જા

સમુદાય સોલાર ટેકનોલોજીને સ્વીકારે તે માટે વિવિધ અભ્યાસો કરી સરળ ટેકનોલોજી બનાવી લોકોનું આર્થિક સ્તર સુધરે અને પર્યાવરણમાં કાર્બન ડાયો.નું ઓછું પ્રમાણ જાય તે હેતુથી સોલારની વિવિધ ટેકનોલોજીને વિસ્તારવાની મુખ્ય ઉદ્દેશ્ય છે.

**પ્રવૃત્તિ :**

- પીવાના પાણીનાં સ્વાવલંબનમાં ડિઝલ કે લાઇટનો પણ વપરાશ ન કરી સોલાર પંપનો ઉપયોગ થાય તે વિચારને અમલીકરણ માટે ડાડોર ગામમાં સોલાર પંપની શરૂઆત કરવામાં આવી. અહીં મળતી સફળતા બાદ અન્ય પુનઃ પ્રાપ્ય ઊર્જાના અન્ય ક્ષેત્રોને સમજી સરળ ટેકનોલોજી ગ્રામ્યસ્તરે પ્રાપ્ય કરી શકાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા.
- જ્યાં વીજળી નથી તે માટે જેમકે, અગરિયા, માછીમારો, સ્થળાંતરીય સમુદાયો સાથે સોલાર લાઇટીંગ માટે પ્રવૃત્તિ થઇ છે.
- નાના ખેડૂતો માટે ખેતી ટકાઉ અને તેને યોગ્ય બને અને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ થાય તે હેતુથી ખેતીમાં સોલાર પંપના નિદર્શન ઊભા કરી, ભાડા પેટે સોલાર પંપ આપવાની પદ્ધતિ વિકસાવી છે.

**અસર**

- સોલાર પંપને ખેતીમાં ઉપયોગ કરવાની વિચારધારાને ગુજરાત સરકારે સ્વીકારી ૩૦૦૦ ગામોમાં સોલાર પમ્પ લગાડવાનું જાહેર કર્યું છે. તેમાંથી દક્ષિણ ગુજરાતમાં ૨૦૦ ગામમાં પાઇલોટ પ્રોજેક્ટ તરીકે શરૂઆત થઇ ચૂકી છે.
- કચ્છમાં અને જામનગરમાં કુલ ૧૨ ગામો પીવાના પાણીની યોજના પર સોલાર પંપનો ઉપયોગ કરી રહ્યા છે. વાતાવરણને અનુકુળ ઇંધણનો ઉપયોગ થઇ રહ્યો છે.
- બિહારના કોષી પૂરગ્રસ્ત વિસ્તારના પુનઃવસન માટે કાર્ય કરતી ODRC (Owner Driven Reconstruction Collaborative)ને સહજીવન સોલાર લાઇટીંગના પાઇલોટીંગ માટે ટેકો કરી રહી છે. પાઇલોટીંગ બાદ બિહાર રાજ્ય સરકાર ૧.૬ લાખ કુટુંબોને સોલાર લાઇટીંગ સીસ્ટમ પેકેજમાં જાહેર કરવાની છે.
- સોલાર લાઇટીંગ ૦૦ કુટુંબો સુધી પહોંચી છે.

### ૪. શહેરી પર્યાવરણીય વિકાસ તરફની પહેલ

સરકાર અને સમુદાય સાથે રહી પર્યાવરણીય વિકાસ કરી શકે તથા ઝુંપડપટ્ટી વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ જેવી કે પાણી, સેનીટેશન ઊભી થાય જેનું વ્યવસ્થાપન સમુદાય કરે અને નગરપાલિકા તેને માન્યતા આપે એ દિશામાં કાર્ય કરી રહ્યા છે.

**પ્રવૃત્તિ**

★ સ્થાનિક લોકો ઘનકચરા વ્યવસ્થાપન માટે મહત્ત્વની ભૂમિકા ભજવે તેવી પ્રવૃત્તિ.

★ ઘનકચરા વ્યવસ્થાપન માટે ઊંડાણપૂર્વક સમજની સાથે દિશા મળે તે હેતુસર ગાર્બેજ સ્ટડી હાથ ધરવામાં આવ્યો છે.

★ ઝુંપડપટ્ટી વિસ્તારમાં પીવાના પાણીને લઇને લાંબાગાળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે જેમાં સ્થાનિક લોકો નેતૃત્વ લઇ રહ્યા છે.

★ ૨૦ માઇક્રોનથી નીચેના પ્લાસ્ટિક પરના પ્રતિબંધનું અમલીકરણ થાય તે હેતુસર જાગૃતિ કાર્યક્રમો, વિકલ્પો બાબતે કાર્ય થઇ રહ્યું છે.

**અસર...**

★ શહેરી પર્યાવરણીય વિષય જેમકે, ઘનકચરા વ્યવસ્થાપન, પ્લાસ્ટિકનો નહિવત ઉપયોગ ને લઇને સ્થાનિક નાગરિકો એક સમજ પર આવેલ છે.

★ શહેરમાં પીવાના પાણી અને સેનીટેશન લઇને સ્થાનિક સમુદાય નેતૃત્વ લે તે સંદર્ભમાં કાર્યની શરૂઆત થઇ ચૂકી છે.

★ શહેરી નાગરિકો અને નગરપાલિકા વચ્ચે સંવાદિતતાનો સેતુ રચાયો છે જેને લીધે વિકાસના કાર્યોમાં લોકોની પણ સહભાગીતા વધી છે.

### ૫. નેટવર્કના માધ્યમથી વિવિધ સ્તરે સહજીવનની સહભાગીદારી :

★ કચ્છ નવનિર્માણ અભિયાનના નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા

★ કચ્છના સજીવ ખેતી કરતા ખેડૂતોને એક મંચ પર લઇ આવવા અને સંગઠિત થવા માટે મહત્ત્વની ભૂમિકા

★ કચ્છના સ્થાનિક પર્યાવરણની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બિલ્ડીંગ ટેકનોલોજી વિકસાવવી અને સ્થાનિક કારીગરોની આવડત વધારવી અને પ્રોત્સાહન આપવા જેવી પ્રવૃત્તિ કરતા હુન્નરશાળાને ટેકો.

★ સુઆયોજીત રીતે ઔદ્યોગીકરણ થાય તે હેતુસર કચ્છના અગ્રણી દ્વારા ફોરમની સ્થાપના

*દંભી પરોપકારી કરતાં સ્વાર્થી માનવી સારો.*

★ M.O.R.D. અને P.M.N.R.F. જેવા કાર્યક્રમોને ઘડવા અને તેને પ્રસ્થાપિત કરવામાં અભિયાનની સાથે રહી અગત્યની ભૂમિકા રહી.

★ પીવાના પાણીના મુદ્દે ગુજરાત સ્તરના પ્રવાહ નેટવર્કમાં સહભાગીદારી.

★ પશુપાલન ક્ષેત્રે દેશ સ્તરના વિવિધ નેટવર્ક જેમકે Rainfed Livestock Network, Life Networkમાં સક્રિય ભૂમિકા.

★ કચ્છના પર્યાવરણવિદો સાથે રહી વર્તમાન પર્યાવરણની સમસ્યા અને તેને દૂર કરવા માટે જાગૃતિ અર્થે મ.કુ. શ્રી હિમ્મતસિંહજીની યાદમાં સ્મૃતિ વ્યાખ્યાન શ્રેણીનું આયોજન થઇ રહ્યું છે. જેમાં સહજીવન આયોજક તરીકેની ભૂમિકા ભજવે છે.

★ ભુજ શહેરમાં વિવિધ સંસ્થાઓ, મહિલા મંડળો, વેપારી એસોસિએશન જેવા સંગઠનો સાથે રહી પ્લાસ્ટિક હટાવ ઝુંબેશ માટે ભૂમિકા ભજવી રહ્યું છે.

**દસ્તાવેજિકરણ :**

• **પશુપાલન**

★ બળદ વેંચાણ વ્યવસ્થાપનનાં સંદર્ભમાં અભ્યાસ

★ પશુપાલન એક્શન પ્લાન

★ ચરિયાણ વિસ્તારનાં સંદર્ભમાં અભ્યાસ અને મેપીંગ

★ પશુ બજારવ્યવસ્થાનાં સંદર્ભમાં અભ્યાસ

★ ઓલાદ સંવર્ધન

★ Banni Buffalo The Incredible Breed

★ ૩ પશુમેળા લેખિત, ફોટો આલ્બમ, વિડિયો ડોક્યુમેન્ટ્રી

★ પક્ષી અને પર્યાવરણ પ્રેમીઓનું ચિંતન અને સ્નેહમિલન અહેવાલ

★ બન્ની પશુઉછેરક માલધારી સંગઠન બ્રોશર

★ પરંપરાગત બ્રિડીંગ દસ્તાવેજ

★ બન્નીના વંચિત સમુદાયનો આર્થિક, સામાજિક અભ્યાસ

★ શુદ્ધ દુધ માટે જાગૃતિ

★ પીવાનું પાણી

★ પીવાના પાણીની પરિસ્થિતિનો અભ્યાસ (અબડાસા)

★ જીઓહાઇડ્રોલોજિકલ અભ્યાસ

★ ગ્રાઉન્ડ વોટર લેજિસ્લેશન (અબડાસા)

★ પીવાનાં પાણીનું આયોજન (માંડવી, રાપર, ભચાઉ)

★ ગાલ આય પાણી સંચાલન જે માળખેજી

★ ઉજાસ પત્રિકા અને રેડિયોના માધ્યમથી 'પાણી થીયે પાંજો' ના અનુભવનું દસ્તાવેજ

• **પુનઃ પ્રાપ્ય ઉર્જા**

★ કચ્છમાં ડિઝલ પમ્પ દ્વારા કરાતી ખેતીઓ અભ્યાસ (સોલાર પમ્પની શક્યતાનાં સંદર્ભમાં)

★ ચિત્રવાર્તા - સૂરજદાદા સદા ઘરમાં

★ વિડિયો ફિલ્મ - સૂરજના સથવારે

★ A learning Document

★ Renewable Energy, Regular Water

• **શહેરી પર્યાવરણીય વિકાસ તરફની પહેલ**

★ સ્વભાનતા, સહભાગીતા સક્રિયતાનો ત્રિવેણી સંગમ (કાયસ્થ શેરી)

★ ઐક્ય ભાવના અને સંગઠનથી કર્યા સફળ પ્રયાસો (પંચમુખા હનુમાનશેરી)

★ પર્યાવરણ દિવસની ઉજવણી

**સંસ્થાને મળેલ એવોર્ડ અથવા પ્રશસ્તિ પત્ર**

★ **ચંપાબેન ગોંધીયા સ્મૃતિ એવોર્ડ :** સહજીવન સાથે છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત કર્મશીલ કુમારી કૃપાબેન ધોળકિયાએ સહજીવન સાથે રહીને કચ્છમાં મહિલા સશક્તિકરણ અને મહિલાઓમાં પર્યાવરણલક્ષી જાગૃતિ અને ક્ષમતાવર્ધન માટે તેમણે કરેલ સરાહનીય કામગીરીને બિરદાવતા તેમને વરસ ૨૦૦૭નો ચંપાબેન ગોંધીયા સ્મૃતિ પારિતોષિક ઍવૉર્ડથી બિરદાવવામાં આવ્યા હતા.

★ **અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક :** કચ્છના પર્યાવરણીય મુદ્દાઓમાં પીવાનું પાણી, પશુપાલન, સજીવ ખેતી, જૈવિક વૈવિધ્યતાના સંરક્ષણ, લોક સંગઠન અને માલધારીઓના વિકાસ માટે સહજીવનની કામગીરીને ધ્યાને રાખીને વરસ ૨૦૦૯નો અનિલ શાહ ગ્રામ વિકાસ પારિતોષિક ઍવૉર્ડ સહજીવનને આપવામાં આવ્યો હતો.

★ **બેસ્ટ ફિલ્ડ ફંક્શનરી એવોર્ડ :** પશુપાલન અને કચ્છમાં બન્ની ભેંસના સંવર્ધન-સંરક્ષણ માલધારી સંગઠનના ક્ષમતાવર્ધનની કામગીરી માટે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદની પેટા સંસ્થા સી.આ.આર.બી. - હિસ્સાર દ્વારા સહજીવનને વરસ ૨૦૧૦નો બેસ્ટ ફિલ્ડ ફંક્શનરી ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

**સંસ્થાની ભવિષ્યની યોજનાઓ :**

★ કચ્છમાં પીવાના પાણીની સુરક્ષા માટે પીવાના પાણીની વિકેન્દ્રીત વ્યવસ્થા ઊભી કરવા અને પાણી સુશાસન માટે ગ્રામ પંચાયતો તેમજ તાલુકા પંચાયતોના ક્ષમતાવર્ધન કરવું.

★ કચ્છમાં માલધારી વ્યવસાય કરતા માલધારીઓને સંગઠિત કરવા, ઘાસિયા ભૂમિ અને પશુ નસલોનું સંરક્ષણ-સંવર્ધન કરવું.

★ કચ્છની ખારાઇ નસલના ઊંટને રાષ્ટ્રીય માન્યતા અપાવવી

★ કચ્છમાં ઊંટડીના દૂધની ડેરી સ્થાપિત થાય અને માલધારીઓનું જીવન ધોરણ ઊંચુ આવે તેમજ કચ્છી ખારાઇ ઊંટનું સંરક્ષણ થાય તે માટે કામ કરવું.

★ ભુજ શહેરમાં લોક જાગૃતિ દ્વારા પર્યાવરણીય મુદ્દા જેમાં પીવાનું પાણી, સ્વચ્છતા અને ઘન કચરા વ્યવસ્થાપનનું મોડેલ તૈયાર કરવું.

*મૌનમાં રહેલી અપાર શક્તિને પિછાણો.*

## OUR PARTNERS

★ **SUPPORTERS :**

1. Ford Foundation
2. Miseror
3. Arghyam
4. Suzlon Foundation
5. Indian Oil Corporation Limited (IOCL)
6. Foundation for Ecological Security (FES)
7. Ashoka Trust for Research in Ecology and the Environment (ASTREE)
8. Water and Sanitation Management Organization (WASMO)
9. Institute of International Education (IIE)
10. Department of Animal Husbandry, Government of Gujarat
11. Gujarat Livestock Development Board
12. Gujarat State Biodiversity Board ICCO
13. ETC Foundation
14. Swiss Agency for Development and Co-operation (SDC)
15. WALA
16. WATERAID
17. OXFAM
18. CHIRAG
19. VIKSAT

★ **PROGRAM PARTNERS :**

1. Centre for Pastoralism.
2. Banni Pashu Uchherak Maldhari Sangathan (BPUMS)
3. Kutch Unt Uchherak Maldhari Sangathan (KUUMS)
4. Natural Justice, South Africa
5. Saiyare Jo Sangathan (SJS)
6. Ujjas Mahila Sangathan (UMS)
7. Sardarkrushinagar Dantiwada Agriculture University (SDAU)
8. Anand Agricultural University (AAU)
9. ATREE
10. Vasundhara
11. Loknaad
12. Decentralized Drinking Water Unit
13. Arid Communities and Technologies (ACT)
14. Parab
15. Samerth Charitable Trust
16. Manav Kalyan Trust (MKT)
17. Vivekanand Research and Training Institute (VRTI)
18. Kutch Fruit, Fodder and Forest Development Trust (KFFFDT)
19. Urban Environmental Initiatives
20. Kutch Nav Nirman Abhiyan
21. Hunnarshala Foundation
22. Arid Communities and Technologies
23. Kutch Mahila Vikas Sangathan
24. Khamir

## 'સહજીવન'ના બોર્ડ મેમ્બર્સ

| *ક્રમ* | *નામ* | *ગામ* | *હોદ્દો* | *વ્યવસાય* | *ક્વોલિફીકેશન* |
|---|---|---|---|---|---|
| ૧. | ડૉ. સુદર્શન આયંગર | અમદાવાદ | પ્રમુખ | વાઈસ ચાન્સેલર, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | Ph.D., Irrigation Economics |
| ૨. | શ્રી યુગાંધર માંડવકર | ઔરંગાબાદ | ઉપપ્રમુખ | ટ્રસ્ટી - GRASP, ઔરંગાબાદ (મહારાષ્ટ્ર) | B.Tech. (Agri.), MBA (Technologist) |
| ૩. | કૃપા ધોળકિયા | ભુજ, કચ્છ | સેક્રેટરી | સેક્રેટરી - 'સહજીવન' | MSW |
| ૪. | શ્રી સંદીપ વીરમાણી | ભુજ, કચ્છ | સભ્ય | ડાયરેક્ટર - હુન્નરશાળા ફાઉન્ડેશન, ભુજ. | આર્કિટેક્ટ |
| ૫. | શ્રી ગગન શેઠી | અમદાવાદ | સભ્ય | મેનેજિંગ ટ્રસ્ટી - જનવિકાસ, અમદાવાદ. | MSW |
| ૬. | શ્રી મધુકાંત માંકડ | લાખાપર, પત્રી | સભ્ય | સહજીવન - ભુજ, કચ્છ | B.Sc. (Agriculture) |
| ૭. | શ્રી કિરણ વાઘેલા | ભુજ, કચ્છ | સભ્ય | ડાયરેક્ટર - હુન્નરશાળા ફાઉન્ડેશન, ભુજ, કચ્છ | આર્કિટેક્ટ |
| ૮. | શ્રી રવિન્દ્રબાબુ | સિકંદરાબાદ | સભ્ય | સેક્રેટરી - વોટરશેડ સપોર્ટ સર્વિસીસ એન્ડ એક્ટિવિટીઝ નેટવર્ક - સિકંદરાબાદ | M.Sc. (Agriculture) M.Phil. (Deve.Eco.) |
| ૯. | શ્રી કીર્તિભાઈ ખત્રી | ભુજ, કચ્છ | સભ્ય | તંત્રી - કચ્છમિત્ર ડેઈલી | પત્રકાર |
| ૧૦. | કવિતા મહેતા | ભુજ, કચ્છ | સભ્ય | સહજીવન, ભુજ, કચ્છ | બી.કોમ. |

# એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ (એક્ટ)

● ડૉ. યોગેશ જાડેજા ●
મુખ્ય સચિવ - એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિ

**એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ (એક્ટ)**
૨૮-એ, બેંકર્સ કોલોની, જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે,
ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૬૫૧૫૩૧
E-mail : actkachchh@gmail.com

● **સંસ્થા ઉદ્‌ભવના કારણ (ઇતિહાસ) અને વિગતઃ**

એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ (એક્ટ) સંસ્થાની સ્થાપના ૮ માર્ચ, ૨૦૦૪ના રોજ કરવામાં આવેલી છે. સંસ્થાના સંસ્થાપક શ્રી ડૉ. યોગેશ જાડેજાએ પોતાનો અનુસ્નાતક વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભૂસ્તરશાસ્ત્રમાં વિદ્યા વાચસ્પતિ (ડોક્ટર ઓફ ફિલોસોફી) ની પદવી મેળવવા માટે અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે તેઓ ભુજ સ્થિત સહજીવન સંસ્થામાં કાર્યકર્તા તરીકે જોડાયેલા હતા. સંસ્થાના કાર્ય અને પોતાના અભ્યાસ અર્થે તેઓ કચ્છના સમગ્ર વિસ્તારમાં ફિલ્ડ વિઝિટ કરતાં હતાં. ફિલ્ડ વિઝિટ દરમિયાન એક વાત તેમના ધ્યાનમાં આવી કે, કચ્છ પ્રદેશમાં ભૂગર્ભજળ તો છે પણ તેના યોગ્ય વ્યવસ્થાપનનો અભાવ છે. કચ્છના વાતાવરણના સંદર્ભમાં જે વરસાદ પડે છે તેને યોગ્ય રીતે જાળવવા/સંગ્રહ કરવામાં આવે તો કચ્છની પાણીની અછતને કંઇક અંશે ઓછી કરી શકાય. આ બાબતને તેમણે પોતાના મનમાં કાયમી સ્થાપિત કરી દીધી. તેમણે એક નિર્ણય કર્યો કે, ભૂગર્ભજળ વ્યવસ્થાપનના મુદ્દે કાર્ય કરતી એક અલાયદી સંસ્થા કચ્છમાં હોવી જોઇએ. કચ્છ અને કચ્છ જેવા શુષ્ક અને અર્ધશુષ્ક વિસ્તારોમાં ભૂગર્ભજળ વિશે વિશિષ્ટ જ્ઞાનભંડોળ ઊભું કરવું અને આ જ્ઞાન સરળતાપૂર્વક સામાન્ય લોકો સુધી પહોંચે એવી રીતે લોકભાગીદારીની વિભાવનાથી કાર્ય કરવા જેવા લક્ષ્ય સાથે તેમણે ૮ માર્ચ, ૨૦૦૪ના રોજ એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ (એક્ટ) સંસ્થાની સ્થાપના કરી.

સંસ્થાનો મૂળ હેતુ જાતે કામ કરીને પાણીની સમસ્યાને ઉકેલવાનો નહીં પરંતુ પાણીની સમસ્યાના લાંબાગાળાનો અને કાયમી ઉકેલ આપવાનો છે. આ માટે ગામેગામ યુવાનોને તૈયાર કરવા, લોકસમુદાયને માહિતી આપીને પોતાના નિર્ણય જાતે લઇ શકે એવા સક્ષમ બનાવવાનું કામ શરૂ કર્યું છે. પહેલાં તબક્કામાં ગ્રામ્ય વિસ્તારને કેન્દ્રમાં રાખ્યા છે. આજની તારીખે એક્ટ ૩૦૦થી વધુ ગામ સુધી પહોંચી છે. હાલમાં એક્ટ ગુજરાતના કચ્છ જિલ્લાની સાથે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશ રાજ્યમાં પણ અન્ય સંસ્થા સાથે સહભાગીદારીથી કાર્ય કરી રહી છે. ૧ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ એક્ટ સંસ્થા દેશસ્તરીય ચાલતા સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપનના કાર્યક્રમમાં જોડાઇ છે. આ કાર્યક્રમ અંતર્ગત એક્ટ રાજ્યસ્તરના જ્ઞાન કેન્દ્ર તરીકે કાર્ય કરી રહી છે.

કોઇપણ કાર્ય અથવા સંસ્થા મૂલ્યો અને નીતિ વગર અધૂરી છે. આથી સંસ્થાની સ્થાપના બાદ કાર્યને અનુલક્ષીને વિષય નિષ્ણાતો સાથે મનોમંથનની પ્રક્રિયા કરીને સંસ્થા મુખ્ય ત્રણ મુદ્દા ઉપર કાર્ય કરશે તેવું નક્કી કરવામાં આવેલું છે. આ ત્રણ મુદ્દા આ પ્રમાણે છે :

૧. ગ્રામ્ય વિસ્તારના યુવકોનું ક્ષમતાવર્ધન
૨. ભૂગર્ભજળ વ્યવસ્થાપન
૩. શહેરી જળસ્રોત વ્યવસ્થાપન

ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સંસ્થાની કાર્ય કરવાની પદ્ધતિ નક્કી કરવામાં આવેલી છે. ક્ષમતાવર્ધનના કાર્યક્રમો અને શહેરી જળસ્રોત વ્યવસ્થાપન તેમજ વિકાસના કાર્યોમાં એક્ટ દ્વારા સીધું જ નેતૃત્વ લેવામાં આવી રહ્યું છે, જ્યારે ભૂગર્ભ જળસ્રોત વ્યવસ્થાપન માટે અલગ-અલગ ભૌગોલિક વિભાગોમાં કાર્ય કરવા માટે લોકભાગીદારીનો અભિગમ અપનાવવામાં આવેલો છે. સંસ્થા દ્વારા જે કાર્યો કરવામાં આવેલા છે તેનાથી વિશાળ જ્ઞાનભંડોળ સંસ્થા પાસે ઊભું થયેલું છે. આ જ્ઞાનભંડોળનું વિસ્તરણ તેમજ વિતરણ કરવા માટે નોલેજ એક્યુમિલેશન એન્ડ ડીસેમીનેશન એકમની રચના કરવામાં આવેલી છે. સંસ્થામાં ચાલતા વિવિધ પ્રોજેક્ટ સંબંધિત કામગીરી જેવી કે, વોટર એનાલિસીસ, જિઓફિઝિકલ સર્વે, પ્રોજેક્ટ સંબંધિત સર્વે, ડેટા એન્ટ્રી, ડેટા એનાલિસીસ તેમજ અન્ય સહાય માટે રિસર્ચ ફેસીલીટેશન એકમની રચના કરવામાં આવી છે. હમીરસર જલગાથા નામક શૈક્ષણિક પ્રવાસના માધ્યમથી શરૂ કરેલી અને હવે વિસ્તરણ પામેલી શહેરી જળસ્રાવ વ્યવસ્થાપનની કામગીરી માટે અર્બન વોટરશેડ મેનેજમેન્ટ એકમ, ભૂગર્ભજળ વ્યવસ્થાપન માટે ગ્રાઉન્ડ વોટર મેનેજમેન્ટ એકમ અને સંસ્થા સરળતાપૂર્વક વહીવટ કરી શકે એ માટે એડમિનિસ્ટ્રેશન એન્ડ એકાઉન્ટ એકમની રચના પણ કરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના યુવકોનું ક્ષમતાવર્ધન માટે તાલીમ

FAVOURITE
**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**
**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

એકમની રચના પણ કરવામાં આવેલી છે. આવી રીતે અસ્તિત્વમાં આવેલા એકમો પોતાના નિશ્ચિત કાર્યની સાથે અન્ય એકમ સાથે વિવિધ પ્રવૃત્તિનું સંકલન કરીને કાર્ય કરે છે.


- **કામ કરવાની પદ્ધતિ :**

સૌપ્રથમ જયાં પાણીની તીવ્ર જરૂરિયાત હોય એવાં વિસ્તાર નક્કી કરવામાં આવે છે અને ત્યાંના જૂનાં સ્રોત, વહેણ, વોકળા, ભૂગર્ભ પરિસ્થિતિ, માટી-પથ્થરના પ્રકાર એ બધાંનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે છે. વિશેષ કરીને યુવાનોને અને અનુભવી-જાણકારોને તેમાં સાથે રાખવામાં આવે છે. જળસ્રોત ક્ષેત્ર તારવી લીધા પછી એ તળાવ કે જળાશયના કેચમેન્ટ વિસ્તારમાં કોઇ બોર કે કૂવા ન કરે એ સુનિશ્ચિત કરવામાં આવે છે.

- **સંસ્થાએ સાધેલ પ્રગતિઃ**

સંસ્થાની ઉપરોક્ત કાર્ય પદ્ધતિથી હવે લોકોમાં જાગૃતિ એવી આવી છે કે ગ્રામ પંચાયતના રજિસ્ટરમાં પાણીવાળી જગ્યાની નોંધ કરવામાં આવે છે અને ત્યાં પાણીને લગતી નુકસાનકારક પ્રવૃત્તિ ન થાય તેવા ઠરાવો પણ થવા લાગ્યા છે. ગામેગામ યુવાનો તૈયાર થવા લાગ્યાં છે. એક્ટ સાથે રહ્યા પછી અને તાલીમ લીધા પછી ગામના છોકરાઓ નિષ્ણાત હાઇડ્રોલોજિસ્ટ કે જિઓલોજિસ્ટ જેવું કામ કરતા થયા છે. તાલુકા સ્તરે જોઇએ તો, અબડાસા તાલુકામાં આવા સ્થાનિક યુવાનોનું એક જૂથ 'પરબ' યુનિટ તરીકે લોકોને ટેકનિકલ સપોર્ટ પૂરો પાડી રહ્યું છે. શહેર સ્તરે જોઇએ તો, ભુજ શહેરના જળસ્રોતોના જતન અને સંવર્ધન માટે સ્થાનિક શહેરી જાગૃત નાગરિકોનું એક જૂથ 'જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ'ના નેજા હેઠળ લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કરી રહ્યું છે. ગ્રામ્ય સ્તરે જોઇએ તો, વર્ષ ૨૦૦૪-૦૫માં કોડકી સેતુ વિસ્તારના કમાગુના અને વટાછડ એમ બે ગામમાં અભિયાનના ઉપક્રમે જળસ્રોતોનું આયોજન કરવામાં આવ્યું. ગામ લોકો, કોડકી સેતુ અને એક્ટ સંસ્થાએ સાથે મળીને પીવાનાં પાણી, ખેતી, પશુપાલન માટે પાણીની જરૂરિયાત સંતોષવા શું થઇ શકે એનો અભ્યાસ કરવામાં આવ્યો. ગામની જમીનના નીચેના ખડકો અને તેમાં રહેલાં પાણીનો પણ ટેકનિકલ અભ્યાસ કરાયો. એ પછી તારણોને આધારે સરકારની વિવિધ યોજનાઓ જેવી કે વોટરશેડ, સરદાર પટેલ જળસંચય યોજના અંતર્ગત નદી પર શ્રેણીબદ્ધ ચેકડેમ બાંધવા, તળાવ ઊંડા કરવા જેવા કામો થયા અને તેને પગલે ગામના ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો થયો. ભૂતળ ઉંચા આવ્યા. પાંચ ચેકડેમ અને ત્રણ તળાવોના સુધારણાનો ફાયદો બાજુના ટાંકણાસર ગામને મળ્યો

**સંસ્થાના મૂલ્યો અને નીતિ દર્શાવતો ચાર્ટ**




- **પોઝિટીવ થિંકિંગ** : જેને કારણે કાર્યો સરળતાથી પરિણામલક્ષી બને છે
- **કમિટમેન્ટ** : સંસ્થા પ્રત્યેની જવાબદારી વધારે સારી રીતે નિભાવી શકાય છે
- **ટીમ સ્પીરીટ** : સંસ્થા-કાર્યકર્તાઓની એકત્વની ભાવના પ્રગટ થાય છે અને કાર્યો સરળતાથી થાય છે
- **કો-ઓર્ડિનેશન** : દરેક કાર્યકર્તા સંસ્થામાં ચાલતા કાર્યથી પરિચીત રહે છે અને સંસ્થા-કાર્યકર્તાઓ એક લયસ્તર ઉપર કાર્ય કરી શકે છે
- **ટ્રાન્સપરન્સી** : સંસ્થા-કાર્યકર્તાઓની પ્રમાણિકતા પ્રદર્શિત થાય છે
- **વિઝનરી** : સંસ્થા-કાર્યકર્તાઓનું સલામત ભવિષ્ય નિર્માણ થાય છે
- **બેલેન્સ પર્સનાલીટી** : સંસ્થા-કાર્યકર્તાઓને નિર્ણયો લેવામાં સરળતા રહે છે, ટીમમાં કોઇની લાગણી દુભાતી નથી
- **પરફેક્શન** : સંસ્થા-કાર્યકર્તાઓના કાર્યની ગુણવત્તા વધે છે
- **ક્વોલિફાઇડ** : કોઇપણ કાર્ય કરવાની આવડત વધી શકે છે
- **ડિસીપ્લીન** : સંસ્થાનું વાતાવરણ દરેકને અનુકૂળ થાય છે
- **પ્રોફેશનાલિઝમ** : પરિસ્થિતિ પ્રમાણે સંસ્થા-કાર્યકર્તાઓની અનુકૂળતા વધે છે

અને ત્યાં પણ ભૂગર્ભજળની સપાટી ઊંચી આવી છે. ગામમાં બૉરવેલ દ્વારા પિયત ખેતી થવા લાગી છે. દેશ સ્તરે કાર્ય જોઇએ તો, સહભાગીદારીથી

ભૂગર્ભજળ વ્યવસ્થાપન કઇ રીતે થઇ શકે એ અંગેના એક્ટ સંસ્થાએ તૈયાર કરેલા કન્સેપ્ટના આધારે દેશના અનેક વિસ્તારમાં કામ થઇ રહ્યું છે. કેન્દ્ર સરકાર સમગ્ર દેશ માટે આ રોડમેપ અપનાવવા જઇ રહી છે. ૧૨મી પંચવર્ષીય યોજના માટે ટકાઉ ભૂગર્ભજળ વ્યવસ્થાપન માટેની નીતિ ઘડવા આયોજન પંચે વર્કિંગ ગ્રુપ રચીને દેશના જે જળ નિષ્ણાતોની સેવા લીધી છે તેમાં ડૉ. યોગેશ જાડેજાને પણ કમિટી મેમ્બર તરીકે રાખવામાં આવેલા છે. હવે કેન્દ્ર સરકાર દ્વારા અમલીકરણના તબક્કે ફરી એક્ટની ભૂમિકા આવશે.

એક્ટ હવે કચ્છના છેવાડાના વિસ્તારની એક સ્વૈચ્છિક સંસ્થા ન રહેતાં તેનું કાર્યફલક રાષ્ટ્રીય સ્તરે વિકસ્યું છે. ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લા – મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને ગાંધીનગરમાં આ પ્રક્રિયા વિસ્તારવામાં આવી છે અને ૬૧ વ્યક્તિનું કોર ગ્રુપ લોકભાગીદારીથી જળ વ્યવસ્થાપનનું કામ સંભાળી રહ્યું છે.

- **પ્રાપ્ત એવૉર્ડ/પ્રશસ્તિ પત્રોની વિગત :**

દૈનિક 'દિવ્ય ભાસ્કર' સમૂહ દ્વારા વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં ભૂગર્ભ જળ/પાણીને અનુલક્ષીને કરવામાં આવેલી શ્રેષ્ઠ કામગીરીને અનુલક્ષીને રાજ્યસ્તરીય ઍવૉર્ડની ઘોષણા કરવામાં આવેલી હતી જેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં એક્ટ પ્રથમ ક્રમાંકે આવી હતી. અમદાવાદમાં દૈનિક દિવ્ય ભાસ્કર સમૂહ દ્વારા એક્ટ સંસ્થાને જલસ્ટાર ઍવૉર્ડ અને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવેલો હતો.

- **દર વર્ષે અથવા પ્રસંગોપાત થયેલી સેવાકીય-સામાજિક કાર્યક્રમો/પ્રવૃત્તિઓની વિગત :**

તળાવો આપણી સંસ્કૃતિ છે, જે ગામ અને શહેરની શોભા વધારે છે. આ સાથે ગામ કે શહેરમાં આવેલું કોઇપણ તળાવ એક અનન્ય લાક્ષણિકતા ધરાવે છે. લોકો આવા તળાવો પ્રત્યે વધારે સંવેદનશીલ થાય અને તેના રક્ષણ માટે કાર્ય કરવાની પ્રેરણા મેળવે એ હેતુથી એક્ટ સંસ્થા દ્વારા જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિના નેજા હેઠળ મહિનાના બીજા અને ચોથા શુક્રવારે ભુજ શહેરમાં આવેલા તળાવોની મુલાકાત કરાવતો તળાવ પરિક્રમા નામનો કાર્યક્રમ છેલ્લા એક વર્ષથી આયોજિત કરવામાં આવે છે. અત્યાર સુધી આ કાર્યક્રમ હેઠળ આશરે ૨૦૦ લોકોએ ભુજ શહેરમાં આવેલા ૪૨ તળાવોની મુલાકાત લઇને તળાવોની લાક્ષણિકતા અંગેની માહિતી મેળવી છે.

હમીરસર તળાવ દ્વારા ભુજ શહેર ઓળખાય છે. આ તળાવની રચના જે-તે સમયે કરવામાં આવી હતી ત્યારે કચ્છમાં પડતાં વરસાદને અનુલક્ષીને તેના કેચમેન્ટ વિસ્તારની રચના કરવામાં આવી હતી. એવરેજ ૩૧૨ મિ.મિ. જેવા ઓછા વરસાદે પણ ૨૭ હેક્ટર વિસ્તાર ધરાવતું હમીરસર તળાવ પાણીથી ભરાઇ જાય છે. હમીરસર તળાવના આ વિશિષ્ટ કેચમેન્ટ વિસ્તારથી લોકો અવગત થાય એ હેતુથી વર્ષ ૨૦૦૬થી હમીરસર એક જલગાથા નામક કાર્યક્રમ શરૂ કરવામાં આવેલો છે આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી આશરે ૩૦૦૦ લોકોએ માહિતી મેળવી છે. આ ઉપરાંત વર્લ્ડ વોટર ડે (૨૨ માર્ચ), વિશ્વ પર્યાવરણ ડે (૫ જૂન) જેવા વિશિષ્ટ દિવસે જનજાગૃતિના કાર્યક્રમો સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવે છે.

સંસ્થામાં ચાલતાં વિવિધ પ્રોગ્રામ અને પ્રોજેક્ટ અંતર્ગત વર્કશોપ અને તાલીમ કાર્યક્રમોનું નિયમિત આયોજન કરવામાં આવે છે. હાલમાં ચાલતાં સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન કાર્યક્રમના ઉપક્રમે સંલગ્ન યુવા જુથ, ગામની પાણી સમિતિઓ વગેરેના ક્ષમતાવર્ધન માટેના તાલીમ કાર્યક્રમો છેલ્લા ત્રણ વર્ષથી નિયમિત આયોજિત કરવામાં આવે છે. છેલ્લા છ વર્ષથી દર શનિવારે બપોરના ૪ થી ૬ વિવિધ વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવે છે જેમાં એક્ટ સંસ્થાની ટીમની સાથે અન્ય સંસ્થાના કાર્યકર્તાઓની સાથે શહેરીજનો પણ ભાગ લે છે.

**વર્તમાન ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિના સભ્યોના નામ**

**બોર્ડ ઓફ ગર્વનન્સ :**

| | |
|---|---|
| શ્રી ડૉ. આર. પાર્થસારથી | પ્રમુખ |
| શ્રી સંદીપ વિરમાણી | ઉપ પ્રમુખ |
| શ્રી ડૉ. યોગેશ જાડેજા | મુખ્ય સચિવ |
| શ્રી શૈલેષ વ્યાસ | ઉપ સચિવ |
| શ્રી અશોક મુનસીઆની | ખજાનચી |
| શ્રી અપૂર્વ ઓઝા | સભ્ય |
| શ્રી શ્રીનિવાસ ચોકોકોલા | સભ્ય |
| શ્રી મીના બિલ્ગી | સભ્ય |
| શ્રી અશોક ચેટરજી | સભ્ય |

**સલાહકાર સમિતિ :**

| | |
|---|---|
| શ્રી પ્રો. કે. સી. તિવારી | જિઓહાઇડ્રોલોજિસ્ટ<br>એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા |
| શ્રી પ્રો. એસ. ગણપતિ | જિઓહાઇડ્રોલોજિસ્ટ<br>એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા |
| શ્રી પ્રો. એ.વી. જોષી | લેક્ચરર<br>એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા |
| શ્રી હિમાંશુ કુલકર્ણી | જિઓહાઇડ્રોલોજિસ્ટ<br>એકવાડમ, પુના |
| શ્રી રમેશ સંઘવી | સ્વજન જીવન કેન્દ્ર-ભુજ |

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

# શ્રુજન – માર્ગ શોધવાનો આનંદ

• દીપક જાની •

**શ્રુજન**
જી.ઈ.બી. સબ સ્ટેશનની પાછળ,
પોસ્ટ : ભુજોડી, તા. ભુજ, કચ્છ.

આજના દિવસે, ગમે ત્યારે, કચ્છનાં ૧૨૦ ગામોમાં રહેતાં કારીગર બહેનો જ્યારે પણ તેમનાં ઘરકામમાંથી નવરાશ થશે, તરત ભરતકામ કરવા બેસી જશે. અને આ એટલા માટે નહીં કે ભરતકામ તેમના જીવનનો એક હિસ્સો છે, પણ એટલા માટે કે તેઓ પણ શ્રુજનનો એક હિસ્સો છે. શ્રુજન એક સહયોગી પાયાની ક્રાંતિકારી ચળવળ છે જે તેમને પોતાની એ કારીગરીની સહાયથી ઘેર બેઠે, કાયમી અને ગૌરવપ્રદ રોજગારી મેળવવામાં સશક્ત બનાવે છે.

શ્રુજનની કથા એ હકીકતે પ્રસ્તુતતાની સતત શોધની કથા છે : લોકો અને સ્થળના સ્વસ્થ વિકાસ માટે જે પણ પ્રદાન કરે છે, તેવી વધારેને વધારે મહત્ત્વની બાબતો વિશે સતત શીખતા રહેવું.

આ બધાની શરૂઆત થઈ ૧૯૬૯માં, જ્યારે કચ્છ લાંબા ગાળાના દુકાળનો સામનો કરતું હતું. ચંદા શ્રોફ તેમના પતિ કાંતિસેન શ્રોફ સાથે રાહત કામમાં મદદરૂપ થવા કચ્છ ગયાં હતાં. જ્યારે તેઓ ધાણેટી ગામમાં ગયાં, ત્યારે તેમને પરિસ્થિતિ કેટલી વિકટ છે તેનો ખ્યાલ આવ્યો. અને છતાં ત્યાંની બહેનો કોઈ પણ જાતના દાનનો અસ્વીકાર કરતી હતી. તેઓ મજૂરી સહિત ગમે તે કરવા તૈયાર હતી, પણ આવું કામ પણ ત્યારે મળવું મુશ્કેલ હતું.

ચંદા શ્રોફ, જે સમગ્ર કચ્છમાં આદરથી 'કાકી'ના નામે ઓળખાય છે, ભૂતકાળ વાગોળતાં કહે છે, "આ બહેનો ભલે ભૂખે મરતી હતી, પણ તેમનામાં એવું કશુંક હતું જે ધ્યાન ખેંચતું હતું. મેં તેમનામાં જે જોયું, તે તેમનાં ભરતકામમાં પણ જોઈ શકી. તેમાં એક વિશિષ્ટ આત્મવિશ્વાસ હતો ... રંગો ઘાટા અને વૈવિધ્યસભર હતા ... પ્રતીકો મોટાં અને ધ્યાન ખેંચાય તેવાં હતાં. અને આ બધાનો સમગ્ર પ્રભાવ આક્રમક છતાં આંખને ગમે તેવો હતો."


**1st Indian Woman to Win Rolex Award**
Mrs. Chanda Shroff, Managing Trustee of Shrujan

આ બહેનો આહીર જાતિની હતી. કાકીએ તેમને પૂછ્યું કે શું તેઓ તેમના આ પરંપરાગત ટાંકાઓ, રંગો અને પ્રતીકોનો ઉપયોગ કરી તેના માટે થોડી સાડીઓ ભરી આપશે? તેમણે શંકાશીલ હોવા છતાં પણ માન ખાતર હા પાડી. મુંબઈમાં ઘેર પાછા ફર્યા પછી કાકીએ પોતાની સમગ્ર બચત - જે રૂ. ૫૦૦૦ હતી - આ ત્રીસ સાડીઓ અને રેશમી દોરાઓ ખરીદવામાં વાપરી નાખી.

જ્યારે આ પાર્સલ ધાણેટી પહોંચ્યું, ત્યારે ત્યાંનાં કુશળ કારીગર બહેન પરમાબહેને આ સાડીઓનો કબજો લીધો. તેના પર પરંપરાગત ડિઝાઈનો દોરી અને કેરોસીનના દીવડાનાં ટમટમિયાંમાં મોડી રાત સુધી કામ કરવાનું શરૂ કર્યું. પોતે જેને ધાણેટીની ઉત્તમ કારીગર બહેનો માનતાં હતાં, તેવી ત્રીસ બહેનોને તેમણે આ સાડીઓ વહેંચી આપી. જ્યારે ભરતામ પૂરુ થયું, તેમણે સાડીઓ ફરી પેક કરી દીધી, ટ્રકમાં બેસી ગયાં અને પોસ્ટ ઓફિસનો રસ્તો પકડ્યો.

કાકીએ મુંબઈમાં એક નાનકડું પ્રદર્શન કર્યું અને તેમના સગા સંબંધીઓ અને મિત્રોને આમંત્રણ આપ્યું. દરેક સાડીની કિંમત રૂ. ૪૦૦ નક્કી કરવામાં આવી. થોડા જ કલાકોમાં બધી જ સાડીઓ વેંચાઈ ગઈ અને આ સમગ્ર આવક તરત જ પરમાબહેનને એમ કહી મોકલી આપવામાં આવી કે તે આ ત્રીસ કારીગર બહેનોને આપી દેવામાં આવે. આ બહેનોને તો સ્વપ્નામાં પણ કલ્પના ન હતી કે તેમની આ કળા તેમને પૈસા કમાવામાં પણ ઉપયોગી થઈ શકે!

ધાણેટીના આ અનુભવે કાકીમાં શ્રદ્ધા પ્રગટાવી કે ભરતકામની આ હસ્તકળા કારીગરી, બહેનો માટે જીવનદોરી બની શકે તેમ છે. માત્ર સવાલ એ હતો કે કઈ રીતે! આ બહેનો તો ખૂબ જ દૂરનાં અને અંતરિયાળ ગામડાઓમાં રહેતી હતી અને તેમને તો આખા દિવસ દરમ્યાન ઘરનાં અનેક કામો કરવાનાં હતાં. તેમના પાસે કાપડ અને દોરા ખરીદવા પૈસા પણ ન હતા કે તેમનાં આ ભરતકામને બજારમાં વેચવાનો અનુભવ કે તાલીમ પણ ન હતાં.

કાકી એકી વખતે એક 'મુશ્કેલી' હાથમાં લેતાં અને તેનો ઉપાય શોધતાં. જો આ બહેનો તેમનાં ઘર ન છોડી શકે, તો ઉપાય એ હતો કે આ કાપડ અને દોરા તેમના ઘેર પહોંચાડવા. પોસ્ટલ સેવા સાથે ઊંટ કે સાઈકલ પર એક સ્થાનિક વ્યક્તિ આ ગામડાંઓના

*પરમાત્માની ઉત્કટ અભિલાષા ચાહતા હો તો સંસારની અભિલાષા છોડો.*

સમૂહને પહોંચી વળે એમ શરૂઆતમાં નક્કી થયું. આ બહેનો તેમના ફુરસદના સમયમાં ઈચ્છે તેટલું ઝડપી કે ધીમેથી ભરતકામ કરશે. પછી, જો બહેનો પાસે વસ્તુઓ ખરીદવા પૈસા નહીં હોય, તો તે તેમને મફત પૂરી પાડવામાં આવશે. વધારામાં, જેવું તેઓ આ ભરતકામ પૂરું કરશે, તરત તેમને તેમણે આપેલ સમયના અને કૌશલ્યના યોગ્ય અને પૂરા પૈસા તેમના ઉંબરે જ આપી દેવામાં આવશે.

આ બધું તો શક્ય લાગ્યું. છતાં એક પાયાનો સવાલ તો ઊભો જ રહ્યો. આ બહેનોને જે કાપડ, દોરા ખરીદવા આપવાના છે અને બીજા ખર્ચા થવાના છે, તેના પૈસા ક્યાંથી આવશે?

કાકીનાં વેપારી મગજને તરત જવાબ મળી ગયો. તેમનાં કુટુંબ, સંબંધીઓ અને મિત્રોની સહાયથી તેમણે નફારહિત સંસ્થા શ્રુજનની સ્થાપના કરી. આ શ્રુજન શબ્દ પણ તેમનાં કટુંબની બે બહેનો, શ્રુતિ અને રંજન, પરથી રચવામાં આવ્યો. જો કે પાછળથી કોઈએ કાકીને કહ્યું કે સર્જનાત્મકતા માટે સંસ્કૃત શબ્દ પણ 'શ્રુજન' જ છે.




શરૂઆતથી જ શ્રુજને એક વેપારી સંસ્થાન તરીકે જ કામ કરવા માંડ્યું. બહેનો દ્વારા ભરતકામ થયેલ કાપડને ઊંચી ગુણવત્તાવાળાં વસ્ત્રો અને જીવનોપયોગી ઉત્પાદન તરીકે જ ફેશનેબલ બનાવવામાં આવ્યાં અને ભારત અને વિદેશના શહેરી વિસ્તારોમાં વેચવામાં આવ્યાં. ઉત્પાદન, માર્કેટિંગ અને વેચાણને સાધ્ય માટેનાં સાધન બન્યાં, એવાં સાધન જે સતત આવક ઊભી કરશે, જે બદલામાં, કારીગર બહેનોને ટકાઉ રોજગારી તથા સ્વનિર્ભર બનવા માટે સશકત બનાવશે.

આ રીતે, સામાજિક સાહસિકતા શબ્દ ફેશનેબલ બન્યો તે પહેલાં ઘણા સમય પહેલાં વિશ્વના એક નાના ખૂણામાં શાંતિથી કામ કરતી શ્રુજનની ટીમે આ બિઝનેસ મોડેલની પોતાની રીતે ખૂબ સફળતાથી શરૂઆત કરી અને અમલીકરણ પણ કર્યું. શ્રુજનનાં પ્રથમ ત્રીસ વર્ષનાં અસ્તિત્વ દરમ્યાન ૧૮,૦૦૦ કારીગર બહેનોએ આર્થિક સ્વનિર્ભરતા મેળવી, તેમનાં કુટુંબની શૈક્ષણિક અને આરોગ્યની સ્થિતિને સુધારી અને પોતાની કોમનું સન્માન પણ પ્રાપ્ત કર્યું. કેટલીક કારીગર બહેનોએ તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડો પણ મેળવ્યા. આ સમગ્ર પ્રક્રિયાના કારણે આ પ્રાચીન કળા લોકભોગ્ય બની. તેણે સ્થાનિક સરહદો ઓળંગી અને શહેરી જીવન વ્યવસ્થાનો એક સાતત્યભર્યો સુગ્રથિત હિસ્સો બની ગઈ.

શ્રુજનની સફળતા તેની પાયાની માન્યતાઓને હઠપૂર્વક વળગી રહેવા પર રહી છે. તેમાં પણ પાયાની માન્યતા એ છે કે કોઈ પણ કુશળતાના સ્તરવાળા, અને તેમાં પણ ખાસ કરીને અંતરિયાળ અને ઝડપથી ન પહોંચી શકાય તેવાં ગામડાંઓનાં કારીગર બહેનોને કામની ખાતરી મળવી જોઈએ.

બીજી એક પ્રબળ માન્યતા એ છે કે આ કારીગરીએ સતત સર્જકતા અને ટેકનિકલ ઉત્કૃષ્ટતાના ઉચ્ચત્તમ સ્તરે પહોંચવાનો પ્રયાસ કરતા રહેવાનો છે. માત્ર આ જ બાબત શ્રુજનને સ્પર્ધાત્મક સ્તરે ટકાવશે, બજારમાં વિશિષ્ટ રીતે ટકી રહેવા સશક્ત બનાવશે અને વફાદાર અને સતત વિસ્તરતા ગ્રાહકોનો મોટો ટેકો મેળવશે.

શ્રુજન એમ પણ માને છે કે જે આ કારીગરીના સાહસ સાથે જોડાયેલ છે તેવી બધી જ વ્યક્તિઓ અને જૂથો સાથે આજિવન સંબંધ રચાવો જોઈએ. ધાણેટીના પરમાબહેન જ્યારે ચંદાબહેન શ્રોફને પહેલી વાર મળ્યાં, ત્યારે તે એક યુવાન સ્ત્રી હતાં. આજે, ભલે તે દુબળાં છતાં મજબૂત છે, પણ ૮૯ વર્ષનાં આ દાદીમાં કહે છે, "મને ચંદાબહેનનું ગૌરવ છે. મને ખબર છે કે તે પણ મારું ગૌરવ લે છે. અમે બન્નેએ સાથે મળીને લાંબો અને મુશ્કેલભર્યો માર્ગ કાપ્યો છે. ક્યારેક હું તમને એ બધી વાતો કહીશ. પણ અત્યારે તો, હું એટલું જ કહેવા માગું છું કે તે મારા કુટુંબનો જ એક હિસ્સો છે અને હું પણ તેમનાં કુટુંબનો..."

લોકો સાથેની આ ઘનિષ્ઠતાએ જ શ્રુજનને ૧૯૯૦ના શરૂઆતના સમયમાં કેટલાંક ચિંતાજનક પ્રવાહો બાબતે ચેતવી દીધું. ત્યારની યુવાન છોકરીઓએ તેમની માતા અને દાદીમાઓ પાસેથી આ કળા શીખવાની અનિચ્છા દર્શાવી : જે થોડી શીખી, તેમનામાં એની પ્રેક્ટિસ કરવા માટે પ્રોત્સાહન ન હતું. ચિંતા એ બાબતની હતી કે જો આ પ્રવાહ ચાલુ રહ્યો, તો આ કિંમતી હસ્તકળા થોડા જ દાયકાઓમાં નાશ પામશે અને પછી, કોઈ જ લેખિત દસ્તાવેજિકરણ નહીં હોવાથી, તેને પુનર્જીવિત કરવાનો કોઈ જ ઉપાય નહીં બચ્યો હોય.

એટલે, શ્રુજને "પ્રાઈડ એન્ડ એન્ટરપ્રાઈઝ" નામનો એક જબરો હિંમતભર્યો હિંમતવાન અને મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથમાં લીધો. તેમાં માસ્ટર કારીગર બહેનોએ વિશાળ કદની ભરતકામવાળી કાપડની પૅનલો તૈયાર કરી. તેની સંખ્યા એક હજારથી વધારે હતી અને દરેકનું માપ ૩' બાય ૪' હતું. આ પેનલો કચ્છી ભરતકામની બધી જ વૈવિધ્યસભર સ્ટાઈલનું પ્રતિનિધિત્વ કરે છે અને જગતમાં ક્યાંય ન જોવા મળે તેવી ભરતકામની હસ્તકળાના સર્વોતમ નમૂનાઓ ધરાવે છે.

"ડિઝાઈન સેન્ટર ઓન વ્હીલ્સ" નામની એક ખાસ બસે એકી

*સૌંદર્ય શોભે છે શીલથી, ચારિત્ર્ય શોભે છે સંયમથી. - કવિ ન્હાનાલાલ*

સાથે ત્રીસથી ચાલીસ પેનલો લઈ, વારાફરતી કચ્છનાં ગામડાંઓમાં ફરવાનું શરૂ કર્યું. આનો વીજળી જેવો પ્રભાવ પડ્યો. ખાસ કરીને યુવાન છોકરીઓ આ પેનલો સામે ઊભતી અને આશ્ચર્યથી બોલી ઉઠતી, "અરે, આ તો ભરતકામની હસ્તકળા છે!" ધીમે ધીમે પણ ચોક્કસ રીતે, આ કારીગરી જાણતી હોવાથી અને તેમાં કુશળ પણ હોવાથી, આ બાબત ગૌરવની ઘટના બનવા લાગી. ખરેખર-આ પેનલો અનેક લોકો માટે વિવિધ અર્થઘટનો ઊભાં કરે છે - શીખવાની બાબત, એક દેખાડવાની ઘટના, એક ડિઝાઈન બેન્ક, કોમની એક બહુમૂલ્ય બાબત ...

'પ્રાઈડ એન્ડ એન્ટરપ્રાઈઝ' જાળવણી, શિક્ષણ, સાહસ અને સશક્તિકરણનો સમન્વય હતું. તેણે આ કારીગરીને સર્જનાત્મક અને ટેકનિકલ રીતે સર્વોચ્ચ સ્થિતિએ પહોંચાડી અને સમાંતરે તેનાં ભાવિને સલામત બનાવવા માટે એક વિરાટ પગલું ભર્યું. આ પ્રોજેક્ટ અને એક જીવંત વારસાની જાળવણી અને પુનરુત્થાનના ઊંડા પ્રભાવ માટે જ ચંદા શ્રોફને ૨૦૦૬માં **"રોલેક્ષ એવોર્ડ ફોર એન્ટરપ્રાઈઝ"**થી સન્માનવામાં આવ્યાં.

પણ એક વિરાટ કૂદકો જ પૂરતો નથી. 'પ્રાઈડ એન્ડ એન્ટરપ્રાઈઝે' તો હજી ઘણું કામ કરવાનું છે. આજ સુધી આ કારીગરીનું કૌશલ્ય અને ડહાપણ મા દ્વારા દીકરીને મૌખિક રીતે જ કરાયું છે. પણ યુવાન છોકરીઓ આ પરંપરાગત રીતે શીખવાની અનિચ્છા બતાવતી હોવાથી, આ કારીગરીના વારસાને શીખવાના, શીખવવાના અને જાળવવાના નવા નવા માર્ગો શોધવા પડશે. આ બધી બાબત સંશોધન અને દસ્તાવેજિકરણ તથા ભરતકામ આધારિત કૌશલ્ય તાલીમ કરવા માટે આધુનિક મીડિયાનો કેમ ઉપયોગ કરવો એ બધા મુદ્દા પર વિચારણા માગે છે.

શ્રુજને એક કામ તો કરી લીધું છે તેણે આહીર જાતિના ભરતકામ પર સંશોધન કરી અને તેનું દસ્તાવેજિકરણ કરી લીધું છે. તેના આધારે તેણે "અન્ડર ધ ઍમ્બ્રોઈડર્ડ સ્કાય : ધ ઍમ્બ્રોઈડરી ઓફ ધ આહીર્સ ઓફ કચ્છ" નામે એક ફિલ્મ અને પુસ્તક પ્રકાશિત કરેલ છે. પણ હજી એવી નવ અન્ય ભરતકામ કરતી કોમો છે જેનું સંશોધન અને દસ્તાવેજિકરણ રાહ જુએ છે. વધારામાં, એક કોમ પાછી એક કે અનેક સ્ટાઈલોનો ઉપયોગ કરે છે. દાખલા તરીકે, 'પ્રાઈડ એન્ડ એન્ટરપ્રાઈઝ' સંશોધકોએ કચ્છના ખારા રણની સરહદે બન્નીમાં રહેતી મુતવા કોમના ભરતકામની અઢાર વિશિષ્ટ સ્ટાઈલ શોધી કાઢી છે. તેમાંથી અનેક લાંબા સમયથી ભૂલાઈ ગયેલ ટાંકાઓ પ્રકાશમાં આવ્યા છે. બન્નીનાં ગોરેવાલી ગામનાં માસ્ટર ક્રાફ્ટસવુમન ફાતીમા બહેન કહે છે, "હું પણ નથી જાણતી તેવા કેટલાક ટાંકાઓ મારી મા અને કાકીને યાદ આવી ગયા. હું તે શીખી પછી મેં પણ ગામમાં એક વર્કશોપ કર્યો અને ૨૨ છોકરીઓને આ ભરતકામના ટાંકા કરતાં શીખવ્યું. આ રીતે શ્રુજને અમને સમયાંતરે જે ભૂલાઈ ગયું હતું તે શીખવાની પણ પ્રેરણા આપી."

શ્રુજને તેનાં ૪૪ વર્ષનાં અસ્તિત્વ દરમ્યાન માત્ર ભરતકામને જ નથી પોષ્યું, પણ બ્લોક પ્રિન્ટિંગ અને વણાટકામ જેવાં અન્ય કાપડ પરની કારીગરીને પણ પોષી અને જાળવી છે. આ બધાં છતાં એ તો સમગ્ર રીતે જોતાં આ હસ્તકળાની કારીગરી માટેનો માહોલ ધૂંધળો છે. એક વાર જે ૧૮ વિવિધ હસ્તકળાઓ કચ્છનું ગૌરવ હતી, તે આજે કટોકટીનો અનુભવ કરે છે. મોટા ભાગના કારીગરો તેમની હસ્તકળા દ્વારા પૂરતું નથી કમાઈ શકતા અને તેમના માટે રોજગારીનાં અન્ય વિકલ્પો ન હોવાથી, તેમને સ્થળાંતર કરવું પડે છે અથવા તો મજૂરીનાં કામ કરવાં પડે છે જે તેમને નથી આર્થિક સલામતી આપતાં કે નથી તેમનું ગૌરવ જાળવી શકતાં.

વિવિધ કોમોના જૂના અને અનુભવી કારીગરો વારંવાર શ્રુજનને તેણે જે ભરતકામ માટે કર્યું છે, તેવું જ અન્ય કારીગરીઓ માટે કરવા વિનંતી કરે છે. આ શ્રદ્ધા, વિશ્વાસ અને કચ્છના લોકો અને હસ્તકળાઓ પ્રત્યેનો પ્રેમ જ શ્રુજનના ભાવિને ચોક્કસ આકાર આપશે.

કારીગરોને સમર્પિત અને બહુઆયામી કારીગરી તાલીમ અને રિસોર્સ સેન્ટર એવું આઠ એકરમાં પથરાયેલ આ "લિવીંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર" (એલ.એલ.ડી.સી.) ભુજથી ૧૬ કિલોમીટર આવેલ અજરખપુર ગામ પાસે ત્રણ માળનાં એક મકાનમાં આવેલ છે. તેનાં કેમ્પસનું બાંધકામ હજી ચાલુ છે.

એલ.એલ.સી.ડી. નાં બે મુખ્ય માધ્યમો - ક્રાફ્ટ સ્કૂલ અને ક્રાફ્ટ મ્યુઝિયમ - દ્વારા અત્યારે કામ કરતા અને ઉત્સાહી કારીગરો અને ગ્રામ્ય યુવાનોને જરૂરત આધારિત તાલીમ વિશાળ તકો અને વ્યક્તિગત રીતે તૈયાર કરવામાં આવશે. તેમને ડિઝાઈન, મેનેજમેન્ટ અને માર્કેટિંગ સંબંધિત વિવિધ પ્રકારની કુશળતાઓથી સજ્જ કરવામાં આવશે. આના કારણે તેઓ વર્તમાન માર્કેટો માટે પરંપરાગત હસ્તકળાઓનો કેમ ઉપયોગ કરાય તે બાબતે કામ કરવા સશક્ત થશે અને પરિણામે, આત્મસન્માન પૂર્વક રીતે અને આવક વધે તેવી રોજગારી મેળવશે.

એલ.એલ.સી.ડી. ની પ્રવૃત્તિઓ બે તબક્કામાં કામ કરશે. પહેલો તબક્કો ક્રાફ્ટ મ્યુઝિયમ સંકુલ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેની ત્રણ ગેલેરીઓ અને આર્કાઈવ્ઝ સાથે ક્રાફ્ટ મ્યુઝિયમ આ પ્રકારનું પહેલું મ્યુઝિયમ બનશે જે આંતરરાષ્ટ્રીય કક્ષાનું મ્યુઝિયમ હશે અને જે કચ્છી હસ્તકળાઓના પરંપરાગત અને આધુનિક ઉતમ નમૂનાઓને પ્રદર્શિત કરશે. શરૂઆતમાં, આ મ્યુઝિયમના પ્રદર્શનના પ્રથમ વિષય તરીકે ભરતકામની હસ્તકળા હશે.

બીજા તબક્કામાં, ક્રાફ્ટ સ્કૂલ એક સુગ્રથિત ક્રાફ્ટ કોર્સનું સંચાલન કરશે. આ ક્રાફ્ટ સ્કૂલમાં કચ્છની અઢારે હસ્તકળાઓ માટે પૂર્ણ સજ્જ એવા કાર્યરત સ્ટુડિયો હશે. આ બાબત એલ.એલ.સી.ડી.ને કચ્છમાં જ નહીં, કદાચ ભારતમાં પણ એક માત્ર જીવંત અને કાર્યરત એવું પર્યાવરણીય સ્થાન બનાવશે.

વર્તમાનમાં તેની ઉપયોગીતા બાબતે ચાલી રહેલ સંશોધન વિચાર કરતા ડરી જવાય તેવું લાગે છે. શ્રુજન પણ તેનો સ્વીકાર કરે છે, પણ ઉમેરે છે : કશું જ અશક્ય નથી. મોટું સાહસિક ભર્યુ પગલું લાગે છે. સમસ્યાઓ તો હંમેશ રહેવાની જ, પણ તેમાં મજા છે તેના ઉપાયો શોધવા. ■

*ભગવાનથી મોટું બીજું કોઈ જ નથી.*

# આશાપુરા ફાઉન્ડેશન

• ફિરોજી અંજીરબાગ, કન્સલ્ટન્ટ – શ્રુજન •
અનુવાદ : હરેશ ધોળકિયા

**આશાપુરા ફાઉન્ડેશન**
મણિનગર, વિરાણી રોડ, નખત્રાણા, જીલ્લો : કચ્છ.
ફોન : (૦૨૮૩૫) ૨૨૩૬૦૫
• મુંબઈનું સરનામું •
જીવન ઉદ્યોગ બિલ્ડિંગ, ૨૭૬, ડી.એન. રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૨૮૩૧૨૦૩, ૨૨૮૩૧૩૦૩

| | |
|---|---|
| **આશાપુરા ફાઉન્ડેશન** | - ગ્રામ વિકાસની પ્રવૃત્તિ |
| **હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન** | - વૈદકીય પ્રવૃત્તિ |
| **કચ્છ નવનિર્માણ ટ્રસ્ટ** | - શૈક્ષણિક, સાંસ્કૃતિક વગેરે પ્રવૃત્તિ |

• **પ્રસ્તાવના :**

આશાપુરા ગ્રુપ પોતાની સામાજિક જવાબદારી અંતર્ગત હંમેશાં આગળ પડતો ભાગ ભજવે છે કેમકે આજે આશાપુરા ગ્રુપ એક વિશાળ વૃક્ષ તરીકે ઉદ્યોગ જગતમાં સમગ્ર વિશ્વમાં ફેલાયેલું છે. પરંતુ તેના મૂળિયા કચ્છમાં જ છે. કચ્છના આ ઋણને ચૂકવવા સામાજિક ક્ષેત્રે કામગીરી સ્વરૂપે આશાપુરા ફાઉન્ડેશન, હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન અને કચ્છ નવનિર્માણ ટ્રસ્ટના નેજા હેઠળ વિવિધ સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં કાર્યરત છે.

કચ્છ એ કાયમી અછતના પ્રદેશ તરીકે જાણીતો છે. અને અવારનવાર પડતા દુષ્કાળમાં દુષ્કાળ પિડીત લોકોની વહારે ધાવું અતિ આવશ્યક છે.

દેશનું આર્થિક અને સામાજિક જીવનધોરણ ઊંચું લાવવું હશે તો માનવીની પ્રાથમિક જીવન જરૂરિયાતની ચીજોના ઉદ્ભવસ્થાન જેવા દેશના ગામડાંઓના વિકાસ કાર્યોને અગ્રતા આપવી જરૂરી છે. આજે વિકાસ પ્રક્રિયાના એક ભાગરૂપે શહેરીકરણ વધતું જાય છે. ગામડાંના લોકો રોજગારીની શોધમાં શહેરો તરફ વળે છે. જેની સીધી અસર શહેરોમાં વિપરીત રીતે પડે છે. આ સમસ્યામાંથી બહાર આવવાનો એકમાત્ર વિકલ્પ છે ગામડાંઓને સ્વાવલંબી બનાવવા.

ગામડાંના લોકોમાં જોવા જઈએ તો આવડતનો અભાવ નથી, પરંતુ એ લોકોને યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે કે જેના કારણે દરેક ક્ષેત્રમાં તેઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. 'કચ્છ' માં કલાનો વારસો જાળવીને આજની તારીખમાં પણ ઠેક-ઠેકાણે બેઠેલા લોકો જોવા મળે છે. તો આવા ગામડાંના લોકોની સુખાકારી વધારવા ગામડાંઓને સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશ્ય સાથે "આશાપુરા ફાઉન્ડેશન"નો ઈ.સ. ૧૯૯૨ માં કચ્છ આંગણે પ્રારંભ થયેલ છે. જેની મુખ્ય ઓફિસ મુંબઈમાં આવેલ છે તથા કચ્છમાં ભુજ, નખત્રાણા તથા લખપત તાલુકામાં ઓફિસ કાર્યરત છે.

મુખ્યત્વે કચ્છ માટે જોવા જઈએ તો કચ્છના પ્રાણપ્રશ્ન સમાન પાણીની અછતનો ઉપાય વરસાદથી પડતા પાણીના ટીપે ટીપા નો બચાવ કરી તેનો સમજણપૂર્વકનો અને કરકસરભર્યો ઉપયોગ કરવામાં રહેલો છે. આ વસ્તુસ્થિતિ જાણી કચ્છના લખપત તાલુકાથી સંસ્થાએ કામગીરીની શરૂઆત કરેલ. લખપત તાલુકો એ કચ્છનો દુર્ગમ તથા ખૂબ મોટો તાલુકો અને અંતરિયાળ ગામડાંઓ, સૂકી ખેતી તથા પશુપાલન પર નિર્ભર ત્યાંના લોકો કોઈપણ પ્રકારની સગવડ ન મળે તે બધું ધ્યાન રાખી સંસ્થાએ લખપત તાલુકાથી શરૂ કરી, કચ્છના નખત્રાણા, માંડવી તથા ભુજ તાલુકામાં કામગીરી કરવાની શરૂઆત કરી.

સંસ્થાની મુખ્ય કામગીરી વોટર હાર્વેસ્ટિંગ, પીવાના પાણીની વ્યવસ્થા, શિક્ષણ, પશુપાલન, આરોગ્ય તથા ખેતીવાડી અને રોજગારીની મુખ્ય છે. જે દરેક કામગીરી આ પ્રમાણે કરેલ છે.

**(A) વોટર હાર્વેસ્ટીંગ :**

આ કામગીરી કરવાથી વરસાદના પાણીને રોકી તેનું સ્ટોરેજ કરી પાણી જમીનમાં ઉતારવાની કામગીરી કરવામાં આવે છે. જેનાથી પાણીનો ખેતીમાં ઉપયોગ કરી ખેડૂતોને લાભ મળે છે, પાણી રીચાર્જ થવાથી ભૂગર્ભ જળ ઊંચા આવે છે. પાણીની ક્વોલીટીમાં સુધારો થાય છે. ટી.ડી.એસ. તથા ફ્લોરાઈડનું પ્રમાણ ઘટે છે. જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. જેમાં ચેકડેમ, સ્ટોરેજ ટેન્ક, નાલા પ્લગ, ખેત તલાવડી, રીચાર્જિંગ કૂવા તથા બોર, સ્ટ્રેગર્ડ ટ્રેન્ચ, લુઝ બોલ્ડર વગેરે જેવી કામગીરી કરવામાં આવે છે.

***અત્યાર સુધીની કામગીરી :***

| ક્રમ | કામગીરીનું નામ | સંખ્યા | લાભીત વિસ્તાર એકર | લાભાર્થી સંખ્યા | સ્ટોરેજ કેપેસિટી મિલિયન લિટર |
|---|---|---|---|---|---|
| ૧ | સ્ટોરેજ ટેન્ક | ૮૧ | ૪૬૨૦ | ૮૭૨ | ૧૮૬૩.૩૦ |
| ૨ | ચેકડેમ | ૭૯ | ૧૩૭૫ | ૩૨૮ | ૭૦૨.૮૫ |
| ૩ | નાલા પ્લગ | ૫૧ | ૮૦ | ૪૭ | ૨૮૭.૦૦ |
| ૪ | ખેત તલાવડી | ૪૪ | ૪૪ | ૪૪ | ૦.૫૪ |
| ૫ | રીચાર્જિંગ બોર | ૧૫ | ૨૭૦ | ૧૫ | |
| ૬ | રીચાર્જિંગ કૂવા | ૪૪ | ૨૨૩ | ૪૪ | |
| ૭ | સ્ટેગર્ડ ટ્રેન્ચ | ૯૦૪૪૨ | ૨૫ | ૬૪૭૦ પશુ | |
| ૮ | લુઝ બોલ્ડર | ૮૦૧ | ૨૫ | ૬૪૭૦ પશુ | |

*મૌનના ફળરૂપે પ્રાર્થના, પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા, શ્રદ્ધાનું ફળ પ્રેમ અને પ્રેમનું ફળ સેવા. - મધર ટેરેસા*

### (B) પીવાના પાણીની વ્યવસ્થા :

કચ્છના ગામડાંઓમાં પીવાના પાણીની વ્યવસ્થા ખૂબ ઓછી જોવા મળે છે. જેના માટે સંસ્થા દ્વારા વાસ્મો પ્રોજેક્ટ અંગર્ગત વિવિધ કામગીરી કરવામાં આવેલ છે. જેમાં લખપત તથા નખત્રાણા તાલુકામાં કામગીરી કરવામાં આવેલ છે.

*અત્યાર સુધીની કામગીરી :*

| ક્રમ | કામગીરીનું નામ | સંખ્યા | લાભાર્થી ગામ | લાભાર્થી સંખ્યા | કેપેસિટી |
|---|---|---|---|---|---|
| ૧ | ઊંચી ટાંકી | ૬ | ૬ | ૧૮૦૮૭ | ૪,૫૦,૦૦૦ |
| ૨ | ગ્રાઉન્ડ લેવલના ટાંકા | ૩૩ | ૨૮ | ૧૭૨૫૨ | ૧૦,૧૦,૦૦૦ |
| ૩ | સંમ્પ | ૭ | ૭ | ૧૮૫૩૨ | ૫,૧૦,૦૦૦ |
| ૪ | બોર | ૭ | ૭ | ૧૨૯૩૨ | |
| ૫ | પંમ્પિંગ મશીનરી | ૯ | ૭ | ૧૨૯૩૨ | |
| ૬ | પાઈપલાઈન | ૮૨૩૧૧ RMT | ૪૬ | ૪૪૨૯૦ | |
| ૭ | R.O. પ્લાન્ટ | ૧ | ૧ | ૯૫૦ | ૧૦૦૦/hr |
| ૮ | સ્ટેન્ડ પોસ્ટ | ૩૫ | ૧૯ | ૧૦૮૪૬ | |
| ૯ | પાણીની પરબ | ૬ | ૬ | ૪૫૧૯ | ૬૦૦૦ |

### (C) પશુપાલન :

કચ્છમાં લખપત તાલુકામાં સૌથી વધુ રોજગારી પશુપાલનમાંથી મળી રહે છે. તથા સૌથી વધું પશુ ધરાવતો તાલુકો છે, પરંતુ પશુના ચારા તથા પીવાના પાણીની સગવડ નહિવત છે. જેના કારણે માલધારીઓને દુષ્કાળના વર્ષોમાં પોતાના માલને બચાવવા હિજરત કરવી પડે છે, તથા પશુઓને પશુરોગમાં પણ સમયસર સારવાર મળી રહેતી ન હોવાથી સંસ્થા દ્વારા પશુપાલનની પ્રવૃત્તિ કરવામાં આવે છે.

*અત્યાર સુધીની કામગીરી :*

| ક્રમ | કામગીરીનું નામ | સંખ્યા | લાભાર્થી ગામની સંખ્યા | પશુ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સારવાર કેમ્પ | ૬૫ | ૨૩ | ૨૪૧૨૪ |
| ૨ | પ્રાથમિક સારવાર | ૧૨૭ | ૧૦૫ | ૧૨૭ |
| ૩ | પીવાના પાણી માટે અવાડા | ૩૭ | ૨૫ | ૧૮૯૪૦ |
| ૪ | ઘાસચારા વિતરણ | ૩૦૪૫ મે.ટન | ૧૪ | ૧૦૧૫૧ |
| ૫ | નિરણ કેન્દ્ર | ૧૪ | ૧૪ | ૧૫૭૨૦ |
| ૬ | ઘાસ પ્લોટ | ૧૦૦ એકર | ૨ | ૧૫૦૦ |

### (D) ખેતી :

કચ્છમાં મોટે ભાગે સૂકી ખેતી પર ખેડૂતો આધાર રાખે છે. પરંતુ પાણી બચાવવાની કામગીરી કરતા હવે ખેડૂતો શિયાળુ તથા ઉનાળુ પાક લેતા થયા છે, તથા ખેતીની નવી નવી પદ્ધતિથી તથા સમજપૂર્વકની ખેતી કરવા નીચે પ્રમાણેની કામગીરી કરવામાં આવેલ છે.

*અત્યાર સુધીની કામગીરી :*

| ક્રમ | કામગીરીનું નામ | જમીન એકર | લાભાર્થી ખેડૂત |
|---|---|---|---|
| ૧ | બાગાયતી પ્લાન્ટેશન | ૫૬ | ૫૬ |
| ૨ | બિયારણ વિતરણ | ૧૦૯૩૨ | ૨૬૧૯ |
| ૩ | ડેમ રિપેરીંગ | ૧૭૦ | ૩૪ |
| ૪ | પ્રેરણા પ્રવાસો | | ૯૬ |

### (E) શિક્ષણ :

કચ્છમાં અને તેમાંય લખપત તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નહિવત જોવા મળે છે, કારણકે ગરીબ પ્રજા અને માલધારી કોમ હોવાથી શિક્ષણનું પ્રમાણ ખૂબજ નીચું જોવા મળે છે તે માટે શિક્ષણનું સ્તર સુધારવા માટે સંસ્થા દ્વારા વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે.

*અત્યાર સુધીની કામગીરી :*

| ક્રમ | કામગીરીનું નામ | ગામ | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|---|
| ૧ | શૈક્ષણિક કીટ વિતરણ | ૪૨ | ૯૩૦૮ |
| ૨ | સ્કૂલોમાં પીવાના પાણી માટેની વ્યવસ્થા માટે વરસાદી પાણીના ટાંકા | ૩૦ | ૪૫ ટાંકા |
| ૩ | પાણીની પરબ | ૧૦ | ૧૪૩૦ |
| ૪ | U.V. પ્લાન્ટ | ૬૪ | ૧૧૩૫૦ |
| ૫ | આંગણવાડીમાં પીવાના પાણીની વ્યવસ્થા | ૪૨૫ | ૨૪૬૫૫ |

### (F) પર્યાવરણ તથા સ્વચ્છતા :

સંસ્થા દ્વારા કચ્છમાં પર્યાવરણ તથા સ્વચ્છતા બાબતે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેના દ્વારા લોકોમાં જાગૃતતા લાવી શકાય તથા આરોગ્ય સુખાકારી વધે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિ કરવામાં આવે છે.

*એક કઠોર શબ્દ, એક ધારદાર વાગ્બાણ કોઈના દિલને લાંબા સમય સુધી કોતર્યા કરશે અને મૂકી જશે એક કાયમી જખ્મ.*

*કામના છૂટવાથી જે સુખ થાય છે તે સુખ કામનાની પૂર્તિથી કદી થતું નથી.*

*અત્યાર સુધીની કામગીરી :*

| ક્રમ | કામગીરીનું નામ | સંખ્યા | ગામ | લાભાર્થી |
|---|---|---|---|---|
| ૧ | વોટર ક્વોલિટી તાલીમ | ૭૫ | ૭૫ | ૪૪૨૯૦ |
| ૨ | વૃક્ષારોપણ | ૧૦૦૪૦ | ૫૯ | ૫૯ ગામ |
| ૩ | ડસ્ટબીન તથા ટ્રોલી વિતરણ | ૮૦૦ | ૫૯ | ૪૦૭૫૦ |
| ૪ | કંમ્પોસ્ટ પીટ | ૨૩ | ૮ | ૪૫૧૨ |
| ૫ | સેનીટેશન યુનિટ | ૬ | ૪ | ૫૮૭૯ |
| ૬ | ગટરલાઈન | ૧૦૫૪૫ Rmt | ૩ | ૭૨૬૦ |

**(G) મહિલા ઉત્કર્ષ તથા રોજગારી :**

કચ્છના ગામડાઓમાં મહિલાઓમાં કલા ખૂબજ વિપુલ પ્રમાણમાં ભરેલી છે. જે અનુસંધાને તાલીમ કાર્યક્રમો તથા રોજગારી મળી રહે તેવા કાર્યક્રમો કરી મહિલા પગભર થઈ શકે તથા ઘરે બેઠા રોજગારી મેળવી શકે તથા આરોગ્ય જળવાઈ રહે તેવા ઉદ્દેશ સાથે કામગીરી કરવામાં આવે છે.

*અત્યાર સુધીની કામગીરી :*

| ક્રમ | કામગીરીનું નામ | સંખ્યા | લાભાર્થી બહેનો |
|---|---|---|---|
| ૧ | અગરબત્તી તાલીમ | ૧૦ | ૨૧૧ |
| ૨ | સીવણ ક્લાસ | ૧ | ૨૫ |
| ૩ | નિર્ધૂમ ચુલા | ૮૦૦ | ૮૦૦ |
| ૪ | SHG ગ્રુપો | ૨૩ | ૨૧૭ |

સંસ્થા દ્વારા ઉપરોક્ત જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવે છે જેવા કે સ્કૂલના બાળકો દ્વારા સ્વચ્છતા રેલી, હરીફાઈ, વકતૃત્વ સ્પર્ધા, પાણીનો વપરાશ તથા તેના યોગ્ય ઉપયોગ બાબતે તાલીમો, શેરી નાટકો, લોક ડાયરા, વૃક્ષારોપણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રવૃત્તિઓનો દિવસે-દિવસે કાર્યક્ષેત્રનો વ્યાપ વધતો જ જાય છે, સતત વિકાસના કાર્યમાં સંસ્થાના સંપર્કમાં આવી સ્થાનિક લોકોમાં પણ હવે સામૂહિક કામોની જવાબદારી સ્વીકારવાનું વલણ કેળવાતું જાય છે. ભવિષ્યમાં સતત આવી પ્રવૃત્તિઓમાં જોડાઈને ગામડાઓનો વિકાસ કરવાની ભાવના ફળીભૂત થાય તેવી આશા સહ ...

સંસ્થા વિવિધ સરકારી પ્રોજેક્ટો જેવા કે વોટરશેડ, વાસ્મો, યુ.એન.ડી.પી., એમ.આર.એફ. તથા એમ.ઓ.આર.ડી. જેવા પ્રોજેક્ટ હેઠળ પ્રવૃત્તિઓ કરે છે.

- **આરોગ્યલક્ષી પ્રોજેક્ટ :**

લખપત તાલુકાના અંતરિયાળ ગામડાંઓ, જ્યાં કોઈ પણ પ્રકારની સુવિધાઓ જોવા મળતી નથી; જ્યાં લાઈટ પાણી, પાકા રસ્તા વગેરે પણ નથી તેવા ખૂબજ પછાત ગામડાંઓ આવેલ છે. જેમાં મુખ્યત્વે માલધારી તથા જત લોકોની વસતિ જોવા મળે છે. પ્રાથમિક સુવિધા બિલકુલ પણ ન હોય ત્યાં આરોગ્યલક્ષી સેવાની તો વાત જ શું કરવી? દૂર દૂર આવેલ ગામડાંઓમાં માણસોને વિવિધ પ્રકારના રોગો જોવા મળે છે, પરંતુ નજીકમાં ક્યાંય દવાખાનાની સગવડ ન હોતા માણસો નાની મોટી બીમારીને ગણકારતા જ નથી. જેથી સમય જતાં આવા લોકો મોટા રોગોનો ભોગ બને છે. આ પરિસ્થિતિ જાણ્યા પછી આશાપુરા ફાઉન્ડેશનની બીજી ભગીની શાખા "હીરાલક્ષ્મી મેમોરિયલ ફાઉન્ડેશન" નામથી લખપત તાલુકામાં ફરતું દવાખાનું શરૂ કરવામાં આવ્યું જેમાં M.B.B.S. ડૉક્ટરો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે, તથા અઠવાડિયામાં બે વાર ગામડાઓમાં એમ્બ્યુલન્સ જાય છે, તથા દર્દીને તપાસી દવા આપવામાં આવે છે જેમાં ડૉક્ટર ઉપરાંત કમ્પાઉન્ડર પણ સાથે હોય છે.

આમ, લખપત તાલુકાના કુલ ૪૮ ગામોમાં એમ્બ્યુલન્સ દ્વારા દર્દીને ગામમાં જ સેવા આપવામાં આવે છે, જેથી નાની બીમારીનું તાત્કાલિક નિદાન કરી દર્દીને સાજા કરવામાં આવે છે. જેથી આવા રોગો મોટુ સ્વરૂપ ધારણ કરતા અટકે છે તથા ગામ લોકોની સુખાકારી વધે છે. આમ લખપત તાલુકાના ગામડાંઓમાં તબીબી સેવાની શરૂઆત કરી સંસ્થા દ્વારા તેનો વ્યાપ વધારી હાલે લખપત, અબડાસા, માંડવી, નખત્રાણા તથા ભુજ તાલુકાના ગામડાંઓમાં સેવા પૂરી પાડે છે, જે પાંચ તાલુકાના કુલ ૮૮ ગામડાંઓમાં સેવા આપવામાં આવે છે. જેનાથી અત્યાર સુધી ૧,૦૦,૦૦૦ થી વધુ દર્દીને તેનો લાભ મળેલ છે. આ ઉપરાંત જરૂરિયાત મુજબ રોગનિદાન કેમ્પ, આઈકેમ્પ, જનરલ કેમ્પ જેવા કેમ્પો કરી ગામડાંઓમાં સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે.

કચ્છ જિલ્લો ખૂબ જ વિશાળ વિસ્તાર ધરાવતો જિલ્લો છે જેમાં અંતરિયાળ ગામો ખૂબજ છે. તેમાં દર્દીઓને પૂરતી સેવા મળતી નથી તથા તાત્કાલિક સારવાર ન મળવાના કારણે ક્યારેક વધુ પ્રમાણમાં રોગો થાય છે જે માટે હજુ પણ આવા ફરતા મેડિકલ વાનની જરૂરત છે જે કચ્છના ગામડાંઓમાં ફરી દર્દીઓની સારવાર કરી શકે. આ ઉમદા કાર્ય કરવા માટે સૌને આગળ આવવાની જરૂરત છે. જેથી કરી કચ્છના ગામડાઓમાં પૂરતી તબીબી સારવાર મળવાથી ગામડાં નિરોગી બની શકે.

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

**હસ્તકલા અને સ્વરોજગાર પ્રોજેક્ટ :**

(૧) કચ્છની કલા અને કારીગરોને પ્રોત્સાહન આપવા માટે સાત વર્ષ અગાઉ હીરાલક્ષ્મી મેમોરિયલ પાર્કનું નિર્માણ થયું અને આ સ્થળ કારીગરો માટે સાચા અર્થમાં હીરા અને લક્ષ્મી લાવ્યું. કારીગરો આ જગ્યાએથી જંગી વેચાણ કરી પગભર થયા છે.

(૨) કચ્છની બહેનો આર્થિક રીતે સ્વાશ્રયી બને એ હેતુથી સપ્ટેમ્બર ૨૦૦૮માં આશાપુરા વુમેન્સ એકેડેમી (AWA) ની સ્થાપના દીના ચેતન શાહની પ્રેરણાથી થઈ. જેમાં આજ સુધી ૪૧૪ બહેનોએ નિઃશુલ્ક તાલીમ મેળવી. જેની આઠમો બેચ ચાલુ છે. સ્લમ એરિયામાં પણ આ પ્રવૃત્તિનો વિસ્તાર કરેલ છે.

(૩) કચ્છના યુવા ધનને પણ રોજગારીની તકો ઊભી થાય, ઉદ્યોગોને તૈયાર માનવબળ મળે અને કચ્છનો યુવાન સ્વનિર્ભર બને એવા ઉમદા હેતુથી I.T.I. ભુજ સાથે જોડાણ કરીને નિઃશુલ્ક તાલીમ વર્ગ છેલ્લા પાંચ વર્ષથી ચાલે છે. જેમાં મોટર મિકેનિક, ઇલેક્ટ્રિશિયન, વાયરમેન, વેલ્ડર, ટર્નર, ફીટર જેવા કોર્ષ ચાલે છે. અત્યાર સુધી ૧૨૦૭ વિદ્યાર્થીઓએ તાલીમ મેળવી છે.

★ આશાપુરા ગ્રુપ દ્વારા ધરતીકંપ પછી હાઉસિંગ કોલોની દ્વારા ૧૧૦ ઘરોની વસાહત બનાવી અસરગ્રસ્તોને નિઃશુલ્ક ઘરો અર્પણ કર્યા, કોલોની તેમજ આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકો અને બાળકો માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી આશાપુરા પ્રા.શાળા, તેમજ શાળામાં કરાટે વર્ગ શરૂ છે, જે જિલ્લાની ત્રીજી શાળા છે.

- ✦ આશા અંકુર બાલમંદિર
- ✦ આશા સર્જન સીવણ ક્લાસ
- ✦ આશા જ્ઞાન વાંચનાલય
- ✦ આશા સપ્તક સીવણ ક્લાસ
- ✦ આશાપુરા કોમ્પ્યુટર ક્લાસ

★ ઐતિહાસિક સ્મારકોની જાળવણી અંતર્ગત માધાપર પાસે આવેલ નાની-બા વાવનું સંપૂર્ણ મરામત અને પુનરુત્થાનનું કાર્ય સંસ્થા કરે છે.

★ હીરાલક્ષ્મી મેમોરિયલ સેન્ટર ફોર કચ્છી ફલોક મ્યુઝીક જેમાં કચ્છના પ્રાચીન વાદ્યોના વાદક, તેમજ ગાયક કલાકારોને પ્રોત્સાહન મળી રહે અને ઠેર ઠેર રહેલા આ કલાઘરોને યોગ્ય માધ્યમ મળે એવા નમ્ર હેતુથી આ પાંખ શરૂ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી ૪૮૨ કલાકારોએ નોંધણી કરાવી છે.

ઉપરોક્ત સમગ્ર કામગીરી શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહની પ્રેરણાથી ચાલે છે. ■


HIGH QUALITY STAINLESS STEEL


SQUARE DABBA


BOMBAY TIFFIN


PYRAMID TIFFIN

Manufactures & Suppliers of
St. Steel 26 G & 28 G all size Bombay Tiffin, 28 G. Belly Tiffins (Thai type)
and Square Dabba in all sizes upto 50 kg capacity

Rolex

Rushabh
STEEL CENTRE

G-77, Sarvodaya Nagar, Shri Mahendrakumar T. Marg, (1st Panjrapole Lane), Mumbai - 400 004.
Tel. 2242 2072 - 22420593 • Fax : 3008 0072

અતીતના ઓવારણા લેતું કેન્દ્ર

# ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન - કચ્છ દર્શન મ્યુઝિયમ

● શ્રીમતી નીતા કિશોર જોશી ●
મેનેજર, ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન - ભુજ, કચ્છ

ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશનનું કચ્છ સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ એટલે કચ્છની લઘુ પ્રતિકૃતિ. કચ્છના દરેક પાસા અને સંસ્કૃતિને આવરી લેતી વસ્તુઓ અહીં જોવા મળે છે.

ભાષા-સાહિત્ય, વેપાર વાણિજ્ય, કલા કારીગીરી, રહેણી-કરણી, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન — આ બધી જ વસ્તુઓ દ્વારા થતું સંસ્કૃતિનું ભવ્ય દર્શન એટલે જાણે **"કાન્તમ ક્તુમ ચાક્ષુપમ''**

**ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન**
દ્વિધામેશ્વર મહાદેવજી મંદિર રોડ,
ભુજ તાલુકા પંચાયત રોડ, ભુજ, કચ્છ.
ફોન : ૨૨૪૫૮૦ ● મો. ૮૧૪૦૨ ૯૪૪૩૧
સમય : સવારે ૧૦.૦૦થી સાંજે ૫.૦૦
**રવિવાર સિવાય સવારે ૧૦.૩૦થી બપોરે ૧.૧૫ અને બપોરે ૨.૩૦થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી આ મ્યુઝિયમ પ્રવાસીઓ માટે જોવા ખુલ્લું રહે છે.**

કચ્છની ધરતી પર ખેર, બોરડી અને બાવળ છે. કાટાં અને ઝાંખર પણ છે. પણ ત્યાંના માણસ પણ સવા લાખના છે. હજારો વર્ષ જૂની કલા અને સંસ્કૃતિથી કચ્છડો રળિયાત છે, ઉજળો છે. જગતભરમાં જેનો જોટો જડવો મુશ્કેલ છે એવી કચ્છ સંસ્કૃતિના સાચુકલા દર્શન કરવા હોય તો તેણે કચ્છ પ્રવાસે જઈ ત્યાંના લોકજીવનને જોવું જાણવું ને માણવું જોઈએ. ત્યાંના સંગ્રહાલયો નિહાળવા જોઈએ. જેમ પુનામાં આવેલું સુવિખ્યાત સંગ્રહ સ્થાન રાજા કેલકરની દેન છે, તેમ કચ્છ લોક સંસ્કૃતિક્ષેત્રે અવિસ્મરણીય બની રહેલું આ સંગ્રહ સ્થાન કચ્છી લોક સંસ્કૃતિના વૈતાતિક સ્વ. રામસિંહજી રાઠોડનું અનોખું નજરાણું છે.

ભુજમાં આવેલું ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન (મ્યુઝિયમ) એટલે કચ્છના આંતર બાહ્ય દેહની ઓળખ આપતું દર્શનીય સ્થળ. કચ્છી લોક કળાના ઉચ્ચ અભ્યાસી સ્વ. રામસિંહજીભાઈ રાઠોડ સ્થાપિત આ મ્યુઝિયમ ગ્રામ્ય જીવનની શૈલી, કલા અને સંસ્કૃતિની સંભાળ, સાચવણી તથા વિકાસ માટે પ્રયત્નશીલ છે.

ભુજમાં આવેલ કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર તરીકે ફરજ પૂરી કરી ચુકેલા નિવૃત્ત કર્મચારી અને ઈતિહાસ તથા પુરાતત્ત્વવિદ્ એવા શ્રી દિલીપભાઈ કે. વૈદ્યના જણાવ્યા પ્રમાણે કચ્છ પંથકની પુરાતન કલાના ઉત્કૃષ્ટ નમુનાઓ એકત્ર કરીને સ્વ. રામસિંહજીભાઈ રાઠોડ નામના એકલવીરે એકલા હાથે સ્થાપેલ ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન મ્યુઝિયમ ૧૯૮૦માં સ્થાપેલ હતું.

સ્વ. રામસિંહજીભાઈ રાઠોડે ૧૯૫૮માં "કચ્છનું સંસ્કૃતિ દર્શન" પુસ્તક લખ્યુ હતું. આ પુસ્તકને મુંબઈ સરકારનો સુવર્ણ ચંદ્રક, રણજીતરામ સુવર્ણ ચંદ્રક, અને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના એવૉર્ડ મળ્યા હતા.

ભૂકંપ બાદ આ મ્યુઝિયમને મરામત કરાવી નવસર્જન કરવામાં આવેલ છે. અને સુઆયોજિત પિક્ચર આર્ટ ગેલેરી, ટેક્ષટાઈલ વિભાગ તથા લાઈબ્રેરીને નવો ઑપ આપવામાં આવેલ છે.


કાપડ તથા ભરત વિભાગમાં ખૂબજ સુંદર અને અપ્રાપ્ય એવા ભરતકામ, રેશમીકામ, ઝરીકામ તથા બાંધણીના નમુનાઓ અહીં રાખવામાં આવ્યા છે. વિવિધ પ્રદેશોની વિવિધ જાતિઓનું ભરતકામ પ્રદર્શિત કરાયું છે. બન્ની વિસ્તારના જત, મુતવા, નોડે જાતિ તેમજ મેઘવાળ વગેરેના ગૃહ શણગારની વસ્તુ સાથે પોતાના પહેરવાના પોશાકો સહિતના નમુનાઓ ઉપરાંત ઘોડા, બળદ, ઉંટ, વગેરેના વાર તહેવારના અથવા લગ્ન પ્રસંગે શણગારવાના ભરત કામના નમુનાઓ અહીં જોવા મળે છે.



*બન્નીના ભૂંગામાં મડ વર્ક દ્વારા અંદરનું સુશોભન*

અબડાસા અને વાગડ બાજુના જૈનો, ભાનુશાળી, સોઢા, રબારી તથા કણબી પટેલ અને રજપૂતો દ્વારા વપરાતી આઈટમોના ઉત્કૃષ્ટ પ્રકારનાં નમુનાઓ પણ અહીં છે. આ સિવાય સિંધી અને ભાટિયા જ્ઞાતિ માટેના રેશમી કાપડ તથા કિનખાબ કાપડ પરના ઝરીકામ સહિતના પોશાકો અહીં રાખવામાં આવ્યા છે. ભરતકામના આ નમુનાઓ આશરે ૫૦ થી ૧૦૦ વર્ષ જૂના છે.

*બીજા પર વધુ વિશ્વાસ મૂકો, તો વધુ સફળતા મળશે.*



*આરી (મોચી) એમ્બ્રોયડરી વર્ક*

મ્યુઝિયમમાં તોરણ, ગોખલિયા, બારસાંખિયા, ચાકડા, ધાણિયા, ઓછાડ, ઓશિકાના કવર, ઘોડિયા (છાંટિયા), કંજરી, બ્લાઉઝ, કપડું, ગજ, ઘાઘરા, ઝુલડી, ગલેચી, ટોપી, કેડિયા, બટુવા, આભા (ગગા) આરી ભરતનાં (મોચીકામનાં) ખૂબ મહત્ત્વના તેમજ ખૂબ જ જૂના સિલ્કના (રેશમી) પીસ અહીં છે. તદુપરાંત બ્લોક પ્રિન્ટના (અબડાસા અને મુંદ્રા બાજુના) અતિ અગત્યના નમુના પણ અહીં જોવા મળે છે. મોતીકામના – પંખા, મોર, ચોટલા, હાર, હાથ પગમાં પહેરવાના આભૂષણ, ધાબ, નાળિયેર, મોજડી, તલવારની ખોલ, મુખવાસની થેલી, પારણામાં ઝુલાવવાના ઝુમર તથા પોપટ જેવા રમકડાં, અત્તરની શીશી, સોપારી, મણ ગોઠડા, કાનફુલ વગેરે વસ્તુઓ પણ દશ્યમાન છે.

● **શ્રી સહજાનંદ સ્વામીની પ્રસાદી :**

સં. ૧૮૬૦ ના મહા સુદ સાતમના યુગ પુરુષ શ્રી સહજાનંદ સ્વામીએ કચ્છની ધરતી પર પુનિત પગલાં પાડ્યાં હતાં. સાત વર્ષ તેઓએ સમગ્ર કચ્છમાં પરિભ્રમણ કર્યું. રાજકીય અસ્થિરતા અને કુદરતી આફતોના કારણે પ્રજા પરેશાન હતી. પરંતુ શ્રી સહજાનંદ સ્વામીના આશીર્વાદથી લોકોમાં એક પ્રકારની જાગૃતિ આવી હતી. આ સંપ્રદાયના અનેક મહત્ત્વના જૂના પુસ્તકો આ કેન્દ્રમાં સચવાયેલા છે. બ્રહ્માનંદ, નિષ્કુળાનંદના કાવ્ય ગ્રંથોની પ્રસાદી પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત મહારાજશ્રીએ પ્રસંગોપાત ઉપયોગમાં લીધેલા ઠામ-વાસણ અને અન્ય વસ્તુઓ પણ સચવાયેલી છે.

● **અભ્યાસ સામગ્રી :**

કચ્છની અસ્મિતાને ઉજાગર કરતું વિપુલ સાહિત્ય અહીં સંગ્રહાયેલું છે. જિલ્લાના કંઠી જેવા વિસ્તારમાં વસતા જૈનો પાસે તેઓની અંગત લાઇબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. નારાયણ સરોવરનું આવું પુસ્તકાલય સૌથી જૂનું હતું.

આ સંસ્થામાં કચ્છ વિશેની અભ્યાસ સામગ્રી સ્વ. રામસિંહજીભાઈ રાઠોડના પુસ્તક "કચ્છનું સંસ્કૃતિ દર્શન" તથા "કચ્છ એન્ડ રામચંદ્ર" માંથી મળી રહે છે. અહીં "કુમાર" જેવા સામયિકોના જૂના અંકો પણ સચવાયેલા છે. "કુમાર" માસિકનાં તંત્રી શ્રી બચુભાઈ રાવતની બેઠક, તેઓ વાપરતા તે કલમ હસ્ત લિખિત સાહિત્ય અહીં રખાયા છે. મ્યુઝિયમના ડેલામાં તેરા ગામ - અબડાસા કચ્છના દરબાર ગઢના રામાયણના ચિત્રોની પ્રતિકૃતિ અને ભાવનગરના પ્રખ્યાત ચિત્રકાર - કલાકાર શ્રી ખોડીદાસ પરમારના માર્ગદર્શન હેઠળ બનેલા રામાયણના ચિત્રો મૂકાયાં છે.

આ ઉપરાંત નવસર્જન પામેલ આ મ્યુઝિમની પિક્ચર આર્ટ ગેલેરીમાં કચ્છના વિકાસમાં જે કોઈએ ફાળો આપ્યો હોય તે પૈકી કેટલાક મહાનુભાવો અને કેટલાંક સમર્થ સાહિત્યકારોની તસવીરો પણ જોવા મળે છે. તેમાં કવિ રાઘવ, દલપતરામ, ડાહ્યાભાઈ, છોટાલાલ સેવકરામ ભટ્ટ, નંદશંકર તુલજારામ, મણિભાઈ જશભાઈ મહેતા, જીવરામ અજરામર ગોર, હાજી મહમદ અલારખ્યા, શિવજી, રણછોડભાઈ ઉદયરામ, દુલેરાય કારાણી, દલપતરામ ખખ્ખર, કેશવ હર્ષદ ધ્રુવ, રામજી અર્જુન, ગજકંધ "બકુલેશ", ગોકુલદાસ બાંભડાઈ, દેશળજી પરમાર, બચુભાઈ રાવત, રવિશંકર રાવળ, સરોજ પાઠક, મકબુલ કચ્છી, કવિ નિરંજન, ડૉ. જયંત ખત્રી, ચંદ્રશંકર બુચ "સુકાની", શિવજી દેવશી મઢડાવાળા, પ્રાગજી ડોસા, ઠાકુર જયકૃષ્ણ ઈન્દ્રજી, મુળરાજ અંજારિયા, મનુભાઈ પાંધી, વનુભાઈ પાંધી, ગૌતમ શર્મા, લાલજીભાઈ સોની સહિતના અનેક સાહિત્ય રત્નો તથા તજજ્ઞોની તસવીરો અહીં મૂકવામાં આવી છે.

મ્યુઝિયમના પ્રવેશ દ્વાર ઉપર સાત પોપટનું તોરણ છે. જે પંડિતાઈના પ્રતીકરૂપ છે. ઉપરાંત કચ્છની સંસ્કૃતિના પ્રતીક સમુ વહાણ અને કચ્છનો નકશો, તરતી માછલી, કચ્છ ભૂમિનું એમોનાઈટ વગેરે મુકવામાં આવ્યા છે. તથા રબારી લીંપણના રામાયણી ચિત્રો, સા-રે-ગ-મ-પ-ધ-ની-સા ના સાત સ્વરો રજૂ કરતા અસલ કચ્છી બનાવટના સાત ઘંટ (ખરકા) ડેલીમાં મુકવામાં આવ્યા છે. તેની બાજુમાં સારંગ રાગ તથા કર્ણની આકૃતિ મૂકેલી છે. સારંગ રાગ કચ્છની દેહાતી સંસ્કૃતિ જેવી રબારી જાતિનું છે. તેઓ લગ્ન વખતે તથા મરશિયા વખતે આ એક જ રાગમાં ગાય છે. એ આની વિશિષ્ટતા છે. આના દ્વારા સુખ અને દુઃખની સમાનતા દર્શાવવામાં આવેલ છે. આ પ્રવેશદ્વાર ગુફાના આકાર જેવો બનાવાયો છે.અને તેના ઉપર કોતરણી કરેલ તોરણ તથા સૂરજ અને ચંદ્રના પ્રતીકો મુકાયા છે.

મ્યુઝિયમમાં પ્રવેશતા "ૐ" શબ્દનો ધ્વનિ પ્રસરાવતો ઘંટ (ખરકો) મુકવામાં આવ્યો છે. તથા આ સંસ્થાનો ધ્યાન મંત્ર "છે" ખાસ ધ્યાન ખેંચે છે. વિખ્યાત નોબત વાદક સુલેમાનભાઈ જુમાની મુળ અસલ નોબત આ મ્યુઝિયમમાં સાચવીને દર્શનીય રીતે રખાયેલી છે. જૂના જમાનામાં કચ્છી મહિલા દળણાં દળતી એ અસલી ઘંટી જે પાલીમા નામક રબારીબાઈ પાસેથી મેળવવામાં આવી છે તે ઘંટી (જંધર) પણ અહીં છે.

આ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ સ્વ. ઉમાશંકર જોશીના વરદ્ હસ્તે કરવામાં આવેલ ત્યારે તેઓએ સ્વહસ્તાક્ષરે લખેલ તામ્રપત્ર આ મ્યુઝિયમને આપેલ. તે તામ્રપત્ર આ

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે.*


મ્યુઝિયમમાં મોજૂદ છે.

આ મ્યુઝિમમાં કચ્છીયતની પહેચાન કરાવતા જિયોલોજીના જૂના નકશા, ભૂસ્તર શાસ્ત્રને લગતા પથ્થર અશ્મિભૂત-અવશેષો, પુરાતન પૂજાના પ્રતીકો, પ્રાચીન સમયમાં લોકો ઉપયોગ કરતાં એ વાસણો, આંખમાં આંજણ આંજવાની સોયરાની પેટીઓ, સોયરાદાની, શાહીના ખડીયા, જુદી જુદી કલમો (જે આજના કોમ્પ્યુટરના યુગમાં ભવિષ્યની પેઢી માટે નજરાણા સમાન ગણાય) જૂના લેટર પેડ અને અન્ય સ્ટેશનરી, તાડપત્ર, ભોજપત્ર વગેરે અહીં સચવાયેલા જોવા મળે છે.

આજના ઝડપી અને જેટ યુગમાં ભાગ્યેજ જોવા મળે તેવા મુસાફરીના સાધનો જેવા કે વિવિધ ગાડા, જૂના જમાનાના સંગીતના સાધનો જેવા કે મોરચંગ, ભોરીંગો, સુરંદો, વાંસળી, જોડિયા પાવા વગેરે આ મ્યુઝિયમમાં સચવાયા છે. તેવી જ રીતે કચ્છની સંસ્કૃતિની પરંપરા દર્શાવતા રાસ ભરતકામ પર કંડારાયેલ છે. તેમાં મુતવા, આહીર, પેચ વર્ક, આહીર વગેરે સાથે ફોટોગ્રાફી અને લાકડીની કોતરણી કામમાં તામ્રની પ્લેટમાં રાસ જોવાલાયક છે. કચ્છના પ્રખ્યાત સુડી ચપ્પુ, બુઢાચાચાના વખતના કુંભારી કામના કલાત્મક જૂના માટીના વાસણો, તેના પરનું પેઈન્ટિંગ કામ વગેરે જોઈ અભિભૂત થઈ જવાય છે. ઢેબર રબારીઓના લગ્ન વખતના શણગાર સમા વરરાજાના પોષાક વગેરે તથા મોતીના દાગીના, ભરતકામના નમૂના, આકર્ષક ટોપી, નાણા રાખવા માટેની પાકીટો વગેરે અનોખા કળાના નમૂના આ મ્યુઝિયમની શોભામાં વધારો કરી રહ્યા છે.



*રબારી જ્ઞાતિના વરરાજાની સજાવટ - એમ્બ્રોયડરી સાથેનો ડ્રેસ*



*આહીર એમ્બ્રોયડરી વર્ક*

જૂના સિક્કા, બળદ, ઘોડા જેવા પ્રાણીઓના શણગારના સાધનો, કચ્છી વિશિષ્ટતા ભરેલી બાંધણીના નમુના, અતિ ઝીણી બાંધણીની બાંધણી, તદ્‌ઉપરાંત ધાણેટી ભરત, સુફ ભરત, કટાપ કામ, અન્ય ભરતકામ, રોગાન કામ પ્રિન્ટ વગેરે અહીં જોઈને કચ્છની સંસ્કૃતિ પરત્વે વારી જવાય છે.

રાઠોડ કુટુંબ દેવસ્થાન તરીકે પૂજનીય બાપુજીનો પડદો અને બાપુજીનું જીવન શૈલી દર્શાવતું છટાકેદાર આખું ચિત્ર આ મ્યુઝિયમની શોભામાં સુંદર અભિવૃદ્ધિ કરી રહ્યું છે. તેના નીચે મોતીની "પછીત પાટી" ૧૮ થી ૨૦ ફુટ લાંબી દિવાલ ઉપર દર્શાવાઈ છે. જે આજે પણ જરા પણ કરચલી પાડ્યા વિનાની અકબંધ રાખવામાં આવી છે. આ મ્યુઝિયમમાં કચ્છી કમાંગરીના ચિત્રો પણ જોવાલાયક છે.

કલા સાથે સાહિત્યનો સંગમ આ મ્યુઝિયમમાં થયેલો છે. કચ્છને કેન્દ્રિત કોઈપણ વિષય ઉપર પી.એચ.ડી. કરવા ઉત્સુકને અહીં યોગ્ય માહિતી પ્રાપ્ત થાય છે. કચ્છ, ગુજરાત, સમગ્ર ભારત તથા વિદેશી વિદ્યાર્થીઓ પોતાના પી.એચ.ડી. ના અભ્યાસ માટે આ મ્યુઝિયમનો લાભ લઈ રહ્યા છે.

આ મ્યુઝિયમમાં બીજો ભાગ "કચ્છીયત કમઠાણ" રૂપે છે. આ ઉદ્યાનમાં ગ્રામીણ લોકોની રહેણી કરણીની માહિતી આપવામાં આવી છે. ગામડું હોય ત્યાં "ગામજો ચોરો" હોય. અહીં ચોરો, ચબુતરો અને હોજનું મહત્ત્વ દર્શાવાયું છે. ચબુતરાનો કાષ્ટ કલાનો પ્રતીક નયનરમ્ય છે. અહીં અષ્ટકોણી હોજ પણ તૈયાર કરવામાં આવ્યું છે. આ હોજમાં જાંબલી કલરના કમળ થાય છે. અને જે પથ્થર તથા સિમેન્ટના સંયોજન દ્વારા ઝીણા નકશી કામથી વેલ બનાવી છે તે પણ પ્રેક્ષણીય છે. સાથે જૂની મૂર્તિના સ્ટેચ્યુ મુકવામાં આવ્યા છે.

આ પરિસરમાં રબારી તથા જત લોકોના ભૂંગા બનાવી દર્શાવાયા છે. તથા ઘુકાણ, વણાટ કામના સાધનો વગેરે પણ રાખવામાં આવ્યા છે.

આ મ્યુઝિયમના સ્થાપક સ્વ. રામસિંહજીભાઈ રાઠોડે તેમના મોટા ભાઈની યાદમાં કેસર ચોરો બનાવેલ છે. જે વર્ણનથી નહીં, પણ જોવાથી તેની અનેરી મજા માણી શકાય છે. આ સંદર્ભમાં વિશેષ માહિતી પર પ્રકાશ પાડતાં શ્રી દિલીપભાઈ વૈદ્યે લખ્યું છે કે :

"મ્યુઝિયમમાં ગામનો ચોરો, માટી કામના માનવ જન્મથી મૃત્યુ સુધીના ઉપયોગમાં આવતા નમુનાઓ, મોચી કામ અને વણકરની શાળ, તેમજ બન્ની અને રબારી આવાસના નમૂનાઓ પણ રખાયા હોવાથી આ રહેઠાણના અભ્યાસીઓ માટે, અભ્યાસ માટે આવતા વિદ્વાનોને દુર્ગમ સ્થળોમાં ગયા વિના ભુજમાં જ માહિતી પ્રાપ્ત થાય છે. અહીં કચ્છી કમાંગરી ચિત્રકલામાં બનેલું એકચિત્ર લગ્નની ચોરીનું છે. જેમાં અલગ અલગ જ્ઞાતિઓની સ્ત્રીઓની હાજરી દર્શાવાઈ છે. અને પહેરવેશથી જ જ્ઞાતિભેદ દર્શાવાયો છે. વિશેષમાં તેમાં વેશ્યાને પણ બતાવાઈ છે.

આ વિશિષ્ટ મ્યુઝિયમની પ્રગતિથી પ્રભાવિત થઈ ગુજરાત

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294

PRIYANKA ROADLINES PRAVIN ROADLINES

15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.

109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

ખનિજ વિકાસ નિગમ (જી.એમ.ડી.સી.) એ અનુદાન પણ આપ્યું હતું. જેમાંથી મ્યુઝિયમ માટે બે માળનું મકાન બનાવાયું હતું પરંતુ ભૂકંપે આદરેલી ભવાઈથી તેનો ઉપલો માળ ઉતારી લેવો પડે તેટલી હદે નુકશાન પામ્યો. પરિણામે ઉપલો માળ ઉતારી લેવો પડ્યો. જો કે આ મકાનમાં કોઈ વસ્તુ મુકેલી નહોતી એટલું સદ્‌ભાગ્ય કહેવાય. હવે આ મકાન પુનઃ નવસર્જન પામેલ છે. અને તેમાં સુંદર પિક્ચર આર્ટ ગેલેરી નવનિર્મિત કરવામાં આવી છે.

રામસિંહજીભાઈ અખિલ ભારતીય જંગલ લૅવલના અધિકારી હતા. અને તેમણે નોકરી દરમ્યાન કચ્છના ગામે ગામથી નમુનાઓ, પુસ્તકો વગેરે દુર્લભ સામગ્રી એકઠી કરી હતી. રામસિંહજીભાઈને જૂની વસ્તુઓ ઉપરાંત વનસ્પતિનો પણ શોખ હતો. અહીં તેમણે ઈંગોરિયા, વાંસ, બોધમ, કોરડો, ગુગળ, કેતકી, કુંવાર, રગત રોહિળો, ગરમાળો, તુલસી, ચંદન, બિલીપત્ર વગેરે ઔષધિય વનસ્પતિ વાવી હતી. જે વર્તમાન સમયમાં પણ ફૂલી ફાલી મોજૂદ છે. સ્વ. રામસિંહજી રાઠોડના અવસાન બાદ તેઓના ધર્મપત્ની ભારતીબા રામસિંજી રાઠોડે આ મ્યુઝિયમનો વિકાસ અને સાચવણી માટે નિષ્ઠાથી કામ કર્યુ હતું. અને તેઓના પણ અવસાન બાદ કુટુંબીજનો એટલે કે તેઓના પુત્રી શ્રીમતી મીનાક્ષીબેન તથા જમાઈ શ્રી ભરતેન્દુભાઈ પરમાર આ મ્યુઝિયમનું સંચાલન કરી રહ્યા છે. તેમના આ કાર્યમાં આશાપુરા ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી નવનીતભાઈ શાહ, તુષારભાઈ દેઢિયા, સદ્‌ગત મધુભાઈ ભટ્ટ, પ્રેમજીભાઈ ભાટી, ઉષાબહેન ભાટી, સરદારસિંહ રાઠોડ, પ્રમોદભાઈ જેઠી, ઉમિયાશંકરભાઈ અજાણી, મુકેશભાઈ ઝવેરી, રેશમાબહેન ઝવેરી, બાબુલાલ ગોરનો સહયોગ રહ્યો છે.

ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન તરફથી કચ્છીમાં તથા ગુજરાતી ભાષામાં સર્જન કરતા સર્જકોને તેમની સાહિત્ય સેવાને લક્ષમાં લઈ, સ્વ. રામસિંહજીભાઈ રાઠોડની પુણ્ય સ્મૃતિમાં સુવર્ણ ચંદ્રક અર્પણ કરવામાં આવે છે. પ્રથમ પાંચ વર્ષ આ સુવર્ણચંદ્રકો આશાપુરા ફાઉન્ડેશનના સહયોગથી આપવામાં આવેલ હતા. છઠ્ઠા વર્ષથી (વર્ષ ૨૦૦૩થી) આ સુવર્ણચંદ્રક ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન તરફથી આપવામાં આવે છે. આ સંદર્ભમાં સુવર્ણ ચંદ્રક અર્પણની તવારીખી વિગતોને પ્રસ્તુત કરતું સચિત્ર-માહિતી સભર સુંદર આકર્ષક બ્રૉશર (માહિતી કાર્ડ-પત્રક) પણ પ્રકાશિત કરવામાં આવેલ છે.

વર્તમાન સમયમાં આ મ્યુઝિયમ વિશેષ લોકચાહના મેળવી ચૂક્યું છે. સ્થાનિક લોકો ઉપરાંત દેશ વિદેશના વિદ્યાર્થીઓ, તજજ્ઞો, લેખકો, કલાકારો, મહાનુભાવો આ મ્યુઝિયમની સતત મુલાકાત લઈ, જોઈ, માણી, આનંદની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. હાલ આ મ્યુઝિયમ આથી પણ વિશેષ પ્રગતિ કરીને વધુને વધુ લોકોને આનંદ આપનારું બની રહે તે માટે ભુજ વિભાગના પૂર્વ ધારાસભ્ય અને જી.એમ.ડી.સી. ના માજી ચેરમેન શ્રી મુકેશભાઈ ઝવેરી તથા તેમના પત્ની શ્રીમતી રેશમાબહેન ઝવેરી જહેમતભર્યો પુરૂષાર્થ કરી રહ્યા છે. અલભ્ય અને અમૂલ્ય આ મ્યુઝિયમ કચ્છની સંસ્કૃતિનું દર્શન કરાવતું અનોખું મ્યુઝિયમ છે. ■

VADODARA
ADVT

## કચ્છના કારીગરો અને કલાને ટકાવવા મથામણ કરતી સંસ્થા "ખમીર"

• ઘટીટ લહેર •

**ખમીર**
કુકમા - લાખોંદ રોડ,
ગામ : કુકમા, તા. ભુજ, કચ્છ.

**'ખમીર'** એ કચ્છી શબ્દ છે, જેનો મૂળ અર્થ આંતરિક ગૌરવ એવો થાય છે. કચ્છી પ્રજાની ત્રણ મૂળ ખાસિયતો : ખાખત, ખંત અને ખમીરમાંથી ખમીર શબ્દ પરથી કચ્છી હસ્તકલા માટે કામ કરતી **'ખમીર'** સંસ્થાનું નામ રાખવામાં આવ્યું. **'ખમીર'** એ નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ અને કચ્છ નવનિર્માણ અભિયાનનું સંયુક્ત સાહસ છે, જેની શરૂઆત ઇ.સ. ૨૦૦૫માં કરવામાં આવી. આ સંસ્થાને ગુજરાત સરકાર અને ભારતીય ઉદ્યોગ સંઘનો ટેકો પણ પ્રાપ્ત થયો. ગુજરાત સરકારની ભૂકંપ પછીની રાહતની યોજનામાં ખમીર ક્રાફ્ટ પાર્કનું બાંધકામ વર્ષ ૨૦૦૭માં બી.એમ.સી.બી. સોશિયલ સિટીની પાછળ કુકમા ગામની હદમાં કરવામાં આવ્યું. ક્રાફ્ટ પાર્કની ડિઝાઇન મૂળ કચ્છી એવા આર્કિટેક્ટ અને સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદના ફેકલ્ટી શ્રી નીલકંઠ છાયાએ કરી. આ ડિઝાઇન દરમ્યાન દરેક ક્રાફ્ટની મૂળભૂત જરૂરિયાતો અને તેને આનુસંગિક બાબતો જેવી કે, ડિઝાઇન, રૉ મટીરિયલ, ડાઇંગ વગેરેને ધ્યાનમાં રાખવામાં આવી. આ ક્રાફ્ટ પાર્કનું બાંધકામ પરંપરાગત બાંધકામની તકનિકોમાં નિષ્ણાંત એવી હુન્નર શાળા સંસ્થાએ કર્યું. તેમણે બાંધકામમાં સ્થાનિક સંસાધનો અને બાંધકામની પદ્ધતિનો ઉપયોગ કર્યો. ખમીર સંસ્થા તેના ઉદ્‌ભવથી કચ્છની પરંપરાગત કલાઓ જેવી કે, હાથવણાટ, અજરખ બ્લોક પ્રિન્ટીંગ, ચર્મકલા અને લાખકામ, કોપર બેલ અને ચાંદી કળા સાથે કાર્યરત છે.

આપણે સૌ જાણીએ છીએ કે કચ્છ તેના ઇતિહાસ અને ભૂગોળના કારણે સમૃદ્ધ સંસ્કૃતિ અને કલાવારસો ધરાવે છે. બદલાતા માહોલમાં ખમીર જેવી સંસ્થા પરંપરાગત સર્જનાત્મક કાર્યપ્રણાલીઓ અને જ્ઞાનનો નવો અર્થ અને જોડાણ શોધવાનો પ્રયાસ છે. કચ્છ એ ભારતના કારીગરીથી સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાનું પ્રતિનિધિત્વ કરે છે. આ વિસ્તારમાં પશુપાલકો, ખેડૂતો અને કારીગર સમુદાયો પરસ્પરમાં સમન્વય સાધીને તેમના પરંપરાગત સામાજિક-આર્થિક જોડાણો ધરાવતા વ્યવસાયો કરે છે, જે આ વિસ્તારના સમૃદ્ધ કલાઓ અને સાંસ્કૃતિક વારસાની ઓળખને ઉજાગર કરે છે. કચ્છમાં વધતા જતાં ઔદ્યોગિકીકરણે ભૌતિક અને માનસિક સ્તરે જ્યારે ઘણી મુશ્કેલીઓ સર્જી છે ત્યારે તેની સર્જનાત્મક જુસ્સાને જાળવીને કારીગરી આધારિત વ્યવસાયોને તેનો ઇતિહાસ, સામાજિક, પર્યાવરણીય અને સૌંદર્યાત્મક પાસાં સાથે જાળવવા એ મોટો પડકાર છે.

પરંપરાગત કારીગરોમાં ખમીર ખાસ કરીને નાના ઉદ્યમી સાહસો અને નંગ આધારિત વળતરથી કામ કરતાં કારીગરો સાથે કામ કરે છે. કારીગરી માટેના ખૂબ જ નાના એવા બજારમાં તે નવી બજાર શોધવા માટે પ્રેરકનું કામ કાર્ય કરે છે - જેમાં ઊભરતાં કારીગર ઉદ્યમીઓને સહયોગ કરવાનું, મોટા કારીગરોની બ્રાંડનો વિકાસ કરવો અને સંકુલ પ્રકારના બજારોમાં કારીગરોની પહોંચ વધારવાનું કાર્ય કરે છે.

ખમીરના કેમ્પસ પર વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે, જેમાં કારીગરોને સાથે રાખીને નવી ડિઝાઇન સર્જનનું, સ્થાનિક સાંસ્કૃતિક જ્ઞાન પર સંશોધન અને દસ્તાવેજીકરણ અને કારીગરો અને વ્યવસાયિકો માટે જરૂરી સેવાઓ અને સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ સેવાઓમાં મુખ્યતે ડાઇંગ, કાચો માલ, સીલાઇ વિભાગ વગેરે મુખ્ય છે. આ સુવિધાઓમાં નવી વસ્તુઓના સર્જનની, શિક્ષણની, પ્રેરણાની અને સંશોધનની અને આ સુંદર કેમ્પસ પર રહેવાની તક રહેલી છે. કારીગરોને પ્રેરણા મળે તે માટે ખમીર કેમ્પસ પર ડાઇંગ થયેલા અશુદ્ધ પાણીને સુધારવાની વ્યવસ્થા તૈયાર કરવામાં આવી છે. ભવિષ્યમાં આ પ્રકારની શુદ્ધીકરણની વ્યવસ્થા પરંપરાગત ખત્રી બ્લોક પ્રિન્ટરોએ વસાવેલા અજરખપુર ગામમાં થાય તેવા પ્રયત્નો ચાલુ છે. કચ્છની શાલને ભૌગોલિક સ્થાનાંકન હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાની પ્રક્રિયા કચ્છ વિવર્સ એસોસિએશને પૂરી કરી છે. આ પ્રક્રિયામાં ખમીરે મુખ્ય ભૂમિકા ભજવી છે. આમ કરવાથી કચ્છની શાલને કોપી સામે રક્ષણ મળશે. કચ્છના કલા વારસાને જાળવવા માટે આવા ઘણા પ્રયત્નો માટે ખમીર સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને કચ્છના દાતાઓનો સહકાર ઇચ્છે છે.

આ સાથે ખમીર કેમ્પસ પર બે પ્રદર્શન હોલ છે, જેમાં જાહેર જનતાને કચ્છના કલા વારસાનો અનુભવ થાય તે માટે દર વર્ષે પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. હાલ અહીં કચ્છની બાંધણી : યુગો યુગોનું બંધન પ્રદર્શન ચાલી રહ્યું છે. આ પ્રદર્શનમાં કચ્છની બાંધણીને લગતી તમામ વિગતો સાથે અલગ અલગ વિસ્તારના કારીગરોની માહિતી અને તેમણે આપેલા નમૂના પ્રદર્શિત કરવામાં આવ્યાં છે, આ સાથે ભુજના જાણીતા વસ્ત્ર સંગ્રાહક શ્રી એ.એ. વઝીરે આપેલા ૨૧ જેટલા જૂના નમૂના અહીં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. આ સાથે ખમીરની ટીમે ચાર મહિના દરમ્યાન કરેલા ફિલ્ડ વર્ક પછી તૈયાર કરેલી બાંધણી પરની ડોક્યુમેન્ટરી પણ દર્શાવવામાં આવે છે. આ પ્રદર્શનનો સમય સવારે ૧૦ થી ૬ સુધીનો છે અને તે કચ્છની જાહેર જનતા માટે તે ૧૫મી માર્ચ, ૨૦૧૩ (રવિવારે ચાલુ) સુધી ખુલ્લું છે. ■

*આપણાં કર્મોએ આપણો દેહ બાંધ્યો છે, જેવાં કર્મો કરીશું તેવો દેહ મળશે.*

# કચ્છડો

• હરીશ હુરમાડે •
કો-ઓર્ડિનેટર - કચ્છડો

કચ્છ પ્રવાસન ૨૦૧૨-૧૩ સીઝન પૂર્ણ થવામાં છે. રણ મહોત્સવ પણ પૂર્ણ થઇ ચૂક્યું છે અને આ વર્ષે ધારણા કરતા વધારે સફળતા મળી છે એવું કહેવાય છે, સાંભળવા મળ્યું છે. સારી વાત છે. અમિતાભ બચ્ચનની જાહેરાત "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા" અને "કુછ દિન તો ગુજારીએ ગુજરાત મેં" દ્વારા લોકો તો ખેંચાઇ આવ્યા. આનંદ માણ્યો. અપૂરતી સુવિધાઓ અને વ્યવસ્થાના વાંકે ઘણા લોકોને નિરાશા પણ સાંપડી. અહીં પ્રશ્ન ઉભો થાય છે કે આપણે કચ્છને કેવું પ્રવાસન સ્થળ જોવા માંગીએ છીએ - લક્ઝરી પ્રવાસન કે નૈસર્ગિક પ્રવાસન?

**કચ્છડો**
C/o. કચ્છ નવનિર્માણ અભિયાન,
પ્લોટ નં. ૭૦/બી, ગેટ નં.-૩, બેંકર્સ કોલોની,
જ્યુબિલી ગ્રાઉન્ડ પાસે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૩૦૭૭૧, ૨૩૦૭૭૨
E-mail : kachchdo@gmail.com

કચ્છ નૈસર્ગિક, ગ્રામીણ, સાંસ્કૃતિક પ્રવાસન સ્થળ તરીકે ઉપસાવવું યોગ્ય રહેશે. જેથી પ્રવાસી માટે એ માત્ર ઉડતી મુલાકાત ન રહેતાં અનુભૂતિ અને સંભારણું બની રહે. શહેરી ધાંધલધમાલથી હારીને કુદરતના ખોળે નિરાંત અને નીરવતાનો આહલાદ માણી શકે.

જિજ્ઞાસુ પ્રવાસી અને યજમાન કારીગર, ખેડૂત, પશુપાલક, લોક કલાકાર કે ખરા ગામડિયા વચ્ચે "પરવાસ"નો સ્નેહસેતુ રચાય, જીવતરનો ખરો ધબકાર કુદરત સાથેનો સંતુલિત નાતો સાત્ત્વિક ગ્રામીણ જીવનશૈલીમાં જ છે એ જાત અનુભવ કેળવાય તો જ "પરવાસ" સાર્થક થાય.

કચ્છની વિવિધક્ષેત્રે કાર્યરત ૩૮ સંસ્થાઓનો નેટવર્ક ધરાવતી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા કચ્છ નવનિર્માણ અભિયાને આ દિશામાં અભ્યાસપૂર્ણ પહેલ કરી છે. એન્ડોજિનિયસ ટુરિઝમ ઇનીશીએટીવ તરીકે "કચ્છડો" નામે ખાસ પ્રવાસન સેલની રચના કરી છે. "કચ્છડો" નામમાં જ વ્હાલપ અને પોતાપણાંની તળપદી સોડમ પ્રસરે છે. કચ્છડો ખેલે ખલક મેં, કચ્છડો બારે માસ, હલ રે સજણ તોકે કચ્છડો વતાઇયાં, ભેણ મુંજો કચ્છડો કામણગારો...!! લોકગીતોમાં કચ્છડાને ખૂબ લાડ લડાવવામાં આવ્યા છે. હવે પ્રવાસીઓ પણ એની મજા લેશે.

નૈસર્ગિક, ગ્રામીણ પ્રવાસનના ઉદ્દેશને ફળીભૂત કરવા "કચ્છડો" વિશિષ્ટ પ્રવાસન પ્રયોગોની દિશામાં કામગીરી કરી રહ્યું છે. એક ખાસ વાત! "કચ્છડો"ની ભૂમિકા પ્રવાસીઓ, સ્થાનિક કલાકાર કસબીઓ, ગ્રામીણ યજમાનો અને ગાઇડ્સ, વાહનચાલકો, અભ્યાસુઓનો ત્રિવેણી સંગમ રચવાનો છે. એ માટે જરૂરી માહિતીસભર સાહિત્ય, માહિતી કેન્દ્ર, પ્રવાસન ઉદ્યોગને લગતી તાલીમ વગેરે માટે સંકલન પણ કરશે કે જેથી આ રસપ્રદ ઉદ્યોગને વ્યવસાય તરીકે સ્વીકારવા ઇચ્છતા યુવાનો આગળ આવે.

### • ક્રાફ્ટ ટુર :

ક્રાફ્ટ રીસોર્સ સેન્ટર ખમીર સાથે રહીને "કચ્છડો" હસ્તકલા નિદર્શન પ્રવાસ કરાવશે. કચ્છની પારંપરિક ઓળખ સમી હસ્તકલાઓ જેવી કે બાંધણી, બાટીક, ભરતગુંથણ, કુંભારી કલા (પોટરી) ઇત્યાદિના નીવડેલા કારીગરોના કાર્યસ્થળે પ્રવાસીઓને લઇ જઇને જે તે કળાનું જીવંત નિદર્શન અને માહિતી પૂરી પાડવાનો પ્રયત્ન કરવામાં આવશે, સાથે જ કારીગર પરિવારની જીવનશૈલીમાં પણ ડોકિયું કરાવશે. આને કારણે અમૂલ્ય કલાપરંપરા જીવંત રહેશે. કારીગરો પુરસ્કૃત થશે અને પ્રવાસી એને એના અસલ સ્વરૂપમાં સ્વીકારવામાં ગૌરવ અનુભવશે.

### • ભુજ હેરિટેજ વોક :

ભુજ કચ્છનું હાર્દ છે. અહીં સ્થાપત્યની દૃષ્ટિએ શિરમોર એવા અનેક ઐતિહાસિક આકર્ષણો છે. છતરડી, આઇના મહેલ, પ્રાગ મહેલ, રામકુંડ, પાટવાડી ગેટ, મ્યુઝિયમ, જૂની શાક માર્કેટ વગેરે. કલ્પના તો કરો કે હાલતાં ચાલતાં જે તે સ્થળની રસપ્રદ વાતો મમળાવવાની કેવી મજા આવે? અને હા! વચ્ચે દાબેલી, ફાફડા, કડક મીઠી કટીંગ ચા... આ બધું તો ખરૂં જ.

### • અન્ય શક્યતાઓ / ક્ષમતાઓ :

★ હોમ સ્ટે / ફાર્મ સ્ટે : કચ્છ આવતા પ્રવાસીઓને નૈસર્ગિક પ્રવાસનની અનુભૂતિ કરાવે તેવા હોમ સ્ટે / ફાર્મ સ્ટે ઉભા કરવાની જરૂરિયાત છે. "કચ્છડો" આ બાબતે પ્રાયોગીક ધોરણે ફાર્મ સ્ટે શક્ય બનાવવા પ્રયત્ન કરી રહ્યું છે.

★ રણોત્સવની જેમ અન્ય ઉત્સવો જેમ કે અષાઢી બીજ, કચ્છી મેળા, કચ્છી ફુડ / ક્રાફ્ટ / મ્યુઝિક ફેસ્ટીવલ વગેરે ઉજવી શકાય. રણોત્સવ સીઝનલ છે. એના બદલે આ ઉત્સવો સમગ્ર વર્ષ દરમ્યાન ઉજવી શકાય. ખમીર દ્વારા હાલમાં જ કચ્છ ડેઝર્ટ આર્ટ એન્ડ મ્યુઝિક ફેસ્ટીવલ ઉજવવામાં આવ્યો જેને ધારી સફળતા પણ મળી.

★ પ્રવાસીઓ માટેના નૈસર્ગિક આકર્ષણો : હસ્તકલા, લોક સંગીત, પક્ષી નિદર્શન, સ્થાપત્ય, સજીવ ખેતી, રણ-દરીયો-પહાડો, ફોસીલ્સ વગેરે દરેક ક્ષેત્રને સાંકળી પ્રવાસન શક્ય બને તે માટે "કચ્છડો" કાર્યરત છે.

કેમ લાગે છે? ગાઇડ, વાહનચાલક, માહિતીમિત્ર તરીકે પ્રવાસનને સ્વતંત્ર વ્યવસાય બનાવવા આ જાત્રામાં જોડાવાની ઇચ્છા થાય છે? એ અંગે કંઇ વધુ જાણવું, સમજવું, સમજાવવું, શીખવું છે? તો કરો ફોન ૦૨૮૩૨-૨૩૦૭૭૧/૭૨ અથવા સંપર્ક kachchdo@gmail.com

તો ચાલો, સમાન વિચારસરણીવાળા આપણે સૌ સાથે મળીને આપણા વહાલા વતન કચ્છડાને નૈસર્ગિક પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવીએ. **શુભમ ભવતુ.** ■

***ચીજો નથી બદલાતી, આપણે બદલાતા હોઇએ છીએ.***

# સૂરવાણી – ભુજ, કચ્છ

• વિનોદ ગાલા •
સામાજિક કાર્યકર તથા પત્રકાર

**સૂરવાણી**
C/o. કચ્છ મહિલા વિકાસ સંગઠન
ઘનશ્યામ નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

સંગીત અને સાહિત્ય આપણી સંસ્કૃતિના અભિન્ન અંગ છે. સમય જતાં પરિવર્તન જરૂરી છે એ વાત સાચી છે પરંતુ નવાંની લ્હાયમાં જૂનું અને જે પોતીકું સંગીત છે એ વિસરાતું ચાલે એ તો ના ચાલે ને!!! મૂળ સિંધીમાંથી નીપજેલા કચ્છી સંગીતે પોતાની એક આગવી ઓળખ બનાવી લીધી. ૩૬ રાગ રાગીણી અને ૩૬ તાલથી સમૃદ્ધ એવું આ ઐતિહાસિક કચ્છી સંગીત આજે 'સૂરવાણી' માધ્યમે નવી દિશાઓ સર કરી રહ્યું છે.

કચ્છીયતસભર સંગીત અને સંગીતના વારસદાર જેવા કલાકારોને સાચવવાના એક સ્તુત્ય પ્રયાસરૂપે કચ્છ મહિલા વિકાસ સંગઠનના મીડિયા સેલ દ્વારા 'કચ્છ સંગીત સાધક સંઘ' ની રચના થઈ છે. કચ્છી સંગીતના પોતને જીવંત રાખવા માટે પ્રયાસો; વર્તમાન કચ્છી સંગીતની પરિસ્થિતિ; જેને સંગીતના સરનામા કહી શકાય તેવા સંગીત વાદ્યો, અવિસ્મરણીય કચ્છી ગાયકીના સ્વરૂપો અને જેમણે પોતાની જાન રેડીને કચ્છી સંગીતને પેટે જણ્યા બાળકને જેમ લાડ લડાવીએ એ રીતે ઉછેર્યું છે એવા કચ્છના કલાકારોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત સંસ્થા છે – **'સૂરવાણી'**.

કચ્છી સૂર સંગીતના મેળાવામાં છેડાતો આલાપ કચ્છની સીમાઓ વટાવીને દેશના વિવિધ રાજ્યોમાં ગુંજતો થયો છે. થોડી વિસ્તૃત માહિતી સાથે કચ્છી સંગીતના કલાકારોની નવી કેડીની આ સંગીત સફરની વાત કરીએ તો આ પ્રયત્નોનો શ્રેય 'સૂરવાણી'ને આપવો પડે. ૨૦૦૯માં ભૂકંપની નવમી વરસીએ ભૂકંપની યાદોને સૂરોના સહારે વિસારી કચ્છી માડુઓ નિરાશાના વમળમાંથી આશાના અરૂણોદય તરફ દૃષ્ટિ કેળવે એવા ઉમદા હેતુ સાથે ભુજમાં હમીરસરના કાંઠે હજારો શ્રોતાઓની ઉપસ્થિતિમાં કચ્છી સાજિંદાઓએ છેડેલા કચ્છી સંગીતના સૂર અને શબ્દોનો જાદુ સૌના હૃદયને સ્પર્શી રહ્યો છે.

સૂરવાણીની રચના અને તેના દ્વારા શરૂ થયેલા સૂર સંગીતના વિવિધ મેળાવા વિશે માહિતી આપતા સંકલક ભારમલ સંજોટ કહે છે કે, ૨૦૦૯ના ભુજના હમીરસર તળાવ પાસે યોજાયેલા જાહેર કાર્યક્રમમાં ૮૩ સંગીતકારોની રજૂઆત ઉપર ખુશ થઈને શ્રોતાઓએ ઉમળકાભેર ઘોર કરી અને ડોનેશન આપ્યું. આ રકમ કચ્છી સંગીત સાધક સંગઠનના કલાકારોના આરોગ્ય વીમા માટે વાપરવાનું નક્કી કરાયું. જો કે ભુજના એક જાહેર કાર્યક્રમે કચ્છી સંગીતના કલાકારો માટે કલાના દ્વાર ખોલી નાખ્યા. અહીંથી મુંબઈના ષણ્મુખાનંદ હોલમાં કચ્છી સંગીતના કાર્યક્રમ માટે આમંત્રણ મળ્યું. સાલ ૨૦૦૭ના પ્રારંભે ફરી ભુજથી સંગીતની આ સફર શરૂ થઈ તે ૨૦૧૦ સુધી દિલ્હી, વડોદરા, બનારસ, બેંગ્લોર, સ્વર્ણિમ ગુજરાતના થીમ સોંગ, માંડવી દરિયાઈ બંદરની ઇતિહાસ પરિષદ, હોડકો પશુ મેળો, પુનડી થઈને ૨૦૧૧ના નલિયામાં યોજાયેલા જાહેર કાર્યક્રમ સુધી અવિરત ચાલુ રહી છે.

સુષ્માબેન આયંગર, લોકકલાકાર લાલ રાંભિયા સહિતના સદસ્યોએ ૨૦૦૯ના ભુજમાં અષાઢી બીજના જાહેર કાર્યક્રમને સાંપડેલા જબરદસ્ત લોક પ્રતિસાદ પછી સૂરવાણીનું ફલક વિસ્તૃત બનાવવાના પ્રયાસો ઉપર ધ્યાન આપ્યું અને વધુમાં વધુ કચ્છી સંગીતના કલાકારો જોડાય તેવા પ્રયત્નો સાથે 'કચ્છી મહિલા વિકાસ સંગઠન' સહિતની સાથી સંસ્થાઓની મદદથી કચ્છી સંગીતકારોનું સંગઠન રચ્યું. આ કાર્યમાં કચ્છી સંગીતના ઊંડા અભ્યાસુ અબ્દુલા તુર્ક, પ્રીતિબેન સોની, ઝવેરીલાલ સોનેજી, પંકજ શાહ, લંઘા ઉસ્માન ગની, ધનબાઈ ગઢવી, ઈસ્માઈલ પારા સહિતના અગ્રણીઓ જોડાયા.

સંગીત કલાકારોના ગઠનનો હેતુ આજે સાર્થક થયો છે. ૩૫ કલાકારો સાથે શરૂ થયેલી સંગીતના સૂરોની આ સફર દ્વારા આજે ૨૫૬ જેટલા સંગીતના કલાકારો કચ્છીયતના સૂરો રેલાવી રહ્યા છે. કચ્છી સંગીતને એક મનોરંજન માધ્યમથી હટીને અર્થપૂર્ણ સંગીતકલા તરીકે પ્રસ્થાપિત કરવાનો પડકાર હતો. જોડિયા પાવા, સુરંદા કે મોરચંગ જેવા સંગીત વાદ્યોનું નાના મોટા કાર્યક્રમોમાં થતું પ્રદર્શન કલાકારો માટે લાંબાગાળે આર્થિક સ્થિરતા આપવા સક્ષમ ન હોઈ લોક અભિગમને ધ્યાનમાં રાખીને કચ્છી સંગીત લોકભોગ્ય બને તેવા પ્રયાસો ઉપર ધ્યાન અપાયું.

ખાસ તો રજૂઆત આપતા કલાકારો જે સંગીત રચના પ્રદર્શિત કરતા હોય તેના વિશે તેઓ પોતે જાણે સમજે એ રીતે તેમને તેમની રચનાઓના શબ્દાર્થની સમજ અપાઈ. સ્ટેજનો ભય દૂર કરીને મુક્ત રીતે પરફોર્મન્સ કરી શકે તે માટે પ્રશિક્ષિત કરાયા. તેમને પૂરું માન સન્માન અને આર્થિક વળતર મળે તેનો પૂરો ખ્યાલ રખાયો. પરિણામ? પશ્ચિમી સંગીત, ફિલ્મી સંગીત અને જાણીતા સંગીતકારોના જાહેર કાર્યક્રમોની ભરમાર વચ્ચે કચ્છી સંગીત આજની નવી પેઢીમાં લોકભોગ્ય બની રહ્યું છે. દોઢથી અઢી કલાકના કચ્છી સંગીતના કાર્યક્રમોમાં રજૂ થતી કચ્છી કાફી, સૂફી રૂહાની સંગીત, વનવગડાની નીરવતા વચ્ચે રેલાતા મોરચંગ, જોડિયા પાવાના સૂરો, ગામના ચોરે

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૨ ઉપર)

*પ્રખ્યાત થઈ ગયેલા નામનો કેટલો ભાર હોય છે!*

# ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન "ફોકિયા"

● રસીક મામતોરા ●
જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર - ફોકિયા

ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, તેના ટૂંકા નામે - 'ફોકિયા' ન નફો ન ખોટ કરતી - ઈન્કમટેક્ષના નિયમ-૨૫ અન્વયે રજિસ્ટર્ડ થયેલી સંસ્થા છે. જેના કંપની એક્ટ હેઠળ દર વર્ષે હિસાબ રજૂ કરવામાં આવે છે.

**ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન**
**"ફોકિયા"**
પ્લોટ નં.-૨૭૫, જી.આઈ.ડી.સી. એસ્ટેટ,
અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
ફોન : (૦૨૮૩૬) ૨૪૩૭૭૬
E-mail : info@fokia.org
● ભુજ ઓફિસ ●
૫, પટેલ ટાવર, ૧લો માળ,
જય નગર બસ સ્ટોપની બાજુમાં,
મીરજાપર રોડ, ભુજ, કચ્છ. ફોન : (૦૨૮૩૨) ૨૩૦૦૮૦
E-mail : bhuj@fokia.org

આ સંસ્થા ધરતીકંપની પહેલા વર્ષ ૨૦૦૦ની સાલમાં સ્થપાયેલ છે. તે સમયે કચ્છમાં નાના-મોટા મળીને ૩૫૦ લઘુ અને મધ્યમ કદના એકમો હતા જેમાંથી ૯૦ ટકા માંદા કે બંધ એકમો હતા.

લોકશાહીમાં સંગઠન એ બળવાન માધ્યમ છે એ રૂએ ઓગસ્ટ-૨૦૦૦ માં કચ્છના બધા જ તાલુકાના ઉદ્યોગોને પ્રતિનિધિત્વ કરતા - સરખી વિચારધારા ધરાવનાર ભેગા થયા અને ઉદ્યોગક્ષેત્રે કચ્છમાં ઉદાનસીનતા, સરકારી અધિકારીઓની અમલદારશાહી અને અમુક એન.જી.ઓ. ના કચ્છ પ્રત્યેના નકારાત્મક વલણને લઈને ભેગા થયેલા એકમોના પ્રતિનિધિઓએ આ સંસ્થા સ્થાપી. જેમાં શરૂઆતથી આ સંસ્થા સાથે જોડાયેલા એવા આ લખનાર, શ્રી નિમેષ ફડકે, શરદભાઈ ભાટિયા મુખ્યતઃ ગણાય.

સ્થાપનામાં તે સમયના ઉદ્યોગોના શિરમોર શ્રી ચેતનભાઈ શાહ (આશાપુરા), શ્રી કાંતિસેન શ્રોફ (એક્સલ), શ્રી રવિ સાંઘી (સાંઘી સિમેન્ટ) ની પ્રેરણા આ સંસ્થાનું મુખ્ય પરિબળ બની રહેલ.

ઓગસ્ટ - ૨૦૦૦માં આ સંસ્થા સ્થપાઈ અને જાન્યુ. ૨૦૦૧ માં ધરતીકંપ આવતા - લોકજીવન, મકાનો અને ઉદ્યોગોમાં અસહ્ય ખાનાખરાબી સર્જાતા - ફોકિયાના સંગઠનની સામે નવી ચેલેન્જો આવી - જેમાં મુખ્યત્વે ઉદ્યોગોને મરણતોલ ફટકો પડ્યો હતો તેને બેઠા કરવા માટે - તથા આખા કચ્છમાં વિનાશનો માહોલ દૂર કરવા - કચ્છને બેઠું કરીને પગભર કરવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા તથા નવા-બહારથી મોટા ઉદ્યોગગૃહો કચ્છમાં આવે તેવી નીતિ ઘડવાની પ્રક્રિયામાં રાજ્ય કક્ષાએ મા. સુરેશભાઈ મહેતા, મા.મું. શ્રી કેશુભાઈ પટેલ અને કેન્દ્ર સરકારમાં મા. જશવંત સિંહ, પૂ. અટલજીને જરૂરી માહિતી પૂરી પાડવામાં તથા ઉત્તર-પૂર્વ રાજ્યોમાં અપાયેલ આબકારી જાકાત, (સેન્ટ્રલ એક્સાઈઝ) અને તેને અનુસરતી વાણિજ્ય વેરો (સેલ્સ ટેક્ષ)ની રાહત આપવાની નીતિમાં ફોકિયાએ પાયાની અને વાસ્તવિક વિગતો પૂરી પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

તત્કાલીન વડાપ્રધાને ભુજ ખાતે કચ્છને બેઠું કરવા - ઊભું થઈને દોડતું કરવા, નીતિની જાહેરાત કરી અને તત્કાલિન ગુજરાતના મુખ્યપ્રધાન કેશુભાઈએ તેવી જ રીતે સેલ્સટેક્ષ રાહત આપવાની જાહેરાત કરી.

આ જાહેરાત - પછી પોલીસી ઘડાવાની પ્રક્રિયા - તેની સમય મર્યાદા, ઉત્પાદનમાં ન ગણાય તેવી આઈટમોનું 'પ્રતિબંધિત યાદી', તથા 'if and but', 'subject to' 'if provided' ની કલમોની આંટીઘૂંટીઓ સુલઝાવવામાં અને તેના સરળ અર્થઘટનો કરાવવામાં ફોકિયા વ્યસ્ત બન્યું.

તે દરમ્યાન નાના એકમો જેને કમરતોડ ફટકો લાગ્યો હતો - તેને બેઠા કરવા માટે ગુજરાત સરકારે - 'વીમા કંપની' જેવું કામ કર્યું. ૬૦-૪૦ની યોજના તળે મોટા ભાગના ઉદ્યોગોને - ખાસ કરીને માંદા એકમોને રાહત મળી.

કેન્દ્ર સરકારની - અને રાજ્ય સરકારની ટેક્સ રાહતનું જાહેરપત્ર (નોટીફિકેશન) તા. ૩૧-૫-૨૦૦૧માં જાહેર થયું. - સમય મર્યાદા ત્રણ વર્ષની હતી પણ કચ્છમાં ઉદ્યોગપતિઓ આવતા ડરતા હતા કારણ કે કચ્છમાં ધરતીકંપ પછી રોજના સરેરાશ ૪ થી ૫ આંચકા આવવાના ચાલુ જ હતા.

ધીમે ધીમે ઉદ્યોગ સાહસિકો કચ્છ તરફ વળ્યા. જેમાં ઍકવાજેલ, વેલસ્પન, યુરો ગ્રુપથી શરૂઆત થઈ એમ કહી શકાય. ત્યાર પછી સમય મર્યાદા વધારવા દિલ્હી ખાતેના પ્રયત્નો - તેને મળેલી સફળતા અને આમ બે વખત સમય મર્યાદામાં વધારો મળ્યા અને કચ્છમાં - અકલ્પિત ઉદ્યોગોના મંડાણ થયા. ગુજરાત સરકારની ઉદ્યોગ નીતિ, મા. મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના MOUના કાર્યક્રમો અને તેમાં થતા કરાર પ્રત્યેની કટીબદ્ધતાને લઈને કચ્છમાં ૮૦ જેટલાના ઉદ્યોગોનું ૮૦ હજાર કરોડ જેટલું રોકાણ થયું - તે સર્વવિદિત છે

'ફોકિયા'ની વાત કરીએ તો આ સંસ્થા ૧૧ ડાયરેક્ટરો ધરાવે છે. આ માળખામાં ચેરમેન શ્રી દીપેશભાઈ શ્રોફની લીડરશીપની નીચે M.D. નિમિષભાઈ ફડકે, Jt. MD. રસિક મામતોરા અને સંસ્થાના પીઠબળ સમા સર્વે મા.શ્રી દામજીભાઈ ઍંકરવાલા, અશ્વિનભાઈ શ્રોફ,

*દુનિયા એક સુંદર કિતાબ છે, પણ જેને વાંચતા ન આવડે તેને માટે નકામી.*

ચેતનભાઈ શાહ, એ. સુબ્રમણ્યમ, શરદાભાઈ ભાટિયા, ભરત શર્મા, અને નિખિલભાઈ છાયા કાર્યરત છે. આ સંસ્થાના પેટ્રન ગણાય તેવામા કાંતિસેન શ્રોફ, નવનીતલાલ શાહ, ગૌતમભાઈ અદાણી, શ્રી રવિ સાંઘીના સાથ અને માર્ગદર્શન સમય-સમયે મળતા રહે છે.

આ સંસ્થા તેની સ્થાપનાના સમયથી પાંચ ધ્યેયને વરેલી છે. ટૂંકમાં (૧) સોશિયો ઈકોનોમી અને એન્વાયરોનમેન્ટ ડેવલપમેન્ટ, (૨) કચ્છમાં વધુ ઉદ્યોગો આવે તેવો માહોલ રચવો, (૩) સરકારશ્રીની પોલિસી અંગેના પ્રશ્નો હોય તો તેને વાચા આપવી, (૪) ઇન્સ્પેક્ટર રાજ સામે અવાજ ઉઠાવવો, (૫) કાર્યક્ષેત્ર : ઉદ્યોગ જગત અને તેને અનુસંગીક પ્રવૃત્તિઓ કરવી.

વધુમાં ફોકિયા ઉદ્યોગોને અનુકુળ થાય તેવા સેમિનાર યોજે છે. જેમાં મુખ્યત્વે,

★ સેન્ટ્રલ એક્સાઈઝના નિયમો અને તેના અર્થઘટનો

★ વેટને લગતા નિયમો, તેમાં આવતા સુધારા-વધારાના નિયમો અને અર્થઘટનો

★ ઈલેક્ટ્રિસિટી - વીજળીને લગતી રાજ્ય અને કેન્દ્ર સરકારની પોલીસી અને તેના અર્થઘટનો

★ પાણીને લગતા પ્રશ્નો - તેના ઉપાય અને પાણીને બચાવવાના રીસાઈકલના પ્રશ્નો અને તેના ઉપાયો

★ પર્યાવરણના નિયમો અને તેના અર્થઘટનો

★ રોજગારી પ્રશ્ને સ્થાનિકોને આવરી શકાય તે માટે પોલીટેકનિક સંસ્થાઓ I.T.I., ઉદ્યોગ ઉપયોગી કોર્ષ માટેના પ્રયત્નો

★ આખા વર્ષમાં ૪ થી ૫ સેમિનાર યોજાય છે.

★ તાજેતરમાં શ્રી શ્રી રવિશંકરજીનો એક મેગા કેમ્પ પણા યોગ માટે યોજવામાં આવ્યો.

દૂરોગામી અસરો તથા પડકારો ફોકિયા જોઈ શકે છે અને આજથી પાંચ-છ વર્ષ અગાઉથી કચ્છમાં ઉદ્યોગોને પાણી માટે સ્વનિર્ભર થવા માટે સરકારશ્રી સાથેની ભાગીદારીથી કે સહયોગથી 'ડી-સેલિનેશન પ્લાન્ટ' નાખવા પ્રયત્નો કર્યા હતા અને તે દિશામાં કાર્યરત છે. ધરતીકંપ પછી પહેલી વાર એટલે એક દશકા પછી પહેલી વાર ગત ચોમાસુ નબળું જવાથી ઉદ્યોગો માટે પાણી સમસ્યા સર્જાઈ છે અને આગામી દિવસોમાં વધુ વિકટ થવા સંભવ છે. જો સરકારશ્રીના અધિકારીઓએ હકારાત્મક અભિગમ અપનાવ્યો હોત તો અત્યારે કચ્છમાં ૧૫૦થી ૨૦૦ MLD ના બે ડી-સેલિનેશન પ્લાન્ટ કાર્યરત હોત.

આ સમયગાળા દરમ્યાન ઉદ્યોગો અને રાજ્ય તથા કેન્દ્ર સરકાર વચ્ચેનો સેતુ બનવામાં 'ફોકિયા' એ સફળ ભાગ ભજવ્યો છે. સાથે સાથે ભારત કક્ષાએ અને રાજ્ય કક્ષાએ FICCI તથા CII બંને સાથે સંલગ્ન રહીને પોલિસી કક્ષાના બધા ઉદ્યોગોને સ્પર્શતા પ્રશ્નોને વાચા આપી નીવેડો લાવવા 'ફોકિયા' કાર્યરત છે.

ગત વર્ષે ઉદ્યોગોની ઈચ્છાને આધિન કોર્પોરેટ ઓફિસ ભુજ ખાતે પણ ચાલુ કરી છે જેથી જિલ્લા હેડ ક્વાર્ટરમાં ફોકિયાની ઓફિસ હોતા ઉદ્યોગોના પ્રતિનિધિઓને સંપર્ક માટે તથા પોલીસી કક્ષાના રૂલ્સ-રેગ્યુલેશન વગેરે માટે પૂરક સાહિત્ય પૂરા પડી રહે.

'ફોકિયા' હોહો - હાહા કર્યા વગર લૉ પ્રોફાઈલ રહીને સો ટકા પ્રોફેશનલ એપ્રોચ સાથે સેવા કરવાની નીતિને વળગી રહ્યું છે.

એકાદ બે ઉદાહરણ તરીકે ટાંકી શકાય છે. આજથી ચાર વર્ષ પહેલા વહીવટી તંત્રને રણોત્સવ માટે ટેન્ટનો કોન્ટ્રાક્ટ આપવામાં (આશરે ૧.૨૫ કરોડનો) ટેકનિકલ ગૂંચ આવતી હતી ત્યારે 'ફોકિયા' એ આગળ આવી તે જ ટેન્ટનો કોન્ટ્રાક્ટ લઈ, ના નફો ના નુકસાનના ધોરણે તે વખતના કલેક્ટરશ્રીને અને વહીવટી તંત્રને અને ખાસ તો પર્યટન વિભાગને મદદરૂપ થયેલ.

એવી જ રીતે (ખાતાના તથા અધિકારીઓના નામ ન આપી શકાય) અમુક ખાતાના અધિકારીઓ, જે કાયદાના 'ખોટા' અર્થઘટનો, કામમાં 'વિલંબ' અને ઉદ્યોગોને હેરાન કરવાનો પ્રયત્ન કરે ત્યારે અને તેના અનુસંધાને ફોકિયાને રજૂઆતો મળે ત્યારે દિલ્હી ખાતે કે ગાંધીનગર ખાતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરીને પ્રશ્નોના નિરાકરણો મેળવ્યા છે - અમુક કિસ્સામાં 'નકારાત્મક' વલણ ધરાવતા ઉચ્ચ અધિકારીઓની બદલીઓ પણ થઈ છે.

સમાપન કરતા એટલુ ઉમેરવું જ રહ્યુ કે 'ફોકિયા' નિઃસ્વાર્થ સેવા કરતી સંસ્થા છે અને ચેરમેનશ્રી, MD તથા JMD અને ચેરમેનશ્રી માનદ્ સેવા આપી આટલા મોટા જિલ્લાના બધા ઉદ્યોગોને સાથે લઈને હકારાત્મક અને રચનાત્મક વલણ ધરાવતી હોવાના કારણે ઉદ્યોગોમાં લોકપ્રિય થઈ શકેલ છે. ■

## સૂરવાણી - ભુજ, કચ્છ

**(અનુસંધાન : પાના નં.-૭૦ ઉપરથી ચાલુ)**

છેડાતા આરાધી ભજનો, દુહા છંદોની રમઝટ અને સુરંદાના સૂરો હૃદયને અલૌકિક શાંતિ આપે છે. કચ્છી સંગીતમાં રહેલો વૈવિધ્યપૂર્ણ વારસો લગ્ન પ્રસંગે ઢોલ શરણાઈ, નોબતના સૂરો હોય કે ધાર્મિક પ્રસંગે દુહા છંદ સાથેના ભજનો કે પછી કચ્છના દરીયાઈ ગીતો હોય બધાને બખૂબી સાંકળી લઈને સૂરવાણીએ શરૂ કરેલો નવો આયામ લોકભોગ્ય બની ગયો છે. કચ્છી સંગીતના સૂર અને શબ્દનો મેળાવો આ પ્રયત્નો થકી આજે નવી ઓળખ મેળવી ચૂક્યો છે.

કચ્છનાં અંતરિયાળ વિસ્તારોમાં પોતામાં પરંપરાગત સંગીતની કલાને ધરબીને બેઠેલા અનેક કલાકારો છે. કચ્છના આ કલાકારોનાં ખમીરને પારખી લઈને કચ્છ મહિલા વિકાસ સંગઠનના મીડિયા સેલે કચ્છના ખૂણે ખૂણામાંથી કચ્છી સંગીતના સાધકોને શોધીને સૂરવાણી હેઠળ સંગઠિત કર્યા. 'કુંજલ પાંજે કચ્છ જી' કચ્છી રેડિયો સિરિયલના માધ્યમથી અનેક કચ્છી કલાકારો અને વાદકોના સૂરને સંગીતના રસિકોમાં ગુંજતો કર્યો. લોકસંગીતના વારસાને જાળવી રાખવાના પ્રયાસો રૂપે સંગીત રેયાણ, કાર્યક્રમો, તાલીમો, દશ્ય શ્રાવ્ય ફિલ્માંકન સહિતની કામગીરી કરવામાં આવી. સંગીત સાહિત્યોનું સર્જન કરવામાં આવ્યું. આ તમામ પ્રવૃતિઓનું દસ્તાવેજિકરણ કરી 'સંગીત જો સંજીરો' નામની સંગીત લાઈબ્રેરી પણ ભુજમાં ઊભી કરવામાં આવી. ત્રણ વર્ષની સફરમાં જૂજ સભ્યોથી શરૂ થયેલી સફર એક વિશાળ સંગીતયાત્રા બની ચૂકી છે.■

*પોતાના મોઢે પોતાનાં વખાણ કરવાં એ આપઘાત કરવા બાબત છે. - મહાભારત*

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

• હંસરાજ કંસારા •
સભ્ય, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ

**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ કચ્છની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ પ્રક્રિયાને વેગવંતી બનાવવામાં સકારાત્મક યોગદાન આપતી બિન સરકારી (સ્વૈચ્છિક) સંસ્થા છે. આગામી ૫મી સપ્ટેમ્બરના રોજ આ સંસ્થા એના સક્રિય અસ્તિત્વના દસમા વર્ષમા પ્રવેશ કરશે. આ સંસ્થાના સંક્ષિપ્ત પરિચય સાથે, સંસ્થા દ્વારા પ્રાયોજિત પ્રવૃત્તિઓ અને એની પરિણતી તેમજ સંસ્થાના ભાવિ આયોજનો વિષે આછેરી ઝલક પ્રસ્તુત કરવાનો અત્રે પ્રયાસ છે.

- **વિચાર બીજ :**

આ કાઉન્સિલની સ્થાપનાનું 'વિચાર બીજ' છેક ઈ.સ. ૨૦૦૨ માં રોપાયું હતું. અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને ઈન્ડેક્સ્ટ 'બી' દ્વારા ૫મી જાન્યુઆરી, ૨૦૦૨ના રોજ, અમદાવાદ મધ્ય 'ભૂકંપ પશ્ચાત કચ્છના ઔદ્યોગિક વિકાસ' અંગે એક પરિસંવાદનું આયોજન થયું હતું. આ પરિસંવાદ દરમ્યાન, કચ્છના પ્રાણપ્રશ્નોના સમયસર સમાધાન અને કચ્છની વિકાસલક્ષી યોજનાઓના અસરકારક કાર્યાન્વિત હેતુ, 'લોકો', લોક-નેતૃત્વ, અને 'લોકતંત્ર' (પ્રશાસન) વચ્ચે સહેતુક સંવાદ સર્જવા અને એનું સાતત્ય જાળવવા ઉપર્યુક્ત સંસ્થાની તાતી આવશ્યકતા હોવાનો સૂર વહેતો થયો હતો.

- **૨૦૦૪નો સેમિનાર :**

ત્યાર બાદ, ૫ મી સપ્ટેમ્બર ૨૦૦૪ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા, 'કચ્છના વિકાસના પ્રશ્નો' ચર્ચવા, મુંબઈ મધ્યે એક સેમિનારનું આયોજન થયું. કચ્છ તેમજ કચ્છથી બહાર, દેશના વિવિધ વિસ્તારોમાં વસતા ૫૦૦ થી વધુ કચ્છી મહાનુભાવો આ સેમિનારના ડેલીગેટ્સ હતા. તદુપરાંત કચ્છની વિવિધ રાજકીય પાર્ટીઓના શિર્ષસ્થ લોકનેતાઓ તેમજ કચ્છના પ્રાણ-પ્રશ્નોથી પરિચિત અને ચિંતિત, વિકાસલક્ષી અભિગમ ધરાવતા તજજ્ઞો પણ આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

- **કાઉન્સિલનું ગઠન :**

કચ્છના પ્રશ્નો માટે પ્રશાસન સાથે સંપર્ક કેળવવા પ્રભાવી સંસ્થાની આવશ્યકતાનો જે સૂર ૨૦૦૨ના સેમિનાર દરમ્યાન વહેતો થયો હતો તે જ સૂર ૨૦૦૪ના આ સેમિનારમાં વ્યાપક અને બુલંદ થયો. એના પ્રતિસાદે, સેમિનારનીજ એક ફળશ્રુતિ રૂપે, ડૉ. ચંદ્રકાંત દેઢિયાના અધ્યક્ષપદે 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'નું ગઠન થયું. કચ્છમાં અથવા કચ્છ માટે કાર્યરત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ઔદ્યોગિક અને વ્યવસાયિક એકમોના પ્રતિનિધિઓ, વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને પ્રચાર માધ્યમોના કર્મશીલો આ સમિતિના માનદ્ સદસ્યો થયા.

- **સલાહકાર સમિતિ :**

કાઉન્સિલના માર્ગદર્શન માટે કચ્છના વરિષ્ઠ રાજકીય નેતાઓ, ઉદ્યોગપતિઓ અને શ્રેષ્ઠીઓની એક સલાહકાર સમિતિની પણ રચના થઈ.

- **સંસ્થાનું રજિસ્ટ્રેશન :**

ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ના ૨૯મા અધિનિયમ અંતર્ગત, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનું રજિસ્ટ્રેશન થયું.

- **પ્રથમ નિર્ણાયક મિટીંગ :**

૧૦ ઓક્ટોબર, ૨૦૦૪ના રોજ ભુજ મધ્યે કાઉન્સિલની પ્રથમ મિટીંગનું આયોજન થયું. આ મિટીંગમાં કાઉન્સિલના ઉદ્દેશો, કાર્યક્ષેત્ર અને કાર્ય પદ્ધતિ સુનિશ્ચિત થયા. ગુજરાતના રાજકીય પાટનગર ગાંધીનગર તેમજ કમર્શિયલ કેપિટલ અમદાવાદ સ્થિત પ્રશાસન તંત્ર સાથે સંપર્કની સરળતા અને અમદાવાદ સ્થિત શ્રી કચ્છી જૈન સેવા સમાજના ભવનમાં કાર્યાલય તેમજ વ્યવસ્થાતંત્રની સુવિધા ઉપલબ્ધ હોતાં, કાઉન્સિલનું કાર્યાલય અમદાવાદમાંજ રહ્યું. કચ્છમાં લોક-સંપર્ક હેતુ વિવિધ વિસ્તારોમાં વિભિન્ન સેવાઓ સાથે સંકળાયેલી સ્વયંસેવી સંસ્થાઓ તેમજ નાના મોટા Action Groups સાથે સંપર્ક કેળવવાનું પણ નક્કી થયું.

- **પ્રાયોજિત પ્રવૃતિઓ :**

કાઉન્સિલનો મુખ્ય ઉદ્દેશ કચ્છના સર્વગ્રાહી વિકાસને સ્પર્શતી પ્રમુખ સમસ્યાઓનું વિશદ્ વિશ્લેષણ અને સંબંધિત પ્રશાસનીક તંત્ર તેમજ સ્થાનિક નેતૃત્વ સમક્ષ એના પ્રક્ષેપણ તેમજ પ્રસ્તુતિ થકી સમાધાન પ્રાપ્ત કરવાનો છે. આ સમસ્ત પ્રક્રિયામાં કાઉન્સિલનો રોલ catalyst અને facilitator તરીકે તમામ સ્ટેક હોલ્ડર્સને mobilize કરવાનો છે. આ મૂળભુત સમજ સાથે કાઉન્સિલે કેટલીક મહત્ત્વની

*નબળા ઢચુપચુ મનને જે કામ અશક્ય લાગે છે તે કામ તેને માટે અશક્ય જ બની રહે છે.*

પ્રવૃત્તિઓ પ્રારંભ કરી છે જેની વિગતોનો સંક્ષેપ અત્રે પ્રસ્તુત છે.

- **નર્મદાનાં પાણી :**

કચ્છને ફાળવાયેલાં નર્મદાનાં પાણી કચ્છ સુધી પહોંચાડવામાં થઈ રહેલા અપ્રત્યાશીત વિલંબનાં કારણો જાણવા કાઉન્સિલે નર્મદા નિગમના વિવિધ સ્તરે ટેકનિકલ તેમજ વહિવટી અધિકારીઓ સાથે વિચાર વિમર્શ તેમજ માહિતી અધિકાર અંતર્ગત માહિતી એકત્ર કરી એનો વિશદ અભ્યાસ કર્યો. એનાં તારણો વિષે નિગમ તેમજ સંબંધિત રાજકીય નેતૃત્વને અવગત કર્યા. સામયિકોમાં અભ્યાસ લેખો તેમજ સમયાંતરે, વિવધ સ્તરે ગોષ્ઠીઓ અને સેમિનારોનું આયોજન કર્યું, જનચેતના જાગ્રત કરી. પ્રશાસન તંત્રને પ્રવૃત કર્યું. પરિણામે છેલ્લા ત્રણેક વર્ષ દરમ્યાન કચ્છ કેનાલના અધૂરા કામો અપેક્ષિત ગતિએ આગળ વધી રહ્યા છે. સાથે સાથે નર્મદાના વધારાના પાણી પૂરતી માત્રામાં કચ્છને મળે તે માટે તેમજ ઉદ્યોગો એમની પાણીની જરૂરિયાતો ડી-સેલિનેશન પ્લાન્ટસ મારફત પૂરી કરે તે માટે કાઉન્સિલ પ્રયત્નશીલ છે. કચ્છના વરસાદી પાણીના સંગ્રહ તેમજ વિવેકસર ઉપયોગ માટેના ઉપાયો વિષે પણ કાઉન્સિલ તજજ્ઞો સાથે વિચાર વિમર્શ કરી રહી છે.

- **ઔદ્યોગિક વિકાસ :**

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અને ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી કાઉન્સિલે ૨૩ સપ્ટેમ્બર, ૨૦૦૫ના રોજ, ગાંધીધામ મધ્યે એક ઔદ્યોગિક સેમિનારનું આયોજન કર્યું. આ સેમિનારનો ઉદ્દેશ, કચ્છના નવતર સ્વરૂપે સર્જેલી ઔદ્યોગિક વિકાસની સંભાવનાઓ અને એને નડતા અવરોધો, વીજળી, પાણી અને પર્યાવરણીય સમસ્યાઓ અને તેના સમાધાન માટેના ઉપાયો અંગે વિચાર - વિમર્શ કરવાનો હતો. કચ્છમાં સ્થપાતા ઉદ્યોગોના પ્રતિનિધિઓ, વિવિધ રાજકીય પક્ષોના અગ્રણી નેતાઓ તેમજ ઔદ્યોગિક વિકાસ સાથે સંકળાયેલા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને વિવિધ ક્ષેત્રેના નિષ્ણાતોએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. કચ્છમાં ઔદ્યોગિક વિકાસની વિવિધ સંભાવનાઓ દર્શાવતા તજજ્ઞોના અભ્યાસપૂર્ણ માહિતીસભર ૪૩ લેખો ઉપરાંત જિલ્લાની ઔદ્યોગિક રૂપરેખા સાથે કચ્છમાં સ્થપાયેલા તમામ નાના મોટા ઉદ્યોગોની ડિરેક્ટરી સમાવતું 'સેમિનાર સુવેનિયર' ખરા અર્થમાં કાયમી સંભારણું બની રહ્યું. આ સુવેનિયરમાં કચ્છમાં સંભવિત ઉદ્યોગોની મુળભૂત માહિતી આજે પણ સંદર્ભ માટે એટલી જ ઉપયોગી છે.

**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્યો**

| | | | |
|---|---|---|---|
| અશોક મહેતા | અમદાવાદ | ચેરમેન | ૯૪૨૮૦ ૪૦૨૬૧ |
| શશીકાંત ઠક્કર | માધાપર | વાઈસ ચેરમેન | ૯૮૨૧૭ ૫૩૯૫૧ |
| પ્રતાપ દંડ | અમદાવાદ | સેક્રેટરી | ૯૪૨૬૭ ૨૫૬૧૯ |
| કે.ડી. શાહ | અમદાવાદ | ખજાનચી | ૦૭૯-૨૬૬૦૫૨૨૫ |
| ડૉ. ચંદ્રકાંત દેઢિયા | અમદાવાદ | પૂર્વ ચેરમેન | ૯૭૨૬૮ ૨૦૧૮૪ |
| હીરજી પાસુ શાહ | અમદાવાદ | સભ્ય | ૯૮૨૫૩ ૮૦૮૬૬ |
| હસમુખ ગઢેચા | અમદાવાદ | સભ્ય | ૯૮૨૫૦ ૧૫૩૭૨ |
| હંસરાજ કંસારા | અમદાવાદ | સભ્ય | ૦૭૯-૨૬૮૭૨૩૫૦ |
| દામજીભાઈ એંકરવાલા | મુંબઈ | સભ્ય | ૯૩૨૪૬ ૫૯૦૦૦ |
| ડૉ. કાંતિભાઈ ગોર | ભુજ | સભ્ય | ૯૪૨૬૨ ૩૮૭૨૭ |
| હરીશભાઈ રંગવાલા | અમદાવાદ | સભ્ય | ૯૮૨૫૦ ૬૬૪૭૬ |
| મહેન્દ્ર મોરબિયા | ભુજ | સભ્ય | ૯૮૨૫૨ ૨૫૪૬૨ |
| બી.કે. પટેલ | અમદાવાદ | સભ્ય | ૯૮૨૫૦ ૩૩૯૨૭ |
| વિજ્યાબેન શેઠ | અમદાવાદ | સભ્ય | ૯૭૨૭૭ ૧૦૫૩૦ |
| નિમેષભાઈ ફડકે | અંજાર | સભ્ય | ૯૮૨૫૨ ૨૫૮૬૨ |
| લીલાધર ગડા | ભોજાય | સભ્ય | ૯૮૭૯૫ ૦૬૦૫૯ |
| ભરત ઓઝા | અમદાવાદ | સભ્ય | ૯૮૨૫૭ ૧૪૮૩૩ |
| રસીક મામતોરા | | | |

પ્રમુખશ્રી, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ
પ્રમુખશ્રી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ - માંડવી

***૧૧ ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ માંડવી મધ્યે, ચેમ્બર ઓફ કોમર્સના સહયોગથી બે વાર્તાલાપોનું આયોજન થયું.***

૧. **માંડવી બંદરે જહાજવાડાનો વિકાસ :** કચ્છના વરિષ્ઠ પત્રકાર અને કચ્છ મિત્ર દૈનિકના સહતંત્રી શ્રી મહીમ પાંધીએ માંડવીના જહાજવાડાનો ભવ્ય ભૂતકાળ, વર્તમાન સ્થિતિ અને ભાવિ વિકાસની સંભાવનાઓ પ્રસ્તુત કરી. માંડવીનો આ ઉદ્યોગ હાલે ૪૭૦૦૦ લોકોને રોજગાર આપે છે.

૨. **ખનિજ આધારીત ઉદ્યોગો :** કચ્છમાં વિવિધ ખનિજ આધારીત ઉદ્યોગો વિષે, મિનરલ કન્સલ્ટન્ટ શ્રી જે.વી. ભટ્ટના વિડિયો તેમજ સ્લાઈડ પ્રેઝન્ટેશન સાથેના વાર્તાલાપનું આયોજન થયું.

- **માળખાકીય સવલતો :**

**કચ્છમાં માળખાકીય સવલતો વિષેનો સેમિનાર :**

કાઉન્સિલ તેમજ ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે, અમદાવાદ મધ્યે તા. ૨૧-૧૨-૨૦૦૫ના રોજ માળખાકીય સવલતો અંગે વિચાર-વિમર્શ હેતુ વાર્તાલાપનું આયોજન થયું. આ વાર્તાલાપને અંતે ફોકિયા, ગાંધીધામ ચેબર ઓફ કોમર્સ તેમજ વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધીઓ અને K.D.C.ના સભ્યોની એક સમિતિની રચના કરવામાં આવી.

- **સ્કીલ્ડ મેન પાવર :**

કચ્છમાં ઔદ્યોગિક વિકાસ સંદર્ભે, આવશ્યક સ્કીલ્ડ મેન - પાવરની પૂર્તિ માટે, તેમજ સ્થાનિક લોકોને ઉદ્યોગોમાં રોજગારી મળે તે માટે તાલીમબધ્ધ કરવાની સંભાવનાઓ વિષે વિચાર-વિમર્શ હેતુ કાઉન્સિલના સભ્યોએ તોલાણી પોલીટેકનિક તેમજ અન્ય ટેકનિકલ

*અનુભવ એ વિશ્વની બધી વિદ્યા કળાઓની માતા છે.*

શિક્ષણ સંસ્થાનોના અધ્યાપકો સાથે ચર્ચા વિચારણા કરી તેમજ ૨૦૦૬ માં, અમદાવાદ મધ્યે આ સંદર્ભે સેમિનારનું આયોજન કર્યું.

- **કૃષિ આધારીત ઉદ્યોગો :**

ઈ.સ. ૨૦૦૫ના ડિસેમ્બર માસમાં, ભુજ તેમજ અંજાર મધ્યે, આ ક્ષેત્રના નિષ્ણાત લલિતભાઈ મૈશરીના વાર્તાલાપોનું આયોજન થયું. અંજાર, મુન્દ્રા, ગાંધીધામ, ભચાઉ અને રાપર તેમજ ભુજ, નખત્રાણા માંડવી, અબડાસા અને લખપત તાલુકાના કુલ ૩૫૦ ખેડૂતોએ આ વાર્તાલાપોનો લાભ લીધો. તદુપરાંત, કૃષિ આધારીત ઉદ્યોગોની સ્થાપનાને પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન હેતુ શ્રી કાંતિસેન શ્રોફના અધ્યક્ષપદે કચ્છના વિવિધ સ્થળોના ૧૮ મહાનુભાવોની એક સમિતિનું ગઠન થયું.

- **રતન જ્યોત :**

રતન જ્યોત વાવેતરને પ્રોત્સાહન આપવા, ઈ.સ. ૨૦૦૬ના વર્ષારંભે, કચ્છના દરેક તાલુકા મથકે, એક એક દિવસના નિષ્ણાતો દ્વારા નિદર્શન તેમજ ખેડૂતો સાથેના વાર્તાલાપોનું આયોજન થયું.

- **પ્રાથમિક શિક્ષણ :**

ભૂકંપ પશ્ચાત કચ્છમાં કથળેલી પ્રાથમિક શિક્ષણ સ્થિતિ આકલન હેતુ, કચ્છ જિલ્લાના શિક્ષણ અધિકારી તેમજ ગઢશીશાના શિક્ષણવિદ શ્રી રમેશ દવેના સહયોગથી કચ્છમાં ભુજ સ્થળે શિક્ષકો માટે શિક્ષણ - શિબિરનું આયોજન કર્યું. આ શિબિરમાં કચ્છભરમાંથી ૭૦૦ શિક્ષકોની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી.

- **કચ્છનો સર્વાંગી ઈતિહાસ :**

કચ્છના બૌદ્ધિકોની, કચ્છના ઈતિહાસ આલેખનની માંગના પ્રતિભાવે કાઉન્સિલે બીડું ઝડપી લીધું. કચ્છના ૩૦થી વધુ વિવિધ વિષયોના તજજ્ઞો તેમજ ઈતિહાસ વિદોના સક્રિય સહયોગથી લગભગ ચાર વર્ષની સતત જહેમતને અંતે, 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' ના બે ભાગોનું ૩ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ, કચ્છના ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એંકરવાલાના વરદ્ હસ્તે વિમોચન થયું.

કચ્છના રાજાશાહી દરમ્યાનના ૭૮ વર્ષના દરબારી ગેઝેટો (૧૮૭૭ થી ૧૯૫૫) ના ૫૯ વોલ્યુમના આશરે ૧૮૦૦૦ પૃષ્ઠો સી.ડી. રૂપાંતરણ કરવામાં આવ્યું છે. આમ કચ્છના ઈતિહાસ માટેની આધારભૂત માહિતીની સાચવણી સુનિશ્ચિત કરી છે.

- **ઉપલબ્ધિ :**

કાઉન્સિલની લગભગ એક દાયકાની મજલના આ મહત્ત્વના પડાવો છે. કચ્છના સર્વગ્રાહી વિકાસની ગતિને વેગ આપવાનો કાઉન્સિલનો અભિગમ પ્રક્રિયાલક્ષી હોતાં એનું પ્રગતિ સૂચક આંકડામાં મૂલ્યાંકન થઈ ન શકે. પરંતુ કાઉન્સિલના ઉદ્દેશો લક્ષમાં લેતાં, કાઉન્સિલની પરિણતી સ્પષ્ટ થશે.

૧. **કાઉન્સિલની આગવી ઓળખ :**

કચ્છના લગભગ તમામ ગ્રામીણ વિસ્તારોના ખેડૂતો તેમજ અધ્યાપકો, બૌદ્ધિકો અને સામાજિક કાર્યકરો, જિલ્લા પ્રશાસનીક અધિકારીઓ અને વિભિન્ન રાજકીય પક્ષના અગ્રણી નેતાઓ સાથે, દાયકા દરમ્યાન થયેલા સંવાદ/સંપર્કને પરિણામે કાઉન્સિલ એની સ્વચ્છ સકારાત્મક સ્વૈચ્છિક સંસ્થા તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શક્યું છે. કાઉન્સિલ દ્વારા પ્રાયોજિત વિભિન્ન પ્રવૃત્તિઓમાં સર્વે વર્ગોનો સક્રિય સહયોગ રહ્યો છે.

૨. કચ્છના પાણી જેવા પ્રાણપ્રશ્નો અંગે કાઉન્સિલના સતત પ્રયાસો થકી ખોરંભે પડેલાં નર્મદા યોજનાનાં કામ સોત્સાહ શરૂ થઈ ગયા છે.

૩. ઔદ્યોગિક વિકાસનાં પ્રેરક તેમજ અવરોધક બળો અને ઔદ્યોગિક વિકાસને કારણે ઉપસ્થિત થતી સમસ્યાઓના વિશ્લેષણ થકી કાઉન્સિલ લાભકર્તા અને લાભાર્થીઓ વચ્ચે સંવાદ સ્થાપિત કરી શક્યું છે.

કાઉન્સિલના પ્રથમ દાયકાની આ ઉપલબ્ધિઓની અસર લાંબે ગાળે કચ્છમાં કૃષિ તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે અપેક્ષિત વિકાસ સ્વરૂપે વર્તાશે એવો કાઉન્સિલને વિશ્વાસ છે.

- **ભાવિ આયોજન :**

★ દાયકા દરમ્યાન પ્રારંભ કરેલા વિવિધ કાર્યક્રમો/આયોજનોનું મૂલ્યાંકન અને ફોલૉઅપ. વિશેષત :

★ કૃષિ આધારીત અને બાગાયતી ઉદ્યોગો માટે ગઠીત સમિતિની ગતિવિધિઓનું મૂલ્યાંકન;

★ માળખાકીય સવલતોના અભ્યાસ હેતુ ગઠિત સમિતિના નિર્ધારીત કાર્યક્રમનું મૂલ્યાંકન

★ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આયોજિત શિબિરોનું ફોલો-અપ

★ કચ્છના સર્વાંગી ઈતિહાસનું ક્ષતિઓ તેમજ અધૂરાશો અંગેનું અવલોકન

★ રીવીઝન

★ રીવાઈઝડ વર્ધન (કચ્છના સર્વાંગી ઈતિહાસ, ભાગ : I & II) નું અંગ્રેજી ભાષાંતર અને પ્રકાશન.

- **નવા આયામ :**

★ **આર્કિટેક્ટ કોલેજ :**

કાઉન્સિલનો આગામી પ્રોજેક્ટ કચ્છમાં આર્કિટેક્ટ કોલેજ સ્થાપવાનો છે. આ અંગે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ટ અને ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશનનો સંપર્ક કરી કોલેજ સ્થાપવા માટેનાં નીતિ નિયમો જાણી લીધા છે. ભુજ નજીક જમીન સંપાદન માટે રેવન્યુ ખાતા સાથેનો સંપર્ક પ્રગતિ પર છે.

★ **સંશોધન અને અધ્યયન કેન્દ્ર :**

અમદાવાદમાં 'ગુજરાતી વિશ્વકોષ' સાહિત્ય સંશોધન કરે છે તેમજ અભ્યાસગ્રંથો બહાર પાડે છે તે રીતે કચ્છમાં પણ તેવું જ અધ્યયન કેન્દ્ર ઊભું કરવાનું કાઉન્સિલની વિચારણા હેઠળ છે. ■

*જે વ્યક્તિ વહેંચીને ખાય છે, તેની પાસે ભૂખ ભૂલથી પણ ભટકતી નથી.*

# ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

● મુરલીધર બી. જગાણી ●
માનદ્ મંત્રી, ધી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**
"ચેમ્બર ભવન",
પ્લોટ નં. ૭૧, સેક્ટર-૮, પો.બો. નં. ૫૮,
ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
ફોન : (૦૨૮૩૬) ૨૨૦૯૭૭, ૨૨૦૭૩૫
ફેક્સ : (૦૨૮૩૬) ૨૨૦૮૮૮
ઈ-મેઈલ : info@gccikandla.com
વેબસાઈટ : www:gccikandla.com

● **સંસ્થાનો પરિચય :**

ગાંધીધામ ચેમ્બરની સ્થાપના વર્ષ ૧૯૫૩માં થઈ હતી. સંસ્થાનો હેતુ કચ્છ જિલ્લામાં અને ખાસ કરીને ગાંધીધામ-કંડલા સંકુલમાં વ્યાપાર ઉદ્યોગનો વિકાસ થાય તેમજ અહીં મહત્તમ માળખાકીય ભૂમિકા ભજવે તેવો છે. હાલ ગુજરાતની અગ્રણી વ્યાપારી સંસ્થા તરીકે ગાંધીધામ ચેમ્બરની ગણના થાય છે. જિલ્લો ખૂબ પ્રગતિ સાધે તેવી ચેમ્બરની નેમ છે.

ચેમ્બરની પ્રત્યક્ષ સભ્ય સંખ્યા ૨૨૦૦ જેટલી છે અને સંલગ્ન એસોસિએશનોના સભ્યોની ગણતરી કરીએ તો સભ્યોનો આંક ૭૦૦૦થી વધુ થવા જાય છે. વર્ષ ૨૦૦૩માં સંસ્થાએ સ્થાપનાના ૫૦ વર્ષ પૂરા કર્યા ત્યારે સુવર્ણ જયંતી મહોત્સવમાં તત્કાલીન શીપિંગમંત્રી શ્રી અરૂણ જેટલી ખાસ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપમાં ચેમ્બરનું પોતાનું મકાન ધ્વસ્ત થયું તે બાદ આ વિસ્તારની અગ્રણી સંસ્થાઓ, સભ્યોના સહકારથી હાલના ચેમ્બર ભવનનું નિર્માણ થયું. નવા ભવનનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૨૪-૯-૨૦૦૪ના રોજ સંપન્ન થયું હતું. ચેમ્બર ભવનમાં સંપૂર્ણપણે વાતાનુકૂલિત ૨ હોલ છે જેની ક્ષમતા અનુક્રમે ૧૪૦ અને ૫૫૦ વ્યક્તિઓની છે. ચેમ્બરના આ બન્ને હોલ દૃશ્યશ્રાવ્ય સુવિધાઓથી સજ્જ કરાયા છે અને સંકુલના વિકાસ માટેની પ્રવૃત્તિઓ, સેમિનારો, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કાર્યક્રમો યોજાય છે.

**વર્તમાન હોદ્દેદારો**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી દિનેશ ગુપ્તા | - પ્રમુખ |
| ૨. | શ્રી અનિલકુમાર જૈન | - ઉપ પ્રમુખ |
| ૩. | શ્રી મુરલીધર બી. જગાણી | - માનદ્ મંત્રી |
| ૪. | શ્રી કમલેશ જી. રામચંદાણી | - માનદ્ સહમંત્રી |
| ૫. | શ્રી નરેન્દ્ર જી. ઠક્કર | - કોષાધ્યક્ષ |

શરૂઆતના વર્ષોથી જ ચેમ્બરે આ વિસ્તારના પ્રશ્નો પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એશિયાનું પ્રથમ એવું કંડલા મુક્ત વ્યાપાર ક્ષેત્ર (હાલનું કંડલા વિશેષ આર્થિક ક્ષેત્ર) ની સ્થાપનામાં ચેમ્બરનું મોટું યોગદાન છે. વળી, કંડલા-ઝુંડ બ્રોડગેજની રેલવે લાઈન માટે ચેમ્બર દ્વારા અવિરત પ્રયાસો કરવામાં આવ્યા હતા, જેને કારણે આ લાઈન શરૂ થઈ હતી.

કુદરતી આપદા વખતે ચેમ્બરના નેજા હેઠળ "સંકટ નિવારણ સોસાયટી" દ્વારા પ્રશંસનીય કામગીરી હાથ ધરવામાં આવી હતી. સુનામી હોનારત વખતે સોસાયટી દ્વારા રૂ. ૨૬ લાખની માતબર રકમ મુખ્યમંત્રીશ્રીના રાહતકોષમાં જમા કરાવવામાં આવી હતી. નમક ઉત્પાદનમાં આ વિસ્તાર અગ્રીમ સ્થાને હોવાથી અસરગ્રસ્તોને નમકની રેકો વિના મૂલ્યે મોકલવામાં આવી હતી. સુરતના જળસંકટ વખતે મગદાળ, ચોખા, નમક તથા વાસણની કીટ રૂ. પાંચ લાખના ખર્ચે તૈયાર કરી દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને વિતરણ માટે મોકલવામાં આવેલ. વળી, કારગીલ યુદ્ધ વખતે શહીદી વહોરનાર ગુજરાતના સૌનિકોની વિધવાઓને "ફૂલ નહિં તો ફૂલની પાંખડી" સ્વરૂપે પ્રત્યેકને રૂ. ૫૦,૦૦૦/-ની સહાય આપવામાં આવી હતી.

ગાંધીધામ ચેમ્બર કંડલા પોર્ટ ટ્રસ્ટ, રેલવે, નાગરિક પુરવઠા, કસ્ટમ્સ વગેરે સાથે સક્રિયપણે સંકળાયેલું છે અને વિવિધ સમિતિઓમાં પ્રતિનિધિત્વ કરે છે. ચેમ્બરના ઘણા વિકાસલક્ષી સૂચનો ઉપરોક્ત વિભાગો દ્વારા સ્વીકારાયા છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. સાથે સમયાંતરે સમીક્ષા બેઠક યોજાય છે. વળી, "વાંચે ગુજરાત" અભિયાનમાં ચેમ્બર દ્વારા સારી કામગીરી થઈ છે.

ચેમ્બર દ્વારા યોજાતા વ્યાપાર મેળામાં અગ્રણી ઉદ્યોગગૃહો ભાગ લે છે અને મેળામાં જિલ્લાના લોકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. મેળામાં વિવિધ સ્ટોલ્સ જબરૂ આર્કષણ જમાવે છે.

ચેમ્બરની વેબસાઈટ પર સરકારી પરિપત્રો તથા વિવિધ સામગ્રી સભ્યોને તેમજ અન્ય રસ ધરાવતા સૌને ઉપયોગી અને માહિતીપ્રદ નીવડે છે. ચેમ્બર દ્વારા પ્રકાશિત થતા બુલેટીનમાં સંસ્થા દ્વારા હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓની સતસ્વીર વિગતો આપવામાં આવે છે.

આમ ચેમ્બર માત્ર વ્યાપાર ઉદ્યોગના વિકાસ માટેની સંસ્થા ન રહેતા આ વિસ્તારની સર્વાંગી પ્રગતિ માટે પોતાનું યોગદાન આપીને એક જીવંત સંસ્થા બની છે. આગામી વર્ષોમાં કચ્છમાં છેવાડાના વિસ્તારો જેવા કે, માંડવી, મુન્દ્રા, રાપર, અબડાસામાં રેલવે સેવા ઉપલબ્ધ થાય; કંડલા એરોડ્રમનું વિસ્તૃતીકરણ થઈ મોટા વિમાનો પણ અહીં આવી શકે તેવી સુવિધા ઊભી કરવા, સંકુલની જમીન ફ્રીહોલ્ડ, અઘાટ હમીરાવાર કરવા, શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળશે તેમજ પૂર્વ કચ્છને મહેસુલી જિલ્લો બનાવવા માટે ચેમ્બર કટિબદ્ધ છે, જેથી ઉદ્યોગ અને રહેણાંક માટે ગાંધીધામ એક આદર્શ નગર તરીકે ઊભરી આવે. ■

*બુદ્ધિશાળી વ્યક્તિ અત્યંત જરૂરી હોય તો પણ કડવાં વેણ બોલતા નથી.*

સેવાની સરવાણી

# શ્રી માંડવી ચેમ્બર ઓફ કોમર્સ

• વાડીલાલ બી. જોશી (૯૮૨૫૯ ૫૧૨૪૯) •
પ્રમુખ, ધી માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ

**ધી કચ્છ માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ**
માંડવી, કચ્છ.

શ્રી કચ્છ માંડવી ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના ૧૯૯૩માં થઈ. સ્થાપના વખતે શરૂઆત થઈ ત્યારે આ વેપારી સંસ્થાએ માંડવીના વેપારીઓના પ્રશ્નો, તેમની સંસ્થાઓ તથા નિરાકરણની બાબતો પરત્વે ધ્યાન આપ્યું કે જે દરેક ચેમ્બરની પ્રાથમિકતા છે. સ્થાપક પ્રમુખ શ્રી વસંતભાઈ દોશીનાં નેજા હેઠળ શરૂ થયેલી આ વેપારી સંસ્થા જોતજોતામાં પ્રગતિનાં શિખરો સર કરી ગઈ.

મુંબઈ સ્થિત દાતાશ્રી નાનજી ખીમજી ઠક્કર થાણાવાળાના મુખ્ય આર્થિક સહયોગથી માંડવીમાં જૂની પોસ્ટ ઓફિસ રોડ પર આવેલા આ હોલનું લોકાર્પણ તત્કાલીન નાણામંત્રી શ્રી વજુભાઈ વાળા તથા પૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતાની ઉપસ્થિતિ વચ્ચે થયું. સને ૨૦૦૩ માં "ધ માંડવી ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ચેરિટેબલ ટ્રસ્ટ" ની સ્થાપના કરીને પોતાની સેવાકીય પ્રવૃત્તિઓનાં સ્રોતને આગવી મંઝિલે પહોંચાડવામાં આવી.

સામાન્યતઃ લોકોમાં એવી છાપ રહી છે કે આવી સંસ્થાઓ વેપારીઓના પ્રશ્નોને જ મહત્ત્વ આપીને નિરાકરણ લાવે છે. પરંતુ, હાલના પ્રમુખશ્રી વાડીલાલભાઈ દોશીના કુશળ નેતૃત્વ તળે આ સંસ્થાની મુખ્યત્વે પ્રવૃત્તિઓ થઈ ચૂકી છે જેમાં -

(૧) રૂ. ૩.૦૦ લાખની લાગતથી વિધવા-ત્યકતા-છૂટાછેડા લીધેલી મહિલાઓને આજ સુધી ૯૦ જેટલા સીલાઈ મશીનો આપવામાં આવ્યા છે.

(૨) જરૂરિયાતમંદ પરિવારોને રૂ. ૮ લાખનાં ખર્ચે ૭૫ હજાર કિલ્લો ઘઉંનું વિતરણ કરાયું છે.

(૩) રૂ. ૧૦ લાખનાં ખર્ચે દિવાળી, હોળી તથા રમઝાન માસ - ઈદ - રાષ્ટ્રીય તહેવારોના દિને ૩૦૦૦ જરૂરતમંદ પરિવારોને રાશન કીટ આપવામાં આવે છે.

(૪) રૂ. ૪.૫ લાખનાં ખર્ચે ૪૫૦૦ ગરમ ધાબળા તથા સોલાપુરી ચાદરનું વિતરણ ગરીબોમાં કરાયું હતું.

(૫) રૂ. ૧.૫ લાખના ખર્ચે ૧૫૦૦ મહિલાઓને સિલ્ક સાડીનું વિતરણ કરાયું હતું.

(૬) રૂ. ૧.૦ લાખનાં ખર્ચે પેન્ટ-શર્ટ તથા ગરમ સ્વેટરનું વિતરણ પણ કરાયું હતું.

(૭) રૂ. ૧.૦૦ લાખનાં ખર્ચે ૯૦૦ મુસ્લીમ મહિલાઓને પંજાબી ડ્રેસ માટે સિલ્ક કાપડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(૮) રૂ. ૩.૦૦ લાખનાં ખર્ચે જરૂરિયાતમંદોને છૂટક પરચુરણ સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

(૯) સંવત ૨૦૧૧માં રૂ. ૪.૭૫ લાખના ખર્ચે ૩૩૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ વિતરણ

પરંતુ છેલ્લા ૨૦૧૨ ના વર્ષથી પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓ માટે "વિદ્યાદાન - મહાદાન"ના હેતુને સાર્થક કરવા માટે માંડવી શહેરની ખાનગી તથા સરકારી પ્રાથમિક શાળાઓ જેની સંખ્યા ૨૮ જેટલી થવા જાય છે, તેમાં ધો. ૫ થી ૮ ના કુલ ૪૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે સારી કક્ષાની સ્કૂલબેગોનું દાતાઓના સખાવતથી આ મહામૂલું કાર્ય કર્યું. ખર્ચ રૂ. ૮ લાખ

**આ સ્કૂલબેગોના દાતાઓમાં ...**

(૧) ૫૦૧ બેગ્સ શ્રી પુરુષોતમ પ્રિયદાસજી મહારાજ - આચાર્યશ્રી મણિનગર ગાદી સંસ્થાન - અમદાવાદ

(૨) ૫૦૦ બેગ્સ શ્રી શશીકાંત ખીમજીભાઈ મોરબિયા - ભુજ

(૩) ૪૦૦ બેગ્સ શ્રી રમેશભાઈ પ્રેમચંદ માણેકચંદ મહેતા - મુ. બિદડા હાલે મુંબઈ.

(૪) ૫૦૦ બેગ્સ શ્રી સુંદરજી મૂલજીભાઈ શાહ - (કચ્છ) સણોસરા વાળા હાલે મુંબઈ.

(૫) ૪૦૦ બેગ્સ શ્રી રમણિકભાઈ ધનજીભાઈ છાડવા - મુ. સામખિયાળી હાલે મુંબઈ.

(૬) ૨૦૦ બેગ્સ શ્રી બુધ્ધિચંદભાઈ હીરજીભાઈ શેમારૂ - મુ. હાલપર હાલે મુંબઈ.

આ ઉપરાંત ૧૦૦ બેગ્સ માટે દાતાશ્રીઓ આગળ આવ્યા હતા. આમ છેલ્લાં ચાર વર્ષમાં દાનની સરવાણીનાં સતત વહેતા ધોધ અને વિશ્વસનીય કામગીરીના સમયે અત્યાર સુધી રૂ. ૪૫ લાખ જેટલી માતબર રકમનું સર-સામાન વસ્તુઓરૂપે જરૂરતમંદોને નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩૦૦ જેટલા કોલેજમાં વિદ્યાર્થીઓને તથા વેપારીઓને કોમ્પ્યુટર પર ટેલી એકાઉન્ટ શીખવવામાં આવ્યું.

*કઠોર માણસ માત્ર પોતાના માટે જીવે છે, દયાળુ માણસ બીજા માટે જીવે છે.*

૩૦૦ જેટલા ઓક્સિજનનાં સિલિન્ડર સેવામાં આપવામાં આવ્યા. ચીકન ગુનીયાનાં તાવ, આંખ, દાંત, મોતિયાનાં ઓપરેશન વગેરે માટે મેડિકલ કેમ્પોનું આયોજન પણ કરવામાં આવ્યું. વેપારીઓ માટે ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ તથા વેટના તજજ્ઞોને બોલાવીને માર્ગદર્શન કેમ્પ પણ યોજવામાં આવ્યા છે. સમયાંતરે બદલાતા જતાં નિયમો અંગે પણ માર્ગદર્શન અપાય છે. આ ઉપરાંત ધો. ૧૦ - ૧૨ ના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર, યોગા-ધ્યાન કેમ્પ પણ યોજવામાં આવ્યા છે તથા મહાત્મા તથા મુનિશ્રીઓનાં યોગ્ય પ્રવચનો વગેરે ગોઠવવામાં આવે છે.

ભવિષ્યના પ્રોજેક્ટ માટે મેડિકલ ક્ષેત્રે આંખના સર્જનની સેવા તથા વિદ્યાર્થીઓ માટે દાંત તથા કાન માટેનો તથા હૃદયરોગ અંગેનો મેડિકલ કેમ્પોના આયોજન માટે સંસ્થા સંકલ્પબદ્ધ છે.

હાલે સંસ્થાના સૂત્રધારો વાડીલાલ દોશી - પ્રમુખ, પારસ શાહ - ઉપ પ્રમુખ, નરેન્દ્ર જે. સુરૂ - માનદ્ મંત્રી, ચંદ્રસેન કોટક - ખજાનચી, જેંતીભાઈ શાહ - પ્રોજેક્ટ ચેરમેન તથા વસંતભાઈ દોશી - સ્થાપક પ્રમુખ તરીકે અને અન્ય ટ્રસ્ટીઓ તરીકે સેવા આપી રહેલ છે.

કોઈ પણ જાતના નાત-જાતનાં ભેદભાવ વગર મદદ કરવા તત્પર રહીને સ્વકેન્દ્રીપણાને ઓગાળવાની અમૂલ્ય તક માંડવી ચેમ્બરે ઝડપીને અનેક સેવાકીય કાર્યો સ્થાને પોતાનું સ્થાન સમાજમાં ઊંચું લઈ ગયા છે. ક્યારેક દાતાશ્રીઓને વિનંતી પણ કરવી પડી છે કે, "આ પ્રોજેક્ટ માટે દાન પૂર્ણ મળી જતાં હવે મોકલવું નહી" — એ આ સંસ્થાની શાખ રહી છે. ઇન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટે પણ છેલ્લાં ત્રણ વર્ષ પહેલા તેમની કાર્યશૈલી અને સમાજસેવી પ્રોજેક્ટો ધ્યાને લઈને ૮૦જી નું સર્ટીફિકેટ આપેલ છે. જે દાતાશ્રીઓને ટેક્ષમાં ૫૦% રાહત આપતું સર્ટીફિકેટ છે.

આમ ચેમ્બરના ભાગે આવેલા "આકાશના ટુકડામાં આત્મવિશ્વાસ પૂર્વક ઉડ્ડયન કરતી આ સંસ્થાને" વધુ સેવાકીય પ્રવૃત્તિઓ માટેની શુભેચ્છા ...



૭૫,૦૦૦ કિલો ઘઉંનું વિતરણ કરતી વખતે દીપ પ્રાગટ્ય કરતા સ્વામિનારાયણના સંતો તથા આગેવાનો.



મસ્કત સલ્તનત ઑફ ઑમાનમાં વસતા માંડવીના વતની કનકસિંહભાઈ શેઠ તથા અનિલભાઈ શેઠનું સન્માન કરતાં માંડવી ચેમ્બરના આગેવાનો



માંડવીની ૨૮ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને રૂા. ૮ લાખના ખર્ચે ૪૪૦૦ સ્કૂલ બેગનું વિતરણ કરતી વખતે.




સીલાઈ મશીન વિતરણના કાર્યક્રમમાં જૈન સમાજના પ્રમુખ ભોગીલાલભાઈ મહેતા તથા મંજુલાબેન વોરા તથા ચેમ્બરના પદાધિકારીઓ

*જે મહેનત નથી કરતો તેના પર ભગવાન મહેરબાન નથી બનતા.*



રાશન કીટ વિતરણ કરતી વખતે દીપ પ્રાગટ્ય કરતા શેમારૂ વીડિયો વાળા શ્રી બુધ્ધિચંદભાઈ મારૂ



ત્યક્તા, વિધવા, છુટાછેડાવાળી ૯૦ મહિલાઓને સીલાઈ મશીનનું વિતરણ વખતે ટેકચંદભાઈ શાહ તથા માંડવી ચેમ્બરના આગેવાનો

**ધી માંડવી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રસ્ટના હોદ્દેદારો તથા ટ્રસ્ટીશ્રીઓ**

| ક્રમ | નામ | હોદ્દો | ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|---|---|---|
| ૧ | વાડીલાલ ભીમજીભાઈ દોશી | પ્રમુખ | ૧૨ | મહેન્દ્રભાઈ આર. કંદોઈ | ટ્રસ્ટી |
| ૨ | પારસભાઈ વી. શાહ | ઉપપ્રમુખ | ૧૩ | ગુણવંતભાઈ પી. શાહ | ટ્રસ્ટી |
| ૩ | નરેન્દ્રભાઈ જે. સુરૂ | માનદ્ મંત્રી | ૧૪ | ડાહ્યાભાઈ જી. ભીમાણી | ટ્રસ્ટી |
| ૪ | ચંદ્રસેન એમ. કોટક | ખજાનચી | ૧૫ | નવીનભાઈ એચ. બોરિયા | ટ્રસ્ટી |
| ૫ | વસંતભાઈ સી. દોશી | સ્થા. પ્રમુખ | ૧૬ | દિનેશભાઈ કે. કોટક | ટ્રસ્ટી |
| ૬ | જેન્તીભાઈ ડી. શાહ | પ્રો. ચેરમેન | ૧૭ | મહેશભાઈ કે. શાહ | ટ્રસ્ટી |
| ૭ | અરવિંદ કે. ગાલા | ગ્રુપનેતા | ૧૮ | કૈલેશભાઈ વી. દોશી | ટ્રસ્ટી |
| ૮ | દિનેશભાઈ એન. શાહ | ટ્રસ્ટી | ૧૯ | શાંતિલાલ એમ. શાહ | ટ્રસ્ટી |
| ૯ | ચંદ્રકાંતભાઈ પી. મહેતા | ટ્રસ્ટી | ૨૦ | શીરાજભાઈ આઈ. વોહરા | ટ્રસ્ટી |
| ૧૦ | નાનાલાલભાઈ એમ. દોશી | ટ્રસ્ટી | ૨૧ | નવીનભાઈ કે. જોષી | ટ્રસ્ટી |
| ૧૧ | નરેનભાઈ આર. સોની | ટ્રસ્ટી | ૨૨ | દીપકભાઈ બી. મહેતા | ટ્રસ્ટી |

## આપણે કોણ છીએ?

થોડા દિવસ પહેલાં ટી.વી. ઉપર હરિપ્રસાદ ચૌરસિયાનું બાંસૂરી વાદન જોયું - સાંભળ્યું. અદ્‌ભુત કહી શકાય એવું. સાંભળતા સાંભળતા સમાધિ લાગી જાય એવું એ વાદન હતું. બાંસૂરીવાદન સમાપ્ત થતા ત્યાં ઉપસ્થિત જનમેદનીએ મિનિટો લગી તાળીઓના ગડગડાટથી હરિપ્રસાદજીનું અભિવાદન કર્યું.

બાજુમાં પડેલી બાંસૂરી વિચાર કરે છે કે જે મધુર સ્વરો લોકોએ સાંભળ્યા એ તો અમારા હતા. સરગમ છેડી તો તે અમે છેડી હતી. લોકો ડોલ્યા તો અમારા ધ્વનિ થકી ડોલ્યા. તો પછી સર્વે અભિનંદન અને વાહ વાહ માત્ર હરિપ્રસાદજીની એકલાની કેમ?

ઝાકીરહુસેન જ્યારે તબલાવાદન કરે છે ત્યારે હજારો લોકો તે સાંભળીને ઝૂમી ઊઠે છે. તબલાવાદન પૂરું થયા પછી તાળીઓના ગડગડાટ જલદી શમતા નથી. ઉસ્તાદની વાહ વાહ થાય છે. તબલાં વિચાર કરે છે કે જેના થકી લોકો ઝૂમી ઊઠ્યાં એ અવાજ તો અમારો હતો. ના... ધીન ધીન ના... એમ અમે બોલેલા. છતાં તમામ યશ અને વાહ વાહ માત્ર ઝાકીરહુસેનના એકલાના શા માટે?

અમે ન હોત તો હરિપ્રસાદ અને ઝાકીરહુસેન કોને વગાડત?

જંગલમાં બોરડીના ઝાડ પર સરસ બોર હતા. થોડા બોર શબરીના હાથે ચડ્યા અને રામના મુખ સુધી પહોંચ્યા.

આપણે કોણ છીએ? વાંસળી છીએ કે હરિપ્રસાદ છીએ? તબલા છીએ કે ઝાકીરહુસેન છીએ? આપણે રામ છીએ કે માત્ર બોર છીએ?

પ્રશ્નનો ઉત્તર કોણ આપશે? શંકાનું સમાધાન કોણ કરશે?

***– શાંતિલાલ સંઘવી***

*જે વ્યક્તિ જોખી તોળીને બોલે છે, તેણે કદી કઠોર વાત સાંભળવી પડતી નથી.*

# કચ્છ યુવક સંઘ

● મનોજ સુંદરજી ગાલા ●
માનદ્ મંત્રી, કચ્છ યુવક સંઘ - મુંબઈ

**કચ્છ યુવક સંઘ**
૧૦૫, ન્યુ કૃષ્ના નિવાસ, રોશન નગર,
ચંદાવરકર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.

**ફોન નંબર**

| | | |
|---|---|---|
| જયંતી શેઠિયા - પ્રમુખ | : | ૯૮૬૯૯ ૧૧૮૦૧ |
| મનોજ ગાલા - મહામંત્રી | : | ૯૬૧૯૧ ૯૧૪૪૦ |
| હેમંત કારાણી - મેને.ટ્રસ્ટી | : | ૯૮૧૯૦ ૬૩૫૧૫ |

● **સંસ્થાની રૂપરેખા :**

કચ્છ યુવક સંઘ, એ ૧૯૮૬માં કચ્છના વિકાસ માટે સ્થપાયેલ અગ્રણી સંસ્થાઓમાંની એક છે. કચ્છની કોઈ પણ નાત-જાતનાં ભેદભાવ વગર તેમ જ ઉંમર કે જાતિનાં બાધ વગર સૌને સમાન ધોરણે સાથે લઈને ચાલતી એકમાત્ર સંસ્થા તરીકે કચ્છ યુવક સંઘ નોખું તરી આવે છે. સંસ્થાનો દરેક કાર્યકર્તા સામાજિક ઉત્તરદાયિત્વ, જવાબદારી અને રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલો છે.

● **સંસ્થાનો ઉદ્ભવ અને સંજોગો :**

ઈ.સ. ૧૯૮૬માં કચ્છની વિવિધ કોમની સરખી વિચારસરણી ધરાવતી કેટલીક વ્યક્તિઓ ભેગી થઈ અને કચ્છના વિકાસ માટે અને કચ્છની પ્રજા માટે કોઈ પણ જાતના ભેદભાવ વગર રચનાત્મક કાર્યો કરવાનું નક્કી કર્યું.

આ સ્થાપક સભ્યોએ અન્ય વ્યક્તિઓ, ગ્રુપો અને સંસ્થાઓ સાથે સંખ્યાબંધ મીટિંગ્સ કરી, ચર્ચા વિચારણા કરી આખરે 'કચ્છ યુવક સંઘ - મુંબઈ''ની સ્થાપના કરી. કચ્છ યુવક સંઘની એક સંસ્થા તરીકે તા. ૧૬-૧૧-૧૯૮૭ ના રોજ બોમ્બે ૫૩૨/૮૭ જી.બી.બી.એસ.ડી. અને ૦૮/૦૭/૧૯૮૮ રોજ પબ્લિક ટ્રસ્ટ તરીકે ટ્રસ્ટ રજિસ્ટર નં. એફ/૧૨૫૩૪ હેઠળ નોંધણી કરવામાં આવી.

● **સંસ્થાની પ્રગતિની વિગત :**

૧૯૮૬ થી ૨૦૧૨ ... છવ્વીસ વર્ષ પૂર્ણ કરી સત્યાવીસમાં વરસમાં સંસ્થાએ પ્રવેશ કર્યો છે.

સંસ્થાની સ્થાપનાથી લઈને આજ સુધી થયેલ વિવિધ કાર્યો અને સંસ્થાની પ્રગતિની વિગત :

(૧) કચ્છમાં દાણચોરી અને ઘૂસણખોરી સામે 'જન જાગૃતિ અભિયાન' દ્વારા કાર્યની શરૂઆત કરી.

(૨) કચ્છમાં પડેલ કારમા દુષ્કાળને કારણે કચ્છનું પશુધન બચાવવા અને સ્થાનિક પ્રજાને રાહત આપવા મુંબઈમાં ફાળો એકઠો કરી હમ વતનીઓને મદદ મોકલી તથા દુષ્કાળ સમયે સર્વ સેવાસંઘ - ભુજને ઢોરવાડા માટે સહયોગ આપ્યો.

(૩) સન ૧૯૮૮માં કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે પદાર્પણ કરી, ભુજમાં 'કચ્છ કલ્યાણ સંઘ' સાથે શિશુ મંદિર પ્રારંભ કરી હાઈસ્કૂલ સુધીની શાળાની શરૂઆત કરી.

(૪) સન ૧૯૮૮માં કચ્છ માટેની ટ્રેનનાં સમયમાં ફેરફાર બદલ 'રેલ રોકો આંદોલન' કરવામાં આવ્યા. જેમાં સંસ્થાના કાર્યકર્તાઓએ લાઠીઓ ખાધી અને ધરપકડ વહોરી. આ આંદોલનમાં હજારો કચ્છીઓ જોડાયા.

(૫) કચ્છ માટે બીજી ટ્રેન મેળવવા આઝાદ મેદાન ઉપર ધરણા કરી દેખાવો કર્યા. જેનાથી 'સયાજી નગરી' ટ્રેનને કચ્છ સુધી લંબાવવામાં આવી.

(૬) નર્મદાનાં નીર કચ્છને મળે તે માટે નર્મદા સમર્થન રેલી દ્વારા નર્મદા માટે કચ્છના હક્કની બુલંદ રજૂઆત માટે સરદાર સરોવરથી નારાયણ સરોવર સુધી ૧૧૦૦ કિ.મી. લાંબી 'સાઈકલ કૂચ'નું આયોજન કર્યું તથા મુંબઈમાં યોજાયેલી જબરદસ્ત 'નર્મદા રેલી'માં ફાળો આપ્યો.

(૭) કંડલા પર ત્રાટકેલા વાવાઝોડાનાં સમાચાર મળતાં જ કચ્છ યુવક સંઘના કાર્યકરો ઘડીનો પણ વિલંબ કર્યા વગર કંડલા પહોંચી ગયા અને રાહત કાર્યોમાં જોડાઈ ગયા.

વાવાઝોડા બાદની પરિસ્થિતિને પહોંચી વળવા કચ્છની બધી સંસ્થાઓને એક મંચ પર લાવવામાં કચ્છ યુવક સંઘ કારણભૂત બન્યો અને 'અખિલ કચ્છ સંકટ રાહત સમિતિ'ની સ્થાપના થઈ જે બાદમાં 'કચ્છ નવનિર્માણ અભિયાન' તરીકે કચ્છમાં લોકપ્રિય થઈ.

સંકટગ્રસ્ત વિસ્તારની પ્રજાને અનાજ, કપડાં અને દવા તેમજ અન્ય રાહત સામગ્રીનું વિતરણ કર્યું. રૂ. ૧૧,૩૦,૦૦૦ એકઠા કરી ૪૩૫ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય કરી. ભચાઉ તાલુકામાં ૧૪ ગામડામાં ૧૬૫ ઘરોનું નિર્માણ કરી પુનર્વસનનું કાર્ય સંપન્ન કર્યું.

(૮) પાણીની અછત ધરાવતો તથા દુષ્કાળની છાયા ધરાવતો કચ્છ પ્રદેશ ફરીથી નંદનવન બને તે માટે કચ્છમાં વધુને વધુ વૃક્ષોનું વાવેતર થાય તે માટે કૃતનિશ્ચયી સંસ્થાએ અભિયાન ચલાવી આ કાર્ય માટે ભુજની ભાગોળે આવેલા પાલાર મહાદેવનાં રમણીય સ્થળે, ભુજ શહેરનાં મુખ્ય માર્ગો પર તથા બોર્ડર વિસ્તારમાં મોટાપાયે ઘનિષ્ઠ 'વૃક્ષારોપણ' કર્યું અને પર્યાવરણીય જાગૃતતા દાખવી.

(૯) જળ સંપત્તિના યોગ્ય જતન માટે કચ્છનાં ૪૯ ગામડાંઓના ૨૦૦ કૂવાઓનું સફળતાપૂર્વક રીચાર્જિંગ કર્યું.

(૧૦) કુદરતની કોઈ પણ આપત્તિ સામે કચ્છ યુવક સંઘના

*જે માણસ 'હું' અને 'મારું' થી બચી જાય છે, તેના માટે પૃથ્વી સ્વર્ગ સમાન બની જાય છે.*

કાર્યકતાઓની એક ખાસિયત રહી છે કે પોતાના સઘળા કામ પડતા મૂકીને પણ માદરે વતન પહોંચી જવાનું – ભલે એ દુષ્કાળ હોય, વાવાઝોડું હોય કે ધરતીકંપ હોય.

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ મહાવિનાશક ભૂકંપ આવ્યો. તેના બાદ ફક્ત બે કલાકના ટૂંકા ગાળામાં મુંબઈમાં કચ્છ યુવક સંઘે કચ્છનાં અગ્રણીઓની એક આપાતકાલિન બેઠક બોલાવી, સમગ્ર પરિસ્થિતિનો ચિતાર આપ્યો અને બીજે જ દિવસે ખાસ વિમાનમાં કચ્છ યુવક સંઘના કાર્યકર્તાઓ કચ્છમાં જવા નીકળી પડ્યા અને તબક્કાવાર કાર્યક્રમનો અમલ કર્યો.

શરૂઆતમાં સંસ્થા દ્વારા રહેણાંકનો પ્રશ્ન હલ કરવા કામચલાઉ ધોરણે ભચાઉ તાલુકાનાં ગોડપર, લાખાસરી, વાંઢિયા, રાજણસર, કુંભારિયા જેવા ગામોમાં ૧૭૫૦ જેટલાં ભૂંગાઓ બાંધી આપવામાં આવ્યાં.

આ કામગીરીને આગળ ધપાવતાં યુ.એન.ડી.પી. ફંડ, એચ.ડી.એફ.સી. ફંડ, અભિયાનનાં ફંડ તથા દૈનિકપત્રો મુંબઈ સમાચાર, જન્મભૂમિ પ્રવાસી તેમ જ મિડ-ડેના માધ્યમથી બોચા (મુંદ્રા), વિછીયા (ભુજ), રતનાલ (અંજાર), વાંઢિયા (ભચાઉ), રાજણસર (ભચાઉ), લાખાસરી (ભચાઉ), ગોડપર (ભચાઉ), મોડપર (ભચાઉ), લખધીરગઢ (ભચાઉ), કુંભારિયા (રાપર), બાડી પાલનપુર, મેડીસર, નીરોણા (નખત્રાણા) ગામે ૭૨૩ જેટલા પાકા ભૂકંપ પ્રતિરોધક આવાસો બાંધી આપવામાં આવ્યા.

ભુજ શહેરના ભૂકંપગ્રસ્ત ભાડુઆતો માટે ૮૫ જેટલા નવા આવાસો બાંધી આપવામાં આવ્યા. જેને 'માધવ નગર' એવું નામ પણ આપવામાં આવ્યું.

(૧૧) 'હેપીટાઈટીસ મુક્ત કચ્છ અભિયાન' અંતર્ગત લગભગ ૧,૨૫,૦૦૦ રસીકરણ કર્યા.

(૧૨) કચ્છને સ્પર્શતી સમસ્યાઓનાં ઉકેલ માટે કચ્છના જનપ્રતિનિધિઓ સાથે સમય-સમય પર સંવાદ-પરિસંવાદોનું આયોજન કર્યું.

(૧૩) કચ્છની સિકલ બદલવા માટે શિક્ષણ પર ધ્યાન આપવું જરૂરી છે એવું જણાતાં, શિક્ષણની સાથોસાથ સંસ્કારની ભાવના આધારિત સંસ્કાર કેન્દ્રો તથા શિશુમંદિર શરૂ કરવામાં આવ્યા.

શિક્ષણની જ્યોતને વધુ જલતી રાખવાના પ્રયાસરૂપે સને ૧૯૯૮માં ભુજ મધ્યે માતુશ્રી ઉંમરબાઈ લાલજી એન્કરવાલા વિદ્યામંદિરનો પ્રારંભ કરવામાં આવ્યો.

સને ૨૦૦૨ના વર્ષ દરમ્યાન માંડવી તાલુકાના બિદડા ગામે શ્રીમતી કેસરબેન કાનજી શામજી વિદ્યાસંકુલની શરૂઆત કરવામાં આવી.

સને ૨૦૦૪માં બિદડા (માંડવી) ગામની શ્રી બી.બી.એમ. હાઈસ્કૂલ સરકારશ્રી દ્વારા સંસ્થાના સંચાલન તળે સોંપવામાં આવી.

આ વિવિધ શાળાઓનાં માધ્યમથી લગભગ ૨૦૦૦ વિદ્યાર્થીઓને મૂલ્ય આધારિત સંસ્કારલક્ષી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

(૧૪) ૨૦૦૫ના જાન્યુઆરી મહિનામાં 'કચ્છ વ્યાપાર મેળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું અને એમના ઉદ્‌ઘાટન સમારોહ ભાષણમાં એમણે કચ્છ યુવક સંઘની પીઠ થાબડી શુભકામનાઓ આપી, ''કચ્છ યુવક સંઘના કાર્યકર્તાઓને નમન કરવાનું મન થાય છે'' એવા શબ્દો એમણે ઉચ્ચાર્યા હતા.

(૧૫) લોકોમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ કેળવાય અને મુંબઈની હૉસ્પિટલોમાં સતત રહેતી રક્તની અછત પૂરી કરવાના ઉમદા હેતુથી દર ત્રણ મહિને સંસ્થા દ્વારા રક્તદાન શિબિરોનું આયોજન નિયમિત રૂપે કરવામાં આવે છે.

વર્ષ ૨૦૦૯થી ''એન્કરવાલા રક્તદાન અભિયાન'' અંતર્ગત રક્તદાન શિબિરનું એક જ દિવસે વિવિધ સ્થળે આયોજન કરી, અભિયાન તરીકે રક્તદાનની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી.

૧૨ મેગા રક્તદાન શિબિર તથા સંસ્થાની શાખાઓમાં થતા રક્તદાન શિબિરો દ્વારા અત્યાર સુધી સંસ્થા દ્વારા કુલ ૫૭,૦૦૦ યુનીટ રક્ત ભેગું કરવામાં આવ્યું છે.

(૧૬) કચ્છી ભાષા અને કચ્છીયતને જીવંત રાખવા અને ખાસ કરીને યુવાનોમાં કચ્છી સંસ્કારોનું સિંચન થાય એ માટે છેલ્લા વીસ વર્ષોથી દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે નવાં કચ્છી સામાજિક નાટકોનું નિર્માણ કરવામાં આવે છે.

છેલ્લા બે વર્ષોથી મુંબઈના વિવિધ સ્થળો ઉપરાંત સોલાપુર, કોલ્હાપુર, સાંગલી, હુબલી, ગદગ, હૈદ્રાબાદ, ચેન્નાઈ, મદુરાઈ, બેંગ્લોર, કોચીન, અમદાવાદ, વડોદરા તથા કચ્છનાં વિવિધ ગામોમાં પણ આ નાટક રજૂઆત પામે છે.

(૧૭) કચ્છ-ભુજ વચ્ચે અત્યંત જરૂરી એવી ત્રીજી સુપરફાસ્ટ ટ્રેન મળે તે માટે પત્રવ્યવહાર, વાતચીત, ગાંધીગીરી, આર.ટી.આઈ.નો ઉપયોગ કર્યા બાદ પણ ન્યાય ન મળતા તા. ૪ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ આઝાદ મેદાન ખાતે કચ્છી એકતાની શક્તિનું વિરાટ પ્રદર્શન કરતાં ઐતિહાસિક ધરણા આંદોલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કચ્છની સમસ્ત જ્ઞાતિઓનાં ૧૦,૦૦૦ થી વધુ લોકોએ ઉપસ્થિત રહી કચ્છીઓનો અવાજ બુલંદ કર્યો. તમામ પ્રયત્નોની ફળશ્રુતિરૂપે કચ્છ માટે નવી ત્રીજી ટ્રેનની શરૂઆત કરવામાં આવી.

(૧૮) ત્યારબાદ કચ્છી સપૂત મા. શ્રી દિનેશભાઈ ત્રિવેદીજી રેલમંત્રી બનતા તેમની સાથે સતત સંપર્કમાં રહી કચ્છ માટે સળંગ સુપરફાસ્ટ ટ્રેન મળે તે માટેનાં પ્રયત્નો કરવામાં આવ્યા અને પરિણામે આ વર્ષનાં રેલ બજેટમાં કચ્છ માટે નવી 'સુપરફાસ્ટ એ.સી. ટ્રેન' ની જાહેરાત કરવામાં આવી.

(૧૯) ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માની અસ્થિઓ જીનીવાથી ભારત લાવવા માટે પણ સંસ્થાએ અભિયાન ચલાવ્યું અને તેમની જન્મ જયંતીની નિયમિત ઉજવણી કરી કચ્છી સપૂતની સ્મૃતિ સમાજને દર વર્ષે કરાવવામાં આવે છે.

(૨૦) કચ્છ યુવક સંઘનું મુખ્ય કાર્ય સમાજના કાર્ય માટે કાર્યકર્તાઓનું

*મૂડીવાદ કોઈ ખરાબ કે અનૈતિક વસ્તુ નથી. આપણી સમસ્યા એ છે કે આપણે ત્યાં મૂલ્યવિહીન મૂડીવાદ છે.*

નિર્માણ કરવાનું છે. કચ્છ યુવક સંઘમાંથી તૈયાર થઈ અનેક કાર્યકર્તાઓ સમાજની જુદી જુદી સંસ્થાઓને નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે.

- **દર વર્ષે થતા કાર્યક્રમો તથા અન્ય કાર્યક્રમોની વિગતઃ**

કચ્છ યુવક સંઘ સ્થાનિક ધોરણે વધુ જોમ અને જુસ્સાથી સારી રીતે કામ કરી શકે તથા સ્થાનિક પ્રજાનો વધુને વધુ સહકાર મેળવી શકે એ માટે નીચે મુજબની શાખાઓ કાર્યાન્વિત છે.

(૧) પાલઘર, (૨) નાલાસોપારા - વસઈ - વિરાર, (૩) મીરારોડ - ભાયંદર, (૪) બોરીવલી - દહીંસર, (૫) મલાડ - કાંદિવલી, (૬) માહિમ - માટુંગા - દાદર, (૭) થાણા, (૮) મુલુંડ, (૯) ઘાટકોપર, (૧૦) ડોંબીવલી, (૧૧) વાશી, (૧૨) ભુજ-કચ્છ.

આ વિવિધ શાખાઓમાં વર્ષ દરમ્યાન વિવિધ શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને વૈદ્યકીય પ્રવૃતિઓ નિયમિતરૂપે થાય છે જે નીચે મુજબ છે.

(૧) ધોરણ ૧૦ તથા ૧૨ નાં વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપનો 'વૉકેશનલ ગાઈડન્સ સેમિનાર'.

(૨) કચ્છી સપૂત ક્રાંતિવીર પં. શ્યામજી કૃષ્ણવર્માની જન્મ જયંતીની દર વર્ષે મર્મસભર ઉજવણી.

(૩) 'ભારત માતા પૂજન' અને 'ધ્વજ વંદન'નાં કાર્યક્રમોનું આયોજન.

(૪) વિદ્યાર્થીઓ માટે અતિ ઉપયોગી એવા રીડિંગ રૂમ, કોમ્પ્યુટર લેબ અને લાઈબ્રેરીની વ્યવસ્થા.

(૫) રમતગમત પ્રત્યે રૂચિ કેળવવા નિયમિતરૂપે 'આઉટડોર રમતોત્સવ'નું આયોજન

(૬) યુવાનોમાં સાહસિકતા અને નિસર્ગ પ્રેમ નિર્માણ કરતા સતત ટ્રેકિંગનાં કાર્યક્રમો.

(૭) કચ્છને જોવા, જાણવા, સમજવા માટે દર વર્ષે 'કચ્છ દર્શન પ્રવાસ'નું આયોજન.

(૮) સમાજના નબળા વર્ગો માટે નોટબુક, અનાજ, મીઠાઈ અને અન્ય સહાય જેવી માનવતાવાદી વિતરણ પ્રવૃત્તિઓ.

(૯) મેડિકલ કેમ્પો અને આરોગ્ય વિષયક જાગૃતિ કેળવવાનાં કાર્યક્રમો.

(૧૦) વિવિધ મેડિકલ સાધનો વાપરવા માટે રાહતદરે ઉપલબ્ધ કરાવવા.

(૧૧) પારંપારિક અને ભાતીગળ રાસ-ગરબા મહોત્સવનું આયોજન

(૧૨) વૈચારિક ઉત્થાન માટે જરૂરી એવી 'વ્યાખ્યાન માળા'ઓનું આયોજન.

(૧૩) માતાનો મઢ જતા સાઈકલવીરોનું સન્માન

(૧૪) 'સાઈબર ક્રાઈમ' વિષે માહિતી આપતા ખાસ સેમિનારનું આયોજન.

(૧૫) કચ્છનાં યુવાનોમાં સાહસિકવૃત્તિ નિર્માણ કરવા માટે ધીણોધર આરોહણ સ્પર્ધા.

(૧૬) મહિલાઓને ઉપયોગી એવા વિવિધ પ્રવૃત્તિઓનાં વર્કશોપનું આયોજન.

(૧૭) બાળકો માટેના વર્કશોપ અને શૈક્ષણિક પ્રવાસોનું આયોજન.

(૧૮) દર ત્રણ મહિને વિવિધ શાખાઓ અને સેન્ટરો પર એક સાથે આયોજિત 'રક્તદાન અભિયાન'.

(૧૯) મુંબઈનાં વિવિધ સ્થળે અષાઢી બીજ નિમિત્તે નવાં કચ્છી નાટકની રજૂઆત.

(૨૦) આપણાં લોક સાહિત્ય - લોકબોલીનાં પ્રચાર માટે 'ભવ્ય સંતવાણી અને ડાયરા'ઓનું ખાસ આયોજન.

(૨૧) દેશભક્તિનાં વિવિધ કાર્યક્રમો જેવાં કે 'ભારત માતા કી આરતી', 'જાગો હિંદુસ્તાની', 'દેશ મેરા રંગીલા', 'મેરા ભારત મહાન' વગેરેનું આયોજન.

(૨૨) 'આતંકવાદ વિરોધી રેલી', 'ભ્રષ્ટાચાર વિરોધી રેલી', 'શાંતિ માર્ચ' જેવાં જાગૃતિ આણતાં કાર્યક્રમોનું આયોજન.


### વર્તમાન ટ્રસ્ટી ગણ તથા કારોબારી સમિતિ

**ટ્રસ્ટી ગણ**

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| મેને. ટ્રસ્ટી | શ્રી હેમંત રવજી કારાણી | હાલાપર |
| ટ્રસ્ટી | શ્રી દિપક દેવજી પટેલ | ગઢશીશા |
| ટ્રસ્ટી | શ્રી કાંતિલાલ વેલજી કારાણી | માપર |
| ટ્રસ્ટી | શ્રી દિલીપ દામજી રાંભિયા | રાયણ |
| ટ્રસ્ટી | શ્રી લક્ષ્મીચંદ મોરારજી ગાલા | ભોજાય |

**અધિકારી ગણ**

| હોદ્દો | નામ | ગામ |
|---|---|---|
| પ્રમુખ | શ્રી જયંતીલાલ વેલજી શેઠિયા | કારાઘોઘા |
| ઉપપ્રમુખ | શ્રી ભરત ગાંગજી ગોગરી | છસરા |
| મહામંત્રી | શ્રી મનોજ સુદરજી ગાલા | ભુજપુર |
| સહમંત્રી | શ્રી રૂષભ શાંતિલાલ મારૂ | હાલાપર |
| સહમંત્રી | શ્રી જીજ્ઞેશ લખમશી દેઢિયા | ગઢશીશા |
| ખજાનચી | શ્રીમતી મનીષા મયૂર સાવલા | બાડા |

**કારોબારી સમિતિ**

| | | |
|---|---|---|
| કા. સભ્ય | શ્રી શંભુભાઈ શામજી ભાનુશાળી | ડોણ |
| કા. સભ્ય | શ્રી લહેરચંદ ચાંપશી મારૂ | નાનાભાડિયા |
| કા. સભ્ય | શ્રી પરેશ ગાંગજી શાહ | મોટા આસંબિયા |
| કા. સભ્ય | શ્રી વિનોદ મગનલાલ છેડા | કુંદરોડી |
| કા. સભ્ય | શ્રી દેવજી શામજી દેઢિયા | મોથારા |
| કા. સભ્ય | શ્રી જયેશ વસંતલાલ ગડા | ગઢશીશા |
| કા. સભ્ય | શ્રી ગીરીશ નાનજી છેડા | ગોધરા |
| કા. સભ્ય | શ્રી પરેન માવજી ગાલા | વડાલા |
| કા. સભ્ય | શ્રીમતી વિમળા વિપુલ નાગડા | સાભરાઈ |

**વિશેષ આમંત્રિત**

| | |
|---|---|
| શ્રી તલકશી વેરશી ફુરિયા | ભચાઉ |
| શ્રી કોમલ રવજી છેડા | બિદડા |
| શ્રી ડૉ. પંકજ શાંતિલાલ શાહ | બિદડા |
| શ્રી લક્ષ્મીચંદ પોપટલાલ ચુરલા | આઘોઈ |
| શ્રી મહેન્દ્ર જાદવજી વોરા | બિદડા |
| શ્રી ચંદ્રકાંત મુરજી દેઢિયા | પુનડી |


***ક્રમમાં જીવન હશે તો શાંતિ અને સફળતા મળશે.***

(૨૩) યુવાનો માટે 'ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન.

(૨૪) 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ખાસ ઉજવણી.

(૨૫) ક.વી.ઓ. ખબર પત્રિકાની મેટર સ્વીકારવાનું સેન્ટર, સંજીવની મેડિક્લેઈમ યોજનામાં સહભાગી વ્યક્તિઓનાં પ્રીમિયમ સ્વીકારવાનું સેન્ટર, ક.વી.ઓ. સેવા સમાજ અને નારી ઉત્કર્ષ સમિતિનાં માધ્યમથી ગૃહ ઉદ્યોગોને પ્રોત્સાહન આપતા સેમિનાર અને વર્કશોપનું આયોજન.

(૨૬) નાલાસોપારામાં ગુજરાતી માધ્યમમાં ધો. ૧ થી ૭ ના વિદ્યાર્થીઓ માટે માત્ર રૂ. ૨૫ માં રાહતદરે ટ્યુશન વર્ગ.

(૨૭) કચ્છીયતને, ઉજાગર કરતાં 'ખલ મસ્તી, ધલ મસ્તી' જેવાં રંગારંગ કાર્યક્રમોનું વિવિધ સ્થળે આયોજન.

(૨૮) 'ઓરા', 'પ્રાણીક હિલિંગ', 'એક્યુપ્રેશર-સુઝોક થેરાપી', 'કલર થેરાપી', જેવાં વૈકલ્પિક ચિકિત્સાઓની માહિતી આપતા સેમિનારોનું આયોજન.

(૨૯) સમાજનાં જરૂરતમંદ ઉદ્યોજકોને પ્રોત્સાહન આપતાં ખાસ બે દિવસીય 'ટ્રેડ ફેર' નું આયોજન.

(૩૦) જરૂરતમંદોને રાહતદરે 'કમ્પ્યુટર પ્રશિક્ષણ' પૂરું પાડવું.

(૩૧) આદિવાસી ગામડાંઓમાં વિવિધ રોગોની ચકાસણી તથા નિવારણની શિબિરોનું આયોજન.

(૩૨) પક્ષીઓની તરસ છિપાવવા કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ.

(૩૩) રંગોત્સવ 'ધુળેટી'ની સામૂહિક રીતે મર્મસભર ઉજવણી.

- **ભવિષ્યની યોજનાઓ :**

(૧) કચ્છમાં પ્રાથમિક શિક્ષણ સુધાર તથા અપગ્રેડેશન માટે મોટાપાયે કામ કરવાનું વિચાર્યું છે.

(૨) બીદડામાં મહા વિદ્યાલયનું નિર્માણ કરવાનું અમારું લક્ષ્ય છે.

(૩) કચ્છમાં વૃક્ષારોપણ અને પર્યાવરણ સુધાર પર ધ્યાન આપવાની યોજના છે.

(૪) વધુમાં વધુ ચેક ડેમ બનાવી જાગૃતિ કેળવવાનું કાર્ય કરવાનું છે.

- **સંસ્થાના શૈક્ષણિક સંકુલોની વિગત :**

(૧) માતુશ્રી ઉમરબાઈ લાલજી એન્કરવાલા વિદ્યામંદિર - ભુજ

(૨) માતુશ્રી કેસરબેન કાનજી વિદ્યાસંકુલ અંતર્ગત આવેલ માતુશ્રી નિર્મળાબેન રવજી પાંચારિયા છેડા પ્રાથમિક શાળા - બિદડા

(૩) શ્રી. બી.બી.એમ. હાઈસ્કૂલ - બિદડા (સરકારશ્રી દ્વારા સંસ્થાના સંચાલન તળે સોંપવામાં આવી છે.)

(૪) માતુશ્રી કંચનબેન પ્રેમચંદ માણેકચંદ મહેતા 'પ્રેમસ્મૃતિ' શિશુમંદિર - બિદડા.

(૫) માતુશ્રી માયાબેન કાંતિલાલ નરશી દેઢિયા શિશુમંદિર - મોટી ખાખર

સંસ્થા દ્વારા આ વિદ્યામંદિરોમાં ગુણવત્તાયુક્ત પાયાની જરૂરિયાતો જેવી કે સ્વચ્છ અને હવા-ઉજાસવાળા વર્ગખંડો, રમત-ગમત મેદાન, કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, એક્ટીવીટી રૂમ, શિક્ષક ખંડ, મુખ્ય ઑફિસ, ગુણવત્તાસભર શિક્ષકો વગેરેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. અભ્યાસની સાથે-સાથે બાળકોનાં સર્વાંગી વિકાસ માટે યોગ, આસન, સંગીત, પર્યાવરણ, કોમ્પ્યુટર જેવાં વિષયો શીખવવાની પણ જરૂરી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

- **સંસ્થાની શાળાઓની વિવિધ સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓઃ**

(૧) કચ્છ યુવક સંઘે બી.બી.એમ. શાળાનું સંચાલન હાથમાં લીધું ત્યારે શાળાનું પરિણામ ૨૦% હતું. જે ઉત્તરોત્તર વધીને ૨૦૧૧ની સાલમાં દસમાં ધોરણનું પરિણામ ૭૮.૪૬% તથા બારમા ધોરણનું પરિણામ ૯૭.૧૮% આવ્યું.

(૨) વિદ્યાભારતી આયોજિત વિજ્ઞાન મેળામાં માતુશ્રી નિર્મળાબેન રવજી પાંચારિયા છેડા પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ બનાવેલ ચુંબકીય તરંગોથી ચાલતી 'મેગ્લેવ ટ્રેન' ના પ્રોજેક્ટને રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય પુરસ્કાર મળેલ છે.

(૩) દર વર્ષે વાંચનની પ્રવૃત્તિનાં વિકાસ સાધવા હેતુ 'પુસ્તક મેળા' નું આયોજન થાય છે, જેની લોકચાહના સર્વત્ર પ્રસરી છે.

(૪) પોતાના પૈસાથી પુસ્તક ખરીદી ફક્ત પોતે જ વાંચે એમ નહી પણ અન્યોને પણ વાંચવા આપવું એ હેતુથી 'તરતું પુસ્તક' કાર્યક્રમ હેઠળ કુલ ૪૫૦ પુસ્તકો તરતાં મૂકાયાં.

(૫) બી.બી.એમ. શાળા-બિદડા ખાતે, જિલ્લા સ્તરના ભવ્ય 'વિજ્ઞાન મેળા'નું આયોજન થયું. કચ્છભરની ૩૨૯ શાળાઓના ૧૧,૭૪૮ વિદ્યાર્થીઓ સહિત તેમના વાલીઓ, બિદડાના સ્થાનીક ગામવાસીઓ અને અન્ય આમંત્રિતો મળી કુલ ૨૫,૦૦૦થી વધુ લોકોએ આ વિજ્ઞાન મેળાની મુલાકાત લીધી. જે એક સિદ્ધી છે.

(૬) ઉંઝા મુકામે યોજાયેલ રાજ્યકક્ષાના ખેલકૂદ મહોત્સવમાં બિદડાની પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ૩૦૦ મી. દોડ, ૪૦૦ મી. દોડ, ૪૦૦ મી. રીલે દોડ, ૧૫૦૦ મી. દોડ, બરછી ફેંક, ગોળા ફેંક, ઊંચી કૂદ, ત્રિ-કૂદ, ચક્ર ફેંક વગેરેમાં પારિતોષીક મેળવ્યા તથા રાજ્યભરમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર કુ. રીયા ચૌધરીને રાજ્યના 'શ્રેષ્ઠ ખેલાડી'નો ઍવોર્ડ મળ્યો.

(૭) ભુજ શાળાનાં વિદ્યાર્થીઓએ રાજપીપળા ખાતે યોજાયેલ પ્રાથમિક શાળા વિભાગની નાટ્ય હરિફાઈમાં 'બેસ્ટ એક્ટર' તેમજ 'બેસ્ટ ડિરેક્ટર' નો ઍવોર્ડ મેળવ્યા.

(૮) માતાનો મઢ જતા પદયાત્રીઓને પ્લાસ્ટીક ન વાપરવા સમજાવવા એક વિશેષ 'નો પ્લાસ્ટીક ઝુંબેશ' શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ચલાવવામાં આવી.

(૯) 'આઝાદી કે દિવાને' થીમ લઈને કચ્છ કાર્નિવલમાં બી.બી.એમ. શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ લીધો, જેની 'ગુજરાત માસિક' અને 'કચ્છ મિત્ર' દૈનિક પત્રમાં ખાસ નોંધ લેવામાં આવી.

(૧૦) આ ઉપરાંત દર વર્ષે શાળામાં વિવિધ તહેવારોની પારંપારિક ઉજવણી, દેશ નેતાઓની જન્મજયંતી અને પુણ્યતિથીની મર્મસભર ઉજવણી, વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાતો દ્વારા ઉપયોગી સેમિનાર અને વર્કશોપ, ક્રિકેટ અને ફુટબોલ કોચીંગ કેમ્પ વગેરેનું પણ આયોજન થાય છે. ■

*મોટા લક્ષ્ય ખાતર અંગત સ્વાર્થ છોડી દેવો જોઈએ.*

# શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ

● બચુભાઈ રાંભિયા ●
અધ્યક્ષશ્રી - શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ

**શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ**
શાહ કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ
ગામ : બિદડા, તા. માંડવી, કચ્છ-૩૭૦ ૪૩૫.
ફોન : (૦૨૮૩૪) ૨૪૪૧૪૩, ૨૪૪૪૪૪, ૨૪૪૪૬૬
ફેક્સ : (૦૨૮૩૪) ૨૪૪૪૬૬

**૧૨ જૂન, ૧૯૭૨ –** બિદડા ગામની તવારીખમાં સુવર્ણ અક્ષરે લખાશે. આ દિવસે બિદડા ગામનાં સંનિષ્ઠ કાર્યકરો સ્વ. શ્રી કલ્યાણજી માવજી પટેલ, શ્રી ભવાનજી નાથાભાઈ દેઢિયા, શ્રી ખીમજીભાઈ હીરજી દેઢિયા, સ્વ. શ્રી બાબુભાઈ ઉર્ફે નેણશી માણેક ફુરિયા, સ્વ. શ્રી હીરજીભાઈ ટોકરશી છેડા, સ્વ. શ્રી વલ્લભજી ભીમશી છેડા, સ્વ. શ્રી નાનજીભાઈ મેઘજી શાહ ભેગા થયા અને મેડિકલ પ્રવૃત્તિ શરૂ કરવાનો નિર્ણય લીધો. અને આ રીતે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટની સ્થાપના કરી.

**૫ જાન્યુઆરી, ૧૯૭૫**

બિદડા ગામમાં અનેરો ઉત્સવ હતો. બિદડામાં પ્રથમ વખત માનવ કલ્યાણનો યજ્ઞ શરૂ થવાનો હતો. શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ તરફથી નેત્ર-દંતયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મોતિયો, ઝામર ઈત્યાદી આંખનાં રોગના દર્દીઓને ઑપરેશન દ્વારા ડો. શિવાનંદ અધ્વર્યુ અને બીજા ડૉક્ટરોએ દૃષ્ટિ આપી. બિદડા ગામની સામાજિક પ્રવૃત્તિઓના અગ્રેસર શ્રી કલ્યાણજી માવજી પટેલે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ અને ગ્રામજનોને આવી ઉમદા માનવતાવાદી પ્રવૃત્તિઓ અસ્ખલિતપણે ચાલુ રાખવાની અરજ કરી.

બિદડા ગામનાં રાહબર શ્રી કલ્યાણજી પટેલની વિનંતીને આદેશ સમજી નેત્ર-દંતયજ્ઞની પ્રવૃત્તિ સતત ચાલુ રહી.

પ્રસિદ્ધ ઉર્દુ શેર છે :

*“હમ તો ચલે થે શુરૂમેં જાનીબ અકેલે;*
*લોગ આતે ગયે, કારવાં બઢતા ગયા”*

સન ૧૯૮૨માં દવાખાનું શરૂ થાય એ ઘણું જરૂરી લાગ્યું અને એના માટે શ્રી જગશીભાઈ માવજીભાઈ લખમશીનાં મકાનની પસંદગી થઈ અને તે માટે સૌએ શ્રી જગશીભાઈ, સ્વ. કલ્યાણજીભાઈ, અને શ્રી ગાંગજીભાઈને મકાન આપવા વિનંતી કરી. અને ત્રણે ભાઈઓએ દવાખાનાનાં ઉપયોગ માટે રૂમો ફાળવી આપ્યા.

કચ્છમાં અંધાપાના વધતા પ્રમાણને ધ્યાનમાં લઈ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટે સને ૧૯૮૪માં આંખની હોસ્પિટલ અને વિવિધ વિભાગો ધરાવતું આરોગ્ય સંકુલ ઊભું કર્યું જેની સાથે શ્રી બિદડા ગામ તથા કચ્છની રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સર્વાંગી સેવાની કદર સ્વરૂપે શ્રી કલ્યાણજી પટેલની પુણ્યસ્મૃતિમાં, પ્રેમ અને આદર સહિત સર્વસંમતિએ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ આ સંકુલને **“શા કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ”** નામ આપ્યું.

પાંજરાપોળથી શરૂ થયેલ નેત્રયજ્ઞ પ્રવૃત્તિએ આજે ૩૯ વર્ષોમાં સંખ્યા અને કદની દૃષ્ટિએ ઘણો વિકાસ સાધ્યો છે. કાયમી વિભાગમાં આંખ ચિકિત્સા વિભાગ - લેસર થેરાપી સહિત દંત વિભાગ - દાંતનાં ચોગઠા બનાવવાની પ્રવૃતિ, સ્ત્રીરોગ વિભાગ, દરેક જાતની સાધન-સામગ્રી સહિત દવાખાનું, પેથોલોજી, એક્સ-રે, સોનોગ્રાફી વિભાગ, અને હોમિયોપેથીક ટ્રીટમેન્ટ વિભાગ છે. અઠવાડિયાના દરેક દિવસે બપોરનાં ૩ થી ૫ દરમ્યાન વિવિધ રોગનાં નિષ્ણાત જેમકે હાડકારોગ, સ્ત્રીરોગ, જનરલ સર્જન, ચામડી રોગ, ફીઝિશિયન અને કાન-નાક-ગળાનાં નિષ્ણાંતો આવે છે. દર મહિને જુદા-જુદા પ્રકારનાં કેમ્પોનું આયોજન થાય છે જેમાં બાળ હાડકારોગ, પેશાબ-કિડનીને લગતા રોગ, એપીલેપ્સી-ફીટવાઈ, પ્લાસ્ટિક સર્જરી, હેન્ડ સર્જરી મુખ્ય છે.

દરેક વર્ષનાં જાન્યુઆરી મહિનામાં યોજાતા જુદા-જુદા રોગોની શિબિરમાં મુંબઈ, ગુજરાત, અમેરિકા, યુ.કે, કેનેડા, ઓસ્ટ્રેલિયાથી ડૉક્ટરો, વોલન્ટિઅરો અને દાતાઓ ૩ થી ૪ અઠવાડિયા માટે બિદડા આવે છે અને માનદ્ સેવા આપે છે. આ કેમ્પ દરમ્યાન ૨૮,૦૦૦ થી ૩૦,૦૦૦ દર્દીઓ કોઈ પણ ચાર્જ વગર નિષ્ણાત સેવાનો લાભ લે છે. છેલ્લા ૩૮ વર્ષોમાં ૪૨ લાખ દર્દીઓની બિદડા હોસ્પિટલમાં સારવાર થઈ છે.

સન ૨૦૦૧માં થયેલ ભયાનક ભૂકંપ પછી એક છત્ર હેઠળ લાંબા સમયગાળાનું પડકારજનક, જવાબદારીવાળું, રીહેબિલિટેશન સેન્ટર ઊભું કરવામાં આવ્યું. આજે **“જયા રીહેબિલિટેશન ઇન્સ્ટિટ્યૂટ અને રીસર્ચ સેન્ટર”** ભારતભરના બધા રીહેબ સેન્ટરોની સરખામણીમાં અગ્રેસર સ્થાન ધરાવે છે. આ આરોગ્ય સેન્ટરમાં ફીઝિયોથેરાપી, ઑક્યુપેશનલ થેરાપી, પ્રોસ્થેસીસ અને ઓર્થોટીસ, ઓડિયો અને સ્પીચ થેરાપી વિભાગનો સમાવેશ છે. “વ્યવસાયિક માર્ગદર્શન”ની કાર્યશાળામાં સલાહ સૂચન અને તાલીમ આપવામાં આવે છે.

જયા રીહેબિલિટેશન અને રીસર્ચ સેન્ટર ચાર એકર જમીનમાં

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧૯ ઉપર)

*જીવનમાં વધુ પડતી લાલચ પણ ચેપી રોગની બીમારી જેવી હોય છે.*


# ભોજાય સર્વોદય ટ્રસ્ટ

• લીલાધર ગડા •
ટ્રસ્ટી - ભોજાય સર્વોદય ટ્રસ્ટ

**ભોજાય સર્વોદય ટ્રસ્ટ**
ગામ : ભોજાય, તા. માંડવી, કચ્છ-૩૭૦ ૪૫૦.
ફોન : (૦૨૮૩૪) ૨૭૮૬૮૭, ૨૭૮૬૦૨
મો. ૯૮૭૯૫ ૦૬૦૫૯

પશ્ચિમ કચ્છનાં અંતરિયાળ વિસ્તાર વિશેષતઃ માંડવી ભુજ સડકની પશ્ચિમ તરફનાં કચ્છનાં માંડવી, અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનાં ૪૦૦ ગામડાંઓને તબીબી સેવાઓ પ્રદાન કરવાનાં હેતુથી ભોજાય સર્વોદય ટ્રસ્ટની ૧૯૯૬માં સ્થાપના કરવામાં આવી હતી. હોસ્પિટલનાં નિર્માણ અગાઉ ભોજાય સર્વોદય ટ્રસ્ટનાં કાર્યકરોએ આ વિસ્તારનો પ્રવાસ કરી જરૂરિયાત અંગેની જાણકારી મેળવી.

પશ્ચિમ કચ્છનાં આ ગામડાંઓમાં ક્વોલિફાઈડ જનરલ પ્રેક્ટિસ કરતાં ડૉક્ટરોની સંખ્યા બહુ ઓછી હતી. સમગ્ર વિસ્તારમાં એક પણ કન્સલ્ટન્ટ ન હતા. માંડવી સિવાય ક્યાંય પણ લૅબોરેટરી અથવા X-Rayની સગવડ ન હતી. ભોજાયમાં નિર્માણ થનાર હોસ્પિટલમાં કયા પ્રકારની સુવિધાઓ હોવી જરૂરી હતી અને કેવા પ્રકારનું માળખું ઊભું કરવું જોઈએ તે માટે ૧૯૯૬-૯૭ દરમ્યાન ત્રણ ડાયગ્નોસ્ટીક કેમ્પ - રોગ નિદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરોનાં તારણો પરથી ભોજાય સર્વોદય ટ્રસ્ટે ત્રિસ્તરીય માળખું ધરાવતી તબીબી સેવાઓ આપી શકે તેવું આયોજન વિચાર્યું અને તે પ્રમાણેનું આયોજન નક્કી કર્યું.




(૧) સરકારશ્રી તરફથી ચાલતા પ્રાથમિક સારવાર કેન્દ્રમાં સુધારાઓ કરી એને અપગ્રેડ કરી હોસ્પિટલનું માળખું ઊભું કરવું. જેમાં દવાખાનું - ઓ.પી.ડી. વિભાગ અને એમાં નિદાન માટે જરૂરી X-Ray, લેબોરેટરી તથા રસીકેન્દ્ર આમેજ હોય.

(૨) વિઝિટિંગ ડૉક્ટર ક્લિનિક શરૂ કરવું જેમાં માંડવી - ભુજથી વિવિધ ક્ષેત્રનાં નિષ્ણાતોને બોલાવી તેમનું માર્ગદર્શન મળે તથા તેઓ નિદાન-ઑપરેશન ભોજાય હોસ્પિટલમાં કરી શકે તે માટે ઑપરેશન થિયેટર, ૧૫ પથારી ધરાવતા વોર્ડ ઊભા કરવા.

(૩) જે જે ફેકલ્ટીમાં દર્દીની સંખ્યા વધારે થાય તે તે ફેક્ટરી માટે મેડિકલ કેમ્પો ગોઠવવા.

આ ત્રિસ્તરીય આયોજન સાથે ડિસેમ્બર ૧૯૯૮માં ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા માતુશ્રી પાનબાઈ કારૂભાઈ પાલણ હોસ્પિટલ શરૂ કરવામાં આવી. પ્રાથમિક તકલીફો અને અડચણોને પાર કરી એક વર્ષમાં એટલે ૧૯૯૯માં મેડિકલ કેંપનું આયોજન કરવામાં આવ્યું. જેનો ૧૬૦૦થી વધારે દર્દીઓએ લાભ લીધો. પશ્ચિમ કચ્છમાં આંખના રોગ તથા પ્રજનન અવયવોનાં રોગ (સ્ત્રી રોગ) નું પ્રમાણ વિશેષ હોવાથી આ બંને ફેક્લ્ટીઓને પ્રાધાન્ય આપવાનો નિર્ણય લેવાયો. આ પ્રવૃત્તિઓ ગતિ પકડે તે અરસામાં કચ્છમાં અણધારી કુદરતી આફત - જાન્યુઆરી ૨૦૦૧નો ધરતીકંપ આવ્યો. બિદડા સર્વોદય ટ્રસ્ટની હારોહાર ભોજાય સર્વોદય ટ્રસ્ટે ધરતીકંપમાં મેડિકલ રીલીફ ક્ષેત્રે નેત્ર દીપક કામગીરી બજાવી અને તેની સાર્થકતા પુરવાર કરી. ધરતીકંપ પછીની મેડિકલ રીલીફ પ્રવૃત્તિઓમાં અંદાજે ચાર હજાર દર્દીઓની સારવાર કરી અને ૩૫૦ ઑપરેશનો કરવામાં આવ્યા. ભોજાય સર્વોદય ટ્રસ્ટે ધરતીકંપ પછી પુનવર્સનનાં ક્ષેત્રે બે મહત્ત્વની કામગીરીઓ કરી. બાંધકામ ક્ષેત્રે કોઈ પણ પ્રકારનો અનુભવ ન હોવા છતાં લોકો સાથે વિચાર વિમર્શ કરી, તેમની પરંપરાગત નિપુણતા પર વિશ્વાસ મુકી લાભાર્થી પોતે પોતાનું ઘર ઊભું કરે અને ભોજાય સર્વોદય ટ્રસ્ટ ૧૮૦ ચો.ફૂટ ઘરનાં નિર્માણ માટે જરૂરી માલસામાન આપે અને તેમને તે પ્રકારની મદદ પૂરી પાડવાનો પ્લાન શરૂ કરવામાં આવ્યો. "માણસને ઊભો કરો, ઘર ઉભા થશે" આ સિદ્ધાંત સાથે શરૂ થયેલા આયોજનને કારણે પશ્ચિમ કચ્છનાં ૭૫ ગામડાંનાં ૩૨૦૦ પરિવારોએ પોતાનાં ઘરોનું નિર્માણ કર્યું. આ સિદ્ધાંતને વિશ્વસ્તરે સ્વીકારવામાં આવ્યો અને તેને Owner Driven Reconstruction - (ODR) Policy તરીકે સ્વીકારવામાં આવી. ભોજાયનાં અનુભવનો લાભ સુનામી પછી ઈંડોનેશિયા, ધરતીકંપ પછી કાશ્મીર અને કોશીનાં પૂર પછી બિહારને મળ્યો.

ધરતીકંપમાં અપંગ થયેલા બાળકોને તાલીમ આપી તેમને હુન્નર શીખડાવવા માટે ભોજાયમાં પુનવર્સન કેંદ્ર શરૂ કરવામાં આવ્યું જેમાં તાલીમ લઈ ૫૦ જણ જુદા જુદા વ્યવસાયોમાં સ્થિર થયા. આ પુનવર્સન કેંદ્રનો ત્યાર પછી અન્ય ઉમદા પ્રવૃત્તિ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા મંદબુદ્ધિનાં બાળકો માટે તાલીમ શાળાઓનાં અભાવમાં આ બાળકો સાવ દિશા શૂન્ય જીવન જીવતા

*હું પ્રથમ રહું તેનું નામ સ્પર્ધા અને મારો હરીફ પાછળ રહી જાય એનું નામ ઈર્ષ્યા. - ભગવદ્ ગીતા*

હોય છે. ભોજાય સર્વોદય ટ્રસ્ટે ૨૦૦૫-૨૦૦૬માં માનસિક ક્ષતિગ્રસ્ત બાળકો માટે નીવાસી તાલીમ શાળા Residential Traiming School શરૂ કરી. આ શાળામાં છેલ્લા સાત વર્ષ દરમ્યાન ૮૦ વિદ્યાર્થીઓ તાલીમ લઈ સ્વગૃહે ગયા છે જ્યારે હાલમાં ૩૫ બાળકો અભ્યાસ કરે છે. માતુશ્રી લક્ષ્મીબેન છગનલાલ દેઢિયા (ગામ ભુજપુર) નાં અનુદાનથી શરૂ થયેલી આ તાલીમ શાળા શ્રેષ્ઠ શાળા (માનસિક શ્રતિગ્રસ્ત બાળકો માટે) તરીકે પ્રસિદ્ધ છે.

કચ્છમાં વ્યાપક આંખના રોગ માટે ૨૦૦૩માં ભોજાય હોસ્પિટલમાં શ્રીમતી જવેરબેન પ્રેમજી ખીમજી ગડા નેત્ર વિભાગ વિઝિટિંગ ડૉક્ટર ક્લિનિકના ધોરણે શરૂ કરવામાં આવ્યો. ૨૦૦૬-૨૦૦૭ માં આ વિભાગ સાથે ડૉ. હસમુખ મુલીયાશિયા જોડાતાં એને કાયમી સ્વરૂપ આપવામાં આવ્યું અને બે વર્ષનાં ટૂંકા ગાળા પછી કચ્છની કોઈપણ હોસ્પિટલ કરતાં વધારે ઑપરેશનો થવા લાગ્યા. જગ્યાની સંકળાશને લક્ષમાં લઈ તથા ડૉ. હસમુખ મુલીયાશીયાનાં અનુભવને અનુલક્ષી આંખ વિભાગ માટે નવી હોસ્પિટલ નિર્માણ કરવાનું આયોજન ૨૦૧૧માં વિચારવામાં આવ્યું અને માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઈ સાવલા (નવાવાસ) પરિવારનાં અનુદાનથી ૨૦૧૨ માં રતનવીર આંખની ઈન્સ્ટિટ્યૂટ શરૂ કરવામાં આવી જેમાં કચ્છમાં આંખના પડદા માટે નિદાન સારવાર ઑપરેશનની સુવિધા ધરાવતું સૌ પ્રથમ "ડૉ. ભાણજી ઉમરસી ગડા રેટીના સેન્ટર" શરૂ થયું. કચ્છમાં આંખના તમામ પ્રકારનાં ઑપરેશનો (નવી કીકી બેસાડવા સિવાયનાં) ભોજાય હોસ્પિટલમાં થાય છે. વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન અંદાજે આંખના બે હજાર ઑપરેશનો થશે.

આંખ માટે ઉપલબ્ધ કરવામાં આવેલી સુવિધાઓનો લાભ ગામડાંઓને મળે તે માટે ભોજાય સર્વોદય ટ્રસ્ટે નેત્ર રક્ષા અભિયાન કાર્યક્રમ શરૂ કર્યો છે. પશ્ચિમ કચ્છનાં ૪૦૦ ગામડાંઓમાં પ્રતિવર્ષ એક વખત જે તે ગામમાં આંખના ડૉક્ટર, ઓપ્ટીશિયન, ટેકનિશિયનની ટીમ મુલાકાત લે છે અને સ્થાનિકે દર્દીઓની તપાસણી કરે છે. દર્દીઓને આંખના ટીપા, મલમનું મફત વિતરણ કરે છે અને જે દર્દીને મોતિયા, ઝામર, વેલ જેવા ઑપરેશનની જરૂરત હોય તે ઑપરેશનો નજીવા દરે કરવામાં આવે છે. દર્દીને સંપૂર્ણ ફ્રી ઑપરેશનો માટે નેત્રયજ્ઞ સુધી રાહ જોવી પડતી નથી. દર્દી પોતાની અનુકૂળતાએ શાંત અને સ્વચ્છ વાતાવરણમાં ઑપરેશન કરાવી શકે, નેત્રયજ્ઞનો લાભ મેળવી શકે છે.

ભોજાય સર્વોદય ટ્રસ્ટ બાળકોનાં આંખના રોગ બાળ મોતિયો, ત્રાંસી આંખ, પાંપણનું ઢળવું ઈત્યાદિ માટે પ્રતિવર્ષ બાળ નેત્રયજ્ઞનું આયોજન કરે છે. આ પ્રકારનાં ઑપરેશનો માટે મુંબઈ તથા અમેરિકાથી ડૉક્ટરોની ટીમ આવે છે. તેવીજ રીતે આંખની બહારનાં વર્તુળ માટે પ્લાસ્ટિક સર્જરી તથા ઓક્યુપ્લાસ્ટીના કેમ્પોનું પણ આયોજન થાય છે. ટૂંકમાં રતનવીર આઈ ઈન્સ્ટિટ્યૂટ, ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા કચ્છને મળેલી એક અનમોલ ભેટ કહી શકાય.

● **ભોજાય સર્વોદય ટ્રસ્ટની સ્ત્રી રોગ શિબિરો :**

કચ્છમાં આંખના રોગ જેટલો અન્ય વ્યાપક રોગ સ્ત્રી રોગ - ગર્ભાશયનાં રોગ સામે લડત આપવા નવનીત પરિવારનાં અનુદાનથી શ્રીમતી કસ્તુરબેન ડુંગરશી રામજી ગાલા નવનીત મહિલા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું. જેનું ઉદ્ઘાટન શ્રી સુનીલ દત્તે કર્યું હતું. બહેનોમાં સ્ત્રી રોગ અંગે માહિતી, જાગૃતિ આવે તથા તપાસણી કરાવવા માટેનો સંકોચ દૂર થાય તે માટે ગ્રામીણ બહેનોની સૌથી નજીક હોય એવી ધાઈ બહેનોને તાલીમ આપવાનું કેન્દ્ર શરૂ થયું અને તે અગાઉ ધાઈબહેનો અને આરોગ્ય કાર્યકરોની દસ બહેનોની ટુકડીને મુંબઈની ટાટા મેમોરિયલ હોસ્પિટલ અને કે.ઈ.એમ હોસ્પિટલમાં તાલીમ આપવામાં આવી. ધાઈબહેનોએ ત્યાર પછી સ્વયં જાગૃતિ અને માહિતીનાં કાર્યક્રમો હાથ ધર્યા. સને ૨૦૦૦થી શરૂ થયેલી આ પ્રવૃત્તિનો અત્યાર સુધી ૪૦ હજારથી વધુ બહેનોએ લાભ લીધો છે અને ૪૦૦૦ થી વધારે ઑપરેશનો થયા છે. ત્યાર પછી સ્ત્રીઓને લગતી અન્ય વિશેષ બીમારીઓ માટે ખાસ શિબિરો યોજવામાં આવે છે. થાઈરોઈડ રોગ શિબિરો જેની ૯૫ ટકા લાભાર્થી બહેનો હોય છે. ગર્ભાશય, સિઝેરિયન, T/L ઓપરેશનો પછી એકાદ ટકા બહેનોમાં થતી પેશાબની તકલીફ જેને SUI, VVF કહે છે તે માટેની વિશિષ્ટ શિબિરોનું આયોજન ભોજાય સર્વોદય ટ્રસ્ટ કરે છે. ગર્ભાશય મુખનાં કેન્સર તથા સ્તન કેન્સરની આગોતરી તપાસ અને નિદાન માટે ગ્રામીણ બહેનો માટેનાં કેમ્પો પણ યોજવામાં આવે છે. બહેનો માટેની આ પ્રકારની શિબિરોમાં કચ્છ મહિલા વિકાસ સંગઠન અને રોટરી ક્લબ ઑફ ઘાટકોપરનો સાથ મળે છે.

ભોજાય સર્વોદય ટ્રસ્ટે પ્રતિ વર્ષ એક વખતનાં મેગા મેડિકલ કેમ્પનાં આયોજન પછી વર્ષ દરમ્યાન જુદી જુદી ફેકલ્ટીઓને આવરી લેતા ૧૫ થી ૧૮ અન્ય કેમ્પોનું આયોજન કરે છે જેમાં ૪૦૦ થી ૪૫૦ ઑપરેશનો થાય છે. ગ્રામીણ ક્ષેત્રે કલ્પના પણ ન કરી શકાય તેવા VVF, SUI, થાઈરોઈડ, ઓક્યુપ્લાસ્ટી શિબિરોનું સફળ આયોજન કરવામાં આવે છે. ભોજાય સર્વોદય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ બહુ જ કરકસર રીતે ચલાવવામાં આવે છે તથા તેના સંચાલન, વહીવટ અને હિસાબોમાં સંપૂર્ણ પારદર્શકતા હોય છે.

સમાજમાં તકવંચિત અને તિરસ્કૃત સમુદાય સુધી પહોંચવાની પ્રાથમિકતા સાથે કાર્યશીલ ભોજાય સર્વોદય ટ્રસ્ટનો ઉદ્દેશ છે, છેવાડાનો વિસ્તાર ... છેવાડાના ગામડાંઓ અને છેવાડાનાં માણસ સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડવી.

**ભોજાય સર્વોદય ટ્રસ્ટની સિદ્ધિઓ :**

(૧) કચ્છમાં સૌથી વધારે આંખના ઑપરેશનો
(૨) કચ્છમાં સર્વ પ્રથમ પડદા રોગ માટે રેટીના સેન્ટર
(૩) એક દિવસમાં (૮ કલાકમાં ૬૦ સર્જરી) સૌથી વધારે સારણગાંઠનાં ઑપરેશનો કરવાનો વિશ્વવિક્રમ
(૪) સ્ત્રી રોગ શિબિરમાં સૌથી વધારે ૧૧૧ સ્ત્રી રોગ ઑપરેશનો કરવાનો વિક્રમ
(૫) ગ્રામીણ વિસ્તારમાં ગર્ભાશય મુખનાં કેન્સર માટે ગામમાં અગોતરી તપાસનો સૌ પ્રથમ પ્રયાસ
(૬) ધરતીકંપ પછી રૂ. ચાર કરોડનાં ખર્ચે ૩૨૦૦ પરિવારોને ઘરો ઉપલબ્ધ કરી આપવાનો કાર્યક્રમ. ■

*જ્યાં સુધી બને ત્યાં સુધી બીજાઓની આશાઓ પૂરી કરવાનો પ્રયાસ કરો, પણ બીજાઓની આશા નહીં રાખો.*

## શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત
# શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ

• રતનશી નપુભાઈ શાહ •
ચેરમેન, શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ

**શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ સંચાલિત**
**શ્રી વાગડ વેલફેર સોસાયટી હોસ્પિટલ**
Regd. No. E-21572, Dt. 05-03-04, Mumbai
80-G Regn. No. : DIT(E)/MC/80G/3091/2008/2008-09 valid in perpetuity.
નેશનલ હાઈવે નં.-૮, ભચાઉ,
કચ્છ (ગુજરાત)-૩૭૦ ૧૪૦.
ફોન : (૦૨૮૩૭) ૨૨૪૦૪૧, ૨૨૪૬૪૧
ફેક્સ : (૦૨૮૩૭) ૨૨૩૧૭૬
**• મુંબઈ ઓફિસ •**
લક્ષ્મી બિલ્ડિંગ, ઉજે માળે, એન.સી. કેલકર રોડ,
દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
ફોન : (૦૨૨) ૨૪૩૦ ૫૦૯૧
ઈ-મેઈલ : vagad@yahoo.com
વેબસાઈટ : www.wagadwelfare.com

કચ્છના ૨૦૦૧ના કારમા ધરતીકંપ પછી કચ્છમાં નવનિર્માણ અને પુનર્વસનની પ્રક્રિયાએ ઇતિહાસ સર્જ્યો છે અને એ ઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ છે, ધરતીકંપમાં ધરાશાયી થયેલી વાગડ વેલફેર સોસાયટી હૉસ્પિટલનું પુનઃનિર્માણ. આઘાત અને વિષાદને વિસારે પાડી જૂની હૉસ્પિટલના સંચાલકો અને ભોજાય સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ વાગડ વેલફેર સોસાયટી હૉસ્પિટલનું નવસર્જન કરવાનું બીડું ઝડપ્યું. ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રિલીફ ફંડમાંથી અનુદાન મેળવવા સદ્‌ગત દીપક મેપાણીએ સુંદર સંકલન કર્યું. જેને પરિણામે આશરે ૪૦,૦૦૦ ચો. ફૂટના બાંધકામ માટે રૂપિયા ત્રણ કરોડ અને હૉસ્પિટલના સાધનો, ઈન્સ્ટુમેન્ટ ઇત્યાદિના ખર્ચ માટે રૂપિયા બે કરોડ છ્યાંસી લાખ રિલીફ ફંડમાંથી પ્રાપ્ત થયા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૫થી નવનિર્મિત હૉસ્પિટલે ૧૦૮ પથારી અને ૭ ઑપરેશન થિયેટરની સુવિધા સાથે પોતાની કામગીરી શરૂ કરી દીધી અને ક્રમશઃ વિભાગો શરૂ થતા ગયા. ગણતરીના દિવસોમાં જ હૉસ્પિટલે પોતાની જૂની ગુડવિલ પ્રાપ્ત કરી લીધી.

તા. ૧૭-૦૯-૨૦૦૫ ના દિવસે હૉસ્પિટલનું વિધિવત ઉદ્‌ઘાટન થયું. ન નફો - ન નુકશાનના ધોરણે હૉસ્પિટલમાં આપવામાં આવતી સેવાઓના ચાર્જીસ નક્કી કરવામાં આવ્યા. પરંતુ દૂરના ગામડાંઓના ગરીબ દર્દીઓને માટે એટલા ચાર્જીસ ભરવા પણ કેટલીક વાર શક્ય નથી હોતા. આથી ટ્રસ્ટીઓએ નિર્ણય લીધો છે કે પૈસાના અભાવે કોઈ પણ દર્દી સારવાર વિનાનો રહી ન જાય.

હૉસ્પિટલ હાઈવે પર આવેલી છે અને અહીં વારંવાર થતા અકસ્માતોમાં સી.ટી. સ્કેન સહિતની તમામ સગવડો ધરાવનાર અને તમામ પ્રકારની સારવાર આપનાર ભુજ અને રાજકોટ વચ્ચે આવેલી આ એકમાત્ર 'શ્રી વાગડ વેલફેર સોસાયટી હૉસ્પિટલ' જ છે. અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિ તવંગર કે ગરીબ હોઈ શકે છે. તાકીદની સારવાર વખતે કોઈપણ ભેદભાવ રાખ્યા વિના દરેકને સમાંતર સ્તરે - સમાન ધોરણે સેવાઓ આપવામાં આવે છે.

**• સંસ્થા દ્વારા યોજાતી શિબિરો:**

વિવિધ દાતાઓ તથા સંસ્થાઓના સહકારથી શ્રી વાગડ વેલફેર સોસાયટી હૉસ્પિટલમાં નેત્રદીપક કામગીરી થઈ રહી છે, જેનો લાભ સમગ્ર કચ્છના તમામ સ્તરના સમુદાયો લઈ રહ્યા છે. મુંબઈ સ્થિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડૉક્ટરો પોતાની સેવા વિનામૂલ્યે આપે છે અને ઑપરેશન-દવા ઇત્યાદિનો ખર્ચ સંસ્થા કે દાતાઓ તરફથી અનુદાન સ્વરૂપે મળે છે. કચ્છમાં પ્લાસ્ટિક સર્જરી, લેપ્રોસ્કોપિક સર્જરી, યુરોલોજી (કિડની-પેશાબના રોગો), E.N.T. (કાન-નાક-ગળાના રોગ), બાળરોગ સર્જરી, હરસ-મસા-ભગંદર જેવા રોગ વગેરે સારવારની સુવિધાઓ નથી. તેથી વાગડ કલા કેન્દ્રના સહકારથી સંસ્થા દ્વારા શિબિરો યોજી દર્દીઓને સારવાર અપાય છે.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ - ડિસ્ટ્રીક્ટ ૩૨૩/એ૩, લાયન્સ ક્લબ ઑફ ફેરલોપવોટર્સ - લંડન (U.K.), શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ અને શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટના સહકારથી 'મોતિયા મુક્ત કચ્છ' અભિયાન ઝુંબેશમાં જોડાઈ કચ્છના ૮૦૦ ગામડાંઓના દર્દીઓના મોતિયાના ઓપરેશનો વિનામૂલ્યે કરી આપવામાં આવેલ છે.

### શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ – ટ્રસ્ટ બોર્ડ


| | |
|---|---|
| શ્રી રતનશી નપુભાઈ શાહ-ચેરમેન | ડૉ. મનહર રતનશી શાહ |
| શ્રી દામજી વીજપાર સાવલા | શ્રી પ્રવીણ બચુભાઈ ગડા |
| શ્રી લીલાધર માણેક ગડા | ડૉ. વિજય પ્રેમજી નંદુ |
| શ્રી વિનોદ કાનજી ગડા (શાહ) | શ્રી પુનશી લખમશી શાહ |
| શ્રી નેણશી લધાભાઈ ગાલા | શ્રી તલકશી લખમશી નંદુ |
| શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી | શ્રી બુદ્ધિચંદ હીરજી મારૂ |
| શ્રી ભગવાનજી મનજી પટેલ | શ્રી દિલીપ ડાહ્યાભાઈ પટેલ |
| શ્રી વાડીલાલ રતનશી સાવલા | |


*જ્યારે સમય નથી રોકાતો તો આપણે યોગ્ય સમય માટે કેમ રોકાઈએ?*

# કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ

● નવીન શાહ ●
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

**શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ**
૧૮/એ, ક્રિષ્ના નિવાસ,
રાજશ્રી શાહુ કોલેજની સામે, રોડ નં.-૧, સ્કીમ નં.-૬,
સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.

**(૧) પૂર્વભૂમિકા :**

જુલાઈ ૨૦૦૫ દરમ્યાન મુંબઈ નગરી મધ્યે થયેલ અતિવૃષ્ટિ સમયે રાહત કાર્યો સાથે સક્રિય રીતે સંકળાયેલ શ્રી વસંતભાઈ હરશી ગલિયાને આપણા બાંધવોની રહેઠાણ સમસ્યાનો દુઃખદ અનુભવ થયો અને એ સાથે એમણે યોજના અંગે તેમના વિચારો સાથે સંમત (જેઓ સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટીઓ તરીકે જોડાયા છે) (૧) શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી, (૨) શ્રી દીપક ધારશી ભેદા, (૩) શ્રી મહેન્દ્ર રતનશી સંગોઈ, (૪) શ્રી રમણિકલાલ છગનલાલ દેઢિયા અને (૫) શ્રી વિજય ધારશી છેડા સાથે વિચાર વલોણું ચલાવી, એ બધાએ આ સંસ્થાને મૂર્ત સ્વરૂપ આપવાનું નક્કી કરતાં એવો દૃઢ નિશ્ચય કર્યો કે આવાસની એકાદ યોજનાને નક્કર પરિણામ સ્વરૂપ આપવું જ. શરૂઆતના તબક્કે ફાઉન્ડર ટ્રસ્ટીઓએ પોતે દાનના વચનો આપ્યા અને નાલાસોપારા મધ્યે ૧૧૫ ફ્લેટ નક્કી કર્યા. ત્યારબાદ સમાજ પાસેથી દાનની અપીલ કરી અને સાથે સમાજના જરૂરતમંદ પરિવારો પાસેથી અરજીઓ મંગાવી, જેથી રહેઠાણની સમસ્યાનો તાગ મેળવવાની કોશિષ કરી.

**(૨) કચ્છી જૈન ફાઉન્ડેશનની શરૂઆત :**

સપ્ટેમ્બર ૨૦૦૬માં ઉપરોક્ત સંસ્થાની વિધિવત શરૂઆત થઈ. જેનો મુખ્ય ઉદ્દેશ આપણા બંધુઓ જેઓ પાસે પોતીકી રહેઠાણની જગ્યા નથી અથવા જેઓ ગલીચ્છ વસતિમાં મજબૂરીથી રહે છે તેમને સુઘડ અને સુયોગ્ય રહેઠાણ રાહત દરે પૂરા પાડવાનો રાખવામાં આવેલ છે.

આ કાર્યની સાથે સાથે સંસ્થાએ આ પ્રવૃત્તિ માટે કાર્યાલય સાયન (પૂર્વ) મધ્યે શ્રી ચંદ્રકાંત ગોગરીના સૌજન્યથી ચાલુ કર્યું, જ્યાંથી હાલ સંસ્થા પૂર્ણ કાર્યવાહી કરી રહી છે. તે ઉપરાંત આ સમય દરમ્યાન સંસ્થાનું વહીવટી માળખું ઉભું કર્યું, જેમાં સંસ્થાને વ્યવસાયિકોનો સાથ સહકાર મળ્યો. વહીવટી વ્યવસ્થા ગોઠવવાની સાથે કાર્યની વહેંચણી, ઓફિસ સ્ટાફ અને જરૂરી ઓફિસ સાધનોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી. આ ઓફિસમાં દર બુધવારના સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકરો, ઈત્યાદી નિયમિત મળે છે અને સંસ્થાની કાર્યવાહીને વેગ આપે છે.

**(૩) અરજીઓ :**

સંસ્થા પાસે આપણા સમાજની કુલ ૩૬૨૧ અરજીઓ આવેલ છે અને હજી પણ નવી અરજીઓ આવવાની ચાલુ છે.

**(૪) આવાસ ફાળવણીની વિગત :**

અત્યાર સુધી જે જે પ્રોજેક્ટોમાં આવાસ ફાળવવામાં આવ્યા છે તેની વિગત

| | પ્રોજેક્ટ | કુલ ફ્લેટ |
|---|---|---|
| (૧) | નવનીત નગર - ડોંબીવલી (ઈસ્ટ) | |
| | (અ) નવનીત પબ્લિકેશન (ઇ.) લિ. (મુંબઈ - અમદાવાદ) - રાયણ પ્રોજેક્ટ : નવનીત નગર - ડોંબીવલી (ઈસ્ટ) | ૪૬૩ |
| | (બ) (વિસામો) શ્રી ખીમજી માડણ ભુજપુરિયા પ્રોજેક્ટ : નવનીત નગર - ડોંબીવલી (ઈસ્ટ) | ૪૮ |
| | (ક) જયાબેન વિશનજી મારૂ - બિદડા - સાધુ સાધ્વી વૈયાવચ્ચ પ્રોજેક્ટ : નવનીત નગર - ડોંબીવલી (ઈસ્ટ) | ૧૩ |
| | કુલ ફ્લેટ | ૫૨૪ |
| (૨) | શ્રી શામજી ટોકરશી વોરા (અમરસન્સ ફાઉન્ડેશન - બ્રિચકેન્ડી) - નવીનાળ પ્રોજેક્ટ : અમરસન્સ નગર - નાલાસોપારા - | ૧૪૫ |
| (૩) | માતુશ્રી શાંતાબેન ગાંગજી ધારશી ગાલા - મોખા પ્રોજેક્ટ : લારકીન્સ નગર - ડોંબીવલી (વેસ્ટ) | ૭૮ |
| (૪) | માતુશ્રી હેમકુંવરબેન વશનજી શામજી સંગોઈ - પ્રાગપુર પ્રોજેક્ટ : હેમ નગર - નાલાસોપારા | ૭૨ |
| (૫) | માતુશ્રી મણિબેન રતનશી રાયશી ગોસર - દેવપુર પ્રોજેક્ટ : એમ.આર.સી.સી. પાર્ક - નાલાસોપારા | ૬૦ |
| (૬) | માતુશ્રી રતનબેન લખમશી ઘેલાભાઈ સાવલા - નવાવાસ પ્રોજેક્ટ : પુનીત નગર - અંબરનાથ | ૫૦ |
| (૭) | શ્રીમતી પ્રભાબેન મણિલાલ મારૂ - બિદડા પ્રોજેક્ટ : મારૂ નગર - નાલાસોપારા | ૩૦ |
| (૮) | શ્રી પ્રવીણભાઈ જખુભાઈ નંદુ નાનાભાડિયા પ્રોજેક્ટ : ડોમ્બીવલી | ૧૧ |
| (૯) | અન્ય નાલાસોપારા | ૧૨૫ |
| (૧૦) | અન્ય અંબરનાથ | ૭ |
| (૧૧) | અન્ય | ૯ |
| | **કુલ ફ્લેટ** | **૧૧૧૧** |

*આપણાં નાનાં નાનાં કાર્યો પર પણ ધ્યાન આપવું. કાર્યને નાનું માની ઉપેક્ષા ન કરવી.*

ઉપરોક્ત બધા ફ્લેટોના કબજા અપાઈ ગયા છે અને નવનીત નગર ડોંબીવલી (ઇસ્ટ)માં બીજા તબક્કામાં ૪૩૨ ફ્લેટોનું કામકાજ પૂરજોશમાં ચાલુ છે જેમનો કબજો વર્ષના અંત સુધીમાં આપી દેવામાં આવશે.

**(૫)** નવનીત નગર ડોંબીવલી (ઇસ્ટ)માં સિનિયર સિટીઝન હોમ (વિસામા) શ્રી ખીમજી માડણ ભુજપુરિયાની સ્મૃતિમાં ૪૮ (૨૪ x ૨) રૂમમાં વડીલો તેનો લાભ લઈ રહ્યાં છે.

(૧) નાલાસોપારામાં ૧૪ રૂમની માતુશ્રી મુલબાઈ મહુભાઈ માવજી ગડા સેનેટોરિયમ પણ કાર્યરત છે.

(૨) નવનીત નગરમાં જયાબેન વિશનજી મારૂના સહયોગથી ૧૩ ફ્લેટ સાધુ સાધ્વીની વૈયાવચ્ચ માટે ફાળવવામાં આવ્યા છે. જેનો લાભ સાધુ - સાધ્વીજીઓ લઈ રહ્યા છે.

(૩) તદુપરાંત નવનીત નગરમાં દેરાસરનું કામકાજ પૂરજોશમાં ચાલુ છે.

(૪) આ ઉપરાંત નાલાસોપારામાં ૮ ફ્લેટ, અંબરનાથમાં ૩ ફ્લેટ અને ડોંબીવલી (વેસ્ટ) (લારકીન્સ નગર) માં ૨ ફ્લેટ કચ્છી જૈન ફાઉન્ડેશન હસ્તગત છે જે સામાજિક કાર્ય માટે ઉપયોગમાં લેવાય છે.

(૫) નાલાસોપારા મધ્યે રીલાયબલ ટાવરના બીજા માળના હોલ અને ફ્લેટમાં ડાયાલિસીસ માટે નવનીત હોસ્પિટલ સંપૂર્ણપણે કાર્યરત થઈ ગઈ છે. જેમાં જરૂરતમંદ દર્દીઓ એનો લાભ લઈ રહ્યા છે.

**(૬)** બીજા તબક્કામાં આગામી આવાસ યોજનાની રૂપરેખા :

(૧) ડોંબીવલી (ઇસ્ટ) મધ્યે ત્રીજા તબક્કામાં ૫૦૦ થી વધુ ફ્લેટો બનાવવા જમીન સંપાદન કરવાનું કાર્ય પૂર્ણ થવાને આરે આવ્યું છે.

(૨) વેસ્ટર્ન પરામાં અન્ય ૧૦૦ થી ૨૫૦ ફ્લેટના એંકર નગર પ્રોજેક્ટના નિર્માણ માટેની કાર્યવાહી હાથમાં ધરવામાં આવી છે.

**(૭) લાભાર્થી પરિવારને ભરવાપાત્ર રકમ માટે સહાય બાબતઃ**

આ વર્ષે લાભાર્થીઓને જે જે ફ્લેટની ફાળવણી થયેલ છે એમાં લાભાર્થી પરિવારોને ભરવાપાત્ર રકમ એકઠી કરવા માટે ખૂબ મુશ્કેલી નડી રહી છે.

આ માટે સંસ્થાએ વખતોવખત પત્રિકામાં જાહેરાત દ્વારા, સંસ્થાના વિવિધ કાર્યક્રમોમાં તેમજ રૂબરૂ પ્રયત્નો દ્વારા વિવિધ ગામના મહાજનો, શ્રેષ્ઠીઓને સહાય માટે અપીલ કરાઈ છે. ઘણા ગામો અને ગામના શ્રેષ્ઠીઓ આગળ આવી પોતાના ગામના લાભાર્થીઓને સહાય કરી રહ્યા છે. અત્યાર સુધી કુલ ૬૭ ગામો અને ગામના શ્રેષ્ઠીઓ આ માટે કાર્યરત છે.

**(૮) દાનની સરવાણી :**

આજ દિન સુધી રૂ. ૧૨૨.૫૦ કરોડના વચનો મળેલ છે. (જેમાંથી ૮૦ ટકા સંસ્થાના ટ્રસ્ટીઓ અને અધિકારીઓનો ફાળો છે.) જેમાંથી રૂ. ૭૦ કરોડનું દાન મળી ચૂક્યું છે અને રૂ. ૬૩ કરોડ અલગ અલગ આવાસ યોજનાઓ માટે વપરાઈ ગયા છે.

## શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈનું ટ્રસ્ટ મંડળ, હોદ્દેદારો તથા કાર્યકરો

| ક્રમ | નામ | ગામ | મોબાઈલ | હોદ્દો |
|---|---|---|---|---|
| ૧. | ચંદ્રકાંત વલ્લભજી ગોગરી | નાના ભાડિયા | ૯૯૬૭૦ ૮૫૦૦૦ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૨. | રમણિકલાલ છગનલાલ દેઢિયા | ભુજપુર | ૯૯૩૦૦ ૩૦૦૨૫ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૩. | મહેન્દ્ર રતનશી સંગોઈ | ટોડા | ૯૮૨૧૧ ૫૧૩૬૪ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૪. | દીપક ધારશી ભેદા | મોખા | ૯૮૨૦૨ ૭૧૫૧૩ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૫. | દામજી લાલજી શાહ | કુંદરોડી | ૯૩૨૪૬ ૫૯૦૦૦ | દાતા ટ્રસ્ટી |
| ૬. | જાદવજી લાલજી શાહ | કુંદરોડી | ૯૮૧૯૫ ૩૯૦૦૧ | દાતા ટ્રસ્ટી |
| ૭. | ડુંગરશી રામજી ગાલા | રાયણ | ૯૮૧૯૫ ૩૯૦૦૦ | દાતા ટ્રસ્ટી + પ્રમુખ |
| ૮. | રાયચંદ હંસરાજ ધરમશી | સુથરી | ૯૮૨૦૦ ૮૪૮૬૭ | દાતા ટ્રસ્ટી + ઉપપ્રમુખ |
| ૯. | વલ્લભજી ભાણજી ગડા | બાડા | ૯૮૨૦૮ ૯૦૦૭૧ | દાતા ટ્રસ્ટી + ઉપપ્રમુખ |
| ૧૦. | અમરચંદ રામજી ગાલા | રાયણ | ૯૮૧૯૪ ૪૬૦૦૦ | દાતા ટ્રસ્ટી |
| ૧૧. | શામજી ટોકરશી વોરા | નવી નાળ | ૯૮૨૧૩ ૪૫૬૭૮ | દાતા ટ્રસ્ટી |
| ૧૨. | મૂલચંદ લખમશી સાવલા | નવા વાસ | ૯૩૨૩૫ ૫૩૩૦૩ | દાતા ટ્રસ્ટી |
| ૧૩. | ઉલ્લાસ વલ્લભજી ગાલા | આસંબિયા | ૯૮૨૦૦ ૩૬૪૦૦ | દાતા ટ્રસ્ટી |
| ૧૪. | વિજય ધારશી છેડા | કુંદરોડી | ૯૮૧૯૧ ૪૨૪૪૭ | દાતા ટ્રસ્ટી |
| ૧૫. | મણિલાલ પાલણ મારૂ | બિદડા | ૯૨૨૩૩ ૯૨૨૦૬ | દાતા ટ્રસ્ટી |

*શીખવું સૌથી, સાંભળો સૌનું, કરો તમારી બુદ્ધિથી. બુદ્ધિનું માનો, મનનું માનશો નહીં.*

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬. | ગિરીશ ધારશી ભેદા | મોખા | ૯૮૨૦૬ ૮૫૫૯૯ | દાતા ટ્રસ્ટી |
| ૧૭. | મથુભાઈ માવજી ગડા | રાયધણજર | ૯૮૨૦૦ ૪૨૭૯૭ | દાતા ટ્રસ્ટી |
| ૧૮. | જયેન્દ્રભાઈ ગાંગજી ગાલા | મોખા | ૯૩૨૧૩ ૨૬૮૭૪ | દાતા ટ્રસ્ટી |
| ૧૯. | સુંદરજી મુરજી નાગડા | સણોસરા | ૯૮૨૦૧ ૫૬૮૩૬ | દાતા ટ્રસ્ટી |
| ૨૦. | અનિલભાઈ રાયશી ગોસર | દેવપુર | ૯૩૨૩૩ ૪૧૧૮૯ | દાતા ટ્રસ્ટી |
| ૨૧. | સુનીલ વશનજી સંગોઈ | પ્રાગપર | ૯૮૨૧૦ ૨૦૭૫૦ | દાતા ટ્રસ્ટી |
| ૨૨. | જયાબેન વશનજી મારૂ | બિદડા | ૯૨૨૩૩ ૯૨૨૦૧ | દાતા ટ્રસ્ટી |
| ૨૩. | રાજેન્દ્ર વલ્લભજી ગોગરી | નાના ભાડિયા | ૯૮૨૦૦ ૦૬૧૪૧ | દાતા ટ્રસ્ટી |
| ૨૪. | પીયૂષ વશનજી શાહ | નવાવાસ | ૯૮૨૦૦ ૪૯૭૬૦ | ટ્રસ્ટી |
| ૨૫. | વશનજી પાલણ મારૂ | બિદડા | ૯૨૨૩૩ ૯૨૨૦૧ | ટ્રસ્ટી |
| ૨૬. | કિશોર શામજી છેડા | ડોણ | ૯૮૨૧૦ ૭૫૯૩૬ | દાતા ટ્રસ્ટી |
| ૨૭. | કિશોર પોપટલાલ શાહ | વડાલા | ૯૮૨૦૦ ૮૮૮૮૧ | ટ્રસ્ટી |
| ૨૮. | ભરત મોરારજી ગાલા | ગુંદાલા | ૯૮૨૦૦ ૨૪૫૮૫ | સેક્રેટરી |
| ૨૯. | નેમિદાસ ખેરાજ ગાલા | પ્રાગપર | ૯૩૨૩૯ ૪૬૧૮૬ | સેક્રેટરી |
| ૩૦. | સી.એ. હરેશ કુંવરજી છેડા | મોખા | ૯૯૨૦૪ ૦૩૨૦૦ | સેક્રેટરી |
| ૩૧. | સી.એ. નવીન ચાંપશી શાહ | નરેડી | ૯૮૨૧૩ ૮૩૩૩૮ | ખજાનચી |
| ૩૨. | હસમુખભાઈ લાલજી ગોગરી | ટોડા | ૯૮૨૧૦ ૪૪૯૦૫ | ખજાનચી |
| ૩૩. | એડવોકેટ અનિલ લાલજી ગાલા | બેરાજા | ૯૮૨૧૩ ૪૦૧૮૧ | સભ્ય |
| ૩૪. | શાંતિલાલ ડુંગરશી મારૂ | ડેપા | ૯૮૨૧૦ ૭૪૧૦૦ | સભ્ય |
| ૩૫. | સી.એ. નાગજી જેઠા ગોસર | વિંઢ | ૯૮૭૦૪ ૯૧૯૯૬ | સહકાર્યકર |

## સંબંધ

સંબંધોનો સ્વભાવ જ ખૂબ જ ચંચળ છે. બંધાવું અને તૂટવું તેનો સ્વભાવ છે. પારાની જેમ સંબંધ હાથમાંથી સરકી જાય તેના વિષે કોઈ આગાહી કરી શકતું નથી. સંબંધો સહેજમાં બંધાઈ જતા હોય છે. એના બંધાવાના કોઈ કારણો હોતા નથી પણ સંબંધ તૂટવાના હજારો કારણો હોઈ શકે. સામી વ્યક્તિ ગમી, તેની વાત ગમી - સંબંધ બંધાઈ જશે. આમ, સંબંધ સહજતાથી બંધાય છે પણ તૂટે છે કડાકાભેર! સંબંધો તો કાચ જેવા કહેવાય છે. એકદમ પારદર્શક પણ સંબંધ તૂટે ત્યારે કાચમાં તિરાડ પડી જાય છે. આ સંબંધો ફરી પાછા બંધાય કે સુધરે પણ તેમાં તિરાડ રહી જાય છે અને આ તિરાડ - આ તડ - આ કરચ આપણને કાયમ ખૂંચ્યા કરે છે.

સંબંધો સારા હોય ત્યારે તો આપણે તેની મીઠાશ માણીએ છીએ પણ સંબંધો તૂટે ત્યારે તેની કડવાશ આપણે પચાવી શકતા નથી. જરા આપણો અહમ્ ઘવાય કે કાંઈક ઓછું અંકાય તો તરત સંબંધ પર તેની અસર થાય છે. અને સંબંધની કડવાશ ઘણી વખત જ્યાં ત્યાં - ગમે તેની પાસે આપણે થૂંકતા રહીએ છીએ જેના પાછળ મરવા સુધીની તૈયારી હોય. તેના વગર ખાવાનું ગળે ન ઉતરે, તે સંબંધ તૂટે ત્યારે એનું નામ પડતાં જ ભૂખ મરી જાય છે. સંબંધ તૂટતા બધી જ સારી વાતો વિસરાઈ જાય છે.

સંબંધના તૂટવાને જીરવી જાણનારો શાયર જ એમ ગાઈ શકે... “કુછ તો મજબુરીયાં રહી હોગી... યું કોઈ બેવફા નહીં હોતા.’

પ્રેમ - દોસ્તી, લોહીના સંબંધોનું તૂટવું અને બંધાવું સ્વાભાવિક છે પણ એની તોડજોડ સહન કરવી આકરી છે. મુઠ્ઠીમાં પકડેલી રેતી જેમ સરી જાય તેમ સંબંધો સરી જતા હોય છે. જીવનપર્યંત જે સંબંધ ટકે તેના જેવું બીજું કાંઈ નથી પણ એવા સંબંધો બહુ ઓછા હોય છે. સંબંધોની શ્રેષ્ઠતા તો એમાં છે, સંબંધો તૂટી ગયા પછી પણ સંબંધનું ગૌરવ જળવાઈ રહે...

તૂટેલા સંબંધોને એવા સૂકા ફૂલની જેમ સાચવી રાખો કે તેના ઉપર જ્યારે પણ સ્મરણનું સલીલ - પાણી છાંટીએ ત્યારે એ ફરી પાછા મહોરી ઊઠે - મહેકી ઊઠે. ઘણા બધા પતિ-પત્નીના સંબંધો આવા હોય અને હોવા પણ જોઈએ. લડે ઝઘડે, અબોલા ચાલે પણ ફરી પાછા સંધાઈ જાય.

મોટાભાગના સંબંધ વિચ્છેદના કારણોમાં પુરુષોનો ગુસ્સો અને સ્ત્રીઓની જીદ - હઠ જવાબદાર હોય છે. પુરુષો ગુસ્સો ગળી જાય અને સ્ત્રીઓ સ્ત્રીહઠ - જીદ છોડી દે તો સંબંધ લીલાછમ રહે.

***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***

***સાધુ તો ગમે તે બની શકે પણ સંત કોઈક જ થઈ શકે.***

# શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ

● નવીન શાહ ●
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

**શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ**
**૧૮/એ, ક્રિષ્ના નિવાસ,**
**રાજશ્રી શાહુ કોલેજની સામે, રોડ નં.-૧, સ્કીમ નં.-૬,**
**સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૨.**

★ **સંસ્થાની સ્થાપના :**

સમાજમાં શૈક્ષણિક પ્રગતિ, માનવ રાહત, વૈદકીય અને અન્ય ક્ષેત્રોમાં આપણાં બાંધવોને નડતી સમસ્યાઓને ધ્યાનમાં રાખી, આપણો પ્રત્યેક પરિવાર તન - મન ધનથી સંપન્ન બને એજ ધ્યેય સાથે (૧) શ્રી વશનજી પાલણ મારૂ, (૨) શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી, (૩) શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ, (૪) શ્રી દીપક ધારશી ભેદા, (૫) શ્રી નયન ઠાકરશી શાહ, (૬) શ્રી રમેશ હીરજી શાહ, (૭) શ્રી નેમજી કરમશી ગંગર, (૮) શ્રી અનિલ લાલજી ગાલા (ફાઉન્ડર ટ્રસ્ટીઓ) મળીને શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન મહાજન - મુંબઈ સંસ્થાની સ્થાપના કરી.

★ **શ્રી ક.વી.ઓ. જૈન મહાજન મુંબઈની શરૂઆત :**

તા. ૨૭-૧૧-૨૦૧૦ના શ્રી નારાયણજી શામજી વાડીમાં ઉપરોક્ત સમસ્યાના ઉકેલ રૂપે / જરૂરી નાણાંકીય વ્યવસ્થા માટે થઈ ત્યારે સમગ્ર સમાજ અને સર્વે હાજર મહાનુભવો તરફથી સારો ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો. વિવિધ દાનવીરો તરફથી ઉદાર વચનો મળ્યા.

આ કાર્યની સાથે સાથે સંસ્થાએ આ પ્રવૃત્તિ માટે કાર્યાલય સાયન પૂર્વ મધ્યે શ્રી ચંદ્રકાંત ગોગરીના સૌજન્યથી શરૂ કર્યું, જ્યાંથી હાલ સંસ્થા પૂર્ણ કાર્યવાહી કરી રહી છે. તે ઉપરાંત આ સમય દરમ્યાન સંસ્થાનું વહીવટી માળખું ઊભું કર્યું, જેમાં સંસ્થાને વ્યવસાયિકોનો સાથ સહકાર મળ્યો. વહીવટી વ્યવસ્થા ગોઠવવાની સાથે કાર્યની વહેંચણી ઓફિસ સાધનોની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી. આ ઓફિસમાં દર બુધવારના સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકરો નિયમિત મળે છે અને સંસ્થાની કાર્યવાહીને વેગ આપે છે. દાનની સરવાણી વિસ્તૃત કરવા જરૂરી ૮૦જી મેળવવામાં આવી છે, જે પ્રવૃત્તિઓ વિકસાવવા માટે ખૂબજ ઉત્સાહજનક છે.

સંસ્થાની સર્વજન હિતાય પ્રવૃતિઓનો વ્યાપ વિસ્તૃત બને અને સમાજલક્ષી પ્રવૃતિઓ સુવ્યવસ્થિત આકાર પામી પ્રાણવાન બને તે માટે સમાજના કાર્યકર્તાઓની મિટીંગ દાદર, ડોંબીવલી અને નાલાસોપારા મધ્યે રાખેલ. જેમાં કાર્યકર્તાઓનો સારો પ્રતિસાદ સાંપડ્યો.

★ **સંસ્થાની પ્રવૃતિઓ :**

**(૧) વૈદ્યકીય સહાય :**

(૧) જૂન ૨૦૧૧ થી ડૉ. વિશાલ કેનિયા અને ડૉ. નીતિન દેઢિયાના સહયોગથી કુલ ૧૧૪ વ્યક્તિના આંખના મોતિયા અને નંબર ઓછા કરાવવાના નિઃશુલ્ક/રાહતના દરે ઓપરેશન કરવામાં આવ્યા. જેમાં કુલ ૪૧ ગામોના લાભાર્થીઓએ લાભ લીધેલ.

(૨) તા. ૦૫-૦૭-૨૦૧૧ના કચ્છી મેડીકોઝ એસોસિએશનના સહયોગથી એક મેડિકલ કેમ્પનું આયોજન કરેલ જેમાં કુલ ૧૭ ડાક્ટરોએ આ આયોજનમાં સહયોગ આપેલ અને ૭૧ દર્દીઓના અલગ અલગ ઓપરેશનો થયા.

(૩) તદુપરાંત હાર્ટના ૧૦ ઓપરેશન, બાયપાસ ૮, એન્જિયોગ્રાફિના ૭, કિડનીની તકલીફ ૧૦, લકવાના દર્દી ૯, ઘુંટણ અને હાડકાની તકલીફ ૭ + ૭ અને અન્ય ૪૩ દર્દીઓને અન્ય દર્દો માટે મદદ કરવામાં આવી છે.

(૪) નાલાસોપારા ઈસ્ટ મધ્યે નવનીત હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે. જેમાં હાલ ડાયાલિસીસ માટે ૯ મશીનો છે અને રોજનાં અંદાજિત ૧૫ ડાયાલિસીસ થાય છે. જેમાં અમુક લોકોને નિઃશુલ્ક અને અમુક લોકો માટે રાહત દરે ડાયાલિસીસ થાય છે. તદુપરાંત અન્ય વિભાગો જેવા કે દંત વિભાગ, નેત્ર વિભાગ, જનરલ વિભાગ વગેરે શરૂ થઈ ગયા છે. જ્યાં નાના ઓપરેશન થાય છે. અને હમણાં હાલ છ મહિના સુધી બેડના કોઈ પણ ચાર્જિસ નથી.

(૫) નાલાસોપારા નવનીત હોસ્પિટલ મધ્યે તા. ૨૭-૧૧-૨૦૧૧ ના ફ્રી ઓર્થોપેડિક કેમ્પ રાખવામાં આવેલ જેમાં ૧૩૫ લાભાર્થીઓએ લાભ લીધેલ.

(૬) ડિસેમ્બર-૨૦૧૧થી મેડીક્લેઈમ વંચિત કુટુંબો/વ્યક્તિઓને સહાયરૂપ થવા તથા અચાનક આવી પડતા મેડિકલ ખર્ચમાં રાહત થાય એ માટે મેડીક્લેઈમ પોલીસી કઢાવવાનો પ્રયાસ આદરેલ છે. જેમાં અનેક કુટુંબોના અનેક સભ્યો અને વિવિધ ગામના લાભાર્થીઓએ લાભ લીધેલ છે. આજ યોજના ડિસેમ્બર ૨૦૧૨માં ફરીથી રીન્યુ કરવામાં આવેલ. તદુપરાંત દર બુધવારના સંસ્થાના કાર્યાલય પર આવતા જરૂરિયાતમંદ લાભાર્થીઓને વૈદકિય સહાય આપવામાં આવે છે.

(૭) ઉપરોક્ત બધી યોજનાઓમાં મળીને કુલ રૂ. ૩૯,૮૪,૮૪૬/- વૈદકીય સહાય ખાતે ખર્ચવામાં આવેલ.

*સંક્ષેપ એ જ પ્રતિભા અને બુદ્ધિમત્તાનો આત્મા છે.*

**(૨) શૈક્ષણિક સહાય/લોન :**

(૧) જૂન-૨૦૧૧માં દરેક ગામના મહાજન અને મંડળો સાથે મળીને જુનિયર અને સીનિયર કે.જી. ના વિદ્યાર્થીઓને સહાય કરવાની યોજના બનાવવામાં આવી. જેમાં ગામના મહાજન/મંડળ નો ફાળો રૂ. ૨,૦૦૦ અને સંસ્થાનો ફાળો રૂ. ૩,૦૦૦ એમ કુલ રૂ. ૫,૦૦૦ ની સહાય આપવામાં આવી. જેમાં કુલ ૪૨ ગામ અને કુલ ૧૯૨ વિદ્યાર્થીઓએ લાભ લીધેલ. જેમાં કુલ રૂ. ૧૧,૫૯,૪૪૭/- ની સહાય આપવામાં આવેલ.

જૂન-૨૦૧૨માં જુનિયર અને સીનિયર કે.જી. થી ૧૨ માં ધોરણ સુધીના વિદ્યાર્થીઓને સહાય કરવાની યોજના બનાવવામાં આવી. જેમાં કુલ ૬૮ ગામ/લતાવાર મંડળના કુલ ૨૭૬૧ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૧,૭૨,૭૧,૭૩૦/-ની સહાય કરવામાં આવેલ. તદુપરાંત દર બુધવારના સંસ્થાના કાર્યાલય પર આવતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય/લોન આપવામાં આવે છે. જેમાં કુલ ૧૬૯ વિદ્યાર્થીઓને રૂ. ૭૪,૪૩,૧૪૪/- ની લોન આપવામાં આવેલ.

(૨) ડિસેમ્બર-૨૦૧૧થી સી.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટસ એસોસિએશનના સહયોગથી C.A. - C.P.T.ના ક્લાસીસ સાથે ટાઈઅપ કરી ફીમાં રાહત આપવાનું નક્કી કર્યું જેમાં (૧) જે. કે. શાહ, (૨) મહેશ ટ્યુટોરિયલ્સ, (૩) કીર્તિદા ટ્યુટોરિયલ્સ, (૪) સિદ્ધિ પ્રોફેશનલ અને (૫) પીનેકલ ક્લાસીસ જોડાયા છે.

(૩) આઈડલ કમ્પલીટ એજ્યુકેશન - જેની મુંબઈમાં ૨૦ થી વધુ બ્રાંચો છે તેના દ્વારા ૩ % ડિસ્કાઉન્ટ મેળવી આમાં પણ સમાજના વિદ્યાર્થીઓને સહાય આપવાનો પ્રયત્ન આદરેલ છે.

એમ્બીશન લર્નિંગ સોલ્યુશનની સાથે ગોઠવણ કરી C.F.P. નો કોર્સ પણ ડિસ્કાઉન્ટમાં કરાવવામાં આવશે.

(૪) કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન હેઠળ રાજ કોમ્પ્યુટરની ૯૦થી વધુ બ્રાંચોના સહયોગથી એકદમ સસ્તા દરે કોમ્પ્યુટર શીખવાડવાનું અભિયાન ચાલુ કરેલ છે. જેમાં પ્રથમ વર્ષે જ ૧૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધેલ છે.

(૫) તદુપરાંત ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જરૂરી સહાય/લોન આપવામાં આવે છે.

(૬) એસ.એસ.સી.માં ૮૫% થી વધુ માર્ક લાવનાર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દત્તક લેવાની પણ સ્કીમ ચાલુ છે.

**(૩) માનવ રાહત યોજના :**

જુલાઈ-૨૦૧૧થી જે વડીલોના સંતાન ન હોય, પૂરતી આવક ન હોય, કમાનાર ન હોય, અપંગ વ્યક્તિ હોય, વિધવા અથવા નિસહાય બહેનો અથવા અન્ય એમના જેવા વડીલોને દર મહિને માનવ રાહત આપવામાં આવે છે. જે દર મહિનાના પહેલા મંગળવારના સંસ્થાના કાર્યાલયમાંથી વિતરણ કરાય છે. આ યોજના અંતર્ગત આજ સુધી ૩૯૬ લાભાર્થીઓ અને ૭૯ ગામના લોકોએ લાભ લીધેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૧-૧૨ માં રૂ. ૧૫,૩૧,૧૦૦/- અને વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ. ૨૯,૯૦,૮૦૦/- ની સહાય આપવામાં આવી છે.

તદુપરાંત ૩૧-૦૧-૨૦૧૩ સુધી રૂ. ૨૮,૬૬,૫૨૫/- ની ધંધાકીય અને ઘર માટે લોન આપવામાં આવેલ છે.

**(૪) નારી સ્વાવલંબન યોજના :** આ યોજના હેઠળ સમાજની બહેનો બ્યૂટી પાર્લર તથા મહેંદીના કોર્સ એકદમ સસ્તા ભાવે શીખી શકે એ માટે ૪૦થી વધુ ક્લાસીસવાળાઓ સાથે સંલગ્ન કરી ફક્ત $^1/_3$ ફીમાં આ કોર્સો શીખવાડવામાં આવી રહ્યા છે. જેમાં પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

**(૫) અન્ય યોજનાઓ :**

(૧) તા. ૧૬-૧૦-૨૦૧૧ અને તા. ૧૦-૧૨-૨૦૧૧ ના શ્રી કચ્છી ઍડવોકેટસ વેલફેર એસોસિએશનના સહયોગથી રીડેવલપમેન્ટ, ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન અને રેન્ટ એક્ટ વિષય પર સેમિનાર યોજવામાં આવેલ.

(૨) તા. ૧૫-૦૧-૨૦૧૨ના ક.વી.ઓ. સમાજની આર્થિક રીતે જરૂરિયાતમંદ પુખ્ત વયની વ્યક્તિઓ માટે નિઃશુલ્ક પૅન કાર્ડ કઢાવી આપવાનો અભિયાન હાથ ધરાયો. જેમાં કુલ ૨૦૦ જણના પૅન કાર્ડ કઢાવ્યા.

(૩) દર શનિવારે નિઃશુલ્ક કાયદાકિય સહાય આપવામાં આવે છે.

**(૬) આગામી યોજનાઓ :**

(૧) માણસાઈના દીવા પ્રગટાવવાની દાનપેટી યોજના અંતર્ગત ૫૦૦૦ દાન પેટી દ્વારા માસિક અંદાજિત રૂ. ૫૦ લાખ ભેગા કરી જરૂરિયાત પ્રમાણે કોઈ પણ નાતજાતના ભેદભાવ વગર કેળવણી અને વૈદકીય ક્ષેત્રમાં વાપરવામાં આવશે. અત્યાર સુધી ૧૮૦૦ ઉપરાંત દાન પેટીઓ અપાઈ ગઈ છે અને દાન પેટીઓમાંથી રૂ. ૨૫,૦૦,૦૦૦ જેવી માતબર રકમ જમા થઈ. જેનો શૈક્ષણિક અને મેડિકલ ક્ષેત્રે ઉપયોગ કરવામાં આવ્યો છે.

(૨) ડોમ્બીવલી મધ્યે મહાવીર હોસ્પિટલનું કામકાજ પૂરજોશમાં ચાલુ છે.

(૩) મૂક-બધિર બાળકોની સારવાર માટે વાર્ષિક ૨૦ થી વધુ ઑપરેશન તદન નિઃશુલ્ક કરાવી આપવામાં આવશે. (એક ઑપરેશનનો ખર્ચ રૂ. ૬ થી ૭ લાખ)

**JNK** Lifters Pvt. Ltd.
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

★ **દાનના વચન :**

આજ દિન સુધી રૂ. ૭૩.૪૨ કરોડ ના વચનો મળેલ છે. (જેમાંથી ૮૦ ટકા આ સંસ્થાના ટ્રસ્ટીઓ અને અધિકારીઓનો ફાળો છે.) જેમાંથી રૂ. ૨૧.૪૦ કરોડનું દાન મળી ચૂક્યું છે અને રૂ. ૯ કરોડ અલગ અલગ યોજનાઓ માટે વપરાઈ ગયા છે.

★ **અન્ય :**

(અ) સંસ્થાની પ્રવૃતિઓથી સમાજ માહિતગાર થાય અને સમાજમાં જુદા જુદા ક્ષેત્રે કાર્યરત સમાજસેવકોનું સન્માન કરવા એક કાર્યક્રમ તા. ૧૩-૦૧-૨૦૧૩ના સોમૈયા ગ્રાઉન્ડ - ઘાટકોપર મધ્યે યોજવામાં આવેલ. લગભગ ૧૦,૦૦૦ માણસોની વચ્ચે નીચે મુજબ ઍવૉર્ડ દ્વારા જાહેર સન્માન આપવાનું નક્કી થયું હતું :

(૧) કચ્છી વીસા ઓસવાલ સમાજ શિરોમણી ઍવૉર્ડ - નવનીત પરિવાર

(૨) કચ્છી વીસા ઓસવાલ સમાજરત્ન ઍવૉર્ડ - શ્રી મીઠુભાઈ માવજી ગડા (મીઠુબાપા)

(૩) કચ્છી જૈન ફાઉન્ડેશન સમાજ સેવા ઍવૉર્ડ - શ્રી લીલાધર માણેક ગડા (અધા)

(૪) શ્રી ખીમજી માડણ ભુજપુરિયા શૈક્ષણિક ઍવૉર્ડ - શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ (સોનગઢ)

તદુપરાંત માંડવી મુન્દ્રા ક્ષેત્રમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાનું સન્માન કરવાનું નક્કી કરાયું હતું.

(બ) સંસ્થાની નવનીત નગર આવાસ યોજના મધ્યે લાયબ્રેરી અને કોમ્પ્યુટર ક્લાસીસ પણ ચાલુ થઈ ગયેલ છે.

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - મુંબઈનું ટ્રસ્ટ મંડળ


| ક્રમ | નામ | ગામ | મોબાઈલ | હોદ્દો |
|---|---|---|---|---|
| ૧. | ચંદ્રકાંત વલ્લભજી ગોગરી | નાના ભાડિયા | ૯૯૬૭૦ ૮૫૦૦૦ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૨. | દીપક ધારશી ભેદા | મોખા | ૯૮૨૦૨ ૭૧૫૧૩ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૩. | વશનજી પાલણ મારૂ | બિદડા | ૯૨૨૩૩ ૯૨૨૦૧ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૪. | ઍડવોકેટ અનિલ લાલજી ગાલા | બેરાજા | ૯૮૨૧૩ ૪૦૧૮૧ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૫. | શાંતિલાલ ડુંગરશી મારૂ | ડેપા | ૯૮૨૧૦ ૭૪૧૦૦ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૬. | નેમજી કરમશી ગંગર | કાંડાગરા | ૯૮૨૦૧ ૪૩૧૧૦ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૭. | નયન ઠાકરશી શાહ | ડેપા | ૯૮૨૦૧ ૨૬૨૭૨ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૮. | રમેશ હીરજી શાહ | પત્રી | ૯૮૨૧૩ ૫૧૬૫૪ | ફાઉન્ડર ટ્રસ્ટી |
| ૯. | મધુભાઈ માવજી ગડા | રાયધણજર | ૯૮૨૦૦ ૪૨૭૯૭ | દાતા ટ્રસ્ટી + ચેરમેન |
| ૧૦. | શાંતિલાલ તેજશી શાહ | બિદડા | ૯૮૨૦૦ ૬૨૦૭૭ | દાતા ટ્રસ્ટી |
| ૧૧. | મણિલાલ પાલણ મારૂ | બિદડા | ૯૨૨૩૩ ૯૨૨૦૬ | દાતા ટ્રસ્ટી |
| ૧૨. | વલ્લભજીભાઈ ભાણજી ગડા | બાડા | ૯૮૨૦૮ ૯૦૦૭૧ | દાતા ટ્રસ્ટી |
| ૧૩. | જયાબેન વશનજી મારૂ | બિદડા | ૯૨૨૩૩ ૯૨૨૦૧ | દાતા ટ્રસ્ટી |
| ૧૪. | રાજેન્દ્ર વલ્લભજી ગોગરી | નાના ભાડિયા | ૯૮૨૦૦ ૦૬૧૪૧ | દાતા ટ્રસ્ટી |
| ૧૫. | પ્રમેશ ચુનીલાલ રાંભિયા | ગુંદાલા | | દાતા ટ્રસ્ટી |
| ૧૬. | કિશોર પોપટલાલ શાહ | વડાલા | ૯૮૨૦૦ ૮૮૮૮૧ | ટ્રસ્ટી |
| ૧૭. | ભરત મોરારજી ગાલા | ગુંદાલા | ૯૮૨૦૦ ૨૪૫૮૫ | ટ્રસ્ટી |
| ૧૮. | સી.એ. નવીન ચાંપશી શાહ | નરેડી | ૯૮૨૧૩ ૮૩૩૩૮ | ટ્રસ્ટી |
| ૧૯. | હસમુખભાઈ લાલજી ગોગરી | ટોડા | ૯૮૨૧૦ ૪૪૯૦૫ | ટ્રસ્ટી |
| ૨૦. | નેમિદાસ ખેરાજ ગાલા | પ્રાગપર | ૯૩૨૩૯ ૪૬૧૮૬ | સભ્ય |
| ૨૧. | સી.એ. હરેશ કુંવરજી છેડા | મોખા | ૯૯૨૦૪ ૦૩૨૦૦ | સભ્ય |
| ૨૨. | સી.એ. દિનેશ દેવચંદ ગાલા | રાયણ | ૯૮૨૦૦ ૭૦૩૦૯ | સભ્ય |
| ૨૩. | સી.એ. નાગજી જેઠા ગોસર | વિંઢ | ૯૮૭૦૪ ૯૧૯૯૬ | સહકાર્યકર |


*અજાણતાં થયેલી ભૂલને માફ કરતા શીખો.*

# શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ - મુંબઈ

● અશ્વિન માલદે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ●
તંત્રીશ્રી - 'પગદંડી'

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ**
**શ્રી સી.વી.ઓ.ડી. જૈન મહાજનવાડી**
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : (૦૨૨) ૨૩૭૧૪૬૭૪
E-mail : kross@mtnl.net.in
Website : www.kross.org

શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ એ છેલ્લા ૬૫ વર્ષથી કાર્યરત કચ્છી વીસા ઓસવાળ સમાજની એક કેન્દ્રીય સંસ્થા છે. શ્રી. ક.વી.ઓ. જૈન દેરાવાસી મહાજન અને શ્રી ક.વી. જૈન સ્થાનકવાસી મહાજનની સાથે સાથે સેવા સમાજનું નામ પણ એટલીજ અદબથી લેવાય છે. એટલું જ નહીં સેવા સમાજ એ ફક્ત મુંબઈનાજ નહીં, ભારતના જ નહીં પરંતુ વિશ્વભરમાં વસતા કચ્છી વીસા ઓસવાળનું પ્રતિનિધિત્વ ધરાવે છે. એમના પ્રશ્નો માટે કંઈક ને કંઈક કાર્યવાહી પણ કરે છે.

શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજની સ્થાપના ૧૯૪૭ માં લોકલાડીલા ''વેલજી બાપા''ના આર્શીવાદથી થઈ હતી. ત્યારનો એમનો મુખ્ય હેતુ ''સમાજના યુવાનો આગળ આવે અને ભવિષ્યમાં નેતૃત્વ કરી શકે એવું એમનું ઘડતર થાય'' એ હતો. શ્રી વેલજીબાપા કદાચ ત્યારની વિદ્યમાન સમાજ સેવા પ્રવૃતિઓથી સંતુષ્ટ ન હતાં પરંતુ એમને કોઈ પણ જાતના વિવાદમાં પડ્યા વિના વિદ્યમાન લીટીને સ્પર્શ્યા વિના પોતીની લીટી મોટી દોરીને સમાજ ઘડતરનો પ્રયાસ કરવો હતો.

આજ ઉદ્દેશથી 'શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજ'ના પોતાના મુખપત્રની જરૂરિયાત ત્યારના કાર્યકરોને જણાઈ હતી અને એ વિચાર વલોણામાંથી 'પગદંડી'નો જન્મ થયો હતો. 'પગદંડી'ની સફર ત્યારથી અત્યાર સુધી અવિરતપણે ચાલુ રહી છે. નોંધપાત્ર ફેલાવો ધરાવતા આ પગદંડી સામયિકે સમય જતાં સારૂ એવું કોઠું કાઢ્યું છે અને આજની તારીખમાં આ પગદંડી સાચા અર્થમાં સમાજ માટે પગદંડી બની રહ્યું છે. સમાજના દરેક આદમીને પોતાના મંતવ્યો રજૂ કરવા માટે તે પ્લેટફોર્મ તો આપે છે, પણ સાહિત્ય અને કાવ્ય અને કલાના ક્ષેત્રમાં પગદંડીનું નામ સમાજમાં અને સાહિત્યકારોમાં અદબથી લેવાય છે. પગદંડીના તંત્રી લેખો એ એક સંકલનનો વિષય છે. શરૂઆતથી અત્યાર સુધીના સર્વે તંત્રીઓએ એક સીલસીલો જાળવી રાખ્યો છે. કોઈની પણ શેહમાં ન આવવાનો એક મંત્ર નિભાવી રાખ્યો છે. અને એટલે જ આજે આવતા પગદંડીના તંત્રીલેખમાં શુ વિષય હશે તેની જ્ઞાતિજનોમાં ઉત્કંઠ હોય છે. પગદંડીના માધ્યમ દ્વારા સેવા સમાજે સમાજને એક દિશા સૂચન કરવાનો હર હંમેશ પ્રયાસ કર્યો છે. એને પ્રગતીશીલ બનાવવાની એક ખેવના રાખી છે. કેટલીય પ્રવૃતિઓના સૂચનો આ માધ્યમથી કરાયા હશે જે ત્યારે કદાચ સ્વીકારાયા નહીં હોય પરંતુ બે-પાંચ વર્ષો પછી સમાજે તેની ઉપયોગીતા સમજી સ્વીકાર કર્યો હોય એવા તો કેટલાય દાખલા હશે. શરૂઆતના વર્ષોમાં સેવા સમાજનું મુખ્ય ધ્યેય યુવાનો માટેની કાર્યવાહી હતી. શિક્ષણ માટેનો પ્રચાર એની રગેરગમાં હતો અને એટલે જ પગદંડી ઉપરાંતની એની શરૂઆતની પ્રવૃતિમાં બુકબેન્ક અતિ મહત્ત્વની છે. ખૂબજ નાના પાયા પર શરૂ થયેલ આ બુકબેંકમાં કોલેજમા ભણતા વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં આવે છે. ખૂબજ સારા નરસા કાળમાંથી પસાર થયેલ આ બુકબેંક હાલ ૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને ભણવા માટે નજીવો ચાર્જ લઈને કોઈ પણ અભ્યાસક્રમના પુસ્તકો આપે છે. આ બુકબેંકના લાભાર્થીઓમાં મુંબઈ ઉપરાંત બહારગામના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. લગભગ ૬ મહિના સુધી બુકબેંકના ૫૦થી વધુ કાર્યકરો તન અને મનથી કાર્ય કરી આ ભગીરથ કાર્ય વર્ષાનું વર્ષ કરે છે. જ્ઞાતિના ધોરણે ચાલતી આ ચોક્કસપણે મોટામાં મોટી વ્યવસ્થા છે પરંતુ ૮૦૦૦ વિદ્યાર્થીઓ માટે ૧,૦૦,૦૦૦ થી વધુ પુસ્તકોનું વર્ષાનું વર્ષ વિતરણ કરતી આ યોજના બીજાઓ માટે પણ કદાચ બેમિસાલ છે.

શૈક્ષણિક અંગની જ વાત કરતાં શરૂઆતના વર્ષોમાં જ્ઞાતિજનો અને ખાસ કરીને યુવાનોને આગળ અભ્યાસ માટે ઉત્સાહિત કરવા શૈક્ષણિક સન્માનના કાર્યક્રમની રાહ યુવક/યુવતીઓ આતુરતાથી જોતા રહેતા અને ગર્વભેર એ સન્માનનો સ્વીકાર કરતા.

સમયના વહાણા વાતા ગયા, સેવા સમાજના કાર્યનું ફલક વધતું રહ્યું. આપણો વસવાટ મુંબઈમાં વધતો ગયો અને જ્ઞાતિજનોની જરૂરિયાત બદલાતી ગઈ. શરૂઆતના વર્ષોમાં કામધંધો કરતા અને ભણતી વ્યક્તિઓનો વસવાટ મહદઅંશે મુંબઈ હતો. હવે પરિવારો આવતા થયા.

અને સમાજની બદલતી જરૂરિયાત પરીપૂર્ણ કરવા માટે કોઈક સંસ્થાનો ખાલીપો જણાયો.

પરંતુ સેવા સમાજે એ કામ સહજતાથી ઉપાડી લીધું અને એમાંથી શરૂ થઈ સેવા સમાજની રાહતલક્ષી પ્રવૃતિઓ. આ પ્રણતિએ વર્ષાનું વર્ષ ફૂલીફાલી સમાજના દરેક સ્તરની વ્યક્તિને એમાં આવરી લેવાની કોશિશ કરાઈ અને બાળકના જન્મથી લઈને વૃદ્ધના અવસાન સુધીની યાત્રામાં આવતા દરેક વળાંક માટે સેવા સમાજ કંઈક ને કંઈક કરતું રહ્યું.

*ખુશી કંઈ માત્ર બાહ્ય સંજોગોમાંથી જ નથી આવતી. એનો મુખ્ય સ્રોત આપણો આંતરિક અભિગમ છે. - દલાઈ લામા*

**રાહતની પ્રવૃત્તિઓમાં :**

★ સમાજના ૧૨૦૦૦ પરિવારોની ૪૦,૦૦૦ વ્યક્તિઓને આવરી લેતી સંજીવની સ્વાસ્થ્ય યોજના. એવી યોજના એણે સમાજના એક મોટા વર્ગને વૈદ્યકીય બીમારીના ખર્ચની ચિંતામાંથી નચિંત બનાવી. કોઈપણ સમાજ માટે ગૌરવરૂપ આ યોજનામાં વાર્ષિક ૧૨ કરોડનું પ્રીમિયમ ભરાય છે અને આમાંથી એક મોટો હિસ્સો દરેક ગામના મહાજન/મંડળ લત્તાવાર મંડળ તેમના ક્ષેત્રના જરૂરીયાતમંદો માટેની સહાયમાંથી આવે છે.

★ સેવા સમાજની શૈક્ષણિક લોન યોજના. ઉચ્ચ અભ્યાસ માટેની આ યોજના હેઠળ વર્ષાનું વર્ષ સેંકડો વિદ્યાર્થીઓને એક કરોડથી વધારે રકમની લોન અપાય છે. એવી યોજના જેમાં આ લોનની ભરપાઈ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ કમાતા થયા બાદ કરવાની આવે છે. વિદેશમાં જતા વિદ્યાર્થીઓને પણ વિશેષ લોન આપવામાં આવે છે.

★ **સ્ત્રી ઉત્કર્ષ યોજના :** સ્ત્રીઓને પગભર બનાવવા અને સ્વમાનથી આજિવિકા મેળવવા જે સ્ત્રીઓ કોઈપણ ધંધો હુન્નર કરવા ઈચ્છે તો એને ઉત્સાહિત કરવા રૂા. એક લાખ સુધીની લોન વગર વ્યાજે આપવામાં આવે છે, જે એને પોતાની કમાણીમાંથી પરત કરવાની હોય છે. વર્ષે દહાડે ૩૫-૪૦ લાખ રૂપિયાની લોન આ યોજના હેઠળ અપાય છે. આ લોન લઈ સ્વતંત્ર રીતે ધંધો કરી રહેલી જ્ઞાતિની સ્ત્રીઓની સંસ્થા નાનીસૂની નથી.

★ **રહેઠાણ યોજના :** હાલની અતિ સફળ થયેલ આવાસ યોજના ગણતરીના વર્ષો પહેલા જ અમલમાં આવી છે. પરંતુ સેવા સમાજે વર્ષો પહેલા રહેઠાણ માટે ખાસ યોજના ઘડી કાઢી હતી. ત્યારે લાખ રૂપીયા સુધીમાં દૂરના પરામાં રહેઠાણ મળવું શક્ય હતું ત્યારે ત્રીજો ભાગ વ્યક્તિનો. ત્રીજો ભાગ ગ્રામની સંસ્થાનો અને ત્રીજો ભાગ એના સમાજનો લોનની રીતે. એમ ગોઠવણ કરી જ્ઞાતિજન માટે પોતાનું રહેઠાણનું સપનું સાકાર કરાવાતું હતું. કિંમતો વધતા લોનની રકમ વધારવામાં આવી હતી. અંદાજિત ૭૦૦ કુટુંબોને અત્યાર સુધી આ યોજના હેઠળ મદદ કરાઈ છે.

★ **સમૂહ લગ્ન :** સમાજને લગ્ન ખર્ચમાં સંયમની વારંવાર હાકલ કરનાર સેવા સમાજ છેલ્લા ૩૦ વર્ષથી સતત સમૂહ લગ્નનું આયોજન કરતું રહ્યું છે. અને ક્યાંક જરૂરિયાતની રીતે તો ક્યાંક સિદ્ધાંતની રીતે સમાજની વ્યક્તિઓ વર્ષાનું વર્ષ અંતે લાભ લેતી રહી છે.

★ **વૈદ્યકીય રાહત યોજના :** બીમારીનો ખર્ચ આજે કોઈ પણ વ્યક્તિને ભારી પડે છે ત્યારે છેલ્લા ૪૦ વર્ષથી સેવા સમાજ આવા જરૂરિયાતમંદોને આ યોજના હેઠળ સહાય આપતું રહ્યું છે. વર્ષે ત્રણેક લાખ રૂપીયાની સહાય આ યોજના હેઠળ અપાય છે. પરંતુ સેવા સમાજ એટલેથી અટકી નથી. એણે સમાજ ઘડતર અને સમાજ ચણતરનું કાર્ય પણ ભરી રાખ્યું છે.

- **જ્ઞાતિ સંમેલન :** ૧૯૯૭માં યોજાયેલ આ જ્ઞાતિ મહત્ત્વાકાંક્ષી સંમેલનમાં લગભગ દરેક જ્ઞાતિજને હોંશભેર ભાગ લીધો હતો. સમાજના દરેક વર્ગ અને દરેક વિષયને સ્પર્શતો સમાજના હિત માટેના ઠરાવો આ સંમેલનમાં પસાર કરવામાં આવ્યા હતા. અને એને જ્ઞાતિજનોએ હોંશભર વધાવ્યા હતા. કેટલાક ન સ્વીકૃત થયેલ ત્યારના ઠરાવો હવે આજે સ્વીકૃત થઈ રહ્યા છે.
- ક્રિકેટ ટુર્નામેન્ટ, વોલીબોલ ટુર્નામેન્ટ, રમતગમત હરીફાઈઓ ફક્ત અર્થ ઉપાર્જન અને ભણતર નહીં પરંતુ વ્યક્તિનો સર્વાંગી વિકાસ માટે સેવા સમાજ હરહંમેશ કાર્યરત રહી વર્ષાનું વર્ષ આવી હરીફાઈઓનું આયોજન કરતું રહ્યું છે અને યુવાનો એની આતુરતાથી રાહ જોતા રહે છે.
- શૈક્ષણિક સન્માન, શૈક્ષણિક માર્ગદર્શન સમિનાર, શૈક્ષણિક શુભેચ્છા સમારંભ, કરિયર કાઉન્સેલિંગ, વિદેશ જતા વિદ્યાર્થીઓ માટે Host familyની વ્યવસ્થા જેવા અનેક કાર્યક્રમો સેવા સમાજ દરેક ક્ષેત્રમાં ભણતા વિદ્યાર્થીઓ માટે કરતું રહ્યું છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમ, વક્તૃત્વ સ્પર્ધા, બહારગામના કેમ્પ, કોમ્પ્યુટર લોન વિ. કાર્યક્રમો પણ સેવા સમાજ જ્ઞાતિજનોના સર્વાંગી વિકાસ માટે દર વર્ષે કરતું રહ્યું છે.
- યુવાનોને સમાજની ગતિવિધિઓથી માહિતગાર કરવા અને સમાજ ઘડતરમાં કાર્યરત કરવા માટે Youth festival નું આયોજન ગત વર્ષે કરાયું હતું.

***અને આવુ તો ઘણું બધું...***

સેવા સમાજની આ ૬૫ વર્ષની મુસાફરીમાં અસંખ્ય નામી અનામી કાર્યકરોનો ફાળો રહ્યો છે. કોઈકના નામ લેવામાં કોઈકના નામ રહી જશે એવી ભૂલ ન કરવાની હોઈ વ્યક્તિ વિશેષોની ઉલ્લેખ ફરી ક્યારેક.

આજથી ૬૫ વર્ષ પહેલાનો આપણો સમાજ મુખ્યત્વે દાણાની દુકાનદારીના ધંધામાં અથવા નોકરીમાં, પરંતુ એની મહત્ત્વાકાંક્ષા મોટી. જરૂરત હતી એને દિશાસૂચનની, દોરવણીની, એક ટેકાની. સેવા સમાજે એ દરેક ભૂમિકા ભજવવાની સમયની જરૂરિયાત પ્રમાણે કોશિશ કરી. અને જોઈ લો કે આજનો આપણો સમાજ કોઈ પણ ક્ષેત્રમાં પાછળ નથી. સમાજની આ વિક્રમી છલાંગમાં સેવા સમાજની પ્રવૃત્તિઓનો ફાળો નાનો સૂનો તો નથી જ. ■

AMBA
SHIPPING AGENCIES

CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

# શ્રી કચ્છી વીસા ઓસવાલ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ

● કાંતિલાલ ગાલા ●
ઓફિસ સેક્રેટરી, શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ

જળભરી સરિતાના પ્રવાહની જેમ સમયનો પ્રવાહ પણ અસ્ખલિત ગતિએ વહેતો રહે છે.

શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ, સમયના પ્રવાહના આરે સ્થપાયેલું આવું જ એક પ્રેરણાદાયક મહાજન છે.

**શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી**
**જૈન મહાજન - મુંબઈ**
૭૦/૮૦, ડૉ. આંબેડકર રોડ,
વોલ્ટાસની સામે,
ચીંચપોકલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૨.
ફોન : (૦૨૨) ૨૩૭૨૧૦૮૪, ૨૩૭૩૪૬૭૮

આજથી લગભગ એકસો ચુમ્માલિસ વર્ષ પૂર્વે મુંબઈમાં સંવત ૧૯૨૫ની આસપાસમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજનની સ્થાપના થઈ. શેઠ શ્રી લાલજી ચાંપશી અને શેઠ શ્રી દેવજી ખીરાના નામે ભીંડીબજારમાં ધર્મક્રિયા કરવા જગ્યા ખરીદાઈ. સંવત ૧૯૪૫ની આસપાસમાં સ્થાનકવાસી સંપ્રદાયના આગેવાનો તરીકે શેઠ શ્રી લખમશી નપુ, ચાંપશી ભારાવાળા, લાલજી શેઠ તથા શેઠ શ્રી દેવજી ખીરા વગેરે કામ કરતા હતાં. તેમણે ચીંચપોકલી મધ્યે મુંબઈ સ્થાનકવાસી જૈન સંઘે ખરીદેલા ૨૦ હજાર વારના પ્લોટમાંથી હાલની મહાજનવાડી માટે પાંચ હજાર વાર જમીન શ્રી કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન માટે ખરીદી લીધી.

સંસ્થાના આગેવાનોએ સંકુચિત દૃષ્ટિ ન અપનાવતાં વિશાળ દૃષ્ટિ રાખી સમાજને કેન્દ્ર સ્થાને રાખી સંસ્થાનું બંધારણ ઘડેલ છે, કે જેથી શ્રી ક.વી.ઓ. જૈન સમાજનો દરેક સભ્ય આ સંસ્થાને મળતા લાભોનો હક્કદાર બની શકે.

સંસ્થાનું લોકશાહી માળખું ધરાવતું બંધારણ છે. સંસ્થામાં ટ્રસ્ટ બોર્ડ, અધિકારી બોર્ડ અને કાર્યવાહક સમિતિનો સમાવેશ છે. સભ્યો વડે ચાલતી આ સંસ્થા સંપૂર્ણ લોકશાહીથી ચાલે છે. જનરલ સભા આ સંસ્થામાં સર્વોપરી છે.

યુગ દ્રષ્ટા અને વિચક્ષણ વ્યક્તિત્વ ધરાવતા શેઠ શ્રી વેલજી લખમશી નપુની દીર્ઘ દૃષ્ટિએ આજથી ત્રાણું વર્ષ પૂર્વે એ જોઈ લીધું હતું કે હવે પછી શિક્ષણનો, જ્ઞાન અને વિજ્ઞાનનો જમાનો આવવાનો છે. ભવિષ્યમાં જે વ્યક્તિ અને સમાજ શિક્ષણમાં અગ્રેસર હશે તે બધી બાબતોમાં અગ્રેસર બની શકશે. એટલે એમણે શાળાઓ, છાત્રાલયો અને નાના મોટા વિદ્યાધામો સ્થાપવાની હૃદય સ્પર્શી હાકલ સમાજમાં કરી અને એ માટે પ્રબળ પુરુષાર્થ પણ કર્યો. મહાજનના અન્ય કાર્યકર્તાઓને ચીંચપોકલી મધ્યે આ શાળા શરૂ કરવાની વાત સમજાવી. એ સાદી વાત સમાજના અંતરમાં વસી ગઈ.

**વર્તમાન ટ્રસ્ટ સમિતિ અને અધિકારી બોર્ડ**

| *નામ* | *હોદ્દો* |
|---|---|
| C.A. અતુલ ચુનીલાલ ભેદા | મેનેજિંગ ટ્રસ્ટી |
| શ્રી કેકીન કુંવરજી પ્રેમજી છેડા | ટ્રસ્ટી |
| શ્રી ચંદ્રકાંત વલ્લભજી ગોગરી | ટ્રસ્ટી |
| શ્રી જયંતીલાલ ભીમશી ગંગર | ટ્રસ્ટી |
| શ્રી પ્રવીણ ભીમશી છેડા | ટ્રસ્ટી |
| શ્રી પ્રેમજી મેઘજી રાંભિયા | ટ્રસ્ટી |
| શ્રી વિજય ધારશી છેડા | ટ્રસ્ટી |
| શ્રી શાંતિલાલ ડુંગરશી મારૂ | પ્રમુખ |
| શ્રીમતી તરલાબેન જયંત છેડા | ઉપ પ્રમુખ |
| શ્રી વીરચંદ મુરજી વિસરીયા | માનદ્ મંત્રી |
| C.A. રાજેશ રાઘવજી શાહ | માનદ્ મંત્રી |
| શ્રી વિનેશ વશનજી મામણિયા | માનદ્ મંત્રી |

તા. ૧૦-૦૫-૧૯૧૭ના રોજ ૩૧ વિદ્યાર્થીઓ દાખલ કરી ધો. ૧ થી ૪ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા. આ પ્રગટાવેલ જ્ઞાનરૂપી જ્યોતે આજે અખંડ જ્યોતનું રૂપ ધારણ કરેલ છે.

આજે સંસ્થાના નેજા હેઠળ કુલ્લ છ શાળાઓ છે.

(૧) શ્રી વેલજી લખમશી નપૂ હાઈસ્કૂલ એન્ડ જુનિયર કૉલેજ ઑફ કોમર્સ,
(૨) શ્રી પ્રેમજી દેવજી કન્યા વિદ્યાલય
(૩) માતુશ્રી કુંવરબાઈ વેલજી વિદ્યામંદિર,
(૪) કુમારી ભદ્રાવતી રામજી શિવજી બાલમંદિર,
(૫) શ્રી દેવજી નાનજી કેનિયા એન્ડ શ્રી લાલજી વેલજી એન્કરવાલા ઈંગ્લિશ હાઈસ્કૂલ
(૬) માતુશ્રી ઉમરબાઈ લાલજી વેલજી એન્કરવાલા એન્ડ માતુશ્રી દેવકાંબાઈ નાનજી કેનિયા ઈંગ્લિશ પ્રિ-પ્રાઈમરી એન્ડ પ્રાઈમરી સ્કૂલ

શાળાની ઈન્ટરનેટ સુધીની કોમ્પ્યુટર લેબમાં અત્યંત આધુનિક કોમ્પ્યુટરનું શિક્ષણ આપવામાં આવે છે. આજે શાળાઓ ફૂલીફાલી ઉન્નતિ સાધી રહેલ છે.

સને ૧૯૬૯થી બુક બેંકની સ્થાપના કરવામાં આવેલ છે. બુક બેંકનો લાભ શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત સમાજના વિદ્યાર્થીઓ પણ લે છે. આ યોજના મધ્યમ તેમજ નિમ્ન મધ્યમ વર્ગનાં બાળકોને ખૂબ જ આશીર્વાદરૂપ છે.

સંસ્થાની ચીંચપોકલી - મુંબઈમાં મહાજનવાડી છે. તે ઉપરાંત દેવલાલીમાં શ્રી દેવજી ખેતશી આરોગ્યધામ, લોનાવલામાં શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામ અને માતુશ્રી ઉમરબાઈ લાલજી વેલજી એન્કરવાલા આરોગ્યધામ છે.

*સતત પોતાના હિતની ચિંતા કરનારા ગણતરીબાજ હોય છે.*

• **મહાજનવાડી :** લગ્નપ્રસંગો, સામાજિક પ્રવૃત્તિઓ, સેમિનારો, પ્રદર્શનો, ધાર્મિક પ્રવૃત્તિઓ અને અન્ય નાના મોટા પ્રસંગો માટે સમાજના સભ્યોને વાજબી દરે આપવામાં આવે છે. જેનાથી સમાજના સભ્યોની લાખો રૂપિયાની બચત થાય છે.

સાદાઈથી લગ્નની એક યોજના પણ અમલમાં છે. મુંબઈના ધાંધલીયા અને ભાગદોડભર્યા જીવનથી શાંતિ મેળવવા તેમજ તંદુરસ્તી પ્રાપ્ત કરવા મુંબઈથી નજીક આવેલ આરોગ્યધામો પર આરામ કરવા જઈ શકાય છે.

• **દેવલાલી :** શ્રી વેલજી લખમશી નપુના પ્રમુખપદે મળેલ સને ૧૯૬૨ની સામાન્ય સમિતિમાં નાસિક જિલ્લાના દેવલાલીમાં આરોગ્યધામ માટે જમીન ખરીદવા બીજ વવાયેલ, જે આજે વટવૃક્ષ બની સમાજ માટે આશીર્વાદરૂપ બનેલ છે.

શ્રી દેવજી ખેતશી પરિવાર તરફથી આરોગ્યધામને એમનું નામ જોડવાની શરતે દાન મળેલ છે. તેમાં નાના અને મોટા ૪૧ રૂમો (૧ બેડરૂમ હોલ અને રસોડા) સંપૂર્ણ સગવડ સાથે છે.

આ બિલ્ડિંગોની વચ્ચે એક સુંદર બગીચાની રચના કરવામાં આવેલ છે. તેમાં હરિયાળી લૉન છે. નાના છોકરાઓને રમવાના સાધનો છે. હીંચકા અને બાંકડાઓની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી છે કે એના વપરાશ કરનારને કુદરતના ખોળાની ભ્રાંતિ કરાવે છે.

બગીચાના આગળના ભાગમાં એક મઢુલી છે. જ્યાં વપરાશકારો સાથે બેસી યોગા, લાફિંગ ક્લબ, ધાર્મિક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ કે હરીફાઈઓ યોજી જીવનને સાચા અર્થમાં માણે છે.

બીમાર વ્યક્તિઓ અને સિનિયર સિટીઝનો માટે આ આશીર્વાદરૂપ છે.

**"બહુજન હિતાય બહુજન સુખાય."**
**"આપણા સમાજના યુગપુરૂષોએ હિતકારી પ્રવૃત્તિઓથી અવિસ્મરણીય ઈતિહાસ રચ્યો છે..."**
**તેમની વિરાટતાને વંદન...!**

• **લોનાવલા :** મુંબઈથી નજદીક આવેલું આ સ્થળ કુદરતની ભેટ છે. દરિયાની સપાટીથી ૨૦૬૩ ફૂટ ઊંચાઈ પર આવેલા આ સ્થળે સમાજ માટે એક આરોગ્યધામ હોવું જોઈએ તે વિચારનું બીજ સને ૧૯૭૦માં વવાયું હતું. સને ૧૯૭૪ની સામાન્ય સમિતિમાં તેનું અંકુર ફુટ્યુ. આશરે ૧૧,૪૦૦ વાર જમીન ખરીદવામાં આવી. શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી ટ્રસ્ટ તરફથી, આરોગ્યધામને એમનું નામ જોડવાની શરતે દાન મળેલ.

તત્કાલીન મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કુંવરજીભાઈ નાનજી કેનિયા, ટ્રસ્ટી શ્રી પ્રેમજી મેઘજી શાહ અને શ્રી ભવાનજીભાઈ રામજી દેઢિયાએ આરોગ્યધામના કાર્યને પૂરું કરવા કમર કસી હતી. અન્ય સાથીઓના સાથ સહકારથી પોતાના અંગત કામોને પડતા મૂકી એમણે આ કાર્યને અગ્રતાક્રમ આપી મંજિલ હાંસલ કરી.

આરોગ્યધામમાં નાના મોટા સેલ્ફ કન્ટેઈન્ડ ૪૨ બ્લોકો, ૨ હોલ અને એક જૈન ભોજનશાળા છે અને સંકુલની બરોબર વચ્ચે સુંદર બગીચો છે.




*લક્ષ્ય હાંસલ કરી લોનાવલા આરોગ્યધામ સમાજને અર્પણ કરતા મહાનુભાવો*

શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી આરોગ્યધામની લગોલગ દસ બંગલા સાથેનો પ્લોટ સને ૧૯૯૯માં ખરીદવામાં આવેલ. તે ઉપરાંત શ્રીમતી ઉમરબાઈ લાલજી વેલજી એન્કરવાલા તરફથી આરોગ્યધામને એમનું નામ જોડવાની શરતે દાન મળેલ.

• **પંચગીની :** મહાજનશ્રી પાસે પંચગીનીમાં એક રિઝર્વ પ્લોટ છે. જે તત્કાલીન મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દામજી લાલજી એન્કરવાલાની પ્રેરણાથી શ્રી હીરજી એન્ડ કું. ચેરિટેબલ ટ્રસ્ટે તેમના હસ્તકનો પ્લોટ મહાજનને, સમાજને ઉપયોગી થાય એ હેતુથી ભેટ આપેલ છે. ભવિષ્યમાં આ પ્લોટ વિવિધરૂપે સમાજને ઉપયોગી થાય એ રીતે એનું આયોજન કરવા વિચારણા થયેલ છે.

આગળ જતાં આ આરોગ્યધામોને વધારે આધુનિકતા આપી વધુ સુગમતભર્યા બનાવવાની યોજના છે. સંસ્થા સમાજના જરૂરિયાતમંદ પરિવારો માટે રાહત દરે આરોગ્યધામના વપરાશની યોજના ધરાવે છે.

સંસ્થાના નેજા હેઠળ માતુશ્રી મણિબાઈ શીવજી દેવજી કન્યા કેળવણી ફંડ ચાલે છે. જેની સ્થાપના ૧૯૬૮થી કરવામાં આવેલ છે. આ એવો સમય હતો જ્યારે કન્યા કેળવણી તરફ સમાજ ઘણો જ ઉદાસીન હતો. છોકરીને ભણાવીને શું કરવું છે? આ વિચારધારા પ્રવર્તમાન હતી તે સમયમાં સમાજના તત્કાલીન આગેવાન શ્રી દેવજી ખેતશી પરિવારના શ્રી શિવજી દેવજી તથા શ્રી ગાંગજી દેવજીએ કન્યા કેળવણી ફંડની યથાર્થતા સમજી માતબર રકમનું દાન આપ્યું. આની ફળશ્રુતિ આજે આપણે માણી રહ્યા છીએ. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં સંસ્થા તરફથી કુલ ૪૩૨ વિદ્યાર્થિનીઓને સ્કોલરશિપ અને ૧૫૬ વિદ્યાર્થિનીઓને વગર વ્યાજની લોન આપવામાં આવેલ છે.

સમાજમાં વિદ્યાર્થિનીઓને કેળવણી માટે સ્કોલરશિપ આપતી આ એકમેવ સંસ્થા છે.

સંસ્થા અન્ય સંસ્થાઓ સાથે મળી વિદ્યાર્થીઓને મૂંઝવણભર્યા

*બીજાઓ દ્વારા સારા કહેવડાવવાની ઈચ્છા મોટી નિર્બળતા છે. કહેવડાવો નહીં, જાતે સારા બનો.*



*માતુશ્રી મણિબાઈ શિવજી દેવજી કન્યા કેળવણી ફંડના અભિવાદન સમારોહના દીપ પ્રાગટ્યને વધાવતા અતિથિશ્રીઓ અને મહાનુભાવો*

તબક્કામાં રાહબર બની સાચો માર્ગ ચીંધે છે.

મહાજન દ્વારા શિક્ષણને અગ્રિમતા આપવામાં આવેલ છે. જેનાથી સમાજનો આર્થિક પાયો મજબૂત થાય અને સુદૃઢ અને સંસ્કારી સમાજનું નિર્માણ થાય.

સંસ્થા સમાજની અગ્રિમતા ધરાવનાર સંસ્થાઓ સાથે મળી સ્વબળે આવાસ ખરીદનાર સમાજના સભ્યોને વગર વ્યાજની લોન આપે છે.

સંસ્થા કૌટુંબિક સમૃદ્ધિ યોજના હેઠળ સમાજના જરૂરિયાતમંદ સભ્યોને ગૃહઉદ્યોગ તેમજ સ્વબળે ધંધો રોજગાર ચલાવવા વગર વ્યાજની લોન આપે છે.

સંસ્થા સમાજની બે મોભી સંસ્થાઓ સાથે મળી શ્રી ક.વી.ઓ. કેન્દ્રિય મધ્યસ્થી સમિતિ છેલ્લા ૯ વર્ષથી લગ્ન પછી થતા અણબનાવ અને પ્રોપર્ટી બાબતમાં કૌટુંબિક મિલકત માટે થતા વાદવિવાદો (સમાજના એક અતિ વિકટ કાર્ય) માટે મધ્યસ્થીનું કામ કરે છે. જેના સાનુકુળ પ્રત્યાઘાતો સાંપડે છે.

કેટલાયે પરિવારો વચ્ચે બનતા અણબનાવોને સમાધાન દ્વારા ઉકેલવામાં આ સમિતિનો ફાળો અગ્રેસર છે. કોર્ટ કચેરીઓના લાખોના ખર્ચ અને સમયનો થતો વેડફાટ બચાવી સમાજ માટે આ ઉદાહરણીય કાર્ય છે. સમિતિના સભ્યો કોઈપણ પ્રકારના રાગદ્વેષ વગર નિઃસ્વાર્થ સેવા કરે છે. સમિતિ દ્વારા વર્ષમાં બે વખત અપરણિત યુવક યુવતી અને કાયદેસર છૂટાછેડવાળા યુવક યુવતી માટે પરિચય મિલનનું આયોજન પણ કરાય છે.

સંસ્થા વ્યક્તિ વિકાસ સમિતિ દ્વારા વર્ષમાં મુંબઈથી બહાર વિદ્યાર્થીઓ માટે પર્સનાલિટી ડેવલપમેંટ તેમજ માર્શલ આર્ટના વર્કશોપ યોજી તેમનામાં આત્મવિશ્વાસ અને મનોબળ વધારવા અગત્યનું કાર્ય કરે છે. વિદ્યાર્થીઓ માટે પર્સનાલિટી ડેવલપમેંટ તેમજ કેરિઅર ગાઈડન્સના સેમિનારો યોજી તેમના માટે પથદર્શકનું કાર્ય કરે છે.

સંયુક્ત ખબરપત્રિકા સમિતિમાં શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન - મુંબઈ સાથે સમાન ધોરણે આ સંસ્થા જોડાયેલ છે. સમિતિ દ્વારા દરરોજ શ્રી કચ્છી વીસા ઓશવાળ જૈન ખબરપત્રિકાનું વિતરણ કરવામાં આવે છે. સમાજના ૩૨,૦૦૦ જેટલા પરિવારોને સમાજની રોજેરોજની પ્રવૃત્તિઓની માહિતીથી વાકેફ રાખે છે. જે સેવા સંપ અને સહકારનો બોલતો પુરાવો છે.

સંસ્થા તરફથી છેલ્લા આઠ વર્ષથી જૈનોલોજીના વર્ગો ચલાવવામાં આવે છે. મુંબઈના ધમાલીયા જીવનમાં પણ જૈન ફિલોસોફીનો અભ્યાસ કરવાની અમૂલ્ય તક પૂરી પાડે છે. આ વર્ગો દ્વારા સમાજના સભ્યો જૈન તીર્થંકરો, જૈન આગમ, છ દ્રવ્યો, નવ તત્ત્વો, અનેકાંતવાદ, સ્યાદ્‌વાદ, સંલેખના અને લેશ્યા આદિ વિષયોની નિષ્ણાતો દ્વારા છણાવટ અને સમજણ મેળવી શકે છે.

સંસ્થાની નારી ઉત્કર્ષ સમિતિ સમાજની નારીઓને પગભર થવા ગૃહઉદ્યોગ માટે માર્ગદર્શન આપે છે. મુંબઈના અલગ અલગ વિસ્તારોમાં વર્ષમાં છએક પ્રદર્શનો યોજે છે. જે ગૃહઉદ્યોગ કરતી તેમજ સ્વબળે આગળ વધતી નારીઓને આગળ વધવાની યોગ્ય તક પૂરી પાડે છે. અલગ અલગ પ્રકારના ડેમોસ્ટ્રેશનો યોજી નારીઓમાં આત્મવિશ્વાસનું સર્જન કરીને નારીઓને સ્વમાનથી જીવવાનું મનોબળ પૂરું પાડે છે.



*સમાજસેવા માટે તત્પર નારી ઉત્કર્ષ સમિતિ - મુંબઈના સભ્યો*

હાલે જ સને ૨૦૧૧માં શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન અને શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન દ્વારા સમાજમાં પ્રવર્તતા લગ્ન ખર્ચ બાબતના જૂના રિવાજો પૈકી લગ્નનો ખર્ચ છોકરીના પક્ષે આપવો પડતો હતો, તેના માટે વિચાર વહેતો મુકવામાં આવેલ કે લગ્ન એ પવિત્ર સંસ્કાર છે. આનંદ અને ઉત્સવ મનુષ્યને પ્રિય છે. પણ એનો ભાર કોઈના ખભે મૂકીને માણીશું તો એ સામાજિક અન્યાય બની જશે. તેથી હવેથી લગ્ન ખર્ચ બન્ને પક્ષો સાથે મળી સરખે ભાગે કરવો. જેને ટૂંક સમયમાં જ ઘણો સારો પ્રતિસાદ સાંપડેલ છે.

★ સમાજની ત્રણ અગ્રગણ્ય સંસ્થાઓ જેવી કે શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન અને શ્રી ક.વી.ઓ. સેવા સમાજે સાથે મળી નક્કી કરેલ છે કે સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા, વહેમ તેમજ સમાજમાં ઉપસ્થિત થતી અનેક વિટંબણાઓને દૂર કરવા સમાજને યોગ્ય માર્ગ ચીંધવો તેમજ સમાજને એક તાંતણે રાખી સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવું.

★ શાળાઓની પ્રવૃત્તિઓમાં વૈવિધ્યતા ઉમેરી શાળાઓને ઉચ્ચ સ્તરે લઈ જવી.

★ સમાજના સભ્યોનું આર્થિક અને સામાજિક જીવન ઉચ્ચ કક્ષાએ લઈ જવું. ■

# શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન - મુંબઈ

• પન્નાલાલ છેડા •
અધ્યક્ષશ્રી, શ્રી ક.વી.ઓ. દે.જૈન મહાજન - મુંબઈ

**શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન - મુંબઈ**
૪૦/૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૩.
મો. ૯૮૨૦૨ ૮૪૦૪૪

કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિનો છેલ્લાં બસ્સો વર્ષનો ઇતિહાસ લખવો હોય તો સમાજની સહુથી જૂની, જાજવલ્યમાન અને શિરમોર સંસ્થા ક.વી.ઓ દેરાવાસી જૈન મહાજન - મુંબઈના સૈકા જૂના દસ્તાવેજો સહુથી વધારે પ્રકાશ પાડી શકે.

આજે પણ વાંચી શકાય તેવી સ્થિતિમાં જળવાઈ રહેલી દેરાવાસી મહાજનની મિનિટ્સ બુક્સ પરથી ક.વી.ઓ. જ્ઞાતિનો ઇતિહાસ લખી ડૉક્ટરેટની ઉપાધિ મેળવી શકાય તેટલી ક્ષમતા આ દસ્તાવેજિકરણમાં છે.

મહદ્ અંશે એક ધાર્મિક ટ્રસ્ટ હોવા છતાં એના હેતુ અને ઉદ્દેશો એટલા વ્યાપક છે કે, સૈકા પૂર્વે સમાજના આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક એવાં તમામ પાસાંઓ પર એનો અંકુશ હતો. એ સમયે આપણી જ્ઞાતિનો વસવાટ મહદ્અંશે દક્ષિણ મુંબઈમાં હતો. યાતાયાતની મર્યાદિત સગવડો હતી. બાળકો ખપ પૂરતું શિક્ષણ લેતાં. મુખ્યત્વે વેપારવણજમાં આપણી દૃષ્ટિ હતી. પરદેશમાં રંગુન-બર્મામાં આપણા કેટલાક જ્ઞાતિજનો અનાજના વ્યવસાયમાં હતા અને ખૂબ પ્રતિષ્ઠા ધરાવતા હતા. વડોદરાના રાવસાહેબ શેઠશ્રી વીરજી ડાહ્યાભાઈ બર્મામાં રિઝર્વ બેંકના ચેરમેનપદે નિમાયા હતા. એ સમયે આપણી જ્ઞાતિમાં ઉચ્ચ અભ્યાસનું મહત્ત્વ બહુ ઓછું હતું તેમ છતાં ભણેલાઓને પણ પડખે મૂકી દે તેવી દીર્ઘદૃષ્ટિ ધરાવતા આપણા એ પૂર્વજો માટે આજે પણ આપણે ગૌરવ લઈ શકીએ છીએ.

આ સ્થળેથી કોઈ લાંબા લચક ઇતિહાસને ભદલે મહાજનશ્રીના અસ્તિત્વના અંશોની કેટલીક ઝાંખી માત્ર કરી શકીએ.

સગાઈ કે લગ્ન જેવી ઘટનાઓમાં ક્યાંય વિચ્છેદ થાય, આપસની લેવડદેવડમાં શરતભંગ થાય તો મહાજનશ્રીની મધ્યસ્થી એમાં ભાગ ભજવતી. ન્યાય માટે કોર્ટ નહિ બલકે મહાજનશ્રીના હોદ્દા પર બેઠેલા માનનીય ટ્રસ્ટીઓ આ ન્યાય તોળતા. વાદી અને પ્રતિવાદીઓ, તેમના સ્વજનો, ગામાઈઓ આસપાસના વિસ્તારોમાં વસતા દુકાનદોરાની જુબાની લેવાતી. સામાજિક અને આર્થિક સુરક્ષાઓને આધારે ન્યાય તોળાતો. ટ્રસ્ટીઓએ આપેલા ન્યાયને કોઈ ઉવેખી શકતું નહિ. મહાજનશ્રીના દફતરે તમામ વાદવિવાદો અને નિર્ણયો લખાતા. સમગ્ર ન્યાય સામાજિક દૃષ્ટિકોણના આધારે લેવાતો. આવી હતી મહાજનશ્રીની ગૌરવભરી પ્રતિષ્ઠા.

ગઈ કાલની હયાત પેઢી, આજની અને આવતી કાલની આપણી પેઢી નામ વાંચીને ગૌરવ અનુભવી શકે તેવા વડીલોના નામાભિધાન સાથે મહાજનશ્રીની ગૌરવગાથા જોઈએ.

વિક્રમ સંવત ૧૯૧૦ ના શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી ન્યાતના તે વખતના ટ્રસ્ટીઓમાં શા દેવરાજ ટોકરશી (ગઢશીસા), શા કચરા નપુ (નાનીખાખર) નાં નામ જાણવા મળે છે. ત્યાર પછી વિ.સં. ૧૯૧૫ એટલે કે ઈ.સ. ૧૮૫૯માં ભાતબજારના શ્રી આદેશ્વરજી જિનાલયના નિર્માણ અને ૨૪-૨-૧૮૬૦ ના થયેલી પ્રતિષ્ઠામાં શેઠશ્રી માલશી આસુ (ડુમરા) તથા શેઠશ્રી ગણપત નપુ (નાની ખાખર) નાં નામ જોવા મળે છે. મોઢું ભરાઈ જાય એવા સમાજના ટ્રસ્ટીઓમાં રાવસાહેબ, રાવબહાદુર અને જે.પી.ઓ. હતા. આવા કેટલાક સુપ્રસિદ્ધ ટ્રસ્ટીઓ હતા; રાવસાહેબ, શેઠશ્રી રવજી સોજપાલ જે.પી. (લાયજા), રાવસાહેબ શેઠશ્રી દેવજી ધારશી જે.પી. (નવાવાસ), રાવબહાદુર શેઠશ્રી નાનજી લધાભાઈ જે.પી. (નાની ખાખર), શેઠશ્રી ખીમજી શામજી (ગઢશીસા), રાવબહાદુર શેઠશ્રી દેવજી ટોકરશી જે.પી (ભુજપુર), શેઠશ્રી ઘેલાભાઈ મુનશી (નવાવાસ), શેઠશ્રી લાલજી ભારમલ (વીંઢ), શેઠશ્રી હીરજી ઘેલાભાઈ (નવાવાસ), શેઠશ્રી પાંચુભાઈ મણસી (ગોધરા), શેઠશ્રી કુરપાર હેમરાજ (કોડાય), શેઠશ્રી રતનશી મુરજી (ડુમરા), શેઠશ્રી હંસરાજ કુંવરજી (ગોધરા).

આપણા સમાજનું આ ગૌરવભર્યું જિનાલય આવતા વર્ષે દોઢ સદી પૂરી કરી રહ્યું છે.

એવી જ રીતે અત્યારે જેના શતાબ્દી વર્ષનો પ્રારંભ થઈ ચૂક્યો છે એવા શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૬૪ ના ફાગણ સુદી-૩ તા. ૫-૬-૧૯૦૮ ના થઈ છે, ત્યારે નવા ટ્રસ્ટીઓ શેઠશ્રી દેવરાજ ટોકરથી (ગઢશીશા), શેઠશ્રી કચરા નપુ (નાનીખાખર), શેઠશ્રી ભવાનજી શામજી (ભુજપુર), શેઠશ્રી દેવજી મુનશી (નવાવાસ) અને શેઠશ્રી ઉમરશી ખેતશી (નાના આસંબિયા) નાં નામ જોવા મળે છે.

ત્યાર પછી લાલબાગ સ્થિત મહાજનશ્રીના શ્રી સુવિધિનાથજી જિનાલયની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૨ ના તા. ૨૩-૬-૧૯૨૬ માં થઈ ત્યારે શેઠશ્રી ઉમરશી ગોસર (ભુજપુર), શેઠશ્રી કુંવરજી કુરપાર (કાંડાગરા), શેઠશ્રી શામજી લધાભાઈ (નાની ખાખર) અને શેઠશ્રી કાનજી ડુંગરશી (કપાયા) નાં નામ જોવા મળે છે.

ઈ.સ. ૧૯૩૦ સુધીની મિનિટ્સ બુકોમાં જોવા મળેલ મહાજનશ્રીની કાર્યવાહીમાં ઈ.સ. ૧૯૦૨ માં જ્ઞાતિભાઈઓએ જ્ઞાતિનાં બાળકોને ધાર્મિક તેમજ વ્યવહારિક શિક્ષણ આપવા રૂ. ૪૦,૦૦૦

***બીજાની ભલમનસાઈમાં શ્રદ્ધા હોવી તે માણસની પોતાની ભલમનસાઈ વિશેનું પ્રમાણપત્ર છે.***

ની રકમ એકઠી કરી શ્રી દેરાવાસી મહાજનને સુપરત કરેલ. તે વખતની મહાજનવાડી તરીકે ઓળખાતી જગ્યામાં શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન હાઈસ્કૂલની સ્થાપના થઈ. આ શાળા શરૂ કરવામાં મુખ્ય ફાળો મોટી ખાખરના શેઠશ્રી કોરશી કેશવજીનો હતો. એમના જ વિદુષી પત્ની માતુશ્રી પુરબાઈએ ઈ.સ. ૧૯૧૬ માં રૂ. ૨૫૦૦૦ ની રકમ દેરાવાસી મહાજનને અર્પણ કરતાં કન્યાઓ માટે પુરબાઈ કન્યા શાળા સ્થપાઈ હતી. આજે એક સદી પસાર કરી આ શાળા તેના પુનરુદ્ધારની રાહ જોઈ રહી છે.

ઈ.સ. ૧૯૧૦માં બંધાયેલી પાલિતાણાની માતુશ્રી પુરબાઈ ધર્મશાળા, પાલિતાણા જતાં આપણાં હજારો યાત્રિકો માટે એક મહત્ત્વનું સ્થાન હતી. છેલ્લા બે ત્રણ દાયકાથી પાલિતાણામાં તળેટી તરફના યાત્રિકગૃહોનું મહત્ત્વ વધતાં બજારમાં આવેલી પુરબાઈ ધર્મશાળા યાત્રિકોની અવરજવરથી વિમુખ બની જતાં સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે એક ટ્રસ્ટને વેચવામાં આવી છે.

દેરાવાસી મહાજને તેની દોઢ સૈકાની યાત્રામાં અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ ઉપરાંત શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી છે. સમાજમાં સહુ પ્રથમ ડૉક્ટર, સર્જન, ઈજનેર, વગેરેનું શિક્ષણ લેનારાઓનું અભિવાદન કર્યું છે. આઝાદીની ચળવળમાં ભાગ લેનારાઓનું, જેલમાં જનારાઓનું સન્માન કર્યું છે. સમાજને દોરવણી આપી છે, નવો રાહ ચીંધ્યો છે.

સન્માનનો એક ઠરાવ જોઈએ; (અક્ષરશઃ)

***મુંબઈ તા. ૧૪ એપ્રિલ, સન ૧૯૨૫***

*"શા કાનજી રવજી એ દરખાસ્ત કરી જે સંવત ૧૯૭૦ ના ભાદરવા સુદ ૭ ગરેઉ મળેલી ન્યાતની મિટીંગમાં ઠરાવ કરવામાં આવેલ છે જે આપણી ન્યાતના શેઠ સેજુ કાયા જેમને નામદાર શરકારે રાવ સાહેબનો માનવંતો ખેતાબ આપેલ છે તે માટે યુક્ત શેઠને એક માનપત્ર ન્યાત તરફથી આપવો. મજકુર ઠરાવની રૂએ આપણી ન્યાત તરફથી ચાલુ શાલના પ્રથમ વઈસાખ સુદ ૧૧, સં. ૧૯૭૧ ને રવિવારની રાતના એક માનપત્ર આપવાનું જાહેર મેળાવડો, ન્યાતની મહાજનવાડીમાં કરવો. તેને શા દેવજી ધારશીએ ટેકો આપવાથી દરખાસ્ત પસાર થઈ હતી."*

★

દેરાવાસી મહાજનશ્રીના મોવડીઓ પૈકી છ-છ દાયકા પર્યંત ટ્રસ્ટીપદ ભોગવનાર મહાનુભવો સાચા દીર્ઘદ્રષ્ટા હતા. સમાજ અને રાજકારણ પર એમનો પ્રભાવ હતો. એમને હૈયે લોકહિત હતું. સમાજને એમણે આપેલું યોગદાન અનેરું હતું.

અસ્તિત્વના અંશો અને ઝાંખીમાં ત્યારપછીનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ આવે છે શ્રી ખીમજી માડણ ભુજપુરિયાનું. માત્ર કચ્છી સમાજ નહિ બલકે સમગ્ર જૈન જગત પર છવાઈ ગયેલું એમનું વ્યક્તિત્વ અજોડ હતું. શિક્ષણ, ધર્મ, આરોગ્ય પ્રવૃત્તિ, સ્ત્રી કેળવણી, પ્રૌઢ શિક્ષણ, સામાજિક રૂઢિઓનો બહિષ્કાર એવી અનેક અનેક પ્રવૃતિઓના તેઓશ્રી જન્મદાતા હતા, પ્રેરક હતા, પૂરક હતા. એમણે સંભાળેલું મહાજનશ્રીનું નેતૃત્વ એ સુવર્ણકાળ હતો. એમની પ્રતિભાશક્તિ, વ્યક્તિત્વ વડે વર્ષો સુધી સમાજની અનેક સંસ્થાઓ પર તેઓશ્રી છવાયેલા રહ્યાં. તેમના સમયકાળ દરમ્યાન નવી મહાજનવાડીની સ્થાપના થઈ. કચ્છી સમાજની પ્રવૃત્તિનું માધ્યમ રહી. આજે પણ ક.વી.ઓ. સેવા સમાજ જેવી માતબર સંસ્થા અહીંથી તેની કાર્યપંખોને વિસ્તારી રહી છે.

આજે પણ કચ્છી સમાજ ઇચ્છે છે કે અભિવંધ એવા શ્રી ખીમજી માડણ ભુજપુરિયાની સ્મૃતિ ચિરકાલીન બને. આશા રાખીએ કે તેમણે વાવેલાં સેવાનાં મૂળિયાં ગમે તે પળે તેમની સ્મૃતિ સાથે નવપલ્લવિત બની રહેશે.

### શ્રી કચ્છી વીસા ઓસવાલ દેરાવાસી જૈન મહાજનની હાલની અસ્ક્યામતો

**(૧) ભાતબજાર/ચીંચબંદર**

★ શ્રી આદેશ્વરજી જિનાલય
★ ખબરપત્રિકાની ઑફિસ
★ કચ્છી જૈન અસ્મિતા કાર્યાલય
★ દેરાસરની નીચે વખાર
★ દેરાસરની બાજુમાં ગોડાઉન
★ વર્ધમાન મેન્શન
★ શ્રી ક.વી.ઓ. દે. જૈન હાઈસ્કૂલ (અંદાજિત બાંધકામ ૫૦,૦૦૦ ચો.ફૂટ)
★ મહાજનવાડી

***મહાજનવાડીની વિગત***

પહેલે માળે : મોટો હોલ, ટેરેસ, ભોજન કક્ષ, વરકન્યાના રૂમ (આશરે બાંધકામ ૧૦,૦૦૦ ચો.ફૂટ)

બીજે માળે : ઉપાશ્રય, ક.વી.ઓ. મહિલા મંડળની પ્રવૃત્તિ માટેનો વિભાગ

ત્રીજે માળે : સેવા સમાજ સંકુલ, અતિથિ ગૃહના ૧૮ રૂમ

ચોથે માળે : મહાવીર જૈન વિદ્યાલય માટે ૫૨ રૂમ.

ગ્રાઉન્ડ ફ્લોર : ભાડે અપાયેલ દુકાનો તથા ગોડાઉન.

**(૨) લાલ બાગ**

★ સુવિધિનાથ જિનાલય
★ આયંબિલ ભવન
★ બે ઉપાશ્રય
★ હૉલ

**(૩) ઘાટકોપર**

★ જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય
★ ઉપાશ્રય (નૂતનીકરણ કરવામાં આવનાર છે.)
★ હૉલ (નૂતનીકરણ કરવામાં આવનાર છે.)
★ ભાડે અપાયેલ જૂના પટ (નૂતનીકરણ કરવામાં આવનાર છે.)
★ અતિથિગૃહ

**(૪) પાલિતાણા**

★ કચ્છી ભુવનમાં આદેશ્વરજી જિનાલય
★ ઉપાશ્રય
★ ૪ અતિથિગૃહ સંકુલ (નાના-મોટા ૫૭ રૂમ)
★ ભોજનાલય
★ પુરબાઈ ધર્મશાળા

*જ્યાં સુધી લક્ષ્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી આગળ વધતા રહો. જ્યાં સુધી રસ્તો ન મળે ત્યાં સુધી મનન કરો.*

ત્યાર પછીનાં વર્ષોમાં મારી સ્મૃતિમાં છે તેવા મહાજનની ધૂરા સંભાળનારાઓ શ્રી તેજશી ખેરાજ મજગામવાળા, શ્રી વીરજી નરશી સાલિયા, શ્રી રવજી ખીમજી છેડા, શ્રી વાલજી આણંદ છેડા, શ્રી નાનજી રવજી શીવરીવાલા, શ્રી ખીમજી શિવજી, શ્રી રતનશ્રી રાજપાળ દેઢિયા, શ્રી ચનાભાઈ ખેતશી, શ્રી જીવરાજ ભાણજી શાહ, શ્રી મોરારજી જેઠાભાઈ, શ્રી દામજી દેવજી શાહ, શ્રી ટોકરશી ભૂલાભાઈ વગેરે રચનાત્મક કાર્યકરોએ વર્ષો સુધી મહાજનશ્રીની કાર્યવાહીને પારદર્શક રાખી. એવી જ રીતે ક.વી.ઓ. દેરાવાસી જૈન હાઈસ્કૂલને શ્રી લીલાધર પાસુ શાહ, શ્રી રામજી રવજી લાલન, શ્રી મોરારજી રાયશી, શ્રી અમૃતલાલ પાંચુભાઈ, શ્રી પ્રવીણચંદ્ર શિવજી છેડા (શાહ), ડૉ. કુંવરજી રાયશી જેવા ધરખમ આગેવાનો મળ્યા.

ઈ.સ. ૨૦૦૩ પૂર્વેના પુરોગામી સૂત્રધારોએ પાલિતાણામાં કચ્છી ભુવનનું નિર્માણ કર્યું. જેમાં વર્ષોથી મહાજનશ્રીના હોદ્દા પર રહેલા શ્રી ચંદુભાઈ ફ્રેમવાળાની કલા દૃષ્ટિ દ્વારા બનેલું કલાત્મક જિનાલય સમગ્ર પરિસરનું મહત્ત્વનું અંગ છે. જિનાલય ઉપરાંત અતિથિગૃહોનું સંકુલ, ઉપાશ્રય, ભોજનાલય, પરબ વગેરેનું નિર્માણ થયું, જેમાંનાં કેટલાંક અંગોનું નૂતનીકરણ કરવામાં આવ્યું. ટૂંક સમયમાં અહીં લિફ્ટની સગવડ પણ થઈ જશે.

સાંપ્રત ટ્રસ્ટીઓ અને અધિકારીઓએ ઈ.સ. ૨૦૦૩ થી મહાજનના વહીવટના સૂત્રો સંભાળ્યાં. મહાજનશ્રીના ચારેય જિનાલયો, ભાત બજાર, લાલ બાગ, ઘાટકોપર અને પાલિતાણામાં સારી એવી રકમ ખર્ચી સહુને નવું સ્વરૂપ આપ્યું છે. નવી મહાજનવાડીના બાકીના સંપૂર્ણ સંકુલનું નૂતનીકરણ કરી તેના વિશાળ હોલને વાતાનુકૂળ બનાવી કલાત્મક બનાવ્યું, નવા બેન્કબેટ હોલનું સર્જન કર્યું, ઉપાશ્રયને સુંદર અને વિશાળ બનાવી ભાવમય બનાવ્યું છે. સેવા સમાજના સંકુલને વિશાળતા આપી તેની કાર્યક્ષમતા વધારી આપી છે.

મહાજનશ્રીનાં સદનસીબ છે કે છેલ્લા પાંચેક મહિનામાં પાલિતાણામાં સ્થિત સાધુ-સાધ્વીજી ભગવંતોએ અત્યંત મોટી સંખ્યામાં ગોચરીનો લાભ આપ્યો છે. દેરાવાસી મહાજને 'સુપાત્રે દાન' નું અભિયાન શરૂ કરી મળતું હોવા છતાં બે પાંચ દાતાઓ પાસેથી મોટી રકમો લેવાને બદલે સામાન્ય જનસમાજ પાસેથી નાની-મોટી રકમો એકઠી કરી સમાજને આ દાનનું મહત્ત્વ સમજાવી તેમને પુણ્યના ભાગીદાર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. કચ્છી જૈન સમાજે આ અભિયાનનો પુરસ્કાર કર્યો છે એનો મને આનંદ છે.

મહાજનશ્રીના અત્યારના પ્રમુખ શ્રી પોપટલાલ ભારમલ શાહ, મેનેજિંગ ટ્રસ્ટીઓ શ્રી જગશી જેઠાભાઈ છેડા (ચેરમેન), શ્રી પન્નાલાલ ખીમજી છેડા, શ્રી મૂલચંદ લખમશી સાવલા અને શ્રી નવીન ઉમરશી ગંગર છે. ઉત્સાહી ટ્રસ્ટીઓ શ્રી કીર્તિ કેશવજી સાવલા, ઠાકરશી મેઘજી શેઠિયા, હરખચંદ ખીમજી ગંગર, નવીન દેવરાજ દેઢિયા, શાંતિલાલ ધનજી દેઢિયા, દેવચંદ ભવાનજી છેડા અને શ્રી રામજી શામજી ધરોડ છે. ઉપપ્રમુખ શ્રી અરવિંદ મેઘજી છેડા અને માનદ્ મંત્રીઓ શ્રી ખીમજી કેશવજી ગોગરી અને શ્રી વલ્લભ પ્રેમજી શાહ છે.

એ જ રીતે ક.વી.ઓ. દેરાવાસી હાઈસ્કૂલમાં હમણાં જ શ્રી પન્નાલાલ ખીમજી છેડાએ ચેરમેનનું સ્થાન સ્વીકાર્યું છે. ટ્રસ્ટીઓ સર્વશ્રી CA લક્ષ્મીચંદ નાનજી મારૂ, CA મુકેશ ધીરજલાલ દેઢિયા, ફિલીપ હિતેનચંદ્ર શાહ MBA છે. પ્રમુખ તરીકે લલિત નાનજી હરિયા, ઉપપ્રમુખ કાનજીભાઈ ખીમસરીયા અને માનદ્ મંત્રીઓ તરીકે કપૂરચંદ મેઘજી ગાલા અને CA રાજેશ તલકશી ગાલા અને પ્રવીણ ઠાકરશી દેઢિયા.

બન્ને સંસ્થાઓના કારોબારીની વિશાળ સંખ્યાએ સૂત્રધારોને સદાયે ટેકો પૂરો પાડ્યો છે અને દેરાવાસી મહાજનની ગરિમાને વધારી છે.

લગભગ પોણી સદી પહેલાં આઝાદીની લડત વખતે સમાજમાં કેટલાંક ભાઈબહેનો દેશદાઝ રાખીને ભાગ લેતાં હતાં, તેના પુરાવારૂપે દહેરાવાસી મહાજનની જનરલ સભાની મિનિટ્સ બુકમાંથી લીધેલ એક વિગત અહીં પ્રસિદ્ધ કરીએ છીએ. જે આ મહાન મહાજન સંસ્થાની વિચારધારાનું પ્રતિબિંબ પાડે છે. વિવિધ મહાજનોએ આવાં કાર્યોની અનુમોદના કરી છે. જેનું અક્ષરશઃ લખાણ અહીં રજૂ કરીએ છીએ.

***મુંબઈ તા. ૨૦-૧૨-૧૯૩૦***

*"શ્રી કચ્છી વીસા ઓસવાળ દહેરાવાસી મહાજનની એક જનરલ સભા ૧૯૮૭ પોષ સુદ-૧ શનિવાર તા. ૨૦-૧૨-૩૦ ના રોજ રાતના મુંબઈ ટાઈમ ૮ વાગે ભાતબજાર શ્રી આદેશરજી મહારાજના દેરાસરમાં નીચેના હૉલમાં ભેગી મળેલ" તેમાં આવેલ ભાઈઓ હાજરી ૧૦૬ જણ.*

*"શા દેવજી મુરજી વગેરે ભાઈઓની પરદેશી કપડા વગેરે નહી ખરીદવાનો ઠરાવ કરવા માટે આવેલ કાગળ સભા સનમુખ વાંચી સંભળાવતાં તેને લગતી કેટલીક ચર્ચા થયા બાદ રાવસાહેબ શેઠ રવજી સોજપાલે દરખાસ્ત કરી કે આ બાબત માટે આપણે એકલા ઠરાવ કરીએ તે કરતાં આપણા સ્થાનકવાસી ભાઈઓ સાથે મલી આપણા સગળા કચ્છી વીશા ઓસવાળ ભાઈઓની ભેગી મીટીંગ મલી ઠરાવ કરે તો તેવો ઠરાવ વધુ અનુકુળ પડતો થઈ પડશે. તેનાં માટે સ્થાનકવાસી બંને તડોના ભાઈઓથી મલી તેવી ચરચા કરવા શા વીરજી પાલણ, શા જેસંગ વેલજી, શા ખીમજી માદણ અને દેવજી મુરજીની એક કમેટી નીમવી," તેને શા નેણશી ભોજરાજે ટેકો આપવાથી દરખાસ્ત સર્વાનુમતે પાસ થઈ.*

*શા જેસંગ વેલજી તરફથી દેશ સેવા અર્થે જેલમાં ગયેલ આપણી જ્ઞાતિનાં ભાઈઓ અને બહેનોને અભિનંદન આપવાનો ઠરાવ કરવા આવેલ કાગળ સભા શનમુખ વાંચી સંભળાવતાં નીચેનાં નામવાળા ભાઈઓ તથા બહેનો જેઓ દેશસેવા અર્થે જેલમાં જઈ પાછા આવેલા છે અને કેટલાક હજી જેલ ભોગવી રહેલ છે તેઓને આજની સભા અભિનંદન આપે છે તે ઠરાવ પ્રમાણે જે ભાઈઓ જેલમાંથી પાછા આવેલ છે તેઓને અભિનંદન પત્ર હમણા લખી મોકલવા અને જેઓ હજી જેલ ભોગવી રહેલ છે તેઓ છૂટી આવેથી તેઓને અભિનંદન પત્ર લખવા અને તે છૂટી આવે તે વારે તેનાં ખબર શા જેસંગ વેલજીએ*

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૨૭ ઉપર)**

***માનવની સંકલ્પશક્તિ એટલી પ્રચંડ છે કે તે માર્ગમાં આવતા દરેક અવરોધોને પગ નીચે કચડીને આગળ વધી શકે છે.***

# શાહ માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર

• પોપટલાલ ભારમલ શાહ •
પ્રમુખ, શ્રી કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર - મુંબઈ

આ સંસ્થાની સ્થાપના તા. ૭-૯-૧૯૫૧ના રોજ સેવાભાવી મુનિશ્રી શુભવિજયજી મ.સા. ની પ્રેરણાથી કરવામાં આવી હતી. આજે આ સંસ્થા સાધાર્મિક ભાઈઓને માત્ર રૂ. ૪૫૦ ના માસિક પાસમાં બે ટંકનું શુદ્ધ સાત્વિક ભોજન જમાડે છે. બીમારી, લગ્ન-પ્રસંગ કે નાની-મોટી અડચણોના ટાણે સાધાર્મિક પરિવારોને સંસ્થાના અતિથિગૃહમા માસિક ભાડા રૂ. ૮૦૦ મા સીંગલ રૂમ તથા રૂ. ૧૪૦૦ મા ડબલરૂમ ટૂંકા ગાળા માટે ભાડે આપવામાં આવે છે. એસ.એસ.સી. પછી ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છુક સાધાર્મિક વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે સત્ર ફી ના રૂ. ૫૦૦/- ના દરે સંસ્થાના વિદ્યાર્થીગૃહમા ઘર જેવી સુવિધા પૂરી પાડવામાં આવે છે. સંસ્થાના મેડિકલ સેન્ટરમાં નાત-જાતના ભેદભાવ વિના દર્દીઓને વાજબી ભાવે સારવાર આપવામાં આવે છે.

**શાહ માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા**
**કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર**
૧૨૨, ડૉ. મૈશેરી રોડ, ડોંગરી,
મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : (૦૨૨) ૨૩૭૭૦૧૦૮

**શાહ માલશી ઘેલાભાઈ ગુંદાલાવાલા કચ્છી જૈન સર્વોદય કેન્દ્ર સંચાલિત સંસ્થાઓ**

★ શ્રીમતી લક્ષ્મીબહેન ધનજી દેવશી હેલ્થ સેન્ટર
★ શ્રીમતી અરુણાબહેન નવીનચંદ્ર ઠાકરશી વિસરિયા - પેથોલોજી વિભાગ
★ શ્રી બોમ્બે દાલ મિલર્સ એન્ડ મર્ચન્ટ્સ એસોસિએશન - સોનોગ્રાફી એક્સ-રે વિભાગ
★ શ્રી વીરજી નરશી નાગશી ભોજનાલય
★ શાહ ઘેલાભાઈ હંસરાજ સાવલા રામાણિયાવાલા ધર્મશાળા
★ શ્રીમતી ગંગાબાઈ હીરજી સાવલા રામાણિયાવાલા આરામગૃહ
★ માતુશ્રી ગોમીબાઈ રાયશી મેકા રાયધણજરવાલા વિદ્યાર્થીગૃહ

મોતિયાના ઑપરેશન અને આધુનિક લેન્સ બેસાડવાની પ્રક્રિયા ફેકો મશીન દ્વારા માફક દરે કરવામાં આવે છે. પેથોલોજી વિભાગ, સોનોગ્રાફી અને એક્સ-રે વિભાગ, દંત વિભાગ, ઈ.એન.ટી. વિભાગ, ઓર્થોપેડિક વિભાગ, સ્ત્રીરોગ, બાળરોગ, ચામડીના રોગ, ડાયાબિટીસ, થાઈરોઈડ, કુષ્ઠરોગ, ક્ષયરોગ, હોમિયોપેથી અને જનરલ બીમારીઓ માટે નિષ્ણાત તબીબો સેવા આપે છે. ચશ્માના નંબર માત્ર રૂ. ૬૦/- માં કાઢી આપવામાં આવે છે. સંસ્થા, સામાજિક મીટિંગો તથા જુદા-જુદા પ્રસંગો માટે ૪૦ માણસોની કેપેસીટીવાળો એ.સી. હોલ ત્રણ કલાક માટે રૂ. ૫૦૦ અને નોન એ.સી. રૂ. ૨૫૦ ના દરે ભાડે આપે છે.

પ્રભુ મહાવીરે ચીંધેલા 'માનવસેવા એજ પ્રભુસેવા' ના માર્ગને આ સંસ્થા અનુસરતી આવી છે.

## સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | શ્રી પોપટલાલ ભારમલ શાહ | મોટી રાયણ | ટ્રસ્ટી |
| ૨. | શ્રી બકુલભાઈ ઉમરશી શાહ | નાગલપુર | ટ્રસ્ટી |
| ૩. | શ્રી મનહર કેશવજી ગોગરી | પત્રી | ટ્રસ્ટી |
| ૪. | શ્રી નીતિન મેઘજી મારૂ | કપાયા | ટ્રસ્ટી |
| ૫. | શ્રી વલ્લભ પ્રેમજી શાહ | લઠેડી | ટ્રસ્ટી |
| ૬. | શ્રી તારાચંદ મોરારજી ગાલા | રાયધણજર | દાતા ટ્રસ્ટી |
| ૮. | શ્રી નેમજી મોરારજી માલશી | ગુંદાલા | દાતા ટ્રસ્ટી |
| ૮. | શ્રી અમરીષ મણિલાલ તેજાણી | મુંદ્રા | આમંત્રિત |

## સંસ્થાના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો

| ક્રમ | નામ | કચ્છમાં ગામ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | શ્રી પોપટલાલ ભારમલ શાહ | મોટી રાયણ | પ્રમુખ |
| ૨. | શ્રી નવીનચંદ્ર વેરશી સંગોઈ | ગુંદાલા | માનદ્ મંત્રી |
| ૩. | શ્રી મનહર કેશવજી ગોગરી | પત્રી | માનદ્ મંત્રી |
| ૪. | શ્રી તલકશી ચનાભાઈ ગાલા | કોટડી મહાદેવપુરી | કારોબારી સભ્ય |
| ૫. | શ્રી તલકશી વશનજી ગોસર | ગોધરા | કારોબારી સભ્ય |
| ૬. | ડૉ. ધીરજ કેશવજી બૌઆ | નાની તુંબડી | કારોબારી સભ્ય |
| ૭. | શ્રી પ્રવીણ ગણપત સંગોઈ | પુનડી | કારોબારી સભ્ય |
| ૮. | શ્રી બંસીલાલ મોરારજી છેડા | કાંડાગરા | કારોબારી સભ્ય |
| ૯. | શ્રી રતિલાલ ગાંગજી સાવલા | ડેપા | કારોબારી સભ્ય |
| ૧૦. | શ્રી સુરેન્દ્ર આસારીઆ છેડા | મોટા આસંબિયા | કારોબારી સભ્ય |
| ૧૧. | શ્રી હેમરાજ પાંચારીઆ શાહ | તલવાણા | કારોબારી સભ્ય |
| ૧૨. | શ્રી મહેન્દ્ર દેવજી દેઢિયા | ગઢશીશા | કારોબારી સભ્ય |
| ૧૩. | શ્રી ઉષાકાંત હીરજી ગાલા | | કારોબારી સભ્ય |
| ૧૪. | શ્રી રમેશચંદ્ર કેશવજી સાયલા | | કારોબારી સભ્ય |
| ૧૫. | શ્રી ઝવેરીલાલ લધુ વિસરિયા | કુંદરોડી | કો-ઓપ્ટ સભ્ય |
| ૧૬. | શ્રી ભરત પ્રેમજી સૈયા | ગેલડા | કો-ઓપ્ટ સભ્ય |
| ૧૭. | શ્રી મહેશ ડુંગરશી સોજુમોતા | બિદડા | કો-ઓપ્ટ સભ્ય |

*યોગ્યતા મેળવ્યા વગર ઉજ્જવળ ભવિષ્યની કલ્પના કરવી વ્યર્થ છે. સફળતા માટે પુરુષાર્થ કરવો પડે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

• દિનેશ આર. મહેતા •
સહમંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
E-mail : kutchi_jainamd@hotmail.com
Website : kutchijainahd.org

૫૦ વર્ષોની સમાજસેવાની યશસ્વી મંજિલ પૂરી કરી શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદે તા. ૧૪-૪-૨૦૧૨ થી ૧૩-૪-૨૦૧૩ દરમિયાન આખું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ - મહોત્સવ તરીકે ઊજવ્યું. આ સમય દરમિયાન લગભગ ૧૨ મુખ્ય કાર્યક્રમો અને નાના-મોટા અન્ય ૫૦થી વધારે કાર્યક્રમોનું ખૂબજ દબદબાભેર આયોજન કર્યું હતું. આ વિગતથી સંસ્થાની બહુમુખી સામાજિક વિશાળ પ્રવૃત્તિઓનો અંદાજ મળી શકે તેમ છે.

**★ સમાજની રચના :**

વર્ષ ૧૯૪૭માં ખૂબ જૂજ પરિવારજનો અમદાવાદમાં વસવાટ કરતા હતા. ત્યારબાદ વર્ષ ૧૯૬૦માં મુંબઈ રાજ્યના વિભાજન બાદ વિવિધ ઘટક સમાજોના કુટુંબો અમદાવાદમાં આવતાં, કુલ પરિવારજનોની સંખ્યામાં નોંધનીય વધારો થયો હતો. આ કારણે વર્ષ ૧૯૬૩માં 'શ્રી કચ્છી જૈન વીસા ઓસવાળ મિત્ર મંડળ' ની સ્થાપના કરવામાં આવી હતી. તે વખતે અંદાજે એકસો પરિવારોનો વસવાટ હતો. ત્યારબાદ ૧૯૭૦માં શ્રી કચ્છી જૈન વીસા ઓસવાળ મિત્ર મંડળનું 'શ્રી કચ્છી જૈન સમાજ' માં પરિવર્તન થયું. ત્યારે પરિવારોની સંખ્યા ૨૦૦થી વધારે થઈ હતી.

★ ૧૯૭૦ થી ૧૯૮૪ સુધી આ સંસ્થા નાના પાયે કામ કરતી રહી. ત્યારબાદ સ્થાયી પ્રોજેક્ટને હાથ પર લેવાનો નિર્ણય લેવાતા ૧૯૮૪માં તેને ચેરિટેબલ ટ્રસ્ટના એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરાવવાનું હોતાં તેનું નામ 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ' રાખવામાં આવ્યું અને તે નામે તેનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું.

સમાજની શરૂઆતની પ્રવૃત્તિઓમાં વાર્ષિક સ્નેહમિલન, સાંવત્સરિક દિનની ઉજવણી, તપસ્વીઓનું બહુમાન, અભ્યાસ ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, પુરસ્કાર, સ્વામિવાત્સલ્ય જમણવાર, વિદ્યાર્થીઓને કન્સેશનલ દરે નોટબુક્સનું વિતરણ વગેરેનો સમાવેશ થતો હતો.



શ્રી કચ્છી જૈન સેવા ભવન
એસ.ટી. સ્ટેન્ડ

**★ એક કદમ આગે - 'પ્રેરણા' માંથી 'મંગલ મંદિર'**

વર્ષ ૧૯૭૫માં 'પ્રેરણા' નામનું, સમાજનું માસિક મુખપત્ર શરૂ કરવામાં આવ્યું. પ્રેરણાના નામે તેનું રજિસ્ટ્રેશન ન મળવાથી વર્ષ ૧૯૭૭થી 'મંગલ મંદિર'ના નામે તે પ્રતિમાસ નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે.

માત્ર ચાર પાનાથી શરૂ કરવામાં આવેલ આ મુખપત્ર, હાલે વિકાસની મંજિલે દોટ કરે છે. વર્ષોની એકધારી લગન, સમય-સમયે તેનાં સૂત્રધારોની આગવી જહેમત, નિષ્ઠાવાન લેખકો દ્વારા તેમાં પ્રસિદ્ધ થતાં વિવિધ લેખો, માહિતી અને અન્ય લેખન સામગ્રીઓ દ્વારા અનેક વાંચક વર્ગના દિલોને અસરકર્તા રહેલ છે. કેટલાક લેખોના તર્કબદ્ધ લેખો વાંચકવર્ગને સતત વિચારમય રાખે છે. એટલું જ નહીં પરંતુ સમાજને જરૂરી માર્ગદર્શન સાથે દોરવણી પણ આપતા હોય છે.

મુખ્ય ઉદ્દેશો પૈકી એક, 'મંગલ મંદિર' દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓની અસરકારક રજૂઆત થઈ રહેલ છે. સમાજના દરેક સભ્યોને એક તાંતણે બાંધી રાખવામાં તે ખૂબજ સફળ થયેલ છે. તે સાથે દેશના મોટાભાગના શહેરોમાં પહોંચીને ભારતભરના કચ્છી જૈનોને એકસૂત્રતા તરફ રાખવા સતત પ્રયાસ કરી રહેલ છે.

૪૧૮ અંકોના સમયગાળા દરમિયાન અભ્યાસપ્રદ લગભગ ૨૭ જેટલાં વિશેષાંકો તેના વાંચકવર્ગ સમક્ષ રજૂ કર્યા છે.

'મંગલ મંદિર'માં પ્રસિદ્ધ થતા લેખોમાંથી તેમજ તેની 'આંજો કાગર' વિભાગમાં પ્રસિદ્ધ થતા પ્રતિભાવોમાંથી પ્રથમ ત્રણ લેખાંકનોની પસંદગી સાહિત્ય ક્ષેત્રના તજજ્ઞો દ્વારા કરવામાં આવે છે અને તે રીતે તેમનું પ્રતિવર્ષ બહુમાન કરવામાં આવે છે.

*કાટથી લોખંડ જ ખવાઈ જાય છે, પરંતુ આળસથી તો માનવી જ ખવાઈ જાય છે.*

**★ ગીતા મંદિર - સેવા ભવન (સ્થાપના ૧૯૮૫) :**

કચ્છથી, મુંબઈથી કે અન્યત્રથી બસ અથવા ટ્રેન દ્વારા આવનાર અતિથિઓ માટે તેમજ અમદાવાદના જૂના વિસ્તારમાં હોવાથી અનેક હોલસેલ માર્કેટના કામસર આવનાર માટે તે ખૂબ સાનુકૂળ છે.

અહીં ૮ નોન એ.સી. ડબલ બેડરૂમ, ૨ એ.સી. ડબલ બેડરૂમ, ગ્રાઉન્ડ ફ્લોરની ડોરમેટરીમાં ૮ અને બીજા માળની ડોરમેટરીમાં ૨૦ બેડની વ્યવસ્થા રાખવામાં આવી છે.

દર વર્ષે સરેરાશ ૯,૦૦૦ અતિથિઓ આ ભવનનો લાભ ઉઠાવે છે.

**★ પાલડી ખાતેનું - અતિથિ ભવન (સ્થાપના ૧૯૯૭):**

અમદાવાદનો પાલડી વિસ્તાર ખૂબજ મધ્યમાં છે. કોઈપણ સ્થળેથી આવનાર અતિથિઓ માટે આ સ્થળ વધારે અનુકૂળ છે. અહીં માત્ર કચ્છી જૈન માટે જ સગવડતા ઉપલબ્ધ હોય છે.



શ્રી કચ્છી જૈન ભવન - પાલડી

અહીં ૧૪ સાદા ડબલ બેડ અને ૯ ડબલ બેડ એ.સી. રૂમો તેમજ ૬ વ્યક્તિઓનો સમાવેશ થાય તેવી એક ડોટમેટરીની સગવડ પણ છે.

દર વર્ષે સરેરાશ ૧૩,૦૦૦ અતિથિઓ આ ભવનનો લાભ લેતા હોય છે.

**★ શાહીબાગ - શ્રી કચ્છી વિશ્રામ ગૃહ (સ્થાપના ૨૦૦૨):**

આ વિશ્રામ ગૃહથી શાહીબાગ વિસ્તારમાં આવેલ સિવિલ હોસ્પિટલ અને રાજસ્થાન હોસ્પિટલ ઉપરાંત રેલવે સ્ટેશન અને એરપોર્ટ નજદીક થાય છે.



શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

આ વિશ્રામગૃહમાં ૬૩ રૂમોની વ્યવસ્થા છે. જેમાં ૧૦ રૂમ સેલ્ફ કન્ટેઈન્ડ એ.સી. પ્રકારના છે. તે ઉપરાંત ૪ ડોરમેટરી છે. વધુમાં, મીટિંગ માટે કોન્ફરન્સ હોલની સગવડ રાખવામાં આવી છે.

કચ્છથી સારવાર માટે અમદાવાદ પધારતા દર્દીઓ તથા તેમના પરિવારજનોને રાહત દરે રહેવાની તેમજ દર્દી અને તેની સાથે રહેનારને ચા-નાસ્તા તેમજ બન્ને સમયે નિ:શુલ્ક જમવાની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે.

પરિસરમાં જાહેર જનતા માટે કચ્છ સાંસ્કૃતિક મ્યુઝિયમ ઊભું કરવામાં આવ્યું છે. જેમાં કચ્છની ભાતીગળ સંસ્કૃતિની ઝલક રજૂ કરવામાં આવી છે. દર વર્ષે સરેરાશ ૨૫,૦૦૦ અતિથિઓ આ ભવનની સેવાઓનો લાભ લેતા હોય છે.

**★ આવાસ યોજના :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ નિર્મિત આવાસ યોજના શેઠશ્રી આણંદજી કલ્યાણજી જૈન નગર, બહેરામપુરા, અમદાવાદમાં તૈયાર કરવામાં આવી છે. કુલ ૪૦ ફ્લેટ (૧ બેડરૂમ-હોલ-કીચન-૬૩૦ ચો.ફૂટના) છે, જે જરૂરિયાતવાળા વ્યક્તિઓને ખૂબ નજીવી કિંમતે ફાળવવામાં આવેલ છે. જેમાં લિફ્ટ, ૨૪ કલાક પાણી વગેરે સગવડો ઉપલબ્ધ કરવામાં આવી છે.

**★ મેડિકલ સેન્ટર :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટર શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે વર્ષ ૧૯૯૭થી કાર્યરત છે. જેમાં આધુનિક સાધનોથી સજ્જ પેથોલોજી લેબોરેટરી, ડિજિટલ એક્સ-રે, કલર ડોપ્લર દ્વારા સોનોગ્રાફી, મેડિસિન, આંખ-જેમાં મોતિયા, ઝામર વગેરેના ઑપરેશન, સર્જરી, બાળરોગ, ઓર્થોપેડિક, કાન-નાક-ગળાની તપાસ, ચામડી, સ્ત્રી રોગ, ડેન્ટલ, યુરોલોજી, ગેસ્ટ્રો એન્ટ્રોલોજી, મનોચિકિત્સક, મેટ્રોલોજી, પલ્મોનોલોજી, હોમિઓપેથી, આયુર્વેદ, ફીઝિયોથેરાપી જેવા ૨૬ વિભાગો, ૬૦થી વધુ એમ.ડી. કક્ષાના નિષ્ણાંત ડોક્ટર્સ દ્વારા નિયમિત કાર્યરત રહે છે. દરરોજની ઓ.પી.ડી. ૪૫૦ની સંખ્યામાં હોય છે.

*બે ઘરનો મહેમાન ભૂખે મરે.*

**આ મેડિકલ સેન્ટરમાં કોઈપણ ધર્મ કે જાતિના પ્રજાજનો નજીવા દરે લાભ લઈ શકે છે.** પ્રતિ વર્ષ સરેરાશ ૧,૦૦,૦૦૦ દર્દીઓ આ મેડિકલ સેન્ટરનો લાભ લેતા હોય છે.

**★ કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ :**

અમદાવાદ શહેરમાં સર્વ પ્રથમ આકાર પામેલું અને જોવાલાયક સ્થળોની યાદીમાં સમાવિષ્ટ થયેલું 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતીની ઊજવણીના વર્ષ દરમિયાન અમદાવાદ સ્થિત સમાજના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ ખાતે જાહેર જનતાના દર્શનાર્થે - લોકાર્પણ કરવામાં આવેલ છે.

આ મ્યુઝિયમમાં કચ્છ જિલ્લાને સંબંધિત માહિતી તેમજ ભૂસ્તર, જીવ અસ્મિઓ, વહાણકામ, માટી કલા, કચ્છી ચલણ, વાજિંત્રો, કચ્છી વિવિધ કામોના ડાયોરમા, બેમિશાલ હસ્તકલાના ઉત્તમ નમૂના વગેરે નિહાળીને મુલાકાતીઓ પ્રસન્ન થાય છે.

કચ્છ દર્શન એટલે કચ્છ સંસ્કૃતિ નિહાળીને દરરોજ સંખ્યાબંધ લોકો આ મ્યુઝિયમની પ્રશંસા કરી રહ્યા છે.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિર્મિત નવનીત ભવન (આવાસ યોજના)

**★ મુંબઈમાં અતિથિ ગૃહ :**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા મુંબઈના સાયન વિસ્તારના માનવ સેવા સંઘના હોલની પાછળની બાજુએ એક અતિથિ ગૃહ બનાવવાનું નિર્માણ કાર્ય હાથ પર લેવાયેલ છે. જેમાં જૈનો માટે અંદાજે ૩૦ રૂમોની વ્યવસ્થાવાળા પ્રોજેક્ટનું કામકાજ ચાલી રહ્યું છે.

વર્ષ ૧૯૬૩થી સમાજના ઉત્કર્ષની પ્રવૃત્તિઓનો આરંભ કરી વિશાળ વટવૃક્ષ ખડું કરનાર આ સમાજે તા. ૧૪-૪-૨૦૧૨થી આખું વર્ષ વિવિધ પ્રકારના કાર્યક્રમોના આયોજનથી સુવર્ણ જયંતી વર્ષ સફળતાપૂર્વક ઉજવી રહેલ છે. આ ૫૦ વર્ષની મંજિલ એટલે સામાજિક, શૈક્ષણિક, મેડિકલ વગેરે ક્ષેત્રોની વિવધ પ્રવૃત્તિઓ અને કામગીરીથી તેની વિકાસયાત્રા સતત ચાલુ રહી છે.

સમાજે તેની બહુમુખી સેવાકીય પ્રવૃત્તિઓ ઉપરાંત પ્રસંગોપાત કેટલીક વિશિષ્ટ કામગીરી અને પ્રવૃત્તિઓનો પણ અમલ કરેલ છે.




શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેનું કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**★ કચ્છના ગોઝારા ધરતીકંપ સમયની કામગીરી**

ભારતના પ્રજાસત્તાક દિન તા. ૨૬-૧-૨૦૦૧ના સવારે ૮.૪૫ વાગે એક ગોઝારા ધરતીકંપે સમગ્ર કચ્છને ધમરોળી નાખ્યું. આ સમાચાર મળતાં જ એ રાત્રિના દિવસે ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની મીટિંગો થઈ. કેટલાક દાતાશ્રીઓએ સ્વૈચ્છિક દાનોની જાહેરાત કરી. પરિણામે તા. ૨૮-૧-૨૦૦૧થી શ્રી કચ્છી જૈન ભવન પાલડી મધ્યે રાહત છાવણી ચાલુ થઈ ગઈ. પ્રથમ દિવસે જ ચાર ટ્રક ભરીને માલસામાન કચ્છમાં મોકલવામાં આવ્યો અને ત્યારબાદ આ સિલસિલો ચાલુ રહ્યો. સામખિયાળી ખાતે બેઝ કેમ્પ ખોલવામાં આવ્યો. દરરોજ ટ્રક ભરીને અમદાવાદથી માલસામાન પ્રથમ તે કેમ્પમાં જતો હતો અને ત્યારબાદ જરૂરિયાતવાળા સ્થળોએ તેનું વિતરણ કરવામાં આવતું હતું. તેવી રીતે વોલન્ટિયર્સ અને ડૉક્ટરની ટીમ પણ સાથે જતી હતી. તેઓ દ્વારા ઈજા પામેલી વ્યક્તિઓને અમદાવાદમાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે લાવવામાં આવતા હતા, જ્યાં યુદ્ધના ધોરણે હોસ્પિટલ શરૂ કરવામાં આવી હતી. ત્યાં દરેક પ્રકારની સારવાર કરવામાં આવતી હતી.

ત્યારબાદ કચ્છના વિવિધ ગામોમાં લગભગ ૨૫૦ જેટલા હંગામી આવાસો બનાવવામાં આવ્યા હતા. લગભગ રૂ. ૪.૦૦ કરોડ જેટલી રકમના દાનો અને સામગ્રી કચ્છમાં વાપરવામાં આવ્યા. ઘાયલ થયેલાઓની સારવાર કરી તેઓને પૂરતી સામગ્રી-સહાય સાથે કચ્છમાં તેઓના સ્થળે મોકલવામાં આવ્યા. લગભગ ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ હતી.

**★ નર્મદાના પાણી અને બ્રાંચ કેનાલઃ**

નર્મદા કેનાલના કામો ગુજરાતમાં અન્ય સ્થળોએ ચાલુ હતા પરંતુ કચ્છ બ્રાંચ કેનાલના કામો નર્મદા નિગમ તરફથી બિલકુલ ચાલુ થયેલ ન હોવાથી તે તરફ સમાજ દ્વારા ધ્યાન આપીને કામગીરી ચાલુ કરવામાં આવી. નર્મદા નિગમના અધિકારીશ્રીઓ સાથે સતત વાટાઘાટો કરવામાં આવી. તા. ૨૬-૪-૨૦૦૨ના નર્મદા નિગમના અધિકારીશ્રીઓ જૈન ભવન પર આવ્યા હતા અને પરસ્પર બન્ને પક્ષોએ પોતાની રજૂઆતો કરી હતી. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદે વિવિધ સ્તરે આ વિષયનો

*કોઈનો દીવો ઓલવો નહીં પણ કોઈકના દીવામાં તેલ પૂરો.*

દોર સતત ચાલુ રાખ્યો છે. ડિસેમ્બર, ૨૦૦૩ થી કચ્છ બ્રાંચ કેનાલના કાર્યોના હુકમો અપાયા અને નિગમે આ કામો શરૂ કરાવ્યા. ત્યારબાદ આ વિષયે વિવિધ સ્તરે ચડતી-પડતી થતી જોવા મળી છે. જેના વિગતવાર અહેવાલો-લેખો સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર' માં જે-તે સમયે વિસ્તૃત સ્વરૂપે પ્રસ્તુત થયેલા છે.

**★ કચ્છના પ્રશ્નો વિશે મુંબઈમાં સેમિનાર :**

માતૃભૂમિ કચ્છ માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી અને અનેક લોકો આ વિચાર મંથનમાં જોડાય તેવી ભાવનાથી તા. ૫-૯-૨૦૦૪ ના મુંબઈ ખાતે જ કચ્છના પ્રશ્નો વિશે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કચ્છના ઉદ્યોગો, પાણી, વીજળી, શિક્ષણ જેવા વિષયો પર ચર્ચા કરવા તજજ્ઞો, ધારાસભ્યશ્રીઓ, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિશ્રીઓ, સામાજિક કાર્યકરો વગેરે ૫૦૦ જેટલા કચ્છીઓ ભારતભરમાંથી એકત્ર થયા હતા. સેમિનારના અંતે કચ્છના કાર્યો તરફ નિયમિતપણે કાર્યવાહી કરવા "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ" ની રચના કરવામાં આવી. આ કાઉન્સિલ દ્વારા વિવિધ કામગીરી ચાલુ છે.

**★ મુંબઈમાં જળ પ્રલય :**

માસ જુલાઈ, ૨૦૦૫માં મુંબઈમાં થયેલ જળપ્રલયના સમયે ત્યાંના અસરગ્રસ્ત કચ્છી જૈન પરિવારજનો માટે આર્થિક સહાય મોકલાવવામાં આવી હતી.

**★ સુરતમાં પૂર રાહત :**

વર્ષ ૨૦૦૬માં સુરતમાં આવેલ પૂરના સમયે ત્યાંના કચ્છી જૈનના પરિવારજનોને આર્થિક સહાય કરવામાં આવી હતી.

**★ "કચ્છ ઉદ્યોગ વિશેષાંક"**

ધરતીકંપ બાદ કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોની અનેકવિધ માહિતી સાથે માર્ચ - ૨૦૦૭ માં સમાજના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'નો 'કચ્છ ઉદ્યોગ વિશેષાંક' બહાર પાડવામાં આવેલ હતો, જેની વિવિધ પ્રકારની માહિતી અનેક લોકોને ઉપયોગી થઈ હતી.

**★ "મુંબઈ વિશેષાંક"**

મુંબઈ ખાતે યોજવામાં આવેલ તા. ૨૭-૧૦-૨૦૦૭ ના અભિવાદન સમારોહ સમયે "મંગલ મંદિર"નો "મુંબઈ વિશેષાંક" બહાર પાડવામાં આવેલ, જેમાં મુંબઈ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોની વિસ્તૃત રૂપે માહિતીનો સમાવેશ કરવામાં આવેલ હતો.

**★ અન્ય વિશેષાંકો :**

ત્યાર બાદના સમયમાં દક્ષિણ ગુજરાત વિશેષાંક, સંભારણા વિશેષાંક વગેરે વિશેષાંકો બહાર પાડવામાં આવેલ હતા કે જેને આજે પણ લોકોએ ઘરમાં સંગ્રહી રાખેલ છે.

**★ જલારામ અન્નક્ષેત્ર :**

સમાજ દ્વારા સંચાલિત અમદાવાદમાં શાહીબાગ ખાતે વર્ષ ૨૦૦૨ માં શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ થતાં અહીં કચ્છથી સારવાર માટે આવતા દર્દીઓ માટે રહેવાની કિફાયતી વ્યવસ્થા કરવામાં આવી છે. તે સાથે એલ. ડી. શાહ શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટની મદદથી દર્દીઓ અને તેમની સાથે રહેનાર વ્યક્તિઓને વિનામૂલ્યે જમવાની સગવડ તા. ૧-૧૨-૨૦૧૦ થી એક ખાસ યોજના હેઠળ શરૂ કરવામાં આવી છે. જેનો દરરોજ સારો લાભ લેવાઈ રહેલ છે.

**★ જૂના સરકારી ગેઝેટ્સનું સી.ડી. માં પરિવર્તન**

કચ્છ-ભુજ ખાતેના મ્યુઝિયમમાં રહેલા અસ્તવ્યસ્ત અને ખરાબ સ્થિતિમાં સચવાયેલા સરકારી ગેઝેટસને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા સી.ડી. માં સાચવી લેવાનું ભગીરથ કાર્ય આ સમાજે પાર પાડ્યું છે.

**★ લાઈબ્રેરી :**

શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે એક લાઈબ્રેરીનું સંચાલન કરવામાં આવે છે. જેમાં વિવિધ વિષયોના પુસ્તકો ઉપલબ્ધ છે.

**★ યુવાવર્ગ પરિચય મિલન :**

લગ્ન ઈચ્છુક યુવા વર્ગ માટે સમાજ દ્વારા પાંચ વખત પરિચય મિલનો ગોઠવવામાં આવ્યા છે.

**★ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ :**

વર્ષ દરમિયાન અનંતયામી થયેલા સમાજ પરિવારજનોના સદ્‌ગત આપ્તજનો માટે છેલ્લા ચાર વર્ષથી સમૂહમાં પ્રાર્થના ગીતના માધ્યમથી સ્મરણાંજલિ અર્પવા પ્રતિવર્ષ કાર્યક્રમનું આયોજન કરે છે.

**★ કચ્છી બિઝનેસ - યલો પેજિસ ડિરેક્ટરી**

અમદાવાદ - ગાંધીનગર વિસ્તારના સમસ્ત કચ્છીઓના વ્યવસાયની બિઝનેસ-યલો પેજિસ ડિરેક્ટરી પ્રકાશિત કરવાની કામગીરી પૂર્ણ થવામાં છે અને ટૂંક સમયમાં તેનું લોકાર્પણ કરવામાં આવશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદે તેની ઉત્કૃષ્ટ પ્રવૃત્તિઓ લગભગ ૪૦ જેટલી વિવિધ સમિતિઓના સંચાલન દ્વારા કાર્યરત રાખી છે. આ સમિતિઓમાં (૧) શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ, (૨) યુવા વિકાસ, (૩) મહિલા ઉત્કર્ષ, (૪) બાલ કલ્યાણ, (૫) તબીબી સેવા, (૬) વયસ્ક, (૭) શૈક્ષણિક સહાય, (૮) વૈયાવચ્ચ, (૯) પર્યાવરણ, (૧૦) સામાજિક સુરક્ષા અને (૧૧) દર્દી સહાય જેવી સમિતિઓ મુખ્યરૂપે છે.

તીર્થ પટ

હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ટ્રસ્ટ મંડળ (વર્ષ ૨૦૧૨-૧૩)

| | | |
|---|---|---|
| ૧. શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મેનેજિંગ ટ્રસ્ટી |
| ૨. શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી |
| ૩. શ્રી જગશી જેઠાભાઈ છેડા | લાયજા - મુંબઈ | કાયમી ટ્રસ્ટી |
| ૪. શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | નાની ખાખર-મુંબઈ | કાયમી ટ્રસ્ટી |
| ૫. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી |
| ૬. શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | ટ્રસ્ટી |
| ૭. શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા | અંજાર | ટ્રસ્ટી |
| ૮. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ટ્રસ્ટી |
| ૯. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી |
| ૧૦. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી |
| ૧૧. શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા | બાડા | ટ્રસ્ટી |
| ૧૨. શ્રી હીરજી પાસુભાઈ શાહ | શેરડી | ટ્રસ્ટી |
| ૧૩. શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી | મુંદ્રા | ટ્રસ્ટી |
| ૧૪. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા | ફતેહગઢ | ટ્રસ્ટી |
| ૧૫. શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી |
| ૧૬. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | તુંબડી | ટ્રસ્ટી |
| ૧૭. શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | તુંબડી | ટ્રસ્ટી |
| ૧૮. શ્રી નવીન નાનજી શાહ (પોલડિયા) | તલવાણા | ટ્રસ્ટી |
| ૧૯. શ્રી કાંતિલાલ રામજી શાહ | રામાણિયા | ટ્રસ્ટી |
| ૨૦. શ્રી આણંદજી વેલજી વીરા | મેરાઉ | ટ્રસ્ટી |
| ૨૧. શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા | બાંઢિયા | ટ્રસ્ટી |
| ૨૨. શ્રી અશ્વિન હીરજી સાવલા | દેશલપુર | કો-ઓપ્ટ ટ્રસ્ટી |
| ૨૪. શ્રી કલ્યાણજી રવજી રાંભિયા | રામાણિયા | કો-ઓપ્ટ ટ્રસ્ટી |

### કારોબારી સમિતિ (વર્ષ ૨૦૧૨-૧૩)

| | | |
|---|---|---|
| ૧. શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ભુજપુર | મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ |
| ૨. શ્રી કાંતિલાલ વેલજી સાવલા | તુંબડી | કાયમી ટ્રસ્ટી અને પ્રથમ ઉપપ્રમુખ |
| ૩. શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | ફતેહગઢ | ટ્રસ્ટી અને દ્વિતીય ઉપપ્રમુખ |
| ૪. શ્રી પ્રતાપ નારાણજી દંડ | તેરા | ટ્રસ્ટી અને માનદ્ મંત્રી |
| ૫. શ્રી દિનેશ રતિલાલ મહેતા | ભુજ | સહમંત્રી |
| ૬. શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ડુમરા | ટ્રસ્ટી અને ખજાનચી |
| ૭. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ગોધરા | ટ્રસ્ટી અને સહ ખજાનચી |
| ૮. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | નાની ખાખર | ટ્રસ્ટી |
| ૯. શ્રી કિશોર મૂળજી લાલકા | લાલા | સભ્ય |
| ૧૦. શ્રી નીતિન ધનજી ગાલા | કોટડા રોહા | સભ્ય |
| ૧૧. શ્રી હીરેન કુંવરજી શાહ | નલિયા | સભ્ય |
| ૧૨. શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | વરાડિયા | સભ્ય |
| ૧૩. શ્રી પંકજ મેઘજી ગોગરી | ડોણ | સભ્ય |
| ૧૪. શ્રી દામજી (બચુભાઈ) હીરજી રાંભિયા | રામાણિયા | સભ્ય |
| ૧૫. શ્રીમતી શિલ્પીબેન પ્રકાશ શાહ | ફતેહગઢ | સભ્ય |
| ૧૬. શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા | ફરાદી | સભ્ય |
| ૧૭. શ્રી વિમેશ ગુલાબચંદ શાહ | નાની ખાવડી | સભ્ય |
| ૧૮. શ્રી વિશાલ મહેન્દ્ર શાહ | ભુજ | સભ્ય |
| ૧૯. શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | માંડવી | સભ્ય |
| ૨૦. શ્રી રજનીકાંત ધરમશી પારેખ | અંજાર | સભ્ય |
| ૨૧. શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | ફતેહગઢ | સભ્ય |
| ૨૨. શ્રી નવીન જેઠાભાઈ લાલકા | બાંઢિયા | સભ્ય |
| ૨૩. શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી | પલાંસવા | સભ્ય |
| ૨૪. શ્રી લહેરચંદ પુનશી મૈશેરી | માંડવી | સભ્ય |
| ૨૫. શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ભુજ | કો-ઓપ્ટ સભ્ય |
| ૨૬. શ્રી નિરંજન પૂનમચંદ મૈશેરી | લાલા | કો-ઓપ્ટ સભ્ય |
| ૨૭. શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ | નલિયા | આમંત્રિત સભ્ય |
| ૨૮. શ્રી સંદીપ અશોકકુમાર મહેતા | ભુજપુર | આમંત્રિત સભ્ય |

## માણસ અને વાંસળી

જીવંત મનુષ્ય પાસેથી દુનિયામાં ઘણું ઘણું જાણવાનું, શીખવાનું મળે છે. પણ ઘણીવાર નિર્જીવ વસ્તુ પાસેથી પણ ઘણો બોધપાઠ મળી શકે છે. વાંસળી પાસેથી મનુષ્યે શીખવા જેવી અગત્યની અને મહત્ત્વની કેટલીક બાબતો છે.

વાંસળીને બોલાવતા નથી અર્થાત્ ફૂંક મારતા નથી ત્યાં સુધી એ બોલતી નથી.

વાંસળી જ્યારે પણ બોલે છે અર્થાત્ વાગે છે ત્યારે તે મધુર સ્વર જ રેલાવે છે, પ્રસરાવે છે.

વાંસળીમાં વચ્ચે ક્યાંય ગાંઠ હોતી નથી.

સામે પક્ષે માણસ ઘણીવાર વગર બોલાવે જ નિરર્થક બોલ્યા કરે છે. વળી બોલતી વખતે તેની વાત - તેનો અવાજ સામેની વ્યક્તિને ગમશે, આનંદ આપશે એવું હંમેશાં બનતું નથી અને માણસનું મન પણ ગાંઠ - ગ્રંથિ વગરનું હોતું નથી. ગમા-અણગમા, રાગદ્વેષ, મોહમાયા જેવી અનેક ગાંઠો હોય છે. મનુષ્ય જો વાંસળી જેવો બનવાનું શરૂ કરે તો જીવનરાગમાં ઘણી બધી સુમધુરતા આવી જાય.

*પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓ

- **નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર – પાલડી**
  અહીં મેડિકલની ૨૮ બ્રાંચો કાર્યરત છે. દર અઠવાડિયે એમ.ડી. કક્ષાના ૬૦થી પણ વધુ ડૉક્ટરો વિઝિટ કરે છે. પેથોલોજી લેબોરેટરી, ડિજિટલ એક્સ-રે, સોનોગ્રાફી, ઈ.સી.જી., ટી.એમ.ટી. વગેરે પરીક્ષણ વિભાગો છે. ફીઝિયોથેરાપી, આયુર્વેદ, હોમિઓપેથ વગેરે શાખાઓ પણ કાર્યરત છે. દર વર્ષે એક લાખથી વધુ લોકો તેનો લાભ લે છે. આ સેન્ટરના કારણે મેડિકલ સારવારના વિભાગમાં જનતાના લગભગ રૂા. બે કરોડનો બચાવ થાય છે. કચ્છી જૈન સેવા સમાજના સભ્યોને અંદાજિત રૂા. ૫ લાખ જેટલો વધારાનો ફાયદો રહે છે.
- **શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર – પાલડી**
  સમાજના સભ્યો તથા અન્ય લોકો વર્ષભર અહીં અનેક પ્રસંગો યોજે છે.
- **માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રિમવાલા) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી**
  સમાજની અનેક પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. અહીંથી સમાજની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.
- **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન - ગીતા મંદિર**
  આ એક આધુનિક અતિથિભવન છે. ૧૦ રૂમ તથા ડોરમેટરીની વ્યવસ્થા છે. દર વર્ષે ૧૦,૦૦૦ અતિથિઓ લાભ લે છે.
- **ગુજરાત ખનિજ વિકાસ નિગમ પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ :** અહીં આધુનિક પ્રકારના એ.સી. / નોન એ.સી.ની સગવડવાળા ૬૩ રૂમો છે. દર વર્ષે ૨૪,૦૦૦ અતિથિઓ લાભ લે છે. અહીં સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો માટે અલાયદા રૂમો પણ છે.
- **કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ :** શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ તા. ૧૪-૪-૨૦૧૨ના રોજથી જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવેલ છે.
- **જલારામ અન્નક્ષેત્ર :** કચ્છથી અમદાવાદ સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે પધારતા જરૂરિયાતવાળા દર્દીઓને રહેવાની સગવડ કન્સેશનલ દરથી તેમજ દર્દી અને તેમની સાથે ત્યાં રહેનારને ચા-નાસ્તો તેમજ બંને સમયે જમવાનું નિઃશુલ્ક આપવામાં આવે છે.
- **નવનીત ભવન :** સમાજના નબળા વર્ગ માટે ૪૦ ફ્લેટની આવાસ યોજનાનું બાંધકામ પૂર્ણ કરેલ છે અને જે તે લાભાર્થીઓને સુપરત કરેલ છે.
- **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા બાલસમૃદ્ધિ યોજના**
  સમાજમાં જન્મતા દરેક બાળકને રૂા. ૧૦,૦૦૦/-નો ચેક આપવામાં આવે છે કે જેની વ્યાજ સાથેની રકમ તેને લગભગ ૧૮ વર્ષની ઉંમરે મળે છે. દર વર્ષે લગભગ ૨૫ બાળકોને આ યોજનાનો લાભ મળે છે.
- **શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ :** દર વર્ષે સમાજના જરૂરિયાત મુજબ બાળકોને કેળવણી સહાય આપવામાં આવે છે. લગભગ રૂા. ૭ લાખથી વધુ રકમ સહાય પાછળ ખર્ચાય છે.
- **શ્રી કુંવરજી દેવજી સાવલા યુવા વિકાસ પ્રવૃત્તિ**
  યુવા વિકાસને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને તેને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન થાય છે.
- **શ્રીમતી લીલાબહેન નવીનભાઈ વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ કેન્દ્ર**
  મહિલાઓના સર્વાંગી વિકાસ માટે પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
- **શેઠશ્રી છગનલાલ સાકરચંદ શાહ મેડિકલ રિલીફ યોજના**
  સમાજના જરૂરિયાતમંદ લોકોને આ યોજના હેઠળ મેડિકલ સહાય આપવામાં આવે છે.
- **તપોમૂર્તિ લક્ષ્મીબહેન છગનલાલ નરશી દેઢિયા તબીબી સહાય યોજના (શ્રી કચ્છી વિશ્રામ ગૃહ)**
  કચ્છથી અમદાવાદ સુશ્રુષા અર્થે આવનાર દર્દીઓને આ યોજના હેઠળ મેડિકલ સહાય કરવામાં આવે છે.
- **શ્રી ધારશી કરમશી કુરિયા (મેરાઉવાલા) વૈયાવચ્ચ ફંડ :** સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ કરવામાં આવે છે. મેડિકલ સેન્ટરમાં પરીક્ષણ કરાવ્યા બાદ જરૂરિયાત મુજબની પૂરેપૂરી દવાઓ આપી, તેનો પણ લાભ લેવામાં આવે છે.
- **શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉવાલા) સાધર્મિક સહાય ફંડ**
  સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને ગોપનીય સાધર્મિક સહાય આપવામાં આવે છે.
- **માતુશ્રી પાનબાઈ ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ), માતુશ્રી વાલબાઈ વાલજી નાગડા (ચાંગડાઈ - મુંબઈ), શ્રીમતી લક્ષ્મીબહેન માવજી ધારશી કુરિયા (મેરાઉ - અમદાવાદ) તથા શ્રીમતી સુશીલાબહેન બાબુભાઈ નાગડા (ચાંગડાઈ - મુંબઈ) કાયમી સ્વામિવાત્સલ્ય યોજના**
  સમાજના વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે સ્વામિવાત્સલ્ય જમણ આ યોજના હેઠળ કરવામાં આવે છે.
- **મંગલ મંદિર :** છેલ્લા ૩૭ વર્ષથી દર મહિને નિયમિતપણે પ્રસારિત થતું સમાજનું મુખપત્ર, સમાજની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર સમાજના દરેક સભ્ય દ્વારા ઘરેઘરે, ભારતભરમાં તેમજ વેબસાઈટ દ્વારા વિદેશમાં પણ વંચાય છે.

*જે ભૂલી શકે છે, તે જીવી શકે છે.*

✽

### મહાજન પરંપરાનો યથાર્થ દૃષ્ટાંત

# ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

● લાલ રાંભિયા ●
ટ્રસ્ટી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

**શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ**
અમરસન્સ ભવન, ડી.ટી. વોરા માર્ગ,
વિજય નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮
ઈ-મેઈલ : kvojainmahajanbhuj@gmail.com

“એ...ઈ... સુણો, સુણો, સુણો, અજ સાંજીજો સતેં વગેં મહાજન ભેરો થીંધો, અચી વેંજા ભો...ઓ.” મારી કિશોરાવસ્થામાં નાના ભાડિયાના રાંભિયા ફળિયે, ઢોલ પીટીને પડાતો આ સાદ મેં અનેક વાર સાંભળ્યો છે. ચા-પાણીની ‘સર્વિસ’ આપવાના બહાને કુતુહલવશ હું પણ ક્યારેક પહોંચી જતો. ગામ આખાના શ્રેષ્ઠીઓ, પરહિતચિંતકો ભેગા થાય! જીવદયા, શિક્ષણ, આરોગ્ય, ઉત્સવની સામૂહિક ઉજવણી, ગામાઈના સારા નરસા પ્રસંગે સહભાગી થવું, નબળા પરિવારની દીકરી પરણાવવા, દીકરાને ઉચ્ચ શિક્ષણ આપવા, બિમારીનો ઈલાજ કરાવવા, આર્થિક સહાય ઇત્યાદિ જવાબદારી ચા ના ઘૂંટડે કર્તવ્યભાવે સ્વીકારીને ‘મહાજન’ છૂટું પડે! એ સમય હતો કે જ્યારે ગામડાંઓમાં વીજળી, વાહનવ્યવહાર, ટેલિફોન ઇત્યાદિ સગવડો ન હતી. છતાં મહાજન પરંપરાને કારણે ગામની સમસ્યા ગામમાં જ ઉકેલાઇ જતી હતી. આજે પણ નીરણકેન્દ્ર, ચબૂતરો, વાંચનાલય, દવાખાનું, હવાડો, પરબ, ધર્મશાળા ઇત્યાદિ સેવાઓ મહાજન પરંપરાની સાક્ષી પૂરાવવા હયાત છે.

સમય બદલાયો. ભૌતિક સુવિધાઓ ગામડાંઓ સુધી વિસ્તરી, સક્ષમ ગામાઇઓ વિકાસ માર્ગે મહાનગરોમાં જઇ વસ્યા. ત્યાં પણ મહાજન સ્થાપ્યું. પણ અમુક અપવાદો બાદ કરતાં ધીમે ધીમે, જાણે અજાણ્યે ‘મહાજન’ એ કોઇ ને કોઇ ચોક્કસ ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય કે વિસ્તારને અનુલક્ષીને કાર્ય કરતી સીમિત સંસ્થા બની ગઇ. પણ શ્રી ક.વી.ઓ. જૈન મહાજન-ભુજ એ અપવાદોમાં એક છે, આદર્શ છે કે જેણે દુન્યવી વિકાસની સાથે સેવાનો વ્યાપ પણ વિસ્તાર્યો છે. ઇચ્છાશક્તિ, નિર્ણયશક્તિ અને નિભાવશક્તિમાં કાબેલ એવા શ્રી તારાચંદ છેડાના નેતૃત્વ હેઠળ કચ્છના વિવિધ ગામોના ભુજ સ્થિત કર્મઠ ટ્રસ્ટીઓના ‘ભુજ મહાજન’ની વિવિધ સેવાઓનો વ્યાપ જ્ઞાતિ પૂરતો જ મર્યાદિત ન રહેતાં નાતજાતના ભેદભાવ વગર ‘બહુજન હિતાય બહુજન સુખાય’ રૂપે વિસ્તરતો રહ્યો છે અને એ તમામ સેવાઓ નામની ન રહેતાં અભ્યાસ અને અનુભવના આધારે પારદર્શકતાથી અમલી થતી હોઇ લાંબાગાળાના લાભ આપતી સાર્થક યોજનાઓ સાબિત થઇ છે.

એક નજર શ્રી ક.વી.ઓ. જૈન મહાજન, ભુજ સંચાલિત પ્રવૃત્તિઓ પર!

**ઍન્કરવાલા અતિથિગૃહ :**

ભુજના હાર્દસમા વિજય નગરમાં ૧૯૯૮માં શરૂ થયેલ, તમામ સગવડોયુક્ત સ્વચ્છ, સુઘડ અતિથિગૃહનો લાભ દેશવિદેશના પ્રવાસીઓ, ઉગતા વ્યવસાયિકો, અભ્યાસુઓ, કલાસાહિત્યકારો, યાત્રાળુઓ પોતાપણાની ભાવના સાથે લે છે. સોનામાં સુગંધરૂપી નવનીત ભોજનાલયનું સ્વાદિષ્ટ, સાત્ત્વિક જૈન ભોજન પ્રવાસીઓ ઉપરાંત સ્થાનિક ભુજવાસીઓ માટે પણ આકર્ષણ બન્યું છે. જાતજાતના કાર્યોના સંદર્ભે કચ્છના ખૂણે ખૂણેથી ભુજ આવેલા સૌનું ભાવતું ભોજન તો નવનીતમાં જ! એક પંગતમાં, અનેક કોમ સાથે બેસીને તૃપ્ત થતી અહીં રોજ જોવા મળે. તબીબી સેવાક્ષેત્રે કાયમી ધોરણે હોમિયોપેથી અને આયુર્વેદિક દવાખાનું, એમ્બ્યુલન્સ, ઓક્સિજન, પેથ લેબ, એક્સ-રે, દંત વિભાગ, મેડિકલ સ્ટોર ઉપરાંત મુંબઇ, અમદાવાદના સુપર સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર્સ દ્વારા વિવિધ રોગનિદાન કેમ્પ અને જરૂર પડ્યે મોંઘાદાટ ઑપરેશન પણ ગોઠવી આપવામાં મહાજન મહત્ત્વનો ભાગ ભજવે છે. એની વિશ્વસનીયતા દર્શાવવા એક દૃષ્ટાંત પૂરતો છે કે જરૂરિયાતમંદ દર્દીની ઓળખ, બિમારીનો પ્રકાર, ઑપરેશનના ખર્ચની માહિતી સાથેની અખબારી અપીલ વાંચતાં



અમર સન્સ ભવન / નવનીત ભોજનાલય

*જ્યારે પૈસાની ભાષા બોલાય છે ત્યારે સત્યની વાચા હણાઈ જાય છે.*

જ માત્ર એક કે બે દિવસમાં કરૂણાહૃદયી સખી દાતાઓ સામે ચાલીને યથાશક્તિ યોગદાન આપી જઈને રકમની પૂર્તતા કરી આપે છે. મહાજન પણ 'આભાર! સારવાર માટે જોઈતું ફંડ મળી ગયું છે, હવે ન મોકલવા વિનંતી.'નો અખબારી પ્રતિસાદ મોકલી કૃતજ્ઞતા અનુભવે છે. મહાજન માધ્યમે આ રીતે કંઈ કેટલાય દર્દીઓ જીવલેણ બીમારીઓમાંથી બેઠા થઈ ગયા છે.



ભુજ મહાજનના મોભી ધારાસભ્ય શ્રી તારાચંદ છેડા અન્ય મહાનુભાવો સાથે દીપ પ્રાગટ્ય કરતા

વધુ એક અનન્ય યોજના છે 'મહાજનનું મામેરૂં'! પૈસાના અભાવે કોઈ પણ જ્ઞાતિની વહાલસોઈ દિકરી પરણાવવા અસમર્થ માવિત્રોની વહારે ધાઈ, અમરસન્સ સંકુલના રમણીય પાર્ટી પ્લોટમાં મહાજન વાજતે ગાજતે સર્વાંગ સંપૂર્ણ રીતે લગ્ન તો કરાવી આપે છે પણ મામેરૂં રૂપે રૂા. ૧૧,૦૦૦/-નો ચેક કન્યાને આપે છે. દાન આપીને છૂટી જવાની વાત અહીં નથી. તારાચંદ છેડા સહિત ભુજ મહાજનના ટ્રસ્ટીઓ અને મહિલા મંડળની સખીઓ પણ હોંશભેર આવા દરેક લગ્નમાં ઉપસ્થિત રહી ભાઈચારાની ભાવનાને મૂર્તિમંત કરે છે. રબારી, વાળંદ, માહેશ્વરી, ભીલ, બાવાજી, રાજગોર, દરજી, હરિજન, જેઠી, બારોટ, મેઘવંશી... અરે મહારાષ્ટ્રિયન દિકરી સુદ્ધાંનાં લગ્ન મહાજને વાજતે ગાજતે કરી આપ્યાં છે.

**શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજના ટ્રસ્ટીઓ**

| | |
|---|---|
| તારાચંદ જગશી છેડા | કાંડાગરા |
| મુકેશ મુરજી છેડા | રામાણિયા |
| નરેશ કલ્યાણજી શાહ | કપાયા |
| હીરેન મોહનલાલ પાસડ | દેઢિયા |
| લક્ષ્મીકાંત પ્રેમજી કારાણી | શેરડી |
| કેશવજી મેઘજી હરિયા | દેપુર |
| વિનોદ શિવજી ગાલા | કુંદરોડી |
| ગિરીશ જગશી છેડા | કાંડાગરા |
| ડૉ. દેવચંદ ખેરાજ ગાલા | દેવપુર |
| હરેશ હંસરાજ ગોગરી | ડોણ |
| હીરાલાલ મોરારજી સૈયા | ગેલડા |
| મનસુખ જેવત નાગડા | વરંડી |
| લાલ રાંભિયા | નાના ભાડિયા |

શૈક્ષણિક ક્ષેત્રે બુકબેંક, ફી, સ્કોલરશીપ, જાહેર જનતા માટે વાંચનાલય, રક્તદાન શિબિરો, એન્કરવાલા ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ, માર્શલ આર્ટ વર્ગ, જનરલ હોસ્પિટલના દર્દીઓ માટે ટિફીન યોજના... અરે જેલના દર્દીઓ માટે મેડિકલ કેમ્પ, જેલ ભોગવતી બહેનોને સાડીઓ અને બાળકોને પૌષ્ટિક પ્રોટીન પાઉડર પણ આપી એમના પ્રત્યે મહાજન માનવીય અભિગમ દાખવે છે.

પણ... જેમના માતબર દાનની વહેતી ગંગાથી આ તમામ સેવા પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક ચાલી રહી છે એવા પોતાનાં સમાજના જરૂરિયાતમંદ ભાંડરૂઓ માટે કંઈ ન કરે તો મહાજન નગુણો કહેવાય! ભૂકંપ અસરગ્રસ્ત સાધર્મિક પરિવારો માટે ભુજ નજીક તમામ સુવિધાઓ યુક્ત નવનીત નગર આવાસ યોજના શિરમોર છે. અહીં તો હવે નવનીત શોપીંગ સેન્ટર પણ આકાર લઈ રહ્યું છે. કેનિયા/એન્કરવાલા માવિત્ર આશીર્વાદ યોજના તળે કચ્છના ગામોના ૮૨ વયોવૃદ્ધ વડીલોને જે તે ગામમાં તેમની જરૂરિયાત મુજબની સામગ્રી અને દવાઓ ગુપ્તપણે સ્વમાનભેર ઘેરપહોંચ કરવામાં આવે છે. દિવાળી આસપાસ ભુજ મહાજનના ટ્રસ્ટીઓ જાતે એ વડીલોને વંદન કરવા જાય છે, મિઠાઈ આપે છે અને પૂછપરછ કરે છે. વિજયનગર અને નવનીત નગરમાં ભવ્ય દેરાસર, ઉપાશ્રય, આરાધના ગૃહ, હોસ્પિટલ રોડ પર અંબાજી મંદિર, ભુજ સ્થિત મહાજનના તમામ પરિવારો મેડીક્લેઈમથી સુરક્ષિત... લખતાં ન ખૂટે એવી અનેકવિધ સેવાપ્રવૃત્તિઓથી શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજએ મહાજન પરંપરાને ધબકતી રાખી છે, ઉજાગર કરી છે.

આદર્શ એવા આ મહાજનનું અમરસન્સ ભવન ૧૫મા વર્ષમાં પ્રવેશ્યું છે. જનહિતના સ્વપ્નદૃષ્ટા અને સાકારકર્તા શ્રી તારાચંદ છેડાને કચ્છના જાગૃત નાગરિકોએ છ પૈકી એક ધારાસભ્ય તરીકે ચૂંટ્યા છે, સંકુલમાં આયુર્વેદિક આરોગ્ય સેવાનો પણ શુભારંભ થયો છે..., આવા પરકાજુપણાની સેવાની જ્યોતને વધુ પ્રકાશમાન બનાવવા, એમાં નિમિત્ત બન્યાના નિજાનંદનો સામૂહિક સરવાળો કરવા અને કચ્છના ચૂંટાયેલા તમામ ધારાસભ્યોને સન્માનવાનો કાર્યક્રમ મંગળવાર તા. ૧ જાન્યુ. ૨૦૧૩ના રોજ યોજાયો. આપ સૌના અમૂલ્ય યોગદાનથી મહાજન પરંપરા 'સહવીર્ય કરવા વહે' સંસ્કારને યથાર્થ કરતી વધુ ને વધુ વિસ્તરે એજ અભ્યર્થના.



"મહાજનનું મામેરૂ" અંતર્ગત દીકરી વિવાહ

*આપણે બધા સાહસિકો જ છીએ, કેમકે જીવ એ લાંબો જુગાર અને મોટું સાહસ છે.*

# શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા પાખાડી

● નાનાલાલ સ્વરુપચંદ શાહ ●
મેનેજિંગ ટ્રસ્ટી - શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ

**શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા પાખાડી**
૧૬, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે.રે.)
મુંબઈ-૪૦૦ ૦૧૯.

સમયની વણઝાર વણથંભી આગળ અને આગળ ચાલતી હોય છે પરંતુ આ સમયની સાથે સાથે સમાજે, મહાજનોએ કે મંડળ જેવા સંગઠનોએ પણ બદલાતા સમયને અનુરૂપ સમયની ગતિના તાલેતાલ મિલાવી બદલાતા પ્રવાહને અનુકૂળ થઈ ચાલવું પડે છે આ હકીકત ૧૨૫ વર્ષ અગાઉ શ્રી કચ્છી જૈન ગુર્જર મહાજનવાડીમાંથી પરિવર્તન થનાર શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ - માટુંગા પાખાડીને પણ લાગુ પડે છે.

કપરા કાળમાં રાજસ્થાનમાંથી ઉચાળા ભરી ગુજરાતમાં થોડો સમય વસવાટ કરી સમગ્ર કચ્છમાં ફેલાઈ, કચ્છી ગુર્જર તરીકે નામના મેળવી. વાણિયા તરીકે ઓળખાતી આ જ્ઞાતિએ નીતિમાન તથા બૌધ્ધિક વ્યાપારી તરીકે કચ્છમાં આગવી ઓળખ ઉભી કરી.

કચ્છમાં વરસાદની અનિશ્ચિતતા તથા વારંવાર પડતા દુકાળનો સામનો કરી ખડતલ થયેલ આ જ્ઞાતિના યુવાનોએ જ્યારે રોજીરોટીની પણ ખેંચ અનુભવવા માંડી ત્યારે સ્વમાનભેર રોજીરોટી મેળવવા તથા પોતાના ભવિષ્યને ઊજળું બનાવવા કુટુંબ કબીલાને વતનમાં જ રાખી વિકસતા મુંબઈ બંદરની વાટ પકડી.

કચ્છમાંથી કપરી પરિસ્થિતિમાંથી આવનાર આ યુવાનોએ મુંબઈમાં કપરી પરિસ્થિતિનો સામનો કરવાનો હતો. નહિવત અભ્યાસ સાથે અન્ય કોઈ અનુભવ ન હોતાં દાણા કરિયાણાની દુકાનોમાં નોકરી સ્વીકારી. તે સમયની કરિયાણાની દુકાન એટલે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી સખત કામગીરી. સખત મજૂરી કરી, સ્વબળે આગળ વધી, સ્વતંત્ર ધંધો શરૂ કરતાં વતનમાંથી બેકાર યુવાનોને મુંબઈ બોલાવી પોતે અગવડ વેઠી, આવનાર માટે સગવડ કરી આપતાં મુંબઈમાં દાદર - માટુંગા વિસ્તારમાં ૪૦-૫૦ પરિવાર વસવાટ થતાં આ જ્ઞાતિજનોએ પોતાની એકતા ભ્રાતૃભાવના કાયમ રાખવા લગભગ ૧૨૫ વર્ષ અગાઉ વતનમાં ચાલતી મહાજનની પરંપરા શ્રી કચ્છી જૈન ગુર્જર મહાજનના નામે સ્થાપિત કરી અને દરેક પરિવારો પર અમુક લાગો તેમજ દુકાનદારો પર અમુક જણસો પર વેરો નાખવામાં આવ્યો. વાર તહેવારે ખપ લાગે માટે વાસણો વસાવવામાં આવ્યાં. મહાજનના શેઠની નિમણૂક કરવામાં આવી. આગળ કોઈ જગ્યા ન હોતાં દાણાની દુકાનની બહાર કોથળા પાથરી મીટિંગ મળતી અને ઠરાવો થતા. આ રીતે ૫૦ વર્ષની મહાજનની કામગીરી પછી લગભગ રૂપિયા વીસ હજાર જેવી રકમ જમા થતાં મહાજન માટે જગ્યા મેળવી મકાન બનાવવાનું નક્કી કર્યું.

ખૂબ શોધખોળને અંતે માટુંગામાં સ્ટેશન નજીક ૯૦૦ વારનો એક પ્લોટ એક વારના સાત રૂપિયા ચાર આનાના ભાવે રૂપિયા છ હજાર પાંચસો પચ્ચિસમાં ખરીદ કરવામાં આવ્યો. પ્લોટ ખરીદી કર્યા બાદ તેના પર બાંધકામ કરવામાં આવ્યું. પરંતુ બાંધકામનો ખર્ચ વધી જતાં સમાજના ભાઈઓએ પોતાની જરૂરિયાતો ઓછી કરી, ફાળો આપી બાંધકામ પૂર્ણ કર્યું.

મકાન તૈયાર થતાં નવા બંધારણની રચના કરી શ્રી કચ્છી જૈન ગુર્જર મહાજનના નામને વિસર્જિત કરી શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ માટુંગા (પાખાડી) નામકરણ કરી મકાનનું નામ 'ગુર્જરવાડી' રાખવામાં આવ્યું.

આ ગુર્જરવાડી થકી સમગ્ર કચ્છી જૈન ગુર્જર જ્ઞાતિને પોતાના શુભપ્રસંગો ઉજવવા માટેની એક સવલત મળી. તદુપરાંત જ્યારે જ્ઞાતિજનોને જરૂર ન હોય ત્યારે ઈતર જ્ઞાતિઓને ભાડાથી આપવામાં આવતાં, તેની આવક ઊભી થતાં, તેના થકી સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી, જે સવિસ્તર નીચે આપવામાં આવેલ છે.

આ ગુર્જરવાડી થકી સમાજને મોટામાં મોટો લાભ એ થયો કે લગભગ ૫૦ વર્ષ અગાઉ જ્યારે કચ્છમાં બેકારીનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું, કુટુંબમાંથી છોકરા સાત ધોરણ અથવા વધારેમાં વધારે દસ ધોરણ પાસ થાય એટલે મુંબઈ કોઈ સંબંધી પાસે મોકલી આપતા. ત્યારે મુંબઈ માટે એક કહેવત હતી કે મુંબઈમાં રોટલો મળે પણ ઓટલો ન મળે — એ પરિસ્થિતિમાં સમાજે, આવનાર ભાઈઓ માટે ગુર્જરવાડીમાં સૂવાની વ્યવસ્થા કરી આપી. આ યુવાનો દિવસે નોકરી કરે અને રાતે વાડીમાં સૂઈ રહેવાનું. જ્ઞાતિના મંડળમાં જમવાનું. કરકસર કરી ૧૦-૨૦ રૂપિયા વધે તે દેશમાં પરિવારને મોકલવાના. આ રીતે લાભ લેનાર યુવાનો આજે મુંબઈમાં પગભર થઈ પ્રતિષ્ઠા તથા ધંધો જમાવી આગળ વધેલ છે. સમાજને વિસારે ન પાડતાં વખતોવખત સહકાર આપી, જ્ઞાતિની સંસ્થાઓમાં સેવા આપી ઉચ્ચ હોદ્દો સંભાળી સેવાભાવનું કાર્ય કરી રહ્યા છે. આ લેખના લેખકે પણ ઘણા વર્ષો સુધી સમાજની આ વ્યવસ્થાનો લાભ લીધો છે.

સૂવાના ભાઈઓ ઉપરાંત ગુર્જરવાડીમાં બીજે માળે એક રૂમ દેશમાંથી ઉચ્ચ શિક્ષણ માટે અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને

*નાણાં ઉધાર આપવાં એ પણ દુશ્મન બનાવવાની કળા ગણી શકાય.*

ફાળવવામાં આવેલ. જેમાં પણ ઘણા વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી નામના મેળવેલ છે. જેમાં ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ સભ્ય જયકુમાર સંઘવી તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હાલના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાનું નામ ઉલ્લેખનીય છે.

હાલમાં જ ગુર્જરવાડીને ૭૫ વર્ષ પૂર્ણ થતા હીરક જયંતી મહોત્સવનું આયોજન કરી યોગી સભાગૃહમાં ૨૦૦૦ જ્ઞાતિજનોની હાજરીમાં હાલપર્યંત સમાજને સેવા આપેલ કાર્યકરોને યાદ કરી ભાવપૂર્વક વંદના કરવામાં આવેલ. તેમજ ૭૫ વર્ષ પૂર્ણ થતાં સમાજની એક જરૂરિયાત — ભારતભરમાં જ્ઞાતિના પ્રથમ લોનાવાલા સેનેટોરિયમની શરૂઆત કરવામાં આવેલ. દરેક આધુનિક સગવડો સાથે આ સેનેટોરિયમનો લાભ શરૂઆતથી ખૂબ સારા પ્રમાણમાં લેવાઈ રહ્યો છે.

સમાજની અન્ય પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- ✦ જ્ઞાતિજનોને ગુર્જરવાડીનું મકાન તથા દરેક સામગ્રી અન્ય કરતાં ૫૦ થી ૭૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે આપવામાં આવે છે તેમજ જ્ઞાતિની સંસ્થાઓને પણ ૭૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે.
- ✦ દર વર્ષે શિક્ષણ સન્માન સમારોહનું આયોજન કરી વિદ્યાર્થીઓને સન્માનપત્ર સાથે ઈનામ આપવામાં આવે છે તેમજ ૨૬ જાન્યુઆરીનાં સમગ્ર ભારત તેમજ વિદેશમાં ઉચ્ચ શિક્ષણમાં પ્રથમ તથા દ્વિતીય નંબરે આવેલ વિદ્યાર્થીઓને વિશ્વ સમારોહનું આયોજન કરી મૅડલ અર્પણ કરવામાં આવે છે. સાથે સાથે સમાજનો પ્રતિષ્ઠિત ઍવૉર્ડ 'સમાજરત્ન' પદ પણ આ સમારોહમાં અર્પણ કરવામાં આવે છે.
- ✦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલ કોલેજ ફી તથા પુસ્તકો માટે સહકાર આપવામાં આવે છે તેમજ ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. સસ્તા દરે નોટબુક તથા વિદ્યાર્થીઓને ઉપયોગી સ્ટેશનરીનું વેચાણ કરવામાં આવે છે.
- ✦ ધાર્મિક ક્ષેત્રે પર્યુષણ પર્વ બાદ સ્વામિવાત્સલ્ય સાથે ક્ષમાપનાની અરસપરસ આપ-લે કરી તપસ્વીઓનું સન્માન તથા ધાર્મિકક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવે છે. તેમજ જીવદયા ક્ષેત્રે કચ્છની દરેક પાંજરાપોળોને નક્કી કરેલ રકમ મોકલવામાં આવે છે. સભાસદોના પરિવારોમાંથી કોઈ દીક્ષા ગ્રહણ કરે તો સમારંભનું આયોજન કરી દીક્ષિતનું સન્માન કરવામાં આવે છે. ધાર્મિક પરંપરાને અનુસરી ગુર્જરવાડીમાં કંદમૂળ વાપરવા પર પ્રતિબંધ છે.
- ✦ દિવાળીના તહેવાર નિમિત્તે કાર્યકરોની દેખરેખ નીચે ગુર્જરવાડીમાં મીઠાઈ બનાવી, નહીં નફો - નહીં નુકસાનના ધોરણે વેચાણ કરવામાં આવે છે. સાથે સૂકા મેવા હોલસેલ માર્કેટમાંથી ખરીદી, ખરીદ કરેલ ભાવે વેચાણ કરવામાં આવે છે. શિયાળામાં શુદ્ધ ઘી ના અડદિયા લાડુ બનાવી વેચાણ કરવામાં આવે છે.
- ✦ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોના પરિવારોને માસિકના ધોરણે આર્થિક સહાય મોકલવામાં આવે છે. મેડિકલ સહાય પણ તાત્કાલિક મંજૂર કરી આપવામાં આવે છે.
- ✦ ૫૦ વર્ષ અગાઉ સમૂહ લગ્નનું આયોજન કરી સમૂહ લગ્નમાં પહેલ કરનાર આ સમાજ હાલે પણ દર વર્ષે બે તિથિ રાખી સમૂહ લગ્નનું આયોજન કરે છે. એકી સાથે ગુર્જરવાડીમાં સોળ સોળ લગ્નનું આયોજન કરનાર જ્ઞાતિમાં હવે સમૂહલગ્નમાં ભાગ લેનારની સંખ્યા ઓછી થતી જાય છે.
- ✦ અન્ય પ્રવૃત્તિઓમાં સમાજનું મુખપત્ર 'પાખાડી દર્પણ' ત્રણ માસે નિયમિત રૂપે પ્રકાશિત કરવામાં આવે છે. ભાઈબીજના દિવસે જ્ઞાતિજનોના સ્નેહ મિલનનું આયોજન કરી મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવે છે. હાલ પર્યંત સમગ્ર મુંબઈના જ્ઞાતિજનોનું વસતિપત્રક તેમજ ટેલિફોન ડિરેક્ટરી પ્રકાશિત કરવામાં આવેલ છે. પરિચય મિલન, મેડિકલ કેમ્પ, એક દિવસીય પર્યટન વગેરે કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

કચ્છી જૈન ગુર્જર જ્ઞાતિ (વીસા) ના ક્યાંય પણ વસતા કચ્છના દરેક તાલુકાના વતનીઓને કોઈપણ ભેદભાવ વગર આ સમાજ તરફથી વાડીમાં તથા લોનાવાલા સેનેટોરિયમમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. મેડિકલ રાહત - માસિક આર્થિક સહાય પણ કોઈ ભેદભાવ વગર આપવામાં આવે છે. હકીકતમાં અમુક પ્રવૃત્તિઓમાં સભાસદોને લાભ આપવામાં આવે છે, તે સિવાય દરેક પ્રવૃત્તિઓમાં જ્ઞાતિજનોને સમાન ભાવે સહકાર આપવામાં આવે છે.

ધરતીકંપ - કુદરતી આપત્તિવેળા રાષ્ટ્રીય ધોરણે સમાજ તરફથી મોટું ફંડ આપી સભાપદોને પ્રેરિત કરી ફંડ એકઠું કરી મોકલવામાં આવે છે.

લગભગ ૧૦૦૦ પરિવારનું પ્રતિનિધિત્વ ધરાવતા આ સમાજમાં કચ્છના દરેક તાલુકાના પ્રતિનિધિઓ અલગ અલગ સંપ્રદાય હોવા છતાં અરસપરસ બંધુત્વ ભાવના, અરસ પરસને સમજવા માટેની ઉદાર ભાવના હોતાં, ગેરસમજ હોંસાતોસી કાયદાના ચક્રવ્યૂહથી બચી આ સમાજ સ્વચ્છ વહીવટ આપી, અવિરતપણે પ્રવૃત્તિઓ વધારી-વિકસાવી પ્રતિષ્ઠા પામી, સેવાનાં કાર્યો કરી રહ્યો છે. ■

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન - ગાંધીધામ

• જિતેન્દ્રભાઈ આણંદજી છેડા •
મંત્રી, શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ગાંધીધામ

**શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન**
પ્લોટ નં. ૧૨, વોર્ડ-૧૨/એ, રેલવે સ્ટેશન સામે,
ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
ફોન : (૦૨૮૩૬) ૨૨૦૮૩૫, ૨૨૫૦૦૧
**સ્થાપના : વીર સંવત ૨૫૦૧. ઈ.સ. ૧૯૭૫**
**ટ્રસ્ટ રજિ. નંબર : એ-૧૨૬૦ (કચ્છ)**

શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન, ગાંધીધામ-કચ્છની સ્થાપના સને ૧૯૭૫માં કરવામાં આવેલ, જેનો હેતુ ગાંધીધામ-કચ્છ મધ્યે વસવાટ કરતાં મહાજનનાં સભ્યોનાં સામાજિક વિકાસ અને જન હિતાર્થે અનુરૂપ પ્રવૃત્તિઓ કરવી તેમજ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક તેમજ વૈદકીયને લગતી પ્રવૃત્તિઓ કરવી. તે હેતુને લક્ષ્યમાં લઈ મહાજનની સ્થાપના થઈ અને તેને ટ્રસ્ટનાં કાયદા હેઠળ રજિસ્ટર્ડ કરવામાં આવેલ અને મહાજનનું બંધારણ બનાવવામાં આવેલ. ત્યારબાદ મુંબઈ, ગાંધીધામ વચ્ચે બ્રૉડગેજ ટ્રેન શરૂ થવાથી આપણા સમાજનાં સભ્યોને ગાંધીધામથી ટ્રેનમાં જવા તેમજ આવતી વખતે ઉતરવાં માટે અતિથિગૃહ બનાવવાનું નક્કી કરવામાં આવેલ અને સ્થાનિક વસતિ, આપણા મહાજનનાં સભ્યો તેમજ મુંબઈ મધ્યે વસતા આપણા સમાજનાં ઉદાર દિલ દાતાઓનાં દાનથી તે સમયે ખૂબજ સુંદર અતિથિગૃહનું નિર્માણ થયેલ. જેને વપરાશ માટે તા. ૨-૪-૧૯૭૯ ના ખુલ્લો મૂકવામાં આવેલ. અતિથિગૃહમાં કુલ વીસ રૂમ, એક ડોરમેટરી, હોલ, ઓફિસ રૂમ, મહિલા પ્રતીક્ષાલય તેમજ વિશાળ ભોજનાલય હોલ બનાવવામાં આવેલ. સમયને અનુરૂપ અને જરૂરિયાતને લક્ષમાં લઈ અતિથિગૃહની નીચેના ભાગે ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ આઠ રૂમો પૈકી ચાર રૂમને એ.સી. રૂમમાં ફેરવવામાં આવેલ છે તેમજ હાલમાં ભોજનાલય હોલનું રિનોવેશન કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૧માં કચ્છમાં આવેલ મહાવિનાશક ભૂકંપમાં આપણા અતિથિગૃહમાં પણ ઘણું જ નુકસાન થયેલ અને તેને ફરી વપરાશ કરી શકાય તે માટે સ્થાનિકે આપણા સમાજનાં સભ્યો પાસેથી ફંડ એકઠું કરી ભૂકંપગ્રસ્ત બિલ્ડિંગનું સમારકામ શરૂ કરી દેવામાં આવેલ અને આ કાર્યો માટે મુંબઈ મધ્યે દાન આપવાની અપીલ કરતા શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - થાણા (મહારાષ્ટ્ર) તરફથી માતબર રકમનું દાન મળતા અતિથિગૃહનું ભૂકંપને કારણે થયેલ નુકસાનનું મરામત રિનોવેશન સંપૂર્ણપણે ખુબજ સુંદર થઈ જતાં ફરીથી આપણને સમાજનાં સભ્યોના વપરાશ માટે ખુલ્લુ મુકવામાં આવેલ અને જેનો અવિરતપણે આજ દિવસ સુધી આપણા સમાજમાં સભ્યો દ્વારા વપરાશ થઈ રહેલ છે.

ખાસ કરીને ઉનાળામાં વેકેશન દરમ્યાન, પર્યુષણ પર્વ, દિવાળી, કારતક પૂનમ તેમજ નાતાલનાં વેકેશનમાં તેમજ સ્પેશિયલ ટ્રેનનાં પ્રતિકુલ સમયને લીધે તેમજ ગાંધીધામથી વહેલી સવારે ઉપડતી મુંબઈ સિવાય બહારગામ જતી ટ્રેનમાં જનારા આપણા સમાજનાં ભાઈઓના લીધે જે તે સમય ગાળવાં અતિથિગૃહનો વપરાશ સંપૂર્ણપણે (એટલે બધાજ રૂમો) ફુલ બુક થઈ જાય છે તે વખતે પણ વધારાના ઉતારાઓનો ડોરમેટરી હોલમાં તેમજ અતિથિગૃહની અંદર કોઈપણ જગ્યાએ ગાદલા બિછાવી તેમનો સમાવેશ કરી લેવામાં આવે છે. આમ આપણા સમાજના કોઈપણ સભ્યને અતિથિગૃહ સિવાય અન્ય કોઈ સ્થળે ઉતરવા માટે ન જવુ પડે તેનું મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા પૂર્ણ રીતે ધ્યાન રાખવામાં આવે છે.

શ્રી ક.વી.ઓ. જૈન મહાજન, ગાંધીધામ, કચ્છનાં સ્થાનિક વસતા સભ્યો માટે મહાજન દ્વારા દર વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમો, સરસ્વતી સન્માન સમારંભ, મેળાવડો, તપસ્વીઓનું સન્માન, શરદોત્સવ વગેરે કાર્યક્રમોનું જે તે સમયે આયોજન કરવામાં આવે છે.

મહિલા માટે શ્રી ક.વી.ઓ. જૈન સખીવૃંદ મંડળની વિવિધ પ્રવૃત્તિઓ દર મહિને એક વખત રાખવામાં આવે છે.

સમાજનાં યુવાવર્ગ દ્વારા હમણા શ્રી ક.વી.ઓ. જૈન સહયોગ ગ્રુપ ગાંધીધામની સ્થાપના કરવામાં આવેલ છે જેના દ્વારા વિવિધ પ્રકારની પ્રવૃત્તિ દ્વારા યુવાનોની કારકિર્દી અંગેની પ્રવૃત્તિઓની શરૂઆત કરવામાં આવે છે.

અતિથિગૃહમાં પ્રથમ માળે વિશાળ ભોજનાલય આવેલ છે જે અતિથિગૃહની શરૂઆત કરેલ તે વખતથી નિરંતર ચાલુ રાખેલ છે. આ ભોજનાલયમાં જૈન ધર્મને અનુરૂપ વાનગીઓ બનાવીને પીરસવામાં આવે છે અને ભોજનાલયમાં જમવાની વસ્તુ સિવાય ચા-દુધ, સવારનો નાસ્તો વગેરે પણ આપવામાં આવે છે, જેનો લાભ સવારે મુંબઈથી ટ્રેનમાં આવતા આપણા સમાજના સભ્યો, સંઘ કે કોઈપણ સામાજિક પ્રસંગે સમૂહમાં પધારતા લોકો તેનો લાભ લે છે.

મહાજનના બંધારણ મુજબ બૃહદ ગાંધીધામ વિસ્તારમાં વસતા મહાજનના સભ્ય ટ્રસ્ટી બની શકે છે. અત્યારે નીચે મુજબ કારોબારી સભ્યો તથા ટ્રસ્ટ મંડળ અને હોદ્દેદારો છે.

| | |
|---|---|
| શ્રી રોહિતભાઈ મોરારજી સંગોઈ | પ્રમુખ |
| શ્રી રમેશભાઈ ડુંગરશી દેઢિયા | ઉપ-પ્રમુખ |
| શ્રી જિતેન્દ્રભાઈ આણંદજી છેડા | મંત્રી |
| શ્રી કેતનભાઈ માવજી ગંગર | ખજાનચી |
| શ્રી હેમંતભાઈ શામજી છેડા | સહમંત્રી |
| શ્રી મુળજીભાઈ ઉમરશી સાવલા | સભ્ય |
| શ્રી કેતનભાઈ રતિલાલ દેઢિયા | સભ્ય |
| શ્રી અમરભાઈ હસમુખ ગડા | સભ્ય |
| શ્રી પરેશભાઈ વિશનજી ભેદા | સભ્ય |

*દર વખતે પોતે ભૂલ કરીને શીખવું નકામું છે, બીજાની ભૂલો પરથી પણ શીખી શકાય છે.*

# આંધ્રપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ

• પોપટલાલ કેશવજી છેડા •
માનદ્ મંત્રી - આંધ્રપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ

આંધ્ર પ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજની સ્થાપના વર્ષ ૧૯૯૩માં હૈદ્રાબાદમાં કરવામાં આવી. જેમાં આંધ્રપ્રદેશ રાજ્યમાં વસતા કચ્છી વીસા ઓસવાલ જૈન પરિવારોને સાંકળી લેવામાં આવ્યા છે.

મુખ્યત્વે દક્ષિણ ભારત અને ખાસ કરીને આંધ્રપ્રદેશમાં સમાજના ઉંમર લાયક યુવક - યુવતીઓના સગપણની સમસ્યાને હલ કરવાના હેતુથી આ સંસ્થાનું ગઠન થયું. ત્યારબાદ વિવિધ યુવાલક્ષી પ્રવૃત્તિઓ સાથે આ સંસ્થા સતત ૧૮માં વર્ષે પણ પ્રયત્નશીલ છે.

સમયાંતરે 'દક્ષિણ ભારત કચ્છી વીસા જૈન એકમ'નું ગઠન કરી સમગ્ર દક્ષિણ ભારતના પાંચ રાજ્યોને આવરી લઈ સાથે અન્ય ૪ ઘટકોના સહયોગથી ઘણી પ્રગતિ થઈ. દર વર્ષે રૂટિન પ્રવૃત્તિઓ સાથે દર ત્રણ વર્ષે વિશાળ મહાસંમેલનનું આયોજન વિવિધ ઘટકો દ્વારા કરવામાં આવે છે. છેલ્લું મહાસંમેલન તા. ૧૪ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ હૈદ્રાબાદ મધ્યે યોજવામાં આવ્યું. ભારતભરની આપણી સંસ્થાઓમાં નહિ યોજાયું હોય એવું યાદગાર સંમેલન યોજવામાં આવ્યું. જેના સંસ્મરણો વર્ષો સુધી માનસપટ પર રહેશે.

હાલમાં સંસ્થા દ્વારા યુવક - યુવતીઓને નજર સમક્ષ રાખી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં દર વર્ષે ટ્રેકિંગ કેમ્પ, ક્રિકેટ સ્પર્ધા, યુથ કેમ્પ, પિકનિક, પબ્લિક સ્પિકિંગનો કાર્યક્રમ, દર વર્ષે કચ્છી નાટકની રજૂઆત વગેરે પ્રવૃત્તિઓ સામેલ છે. જેમાં મોટી સંખ્યામાં યુવક - યુવતીઓ તેમજ તેમના વડીલો ભાગ લે છે. અગાઉ બહારગામમાં સગપણ માટે વિકટ સમસ્યા રહેતી. સગપણ માટે મદાર મુંબઈ પર રહેતો, તે હવે દક્ષિણ ભારતમાં આપસમાં સગપણોનું પ્રમાણ સારું એવું વધતા આ મુખ્ય ધ્યેયને સફળ બનાવવામાં આ સંસ્થા સફળ રહી છે.

**આંધ્રપ્રદેશ કચ્છી વીસા ઓસવાલ સમાજ**
C/o. પારસ માર્કેટિંગ,
૪-૫-૨૫૭, ૧લે માળે, સુલતાન બજાર,
હૈદ્રાબાદ-૫૦૦ ૦૯૫.
ફોન : (ઓ) ૬૬૬૩૭૧૮૬, ૨૪૭૫૭૧૮૬
મોબાઈલ : ૯૪૪૦૦ ૫૫૧૧૩
ઈ-મેઈલ : kvohyd@gmail.com
ઈ-મેઈલ : parasmarketing@sify.com

**આંધ્ર પ્રદેશ ક.વી.ઓ. સમાજના હોદ્દેદારો**

| | | |
|---|---|---|
| પ્રમુખ | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા | પત્રી |
| ઉપપ્રમુખ | શ્રી ચીમનલાલ લાલજી ગાલા | છસરા |
| માનદ્ મંત્રી | શ્રી પોપટલાલ કેશવજી છેડા | ગોધરા |
| સહ માનદ્ મંત્રી | શ્રી દિનેશ કલ્યાણજી ગોસર | વિંઢ |
| ખજાનચી | શ્રી તલકશી ભાણજી ગડા | લઠેડી |

**આંધ્ર પ્રદેશ ક.વી.ઓ. સમાજના કારોબારી સભ્યો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| *કારોબારી સભ્યો* | | શ્રી પંકજ હીરજી સાવલા | બેરાજા | શ્રીમતી અવનિ અનિશ છેડા | ગોધરા |
| શ્રી અમૃતલાલ ભાણજી નીસર | વડાલા | શ્રી મહેન્દ્ર દેવશી વોરા | મુંદ્રા | શ્રી ચિરાગ રતિલાલ છેડા | લાયજા |
| શ્રી તારાચંદ મણિલાલ ધરોડ | પત્રી | *કો-ઑપ્ટ સભ્યો :* | | શ્રી હરેશ હેમરાજ દેઢિયા | ગઢસીસા |
| શ્રી મણિલાલ રામજી ધરોડ | પત્રી | શ્રી રમણિકલાલ લીલાધર નાગડા | વરંડી મોટી | *આમંત્રિત સભ્ય :* | |
| શ્રી વલ્લભજી મેઘજી સાવલા | ડેપા | શ્રીમતી લીલમબેન ધીરજલાલ કાપડિયા | પત્રી | શ્રી હરિલાલ ભીમશી સાવલા | સમાઘોઘા |

## ખોટો દેખાડો ન કરવો

આપણામાંથી ભાગ્યે જ કોઈ એવો જણ હશે જે બ્રૂકર ટી. વોશિંગ્ટનનું નામ જાણતો ન હોય. આ બ્રૂકર શરૂમાં શાળામાં દાખલ થયો. ત્યાં તેણે જોયું કે દરેક વિદ્યાર્થી માથા પર ટોપી કે હેટ પહેરીને જ શાળામાં આવતો. પણ બ્રૂકર પાસે તો ટોપી કે હેટ કશું હતું જ નહીં. તેણે પોતાની મા ને કહ્યું. પણ મા બીચારી ટોપી ક્યાંથી લાવી આપે? માએ બ્રૂકરને સમજાવ્યું કે હેટ કે ટોપી લાવવા જેટલા પૈસા તેમની પાસે નથી. થોડા દિવસ પછી માએ હાથવણાટના કાપડના બે ટુકડા મેળવ્યા અને તેને સીવીને એક ટોપી બનાવી આપી. બ્રૂકરતો હોંશેહોંશે તે પહેરીને શાળાએ ગયો. પણ તેની ટોપી જોઈને બીજા છોકરાઓ તેની મશ્કરી કરવા લાગ્યા.

પાછળથી બ્રૂકર નોંધે છે કે ટોપીની બાબતમાં મારી મા એ મને જે પદાર્થપાઠ આપ્યો તે હું કદી ભૂલ્યો નથી. પોતાની પાસે કોઈ ચીજ ન હોય તો તે માટે ખોટો દેખાડો ન કરવો. દેવું કરીને પણ રોફ મારવાની કોશિશ ન કરવી. માણસે સ્વાવલંબી થવું.

***– હરિશ્ચંદ્ર (કાંતા હરવિલાસ બહેનો)***

*કટાઈ જવા કરતાં ઘસાઈ જવું વધારે શ્રેષ્ઠ છે.*

## ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર
# ઍંકરવાલા અહિંસાધામ

• મહેન્દ્ર રતનશી સંગોઈ •
ટ્રસ્ટી - ઍંકરવાલા અહિંસાધામ

પ્રાણી માત્ર પ્રત્યે જીવદયા, કરૂણા એવા ભગવાન મહાવીરે ચીંધેલા અહિંસાના પાયાના સિધ્ધાંતો અનુસાર કાર્યરત સંસ્થા "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર" "ઍંકરવાલા અહિંસાધામ" જીવદયાપ્રેમીઓના સહકારથી કચ્છના મુંદ્રા તાલુકાના પ્રાગપુર રોડ જંક્શન ખાતે વિશાળ પાયે સંચાલન કરી રહી છે.

આ સંસ્થાનું ભૂમિપૂજન ૧૯૯૦માં શ્રી જાદવજી રવજી ગંગરની પ્રેરણાથી થયું હતું. એ વખતે પાંચ એકર જમીનમાં ફક્ત ૨૦ જાનવરોની સંખ્યા હતી. દાનવીર શેઠ સ્વ. શ્રી લાલજી વેલજી શાહના સુપુત્રો શ્રી દામજીભાઇ તથા શ્રી જાદવજીભાઇએ સંસ્થાને માતબર દાન આપી આ બીજનો વિકાસ કરવા પાણી અને ખાતર પૂરું પાડ્યું અને આ સંસ્થાનો પાયો મજબૂત કર્યો. ભવિષ્યમાં આ સંસ્થા આટલી વિશાળ અને વિસ્તૃત થશે એની કોઇને પણ કલ્પના ન હતી!!!

**ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર**
**સંચાલિત**
**શેઠશ્રી લાલજી વેલજી શાહ**
**"ઍંકરવાલા અહિંસાધામ"**
પ્રેરક : જાદવજી રવજી ગંગર
ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નં. : ઈ-૧૨૮૮૬ / મુંબઈ
• *મુંબઈ કાર્યાલય* •
૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧,
બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬.
ફોન : (૦૨૨) ૨૮૬૨ ૭૭૯૫, ૨૮૬૫ ૮૨૬૬
• *સંકુલ* •
પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ.
ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨
મો. : ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૯૪ ૭૫૭૬૪
E-mail : ahinshadham_kutch@yahoo.co.in
Website : www.ahinsadham.org
**સંસ્થાને આપેલું દાન**
**ઈન્કમટેક્ષની કલમ-૮૦જી હેઠળ કરમુક્ત છે.**

આ સંસ્થાનું મુખ્ય ધ્યેય અશક્ત, લાચાર, બીમાર અને નિરાધાર પશુ-પક્ષીઓને આશ્રય અને નિર્વાહ આપવાનું અને હોસ્પિટલ અને ડૉક્ટરોની મદદથી એમની સુશ્રુતા અને સેવા કરવાનું.

માત્ર પાંચ એકર અને ૨૦ જાનવરોથી શરૂ થયેલી સંસ્થાએ છેલ્લા ૨૨ વર્ષના સમયગાળામાં પ્રગતિશીલ અભિગમો દ્વારા નેત્રદીપક કાર્ય કર્યું છે. આ સંસ્થા હાલ ૬૦૦ એકર જમીનમાં પથરાયેલી છે અને ૨૮૦૦ પશુ-પક્ષીઓનું આશ્રય સ્થાન બની રહી છે. સંસ્થાનો રોજનો ખર્ચ ૧ થી ૧.૨૫ લાખ રૂપિયા છે. આજે માત્ર કચ્છમાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત અને ભારત તેમજ દેશવિદેશમાં પ્રશંસાપાત્ર "પશુ રક્ષા કેન્દ્ર" તરીકેની ખ્યાતિ મેળવી છે. એટલું જ નહીં ૬૦૦ એકર જમીનમાં સંસ્થાએ ૩૫ એકર જમીનમાં "નંદી સરોવર" બનાવ્યો છે જેનું પાણી પશુ પક્ષીઓને પીવા માટે અને ઘાસચારાના વાવેતર માટે વપરાશે અને એ રીતે સંસ્થા ઘાસચારા માટે સ્વાવલંબી બનશે. પર્યાવરણને સમતોલ રાખવા જમીનમાં વૃક્ષો વાવી રહી છે.

સંસ્થામાં હૃદયસ્પર્શી મ્યુઝિયમ છે જેમાં ચિત્રો દ્વારા અને નવનીત ઓડિટોરિયમમાં વિડિયો કેસેટ દ્વારા પશુઓ પર કેવી ક્રૂરતા આચરવામાં આવે છે અને કેવી રીતે કતલખાનામાં તેમની નિર્દય હત્યા થાય છે એ દર્શાવવામાં આવે છે. સૌંદર્ય પ્રસાધનો બનાવવા માટે પ્રાણીઓની હત્યા કરવામાં આવે છે. રોજના ૨૦૦ મુલાકાતીઓ આ બધું જુએ છે ત્યારે તેમને કંપારી છૂટે છે.



ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર - "ઍંકરવાલા અહિંસા ધામ" સંસ્થાનું પ્રવેશદ્વાર.



પશુઓની સારવાર માટે સંસ્થાનું આધુનિક સગવડોથી સજ્જ I.C.U

*આદર્શવાદી માણસ એટલે એવો માણસ જે બીજાઓને સમૃદ્ધ થવામાં મદદ કરે છે.*


દુનિયાની અજાયબી અને સંસ્થાનું ગૌરવ :- સંસ્થામાં ગોપાલ બળદ એક ભવ્ય અજાયબી રૂપ હોવાને કારણે તેને લીમકા બુક તેમજ ગિનીઝ બુક્સ ઓફ વર્લ્ડ રેકોર્ડસમાં સ્થાન મળ્યું છે. ગોપાલના શિંગડાની લંબાઈ ૯.૨ ફુટ અને તેના વ્યાસ ૨.૬ ફુટ હતાં. ગોપાલનું વજન ૭૬૫ કિલો હતું. લોકો તેના દર્શન માટે ઉત્સુકતા પૂર્વક આવતા. ગોપાલને કારણે સંસ્થાના ગૌરવ અને પ્રતિષ્ઠામાં અનેરો વધારો થયો છે. ગોપાલના શિંગડા સંસ્થાએ મ્યુઝિયમમાં તેની કાયમી યાદ માટે સાચવી રાખ્યા છે. આ ગોપાલની યાદગીરી રૂપે તેની સમાધિ પર સંસ્થાના સંકુલમાં “ગોપાલ સ્મૃતિ” મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.



સંસ્થાના આંગણે ચબુતરાઘર.

સમયની જરૂરિયાતને સમજીને સંસ્થાએ ૨૦૧૦માં ૧૧૦૦૦ ચો. ફીટનું વિશાળ ICU (ઇન્ટેન્સીવ કેર યુનિટ) બનાવેલ છે જેમાં એકી સાથે ૧૦૦ પશુઓને સારવાર આપી શકાશે.

કચ્છમાં અને ખાસ કરીને સંસ્થાની આજુબાજુ વિવિધ Industries આવતા રસ્તાઓ પર ખૂબજ વાહન વહેવાર વધવાથી રોજના પશુઓના ૩ થી ૪ એક્સિડન્ટના કેસીસ સંસ્થામાં આવે છે અને સંસ્થા દરેકને સારવાર આપે છે અને જરૂર પડે તો ICUમાં પણ મૂકે છે. સંસ્થા પોતાની એમ્બ્યુલન્સ મોકલાવીને તેમને એંકરવાલા અહિંસાધામમાં લાવીને સેવા કરે છે.



સંસ્થાની અજાયબી ગોપાલ બળદ (લીમકા તેમજ ગીનીઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામનાર)

સંસ્થા તેમજ સંસ્થાના જીવદયાના કાર્યને જોવા રોજના ૨૦૦ મુલાકાતીઓ આવે છે એમની સુવિધા માટે સંસ્થાએ ભોજનશાળા પણ શરૂ કરી છે.

જીવદયાના મહાયજ્ઞ માટે સંસ્થાએ દાનપેટી યોજના શરૂ કરી છે જે જીવદયાપ્રેમીઓ તેમના ઘર, દુકાન, શો રૂમમાં મૂકે છે અને એમાં આવતું ભંડોળ જીવદયાના કામમાં ખૂબ જ ઉપયોગી થાય છે. અત્યારે લગભગ ૧૫૦૦ દાનપેટીઓ મુંબઈ અને મુંબઈની બહાર બીજા ગામમાં મૂકેલી છે.



૩૫ એકરમાં વિશાળ એંકરવાલા નંદી સરોવર.

સંસ્થાના સંકુલમાં ગૌમુત્રમાંથી ઔષધિઓ બનાવે છે જે અસાધ્ય રોગો પર અક્સીર સાબિત થયેલ છે.

૪ એકર જમીનમાં મોર અને પક્ષી અભયારણ્ય કે જેમાં મોર અને પક્ષીઓ મુક્ત રીતે નિર્ભયતાથી રહી શકશે તે બનાવેલ છે.

સંસ્થાને મળેલા એવૉર્ડમાં મુખ્ય **“મહાવીર જીવદયા એવોર્ડ”** ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે ૨૦૦૮માં, **સ્વર્ણિમ ગુજરાત એવોર્ડ** - ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતા સંસ્થાને અર્પણ કરવામાં આવ્યો હતો. આ સિવાય બીજા ઘણા એવૉર્ડ સમયે સમયે સંસ્થાને સંસ્થાની કાર્યશૈલી અને કાર્યનિપુણતા માટે મળેલ છે.

સંસ્થા દર વર્ષે પ્રાગપુર સંકુલમાં જુદા-જુદા પ્રોગ્રામ જેવા કે ઉદ્‌ઘાટન સમારોહ, જીવદયા અને પર્યાવરણ પર પ્રવચન યોજે છે અને કચ્છ અને મુંબઈના જુદા-જુદા સ્થળે અને જુદા-જુદા સમયે પણ જીવદયા માટે સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજે છે અને એ દ્વારા જીવદયા માટેનું ડોનેશન મેળવે છે.

સંસ્થાની હરણફાળ પ્રગતિનો શ્રેય તેમના નિઃસ્વાર્થ, અહિંસાપ્રેમી કાર્યવાહકો જે દર ગુરૂવારે સંસ્થાની મુંબઈ ઓફિસમાં મળે છે અને સંસ્થાના કાર્યને આગળ વધારવા મંઝિલ નક્કી કરે છે અને તેને સિધ્ધ કરવા માટે અભિગમ કરે છે. સાથે આ આશ્રયદાતાઓ અને પ્રેરણા પૂરી પાડનાર મહાનુભાવોનો સહયોગ હોય છે.

સંસ્થાની વિગતવાર માહિતી નીચે મુજબ છે :

★

*જિંદગી એ જુગાર છે એમાં શંકા નથી, પણ એમાં પાનાં તમારાં પોતાનાં જ છે.*

## ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર
## એંકરવાલા અહિંસાધામ

**અપંગ, નિરાધાર, અશક્ત, બીમાર પશુપક્ષીઓ માટે આશ્રય અને નિર્વાહ કરતું એક જીવદયા મંદિર**

છેલ્લાં બે દાયકાથી ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર અબોલ જીવોની સેવા કરી રહ્યું છે. હાલ સંસ્થામાં ૨૮૦૦ પશુ પક્ષીઓ આશ્રય લઈ રહ્યાં છે. ચાર વેટરનરી ડોક્ટર અને ૮૦ સેવાભાવી કર્મચારીઓ દિવસ-રાત નિયમિત પ્રેમ, લાગણી અને આત્મીયતાપૂર્વક સેવા આપી રહ્યાં છે.

- **સંસ્થાનું ગૌરવ "ગોપાલ" બળદ :**

સંસ્થામાં ગોપાલ નામનો મહાકાય બળદ અજાયબી હતો. ગોપાલના શિંગડાની લંબાઈ ૯.૨ ફૂટ અને તેનો વ્યાસ ૨.૬ ફૂટ હતા. ગોપાલનું વજન ७૬૫ કિલો હતું. લોકો તેના દર્શન માટે ઉત્સુકતાપૂર્વક આવતા રહેતા. આ બળદ "ગોપાલ નંદી"ને "લીમ્કા બુક ઑફ રેકોર્ડસ"માં તેમજ "ગીનીઝ બુક્સ ઑફ વર્લ્ડ રેકોર્ડ્ઝ"માં સ્થાન મળ્યું છે. આથી સંસ્થાના ગૌરવ અને પ્રતિષ્ઠામાં અનેરો વધારો થયો. ગોપાલનું અવસાન ૨૦૦૩માં થયું. આ ગોપાલની યાદગીરી રૂપે તેની સમાધિ પર સંસ્થાના સંકુલમાં "ગોપાલ સ્મૃતિમંદિર"નું નિર્માણ કરવામાં આવ્યું છે.

- **હૃદયસ્પર્શી મ્યુઝિયમ અને ઓડિટોરિયમ :**

વિનેશાલય મ્યુઝિયમ હોલમાં ચિત્રો દ્વારા અને નવનીત ઓડિટોરિયમમાં વિડિયો કેસેટ દ્વારા પશુ પક્ષીઓ પર આચરવામાં આવતી ક્રૂર હિંસા અને કતલખાનામાં કરવામાં આવતી હત્યા દર્શાવવામાં આવી છે, જે નિહાળીને જોનારને કંપારી છૂટી જાય છે.

- **જીવદયાના મહાયજ્ઞ માટે સંસ્થામાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓમાંની એક પ્રવૃત્તિ – ટીપે ટીપે સરોવર ભરાય - દાનપેટી :**

સમાજના દાનશીલ એવા જીવદયા પ્રેમીઓ દ્વારા સંસ્થામાં ચાલતી જીવદયાની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થઈ શકે એ ઉદ્દેશ્યથી દાનપેટી દ્વારા સંસ્થા ભંડોળ પ્રાપ્ત કરી રહી છે. આપની દુકાનો, ઘર, શો રૂમના કાઉન્ટર પર દાનપેટી મુકવામાં આવશે. આ દાનપેટી મૂકીને અબોલ જીવોની સેવા કરવાનો અમૂલ્ય લહાવો અને પુણ્ય મેળવો. ઉપરાંત આપ જ્યારે દાન પેટીમાં પૈસા નાખો છો ત્યારે આપના પરિવારના દરેક સભ્યો ખાસ કરીને નાના બાળકોમાં જીવદયા અને જૈન ધર્મનાં સંસ્કારોનું સિંચન થાય છે.

- **અસાધ્ય રોગો પર અક્સીર સાબિત થયેલ ગૌમુત્રમાંથી બનાવેલ ઔષધિઓ :**

સંસ્થા સ્વસ્થ ગાયોના ગૌમુત્ર સાથે અહિંસક શુધ્ધ દેશી આયુર્વેદિક જડીબુટ્ટીનું મિશ્રણ કરીને અસાધ્ય હઠીલા રોગો જેવા કે કેન્સર, ડાયાબિટીસ, કિડની, પથરી, સંધીવા, બ્લડપ્રેશર જેવા નાના મોટા રોગો માટે અસરકારક દવાઓ બનાવે છે જે મનુષ્યની રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને રોગોને જડમૂળથી દૂર કરે છે.

- **અદ્યતન વૈદ્યકીય સગવડોથી સજ્જ સંસ્થાની વેટરનરી હોસ્પિટલ અને એમ્બ્યુલન્સ :**

અબોલ, બીમાર અને ઘવાયેલા પશુ - પક્ષીઓની સારવાર કરવા માટે અદ્યતન સાધનોથી સજ્જ હોસ્પિટલ સંસ્થાના સંકુલમાં છે. વધતા જતાં વાહનોની અવરજવરને લીધે રોજના ૩ થી ૪ એક્સિડન્ટના કિસ્સાઓ હોસ્પિટલમાં આવે છે. સમયસર સારવાર મળતા અબોલ જીવોને નવજીવન મળે છે. અંદાજે મહિનામાં ૩૦૦ પશુ - પક્ષીઓને આ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે. તેથી જ હાલ સંસ્થાનો માસિક ખર્ચ અંદાજે રૂા. ૨૦થી રૂા. ૨૫ લાખ જેટલો આવે છે.

- **૧૧,૦૦૦ ચોરસ ફીટમાં પથરાયેલું અત્યાધુનિક સગવડોથી સજ્જ ઈન્ટેન્સીવ કેર યુનીટ (આઈ.સી.યુ.)ની વિશેષતા :**

★ ૧૨૫ x ૯૦ ફીટ
★ ૨૦ ફીટ ઊંચાઈ
★ ૧૦૦ પક્ષુઓની ક્ષમતા ધરાવતું
★ એક્સ-રે અને ટ્રીટમેન્ટ રૂમ
★ સ્લોપ સાથેના સિમેન્ટ ફ્લોરીંગ
★ ક્લોઝ સરકિટ ટી.વી. અને ઓડિયો વીડિયો સિસ્ટમ
★ મેગ્નેટીક થેરપી
★ વોટર થેરપી
★ વોટર બાથ
★ આઈ.સી.યુ.ના પશુઓની હેરફેર માટે મોબાઈલ વાન.

- **સાકાર થતું સોનેરી સપનું - રણમાં અમી ઝરણું એંકરવાલા નંદી સરોવર :**

પાણીની બાબતમાં સ્વાવલંબી બનવા માટે સંસ્થાએ ૩૫ એકર જમીનમાં વિશાળ એંકરવાલા નંદી સરોવર બનાવ્યું છે. આ સરોવરમાં સંસ્થાના તથા આજુબાજુના ગામના પશુ-પક્ષીઓ પ્યાસ છીપાવે છે. એમને જે સંતોષ મળે છે અને તેનાથી ઉદ્‌ભવતુ પુણ્ય આપ જીવદયા પ્રેમીઓને ફાળે જાય છે.

- **પશુઆહાર સંબંધી સ્વાવલંબી થવાની યોજના :**

અહિંસાધામમાં પાણી અને ઘાસચારા માટે સ્વાવલંબી બનવા ઘણી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. સંસ્થાએ ઘાસચારાની બાબતમાં ૬૦૦ એકર જમીન ખરીદી છે. જેમાં ઘાસચારો તથા આયુર્વેદિક ખેતી કરવામાં આવે છે. સંસ્થાએ ૧૫,૦૦૦ જેટલા વૃક્ષો વાવ્યા છે. હજી વધુ વૃક્ષો વાવીને પર્યાવરણને સમતોલ રાખવાના કાર્યો કરવામાં આવે છે.

*ઈર્ષ્યા, એ લીલા કાચ જેવી આંખોવાળો રાક્ષસ છે.*

- **અહિંસાધામ સંકુલમાં "વિરમણી" ભોજનશાળા :**

સંસ્થાની મુલાકાતે આવતાં યાત્રીઓ માટે ભોજનશાળાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- **ભગવાન મહાવીર જીવદયા એવોર્ડ-૨૦૦૮ :**

તા. ૧ મે, ૨૦૦૮ના અહિંસા અને જીવદયાની સ્થાપનાના ક્ષેત્રમાં એંકરવાલા અહિંસાધામે આપેલ વિશિષ્ટ યોગદાન બદલ ગુજરાત રાજયનો "મહાવીર જીવદયા ઍવોર્ડ" ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટીઓને અર્પણ કરવામાં આવ્યો હતો.

- **સ્વર્ણિમ ગુજરાત એવોર્ડ - ૨૦૧૧ :**

ગુજરાત રાજયની સ્થાપનાના ૫૦ વર્ષ પૂર્ણ થતા સ્વર્ણિમ વર્ષ નિમિત્તે "એંકરવાલા અહિંસાધામ"ને "સ્વર્ણિમ ગુજરાત ઍવૉર્ડ - ૨૦૧૧" સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટીઓને અર્પણ કરવામાં આવ્યો હતો.

- **મોર અને પક્ષી અભયારણ્ય :**

૪ એકર જમીનના પ્લોટમાં મોર અને પક્ષી મુક્ત રીતે નિર્ભયતાથી રહી શકે તે માટે કુદરતી વાતાવરણમાં ઘટાદાર વૃક્ષોની વચ્ચે મુક્ત અભયારણ્યનું આયોજન કરેલ છે.

- **પશુ આહાર ભંડાર :**

પશુઓના આખા વર્ષનો ઘાસચારો સંગ્રહ કરી શકાય તે માટે અદ્યતન ૧૧,૦૦૦ ચોરસ ફીટના બે, ૨૫,૦૦૦ ચોરસ ફીટના ચાર પશુ આહાર ભંડાર બનાવવામાં આવેલ છે.

- **જય વિજય બળદની જોડી :**

મુંબઈના એક્સ. મેયર ડૉ. શોભા રાઉલ તથા અહિંસાધામના ટ્રસ્ટીઓએ ૨૦૦૮માં મુંબઈ દેવનાર કતલખાનેથી આ બે બળદને છોડાવી તેમના જીવની રક્ષા કરી. હાલમાં કચ્છ ખાતે અહિંસાધામમાં નિર્ભયતાથી જીવી રહ્યા છે.

- **સંસ્થાની સિધ્ધિઓ :**

★ ગુજરાત સરકાર દ્વારા જીવદયાની સંસ્થાઓને આપાતા પારિતોષિકોમાં ૨૦૦૨માં શ્રેષ્ઠતાનો પ્રથમ પુરસ્કાર.
★ રાજ્યકક્ષાના મંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ તરફથી જીવદયાના કાર્ય માટે પ્રમાણપત્ર.
★ ચીનુભાઈ પટેલ તથા ગુજરાત ગોપાલક વિકાસ નિગમ તરફથી સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવવામાં આવી છે.
★ એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા તરફથી ૨૦૦૬માં ગુજરાતની ઈન્સ્પેક્ટિંગ એજન્સી તરીકે નિમણૂક.
★ ઑલ ઈન્ડિયા હ્યુમન રાઈટ્સ એસોસિએશન તરફથી ૨૦૦૭માં સંસ્થાને કાર્યશૈલી અને કાર્યનિપુણતા માટે ઍવોર્ડ.
★ ગીનીસ બુક્સ ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવનાર સંસ્થામાં ગોપાલ નામનો મહાકાય બળદ અજાયબી હતો.
★ ભારતભરમાં સૌપ્રથમ ૧૧,૦૦૦ ચો. ફીટમાં પશુઓ માટે વિશાળ અત્યાધુનિક ઈન્ટેન્સીવ કેર યુનિટનું નિર્માણ.
★ ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સંસ્થાને "મહાવીર જીવદયા ઍવૉર્ડ ૨૦૦૮."
★ ગુજરાત રાજયનાં સ્થાપનાના ૫૦ વર્ષ નિમિત્તે સંસ્થાને "સ્વર્ણિમ ગુજરાત ઍવૉર્ડ ૨૦૧૧"

- **સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :**

★ મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ, જનજાગૃતિ ઇત્યાદિ)
★ આઈ.સી.યુ.ની ઉપર - વિશાળ એંકરવાલા ઓડિટોરીયમ.
★ હોસ્પિટલ
★ નવનીત ઓડિટોરીયમ (એમ્ફી થિયેટર)
★ ગૌમૂત્રમાંથી બનતી દવાઓનું ઔષધાલય
★ ગોપાલ સ્મૃતિ મંદિર
★ ૧૧,૦૦૦ ચો. ફીટનું વિશાળ આઈ.સી.યુ.
★ બાલવાટીકા
★ સાધુ સાધ્વી આરાધના ધામ.
★ અંધ પશુઓ માટેના આવાસ.
★ અપંગ પશુઓ માટેના આવાસ.
★ પક્ષીઓ માટે પિંજરા અને ચબુતરા.

- **સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :**

★ ૩૫ એકરનું વિશાળ એંકરવાલા નંદી સરોવર
★ આયુર્વેદિક દવાઓનું ઔષધિવન.
★ પશુ પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.
★ પશુ શેડો.
★ ભવિષ્યનું નક્ષત્રવન - સંકુલનું સંપૂર્ણ દર્શન.
★ મોર અને પક્ષી અભયારણ્ય.
★ ઘાસચારા સંગ્રહ માટે વિશાળ ગોડાઉનો.

**સ્વીકારો કે બીજાઓ તમારાથી જુદા છે, જુદી રીતે વિચારે છે, જુદી રીતે વર્તે છે, કાંઈક જુદું અનુભવે છે અને બોલે છે. શબ્દો શાંતિ પમાડે તેવા હોવા જોઈએ. જે લોકોને એકમેક સાથે જોડી આપે અને સુખચેનનો અહેસાસ કરાવે.**

*માનવ જાતિના હિતનો કોઈ વિચાર કર્યા વગર મરતાં તમારે શરમાવું જોઈએ.*

## મદદ અને અન્ય માહિતી માટે સંપર્ક


**મોભી વરિષ્ઠ સલાહકાર**

| | |
|---|---|
| શ્રી રાઘવજી શામજી સંગોઈ | પ્રાગપર |

**દાતા ટ્રસ્ટીઓ**

| | |
|---|---|
| શ્રી દામજી લાલજી શાહ | કુંદરોડી |
| શ્રી જાદવજી લાલજી શાહ | કુંદરોડી |
| શ્રી અમરચંદ રામજી ગાલા | રાયણ |
| શ્રી ડુંગરશી રામજી ગાલા | રાયણ |
| શ્રી અરવિંદ કુંવરજી મારૂ | લાખાપુર |
| શ્રી શાંતિલાલ લાલજી છેડા | કાંડાગરા |
| શ્રી વીનેશ વશનજી મામણિયા | કુંદરોડી |
| શ્રી પંકજ વીરજી ધરોડ | પત્રી |
| શ્રી સુંદરજી મુરજી શાહ | સણોસરા |
| શ્રી મહેન્દ્ર રતનશી સંગોઈ | ટોડા |

**ટ્રસ્ટી / પ્રમુખશ્રી**

| | |
|---|---|
| શ્રી રમેશ નાનજી ગાલા | પ્રતાપર |

**ટ્રસ્ટી / ઉપપ્રમુખશ્રી**

| | |
|---|---|
| શ્રી જયંત પ્રેમજી ગોગરી | ભુજપુર |

**ટ્રસ્ટીઓ**

| | |
|---|---|
| શ્રી લખમશી શામજી છેડા | કુંદરોડી |
| શ્રી લીલાધર દનાભાઈ ગડા | બાડા |
| શ્રી શાંતિલાલ ઉમરશી ગંગર | સમાઘોઘા |
| શ્રી પ્રાણલાલ મોતીચંદ મહેતા | ઝરપરા |

**માનદ્ મંત્રીઓ**

| | |
|---|---|
| શ્રી મણિલાલ વલ્લભજી ગાલા | પ્રતાપર |
| શ્રી હરેશ નાગજી વોરા | ગેલડા |
| શ્રી વિનોદ કુંવરજી નંદુ | મોટી ખાખર |

**ખજાનચી / સહ ખજાનચી**

| | |
|---|---|
| શ્રી જયેશ મોરારજી ગોગરી, સી.એ. | ટુંડા |
| શ્રી દિનેશ લાલજી મારૂ | ભોજાય |

**કારોબારી સભ્યો**

| | |
|---|---|
| શ્રી કાંતિલાલ મણિલાલ મહેતા | માંડવી |
| શ્રી વિશનજી રવજી વોરા | ગેલડા |
| શ્રી વશનજી નરશી છેડા | કાંડાગરા |
| શ્રી મહેન્દ્ર મોરારજી વોરા | નવીનાર |
| શ્રી પ્રવીણ જેઠાલાલ દેઢિયા | ગુંદાલા |
| શ્રી વિજય ગણપત દેઢિયા | ભુજપુર |
| શ્રી હર્ષદ ગાંગજી સૈયા | સમાઘોઘા |
| શ્રી હિકિન ચંદ્રકાંત સૈયા | ગેલડા |
| શ્રી પંકજ માવજી વોરા | મુંદ્રા |
| શ્રી મનોજ હરીલાલ ગાલા | સમાઘોઘા |


## સંસ્થાની વિવિધ યોજનાઓ નીચે મુજબ છે

| | | | |
|---|---|---|---|
| ૧. | ચાર એકર જમીનના દાતા (ઘાસ-ચારા અને વૃક્ષ માટે) | ૪ એકરના પ્લોટ પર નામ | રૂા. ૨૭,૦૦,૦૦૦/- |
| ૨. | ઘાસ-ચારા માટે ૫ કિ.મી. પાણીની લાઈન (નંદી સરોવર) | | રૂા. ૨૭,૦૦,૦૦૦/- |
| ૩. | આધારસ્થંભ દાતા | | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| ૪. | સહાયક દાતા — અભયારણ્યના | | રૂા. ૨,૨૫,૦૦૦/- |
| ૫. | એક મહિનાના મેડિકલ ખર્ચના દાતા | | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૬. | કાયમી તિથિ - ચણ, દવા તથા ઘાસચારા | તિથિના દિવસે સંસ્થાના બોર્ડ ઉપર | રૂા. ૫૧,૦૦૦/- |
| ૭. | કાયમી તિથિ — ઘાસચારા | તિથિના દિવસે સંસ્થાના બોર્ડ ઉપર | રૂા. ૨૫,૫૫૫/- |
| ૮. | એક ઘાસચારાની ગાડીના | | રૂા. ૧૧,૦૦૦/- |
| ૯. | એક દિવસનો ઘાસચારો | | રૂા. ૫,૫૫૫/- |
| ૧૦. | વાર્ષિક અભયદાન યોજના | રૂા. ૧,૦૦૦ / રૂા. ૨,૦૦૦ / રૂા. ૫,૦૦૦ / રૂા. ૧૦,૦૦૦ | |
| ૧૧. | એક દિવસ કબુતરોને ચણ | | રૂા. ૧,૦૦૧/- |

## શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ

(અનુસંધાન : પાના નં.-૮૪ ઉપરથી ચાલુ)

ફેલાયેલું છે અને સંપૂર્ણ ૧૮૦૦૦ સ્કવેર ફીટનું બાંધકામ વિકલાંગ વ્યક્તિઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ આરોગ્ય સેન્ટરમાં ગુજરાત તથા મુંબઈની કોલેજોનાં વિધાર્થીઓને તાલીમ આપવામાં આવે છે.

આજનાં સમયમાં જ્યારે જીવન જીવવાની પદ્ધતિ બદલાઈ રહી છે ત્યારે કુદરતી ઉપચાર કેન્દ્ર ઘણો અગત્યનો ભાગ ભજવે છે. કુદરતી ઉપચાર કેન્દ્રની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં લઈ એક નવું સંપૂર્ણપણે સુસજ્જ કુદરતી ઉપચાર કેન્દ્રનું બાંધકામ કરવામાં આવ્યું છે. ૧૦૪ બૅડ ધરાવતી **"માતુશ્રી રતનબેન લખમશી ગેલાભાઈ સાવલા નેચર ક્યોર અને રિસર્ચ સેન્ટર"** શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્રમાં દરરોજ ૮૦ થી ૯૦ દર્દીઓ દાખલ થાય છે અને સારવારનો લાભ લે છે.

ડૉક્ટરો, દાતાઓ, વોલન્ટિઅરો અને દર્દીઓનો પ્રેમભર્યો સાથ શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટને સતત મળતો રહે છે. તેથી સંસ્થાની પ્રવૃત્તિઓ સતત વિકાસનાં પંથે છે.

શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શ્રી કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામની બધીજ પ્રવૃત્તિઓમાં બિદડાવાસીઓ તેમજ સમાજનાં બીજા ગામોનાં ભાઈ-બહેનો તન, મન, ધનથી મદદકર્તા છે અને ખૂબજ ઉત્સાહપૂર્વક ભારત, અમેરિકા, યુ.કે., કેનેડા, ઓસ્ટ્રેલિયામાં બિદડા હોસ્પિટલનાં નામની સુવાસ-સુગંધ ફેલાવે છે. ■

# માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

● કુલીનકાંત ચાંપશી લુઠિયા ●
સામાજિક કાર્યકર - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

માનવજ્યોતની સ્થાપના ૧૯૯૧ માં ૧૦ x ૧૫ ફૂટના નાના ગેરેજમાં થઈ. છેલ્લા ૧૭ વર્ષ સુધી ત્યાં અનેક નાની પ્રવૃત્તિઓ થઈ. ૨૦૦૪માં શ્રી લખમશી ઘેલાભાઈ સાવલા મેડિકલ એન્ડ રિલીફ સેન્ટર, દાતા પરિવારે આશરે ૬૦૦ સ્કવેર ફૂટના વિસ્તારમાં ઊભું કરી આપ્યું. આ સેન્ટર ઊભું કરી આપવામાં દાતા પરિવારે ભવ્ય આર્થિક યોગદાન આપ્યું. હાલ ડેન્ટલ, હોમિયોપેથી, એક્યુપ્રેશર, આઈ કેમ્પ કન્સલ્ટિંગ જેવી સુવિધાઓ રાહત દરે જનતાને ઉપલબ્ધ થાય છે. જરૂરતમંદોને સી.ટી.સ્કેન, એમ.આર.આઈ., સોનોગ્રાફી વગેરે રાહત દરે કરાવી આપવામાં પણ આ સેન્ટર મદદરૂપ થાય છે.

**માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ**
ઓફિસ : નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૭ ૩૫૮૭/૨૫૯૧ ૯૭૫૫
કે.સી. લુઠીયા : ૯૮૨૦૦ ૩૯૪૬૯

**'માનવ જ્યોત'ની મુખ્યત્વે વિવિધ સેવાલક્ષી પ્રવૃત્તિઓ :** (૧) મેડિકલ સેન્ટર, (૨) ડ્રગ બેન્ક, (૩) મેડિકલ ક્ષેત્રે માર્ગદર્શન, (૪) મેડિકલ સહાય, (૫) લોકોપયોગી સાહિત્ય પ્રકાશન પુસ્તક - પેમ્ફલેટ, સી.ડી. વગેરે, (૬) સીક બૅડ સેવા, (૭) વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ

## સેવાને સથવારે

● **હાર્ટ, કિડની અને કેન્સરના મોટા ઑપરેશનમાં આર્થિક સહાયઃ**

હાર્ટની બીમારીમાં બાયપાસ સર્જરી, વાલ્વ રિપ્લેસમેન્ટ, વાલ્વ રિપેર વગેરેના ઑપરેશનમાં, કિડની ફેઈલ થતાં ડાયાલિસિસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ વખતે, તેમ જ કેન્સરમાં કિમોથેરપીના ડોઝ અને રેડિયોથેરેપીની સીટિંગ લેવા મોટા આર્થિક ભંડોળની તાતી જરૂર પડે છે. સામાન્ય માણસને આ ખર્ચા પરવડે જ નહીં.

માનવજ્યોત આ દર્દીઓને સહાયભુત થવા નિષ્ઠામય પ્રયાસ કરે છે. રાહત દરે ટ્રીટમેન્ટ અપાવે છે. ભલામણ પત્ર દ્વારા અન્ય સંસ્થાઓમાંથી નાણાકીય મદદ મેળવી આપે છે. આજ સુધી માનવજ્યોત દ્વારા આવા ૨૫,૦૦૦થી વધુ દર્દીઓને માર્ગદર્શન અને સહાય અપાયા છે.



માનવસેવાને મહેંકાવતા 'માનવ જ્યોત' ટ્રસ્ટના સ્થળાંતર થયેલા નૂતન સેન્ટરમાં દાતા પરિવારના શ્રી મૂલચંદભાઈ સાવલા અને શ્રી પીયૂષભાઈ સાવલા સાથે માનવ જ્યોતના શ્રી જીતુભાઈ શેઠ અને મધુકરભાઈ શેઠ સાથે પૂ.શ્રી ચંદનાશ્રીજી મ.સા.

માનવજ્યોત શેઠશ્રી સુંદરજી મુરજી શાહ (કચ્છ ગામ સણોસરા) ના ભવ્ય આર્થિક અનુદાનથી હાર્ટ કિડની અને કેન્સરના તેમજ બ્રેઈન ટ્યુમરના દરેક દર્દીને મોટી સર્જરીમાં મદદરૂપ બનવા રૂ. ૧૦૦૦ નો ચેક આપી દર્દીને ભલામણપત્ર દ્વારા સહાયરૂપ બનીએ છીએ.

● **વૃદ્ધાશ્રમ, મહિલાશ્રમ અને અનાથાશ્રમને પૂરક બનવા**

માનવમિત્ર શ્રી વલ્લભજી ડુંગરશી શાહ (મેરાઉ) ની સન્નિષ્ઠ સેવાથી પ્રથમ માનવમિત્ર મંડળ અને પછી માનવજ્યોતના નેજા હેઠળ મુંબઈ તેમ જ આસપાસના વિસ્તારોમાં વિવિધ વૃદ્ધાશ્રમો, બાલાશ્રમો, મહિલાશ્રમો તેમજ વિકલાંગો અને માનસિક ક્ષતિગ્રસ્તોની સંસ્થાની દાતાઓને મુલાકાત ગોઠવી આપી. આશ્રમવાસીઓ માટે કરોડો રૂપિયા ભેગા કરાવી અનુદાન રૂપે અપાવ્યા. જન્મદિન, લગ્ન પ્રસંગ કે ઘરમાં કોઈ શુભ પ્રસંગે કે શ્રાદ્ધ પ્રસંગે, મૃત્યુતિથિએ આશ્રમવાસીઓને મિષ્ઠાન્ન સાથે ભાવતા ભોજન કરાવી લાખો રૂપિયા ખર્ચ્યા, તેમને જોઈતી સાધનસામગ્રી અપાવી.

"સમાજ સેવાની સુંગધ ફેલાવતી સંસ્થાઓની ડિરેક્ટરી" ૧૦,૦૦૦ થી વધુ પુસ્તિકાઓ પ્રકાશિત કરીને તેનું વિનામૂલ્યે વિતરણ કર્યું, દાતાઓ અને સમાજને દાનગંગા વહેવડાવવામાં તે પુસ્તિકા માર્ગદર્શિકારૂપ બની. વિવિધ પરાંઓમાં આશ્રમો સાથે ગરીબોને ભોજન આપતા કેન્દ્રોના નામ, સરનામા, સંપર્કસુત્રોના ફોન/મોબાઈલ નંબર વગેરે છપાવી ગરીબોની આંતરડી ઠરે તેમ દાતાઓ માટે મોટું માર્ગદર્શન પણ ઉપલબ્ધ કર્યું.

*બીજાની મહેનતનું ફળ ખાવાની માણસને ઈચ્છા થઈ ત્યારથી દુનિયામાં પાપની શરૂઆત થઈ.*

મુંબઈ તેમ જ મહારાષ્ટ્ર અને ગુજરાતના વૃદ્ધાશ્રમો, મહિલાશ્રમો, અનાથાશ્રમ અને વિકલાંગોની સંસ્થાઓને પૂરક બનવા માનવજ્યોત સંસ્થા છેલ્લા અનેક વર્ષોથી પ્રયત્ન કરે છે. એક હાથે આવી સંસ્થાઓ માટે દાતાઓ ઉભા કરી આપે છે, તો બીજા હાથે આ સંસ્થાઓમાં મુશ્કેલીમાં મુકાયેલાને દાખલ પણ કરાવી આપે છે.

આવી રીતે મુંબઈ - મહારાષ્ટ્ર ગુજરાતની સેવાલક્ષી સંસ્થાઓને પૂરક બનવાના માનવ જ્યોતે નેક પ્રયાસ કર્યો છે અને રૂપિયા ૧ કરોડથી વધુ અનુદાન એ સંસ્થાઓને અપાવવામાં નિમિત્ત બન્યું છે.

**● મેડિકલ કેમ્પ :**

માનવજ્યોત દ્વારા અવારનવાર આઈ કેમ્પ, ચશ્માં વિતરણ, સ્કિન કેમ્પ, ડેન્ટલ કેમ્પ, એક્યુપ્રેશર કેમ્પ વગેરે યોજી રાહત દરે જનતાને સેવાનો લાભ મળી રહે છે. આ કેમ્પોમાં જેમને નથી પરવડતું તેમને રાહત દરે કે વિનામૂલ્યે પણ સેવા અપાય છે.

**● સિનિયર સિટીઝનને આઈ કાર્ડ :**

સિનિયર સિટીઝનને ડિગ્નિટી ફાઉન્ડેશનના આઈ કાર્ડ આપવામાં માનવજ્યોત સંસ્થાના સેવાભાવી સિનિયર સિટીઝનોના ગ્રુપે અત્યંત પ્રશંસનીય કાર્ય કર્યું છે.

નિવૃત્તિમાં પ્રવૃત્તિ રૂપે સિનિયર સિટીઝનોને બોલાવી આઈ-કાર્ડ માટે પેપર વર્ક તૈયાર કરી કલેક્ટરની ઓફિસમાં મોકલાવવામાં આવે છે. બે અઢી માસના સમયાંતરે તૈયાર થઈને આવતા આઈકાર્ડ આજ સુધી ૨૦,૦૦૦ થી વધુ સિનિયર સિટીઝનોને અપાયેલ છે, જે માનવજ્યોતની એક ભવ્ય સિદ્ધિ છે.

શ્રી અમૃતભાઈ ઠક્કરે આ આઇકાર્ડ આપવાની યોજનામાં સિંહફાળો આપ્યો છે. તેમની અને રાઘવનની રાહબરી હેઠળ એક ટીમવર્ક ઊભું કરી, સિનિયર સિટીઝનોને આ અનુપમ સેવા નિઃસ્વાર્થપણે આપી છે. હાલમાં શ્રી અમૃતભાઈ અને શ્રી રાઘવન સિવાયના સર્વે નિવૃત્ત થયા છે.

**સંસ્થામાં નિયમિત ધોરણે ચાલતી માનવસેવાલક્ષી પ્રવૃત્તિઓ**

- ★ ડેન્ટલ, હોમિયોપેથી, એક્યુપ્રેશર, માનસિક રોગ - વ્યસનમુક્તિ માટે ક્લિનિક
- ★ ઑપરેશન માર્ગદર્શન અને આર્થિક સહાય માટે ભલામણ પત્ર
- ★ કિડની ડાયાલિસિસના દર્દીઓને રાહત અપાવવી
- ★ ડેડ બોડી ટ્રોલી
- ★ સીક બૅડ સેવા
- ★ બ્લડ ડોનેશન
- ★ મેડિકલ કેમ્પ
- ★ નિઃશુલ્ક મેડિકલ માર્ગદર્શન
- ★ કેન્સર, હૃદય, કિડની બીમારીના સારવાર ખર્ચ માટે માર્ગદર્શન, ભલામણ પત્ર અને આર્થિક સહાય.
- ★ કિડનીના દર્દી માટે રાહતના દરે ડાયાલાઈસર-ટ્યુબિંગ
- ★ ડ્રગ બેંક (રાહતના દરે બ્લડપ્રેશર, ડાયાબિટીસ, હૃદય રોગની દવાઓ)
- ★ મેળવેલી દવાઓ (જમા કરેલી દવા) ડોક્ટરની ચીઠ્ઠી મુજબ નિઃશુલ્ક આપવી (સોમ થી શુક્ર ૧૦-૧૨)
- ★ ડિપોઝીટ-ભાડાથી તબીબી માવજતના સાધનો આપવા.
- ★ રક્તદાન, મેડિકલ કેમ્પ, ચક્ષુદાન અને દેહદાન, અવયવદાનનો પ્રચાર કરી, માર્ગદર્શન આપવું તેનું રજિસ્ટ્રેશન કેન્દ્ર.
- ★ સિનિયર સિટીઝન આઈકાર્ડ સેવા.
- ★ વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ બાબત માર્ગદર્શન.
- ★ મહિલા ઉત્કર્ષ, બાળ-ઉત્કર્ષ બાબત માર્ગદર્શન
- ★ વિકલાંગ લગ્નોત્સુક પરિચય મિલનનું આયોજન
- ★ જૂના/નવા વસ્ત્રોનું વિતરણ
- ★ લોકોપયોગી સાહિત્ય, પ્રકાશન-માહિતી આપવી.
- ★ નિઃશુલ્ક કાનૂની માર્ગદર્શન.
- ★ નિઃશુલ્ક આર.ટી.આઈ. માર્ગદર્શન
- ★ નિઃશુલ્ક આંખની તપાસ (ચશ્માં)
- ★ સ્વર્ગયાત્રા શબવાહિની સેવા.
- ★ અન્ય સેવાલક્ષી સંસ્થાને પૂરક.

**● મોતિયાના ઑપરેશન :**

જેમને મોતિયો પાકી ગયો છે તેમને રાહત દરે કે વિનામૂલ્યે મોતિયાના ઑપરેશન માનવજ્યોત દ્વારા કરાવી આપવામાં આવે છે. ચશ્માં પણ અપાય છે.

ગુજરાતમાં - મહારાષ્ટ્રમાં પછાત વિસ્તારમાં અને મુંબઈમાં શહેરમાં અવારનવાર આઈકેમ્પોનું આયોજન કરી, ગરીબ જરૂરતમંદ દર્દીઓનું આઈ ચેક-અપ અને મોતિયાનું ઓપરેશન રાહત દરે કે વિનામૂલ્યે પણ કરાવી આપવામાં આવે છે.

**● સ્કિન દાન :**

મૃત્યુ બાદ સ્કિન ડોનેશન માટે માનવજ્યોતના સુમતિ ગ્રુપના શ્રી વિનોદ હરિયા (ગામ શેરડી) હંમેશાં તત્પર રહે છે. નેશનલ બર્ન સેન્ટર, રોટરી, સન્ડેગ્રુપ અને સાયન હોસ્પિટલના સહયોગથી આજ સુધી ૭૦ સ્કિન ડોનેશન એમણે કરાવ્યા છે.

સ્કિન બેંક દ્વારા સાયન હોસ્પિટલમાં ચર્મદાન અને બૉન બેન્ક દ્વારા ટાટા હોસ્પિટલમાં હાડકાંના દાન પણ થઈ શકે છે. માનવજ્યોત આવા સેવાકાર્યોનો પ્રચાર પણ કરે છે.

**● દેહદાન - મહાદાન :**

મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીને પ્રેક્ટિકલ જ્ઞાનમાં તેમ જ રિસર્ચ માટે માનવ મૃતદેહ અત્યંત ઉપયોગી થઈ પડે છે. આજ સુધી ૭૦૦ જેટલા દેહદાન રજિસ્ટર્ડ થયા છે અને ૩૦૦ જેટલા દેહદાન થયા છે. મૃતકની અંતિમ ઇચ્છા હોય તો રજિસ્ટ્રેશન વગર પણ દેહદાન થાય છે. જે. જે. હોસ્પિટલની કમિટીમાં શ્રી કે.સી. લુઠીયાની નિમણૂક થઈ છે. કે.જે. સોમૈયા હોસ્પિટલ - સાયન અને જે.જે. હોસ્પિટલ - ભાયખલામાં તેઓ દેહદાન રજિસ્ટ્રેશન કરાવી આપે છે. માનવજ્યોતના ટ્રસ્ટી શ્રી કુલીનકાંત સી. લુઠીયાનો મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯ પર સંપર્ક કરી શકાય.

**● ચક્ષુદાન - મહાદાન :**

ચક્ષુદાન - મહાદાન છે. કોઈ એક વ્યક્તિના ચક્ષુદાનથી બે

*આજીવિકાની પળોજણમાં માણસ જીવવાનું ભૂલી ગયો છે.*

અંધજનોને દૃષ્ટિ મળે છે. છેલ્લા ૨૦ વર્ષથી જ્યારે ચક્ષુદાનના કોલ આવ્યા છે ત્યારે આઈબેન્કનો સંપર્ક કરી બહેના, હીરા મોંઘી નવનીત હોસ્પિટલ અને ક.વી.ઓ. સેવા સમાજ, સહિયર આઈ બેન્ક વગેરેના કાર્યકર અને ડૉક્ટરનો સંપર્ક કરી ઘટના સ્થળે પહોંચી તુરંત ચક્ષુદાન કરાવી આપવામાં આવે છે. આજ સુધીમાં ૪૦૦ ચક્ષુદાન માનવજ્યોત સંસ્થા દ્વારા થયા છે. તેમજ ૫૦,૦૦૦ થી વધુ ચક્ષુઓ પરીક્ષણ પછી પ્રિઝર્વેશન કરી કોર્નિયલી બ્લાઈન્ડને એકેક કોર્નિયા આપી પુનઃદૃષ્ટિ અપાવી છે.

- **અવયવદાન :**

અવયવદાન દ્વારા જે દર્દીઓ કિડની, લીવર, આંખ, ફેફસા, પેનક્રિયાસ, ચામડી વગેરેની બીમારીથી પીડાય છે અને જેમને આવા અવયવની તાતી જરૂર છે, તેમના માટે બ્રેઈન ડેડ (કૉમામાં સરકી ગયેલા) દર્દીઓના અવયવદાન અત્યંત ઉપયોગી થાય છે. માનવજ્યોત અવયવદાન અંગે જાગૃતિ લાવે છે.

- **કચ્છમાં પોલિયો સર્જરી :**

૧૯૯૮/૨૦૦૦માં કચ્છના પછાત વિસ્તારોમાંથી પોલિયોગ્રસ્તોની વહારે કરેક્ટિવ સર્જરી અર્થે માનવજ્યોત અને શ્રી અંધ અંપગ માનવ કલ્યાણ સોસાયટીના સંયુક્ત નેજા હેઠળ મોટા પાયે આઠ પોલિયો કેમ્પોનું આયોજન કરેલું. જેમાં ૯૧૮ જેટલા ઑપરેશન થયા. ટ્રસ્ટીશ્રી માનવમિત્ર શ્રી વલ્લભજી ડુંગરશી શાહ (મેરાઉ) ના પ્રયાસોથી મુંબઈના દાતા વર્ગે આશરે રૂપિયા ૪૫ લાખનું અનુદાન આ પ્રકારના કેમ્પોને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકારૂપ બન્યું.

- **એમ્બ્યુલન્સ સેવા :**

માનવજ્યોત સંસ્થાએ આજ સુધી નીચેના પ્રોજેક્ટ માટે એમ્બ્યુલન્સ વાહન સુવિધા પૂરી પાડી છે :

(૧) ગુલાબબેન રસીકલાલ દોશી અને કમલાબેન મફતલાલ મહેતા પ્રેરિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિઝીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદમાં ડાયાલિસિસ અને કિડની ઑપરેશન કરાવતા દર્દીઓની હેરફેર માટે

(૨) ગુજરાત રક્તપિત્ત નિવારણ સેવા સંઘ, વડોદરાની લેપ્રસી કોલોની તેમ જ વિકલાંગ ઉત્કર્ષ માટે

(૩) નેત્રરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ દાહોદની આંખની હોસ્પિટલમાં આઇ કેમ્પ અર્થે

(૪) વાંકાનેરમાં ન્યાલચંદ રાજપાલ દોશી આંખની હોસ્પિટલમાં, સૌરાષ્ટ્રની સ્કૂલોમાં ભણતા બાળકોની આંખોના પરીક્ષણ અને સારવાર માટે

(૫) કચ્છમાં ભુજ ખાતે માનવજ્યોત દ્વારા દર્દીઓને દૂરના ગામડાંથી હોસ્પિટલ કે હોસ્પિટલથી ઘરે લઈ જવા દર્દીઓની હેરફેર માટે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ કરવામાં આવે છે. શ્રી પ્રબોધભાઈ મુનવર તેનું સુંદર સંચાલન કરે છે.

મોબાઈલ : ૯૮૭૯૪ ૪૬૧૬૬/ ૯૪૨૮૨ ૯૩૮૧૧ ઉપર આ વાહન માટે સંપર્ક કરી શકાય.

- **શારીરિક વિકલાંગ લગ્નોત્સુક માટે જીવનસાથી :**

શારીરિક ખોડખાંપણ ધરાવતા લગ્નોત્સુક વિકલાંગોને જીવનસાથી શોધવામાં બહુ જ મુશ્કેલી અનુભવવી પડે છે. આ સર્વે વિકલાંગ યુવક - યુવતીઓને એક છત્ર નીચે દર માસના પ્રથમ રવિવારે બોલાવી તેમને જીવનસાથી શોધી આપવામાં માનવજ્યોત સહાયરૂપ બને છે.

રોટરી સેન્ટર મલાડ ખાતે શ્રીમતી તનમન ગિરીશ ગાંધી (મો. ૯૮૧૯૨ ૦૪૨૨૨) તથા શ્રી મહેશભાઈ પારેખ (મો. ૯૭૬૯૪ ૫૭૭૭૪) અને એમને જોડી આપવામાં અને જરૂર પડ્યે તેમના લગ્ન પણ કરાવી આપવામાં સહાયભૂત બને છે.

આજ સુધી ૫૦૦થી વધુ શારીરિક ખોડ ખાંપણવાળાને જીવનસાથી શોધી આપવામાં માનવજ્યોત નિમિત્ત બન્યું છે.

- **વેસ્ટમાંથી બેસ્ટ : ડ્રગબેન્ક - પ્રોજેક્ટ-૧ :**

માનવજ્યોત સંસ્થાએ મુંબઈના વિવિધ પરાંઓમાં દુકાનોની બહાર અને હૉસ્પિટલોના પ્રાંગણમાં દવાઓના ખાલી બોક્ષ મુક્યા છે. તેમાં લોકો વણવપરાયેલી કે અધૂરી નકામી

**માનવજ્યોતની મેનેજિંગ કમિટી**

શ્રી મીઠુભાઈ માવજી ગડા-પ્રમુખ
શ્રી નરેશ દામજી દેઢિયા
શ્રી રસીકલાલ ન્યાલચંદ દોશી
શ્રી દીપક વિશનજી નાગડા
શ્રી વલ્લભજી ડી. શાહ-માનવમિત્ર
શ્રી અરવિંદ મેઘજી છેડા
શ્રી મૂલચંદ લખમશી સાવલા
શ્રીમતી સુમિત્રા સિંઘ
શ્રી રમેશ વલ્લભજી સાવલા
શ્રીમતી તનમન ગિરીશ ગાંધી
શ્રી કાંતિલાલ પી. શાહ
શ્રી વિનોદ ધનજી હરિયા
શ્રી નરેન્દ્ર રામજી નંદુ
શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયા

★

**સેવાભાવીઓની ટીમ**

શ્રી જિતેન્દ્ર અમૃતલાલ શેઠ
શ્રીમતી મીનાબેન કે. સાવલા
શ્રી મનોજ ચંપકલાલ મોદી
શ્રી દિલીપ મુલચંદ શાહ
શ્રી મહેશભાઈ એમ. પારેખ
શ્રી શાંતિલાલ રામજી ગડા
શ્રી વીનુભાઈ હેમચંદ શાહ
શ્રી પ્રેમજી ઘેલાભાઈ ગાલા
શ્રી રમેશભાઈ ભવાનજી સાવલા
શ્રી નાનજી ધારશી ગડા

★

**સલાહકાર સમિતિ**

શ્રી પન્નાલાલ છેડા
શ્રી વિશનજી હરશી ગાલા
શ્રી સુરેશ ગીરધરલાલ શાહ
શ્રી ભાસ્કર ઉપાધ્યાય
શ્રી અરૂણ નરોડે
શ્રી રમેશ આર. ઠક્કર
શ્રી ચીમનલાલ વી. શાહ

*જેમની પાસે પ્રતિભા હોય છે એને તકની કઈ ઝાઝી તમા નથી હોતી.*

દવાઓ નાંખી જાય છે. આ દવાઓનું વ્યવસ્થિત સોર્ટિંગ કરી એક્સપાયરી ડેટવાળી દવાઓને દૂર કરી, બાકીની દવાઓ ડ્રગબેન્ક દ્વારા તાજા પ્રિસ્ક્રિપ્શન ઉપર જરૂરતમંદોને વિનામૂલ્યે અપાય છે.

- **વેસ્ટમાંથી બેસ્ટ : વસ્ત્રદાન - પ્રોજેક્ટ-૨ :**

વણવપરાયેલા કે જૂનાં થયેલા, પણ ફરી વાપરી શકાય તેવા વસ્ત્રો અનેક દાતાઓ પાસેથી એકત્ર કરી જરૂરતમંદોને પછાત વિસ્તારમાં વિતરણાર્થે મોકલવામાં આવે છે.

ભાનુશાલી સમાજમાં એક રિવાજ એવો છે કે મૃત વ્યક્તિના સંબંધીઓ મૃતકને નવીનકોર શાલ, ચાદર, સાડી, ધોતિયા વગેરે ઓઢાડે. આ બધી નવી આઈટમો માનવજ્યોત સ્વીકારી વિવિધ સંસ્થાઓ, અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, વિકલાંગોની સંસ્થા તેમજ મહિલાશ્રમોમાં વિના મૂલ્યે મોકલી આપે છે.

- **કેન્સર ડિટેક્શન કેમ્પોનું આયોજન :**

મુંબઈમાં આશરે ૯૬ જેટલા કેન્સર ડિટેક્શન કેમ્પોનું, કચ્છમાં ગામવાસીઓના સંઘો, મહિલા મંડળો વગેરે મારફત મોટા પાયે આયોજન કરી, ઇન્ડિયન કેન્સર સોસાયટી દ્વારા કેન્સરનું નિદાન વહેલી તકે થઈ શકે તે માટે માનવજ્યોત સદાય પ્રયત્નશીલ રહ્યું.

- **લોકોપયોગી સાહિત્ય પ્રકાશન :**

માનવસેવાને મહેંકાવતી આ સંસ્થા અવારનવાર વિવિધ લોકોપયોગી સાહિત્ય પ્રકાશિત કરી જરૂરતમંદ લોકોને માર્ગદર્શક બની. કેટલાક પુસ્તકોની યાદી :

★ ધી ગાઈડ ટુ સોશિયલ વર્ક - ગુજરાતી/મરાઠી/ઇંગ્લીશ - ૨૦,૦૦૦ કોપી
★ પોકેટ સાઈઝ હેલ્પલાઈન - ૫ લાખ કોપી
★ સમાજમાં સેવાની સુંગધ ફેલાવતી સંસ્થા - ૧૦,૦૦૦ કોપી
★ જાણશો તો ખપ લાગશે - ૩,૦૦૦ કોપી
★ ઘરગથ્થુ ઉપાયો - ૧,૦૦૦ કોપી
★ શ્રેષ્ઠદાન (રક્તદાન, ચર્મદાન, દેહદાન, અવયવદાન અને ચક્ષુદાન) - ૫,૦૦૦ કોપી
★ મેડિકલ સર્વિસીસ ઍટ લૉ કોસ્ટ (મેડિકલ સેવાઓ રાહત દરે) - ૪,૦૦૦ કોપી
★ રાજીવ ગાંધી જીવનદાયી આરોગ્ય યોજના - ૧૦૦૦ કોપી

- **સીક બેડ સેવા :**

માંદગી વખતે અને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ લીધા બાદ જોઈતી સુવિધાઓ માટે સીક બૅડ સેવા અને સાધનો, ડિપોઝીટ - ભાડા પર અપાય છે. મુંબઈમાં અન્યત્ર આવી ઉપલબ્ધ સેવા અંગેનું માર્ગદર્શન પણ અપાય છે.

૨૫૦૦૦થી વધુ જરૂરતમંદ લોકોને માનવજ્યોતે આજ સુધી આ સુવિધાનો લાભ આપી ચુકી છે.

- **રસ્તે રઝળતાને આશ્રયસ્થાન :**

મુંબઈમાં રસ્તા પર કે ફુટપાથ પર રઝળતા નિરાધાર અશક્તોને કોઈ આશ્રમમાં આશ્રયસ્થાન આપવાની કાર્યવાહી શ્રી ડોમીનીક ડીસોઝા અને શ્રી ભરત ઉનડકટ્ટ કરી રહ્યા છે. આવા નિરાધાર, અશક્તો અને બીમાર લોકોને ત્યાંથી હૉસ્પિટલે કે આશ્રમમાં ખસેડવા એક નવી ઍકોકારની વ્યવસ્થા કરવામાં આવી છે. આજ સુધી ૩૦૦૦થી વધુ લોકોને યોગ્ય સ્થાન આપવા આ સેવાભાવીઓ નિમિત્ત બન્યા છે.

- **રાઈટ ટુ ઇન્ફોર્મેશન :**

દર રવિવારે સંસ્થાના કાર્યાલયમાં તરૂણ મિત્ર મંડળ સંચાલિત RTI મદદ કેન્દ્ર (માહિતી અધીકાર ધારા મંચ) સવારના ૧૦ થી ૧૨ છેલ્લા ચાર વરસથી અવિરતપણે ચાલુ રહેલ છે. જેમાં સરકારી તથા અર્ધ સરકારી કાર્યાલયોમાં વિલંબીત તથા અટવાયેલા કાર્યોના સુખદ, બિન ખર્ચાળ અને ત્વરીત નિકાલ માટેનું માર્ગદર્શન આપી ઝડપી ઉકેલ માટે પદ્ધતિસર કાર્યવાહી તદ્દન નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. જેનો અનેક લોકોએ લાભ લીધો છે.

તરૂણ મિત્ર મંડળ પ્રેરિત આ કેન્દ્રથી સુરેશ માવજી ગાલા, ડૉ. હર્ષદ શાહ તથા તેમની ટીમ સુંદર સંચાલન કરે છે.

માહિતી અધિકારનું જાગૃતિક મંચ ઊભું કરવા તેમજ લોકોને તેમના અધિકાર અંગે જાગૃતિ આણવાનો સુંદર પ્રયાસ આ સંસ્થા કરે છે.

- **બાળક દત્તક :**

બાળક વિના ઝુરતા યુગલને બાળક દત્તક અંગે સંપૂર્ણ માર્ગદર્શન માનવજ્યોત સંસ્થા આપે છે. આજ સુધી ૪૫ જેટલા બાળકો દત્તક આપવામાં માનવજ્યોત સંસ્થા મદદરૂપ બની છે.

## 'માનવ જ્યોત' — કોલકત્તા

શ્રી લક્ષ્મીચંદ ચાંપશી લુઠિયાના પરિવારજન શ્રી તેજશભાઈ શ્રી વિરેશભાઈના રૂપિયા ૫ લાખના યોગદાનથી શરૂ કરેલા આ સેન્ટરમાં માનવસેવાના અનેક કામોનું સંચાલન શ્રી વીરેશ લક્ષ્મીચંદ શાહ (લુઠિયા) કરે છે, જેમાં સેવાભાવી કાર્યકરોની ટીમ દ્વારા મેડિકલ કેમ્પ, અનાજ વિતરણ વગેરે પ્રવૃત્તિઓનું અત્યંત સુંદર સંચાલન થાય છે. દર્દીઓને વિનામૂલ્યે દવા આપે છે અને ગરીબ લોકોને અનાજ આપે છે.

## 'માનવ જ્યોત' - ભુજ

કચ્છમાં ભુજ ખાતે પણ છેલ્લા ૭૫ વરસથી ચાલતી માનવજ્યોત સંસ્થાના નેજા હેઠળ અનેકાનેક માનવસેવાલક્ષી પ્રવૃત્તિઓનું શ્રી પ્રબોધ મુનવરની રાહબરી નીચે સુંદર સંચાલન થાય છે. જેમાં ડ્રગ બેંક, ભોજન સમારંભમાં વધેલી વાનગીઓનું ઝુંપડપટ્ટીમાં વિતરણ, ભીખારી અને માનસિક ક્ષતિગ્રસ્તોને આશ્રયસ્થાન, લાવારીસ લાશોનું અગ્નિદાહ, કચરો વીણતાં બાળકોને શિક્ષણ, પશુ પક્ષીની માવજત, વૃક્ષારોપણ જેવી પ્રવૃત્તિઓ મુખ્ય છે. ■

*પ્રતિભા એ ગરીબ માણસની સંપત્તિ છે.*

# શ્રી રામકૃષ્ણ યુવક મંડળ

• કેશવ કે. ગોર •
પ્રમુખ, શ્રી રામકૃષ્ણ યુવક મંડળ - ભુજ

**શ્રી રામકૃષ્ણ યુવક મંડળ**
શ્રી રામકૃષ્ણ પ્રાર્થના મંદિર, પ્રસાદી પ્લોટ,
સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. (ગુજરાત)
ફોન : (૦૨૮૩૨) ૨૫૧૫૪૧
ટ્રસ્ટ રજિ. નં. : ઈ-૪૫૯ / (કચ્છ)
I.T. Exempted U/s. 80G (5) of I.T. Act, 1961

શ્રી રામકૃષ્ણ-વિવેકાનંદ ભાવવધારાને લઈને ૨૪મી મે, ૧૯૬૯ થી એટલે કે છેલ્લા ૪૩ વર્ષથી કચ્છ જિલ્લામાં "શિવભાવે જીવસેવા" ના ઉદ્દેશ સાથે સેવા કાર્ય કરતી આ સંસ્થા કે જે ૨૫૦ ભક્તો બેસી શકે તેવું વિશાળ શ્રી રામકૃષ્ણ પ્રાર્થના મંદિર, ૮૦૦૦થી ઉપરના પુસ્તકો સાથે ૨૫૦ સભ્યો ધરાવતું "વિવેકાનંદ પુસ્તકાલય-વાંચનાલય" "શ્રી મા શારદાદેવી ચિકિત્સાલય" અને "સાધુ નિવાસ" સાથેનું નિજી સંકુલ ધરાવે છે. જે તેની રોજિંદી પ્રવૃત્તિઓ ઉપરાંત અનેકવિધ સેવાકાર્ય કરી રહ્યું છે. એપ્રિલ ૨૦૧૧થી મે ૨૦૧૨ સુધીના ૧૪ માસના સમયગાળા દરમ્યાન મહત્ત્વની પ્રવૃત્તિઓ નીચે મુજબ રહી છે.

### ૧. નારાયણ સેવા :

### (અ) વૃધ્ધ, અશક્ત અને નિરાધાર મા-બાપ સેવા યોજના હેઠળ રાશનકીટ વિતરણ

જાન્યુઆરી ૨૦૦૮થી શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટની સહાયથી પ્રથમ ૧૦ રાશનકીટથી શરૂ કરેલ આ સેવા યજ્ઞ દાતાઓની સહાયથી ૩૫ રાશનકીટની સંખ્યા ૫૨ પહોંચેલ છે. છેલ્લા વર્ષ દરમ્યાન રૂા. ૧૮૬૦૦૦/- ના ખર્ચે ૪૨૦ રાશનકીટનું વિતરણ કરવામાં આવેલ છે આ સેવાકાર્યના સંયોજક તરીકે સંસ્થાના સભ્ય અને પ્રમુખશ્રી કેશવ કે. ગોર અને શ્રી શાંતિલાલ કે. ઠક્કર સેવા આપી રહ્યા છે.

### (બ) દર રવિવારે દર્દીઓને ફળપ્રસાદ વિતરણ

ઓગસ્ટ ૨૦૦૮થી શરૂ કરવામાં આવેલ આ નારાયણ સેવા અંતર્ગત છેલ્લા વર્ષના બાવન રવિવારે સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન રૂા. ૪૧૬૦૦/- ના ખર્ચે ભુજની જનરલ હોસ્પિટલ અને મેન્ટલ હોસ્પિટલના ૫૭૨૦ દર્દીઓને ફળપ્રસાદ વિતરણ કરવામાં આવેલ. આ પ્રવૃત્તિને સંસ્થાના મુખ્ય સ્થાપક સભ્ય શ્રી ટી.ટી. કંસારા, શ્રી પરાગ રાણા, શ્રી મેહુલ પટેલ, શ્રી અશ્વિન શેઠ, શ્રી અપૂર્વભાઈની ટીમ સંભાળી રહી છે.

### (ક) શિયાળાની ઋતુમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ

જાન્યુઆરી ૨૦૦૯થી શરૂ કરવામાં આવેલ આ પ્રોજેક્ટમાં ભુજ શહેરના પછાત વિસ્તારની પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને દાતાઓની સહાયથી સ્વેટર વિતરણ કરવામાં આવે છે, ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ ૫૦ વિદ્યાર્થીઓને દાતા શ્રી છોટુભાઇ પી. ચાંગેલા અને શ્રીમતી મૃદુલાબેન ચાંગેલા (લંડન)ના વરદ હસ્તે અને ૫૦ વિદ્યાર્થીઓને જાન્યુઆરી ૨૦૧૨માં યુવા સપ્તાહના કાર્યક્રમ દરમ્યાન સ્વેટર વિતરણ કરવામાં આવેલ. જેના સંયોજક તરીકે સંસ્થાના મંત્રી શ્રી ગૌરાંગભાઈ રાણા, શ્રી શાંતિભાઈ ઠક્કર, પ્રમુખ કેશવભાઈ ગોર સેવા આપી રહ્યા છે.

### (૨) મેડિકલ સહાયની પ્રવૃત્તિઓ

આ સંસ્થા દ્વારા ચાલતા માતુશ્રી લક્ષ્મીબેન રેવાશંકર વિશ્રામ ઠક્કર પ્રેરિત શ્રી મા શારદાદેવી ચિકિત્સાલયમાં દરરોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ ડૉ. રાહુલભાઈ અંતાણી રાહત દરે દર્દીઓને તપાસી જરૂરી દવાઓ આપે છે. તેમજ દર શનિવારે રામદેવનગર ખાતે સાંજે ૫.૦૦થી ૬.૩૦ દરમ્યાન કેન્દ્રના બાળકો અને દર્દીઓને તપાસે છે. સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓને દવાની સહાય આપવામાં આવે છે.

વર્ષ દરમ્યાન ૧૦ એપ્રિલ, ૨૦૧૧ના રોજ સ્વ. મધુબેન માણેકના સ્મરણાર્થે અને તા. ૮મી જાન્યુઆરી ૨૦૧૨ના રોજ ડૉ. ભાલચંદ્ર મંગળપ્રસાદ મહેતાના સ્મરણાર્થે એમ સાત અને આઠમાં નેત્રયજ્ઞનું આયોજન દાતા પરિવારોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. કુલ ૧૮૦ દર્દીઓની તપાસણી કરવામાં આવેલ અને ૨૫ મોતિયાના અને ૧ વેલનો ઑપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવેલ. આ સેવાકાર્ય માટે રૂા. ૮૧૫૦૦/- જેટલો ખર્ચ થયેલ છે. આ સેવાયજ્ઞમાં સંસ્થાના પ્રમુખશ્રી કેશવભાઈ ગોર અને શ્રી શાંતિભાઈ ઠક્કરની આગેવાની હેઠળ સંસ્થાના ૧૫ કાર્યકરોએ સેવા આપેલ.

### (૩) શ્રી માવજીભાઇ મનજીભાઇ કરશનજી કડીવાર પ્રેરિત શ્રી મા શારદા પ્રશિક્ષણ કેન્દ્ર

વર્ષ ૨૦૧૧-૧૨ ની મહત્ત્વની ઉપલબ્ધિ એટલે સંસ્થાની નવી ખરીદેલ જમીન પર શ્રી રામકૃષ્ણ સેવા સંકુલ પ્રભુનગર કોડકી રોડ ભુજ ખાતે નવરચિત શ્રી માવજીભાઈ મનજીભાઈ કરસનજી કડીવાર પ્રેરિત શ્રી મા શારદા પ્રશિક્ષણ કેન્દ્ર.

*મોટાભાગના માણસો ઝઘડતા એટલા માટે હોય છે, કારણ કે એ લોકો દલીલ નથી કરી શકતા.*

દાતા શ્રી કાંતિભાઈ એમ. કડીવાર પરિવારના મુખ્ય સહયોગ અને જિનેન્દ્ર ફાઉન્ડેશન રાજકોટ તેમજ સુશ્રી મીનાબેન રેવાશંકર ઠક્કરના સહયોગથી રૂા. ૧૪ લાખના ખર્ચે સુશીલ ટ્રસ્ટ નીલપર દ્વારા બંધાવી આપવામાં આવેલ પ્રશિક્ષણ કેન્દ્રના પાંચ રૂમોનું વાસ્તુપૂજન તા. ૧૧મી જૂન, ૨૦૧૧ના શુભ દિવસે પૂ.પાદ શ્રીમદ સ્વામી ધ્રુવેશાનંદજી અધ્યક્ષશ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટની ઉપસ્થિતિમાં પૂ.પાદ સ્વામી વેદનિષ્ઠાનંદજી, પૂ.પાદ સ્વામી ઈષ્ટમયાનંદજી અને રાજકોટ આશ્રમના સ્વયંસેવકો દ્વારા શ્રી શ્રી ઠાકુર, શ્રી શ્રી મા અને સ્વામી વિવેકાનંદનું પૂજન અને હવન દ્વારા કરવામાં આવ્યું. આ પવિત્ર પ્રસંગે ૧૭૫ ભક્તોએ ઉપસ્થિત રહી ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થા પ્રમુખ શ્રી કેશવ કે. ગોર, શ્રી બકુલેશ ધોળકિયા, શ્રી શાંતિભાઈ ઠક્કરની આગેવાની હેઠળ સંસ્થાના ૨૦ જેટલા કાર્યકરોએ સંભાળ્યું હતું.

**(૪) અખંડાનંદ સેવા પ્રકલ્પ :**

શ્રી મા શારદા પ્રશિક્ષણ કેન્દ્રના મકાનનું વાસ્તુપૂજન થતાં શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના અધ્યક્ષ શ્રીમદ્ સ્વામી ધ્રુવેશાનંદજી મહારાજ દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષ ઉજવણી કાર્યક્રમ અંતર્ગત શ્રી રામકૃષ્ણ મિશન બેલુર (હાવરા) દ્વારા હાથ ધરવામાં આવેલ આર્થિક રીતે પછાત વિસ્તારના યુવાનો માટે સ્વરોજગાર લક્ષી પ્રોજેક્ટ "અખંડાનંદ સેવા પ્રકલ્પ" શરૂ કરવાની પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં આવતા સંસ્થાના કાર્યકરોમાં ઉત્સાહ અને આનંદનું મોજુ વ્યાપી ગયું હતું અને સર્વે સભ્યોએ આ પ્રોજેક્ટ તાત્કાલિક હાથ પર લેવાનું સ્વીકાર્યું હતું અને પ્રોજેક્ટનું સંચાલન કરવા માટે સંસ્થાના પ્રમુખ શ્રી કેશવ કે. ગોર, પ્રોજેક્ટ સંયોજક શ્રી પી.એમ. ભટ્ટ અને શ્રી રમેશભાઈ સંઘવીને સત્તા આપવામાં આવી.

અને તા. ૫ મી ઓગસ્ટ ૨૦૧૧ના રોજ શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના પૂ.પાદ સ્વામી મંત્રેશાનંદજી અને પૂ.પાદ સ્વામી ઈષ્ટમયાનંદજીના વરદ્ હસ્તે અને જે.બી. ઠક્કર કોમર્સ કૉલેજ ભુજના પ્રિન્સિપાલ શ્રી કે.વી. પાટીદાર સાહેબની ઉપસ્થિતિમાં નિઃશુલ્ક સીવણ ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ અને મડવર્કના ક્લાસનું શુભ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું અને અત્યાર સુધીની સંસ્થાની મોટામાં મોટી સીમાચિહ્નરૂપ નિયમિત દૈનિક પ્રવૃત્તિની શરૂઆત થઈ.

આ નિઃશુલ્ક વર્ગો દરરોજ બપોરના ૩.૦૦ થી ૬.૦૦ વાગ્યા દરમ્યાન ચલાવવામાં આવી રહ્યા છે અને ભુજ શહેરની આજુબાજુના આર્થિક રીતે પછાત વિસ્તાર જેવા કે રામદેવનગર, ભીમરાવનગર, કોડકી રોડ, કારીતાસ, રોટરીનગર, લાભ શુભ સોસાયટી, સહયોગનગર, પ્રભુનગર વગેરેના રહેવાસીઓ આ વર્ગોનો લાભ લઈ રહ્યા છે. છેલ્લા દસ માસ દરમ્યાન સીવણ ક્લાસમાં ૪૯ તાલીમાર્થી, મડવર્ક ક્લાસમાં ૨૯ તાલીમાર્થી અને કોમ્પ્યુટર ક્લાસમાં ૪૮ તાલીમાર્થી ભાઈ-બહેનોએ તાલીમ મેળવી છે તેમજ જાન્યુઆરી ૨૦૧૨થી શરૂ કરવામાં આવેલ નિઃશુલ્ક મોટર ડ્રાઈવિંગ ક્લાસમાં મે ૨૦૧૨ સુધીમાં ૪૫ તાલીમાર્થી યુવાનો જોડાઈ રોજગારલક્ષી તાલીમ મેળવી છે તેમજ મેળવી રહ્યા છે. સપ્ટેમ્બર ૨૦૧૧માં શ્રી રામકૃષ્ણ મઠ - મિશનના ટ્રસ્ટી શ્રીમદ્ સ્વામી દિવ્યાનંદજી મહારાજ પણ આ કેન્દ્રની મુલાકાતે આવેલ.

સીવણ ક્લાસમાં તાલીમ લઈ પરીક્ષા પાસ કરેલ ૧૫ બહેનોના પ્રથમ બેચને ૨૫ ટકા સ્વફાળાની શરતે રૂા. ૧૦૩૦૦૦/- ની કિંમતે ૧૫ સીલાઈ મશીન (આખા આંટાના) અને એક અપંગ બહેનને હાથ સીલાઈ મશીન તેઓ જાતે સીલાઈ કરી સ્વરોજગારી મેળવી શકે એ શુભહેતુથી આ સંસ્થા મારફતે શ્રી રામકૃષ્ણ મિશન બેલુર (હાવરા) દ્વારા શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સીધા માર્ગદર્શન હેઠળ તા. ૧૨મી જુન ૨૦૧૨ના રોજ શ્રી રામકૃષ્ણ મિશન બેલુર (હાવરા)ના વરિષ્ઠ સંન્યાસી પૂ.પાદ સ્વામી વિશ્વાત્માનંદજી મહારાજના વરદ્ હસ્તે અને પૂ.પાદ સ્વામી સર્વસ્થાનંદજી અધ્યક્ષશ્રી આશ્રમ રામકૃષ્ણ રાજકોટની ઉપસ્થિતિમાં અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આ જ પ્રોજેક્ટના એક ભાગરૂપે આવરી લેવાયેલ વિસ્તારના લોકોની શૈક્ષણિક અને સામાજિક પ્રગતિ થાય એ હેતુથી તા. ૧૭મી મે ૨૦૧૨ના રોજ રામદેવનગરમાં બહેનો માટે પ્રૌઢ શિક્ષણ વર્ગની પણ શરૂઆત કરવામાં આવેલ છે. જેમાં ૭૦ જેટલી દેવીપૂજક-ભરવાડ સમાજમાંથી આવતી બહેનો બે શિક્ષિકા બહેનો મારફતે અક્ષરજ્ઞાન મેળવી રહી છે. નજીકના ભવિષ્યમાં આ બહેનોમાં બચતની આદત કેળવાય એ માટે માઈક્રો ફાઈનાન્સની યોજના ચાલુ કરવાનું આયોજન છે.

"અખંડાનંદ સેવા પ્રકલ્પ"ના આ સમગ્ર યુનિટ પાછળ અત્યાર સુધીમાં અંદાજે રૂા. ૩.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

**સંસ્થાના વર્તમાન સૂત્રધારો**

| | | |
|---|---|---|
| શ્રી કેશવ કે. ગોર | પ્રમુખ | ૯૮૯૮૦ ૧૨૮૩૨ |
| શ્રી બકુલેશ એસ. ધોળકિયા | ઉપપ્રમુખ | ૯૮૨૫૪ ૪૭૯૬૦ |
| શ્રી ગૌરાંગ એન. રાણા | માનદ્ મંત્રી | ૯૪૨૮૨ ૯૪૬૮૨ |
| શ્રી મહેશ વી. વૈદ્ય | ખજાનચી | ૯૩૭૪૩ ૧૦૦૧૦ |
| શ્રી હિતેન્દ્ર ધોળકિયા | સહમંત્રી | ૯૯૭૯૫ ૦૩૨૩૧ |
| શ્રી નિરૂપમ જે. છાયા | સાહિત્ય મંત્રી | ૯૪૨૭૨ ૩૫૧૮૯ |
| શ્રી પરાગ પી. રાણા | સેવામંત્રી | ૯૪૨૮૪ ૭૩૨૦૫ |
| શ્રી તુલસીદાસ ટી. કંસારા | કા.સભ્ય | |
| શ્રી શાંતિલાલ કે. ઠક્કર | કા. સભ્ય | ૯૪૦૮૨ ૪૨૫૪૨ |
| શ્રી કૈલાસ પી. ઠક્કર | કા.સભ્ય | ૯૮૭૯૫ ૪૮૫૦૫ |
| શ્રી રમેશભાઈ એમ. સંઘવી | કન્વીનર – | |
| | રામકૃષ્ણ સેવા સંકુલ | ૯૮૨૫૧ ૯૧૦૨૯ |
| શ્રી પ્રવીણભાઈ એમ. ભટ્ટ | | ૯૮૭૯૨ ૭૬૭૬૮ |

*પ્રાપ્તિ અને સફળતા વચ્ચે પણ ભેદ હોય છે, પ્રાપ્તિ તમારી મહેનતનું પરિણામ છે અને સફળતા એ તમારી પ્રાપ્તિની પ્રશંસા છે.*

**(૫) સ્વામી વિવેકાનંદ સ્વાસ્થ્ય પરિસેવા પ્રકલ્પ :**

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતીના ઉજવણી કાર્યક્રમ અંતર્ગત શ્રી રામકૃષ્ણ મિશન બેલુર મઠ, હાવરા દ્વારા હાથ ધરવામાં આવેલ "સ્વામી વિવેકાનંદ સ્વાસ્થ્ય પરિસેવા પ્રકલ્પ"નું ૧૫૦ પૈકીનું એક યુનિટ શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના સીધા માર્ગદર્શન હેઠળ સંસ્થાના કાર્યાલયથી ત્રણ કિ.મી.ના અંતરે રામદેવનગરમાં તા. ૩જી ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ પૂ.પાદ સ્વામી ધ્રુવેશાનંદજી મહારાજના વરદ્ હસ્તે શરૂ કરવામાં આવેલ છે.

દેવીપૂજક, ભરવાડ અને માલધારી લોકોની ૧૧૩ કુટુંબની આ વસાહતના ૬ વર્ષથી ૧૨ વર્ષ સુધીના સરેરાશ ૭૦ બાળકોને રોજ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ વાગ્યા સુધી એકઠા કરી તેમને શિક્ષકો દ્વારા અભ્યાસમાં મદદ, નૈતિક શિક્ષણના પાઠ, સંસ્કાર સિંચનની પ્રવૃત્તિઓ રમત ગમતની પ્રવૃત્તિઓ વિગેરે કરાવવામાં આવે છે અને કૂપોષણનો ભોગ ન બને એ માટે પૌષ્ટિક નાસ્તો અને દૂધ આપવામાં આવે છે. તેમજ સ્વાસ્થ્ય બાબતની તેમની આદતો સુધરે એ માટે સમયાંતરે સાબુ, તેલ, ટુથપેસ્ટ, બ્રશ, ટુવાલ, રૂમાલ, સ્લીપર વગેરે તેમજ સુશીલ ટ્રસ્ટ નીલપર જેવી સંસ્થાના સહયોગથી યુનિફોર્મ-કપડા વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં આપવામાં આવે છે. તા. ૮મી જુલાઇ, ૨૦૧૧ના રોજ નગરપતિ શ્રી નરેન્દ્રભાઇ ઠક્કરના વરદ હસ્તે યુનિફોર્મ અને એપ્રિલ ૨૦૧૧માં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ત્રિકમભાઇ છાંગાના વરદ્ હસ્તે સ્વાસ્થ્ય કીટ આપવામાં આવેલ. તેમજ માર્ચ ૨૦૧૨માં બાળકો દરેક મોસમમાં હાજરી આપી શકે એ માટે રામદેવનગર ચોકમાં વસાહતીઓની ભાગીદારીથી શ્રી રામકૃષ્ણ મિશન દ્વારા ૩૦' x ૪૦' ની સાઇઝનો પતરાનો શેડ બાંધવામાં આવેલ છે. આ યુનિટનું સંચાલન શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટના પૂ. પાદ સ્વામી વેદનિષ્ઠાનંદજીના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ સંયોજક અને મંડળના ઉપપ્રમુખ શ્રી બકુલેશ ધોળકિયા અને મંડળના કાર્યકરો સંભાળી રહ્યા છે. આ પ્રકલ્પ હેઠળ અત્યાર સુધીમાં અંદાજે રૂા. ૩.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

**(૬) વિદ્યાર્થીઓને સહાય :**

**(અ) શિષ્યવૃત્તિ**

શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ અને જિનેન્દ્ર ફાઉન્ડેશન રાજકોટના સહયોગથી કચ્છ જિલ્લાના ૨૦ વિદ્યાર્થીઓને તા. ૨૫મી જુન ૨૦૧૧ના રોજ શિક્ષણ જગતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રૂા. ૨૦૦૦/- ની શિષ્યવૃત્તિ આપવામાં આવી.

**(બ) રાહતદરે નોટબુક વિતરણ અને પુસ્તક સહાય**

શ્રી રામકૃષ્ણ મિશન વડોદરા દ્વારા તૈયાર કરવામાં આવેલ વિદ્યાર્થીઓને માર્ગદર્શન સુચનાઓ અને વિવેકાનંદજીના સુત્રો સાથેની રૂા. ૭૫૦૦૦/- ની કિંમતની ૫૦૦૦ વિવેક નોટબુકોનું દાતાઓની સહાયથી ૨૫% વળતરના ભાવે વેચાણ કરવામાં આવેલું. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોની સહાય આપવામાં આવેલ.

**(૭) શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદ સાહિત્યનો પ્રચાર-પ્રસાર**

શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદ સાહિત્યનો બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર થાય અને પશ્ચિમની સંસ્કૃતિ તરફ વળી રહેલા દેશના યુવાધનને યોગ્ય માર્ગદર્શન મળે અને ચારિત્ર્ય ઘડતર થાય, રાષ્ટ્રવાદની ભાવનાનો વિકાસ થાય એ માટે લોકમેળામાં, શાળા-કોલેજોમાં પુસ્તકમેળાનું આયોજન કરવામાં આવે છે અને દાતાઓના સહકારથી ૫૦% વળતરથી વિવેકાનંદ સાહિત્યનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.

વર્ષ દરમ્યાન જન્માષ્ટમીના મેળામાં, સ્કુલ કોલેજમાં, કથા પ્રસંગોએ તેમજ યુવા સપ્તાહ નિમિત્તે નગરપાલિકાના સૌજન્યથી વિવેકાનંદની પ્રતિમા પાસે સાહિત્યનો સ્ટોલ કરવામાં આવેલ અને ભુજ-ધાણેટીના સ્કૂલોના વિદ્યાર્થીઓ રેલી રૂપે સ્વામીજીની પ્રતિમા પાસે આવતા તેમને દાતાના સહકારથી ૫૦% વળતરથી સાહિત્ય ઉપલબ્ધ કરવામાં આવેલ.

આ વર્ષ દરમ્યાન આગળના તમામ વર્ષના રેકર્ડ બ્રેક કરી રૂા. ૩.૮૧ લાખનું વિવેકાનંદ સાહિત્ય વિશેષ વળતરથી વેચવામાં આવેલ જે સંસ્થાના સીમા ચિહ્નરૂપ બની રહેલ છે. સંસ્થાના પ્રમુખ શ્રી કેશવ કે. ગોરની આગેવાની હેઠળ મંડળના સૌ કાર્યકરો સાથે મળીને આ કાર્ય સંભાળી રહ્યા છે.

**(૮) શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદ ભાવપ્રચાર**

શ્રી રામકૃષ્ણ - વિવેકાનંદના ભાવપ્રચારના ઉદ્દેશ સાથે શ્રી રામકૃષ્ણ મિશનના સ્વામીજીઓના આધ્યાત્મિક પ્રવચનોના કાર્યક્રમો અને આધ્યાત્મિક શિબિરના કાર્યક્રમો શ્રી રામકૃષ્ણ પ્રાર્થના મંદિરમાં ગોઠવવામાં આવે છે. ૨૩ અને ૨૪મી જુલાઇ ૨૦૧૧ના ગુજરાત રામકૃષ્ણ વિવેકાનંદ ભાવ પ્રચાર પરિષદનું અર્ધવાર્ષિક સેમિનાર ભુજ ખાતે યોજવામાં આવેલ. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૧૫ કેન્દ્રોના ૧૮૦ પ્રતિનિધિ ભાઇ-બહેનોએ બે દિવસ ઉપસ્થિત રહી પરિષદની કાર્યવાહીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રી રામકૃષ્ણ મિશન બેલુરના પ્રતિનિધિ શ્રીમદ્ સ્વામી ઇશાત્માનંદજી પરિષદના અધ્યક્ષ શ્રીમદ્ સ્વામી આદિભવાનંદજી, શ્રીમદ્ સ્વામી ધ્રુવેશાનંદજી, શ્રીમદ્ સ્વામી નિખિલેશ્વરાનંદજી અને શ્રીમદ્ સ્વામી અવ્યયાત્માનંદજીએ માર્ગદર્શન આપ્યું હતું.

સાંજે ભુજના સહયોગ હોલમાં સ્વામીજીઓના આધ્યાત્મિક પ્રવચનોનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં શહેરીજનો હાજર રહેલ.

સેમિનારના ત્રીજા દિવસે બહારથી આવેલ પ્રતિનિધિઓ માટે પુરાણ પ્રસિધ્ધ નારાયણ સરોવરની યાત્રા પ્રવાસનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ.

આ સમગ્ર સેમિનાર દરમ્યાન મંડળના બધાજ કાર્યકર ભાઇ-બહેનોએ સંઘ શક્તિનો પરિચય કરાવેલ અને રહેવાની જમવાની ઉત્કૃષ્ટ વ્યવસ્થાથી બહારથી આવેલ મહેમાનો ખૂબજ ખુશ થયેલ.

*માણસને ચંદ્ર પર મૂકવો એ સાહસિકતા જ છે, પણ માણસને પૃથ્વી પર સ્થિર રાખવો એ નાની સૂની વાત નથી.*

સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણી કાર્યક્રમ હેઠળ નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૧માં કચ્છ જિલ્લાની માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓ માટે વિવેકાનંદ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કચ્છ જિલ્લામાંથી બહોળો પ્રતિસાદ મળેલ અને અગાઉ ક્યારે ન આવ્યા હોય એટલી મોટી સંખ્યામાં ૧૫૪ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ગુજરાતી અને અંગ્રેજીમાં સુંદર રીતે નિબંધો લખીને મોકલાવેલ જેમાંથી પ્રથમ ત્રણ વિજેતાઓને અનુક્રમે રૂા. ૨૦૦૦/-, રૂા. ૧૫૦૦/- અને રૂા. ૧૦૦૦/- તેમજ પ્રોત્સાહન ઈનામો યુવા સપ્તાહના સમાપન સમારોહમાં આપવામાં આવેલ. આ સમગ્ર પ્રોજેક્ટનું સંચાલન પ્રમુખ શ્રી કેશવભાઈના માર્ગદર્શન હેઠળ સંસ્થાના વરિષ્ઠ સભ્યો શ્રી પરિમલભાઈ વૈષ્ણવ અને શ્રી પ્રવીણભાઈ મહેતાએ સંભાળ્યું હતું.

આ સમગ્ર સેવાકાર્યો અને કોર્પો. ફંડ માટે વર્ષ દરમ્યાન રૂા. ૧૫.૧૩ લાખનું દાન દાતાશ્રીઓ તરફથી મળેલ હતું.

### (૯) દૈનિક સંધ્યા આરતી અને સત્સંગ

૧૮મી જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ શ્રી રામકૃષ્ણ પ્રાર્થના મંદિરનું લોકાર્પણ થયું એ દિવસથી જ નિયમિત રૂપે સવારે ૬.૧૫ કલાકે મંગલ આરતી થાય છે. સવારે ૧૧.૩૦ વાગ્યે મંદિર બંધ થાય છે. સાંજે ૪.૩૦ વાગ્યે મંદિર ખોલવામાં આવે છે અને દરરોજ સાંજે ૭.૧૫ કલાકે સંધ્યા આરતી-કથામૃત વાંચન, ભજન-ધુન અને સત્સંગ થાય છે. દર એકાદશીએ રામનામ સંકીર્તન ગવાય છે. સંસ્થાનો સ્થાપના દિન, ગુરૂ પૂર્ણિમા, માગશર વદ સાતમના શ્રીશ્રી મા, પોષ વદ સાતમના શ્રી સ્વામીજી અને ફાગણ સુદ બીજના રોજ શ્રી શ્રી ઠાકુરની જન્મ જયંતી પ્રસંગે શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-સત્સંગ વિગેરે કાર્યક્રમોનું આયોજન થાય છે. મંડળના મુખ્ય સ્થાપક સભ્ય શ્રી ટી.ટી. કંસારા અને ગ્રંથપાલ શ્રી મનોજભાઈ અધિકારી આ કાર્યો સંભાળી રહ્યા છે.

### (૧૦) સંસ્થાના ભાવિ આયોજનો

શ્રી રામકૃષ્ણ સેવા સંકુલની ૬ એકર જમીન ઉપર (૧) શ્રી મા શારદા મહિલા પ્રશિક્ષણ કેન્દ્ર, (૨) મૂલ્યલક્ષી શિક્ષણ ભવન, (૩) વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર, હોસ્ટેલ, લાઈબ્રેરી તેમજ મેડિકલ સંકુલનું આયોજન વિચારવામાં આવેલ છે. શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના માર્ગદર્શન હેઠળ પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે.

સ્વામી વિવેકાનંદજી ૧૫૦મી જન્મ જયંતી વર્ષની ઉજવણી દરમ્યાન સ્વામીજીના ઉપદેશોનો સમગ્ર કચ્છમાં પ્રચાર થાય અને સંસ્થાને નાણાકીય સહાય પણ મળી રહે એ ઉદ્દેશ સાથે સ્વામી વિવેકાનંદની તસવીરો તથા વિચારો દર્શાવતા ફ્લેક્ષ મટીરિયલ પર ૪' x ૨' ની સાઈઝના ૫૦૦૦ પૅનલ બોર્ડ બનાવીને રૂા. ૧૦૦૦/- ની ડોનેશન પ્રાઈઝથી સમગ્ર જિલ્લામાં પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના ઈન્ચાર્જ તરીકે મંડળના ઉપપ્રમુખ શ્રી બકુલેશ ધોળકિયા અને શ્રી પી.એમ. ભટ્ટ કાર્યરત છે.

### ઉપસંહાર :

છેલ્લા ૪૨ વર્ષથી કાર્યરત આ કેન્દ્ર ગુજરાત ભાવ-પ્રચરા પરિષદનું સૌથી જૂનું કેન્દ્ર અને રજિસ્ટર ટ્રસ્ટ છે. તેના હિસાબો સંસ્થાના ખજાનચી શ્રી મહેશભાઈ વૈદ્ય નિયમિત ઓડિટ કરાવી રહ્યા છે. ગુજરાતમાં શ્રી રામકૃષ્ણ મિશનનું પાંચમું કેન્દ્ર બને એવી શ્રી શ્રી ઠાકુર, શ્રી શ્રી મા અને શ્રી સ્વામીજી પાસે પ્રાર્થના.

***(નોંધ : સંસ્થાનું વાર્ષિક બજેટ બીજી માતબર સંસ્થાની સરખામણીએ પ્રમાણમાં નાનું છે. પરંતુ તેના સેવાકાર્યો છેક છેવાડાના માનવો સુધી વિસ્તરેલા છે. સવિશેષ નોંધવા લાયક બીના એ છે કે સંસ્થાના સામાજિક કાર્યોમાં ગુરૂજનોની પણ ઉપસ્થિતિ અને માર્ગદર્શન રહેવા પામે છે. અગર આ સંસ્થાની આવકના - સ્રોતો વધવા પામે તો તેટલા પ્રમાણમાં છેવાડાના માનવનો અત્યારથી પણ વધુ સારી રીતે આ સંસ્થા વિકાસ સાધી શકે.***

*— તંત્રીમંડળ, મંગલ મંદિર)*

## શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન - મુંબઈ

**(અનુસંધાન : પાના નં.-૧૦૧ ઉપરથી ચાલુ)**

*આપવાનું શરવાનુમતે ઠરાવ પાસ થયો હતો.*

| *નામ* | *ગામ* |
|---|---|
| *કુમારી પાનબાઈ ઠાકરશી* | *હાલાપુર* |
| *શા નાગજી ડુંગરશી* | *હાલાપુર* |
| *શા રાયેશી હીરજી* | *હાલાપુર* |
| *શા કુંવરજી નરશી* | *હાલાપુર* |
| *શા વીશનજી નુરજી* | *ડુમરા* |
| *શા જેઠા કચરા* | *માપર* |
| *શા ડુંગરશી કચરા* | *માપર* |
| *શા દેવજી વેરશી* | *દેવપુર* |
| *શા શામજી રાજપાર* | *શેડી* |
| *શા લાલજી રવજી* | *રાએણ* |
| *શા રવજી ઉમરશી* | *રાએણ* |
| *શા ગાંગજી વેલજી* | *ખાખર* |
| *શા પ્રેમજી દેવજી* | *બારઈ* |
| *શી હંસરાજ લાલજી* | *ગુંદારા* |
| *શા દેવજી ખેતશી* | |

★

શ્રી દેરાવાસી જૈન મહાજનના અસ્તિત્વના અંશો અને ઝાંખીનો લેખ અહીં સમેટી લઉં છું.

'મંગલમંદિર' ના તંત્રી અને શાળા જીવનના મારા સહાધ્યાયી ભાઈ અશોક મહેતાએ દેરાવાસી મહાજન વિષયક લખાણ આપવાની કરેલી માંગણીના પ્રતિસાદ રૂપે મારી પાસે ઉપલબ્ધ માહિતીઓ અને યાદદાસ્તના આધારે ચાર-પાંચ કલાકમાં આ લેખ તૈયાર કર્યો છે. શક્ય છે કે એમાં કેટલીક વિગતે દોષ નજરે પડે તો વાંચકો મારું જરૂર ધ્યાન દોરે. ■

*તમારા શબ્દો બોલે છે એના કરતાં કર્મ ઝાઝું બોલી શકે છે.*

# શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ

• તારાચંદ છેડા •
પ્રમુખ, શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ

**શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ**
વી. ડી. હાઈસ્કૂલ પાસે,
એન્કરવાલા ભવન, સંતોષ સોસાયટી, ભુજ, કચ્છ.
ફોન : ૨૨૨૮૩૦
સ્થાપના : તા. ૫-૨-૧૯૮૧
ટ્રસ્ટ રજિ. નં. : ૦-૬૭૦

"પરિશ્રમ એજ જીવન." એનો વિકલ્પ કચ્છીઓ માટે છે જ નહિં. દુનિયાના કોઈપણ દેશમાં ચાલ્યા જાવ, કચ્છી મળશે જ. સંકલ્પ ફક્ત પરિશ્રમની રોજી-રોટી મેળવવાનો નથી પરંતુ રોજી-રોટી મેળવી માદરે વતનમાં કાયમી અછતમાં જીવતા, અબોલ પશુઓ અને નિરાધાર માનવીનો આધાર બનવાના સ્વપ્ના જોતા કચ્છીઓ છે. પરદેશની ભૂમિમાંથી કરોડો રૂપિયા કમાઈ કર્મઠ કચ્છીઓ માદરે વતનમાં સેવાના ભેખધારીઓ 'સેવા હી સાધના'ના ઉદ્દેશ્યથી કચ્છીઓની સેવા કરે છે. કચ્છીઓ માટે આવી આધારસ્તંભ સંસ્થા "શ્રી સર્વ સેવા સંઘ" છે. આ સંસ્થા છેલ્લા ૨૫ વર્ષથી અવિરત સેવા કરી રહી છે. કચ્છમાં ૧૯૮૭-૮૯માં જ્યારે ભયંકર અછતના ઓળા ઉતરી આવ્યા હતા, પશુ તથા માનવી માટે કુદરત પણ ક્રૂર બની હતી, ત્યારે કચ્છમાં 'શ્રી સર્વ સેવા સંઘે' અદની કાર્યવાહી ફરજરૂપે બજાવી કચ્છની ધીંગી ધરાના ધીંગા માણસોનું મનોબળ જાળવી રાખ્યું હતું. ગત વર્ષ દુષ્કાળમાં ૨૩૪ નીરણ કેન્દ્રો ખોલી ૬૦,૦૦૦ જેટલા પશુ બચાવવાની કામગીરી કરેલ. શ્રી સર્વ સેવા સંઘ મુંદ્રામાં શ્રી જાદવજીભાઈ શેઠિયા, ભુજમાં શ્રી તારાચંદભાઈ છેડા પ્રમુખપદે છે. સંસ્થાએ મુંદ્રા અને ભુજમાં કાયમી ઉપયોગી થાય અને રોજી-રોટી મળી રહે તેવા કાર્યો હાથ ધર્યા છે.

★ મુંદ્રા અને ભુજમાં નિયમિત સીવણ વર્ગો ચલાવી બહેનોને વિનામૂલ્યે અત્યાર સુધી ૩૬૦૦ જેટલા સીવણ મશીન આપવામાં આવ્યા છે.

★ ભુજ 'શ્રી સર્વ સેવા સંઘે' આજ સુધીમાં ૮૫૦ જણને સ્વરોજગારી માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભુજના સહયોગથી કિટ્સનું વિતરણ કર્યું છે. શ્રી સર્વ સેવા સંઘની આ પ્રવૃત્તિથી અનેક લોકોએ રોજગારી મેળવી છે.

★ શાળાએ જતા અપંગ બાળકો સુવિધાના અભાવે અધવચ્ચે ભણવાનું છોડી દેતા હોય છે. આવા વિદ્યાર્થીઓને સુવિધા અર્થે ટ્રાયસિકલ વિતરણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. ૧૭૦ ગરીબ અપંગ વિદ્યાર્થીઓને ટ્રાયસિકલ અર્પણ કરવામાં આવી છે. ગરીબ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પુસ્તકો તથા યુનિફોર્મનું વિતરણ કરવામાં આવેલ છે.

★ એમ્બયુલન્સની સેવા તથા શબવાહિની ૨૪ કલાક ચાલુ છે. નેચરોથેરાપી, એક્યુપંક્ચર, આયુર્વેદિક કેમ્પ કરવામાં આવે છે. ભુજની જનરલ હોસ્પિટલમાં આઈ.સી. યુનિટમાં એ.સી. અર્પણ કર્યું છે.

★ જીવદયા પ્રવૃત્તિ કરવામાં આવે છે.

★ 'શ્રી સર્વ સેવા સંઘ' સેવા હી સાધનાની આહલેક જગાવી સમાજ જીવનમાં તર્પણ કરે છે.

★ ભૂકંપમાં પડી ભાંગેલા ધંધા માટે લોકોને આર્થિક સહાય કરવામાં આવી છે અને ધંધાની કિટ્સ પણ આપવામાં આવી છે. પુનઃવસનની કામગીરી પણ કરવામાં આવેલ છે.

★ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિમાં 'શ્રી સર્વ સેવા સંઘ' યુધ્ધના ધોરણે કામગીરી હાથ ઉપર લે છે.

★ કચ્છમાં આવી રહેલા ઉદ્યોગોમાં કચ્છના યુવાનોને રોજગારી મળે તે માટે સંસ્થા દ્વારા રોજગાર સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.

★ "માંગો ત્યાં મેડિકલ કેમ્પ યોજના" હેઠળ કચ્છમાં જ્યાં પણ જરૂર જણાય ત્યાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૪-૨૦૦૫ સુધી લગભગ ૨૬ હજાર જેટલા દર્દીઓને વિનામૂલ્યે નિદાન સારવાર આપવામાં આવેલ છે.

★ ચાલુ વર્ષે ૧૩૦ જેટલા નીરણ કેન્દ્ર ખોલી ૨૦,૦૦૦ જેટલા પશુધનને બચાવવા માટેની કામગીરી ચાલુ છે.

★ માંડવી તાલુકામાં મસ્કા મધ્યે ૪૦ પથારીની ક્ષમતાવાળી એન્કરવાલા જનરલ હોસ્પિટલ તથા લખપત તાલુકાના માતાના મઢ ખાતે માં આશાપુરા આરોગ્યધામનું સંચાલન સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યું છે. જેમાં ગરીબ દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવામાં આવી રહી છે. ■

## સરદાર વલ્લભભાઈ પટેલ

બ્રિટિશ શાસન દરમિયાન ગાંધીજી અને એમના અન્ય સહયોગીઓ વચ્ચે ગુજરાત વિદ્યાપીઠની શરૂઆત કરવા અંગે ચર્ચા-વિચારણા ચાલતી હતી. ત્યારે એક પ્રશ્ન એ ઊભો થયો કે સંસ્થાના આચાર્યપદે કોને નીમવા? એ અંગેની ચર્ચા લાંબી ખેંચાતા સરદાર પટેલે કટાક્ષમાં કહ્યું : 'જો તમને કોઈ યોગ્ય વ્યક્તિ ન મળે, તો તમે મને આચાર્ય બનાવી દો; હું છોકરાઓને એમનું ભણેલું ભૂલાવી શકું છું!'

એમનો આ માર્મિક કટાક્ષ સાંભળીને સૌ કોઈ ખૂબ હસ્યા. એમના વ્યંગનો મર્મ એ હતો કે, પરદેશી સરકારે આપણને જે શિક્ષણ આપ્યું છે એ રાષ્ટ્ર ભાવનાનો નાશ કરે છે અને ગુલામીનું માનસ સર્જે છે. આથી નવું શિક્ષણ એવું હોવું જોઈએ, જે સૌથી પહેલાં જૂના શિક્ષણનો નાશ કરી શકે, એટલે કે એને ભૂલાવી શકે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

*તમે જે બોલો છે એના વિશે કદાચ લોકોને શંકા થાય, પણ તમારા કર્મ વિશે કદી કોઈને શંકા થતી નથી.*

# શ્રી ભુજ મહિલા મંડળ - છઠ્ઠી બારી, ભુજ

• પુષ્પાબેન વૈદ્ય •
પ્રમુખ, શ્રી ભુજ મહિલા મંડળ - છઠ્ઠી બારી, ભુજ

***નારીની નમણાશ અને તેના અરમાનો કચડીને સમાજે પુરાતન કાળથી અન્યાય કર્યો છે.***

**શ્રી ભુજ મહિલા મંડળ**
છઠ્ઠી બારી, ભુજ, કચ્છ.
સ્થાપના : તા. ૧૬-૧૧-૧૯૩૬
રજિ. નં. : એફ/૮

૫૦ - ૬૦ વર્ષ પહેલાં સ્ત્રીઓનું જીવન ચાર દિવાલમાં જ વ્યતીત થતું હતું. તેની પ્રગતિ માટે તથા આર્થિક સધ્ધરતા માટે શિક્ષણ અને હુન્નર જરૂરી છે. એ જ વિચારસરણીમાંથી આ સંસ્થાનું બીજ રોપાયું. તા. ૧૬-૧૧-૧૯૩૬ના શુભ દિને આ સંસ્થાની સ્થાપના થઈ.

તે વખતે કચ્છ રાજય હતું. અને તે વખતના દિવાન સૂર્યશંકરભાઈ મહેતાના ધર્મપત્ની શરદકાંતાબેન સંસ્થાના પ્રથમ પ્રમુખ બન્યા. ત્યારબાદ શ્રીમતી નાયંપલ્લી, શ્રીમતી મુખર્જી, શ્રીમતી તારાબેન ઘાટગે, શ્રીમતી કમળાબેન તાસ્કર, શ્રીમતી અનસૂયાબેન દેસાઈ, શ્રીમતી તિલોત્તમા દેસાઈ, શ્રીમતી ડૉ. મંદાકિની દેસાઈ, શ્રીમતી પુષ્પાબેન વૈદ્યે (હાલમાં) પ્રમુખની કાર્યવાહી સંભાળી. તા. ૧૮-૧૦-૧૯૫૪ના રોજ મંડળનું સોસાયટી એક્ટ નીચે રજિસ્ટ્રેશન થયું. જેનો નં. F/8 છે.

પ્રથમ તા. ૧-૯-૫૪ના રોજ બાલ મંદિરનો પ્રારંભ થયો. જે આજ સુધી કાર્યરત છે. તે જમાનામાં મોન્ટેસરી પદ્ધતિ વિશિષ્ટ ગણાતી. તેથી તે પદ્ધતિથી ગમ્મત સાથે જ્ઞાન તથા સંસ્કારનું સિંચન કરવામાં આવતું.

ત્યારબાદ ઈ.સ. ૧૯૫૬માં સીવણ વર્ગનો પ્રારંભ થયો. સમસ્ત ગુજરાત સામાજિક સંસ્થા મધ્યસ્થ મંડળ દ્વારા આ સીવણ વર્ગને માન્યતા મળી. ઈ.સ. ૧૯૬૮થી ટેકનિકલ બોર્ડ મારફતે સીવણ સર્ટિફિકેટ કોર્સની પરીક્ષા લેવાની શરૂઆત થઈ અને મંડળને તેની માન્યતા મળી. જેમાં બાળકોના કપડાં, સ્ત્રી-પુરુષના કપડાં, ભરત ગૂંથણ, ફેન્સી વર્ક તથા ટીચર્સ ટ્રેનિંગ એન્ડ નીડલ ક્રાફ્ટ તથા માસ્ટર ઓફ ટેલરીંગ શીખે છે. W.C.G.M.ને પ્રિ-પીટીસી ગણવામાં આવે છે. તેથી બહેનોને તે કોર્સ પાસ કર્યા પછી સરકારી હાઈસ્કૂલમાં નોકરી મળી જાય છે. ટેકનિકલ ઉપરાંત સામાન્ય સીલાઈ પણ શીખવવામાં આવે છે. જેથી બહેનો પોતાના ઘરનાં સામાન્ય કપડાં સીવી શકે છે અને પતિનો આર્થિક બોજ હળવો કરે છે. આ તાલીમથી કેટલીય બહેનોને સારી નોકરીઓ મળી છે. તેમનું આર્થિક સશક્તિકરણ થયું છે. બહેનોને પગભર કરવી એ જ આ સંસ્થાનું ધ્યેય છે.

ઈ.સ. ૧૯૫૪થી સંગીત વર્ગનો પ્રારંભ થયો. કલ્યાણેશ્વર મેઘનાની તેના પ્રથમ શિક્ષક હતા. ત્યારબાદ અબ્દુલ્લા ધાદૂરાની, ચતુરસિંહ જાડેજા, કિશોરભાઈ જોશી (હાલ) વગેરેએ તાલીમ આપી છે. ઈ.સ. ૧૯૮૦માં "સંગીત શિક્ષણ કેન્દ્ર" નામ આપવામાં આવ્યું. આ સંગીત વર્ગમાં તાલીમ લઈ કેટલાય વિદ્યાર્થીઓ સંગીત શિક્ષક બન્યા અને હાઈસ્કૂલોમાં સારી નોકરી મેળવી જીવન મહેંકતું કર્યું છે.

૧૯૪૪માં પુસ્તકાલયનો પ્રારંભ થયો. અનેક પ્રવૃત્તિ કરતી આ સંસ્થામાં તે સમયે મહારાણીશ્રીએ ઘુંઘટ પ્રથા દૂર કરીને તથા ખુલ્લા મોંએ ભાષણ કર્યું હતું.

સંસ્થાને નહેરૂ યુવા કેન્દ્રનો શ્રેષ્ઠ મહિલા મંડળ તરીકેનો ઍવૉર્ડ ૨૦૧૦માં પ્રાપ્ત થયેલ છે.




**તા. ૨૯-૩-૨૦૧૦ના ઍવોર્ડ સમારોહમાં દીપ પ્રાગટ્ય. અધિકારીશ્રી જગદીશભાઈ દાફડા (જિલ્લા નહેરુ યુવા કેન્દ્ર), નગરપતિ શ્રી દેવરાજભાઈ ગઢવી તથા સંસ્થાના હોદ્દેદારો.**

અતીતની ગાથા વાગોળ્યા પછી હવે જ સંસ્થાની વિશિષ્ટતા આવે છે. ૨૦૦૧માં ભૂકંપ આવ્યો. તેમાં સંસ્થાના સાત રૂમો ધ્વસ્ત થઈ ગયા. એક સીવણ રૂમ પડવાની બીકે ઊભો હતો. ભાડાના નિયમ પ્રમાણે સરકારી જમીન સરકાર લઈ લેત તો સંસ્થાનું નામોનિશાન ન રહેત. ખેર... કોઈ અગમ્ય તત્ત્વની પ્રેરણાથી સ્વ. નલિનીબેન શુકલએ સંસ્થા ચાલુ રહે તેવા પ્રયત્નો માટે મને કહ્યું. હું તો તદ્દન કોરી સ્લેટ! શી રીતે કામ કરું? પરંતુ જે સૂઝ્યુ તે પ્રમાણે અમે કલેક્ટર પાસે, સરકારી ઓફિસરો તથા ભાડાની ઓફિસોમાં રજૂઆતો કરતા ગયા. અનેક રજૂઆતો કર્યા પછી અમને થોડીક આશા બંધાઈ. તો પણ ભાડા દ્વારા સંસ્થાના વિસ્તાર વચ્ચેથી રસ્તો કાઢવામાં આવ્યો. ઘણી રજૂઆતો છતાં એક સાઈડની જમીન વેચાઈ ગઈ. દુકાનો અને એસ્ટેટ થયા. અમારી

*તમારે ખરેખર સાચી સલાહ જોઈતી હોય તો વૃદ્ધ માણસ સાથે મસલત કરો.*

પાસે માત્ર એક સાઈડમાં એક મેદાન જેમાં સીવણ રૂમ હતો અને થોડીક જમીન બાકી રહ્યા હતા. માન. પુષ્પદાનભાઈની ૫ લાખની ગ્રાંટથી તેમાં ત્રણ રૂમો ઊભા થયા છે. જેમાં સંગીત વર્ગ, ડ્રમ ક્લાસ અને ઓફિસ છે. તેમ જ રોડની સામેની બાજુમાં થોડી જમીન મળી. જેમાં અત્યારે બાળ મંદિર ચાલે છે.

બાળ મંદિરના મકાન માટે માન. શ્રી શિવજીભાઈ આહીરની બે લાખની ગ્રાંટ મળતાં તે મકાન ઊભું થયું. પરંતુ ભૂકંપના કારણ રૂમની આસપાસ મોટી શિલાઓ પડી હતી. તે સ્થિતિમાં મોટાં પણ ન ચાલી શકે તો નાનાં ભૂલકાં તો ક્યાંથી જ ચાલે! સ્વ. પ્રેમલતાબેનને વાત કરી. તેમણે મુલાકાત લીધી ત્યારે તેઓ લાગણીસભર થઈ ગયા. 'તમે આંગણું કરાવો, હું તમામ ખર્ચો આપીશ.' એ રીતે આંગણું તૈયાર થયું. બાઉન્ડ્રીની દિવાલ બંધાઈ. એમની સ્મૃતિમાં "સ્વ. પ્રેમલતાબેન કે. રંગવાલા શિશુવાટિકા" ચાલે છે. અત્યારે સંસ્થાના ૬ રૂમ છે. જેમાં જુદી જુદી પ્રવૃત્તિઓના વર્ગો ચાલે છે : (૧) સીવણ, (૨) સંગીત, (૩) બાલમંદિર, (૪) ડ્રમ સેટ વર્ગ, (૫) ભરત નાટ્યમ નૃત્ય વર્ગ. એક વર્ષ કચ્છી ભરત વર્ગ ચાલ્યા. અત્યારે બહેનો માટે ગૃહ ઉદ્યોગ તાલીમ વર્ગ દર ગુરુવારે ૪ થી ૬ ચાલે છે. જેમાં ડિટરજન્ટ પાવડર (કપડાં ધોવાનો), વાસણનો સાબુ, વેસેલિન, બામ, ક્રીમ વગેરે બનાવતા શીખવવામાં આવે છે, જેથી બહેનો પોતાના ઘરમાં આર્થિક બચત કરી શકે. તદુપરાંત વર્ષભર ઈતર પ્રવૃત્તિઓની સ્પર્ધાઓ યોજી બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેમકે રાષ્ટ્રગીત સ્પર્ધા, અષાઢી બીજ ઉજાગર કરવા કચ્છીગીત, લોકગીત તથા ભજન સ્પર્ધા, રંગોળી, મહેંદી, કેશ ગુંફન, કાવ્યપઠન, નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધા તથા સામાજિક પ્રશ્નો ભ્રૂણહત્યા, બેટી બચાવ અભિયાન, દહેજ વગેરે અંગે પણ કાર્યક્રમો યોજાય છે.

સંસ્થાએ તા. ૧૬-૧૦-૧૧ના, ૭૫ વર્ષ પૂર્ણ થતાં અમૃત મહોત્સવ ઉજવ્યો છે. આજ સુધી કેટલાય બાળકો ભણી ગયા હશે. કેટલાય ઉચ્ચ હોદ્દા પર બિરાજે છે. જે માટે સંસ્થાને ગૌરવ છે.

- **સંસ્થાની સિદ્ધિઓ :**

★ પ્રતિ વર્ષ સીવણનું પરિણામ ૧૦૦% આવે છે. અને કેટલીય બહેનોએ સરકારી નોકરીઓ મેળવી છે.

★ સંગીતમાં ગોસ્વામી બિંદીયાએ ઝોનલ લૅવલે નંબર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

★ ડ્રમસેટમાં તૈયાર થયેલ કેટલાય વિદ્યાર્થીઓ નવરાત્રિમાં સારા કાર્યક્રમ આપે છે. જેમાં એક બહેન પણ સામેલ છે.

★ સંસ્થા કોઈપણ સરકારી ગ્રાંટ લેતી નથી.

★ જાહેર રજા સિવાય સંસ્થા દિવસભર ધમધમતી રહે છે.

★ સંસ્થાનો હિસાબ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઑડિટ કરાવવામાં આવે છે. ■

## લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી

સંસ્થા પાસે દુર્લભ હસ્તપ્રત સંગ્રહ ઉપરાંત ૪૫,૦૦૦ છપાયેલા પુસ્તકોનું ગ્રંથાલય પણ છે જેમાં કેટલાંક દુર્લભ (Rare) પુસ્તકોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોનો અભ્યાસ સંશોધન કરવા માટે દેશ પરદેશના વિદ્વાનો આવે છે અને પુસ્તકાલય તથા અન્ય સામગ્રીનો લાભ લે છે. સંસ્થાના ગ્રંથાલયમાં ભારતીય સંસ્કૃતિને લગતાં પુસ્તકોનો સમૃદ્ધ સંગ્રહ હોવાને કારણે ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટે આ ગ્રંથાલય ખૂબ જ જાણીતું છે. લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી તરફથી વિદ્વાનોના સંશોધન લેખોને સમાવી લેતું એક વાર્ષિક સામયિક 'સંબોધિ' પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ ઉપરાંત લા.દ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી ભારતીય સંસ્કૃતિ ઉપર સંશોધન થયેલાં તેમજ પ્રાચીન દુર્લભ હસ્તપ્રતો ઉપરથી સંપાદિત કરેલા પુસ્તકો પ્રસિદ્ધ કરે છે. પ્રકાશનની એલ.ડી. સીરીઝમાં ૧૫૧ પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે.

ઈલેક્ટ્રીક લાઈબ્રેરીથી મૂળ દુર્લભ ગ્રંથોની જાળવણી સરળ બનશે. સંશોધકોને તે ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થશે. સંશોધન-સંપાદનની સંભાવના વધુ વેગવંતી થશે અને સંશોધકોને ખૂબ જ ઓછા સમયમાં વધુ સારી સુવિધા પ્રાપ્ત થશે.

સંસ્થાના ઉપક્રમે 'સંગોષ્ઠી' પ્રવૃત્તિ આવે છે જેમાં ભારતીય સંસ્કૃતિને લગતા તથા અન્ય પ્રકારના વ્યાખ્યાનો વિદ્વાનો દ્વારા અપાય છે. આ ઉપરાંત સંસ્થામાં ત્રણ અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન શ્રેણીઓમાં ત્રિદિવસીય વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવે છે જેમાં સ્વ. મુનિશ્રી પુણ્યવિજયજી શ્રેણી, સ્વ. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ શ્રેણી તથા સ્વ. પ્રો. વી. એમ. શાહ તથા શાંતાબેન વી. શાહ શ્રેણીઓનો સમાવેશ થાય છે.

જૈન ધર્મ દુનિયાના અતિ પ્રાચીન ધર્મો પૈકીનો એક છે તેના સ્થાપન પાઠ ભણાવતો રહ્યો છે. હાલમાં વિશ્વભરમાં ત્રાસવાદ, યુદ્ધો અને હિંસાનું વાતાવરણ ફેલાયેલું છે. તેમાં જૈનધર્મના સિદ્ધાંતો શાંતિ અને સમાનતાનો સંદેશ ફેલાવે છે. દેશમાં જાતિવાદ, કોમવાદ, સ્પૃશ્યાસ્પૃશ્ય, શોષણ જેવી અનેક સમસ્યાઓ છે તેનો ઉકેલ જૈનધર્મ દર્શાવે છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ધર્મમાં આધ્યાત્મિકતા વિષે સૌને સંદેશ આપ્યો તે આપણા સૌના માટે સાચી શીખ અને સંસ્થા માટે ગૌરવનો વિષય છે.

**લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર**
ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૦૯. (ઈન્ડિયા)
ફોન : ૨૬૩૦૨૪૬૩ ફેક્સ : ૨૬૩૦૭૩૨૬
Email : jitendrabshah@yahoo.com

*'પ્રબુદ્ધ જીવન' ડિસેમ્બર-૨૦૧૧માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*સ્મિતથી વધારે સુંદર કોઈ વસ્તુ નથી.*

# શ્રી સેવા મંડળ - માંડવી

● ઝુમખલાલ જે. શાહ ●
સામાજિક કાર્યકર

**શ્રી સેવા મંડળ - માંડવી**
મંછારામ બાપુનો વંડો,
ભીડ ચોક, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
ફોન : (૦૨૮૩૪) ૨૨૪૪૯૮
મો. ૯૯૦૯૪ ૩૯૬૨૭

૧૯૬૯ના દુકાળ સમયે રોજના રૂા. ૩૦/-, મહિને રૂા. ૯૦૦/- અને વાર્ષિક રૂા. ૧૧૦૦૦ - ૧૨૦૦૦ વાપરવાના બજેટ સાથે દાનની રસીદ દાતાઓને આપી સેવા મંડળની શરૂઆત જીવદયાના કાર્યથી થઇ. સંકુલમાં બિરાજમાન અંતરિક્ષ દેવ પૂ. મંછારામ બાપાની અસીમ કૃપા તથા સૌના સહકારથી ૪૩ વરસથી ચાલતી સંસ્થા વિવિધ સેવા કાર્ય અર્થે વાર્ષિક રૂા. ૧૭ થી ૧૮ લાખની ધનરાશિનો સદ્‌ઉપયોગ કરે છે અને દરરોજ આઠ કલાક સવારે ૯ થી ૧ અને બપોરે ૨ થી ૬ સુધી સેવા કાર્યથી ધબકે છે.

કોઇપણ પ્રકારના જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વગર ચાલતી સંસ્થા ૧૯૭૪થી ટ્રસ્ટ રજિસ્ટર છે. નંબર ઇ ૩૯૮ (કચ્છ) પાન નંબર AABTS 0385 F છે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા બંદર રોડ માંડવી - કચ્છ (બેંક કોડ નંબર ૦૦૪૨૪) શાખામાં બચત ખાતા નંબર ૧૦૮૩૦ ૫૬૫૯૩૮ છે. I.F.S. CODE SBIN 0000 424 છે. દાનની રકમ ઇન્કમટેક્ષમાંથી બાદ મળે છે. પત્રોના જવાબ તરતથી અપાય છે. ટ્રસ્ટીઓ સંસ્થાની મંછારામ બાપાના વાડામાં આવેલ ઓફિસે સવારે ૧૦ થી ૧ અને બપોરે ૪ થી ૬ સોમવારથી રવિવારે દરરોજ હાજર રહે છે અને લાભાર્થીઓને મદદરૂપ બને છે.

## ● સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ :

ગૌસેવા :- ગાયોની જીવદયા સંભાળ લેવાય છે. દર મહિને રૂા. ૧૦૦૦૦ થી વિશેષ રકમ નબળી ગાયના ખાણ-દાણ અર્થે વપરાય છે. ૧૯૭૩થી ૨૦૦૩ દરમ્યાન કચ્છમાં પડેલ ૧૦ દુષ્કાળ દરમ્યાન ૧૦ ઢોરવાડા Cattle Camp ચલાવી ગૌવંશની સંભાળ લીધેલ છે. ૧૯૬૯થી ડિસેમ્બર ૨૦૧૧ સુધી અંદાજિત રૂા. એક કરોડ ગાયોના નિભાવ અર્થે વપરાયેલ છે.

## ● વર્ધમાન તપ ચબુતરો :-

૧૯૬૭માં ચાર-છ મિત્રોએ સાથે મળી માંડવીના ભુજવાળા નાકા પરના જર્જરિત ચબુતરાના કામચલાઉ રીપેરીંગ માટે રૂા. ૨૦૦ (બસો)નું બજેટ બનાવ્યું. ફાળાની શરૂઆત કરી. ૧૮૩ દાતાઓ પાસેથી ૨૫ પૈસા / ૫૦ પૈસા / રૂપિયો / બે રૂપિયા દાન મળતાં, રકમ થઇ રૂા. ૧૧૨-૭૫ પૈસા. ત્યારબાદ નવ દાતા તરફથી રૂા. ૯૦/- મળતાં ટોટલ ૧૯૨ દાતાઓ પાસેથી રૂા. ૨૦૨.૭૫ પૈસા એકત્ર થયા. ચબુતરો રીપેર થયો. મિત્રોમાં સેવાના સંસ્કાર ઉજાગર થયા. જે સેવા મંડળના શિલારોપણના નિમિત્ત બન્યા. આજે સેવા મંડળ પૂ. મંછારામ બાપુના વાડામાં વર્ધમાન તપ ચબુતરાની વિશાળ ઇમારતે સેંકડોની સંખ્યામાં કબુતરો અતિથિ રૂપે ભોજન માટે પધારે છે. નિર્ભય બની ચણે છે. વરસો થયા ચબુતરે રોજનો અંદાજિત ૫૦ થી ૬૦ કિલો ચણ અંદાજિત રૂા. ૫૦૦નો આપવામાં આવે છે. બપોરે બે થી ચાર સુધી ચણ ચણતા કબુતરોનો ચબુતરો તમામ પ્રકારની માળખાકીય સુવિધાથી સજ્જ છે. વરસતા વરસાદે પણ કબુતરોને ભરપેટ ચણ મળી રહે છે, આશ્રય મળી રહે છે. ૧૯૬૭ થી ૨૦૧૧ સુધી અંદાજિત પચાસ લાખ રૂપીયા, પક્ષીના ચણ ખાતે વપરાયેલ છે.

## ● તબીબી સેવા (સવારે ૯ થી ૧) :-

**હરિપ્રભા જનરલ દવાખાનું :-** તા. ૭-૨-૨૦૦૪ થી રૂા. ૫, ના ટોકન ચાર્જથી દવાખાનું શરૂ કરવામાં આવેલ છે. દવા, ઇંજેક્શન, ડ્રેસીસ વગેરે સારવાર ફ્રી અપાય છે. પાંચ વરસ સુધીના બાળકો યુનિફોર્મ પહેરી આવતા શાળાના વિદ્યાર્થીઓ, સિનિયર સીટીઝનો તેમજ જે દર્દી કહે મારી પાસે ૫ રૂપિયા નથી તેવા તમામ દર્દીઓને ફ્રી સેવા અપાય છે. દવાખાને આવેલા કોઇ પણ દર્દી સારવાર વગર પાછો જાય નહીં તેની ખાસ સંભાળ લેવાય છે. ૮ વર્ષ થયા દવાખાનું નિયમિત ચાલુ છે. કચ્છમાં પ્રસરેલા ચિકનગુનિયાના રોગોચાળા વખતે અંદાજિત ૪૦૦૦ દર્દીઓને સારવાર અપાઇ હતી.

**ગુણ-તારા દાંતનું દવાખાનું :-** તા. ૧૦-૧૦-૨૦૧૨ થી દાંતનું દવાખાનું શરૂ કરેલ છે. આધુનિક સાધનોથી સજ્જ દવાખાનામાં ટોકન ચાર્જ રૂ. ૨૦/- લઇ સારવાર અપાય છે. ગરીબ દર્દીઓને ફ્રી સારવાર અપાય છે.

**માતુશ્રી ચંપકબેન અમરચંદ શાહ પેથોલોજી લેબોરેટરી :-** ૧૫ ઓગસ્ટ, ૨૦૧૧થી શરૂ થયેલ લેબોરેટરીમાં રૂા. ૨૦/- ના ટોકન ચાર્જથી રક્ત પરીક્ષણ કરી આપવામાં આવે છે. પ્રાથમિક તબક્કે હિમોગ્લોબીનના અભાવે પીડિત ૧૦૦ બહેનોનું લિસ્ટીંગ કરી તેમના માટે રક્ત પરીક્ષણ સારવાર અને પૌષ્ટીક આહાર વગેરેની વ્યવસ્થા ફ્રી કરવાનું આયોજન છે. બહેનો ત્રણ માસમાં તંદુરસ્ત થતાં અન્ય બહેનોનું લિસ્ટીંગ બનાવવાનું આયોજન છે. તદ્‌ઉપરાંત ડાયાબિટીસ, થેલેસેમિયા વગેરે રોગોના દર્દીઓનું લિસ્ટ બનાવી તેમને મદદરૂપ થવાની ભાવના છે.

## ● શૈક્ષણિક સેવા (બપોરે ૨ થી ૬) :

કોચિંગ ક્લાસીસ :- ધોરણ ૫ થી ૮ સુધીના વિદ્યાર્થીઓને

*માણસના હૃદયની પાનખરને દૂર કરવા માટે હાસ્ય જેવી વસંત કોઇ નથી.*

અંગ્રેજી-ગણિત તથા કોમ્પ્યુટરનું જ્ઞાન ફ્રી અપાય છે. બપોરના ૨ વાગ્યાથી ૫ સુધી સંસ્થાના મકાનના પાંચ રૂમોમાં નિષ્ણાત શિક્ષકો સેવા આપે છે. ક્લાસીસ "પ્રભાબેનની નિશાળ" તરીકે ઓળખાય છે. પ્રભાબેન વસા અહીં ૨૦ વરસથી સેવા આપે છે.

**રામરોટી :-** દરરોજ સાંજે ૫ થી ૬ સુધી નાના ભૂલકાઓને શિક્ષણ સાથે પૌષ્ટિક નાસ્તો અપાય છે.

● **સંસ્થાની અન્ય પ્રવૃત્તિઓ :**

★ દરરોજ દવા લેવી પડે છે તેવા દર્દીઓને તબીબી સહાય.

★ ઑપરેશન ખર્ચમાં મદદ

★ ઘેર લઇ જવા માટે તબીબી સાધનોની સેવા

★ વિકલાંગ બાળકોને આર્થિક સહાય

★ અનાજ, ધાબળા, સ્વેટર, ચાદર વગેરેનું વિતરણ

★ સેવા કરતી સંસ્થાઓને સહકાર

● **ટ્રસ્ટીઓ :-**

શ્રી ઝુમખલાલ જે. શાહ, ચંદુલાલ શાહ, ચંદ્રકુમાર શાહ, અશોક શાહ તથા રાષ્ટ્રીય ઍવૉર્ડથી સન્માનિત પ્રભાબેન વસા તથા કાર્યકરો સમર્પિત ભાવથી સેવા આપે છે. દિલેર દાતાઓ છૂટે હાથે દાન આપે છે અને સંસ્થાનો વિકાસ થઇ રહ્યો છે. ■

## રવિશંકર મહારાજ

### *રવિશંકર મહારાજ એટલે શું?*

જેણે જીવનમાં કદી આઈસ્ક્રીમ, સોડા, લેમન, બિસ્કીટ, પેપ્સી, કોલા, બ્રેડ ચાખ્યા પણ ન હતા.

જેણે જીવનમાં એકવાર નોરી અને એકવાર નાળિયેર પાણી પીધું હતું.

જે માત્ર છ ચોપડી ભણેલા.

જે વર્ષે ૯૦થી ૧૦૦ વાર ખાદી કાંતતા ને તૈયાર કરતા. પણ પોતે એક જોડી ધોતી, અંગરખો ને ટોપી માત્ર વાપરે અને તે ઓછામાં ઓછું દોઢ વર્ષ ચલાવે. ફાટે તો સાંધી લે.

જેઓ અનેક વર્ષો સુધી માત્ર એક ટાણું જમ્યા. જમવામાં દાળ-શાક-કઢી-છાશ-ઘી વગરની માત્ર ખીચડી.

જેને ૧૯૭૫ની કટોકટી વખતે ઈંદિરા ગાંધીએ પથારીવશ દાદાને જેલમાં મોકલવા હુકમ કરેલો પણ ગુજરાતના રાજ્યપાલે અને પોલીસવડાએ આમ ન કરવાની વડા પ્રધાનને સલાહ આપી.

જેણે જીવનમાં માત્ર એકવાર કોટ, બૂટ અને મોજાં ખરીદેલા.

જેણે ૫૦ વર્ષ સુધી કદી પગમાં પખરખાં પહેર્યા ન હતા.

જેણે અનેક વર્ષો સુધી કદી સાબુ વાપર્યો ન હતો.

જેણે સમજણા થયા પછી કદી માથામાં તેલ નાખ્યું ન હતું અને વાળમાં કાંસકી પણ ફેરવી ન હતી.

જે વારંવાર દિવસમાં ૩૦-૩૫ માઈલ ચાલતા.

જેણે ત્રણ કલાકમાં સવામણ દાળ દળીને જેલ અધિકારીને આશ્ચર્ય ચકિત કરેલા.

જેણે પાંચ વર્ષમાં બાર હજાર માઈલની મુસાફરી કરેલી.

જેણે પાર વિનાની મુસાફરીમાં માત્ર ત્રણવાર સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરેલી. બાકીની તમામ જનતા ક્લાસમાં કરેલી.

જે પોતાની ૮૬ વર્ષની ઉંમરે ઉત્તરાખંડના પહાડોમાં રોજ ૧૪-૧૫ માઈલ ચઢતા ને ઉતરતા.

જે માત્ર ૧૫ વર્ષની ઉંમરથી જ દર વર્ષે સાત દિવસના નકોરડા ઉપવાસ કરતા.

જેણે સમગ્ર જીવનમાં પાંચ સિનેમા અને એક નાટક જોયેલા.

જે રોજ સવારે ત્રણ વાગે ઊઠીને સાડા છ વાગ્યા સુધી ગીતાનું પારાયણ કરતા.

જેણે જીવનમાં કદી કોઈ હોટેલમાં પગ મૂક્યો ન હતો.

જે ચોમાસાના બે માસ દરમ્યાન આશરે પોણો મણ આદુનો રસ કાઢી પી જતા.

પાછલી અવસ્થામાં તેઓ ચાલી શકતા ન હતા. તેમના માટે અમુક ખાસ પ્રકારના જૂતા બનાવવા પડેલા. એકવાર વિમલાબાઈ ઠકાર તેમને મળવા આવ્યા ત્યારે મહારાજે તેમને કહ્યું કે, 'જુઓ, જુઓ મારું નાટક. ક્યાં મારા બાર આનાવાળા જૂતા ને ક્યાં આ ૮૦/- રૂપિયાવાળા જૂતા. આટલા મોંઘા જૂતા શેં પહેરાય?'

જેના માટે ગાંધીજીએ કહેલું, 'મારા શબ્દને મારાથી વધારે ઈજ્જત આપનાર, મારા એક એક શબ્દ પાછળ ન્યોચ્છાવર થઈ જનાર, મારી જ બીજી પ્રતિકૃતિ એટલે રવિશંકર મહારાજ. જો ભગવાન રજા આપે તો મારું ખોળિયું તેમની સાથે અદલાબદલી કરું.'

અને આ મહારાજ કહેતા કે, 'હું તો ગાંધી - વિનોબાની ચરણરજ છું.'

તેમણે જીવનભર જે જે રાહતકાર્યો કર્યા અને બહાદૂરીના કામો કર્યા તે આ લખાણમાં નોંધવા શક્ય જ નથી. એ માટે તો 'માણસાઈના દીવા' સહિતના ઘણા પુસ્તકો વાંચવા પડે.

આવા હતા રવિશંકર મહારાજ. રૂપિયાની રેલમછેલના આ જમાનામાં કોને યાદ આવશે મહારાજ?

***જુદા જુદા લખાણોમાંથી સંકલિત***
***- શાંતિલાલ સંઘવી***

## મહત્ત્વ કોનું?

★ ભાષણમાં તાળીનું, બુરખામાં જાળીનું.
★ સાસરામાં સાળીનું, ને બગીચામાં માળીનું.
★ વાર્તામાં 'થીમ'નું, ને વૃક્ષોમાં નીમનું.
★ પહેલવાનમાં ભીમનું, ને કાગળોમાં રીમનું.
★ સમુદ્રમાં છીપનું ને પરીક્ષામાં ટીપનું.
★ ટાયરમાં હવાનું, રોગમાં દવાનું કે રસોઈમાં તવાનું.
★ દૂધમાં મલાઈનું, ને કપડામાં સિલાઈનું.
★ શરીરમાં હાર્ટનું, ને શિક્ષામાં ચાર્ટનું.

***તમારી સંમતિ વિનાના તમે કદીય લઘુતાગ્રંથિ અનુભવી ન શકો.***

# માનવતા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ

• ગોવિંદભાઈ દનિયા •
પ્રમુખ, માનવતા ગ્રુપ ચેરિ. ટ્રસ્ટ - આદિપુર

**માનવતા ગ્રુપ આદિપુર (કચ્છ) ના માધ્યમથી સમગ્ર કચ્છમાં નીચે મુજબનાં માનવતાવાદી કાર્યો કરવામાં આવી રહ્યાં છે**

**માનવતા ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ**
બી.એ.ઝેડ.-૧, ૬૪ બજાર,
આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫. (ગુજરાત)
મો. ૯૮૨૫૨ ૨૫૯૩૯
E-mail : humanitygroup@yahoo.com

૧. સમગ્ર કચ્છમાં ૫૫ નિઃશુલ્ક સીવણ કેન્દ્રો મારફતે ૫૧૦૦ જેટલી બહેનોને નિઃશુલ્ક સીલાઈની તાલીમ આપવામાં આવેલ છે અને હજુ પણ નવા કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે.
૨. આશરે ૧૪૭ જેટલા વિકલાંગોને ટ્રાઈસિકલો આપેલ છે અને હજુ પણ આપવામાં આવી રહી છે.
૩. વિધવા-નિરાધાર બહેનોને સીલાઈ મશીનોનું વિતરણ કરવામાં આવે છે.
૪. અતિ જરૂરિયાતમંદ લોકોને રાશન કીટનું વિતરણ કરવામાં આવે છે.
૫. નિઃશુલ્ક મેડિકલ કેમ્પોનું આયોજન કરેલ છે અને હજુ કાર્યરત છે.
૬. ગરીબ વિદ્યાર્થી-વિદ્યાર્થિનિઓને સ્કૂલ, કોલેજની ફીસ, ચોપડા, યુનિફોર્મનું વિતરણ કરવામાં આવે છે.
૭. રામબાગ હોસ્પિટલ ગાંધીધામ અને રેફરલ હોસ્પિટલ અંજાર મધ્યે પ્રસૂતિ સમયે બેબી કીટનું વિતરણ કરવામાં આવે છે.
૮. બિનવારસી લાશોનું અંતિમ સંસ્કાર માનવતા ગ્રુપ દ્વારા કરવામાં આવે છે.
૯. નવરાત્રી દરમ્યાન પદયાત્રીઓ માટે સેવા કેમ્પનું આયોજન કરવામાં આવે છે.
૧૦. એચ.આઈ.વી. અંગે સંસ્થાઓ/એન.જી.ઓ. સાથે મળી સમાજમાં જાગૃતિ લાવવી અને એઇડ્સના જીવલેણ રોગ વિષે સમજણ આપવામાં આવે છે.
૧૧. સમાજમાં વ્યસન મુક્તિની ઝુંબેશ શરૂ કરેલ છે.
૧૨. પોલિયો વિષે લોકજાગૃતિ તથા તે માટે પોલિયો ડે નિમિત્તે જુદા જુદા વિસ્તારોમાં જઈ બાળકોને પોલિયો ડોઝ પીવડાવવામાં આવે છે.
૧૩. કચ્છ જિલ્લા પંચાયત હસ્તગત કચ્છની સૌથી મોટી આદિપુર પ્રા. શાળામાં વાલી મંડળ સાથે મળી શાળાકીય, સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.
૧૪. ગુજરાતી સેવા સમાજ-આદિપુર, ગાંધીધામ સંસ્થા સાથે મળી સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવે છે.
૧૫. કવિઓ અને સાહિત્યકારોને સમાજમાં આગળ લાવવા સાહિત્ય સરગમ સંસ્થા સાથે કવિ સંમેલનો તથા મુશાયરો યોજવામાં આવે છે.
૧૬. રામબાગ હોસ્પિટલ, ગાંધીધામ તેમજ રેફરલ હોસ્પિટલ અંજારમાં ઑપરેશન માટે એનેસ્થેસિયા તેમજ દવાઓ માટે આર્થિક મદદ કરવામાં આવી રહી છે.
૧૭. નાના પાયા પર પાણીના પ્યાઉનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
૧૮. શિયાળામાં ધાબડાઓનું વિતરણ કરવામાં આવે છે.
૧૯. ચોમાસા અગાઉ ગરીબ ઘરોમાં સિમેન્ટના પતરાઓનું વિતરણ કરવામાં આવે છે.
૨૦. માર્ગ ભટકેલા લોકોને ઘર સુધી પહોંચાડવાની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.
૨૧. વાર-તહેવારોમાં જુદી જુદી હોસ્પિટલોમાં કપડા અને ફળોનું વિતરણ કરવામાં આવે છે.
૨૨. સ્થાનિક પોલીસ સાથે મળી માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે.
૨૩. એઇડ્સગ્રસ્ત બાળકોને ચોપડા, ફી, સ્કૂલ બેગનું વિતરણ દર વર્ષે કરવામાં આવે છે.
૨૪. દર્દીઓને તત્કાલ સમયે બ્લડ ડોનેટ કરવામાં આવે છે.
૨૫. વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવા ટ્રી-ગાર્ડનું વિતરણ કરવામાં આવે છે.
૨૬. વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવે છે.
૨૭. ખુલ્લી ગટરોમાં પડી ગયેલ જાનવરોને બહાર કાઢી તેમનો જીવ બચાવવામાં આવે છે.
૨૮. સરકારી હોસ્પિટલોમાં બિનવારસુ લાશો માટે કફનના કપડાની વ્યવસ્થા કરી આપવામાં આવે છે.
૨૯. જુદી જુદી શાળાઓમાં સ્વરક્ષણ માટે વિદ્યાર્થી-વિદ્યાર્થિનિઓને શારીરિક વિકાસ માટે કરાટેની નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે.
૩૦. વિદ્યાર્થીઓ રમત-ગમત પ્રત્યે પણ ધ્યાન આપે તેના માટે અવાર-નવાર ક્રિકેટ મેચોનું આયોજન કરવામાં આવે છે.
૩૧. ગરીબ ઘરની બહેનોને વાર-તહેવારોએ દાતાઓના સહયોગથી સાડીઓનું અને ડ્રેસનું વિતરણ કરવામાં આવે છે.
૩૨. જુદી જુદી વિભૂતીઓના જન્મ દિવસ તેમજ નિર્વાણ તિથિએ માનવતાવાદી કાર્યો કરી ઉજવણી કરવામાં આવે છે.
૩૩. વ્હીલચેર અને કાખઘોડીની જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવે છે.
૩૪. બહેનોને બ્યુટી પાર્લરની તાલીમ આપવામાં આવે છે.
૩૫. પક્ષીઓ માટે પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવે છે.
૩૬. સિનિયર સિટીઝન માટે લાઈબ્રેરી શરૂ કરવામાં આવેલ છે.

***આ સમગ્ર કાર્યો ગ્રુપનાં સદસ્યો અને દાતાઓના સાથ સહકારથી કરવામાં આવે છે.***

***માણસને પોતાનું એકાંત માણતાં પણ આવડવું જોઈએ.***

# જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી, કચ્છ

● ડૉ. મધુકર કે. રાણા ●
પ્રમુખ, જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી, કચ્છ

સામાન્ય જનને તબીબી શિક્ષણ તથા કેન્સર અને એઈડ્સ જેવા જીવલેણ રોગોના નિદાનની માનવીય પ્રવૃત્તિ હાથ ધરવાના હેતુથી માંડવી શહેરના સેવાભાવી અને અગ્રણીય નાગરિકોની પહેલથી સ્થપાયેલ જનકલ્યાણ મેડિકલ સોસાયટીનો વિધિસર પ્રારંભ સંતશ્રી વાલદાસજી મહારાજના વરદ્ હસ્તે મંગલદીપ પ્રાગટ્યથી તારીખ ૨૩મી મે, ૧૯૯૩ના રોજ કરવામાં આવ્યો.

**જનકલ્યાણ મેડિકલ સોસાયટી**
**જનકલ્યાણ કેન્સર રિસર્ચ,**
**હોસપીસ એન્ડ ડાયાલિસીસ સેન્ટર**
માંડવી ભુજ હાઈવે, ને.હા. નં.-૮/એ Ext.
પોસ્ટ : મસ્કા, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
ફોન : (૦૨૮૩૪) ૨૨૪૧૦૮
ફેક્સ : (૦૨૮૩૪) ૨૨૪૦૨૫
E-mail : jankalyan93@hotmail.com
Website : www.jankalyanmedicalsociety.org
પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. : એફ/૨૪૨/કચ્છ
સોસાયટી એક્ટ રજિ. નં. : ગુજ./૬૫/કચ્છ

કચ્છ એ સમગ્ર ગુજરાતનો આશરે ૧/૪ ભાગ ક્ષેત્રફળ ધરાવતો વિશાળ જિલ્લો છે. પરંતુ સતત દુષ્કાળ પીડિત જિલ્લો હોવાથી એના વિકાસમાં અનેક મુશ્કેલીઓ આવતી હોવાથી વિકાસની ગતિ મંદ રહી છે. પરંતુ એની પ્રજાનું ધૈર્ય અને ખમીર કુદરત સામે સંઘર્ષ કરતાં ક્યારેય પાછા પડ્યા નથી. આમ છતાં જિલ્લાની વિશાળતાને કારણે દૂર દૂરના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ જરૂરી શૈક્ષણિક તેમજ તબીબી સુવિધાઓ તથા જીવનની પ્રાથમિક સુવિધાઓની અછત છે. પરિણામે લોકો હજુ પણ અજ્ઞાન અને વહેમ તથા અંધશ્રદ્ધાના ભોગ બને છે. આ પરિસ્થિતિને દૂર કરવા માટે જરૂર છે લોકોને રોગ વિશે જાગૃત કરવા. જેથી રોગોનું વહેલું નિદાન અને સમયસરની સારવારથી અમૂલ્ય માનવ જીવન બચાવી શકાય. કચ્છ જિલ્લામાં વધતી જતી કેન્સર, હૃદયરોગ, ડાયાબિટીસ અને એઈડ્સ જેવી જીવલેણ બીમારીમાંથી બચવા રોગ અંગે શિક્ષણથી આમ જનતામાં જાગૃતિ આવે એ માટેના સઘન પ્રયાસો કરવાના હેતુથી જનકલ્યાણ મેડિકલ સોસાયટીની સ્થાપના કરવામાં આવી અને આ સોસાયટીની સોસાયટી એક્ટ અને જાહેર ટ્રસ્ટ હેઠળ નોંધણી કરવામાં આવી.

સમગ્ર કાર્યક્રમને વિવિધ પ્રોજેક્ટો દ્વારા કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું.



### વિવિધ પ્રોજેક્ટો

★ કચ્છના વિવિધ ગામોમાં કેન્સર શિક્ષણ અને સંશોધન કેમ્પ તથા એઈડ્સ શિક્ષણ કેમ્પ

★ તાલુકા મથકે કેન્સર શિક્ષણ અને સંશોધન કેમ્પ

★ બહેનો માટે સ્તન, ગર્ભાશયના મુખનાં કેન્સર માટે શિક્ષણ અને પૅપ સ્મીઅર દ્વારા સંશોધન કેમ્પ

★ ૨૩ મે, ૫ સપ્ટેમ્બર અને ૨૦ જાન્યુઆરી કેન્સર જનજાગૃતિ દ્વારા લોકશિક્ષણ

★ ૫૦ વર્ષથી ઉપરની વ્યક્તિ માટે દર વર્ષે પ્રોસ્ટેટ અને મોટાં આંતરડાંના કેન્સર શિક્ષણ અને સંશોધન કેમ્પ

★ ૩૧મી મે ધુમ્રપાન નિષેધ દિવસના ખાસ કાર્યક્રમ

★ એઈડ્સ જનજાગૃતિ અને શિક્ષણ માટે સ્કૂલ કોલેજમાં દર વર્ષે સેમિનારનું આયોજન

★ કચ્છની વિવિધ સ્કૂલોમાં વિદ્યાર્થીઓ માટે વક્તવ્ય અને પરીક્ષા લઈ કેન્સર અને એઈડ્સ શિક્ષણ પ્રોગ્રામ

★ જુદી જુદી જગ્યાએ કેન્સર શિક્ષણ અને વ્યસનમુક્તિ માટે પ્રદર્શનનું આયોજન

★ શાળાનાં બાળકોમાં એનીમિયા સર્વેક્ષણ અને સારવાર

★ જરૂરિયાતમંદ કેન્સરનાં દર્દીઓને આર્થિક મદદ

કેન્સર કંટ્રોલ પ્રોગ્રામને ત્રણ વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યા. પ્રથમ તબક્કામાં સમગ્ર કચ્છના લોકોને કેન્સર માટે જાગૃતિ લાવવી, શિક્ષણ અને કેન્સરનું વહેલું નિદાન કેમ થાય તે સમજાવવું.

*તમે તમારી જાતનો આદર નહિ કરો તો બીજા તમારો શું કામ આદર કરે?*

બીજા તબક્કામાં આધુનિક સાધનો સહિત કેન્સરનું વહેલું નિદાન થાય તેવા સાધનો ઉપલબ્ધ કરાવી અને કેન્સર નિદાન કેન્દ્ર શરૂ કરવું અને સાથે ૧૫ પથારીની સુવિધાવાળું હોસ્પિસ સેન્ટર એટલે કેન્સરના દર્દીની અંતિમ અવસ્થામાં તેની શારીરિક, માનસિક અને આર્થિક રીતે શાંતિ મળે તેવી વ્યવસ્થા કરવી. ત્રીજા તબક્કામાં રેડિયેશન સેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરવી. કેન્સરના ઑપરેશનો, કિમોથેરાપી અને રેડિયોથેરાપી કચ્છમાં જો આપી શકાય તો લોકોને કચ્છની બહાર જ ન જવું પડે.

કચ્છના ગામડે ગામડે અને તાલુકા મથકે ફરી લોકોને વક્તવ્ય દ્વારા, પેમ્ફલેટ દ્વારા, ટીવી અને રેડિયોના માધ્યમથી, વર્તમાનપત્રોના માધ્યમથી, કેન્સર પ્રદર્શન દ્વારા, વ્યસનમુક્તિ અને કેન્સરને નાથવા માટેનો સંદેશો અને એઇડ્સ જનજાગૃતિનો સંદેશો ગામડે ગામડે પહોંચાડવાનું કામ આ સંસ્થા ૧૯૯૩થી કરી રહી છે.

લોકોને સંસ્થા સમજાવે છે કે દરેક મનુષ્યએ પોતાના સ્વાસ્થ્ય માટે જાગૃત રહેવું જરૂરી છે. જો શિક્ષણ અને જાગૃતિ હોય તો કેન્સર મટી શકે છે. લોકોને સમજાવવામાં આવે છે કે ૮૦% કેન્સર માટે બીડી, સીગરેટ, ગુટકાનું વ્યસન અને ખોરાક વિશેની અજ્ઞાનતા જવાબદાર છે. ૦ સ્ટેજમાં સ્તન કેન્સર ૧૦૦% સાધ્ય છે. બહેનોમાં સ્તનની જાત તપાસ, મેમોગ્રાફી, પેપ સ્મીઅર તથા પેલ્વીક સોનોગ્રાફીની સમજણ બહેનોને આપવામાં આવે છે. લોખંડમાં કટાવવાનો દુર્ગુણ હોવાથી કટાઇને ભાંગી પડે છે એવી જ રીતે અનિયમિત જીવનશૈલી અને સ્વભાવ કેન્સર જેવી બિમારીને આમંત્રણ આપી મનુષ્યને નષ્ટ કરે છે.

૧૯૯૩ થી ૨૦૦૯ સુધી ગામડે ગામડે કેમ્પોનું આયોજન કરી છેવટે સંસ્થાએ ૧૫-૨-૨૦૦૯નાં સમગ્ર કચ્છમાં પ્રથમ જનકલ્યાણ કેન્સર રીસર્ચ, હોસપિસ અને ડાયાલીસિસ સેન્ટરની કચ્છની જનતાને ભેટ ધરી.

વિધાનસભાના અધ્યક્ષ સ્વ. શ્રી અશોકભાઇ ભટ્ટે કહ્યું કે દાતારી માટે સમગ્ર વિશ્વમાં વખણાઇ ગયેલાં કચ્છીઓની દાનવીરતાને લીધે જ કલિયુગમાં પણ સતયુગનાં દર્શન થઇ રહ્યાં છે. શાસન મહાજન અને પ્રજાજન વિકાસના પથદર્શક છે. બે કરોડનું દાન એમજ નથી મળતું. જનકલ્યાણ મેડિકલ સોસાયટીના સંચાલકો અને ભૂમિદાતાને અભિનંદન આપ્યા હતાં. અશોકભાઇએ કહ્યું કે આ હોસ્પિટલ નહીં પણ આરોગ્ય મંદિર છે.

કચ્છની ૧૫ લાખની વસતિમાં સર્વપ્રથમ શરૂ થયેલ કેન્સર હોસ્પિટલની ૧૫ બેડની સુવિધાવાળા આ સેન્ટરમાં લિફ્ટની વ્યવસ્થા, અદ્યતન ઑપરેશન થિયેટર, કલર ડોપ્લર સોનોગ્રાફી મશીન, ડિજિટલ એક્સ-રે મશીન, મેમોગ્રાફી મશીન, એન્ડોસ્કોપી યુનિટ, ડાયાલિસિસ વિભાગ, લેબોરેટરી તથા મેડિકલ સ્ટોર જેવી આધુનિક સુવિધાઓ છે. ૧૦ બેડનું હોસપિસ સેન્ટર છે. જેમાં તમામ પ્રકારની પેલીએટીવ કેર આપવામાં આવે છે. ગરીબી રેખા નીચેનાં દર્દીઓ પાસેથી બેડ ચાર્જ માત્ર ૫૦/- રૂા. લેવામાં આવે છે અને દર્દી કંઇ પણ ન આપી શકે તો કિમોથેરાપી સહિતની સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે.

સંસ્થા પાસે આજે બે એમ્બ્યુલન્સ અને બીજી એક હોમકેર પ્રોજેક્ટ માટે વેન છે. એમ્બ્યુલન્સ સેવા રાહતદરે અપાય છે. કેન્સરના અંતિમ તબક્કાનાં દર્દીઓ જેઓ હોસપિસમાં દાખલ ન થઇ શકે તેમને ઘરે જઇ નિઃશુલ્ક સારવાર અપાય છે. મેડિકલ સ્ટોરમાં કિમોથેરાપી અને અન્ય દવાઓ ખૂબ જ રાહતદરે આપવામાં આવે છે.

આ કેન્સર હોસ્પિટલમાં કેન્સરના તમામ ઑપરેશનો, વિઝીટિંગ સર્જન તથા ઑન્કોસર્જન દ્વારા ખૂબ જ રાહતદરે કરવામાં આવે છે. રેડિયોલોજિસ્ટ, ઇ.એન.ટી. સર્જન અને એન્ડોસ્કોપી માટે વિઝીટિંગ ડૉક્ટર્સ આવે છે. સંસ્થા પાસે ફુલટાઇમ મેડિકલ ઓફિસર અને વિવેકી સ્ટાફ છે.

જે લોકો આ સેન્ટરની અગત્યતા નથી સમજી શક્યા તેમને એમ થાય છે કે આ સેન્ટરમાં દર્દીઓની અવર જવર ઓછી કેમ છે! આ સાર્વજનિક તમામ રોગો માટેની હોસ્પિટલ નથી અને અહીં તમામ રોગોના કેમ્પોનું આયોજન પણ કરવામાં નથી આવતું. આને હોસ્પિટલ નામ પણ સંસ્થાએ નથી આપ્યું. આ કેન્સર રીસર્ચ સેન્ટર, હોસપિસ સેન્ટર છે એટલે તેમાં કેન્સર સ્ક્રીનીંગ કરાવવા માંગતા દર્દીઓ જ આવે છે. ઇન્ડોરમાં મોટા ભાગનાં હોસપિસના દર્દીઓ જ હોય છે.

ગુજરાતમાં આ બીજું હોસપિસ સેન્ટર છે. ગુજરાત કે ગુજરાતની બહાર સામાન્ય રીતે સંપૂર્ણ સારવાર નિઃશુલ્ક આપવામાં આવે છે. સારવાર અને ભોજન પણ નિઃશુલ્ક અપાય છે. સંસ્થા ઇચ્છે છે કે વધુને વધુ દાતાઓ આગળ આવે તો આપણે હોસપિસના દર્દીઓની

**પેટ્રન-માનદ સલાહકાર**

ડૉ. પંકજ શાહ, નિયામક ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ

ડૉ. રાજેન્દ્ર આઇ. દવે, નાયબ નિયામક ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિ.

**મેનેજિંગ ટ્રસ્ટી - માનદ હોદ્દેદારો**

| | |
|---|---|
| ડૉ. મધુકર કે. રાણા | પ્રમુખ |
| ડૉ. હર્ષદ એલ. ઉદેશી | ઉપપ્રમુખ |
| ડૉ. આદિત્ય આર. ચંદારાણા | મંત્રી |
| શ્રી અરવિંદ કે. શાહ | સહમંત્રી |
| શ્રી સુરેશ એ. મહેતા | ખજાનચી |
| શ્રીમતી સરોજબેન એમ. રાણા | ઓફિસ સુપ્રિ. |

**માનદ્ ટ્રસ્ટીઓ**

શ્રીમતી ભાવનાબેન એચ. ઉદેશી
ડૉ. કૌશિક એચ. શાહ
શ્રી ઈશ્વરભાઇ એચ. દેસાઇ
શ્રી લાલજી એચ. કેરાઈ
શ્રી હીરાલાલ એફ. વસા
શ્રી ચંદ્રકાંત વી. ચોથાણી
શ્રી વસંતભાઇ સી. દોશી

*જ્યારે તમે કશું કરતા જ નથી ત્યારે તમે ખોટામાં ખોટી વસ્તુ કરો છો.*

નિઃશુલ્ક સારવાર કરી શકીએ. સંસ્થાએ સરકાર પાસેથી લાગુની બે એકર જમીનની માંગણી કરી છે. જેમાં અતિથિધામ વિકસાવવાનો સંસ્થાનો પ્રોજેક્ટ છે જેમાં સમગ્ર કચ્છમાંથી આવતા હોસપિસનાં દર્દીના સગાવહાલાં માટે રહેવા જમવાની વ્યવસ્થા થઈ શકે.

કચ્છમાં બનેલ પ્રથમ કેન્સર હોસ્પિટલમાં કેન્સરનાં દર્દીઓની સારવાર માટે રેડિયેશન સેન્ટર અતિ જરૂરી છે. ૧૫ કરોડનો આ પ્રોજેક્ટ કચ્છી દાતાઓ માટે સામાન્ય છે અને અમને સંપૂર્ણ આશા છે કે દાતાઓના દિલમાં સ્ફુરણાં ચોક્કસ થશે અને સમગ્ર કચ્છ માટે રેડિયેશન સેન્ટર પણ ઊભું કરી શકાશે.

સૌને નમ્ર વિનંતી કે આપ અમારી વેબસાઈટ www.jankalyanmedicalsociety.org પર જોઈ સંસ્થાને સમજો, વિચારો અને કચ્છ માટે આ મહત્ત્વનાં પ્રોજેક્ટ માટે આપ અમારા સહભાગી બનો. સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષની કલમ 35AC મુજબ સંપૂર્ણ કરમુક્ત છે. વિદેશથી દાન મેળવવા FCRA નંબર પણ છે. આપ આપનો ચેક જનકલ્યાણ મેડિકલ સોસાયટી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા A/C NO 10830565439 પર લખી જનકલ્યાણ મેડિકલ સોસાયટી, નેશનલ હાઈવે નં. ૮/અ EXT, પોસ્ટ-મસ્કા, માંડવી કચ્છને મોકલાવી શકો છો. ■

## તત્ત્વ ચિંતન - અહંકાર

એક સમ્રાટ એક સંત પાસે ગયા. તેમણે સંતને કહ્યું, 'મને પણ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી દો.' સંતે કહ્યું, 'કાલે આવો. બીજા દિવસે સમ્રાટ આવ્યો. ત્યારે સંતે કહ્યું કે સાત દિવસ અહીંયાં રોકાઈ જાવ. આ સાત સાત દિવસ તમારે તમારા નગરમાં જઈ ભીક્ષા માંગવાની છે. ભિક્ષામાં જે મળે એનાથી જ પેટ ભરજો. આ ઝૂંપડીમાં વિશ્રામ કરજો. આશ્રમની સાફ સફાઈ કરજો. સમ્રાટ માટે ખૂબ મુશ્કેલી ઊભી થઈ. પોતાના જ નગરમાં ભિક્ષા માંગવા કેમ નીકળાય? બીજું બધું તો કરી શકાય પણ પોતાની જ પ્રજા પાસે ભીખ કેમ કરી માંગી શકાશે! તેમણે સંતને વિનંતી કરી કે મને બીજા કોઈ રાજ્યની સીમામાં ભિક્ષા માંગવાની રજા આપો. સંતે આવી રજા આપી નહીં. કહ્યું કે તમારાથી આ ન થતું હોય તો પરમાત્માની વાત ભૂલી જાવ અને પાછા વળી જાવ. સમ્રાટને પરમાત્માની પ્યાસ તો ખરેખર લાગી હતી. સાત દિવસ તેણે સંતની આજ્ઞા પ્રમાણે પોતાના જ રાજ્યની, પોતાની પ્રજા પાસેથી ભિક્ષા માંગી.

સાત દિવસ પછી સંતે સમ્રાટને બોલાવ્યો અને કહ્યું : 'હવે પરમાત્માના સાક્ષાત્કાર વિશે પૂછો.' સમ્રાટે હાથ જોડી કહ્યું, 'હવે કંઈ પૂછવાનું છે જ નહીં. મેં તો સ્વપ્ને પણ કલ્પના નહીં કરેલી કે આમ કરતાં મને પરમાત્માના દર્શન થઈ જશે.' સંતે પૂછ્યું, 'શું બન્યું?' સમ્રાટે કહ્યું, 'બન્યું કંઈ નથી પણ સાત દિવસ મારી જ પ્રજા પાસેથી ભીખ માંગવાથી મારો અહંકાર ઓગળી ગયો, વહી ગયો. જે સમ્રાટ થઈને મને ન મળ્યું, એ સમ્રાટને ભિખારી થઈ મળી ગયું.'

સવાલ સમ્રાટ કે ભિખારી હોવાનો નથી, અડચણ છે અહંકારની. ભિખારીને પણ અગર અહંકાર હોય તો પરમાત્મા ન મળે અને વિનમ્ર, બિનઅહંકારી સમ્રાટને મળી જાય. પરમાત્મા અને પરમ આનંદ પર્યાયવાચી છે. આ અહંકારનો ભ્રમ દુઃખનું કારણ છે. જે અંદર છે, બહાર નહીં. જેમ પ્રકાશ અને અંધકાર સાથે રહી શકતા નથી તેમ અહંકારને આનંદનું મિલન નથી હોતું. અહંકારને મજાનું મિલન છે પણ આનંદ સાથે નહીં.

અહંકાર ફક્ત પદ, મિલકત, શક્તિનો જ હોય છે એવું નથી. જ્ઞાનનો, ત્યાગનો, ભક્તિનો, સાધનાનો અહંકાર પણ હોય છે અને બીજા અહંકાર કરતાં ઘણો જ વજનદાર પણ. માનવ 'અહં બ્રહ્માસ્મિ' 'અનલહક' અનુભવી શકે એટલો વિરાટ છે પણ અહંકાર એને ક્ષુદ્ર, વામણો, સંકુચિત બનાવી દે છે. જ્ઞાનની મૂઢતા ડૂબાડે છે પણ મૂઢતાનું જ્ઞાન ભવસાગર પાર ઉતારે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ) - અમદાવાદ*

## બુધ્ધિમત્તા

મશીન પાસે પ્રચંડ શક્તિ છે. એક મશીન ૫૦ માણસોનું કામ કરી શકે. માણસ થાકી જાય મશીન થાકે નહીં. મશીન ઝાઝેરી ઝડપથી કામ કરી શકે, પરંતુ અતિશય તેજસ્વી બુધ્ધિમત્તાવાળા માનવી જેવું કામ મશીન ન કરી શકે.

એક દિવસ મશીને અભિમાનથી માણસને કહ્યું, 'તમે મારી બરોબરી કરી શકો નહીં.' મશીન બોલતું રહ્યું, મનુષ્ય સાંભળતો રહ્યો.

આ કેલ્ક્યુલેટર જુઓ, સરવાળા બાદબાકી તો જોત જોતામાં કરી નાંખે, ગુણાકાર ભાગાકાર પળવારમાં કરે.

આ કોમ્પ્યુટર જુઓ, દુનિયાના એક છેડેથી બીજે છેડે પળવારમાં સંદેશા પહોંચાડી દે. એની ખૂબીઓ તો જાણો એટલી ઓછી.

આ તો મશીનનો યુગ છે, મશીનનો. માણસને મશીન વગર ચાલે જ નહીં. સવારનાં ઊઠે ત્યારથી રાતનાં સૂતા લગી, મશીનનો સહારો લેવો પડે.

મનુષ્ય સાંભળતો જ રહ્યો. પરંતુ પછી અકળાયો. પછી હસ્યો અને હળવેકથી બોલ્યો, મારા ભાઈ મશીન, મારી એક વાત સાંભળ મેં તો હજારો મશીનો બનાવ્યાં. તું એક મનુષ્ય તો બનાવી આપ.

મશીન બોલતું બંધ થઈ ગયું.

*પ્રેષક : મુકુંદ કે. મહેતા - આદિપુર*

## કામિયાબી

કોઈ પણ ક્ષેત્રમાં જેમણે કામિયાબી હાંસલ કરી છે એ સૌમાં એક બાબત સામાન્ય હોય છે. એ બધામાં સામાન્ય બાબત એ હોય છે કે એ જે કાંઈ કાર્ય કરે છે એમાં ઓતપ્રોત થઈ જાય છે, એમાં ઊંડા ઉતરી જાય છે. એ લોકોને કામિયાબી એટલે મળી હોય છે. એ વેઠ ઉતારવામાં માનતા નથી હોતા, પરંતુ હાથ પરના કાર્યને શ્રેષ્ઠ રીતે પાર પાડવાનું વલણ ધરાવતા હોય છે.

એમની પાસે બીજા બધાની જેમ કામ તો હોય જ છે, પરંતુ વધુ અગત્યની બાબત એ છે કે એ કામમાં તન્મય હોય છે. બીજી રીતે કહીએ તો એમનામાં એવી પ્રચંડ લગન હોય છે, જે એમના ન ગમતા કાર્યને પણ વેઠમાંથી શુદ્ધ અને પરિણામલક્ષી કાર્યમાં રૂપાંતરિત કરી દે છે.

કાર્ય તો કરવાનું જ છે. જગતનો નિયમ છે કે કશું જ કદી મફત મળતું નથી. તો પછી કરવા પડતા કાર્યને મોજથી કેમ ન કરવું? આવા સકારાત્મક વલણ - એટિટ્યુડને કારણે તેઓ સફળ થાય છે.

કોઈ પણ સંજોગોમાં કાર્ય પ્રત્યે વેઠ ઉતારવાનું હીન વલણ દાખવવું કે કાર્ય કરવાનો ભરપૂર આનંદ માણવાની સર્વોત્તમ વૃત્તિ દાખવવી એ આપણા હાથની વાત છે. કામિયાબી તેને જ હાંસલ થાય છે કે જે હાથ પર લીધેલ કાર્યમાં ઓતપ્રોત થઈ જાય છે. ■

# ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ

• બચુભાઈ હીરજી રાંભિયા •
ટ્રસ્ટી, ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ

જય અહિંસા સાથે જણાવવાનું કે ગૌરક્ષક ગીતાબેન રાંભિયા અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને જતાં બચાવી અભયદાન અપાવવાનું કાર્ય કરતા હતા. તેમણે તેમના જીવનકાળ દરમિયાન દોઢ લાખથી વધુ અબોલ જીવોને બચાવી અભયદાન અપાવેલ છે અને આજ કાર્ય કરતા તા. ૨૭-૦૮-૧૯૯૩ના રોજ કસાઈ દ્વારા ક્રૂર હત્યા કરવામાં આવી.

**ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ**
૧૧૪૦, ગીતા ભવન, માંડવીની પોળ,
માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૬૫૪૪૭૫૫૦
E-mail : gitaben_rambhiya@yahoo.com
Website : www.gitabenrambhiyatrust.org

ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહીદી બાદ તેમની સ્મૃતિમાં ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ નામની સંસ્થાની સ્થાપના કરી અત્યાર સુધીમાં ૭૫૦૦૦ થી વધુ અબોલ જીવોને ગેરકાયદેસર કતલકાને જતાં બચાવી અભયદાન અપાવેલ છે, જેમાં મોટી સંખ્યામાં બચાવેલ અબોલ જીવોની વિગત નીચે જણાવ્યા મુજબની છે.

| વર્ષ | બચાવેલ અબોલ જીવો | ક્યાંથી બચાવ્યા? |
|---|---|---|
| ૧૯૯૫ | ૬૬૦ વાછરડા | ગુડઝ ટ્રેન, કાળીગામ, સાબરમતી રેલવે પો. સ્ટેશન |
| ૧૯૯૬ | ૧૭૪૦ ઘેંટા બકરા<br>૧૧૬ વાછરડા પાડા | પાકિસ્તાન જતા તુણા બંદરેથી બચાવ્યા રખિયાલ પો. સ્ટેશન |
| ૧૯૯૭ | ૧૭૫૧ વાછરડા | ગુડઝ ટ્રેન, આણંદ મુકામે |
| ૧૯૯૮ | ૧૮૭ વાછરડા | જુહાપુરાથી |
| ૧૯૯૯ | ૧૩૨ વાછરડા | દાણીલીમડાથી |
| ૨૦૦૦ | ૯૯ વાછરડા | ઈમ્પિરીયલ બેકરીની ગલીમાંથી |
| ૨૦૦૨ | ૧૭૮૦ વાછરડા, પાડા, ભેંસ, બળદો | જુહાપુરા |
| ૨૦૦૫ | ૧૯૬૩ બળદ, પાડા, ભેંસ તથા વાછરડા | અમદાવાદ શહેર તથા આજુબાજુના જિલ્લાના પોલીસ સ્ટેશન હદ વિસ્તાર |
| ૨૦૦૭ | ૮૯૦ વાછરડા, ગાય, પાડા | અમદાવાદ શહેર તથા આજુબાજુના જિલ્લાના પોલીસ સ્ટેશન હદ વિસ્તાર |
| ૨૦૦૯ | ૧૪૧૯ વાછરડા, પાડા, ભેંસ, બળદ | અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાંથી. |
| ૨૦૧૦ | ૨૪૭૩ ઘેંટા બકરા | એલિસબ્રિજ પોલીસ સ્ટેશન પાસેથી |
| ૨૦૧૧ | ૩૯૬૧ બળદ, વાછરડા | શામળાજી પો. સ્ટેશન હદ વિસ્તાર |
| ૨૦૧૨-એપ્રિલથી જાન્યુ. ૧૩ | ૫૪૭ બળદ, વાછરડા ગાય | |

**ગૌરક્ષક ગીતાબેન રાંભિયા તથા ગૌરક્ષક બચુભાઇ રાંભિયા તેમજ સંસ્થાને મળેલ એવોર્ડ તથા સન્માનપત્રોની વિગત**

| વર્ષ | એવોર્ડ | કોના હસ્તે? |
|---|---|---|
| ૧૯૯૧ | હિન્દુ રત્ન એવોર્ડ | આર.આર.એસ.ના શ્રી અમૃતભાઈ કડીવાળાના હસ્તે |
| ૧૯૯૧ | ઝાંસી કી રાણી એવૉર્ડ | મેયર શ્રી ડૉ. મુકુલભાઈ શાહના હસ્તે |
| ૧૯૯૩ | શહીદ સ્મારક બનાવ્યું | મેયર શ્રી ડૉ. મુકુલભાઈ શાહના હસ્તે |

*માણસની ઈચ્છા ઈશ્વર તરફ વળે એનું નામ પ્રાર્થના.*

| | | |
|---|---|---|
| ૧૯૯૪ | મરણોત્તર શૌર્યચંદ્રક | શ્રીમતી મેનકા ગાંધીના હસ્તે |
| ૧૯૯૫ | અહિંસા રત્ન | ગૌપાલક સમિતિ ગુજરાત રાજય |
| | શહીદ પરિવાર | શ્રી એલ.કે. અડવાણીજીના હસ્તે |
| ૧૯૯૭ | અહિંસા રત્ન ઍવૉર્ડ | શેઠ શ્રી દીપચંદ ગાર્ડી મુંબઇ |
| ૧૯૯૯ | પ્રાણી મિત્ર ઍવૉર્ડ | એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઇન્ડિયા, ગર્વનર શ્રી સુંદરસિંહ ભંડારીના હસ્તે |
| ૨૦૦૭ | કચ્છ ગૌરવ ઍવૉર્ડ | મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે |
| ૨૦૦૯ | કચ્છી રત્ન ઍવૉર્ડ | અધ્યક્ષ શ્રી ધીરૂભાઇ શાહના હસ્તે |
| ૨૦૦૯ | ખાડિયા ઍવૉર્ડ | શ્રી અશોકભાઇ ભટ્ટના હસ્તે |
| ૨૦૧૦ | ગૌ રત્ન ઍવૉર્ડ | સાધ્વી શ્રી ઋતંભરાજીના હસ્તે |
| ૨૦૧૦ | અહિંસા ઍવૉર્ડ | આચાર્ય હસ્તી શ્રી અહિંસા રત્ન આર.સી. બાફનાના હસ્તે જલગાંવ (મહારાષ્ટ્ર) |
| ૨૦૧૨ | રામાણીયા ગૌરવ ઍવૉર્ડ | શ્રી ક.વી.ઓ. સમાજ - મુંબઇ |
| ૨૦૧૨ | વધુને વધુ અબોલ જીવોને બચાવવા માટેનો પુરસ્કાર | ગુજરાત રાજ્ય સરકાર |
| ૨૦૧૩ | બીમાર-ઘવાયેલ પશુ-પક્ષીને પ્રશંસનીય સારવાર માટે સંસ્થાને મળેલ સન્માનપત્ર | વન વિભાગ ગુજરાત રાજય સરકાર |

## અનુભવ જ અંતે 'ઉદાહરણ' બનતા હોય છે

*એક સરસ મજાની વાર્તા છે.*

એક યુવાન હતો. તેને પોતાની કાર બેફામ રીતે ચલાવવાની આદત હતી. કાર ચલાવતી વખતે કોઈની પરવા ન કરે. ટ્રાફિક પોલીસમેન રોકે તો દંડ ભરી દેવાનો! પોલીસને તો એ ગણકારતો જ નહીં. પોલીસ રોકે તો કહી દેતો કે પહોંચ ફાડ અને દંડના રૂપિયા લઈ લે!

એક દિવસ એ યુવાન પોતાની રોજની આદત મુજબ ફુલસ્પીડે કાર ચલાવીને જતો હતો. તે જોતો કે રોડ પરના એક ચોક ઉપર એક નવો પોલીસમેન આવ્યો છે. એક અઠવાડિયાથી એ પોલીસમેન તેને બેફામ રીતે કાર ચલાવીને જતાં જોતો, પણ રોકતો નહીં. અઠવાડિયા પછી એક દિવસ એ પોલીસમેને તેને રોક્યો. યુવાને તેની આદત મુજબ કહ્યું કે પહોંચ ફાડ અને દંડ લઈ લે.

પોલીસમેને પોતાના પાકીટમાંથી નોટબુક કાઢી, થોડુંક લખ્યું અને પેલા યુવાનને કાગળ આપ્યો. યુવાને પૂછ્યું, કેટલો દંડ આપું? પોલીસમેને કહ્યું કે, કંઈ નહીં. એટલું બોલીને પોલીસમેન ચાલ્યો ગયો. યુવાને કાગળ ખોલીને જોયું તો એ દંડની રસીદ ન હતી પણ એક નાનકડો પત્ર હતો. તેમાં કંઈક આવું લખ્યું હતું....

"પ્રિય દોસ્ત! મારે એક ખૂબ જ સુંદર અને લાડકી દીકરી હતી. છ વર્ષની હતી ત્યારે બેફામ રીતે આવતી કારની અડફેટે તેનું મોત થઈ ગયું. કાર ડ્રાઈવરને દંડ અને ત્રણ મહિના જેલની સજા થઈ. સજા પછી એ તો છૂટી ગયો પણ હું હજુ મારી દીકરીની યાદમાં ઝૂરું અને તડપું છું. મારાથી એ દીકરીની વિદાયનું દુઃખ સહેવાતું નથી. મારા મિત્ર, તું મારા માટે પ્રાર્થના કરજે કે ભગવાન મને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. અને હા! કાર ચલાવવામાં થોડું ધ્યાન રાખજે, કારણકે મારે હવે એક જ દીકરો છે!

ચિઠ્ઠી વાંચીને એ યુવાને પાછળ જોયું તો પેલો પોલીસમેન દૂર ચાલ્યો ગયો હતો. ભીની આંખોમાં દૃશ્ય ધૂંધળું લાગતું હોવા છતાં ઘણું બધું સ્પષ્ટ અને સાફ થઈ ગયું હતું. એ માણસ ઘરે ગયો. પોતાની લાડકી દીકરીના કપાળે ચુંબન કર્યું. દીકરીએ પપ્પાના આ નવા રૂપને જોઈને પૂછ્યું કે, 'વોટ હેપન ડેડી?' યુવાને કહ્યું, 'કંઈ નહીં બેટા, હું કેટલો લકી છું કે મારી પાસે તારા જેવી લાડકી અને સુંદર દીકરી છે!' એ દિવસથી એની કારની ગતિ ધીમી થઈ ગઈ. રોજ પેલા પોલીસમેન સાથે આંખો મળતી અને એક નિર્દોષ હાસ્ય સાથે જિંદગીનો એક અદ્ભુત અનુભવ સજીવન થઈ જતો.

જિંદગીની ઘણી ઘટનાઓ આપણને ઘણું બધું શીખવી જતી હોય છે. એવું પણ કહે છે કે જે વાર્યા ન વળે એ હાર્યા વળે છે. મતલબ કે કોઈની વાત ન માને તે ખરાબ અનુભવ પછી જ સમજે છે. ગુજરાતીમાં એક કહેવત છે, 'જે હૈયે ન સમજે એ કૈયે (કહીએ) શું સમજવાના?' હમણાં એક સરસ એસ.એમ.એસ. વાંચવા મળ્યો. વડીલોની વાત માનો, એટલા માટે નહીં કે એ સાચા હોય છે. એટલા માટે કે તેને સફળતા કરતાં નિષ્ફળતા અને ભૂલોના અનુભવ વધારે હોય છે!

***કૃષ્ણકાંત ઉનડકટ, પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*પ્રકૃતિ એ પરમાત્માનો આવિષ્કાર છે.*

# ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ

• બચુભાઈ હીરજી રાંભિયા •
ટ્રસ્ટી, ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ - અમદાવાદ

**ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ - અમદાવાદ**
૧૧૪૦, ગીતા ભવન, માંડવીની પોળ,
માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૬૫૪૪૭૫૫૦
E-mail : gitaben_rambhiya@yahoo.com
Website : www.gitabenrambhiyatrust.org

જય અહિંસા સાથે જણાવવાનું કે ગૌરક્ષક ગીતાબેન રાંભિયા અબોલ જીવોને ગેરકાયદેસર કતલખાને જતાં બચાવી અભયદાન અપાવવાનું કાર્ય કરતાં હતા. તેમણે તેમના જીવનકાળ દરમિયાન દોઢ લાખથી વધુ અબોલ જીવોને બચાવી અભયદાન અપાવેલ છે અને આજ કાર્ય કરતા તા. ૨૭-૦૮-૧૯૯૩ ના રોજ કસાઈઓ દ્વારા ક્રૂર હત્યા કરવામાં આવી.

ગૌરક્ષક ગીતાબેન રાંભિયાની શહીદી બાદ તેમની સ્મૃતિમાં ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા દ્વારા રખડતાં બીમાર તેમજ ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર આપવામાં આવે છે આ કાર્ય માટે આ સંસ્થા પાસે એક એમ્બ્યુલન્સ વાન પણ રાખવામાં આવેલ છે, તેમજ માનવસેવાના કાર્યો પણ કરવામાં આવે છે જેમાં બહારગામથી સારવાર અર્થે આવતા દર્દીઓને સારવારમાં પણ સહાયરૂપ બને છે.

આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૦,૦૦૦થી વધુ ઘવાયેલ બીમાર પશુ-પક્ષીની સારવાર કરવામાં આવેલ છે તેમજ કુલ ૪૫૦૦ થી વધુ દર્દીઓને સારવારમાં સહાયરૂપ બનેલ છે.

**ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ-અમદાવાદ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલ બીમાર પશુ-પક્ષીની સારવાર**

| | સમડી | કબૂતર | કાગડા | ચકલી | મોર | સાપ | ઘુવડ | ગીધ | કૂતરા | ગાય | વાંદરા | ટોટલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૫ | ૧૦૦૩ | ૧૮૮૭ | ૧૬૩૬ | ૩૫૨ | ૧૫૧ | ૩૬ | ૫ | ૭ | ૭૧૨ | ૨૦ | ૨૦ | ૫૮૨૯ |
| ૨૦૦૬ | ૧૦૫૨ | ૨૦૦૭ | ૮૭૩ | ૨૧૬ | ૧૯૨ | ૪૯ | ૭ | ૪ | ૫૮૭ | ૧૨૨ | ૧૮ | ૫૧૨૭ |
| ૨૦૦૭ | ૬૪૪ | ૧૨૭૬ | ૮૯૩ | ૧૦૫ | ૫૬ | ૬૮ | - | ૩૭ | ૪૩૨૫ | ૨૮૬ | ૨૨ | ૭૭૧૨ |
| ૨૦૦૮ | ૧૦૩૨ | ૧૨૨૨ | ૨૩૭ | ૩૪ | ૪૩ | ૧૬૦ | - | ૧૪ | ૩૪૭૩ | ૨૦૯ | ૨૧૮ | ૬૬૪૨ |
| ૨૦૦૯ | ૬૪૨ | ૧૩૫૯ | ૧૨૬ | ૬૦ | ૩૩ | ૧૬૬ | - | ૨ | ૩૬૦૯ | ૧૪૨ | ૩૪૪ | ૬૪૮૩ |
| ૨૦૧૦ | ૬૪૦ | ૧૩૭૦ | ૧૨૮ | ૨૦ | ૦૫ | ૧૭૬ | - | ૩ | ૩૪૦૬ | ૧૪૭ | ૩૫૯ | ૬૨૫૪ |
| ૨૦૧૧ | ૨૫૭ | ૧૪૮૦ | ૨૦૦ | ૧૫ | ૦૯ | ૧૮૦ | - | - | ૩૨૦૯ | ૧૫૯ | ૩૧૮ | ૫૮૨૭ |
| ૨૦૧૨ | ૩૮૩ | ૧૫૨૦ | ૧૮૦ | ૧૦ | ૦૮ | ૧૯૨ | ૨ | ૨ | ૩૫૦૧ | ૧૭૦ | ૨૧૯ | ૬૧૮૭ |
| **કુલ** | **૫૬૫૩** | **૧૨૧૨૧** | **૪૨૭૩** | **૮૧૨** | **૪૯૭** | **૧૦૨૭** | **૧૪** | **૬૯** | **૨૨૮૨૨** | **૧૨૫૫** | **૧૫૧૮** | **૫૦,૦૬૧** |

*૨૦૦૫ થી ૨૦૧૨ સુધીમાં કુલ ૫૦,૦૬૧ પશુ-પક્ષીની સારવાર કરેલ છે.*

## માતૃભાષા

જે યુવાનો એમ માનતા હોય કે અમારા વિચારો અમે સ્વભાષા દ્વારા બરાબર બહાર પાડી શકતા નથી તે યુવાનો માટે હું તો એટલું જ કહું કે તેઓ માતૃભૂમિને ભારરૂપ છે. માતૃભાષામાં અપૂર્ણતા હોય તે દૂર કરવાને બદલે તેનો અનાદર કરવો, તેનાથી મોં ફેરવી બેસવું એ કોઈપણ સુપુત્રને છાજતું ગણાય નહીં. હાલની પ્રજા જો પોતાની માતૃભાષા માટે બેદરકાર રહેશે તો ભાવિ પ્રજાના ઠપકામાંથી તેઓ કદી બચી શકશે નહીં.

છોકરાનાં માતા-પિતાએ પણ જમાનાના પૂરમાં તણાતાં જરા સાવધ રહેવું જોઈએ. અંગ્રેજી ભાષા આપણને જોઈએ છે, પણ તે આપણી સ્વભાષાનો નાશ કરવા માટે નહીં. આપણા જનસમાજની સુધારણા આપણી સ્વભાષા દ્વારા જ થશે. આપણા વ્યવહારની સરળતા અને ઉચ્ચતા એ પણ આપણી સ્વભાષા દ્વારા જ થશે. સ્વભાષાના વિશાળ જ્ઞાનની અપેક્ષા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા સૌએ રાખવી જોઈએ.

— *ગાંધીજી*

*સંગીત ધંધો નથી, એ આધ્યાત્મિકતા છે.*

# ૧૯૬૫ના યુદ્ધમાં કચ્છ પ્રત્યે ગુજરાત સરકારનું વલણ

● હરેશ ધોળકિયા ●

૧૯૬૫માં પાકિસ્તાને ભારત પર, ખાસ કરી કચ્છ પર, આક્રમણ કર્યું. ત્યારના દિવસો ખરેખર રોમાંચક હતા. સવાર પડે અને વિવિધ સમાચારો સાંભળવા મળે. ત્યારના તો સમાચારો જાણવા થનગનતા. આજે ત્યારનાં છાપાંઓની ફાઈલો વાંચવા મળે છે ત્યારે સ્મૃતિ રોમાંચિત થઈ ઊઠે છે.

સંરક્ષણ વિભાગ પોતાની કપરી કામગીરી બજાવતો હતો ત્યારે શાસકીય પક્ષે શું સ્થિતિ હતી? શાસન - વ્યવસ્થામાં બે વિભાગો આવે. સંરક્ષણની જવાબદારી કેન્દ્ર સરકારની હોય છે એટલે કેન્દ્ર સરકારના પ્રધાનો સંસદમાં શું માહિતી પૂરી પાડતા હતા અને કયાં પગલાં લેતા હતા તે જાણવું જોઈએ. સમાંતરે કચ્છ ગુજરાતનો પ્રદેશ હતો. તેથી આડકતરી રીતે ગુજરાત સરકાર પણ તેમાં જવાબદાર હતી. પરિણામે ગુજરાતની વિધાનસભા અને સરકાર તેમાં શું વિચારતાં હતાં તે પણ જાણવું રસપ્રદ બને છે.

ગુજરાત વિધાનસભાની કામગીરી પર નજર કરીએ.

ગુજરાત વિધાનસભાનો રેકર્ડ તપાસતાં ત્રણ વખતે આ બાબતે ચર્ચા થઈ દેખાય છે. પ્રથમ ચર્ચા ૨૨થી ૨૪ ફેબ્રુઆરી '૬૫ ના થઈ દેખાય છે. પછી ૩ અને ૫ મે ના તથા ત્રીજી ચર્ચા ૬ સપ્ટેમ્બરના દેખાય છે. ત્રણેનું વિશ્લેષણ કરીએ.

પ્રથમ ચર્ચા ૨૨ ફેબ્રુઆરી '૬૫ના થઈ દેખાય છે. ત્યારે રાજ્યપાલશ્રીના પ્રવચન પર વિધાનગૃહમાં ચર્ચા ચાલતી હતી. તેમાં ઘણા સભ્યોનાં પ્રવચન બાદ કચ્છના અબડાસાના ધારાસભ્ય શ્રી માધવસિંહજી જાડેજા પોતાના વિચારો વ્યક્ત કરવા ઊભા થયા. શરૂમાં તો રાજ્યપાલે ચર્ચેલ વિગતો પર પોતાના મંતવ્યો આપ્યાં, પણ પછી અચાનક તેમણે વિષય બદલાવ્યો અને મૂળ વાત પર આવ્યા. તેમણે કહ્યું, "આજે આ હાઉસની અંદર અમારા વિરોધ પક્ષના નેતા શ્રી ભાઈલાલભાઈએ કચ્છની બૉર્ડરની વાત કરી તેના પર હું ગંભીરતાપૂર્વક બોલવા માગું છું."

પછી તેમણે બૉર્ડર પર ચાલતી ના-પાક પ્રવૃત્તિઓની વાત કરી, જેમાં છાડબેટમાં કરીમશાહ આસપાસ બાવળ અને બેડિયાનો કબજો પરદેશીઓએ લઈ લીધો છે, ત્યાં હજારો ઘૂસણખોરો ઘૂસી આવ્યા છે અને પુષ્કળ જીપો દોડી રહી છે તેવું કહ્યું. કચ્છની સીમા પર સળવળાટ શરૂ થયો છે અને ત્યાં આગ લાગી છે કહી "તેના બળતા ભડકા હું કચ્છ સીમાડે જોઉં છું" ચેતવણી આપી.

એક ધારાસભ્ય બોલે, અને તે પણ સરહદી વિસ્તારના, ત્યારે તેને ગંભીરતાથી લેવાની સરકારની ફરજ બને છે. પણ ત્યારે તત્કાલીન ગૃહ મંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈનો પ્રતિભાવ કેવો રહ્યો?

તેમણે જાડેજાની વાત અડધેથી કાપી નાખી અને હાંસી કરતા હોય તેમ બોલ્યા, "આ તો વાર્તા જેવું લાગે છે."

જાડેજાએ તરત ભારપૂર્વક કહ્યું, "આ વાર્તા નથી. હકીકત છે. ઘૂસણખોરો કચ્છની ધરતીને ધમરોળી રહ્યા છે." તેમણે આ બાબતને ચલાવી ન લેવાની વિનંતી કરી.

ફરી ગૃહમંત્રીએ હળવાશથી "આ નાજુક પ્રશ્ન છે એટલે ખોટું વાતાવરણ ઊભું ન કરતાં નક્કર હકીકતો રજૂ" કરવા કહ્યું.

તરત માધવસિંહજીએ "આ કચ્છની જનતાનો સવાલ છે" કહી પોતાના અબાધિત અધિકારની વાત કરી અને પોતાને આ વાત "બળતા દિલે" કહેવી પડે છે તેમ કહ્યું. અધ્યક્ષે "સરકાર તેનો જવાબ આપશે" કહી રોકવા પ્રયાસ કર્યો, પણ જાડેજાએ પોતાની વાત કહેવાનું ચાલુ રાખ્યું અને ભારતીય સંસ્કૃતિ નાશ પામે છે તેની ચિંતા વ્યક્ત કરી. પોતે દેશના રક્ષણ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર છે તેની પણ ખાતરી આપી.

ગૃહમંત્રીએ "અત્યારે તેની જરૂર ઊભી નથી થઈ" કહીને અને અધ્યક્ષે "હમણાં બિલકુલ જરૂર નથી" કહી આ ગંભીર પ્રશ્નને ફરી હળવાશથી જ લીધો.

શ્રી જાડેજાએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો અને ગુજરાત બટાલીયન લશ્કરમાં ઊભી કરવા ભલામણ કરી.

ત્યાર પછીના ધારાસભ્યોને આ વાતની ગંભીરતા ધ્યાનમાં ન આવી અને તેમાં પ્રવચનોમાં તેનો ક્યાંય ઉલ્લેખ ન કર્યો. બીજે દિવસે, ૨૩ ફેબ્રુઆરીના, છેક સાંજે ચાર વાગે માંડવીના ધારાસભ્ય શ્રી હરિરામ કોઠારીએ ફરી આ મુદ્દાને ઉખેળ્યો અને ગૃહમંત્રીએ જે હળવાશથી તે વાતને લીધી હતી તેના પર ટકોર કરી. તેમણે આ બાબતે કયા પગલાં લેવાયાં છે તે જાણવાની માંગણી કરી.

પણ, ફરી શ્રી હિતેન્દ્ર દેસાઈએ પોતાની ફરજ પોતે સમજે છે, કહી વાત ઉડાવી દીધી. અધ્યક્ષે પણ એ વાતનું પુનરાવર્તન કર્યું. ત્યારે કોઠારીએ 'વાર્તા તરીકે આ વાતને હળવી રીતે લેવામાં આવે' તેની સામે કડક વાંધો લીધો. દેસાઈએ પોતાની વાતને પકડી રાખી. કોઠારી વિરોધો છતાં પોતાની વાતને વળગી રહ્યા. તેમણે સીધો આક્ષેપ કરતાં કહ્યું કે "કચ્છમાં વર્ષોથી આ પ્રવૃત્તિ ચાલી રહી છે અને તેમાં કૉંગ્રેસમેનો સંડોવાયેલા છે. પરિણામે કચ્છમાં ભય અને અસલામતીની લાગણી ઊભી થઈ છે.' પછી ઠપકો આપતાં બોલ્યા, 'એમ કહેવામાં આવે છે કે કંઈ નથી, આ વાત બરાબર નથી.' જો સરકારે એસ.આર.પી. કે મિલિટરી મોકલી હોય તો તેનાં કારણો જાણવાનો આગ્રહ રાખ્યો. ગૃહમંત્રીએ 'જવાબ આપીશ' કહ્યું. ત્યાં વાત અટકી.

ત્રીજે દિવસે, ૨૪ ના, સાંજે પાંચ વાગે, ગૃહમંત્રીએ જવાબ આપ્યો. તેમાં પ્રથમ તો વિરોધ પક્ષના નેતાએ "અતિશયોક્તિવાળાં વિધાનો કરી દેશ અને રાજ્યની સેવા નથી

*માતા-પિતા અને બાળકો વચ્ચે વાર્તાલાપ અને પરસ્પરની સમજણ એજ કૌટુંબિક સત્સંગ.*

કરી'' કહી ટીકા કરી. પછી તેમનાં બધાં વિધાનોને નકાર્યા. સરકાર ચાંપતી નજર રાખે છે તથા ભારતીય સરકારના સંપર્કમાં છે અને પડકાર ઝીલવા તૈયાર છે કહી વાત અટકાવી દીધી.

માધવસિંહજીએ ફરી 'પનચરીની જમીન તેમના કબજામાં છે કે?' તે પૂછતાં ગૃહમંત્રીએ ''પ્રશ્ન નાજુક છે'' કહી જવાબ ન આપ્યો.

સદ્‌ભાગ્યે ઈશ્વરભાઈ દેસાઈએ ગૃહમંત્રીને પડકાર્યા અને પ્રશ્નની ગંભીરતા સમજવા કહ્યું. ગૃહમંત્રીએ તેનો જવાબ ન આપ્યો. એટલું કહ્યું કે ''પરિસ્થિતિ સહેજ પણ ચિંતા ઉપજાવે તેવી નથી.'' પણ પછી વિચિત્ર વિધાન કર્યું કે ''મેં કહ્યું જ છે કે પરિસ્થિતિ ગમે ત્યારે બગડે. તે માટે આપણે તૈયાર રહેવું પડશે.''

તરત છબીલદાસ મહેતાએ પૂછ્યું કે સંરક્ષણની યોગ્ય તૈયારીઓ કરાઈ છે?

વિચિત્ર લાગે કે ગૃહમંત્રીના બદલે અધ્યક્ષે તેની હા પાડી.

રમણભાઈ પટેલે વળી ઉડાઉ જવાબ આપતાં કહ્યું કે ''આ આપણું કામ નથી.'' તેને અધ્યક્ષે ટેકો આપતાં કહ્યું કે તે કેન્દ્રની જવાબદારી છે. અને પછી વાત જ અટકાવી દીધી.

આ સમગ્ર કાર્યવાહીનું મૂલ્યાંકન કરવામાં આવે તો શું જોવા મળે છે?

ધારાસભ્ય માધવસિંહજી ખૂબ સજાગ રીતે પ્રશ્ન મૂકે છે. તેમના વક્તવ્યમાં લાગણી વધારે પડતી દેખાય છે એ વાત સાચી, પણ પ્રશ્નની ગંભીરતાને મૂકવામાં અને સરકારનું ધ્યાન ખેંચવાની મોટી સેવા બજાવી છે. કોઠારીનો તેમને મળેલ ટેકો પણ ધ્યાન ખેંચે છે. પણ બાકીના કચ્છના ધારાસભ્યો ચૂપ રહ્યા છે તે નવાઈ પમાડે છે. સમગ્ર કચ્છનો પ્રશ્ન વિરોધ પક્ષના ધારાસભ્ય ઉપાડે અને શાસક પક્ષના સભ્યો તેને ટેકો આપે તે વિચિત્ર લાગે!

વિરોધ પક્ષના પણ માત્ર ઈશ્વરભાઈ દેસાઈ અને છબીલદાસ મહેતાએ જ રસ લીધો. બાકીના ધારાસભ્યોનાં પ્રવચનોમાં ઉલ્લેખ પણ નથી. તેમને આ પ્રશ્નની ગંભીરતા નહીં સમજાઈ હોય?

અને ગૃહમંત્રી હિતેન્દ્ર દેસાઈની વર્તણૂક તો અણગમાજનક દેખાય છે. મુદ્દા પ્રત્યેની ઉપેક્ષા ગુસ્સો ચડાવે તેવી છે. ગંભીર બાબતને 'વાર્તા' જેવી કહી ધારાસભ્યનું આડકતરી રીતે અપમાન જ કર્યું. તેમણે પરિસ્થિતિની જરા પણ ચિંતા નથી કરી. તે ''ગમે ત્યારે બગડે'' કહેવાનો શું અર્થ? શું તે 'નાજુક મુદ્દા' ને નામે વિગતો છૂપાવતા હતા કે પોતાની બેદરકારી છૂપાવતા હતા? ગૃહમંત્રી તરીકેની તેમની વર્તણૂક હાસ્યાસ્પદ દેખાય છે.

અને અધ્યક્ષ તો સરકારને ટેકો આપતા હોય તેવું જ દેખાય છે. જે જવાબ ગૃહમંત્રીએ આપવો જોઈએ તે અધ્યક્ષ કેમ આપી શકે? અને ''કેન્દ્રની જવાબદારી છે'' કહી કેમ છટકી શકે?

પ્રથમ તબક્કે કચ્છના બે ધારાસભ્યોની જાગૃતિ ધ્યાન ખેંચે છે અને અભિનંદનીય બને છે. સામે પક્ષે સરકાર તથા બાકીના ધારાસભ્યોની કચ્છ તથા સરહદ પ્રત્યેની ગંભીરતા હોવાના બદલે ઉપેક્ષા જ દેખાય છે. તે તેમની મનોદશા દેખાડે છે!

વાત ત્યાં ન અટકી. બીજી ચર્ચાઓમાં તો આનાથી પણ ઊંચુંનીચું ધોરણ જોવા મળે છે ...

★

ત્રીજી મે '૬૫ ના વિધાનસભાની કામગીરી શરૂ થાય તે પહેલાં અધ્યક્ષ શ્રી ફતેહઅલી પાલેજવાલાએ સૂચન કર્યું કે પાકિસ્તાનના આક્રમણને કારણે જે ભારતીય સૈનિકો અને પોલીસના ૯ જવાનો શહીદ થયા, તેમને ભાવભીની અંજલિ આપવામાં આવે. અધ્યક્ષની સૂચનાને પરિણામે સમગ્ર ગૃહે બે મિનિટનું મૌન પાળ્યું હતું. (અલબત્ત, પછી વિધાનસભાના સભ્યોના પગાર અને ભથ્થાં વધારવાનો મુદ્દો હાથ લેવાયેલો. શહીદી યાદ રહી હશે?)

ફરી પાંચમી મે ના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાએ જવાનોએ જે લડત આપી તેની કદર કરતો અને શહીદોને અંજલિ આપતો પ્રસ્તાવ રજૂ કર્યો. અધ્યક્ષે તેના પર ચર્ચા શરૂ કરાવી, ત્યારે અલબત્ત, તેમણે ચેતવણી આપી કે ગંભીર પરિસ્થિતિને કારણે કશું વ્યર્થ ન બોલાય તે 'માનનીય' સભ્યોએ ધ્યાન રાખવું.

પ્રથમ, મુખ્યમંત્રીએ સરહદનો ઈતિહાસ વર્ણવ્યો. તેને આધારે સરકાર ક્યાં પગલાં વિચારે છે તે પણ લંબાણથી જણાવ્યું. તેમના પછી ગૃહમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈ સહિત શાસક પક્ષના અને વિરોધ પક્ષના મળી કુલ તેર ધારાસભ્યોએ પ્રસ્તાવને ટેકો આપ્યો. બધાં જ પ્રવચનો વાંચતાં કોઈ વિશિષ્ટતા નથી દેખાતી. બધાએ આછો ઈતિહાસ આપ્યો. પ્રજા તૈયાર છે તેવી ખાતરી આપી. પરિસ્થિતિ ગંભીર છે. તેવી ચિંતા (?) વ્યક્ત કરી. બધી કોમો વચ્ચે સંપ છે અને તેને જાળવવાનો છે તેવી ખાતરીવાળી આશા રજૂ કરી. ક્યાંય કોઈ નક્કર સૂચન, પ્રજાને તાલીમ આપવાની વાત - વગેરેનો ઉલ્લેખ નથી દેખાતો. હા, કચ્છના લોકોની વીરતાની પ્રશંસા કરાઈ છે !

પણ આ ચર્ચામાં યુદ્ધના સંદર્ભમાં જે આડવાત ચર્ચાઈ છે, ઉલ્લેખ થયો છે, તે ધ્યાનાકર્ષક છે. સ્વતંત્ર પક્ષના નેતા ભાઈલાલભાઈ પટેલે પાયાના પ્રશ્નોનો ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે ''(પાકિસ્તાનના ઝઘડા બાબતે) હવે આપણે સમજવું જોઈએ કે આ પ્રશ્ન તાત્કાલિક અને ટૂંકા સમયનો પ્રશ્ન નથી. આ કાયમનો પ્રશ્ન છે. આપણે કાયમને માટે તેની તૈયારી રાખવી પડશે.'' પછી સંરક્ષણ બાબતનાં સૂચનો કરી અગત્યની બાબત બોલ્યા કે, ''સરહદ પર જે લડાયક કોમ છે તેમનું લડાયક ખમીર વધે તેવી વ્યવસ્થા કરવી પડશે. તેમને હથિયારો આપવાં પડશે.'' પછી એક મહત્ત્વની વાત કરે છે, ''તેમને ઉદ્યોગો આપવા પડશે. ખાસ કરીને નર્મદા યોજના એટલા માટે જરૂરી છે કે નર્મદાનું પાણી સરહદ સુધી પહોંચી શકે તેમ છે. ... એટલે કે લડાયક કોમ માટે ખેતીની વ્યવસ્થા કરવી પડશે.'' રસ્તા અને મીઠાના ઉદ્યોગોના વિકાસ પર પણ તેમણે ભાર મૂક્યો.

તો, ભાઈલાલભાઈ કોન્ટ્રાક્ટરે પણ પ્રવચનમાં કહ્યું કે, ''શહીદોની શહાદતોને કાયમને માટે યાદ રાખવા આપણે કચ્છ અને

*સંત અને સત્યપ્રિય વ્યક્તિનું અપમાન કોઈને પણ ભારે પડી શકે છે.*

બનાસકાંઠા જે સરહદી વિસ્તારો છે તેમની જે-જે મુશ્કેલીઓ છે તે દૂર કરવા આપણે પ્રતિજ્ઞા લેવી પડશે.''

મનુભાઈ પાલખીવાળાએ કચ્છનું રણ અટકાવવા અને કચ્છના પાણીના પ્રશ્નો ''યુદ્ધના ધોરણે'' હલ કરવા માટે ''વહેલામાં વહેલી તકે'' પગલાં લેવા પર ભાર મૂક્યો. યુદ્ધને કારણે કચ્છની સમસ્યાઓ પર ધ્યાન ખેંચાયું એવું લાગે. આ સિવાય બીજાં સૂચનો આવાં રહ્યાં.

- મુખ્ય મંત્રીએ યુદ્ધ દરમિયાન ગમે તેવાં વિધાનો ન કરવા વિનંતી કરી.

- ભાઈલાલભાઈ પટેલે એસ.આર.પી. માં ગુજરાતી યુવાનો હતા તેનું ગૌરવ વ્યક્ત કર્યું.

- ભાઈલાલભાઈ કોન્ટ્રાક્ટરે કટોકટીનો કોઈ વ્યક્તિગત લાભ ન લે તેવી વિનંતી કરી.

- નરેન્દ્ર મોદી વારંવાર ''પાંચ કરોડ ગુજરાતીઓ'' બોલતા રહ્યા છે. ત્યારે બાબુભાઈ વૈદે પણ ''બે કરોડ ગુજરાતની જનતા'' નો ઉલ્લેખ કર્યો હતો જેને 'એક રાખવાની' હતી. તેમણે પોલીસતંત્રમાં પાયાના ફેરફારોની માગણી કરી હતી અને તેમને પ્રજાના મિત્ર બનાવવા પર ભાર મૂક્યો હતો.

- બ્રહ્મકુમાર ભટ્ટે સ્પષ્ટ કહ્યું કે, 'લોકો પાસેથી આપણે જે અપેક્ષા રાખતા હોઈએ, તે પ્રકારનું વર્તન પહેલાં આપણે કરવું જોઈએ. પ્રજાનો જુસ્સો જો ટકાવવા માગતા હોઈએ, તો આપણે જવાબદાર લોકોએ એવી રીતે વર્તવું, જેથી કરી કોઈ એમ ન કહે કે આજે નેતાઓ બીજી રીતે વર્તી રહ્યા છે.''

- મનુભાઈ પાલખીવાળાએ પક્ષો દ્વારા જે 'વિવાદાસ્પદ પ્રવૃત્તિઓ' હાથ ધરાઈ હોય તેને ખોરંભે પડાય કે બંધ કરાય એવી 'અપેક્ષા' વ્યક્ત કરી.

પ્રસ્તાવ દરમિયાન અન્ય ધારાસભ્યોએ કચ્છના પ્રશ્નોના ઉલ્લેખ કર્યો. ત્યારે કચ્છના ત્યારના ધારાસભ્યોએ શું કહ્યું તે જાણવાની સ્વભાવિક ઈચ્છા થાય. ત્યારે કચ્છના ત્રણ ધારાસભ્યો બોલ્યા છે. ભુજના શ્રી ગુલાબશંકર ધોળકિયા, માંડવીના શ્રી હરિરામ કોઠારી અને અબડાસાના શ્રી માધવસિંહ જાડેજા. અન્ય ધારાસભ્યો જ્યારે કચ્છની તકલીફોનો ઉલ્લેખ કરતા હતા અને દૂર કરવાની 'પ્રતિજ્ઞા' લેતા હતા. તેનો લાભ આ ત્રણે લીધો?

જવાબ સ્પષ્ટ 'ના' માં આવે છે. ત્રણેનાં પ્રવચનો વાંચતાં ભારોભાર નિરાશા ઊપજે છે. ગુલાબભાઈએ પાળિયાઓ અને ઝારાના સંગ્રામની 'ભવ્ય' કથા કહી. જવાનોના ત્યાગ અને બલિદાનને વખાણ્યાં. કચ્છની જનતાની વીરતા અને ત્યાગનાં પણ વખાણ કર્યા. બસ! ન કોઈ તકલીફની વાત, સરકાર પાસે ન કોઈ માગણી, ન કોઈ દબાણ!

હરિરામ કોઠારીએ પણ આક્રમણનો ઈતિહાસ કહ્યો. સરકારને સૂચન કરવાના બદલે કચ્છની પ્રજાને સલાહ આપી કે ''જિલ્લાની જનતાની પ્રાથમિક ફરજ થઈ પડી છે કે તેણે આ આક્રમણ સામે પોતાનો જુસ્સો ટકાવવો અને ખમીર બતાવવું.'' તેના ટેકામાં ભૂતકાળનાં 'ખમીરો' ની ગાથા ગાઈ. અને સરકારને ખાતરી આપી કે કચ્છની પ્રજા ફના થવા તૈયાર છે! બસ! સરકારે કચ્છના વિકાસ માટે, તે તબક્કે, શું કરવું જોઈએ તેનું કોઈ સૂચન નહીં! માત્ર ભૂતકાળનાં ગાણાં અને ખમીરની વાત!!

તો માધવસિંહ જાડેજાએ શું કહ્યું? તેમણે જ આ પ્રશ્ન બાબતે સરકારને જાગૃત કરી હતી. મોટો ફાળો હતો તેમનો. તો આ જ તબક્કે તેમણે સરકાર પાસે કંઈ માગ્યું? ના રે, ઊલટું, કહ્યું કે જો પાકિસ્તાન હુમલો કરશે (થઈ ગયો હતો!) તો કચ્છના ચાલીસ હજાર રજપૂતો ઘર-ગલી-શેરીમાં યુદ્ધ કરશે. (કરવાનું સરહદ પર હતું!) બીજાં વિશ્વયુદ્ધમાં મોસ્કોમાં લડ્યા હતા તેમ! તે માટે કચ્છના લોકોને હથિયાર આપવાની માગણી કરી ખરી.

ત્રણે પ્રવચનો કેવળ ભૂતકાળનાં ગાણાં, મિથ્યા અભિમાનની વાતો. કચ્છને શું જોઈએ છીએ, તેનો કેવો વિકાસ થવો જોઈએ, પાણી-ઉદ્યોગો-રસ્તાના પ્રશ્નો... કશાની વાત નહીં. બસ, સરકારને ટેકો આપી દીધો. અત્યંત લાંબાં પ્રવચનો કર્યાં, પણ પરિણામ? શૂન્ય! ભાઈલાલભાઈ પટેલને કચ્છને નર્મદા મળે તેની ચિંતા છે, પણ કચ્છના ધારાસભ્યોને આ ચિંતા હોય તેવું નથી લાગતું. જેમણે કચ્છને સગવડો આપવાની વાતો કરી તેમને ટેકો આપવાની વાત પણ તેમનાં પ્રવચનોમાં નથી દેખાતી. કચ્છ સતત પછાત કેમ રહ્યું - તેનાં મૂળિયાં અહીં દેખાય છે.

મુખ્યમંત્રી અને ગૃહમંત્રીનાં પ્રવચનોમાં પણ ત્યાગ અને બલિદાનની અદ્‌ભુત વાતો છે, પણ કચ્છને વિકાસની જરૂર છે અને યુદ્ધના ટાંકણે ન્યૂનતમ વિકાસ કરવામાં સરકાર કેટલી મદદ કરશે તેનો લીટીમાં પણ ઉલ્લેખ નથી. નર્મદા-રસ્તા બાબતે ખોટું વચન પણ નથી આપ્યું. કેવળ કચ્છની ઉપેક્ષા દેખાય છે. કચ્છ પર આક્રમણ થયું છે માટે કચ્છ પર બોલવું પડે છે, પણ તેમાં પણ કેવળ આક્રમણનાં તથ્યો અને પ્રજાએ જ ત્યાગ કરવો અને ખમીર બતાવવુંનાં ગાણાં છે. સરકાર શું કરશે તે બાબતે ક્રૂર મૌન!!

કેવળ લાંબાં, મિથ્યા ભાષણો!

યુદ્ધનો આવો બીજો ઉલ્લેખ ફરી ૬ સપ્ટેમ્બર, '૬૫ ના દેખાય છે. ત્યારે ગૃહમંત્રી હિતેન્દ્ર દેસાઈએ યુદ્ધ બાબતે નિવેદન કર્યું છે, જેના વિશે થોડી ચર્ચા દેખાય છે.

ગૃહમંત્રીનું નિવેદન અભ્યાસ કરવા જેવું છે. ''નાજુક અને ગંભીર પરિસ્થિતિ છે. લશ્કરના જવાનોએ હિંમતથી કામ કરી માતૃભૂમિની શાન વધારી છે.''

પછી કહે, ''આવે વખતે બીજા પ્રશ્નો ભૂલી જઈ એકી અવાજે તેને પહોંચી વળવા શક્તિમાન થઈએ તે જરૂરત છે. લશ્કર પાછળ ઊભીએ.'' સરકારી વ્યક્તિ, અને પાછા ગૃહમંત્રી. તે ''શક્તિમાન થઈએ'' કહે તે હાસ્યાસ્પદ ન લાગે? શક્તિ તો માત્ર તેમની પાસે જ હતી!

આ ચર્ચામાં જે સભ્યો બોલ્યા તેઓ ફરી એ જ વાતો બોલ્યા. ચર્ચિલ અને ચેમ્બરલેઈનના દાખલા આપી વીરતા પ્રગટાવવાનો પ્રયાસ કર્યો. ત્યારે પણ વચ્ચે વચ્ચે મૂળ બાબતો પ્રગટતી રહી કે -

★ વેપારીઓએ કાળાં બજાર ન કરવાં. (કોન્ટ્રાક્ટર)

★ ભારત મહેલોમાં પાછું પડ્યું છે,

*જે આળસુ છે તેમના માટે જ ઈશ્વરે આવતીકાલનું નિર્માણ કર્યું છે.*

મેદાનોમાં કદી નથી પડ્યું. (મનોહરસિંહ જાડેજા)

★ ૧૫૪ જણાએ સાથે ચાલવાનું છે. (ચંદ્રશંકર ભટ્ટ)

★ બીજી કોઈ ફરિયાદો સાંભળવાનો સમય નથી. માત્ર આઝાદી જાળવવાની છે. (ચં. ભટ્ટ)

★ આપણી એકતા ઈશ્વર જાળવી રાખે અને આઝાદી ટકાવવા ઈશ્વર શક્તિ આપે. (મદીના નાગોરી)

★ પ્રજા પ્રેરણા લેશે...

માત્ર ઈશ્વરભાઈ દેસાઈએ ચેતવણી આપી કે, "પ્રજાના પેટમાં ભૂખનો દેવતા પડ્યો છે. બહુ અશાંતિ પેદા કરે તેવો આ પ્રશ્ન છે. એ આપણી નબળી કહી છે. તેનો ઉકેલ કરવા યુદ્ધના ધોરણે કટિબદ્ધ થવાનું છે."

વીરૂમલ તારાચંદાણીને વળી જ્યાંથી હુમલો થયો તે પાકનો ધરપાડ જિલ્લો યાદ આવે છે. તે ઇચ્છે છે કે 'ભગવાન' યુદ્ધ દ્વારા તેમનો જિલ્લો પાછો આપે, જ્યાં જઈ તે સુખેથી રહે.

- ગુલાબશંકર ધોળકિયાએ ફરી કહ્યું કે કચ્છ જ્યારથી ભારતમાં ભળ્યું, ત્યારથી પોતાને સીમાના સરહદી ચોકિયાત તરીકે માને છે. આજે પણ તેને જે કંઈ ફરજ બજાવવાની આવશે, ફરજ પૂરી કરવા માટે પાછળ રહેશે નહીં...ન કોઈ કચ્છ બાબતે માગણી, ન તકલીફોના ઉકેલની વાત! પરિણામે ગૃહમંત્રી રાજી રાજી થઈ ગયા. તેમણે પોતાના ઠરાવને ગુજરાતની પ્રજાનો અડગ નિર્ધાર કહ્યો. દૃઢ અને જડબાતોડ જવાબની પ્રતિજ્ઞા લીધી. અલબત્ત, આ પ્રતિજ્ઞા પૂરી કરવાની શક્તિ પાછી ઈશ્વર પાસે માગી !

ત્રણે સમયની વિધાનસભાની કાર્યવાહી વાંચ્યા પછી શું વિચાર આવે?

પોલીસ તથા લશ્કરના જવાનો જાન કુરબાન કરતા હતા - સરહદ સાચવવા. ત્યારે કેન્દ્ર સરકારનું વલણ પાકિસ્તાન પ્રત્યે અતિ નરમ હતું. તેને પોતાની અહિંસાની અને બિનઆક્રમણકારની છબી સાચવવી હતી. તો ગુજરાતમાં ધારાસભ્યો કાવ્યાત્મક અને તીખા તમતમતા શબ્દોનો ઉપયોગ કરી પ્રવચનો આપતા રહ્યા. ન લશ્કરના જવાનની સગવડોની ખાતરી, ન તેમનાં કુટુંબીજનોની ચિંતા કે ન જનતાની ચિંતા! બસ, જનતાએ જ જાગૃત રહેવાનું અને જનતાએ જ ફના થવાનું! બધું જનતાએ કરવાનું. તેમણે કંઈ નહીં. તેમણે પગાર અને ભથ્થાંની ચિંતા કરવાની!

*ન્યુ મિન્ટ રોડ, ભુજ,*
*કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## ધારાવી ઝુંપડપટ્ટીનો પ્રવાસ

**(અનુ. : પાના નં.-૧૪૬ ઉપરથી ચાલુ)**

લોકલ હોઈ વ્યવસ્થિત ટુર ઑપરેટ કરી શકીએ; ધારાવીની એક ઝુંપડપટ્ટી તરીકેની લોકોની ગેરસમજ પણ દૂર કરી શકશું અને માનભેર કમાવી પણ શકશું. ટુરિઝમ એક સર્વિસ ઇન્ડસ્ટ્રી છે. પ્રવાસી રાજી થશે તો બીજાને પણ મોકલશે. ઉપરાંત આપણા ધારાવીમાં એવા કેટલાય યુવાનો છે જે કૉલેજના ખર્ચને પહોંચી વળવા નોકરી પણ કરે છે અને પછી સમય ન સચવાતા કોલેજ અધવચ્ચે જ છોડી દે છે. ભવિષ્યમાં કામ વધશે તો આવા યુવાનોને પણ આપણા વ્યવસાયમાં જોડી મદદરૂપ થઈ શકશું". આ વિચાર ઘૂંટાયો. અને ૨૦૧૦માં ધારાવીના આ બે કોલેજિયનોએ ટ્રાવેલ એજન્સી શરૂ કરી. નામ આપ્યું, 'બી ધ લોકલ'! સ્થાનિક હોવાનો ગર્વ આ નામમાંથી ભારોભાર નીતરે છે. વેબસાઈટ માધ્યમે પ્રવાસીઓ આકર્ષ્યા. કૉલેજના સમય અનુસાર ફહીમ અને તૌસિફે પોતાના વારા ગોઠવી લીધા. પ્રવાસીલક્ષી પ્રેમાળ અભિગમ અપનાવી ધાર્યા ફળ મેળવ્યા. ધારાવી પછી મુંબઈ દર્શન પણ તમે જ કરાવો એવો આગ્રહ પ્રવાસીઓ કરવા લાગ્યા. પ્રવાસનની ગાડી પાટે ચડી દોડવા લાગી. આજે એમની સ્વતંત્ર ઑફિસ છે અને બીજા ચાર વિદ્યાર્થી મિત્રોને પણ સાથે જોડ્યા છે. ઝીશાન આગળ જતાં કૉમર્સની માસ્ટર ડિગ્રી મેળવી મરીન વ્યવસાયમાં અથવા પોલીસ ઑફિસર બનવા માગે છે. ઇર્શાદ કૉમર્સ ગ્રેજ્યુએશન સાથે બોક્ષર બનવા માગે છે. ફૈઝાન વિદેશમાં ફાર્માસિસ્ટની ડિગ્રી મેળવી ધારાવીમાં જ ફાર્મસી ખોલવા ધારે છે. સલમાન ઇન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે આગળ વધી રહ્યો છે. પણ આ બધા યુવાનો 'બી ધ લોકલ' માટે આજીવન કટિબદ્ધ છે.

કામણગારા કચ્છના વિદ્યાર્થીઓ, યુવાનો તમે પણ આ દિશામાં વિચારો, ક્રાફ્ટ, લોકસંગીત, પક્ષીનિરીક્ષણ, ગ્રામીણ સંસ્કૃતિ, સ્થાપત્ય, ટ્રેકિંગ, પર્યાવરણ, ઑર્ગેનિક ફાર્મિંગ ઇત્યાદિ પૈકી તમને ગમતા વિષયના પ્રવાસન ગાઈડ બની જ્ઞાન, માન અને દામ કમાઓ. તક તમારે આંગણે આવીને ઉભી છે.

*માર્ગદર્શન માટે સંપર્ક :*
*હરીશ - ૯૮૨૫૫૫૩૩૨૬.*

***લાલ રાંભિયા (મો. ૯૫૩૭૦ ૪૦૬૨૩)***

## કરુણાલય કેન્સર પેલિએટીવ કેર સેન્ટર

ગુજરાતમાં કેન્સરના દર્દીઓને નિઃશુલ્ક પ્રાથમિક સારવાર આપતું ખાનગી ક્ષેત્રનું પહેલ વહેલું ૧૦ ખાટલાનું કેન્દ્ર અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવેલ છે. કરુણાલય કેન્સર પેલિએટીવ કેર સેન્ટરમાં દર્દીને દવા, રહેવાનું, ભોજન વ્યવસ્થા સાથે એક સગાને પણ નિઃશુલ્ક રહેવાનું અને ભોજન આપવામાં આવે છે. દર્દીની સંપૂર્ણ સારવાર નિઃશુલ્ક કરવામાં આવે છે. તેમજ દવાઓ પણ હોસ્પિટલમાં જ આપવામાં આવે છે. આમ, આ કેન્દ્ર ખાસ કરીને ગરીબવર્ગને લાભ થાય તે હેતુસર જરૂરિયાતમંદો માટે ચલાવાઈ રહ્યું છે, જે ગરીબવર્ગના કેન્સરના દર્દીઓ માટે સારવાર માટેનું આશાનું કિરણ બની રહેશે.

**શ્યામ ઑન્કોલોજી ફાઉન્ડેશન**
ફોન : (૦૭૯) ૬૫૨૪૪૦૦૧
ઈ-મેઈલ : info@shyamfoundation.com

***સાભાર : "ભૂમિપુત્ર"***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*અન્યની નિંદા-ટીકા કરનાર પોતાના આત્માને નિરર્થક પાપથી બાંધે છે.*

# તાર લુણાઈ તથા સિંધના લૂંટારાઓની હાર

• નરેશ અંતાણી •

આ કટારના છેલ્લા મણકામાં ઓખાના ચાંચિયાઓથી વહાણોના રક્ષણ માટે ઓખા બેટ પાસે કચ્છી ગઢ કિલ્લો બનાવાયો તથા રાયમાઓના રક્ષણ માટે સિંધમાં રાયમા બજારના કિલ્લાનું પણ નિર્માણ કરાયું હોવાની વિગતો મેળવી. આજ રીતે રાઓ દેશળજીના સમયમાં ઘર આંગણે લૂંટારાઓથી કેવી રીતે બચાવ કરાયો તેની પણ વિગતો રસપ્રદ હોઈ અહીં રજૂ કરી છે.

મહારાઓ દેશળજીનો જન્મ સં. ૧૮૭૨ના ભાદરવા સુદ ૫ નો હતો. એ સમયે રાઓ ભારમલજીને બંદી બનાવાયા હતા. સં. ૧૮૭૫ના ચૈત્ર સુદ ૧૩ના તેમને રાજ્ય આપવામાં આવ્યું. પણ તેમની બાલ્યાવસ્થા હોવાથી છ સભ્યોની એક સમિતિની રચના કરી કચ્છ રાજ્યનો વહીવટ ચલાવવામાં આવતો હતો. આ સમિતિમાં સુમરી રોહાના જાડેજા વજેરાજજી, નાગરેચાના જાડેજા પ્રથીરાજજી, રાજગોર ઓધવજી હરભાઈ, મેતા લક્ષ્મીદાસ વલ્લભજી, ખત્રી રતનજી જેઠાણી ઉપરાંત બ્રિટિશ સરકારના એક અમલદાર હતા. આવી જ રીતે કચ્છનો વહીવટ ચાલતો હતો અને શાંતિનો સમય હતો. પરંતુ એ સમયે એક ભયંકર ધરતીકંપ થયો કે જેથી કેટલાંક ઘરો જમીનદોસ્ત થઈ ગયાં, અને તેમાં કેટલાય માણસો તથા જાનવરોનો નાશ થયો. રણ, બન્ની અને પચ્છમના ટાપુમાં જે સૂકી જમીન હતી ત્યાં પાણી પાણી થઈ ગયું. નદીઓમાં પાણી સૂકાઈ ગયા હતા. કૂવાઓ મીઠા હતા તે ખારા થયા અને ખારા હતા તે મીઠા થયા અને રણના પશ્ચિમ ભાગમાં એક ઊંચો ટેકરો થઈ ગયો કે જેથી કચ્છમાં સિંધુ નદીનું પાણી આવતું અટક્યું. જે પાછળથી અલ્લાહ બંધ તરીકે જાણીતો થયો. ધીણોધરના જોગીઓએ કરેલા વર્ણન મુજબ તે વખતે ડુંગરમાંથી જવાળા નીકળતી હતી.

રાઓ ભારમલજી બંદીવાન હતા. આ વિષયમાં તેમના બેન કેશરબાને શક હતો કે આ કામ મેતા લક્ષ્મીદાસ તથા કેટલાક ભાયાતોનું છે. માટે તેઓને સજા કરી રાઓને સિંધ તરફ લઈ જવા ષડયંત્ર રચ્યું પરંતુ તે વાત ખુલ્લી પડી જવાથી કાંઈ બન્યું નહિ.

સં. ૧૮૭૯ ના આસો સુદ-૨ ને સરકારે રૂપિયા અઠ્યાસી હજારમાં અંજાર પરગણું રાઓને સ્વતંત્ર તાબે કીધું તથા ભુજિયાનો કિલ્લો પણ દરબારને સોંપવાનો ઠરાવ થયો. એ પણ એવી શરતે કે કેમ્પ હાલ છે ત્યાંથી ઉઠાવી ભુજના ઉત્તર ભાગમાં ખાવડા રોડ તરફ લઈ જવો પણ તે જમીન રાજગોર બ્રાહ્મણોની હોવાથી તે શક્ય બન્યું નહીં માટે છાવણી હાલ છે ત્યાંજ રાખવામાં આવી અને ભુજિયાનો કિલ્લો પણ સરકારના હાથમાં રહ્યો.

થોડો સમય શાંતિથી રાજ કારભાર ચાલ્યા પછી સં. ૧૮૮૧, ઈ.સ. ૧૮૨૫ ની શરૂઆતમાં કચ્છ ઉપર વળી એક વાદળ આવ્યું. અંગ્રેજી દેશી એજન્ટ જે હૈદ્રાબાદની કોર્ટમાં હતો, લાંબા સમયથી તેના કોઈ સગડ મળતા ન હોવાથી અનેક શંકા કુશંકા અને અફવા ફેલાવા માંડી હતી. ખાનગી ખબરોથી જાણ થઈ કે સિંધના અમીરોમાં તકરાર થઈ છે અને લુંટારાઓની ટોળી જે કચ્છની પ્રજાને પરેશાન કરતી હતી તેને આ એજન્ટ તરફથી હૈદ્રાબાદથી મદદ અપાતી હતી. આ જ સમયમાં વાગડ અને ઝાલાવાડમાં પારકરના લૂંટારાઓનો ઉપદ્રવ પણ ખૂબ જ હતો. તેનાથી રક્ષણ માટે વાગડમાં એક ટુકડી રાખવામાં આવી હતી. તેનો મોટો ભાગ ભુજ બોલાવી લેવામાં આવ્યો. રાયમા બજારની પડોશનું રણ ઓળંગી ૩૦૦૦ લૂંટારાઓની એક ટોળી ભુજથી ૧૮ માઈલ ઉપર હબા ડુંગર ઉપર એકઠી થઈ. આ ટોળીમાં મિયાણા, કોળી તથા બીજા કેટલાક લોકો દુકાળને વખતે કચ્છમાંથી ગયા હતા તે તથા સિંધીઓ પ્રખ્યાત કચ્છી લૂંટારા તાર લુણાઈની સરદારી તળે હતા. તેમણે ૮૦૦ માણસો અંજાર ઉપર મોકલ્યા અને ત્યાંની બજાર લૂંટવા માંડી. તરતજ ભુજથી લશ્કર મોકલવામાં આવ્યું તે સાથેની ઝપાઝપીમાં અંજારવાળા ૮૦૦ માણસનો મુખી માર્યો ગયો અને હબાયવાળા પણ શિકસ્ત ખાઈ નાસી ગયા. જો કે કચ્છ રાજ્યને આ લૂંટારાઓથી એક લાખ રૂપિયાનું નુકસાન થયુ અને એક લાખ બચાવ કાર્યમાં ગયેલાં લોકોમાંથી મરી ગયેલાના વારસોને પેન્શન આપવામાં તથા ઘાયલોની સારવાર પાછળ ખર્ચાયા. આમ, ફરી એકવાર શાંતિની સ્થાપના કરી શકાઈ. થોડા વખત પછી વળી સમાચાર મળ્યા કે લૂંટારાઓ સિંધમાં ફરી એકઠા થાય છે અને કચ્છ રાજ્યને જીતી લેવા કારસો રચાય છે. તાર લુણાઈનો મીર અલીમુરાદ ઉપર લખેલો કાગળ સરકારી નેટીવ એજન્ટ હૈદ્રાબાદમાં હતો તેના હાથમાં આવ્યો. તેમાં લખ્યું હતું કે "૪-૫ દિવસમાં મોટી ફતેહ મેળવી ફિરંગીઓને હાંકી કાઢશું એવી આશા છે." આનો એક અર્થ એવો પણ કરી શકાય કે આ લૂંટારાઓની લડાઈ કચ્છ રાજ્ય સામે નહીં પણ બ્રિટિશરો સામે જ હતી. સિંધના અમીરો એમ માનતા હતા કે બર્માની લડાઈથી અંગ્રેજો નબળા પડ્યા છે આથી કચ્છમાં રહેલા સરકારના લશ્કર પર હૂમલો કરવાની તેઓની ગણતરી હતી. આ સમયે રોહાના જાડેજા વીજેરાજજી અને બીજા એક બે જાડેજા પણ અમીરો સાથે મળી ગયા હતા. સિંધના અમીરોની આ તૈયારી જોઈ બ્રિટિશ સરકારે પોતાનું કચ્છ ખાતેનું લશ્કર વધારી છ હજાર હથિયારબંધ માણસો તૈયાર રાખ્યાં. આટલી સામસામી તૈયારી પછી કશું થયું હોવાની નોંધ મળતી નથી. આ પછી કચ્છનો ઈતિહાસ તપાસતાં એ સમયે પુનઃ શાંતિ સ્થપાઈ હતી.

આ અરસામાં રાઓ ભારમલજી ઉપર જે સખ્ની રહેતી તે થોડે થોડે દૂર કરાઈ અને મુંબઈના ગવર્નર જહોન માલકમ ભુજમાં આવ્યા ત્યારે રાઓને છૂટા કરવામાં આવ્યા અને રાઓ દેશળજી પરણ્યા ત્યારે ખુલ્લા ફરતાં હોવાની નોંધ કચ્છના ઈતિહાસના પાને નોંધ જોવા મળે છે. આ પછી તેમણે કોઈ મોટી હરકત ન કરતાં મહેલમાં પોતાના કુંવર સાથે જ રહેવા પરવાનગી અપાઈ હતી. ઈ.સ. ૧૮૪૬માં રાઓ ભારમલજી સ્વર્ગવાસી થયા.

*'ભૂમા નિકેતન' ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# ખાનદાની

**કચ્છી રસધાર : મણકો - ૮**

• દુલેરાય કારાણી •

કચ્છ ભુજના દરબારગઢના નગારખાનામાં ચોઘડિયાં ગડગડી રહ્યાં હતાં. નૂતન વર્ષના નવલ પ્રભાતે કચ્છના રાજવી દેશળજી બાવાનો રાજમહેલ વિવિધ શણગારથી શોભી રહ્યો હતો. રાજના હજૂરી અને કામદારો કચ્છી ભેઠ અને પેચદાર કચ્છી પાઘડીમાં આમ તેમ આંટા મારી રહ્યા હતા. અધિકારીઓ અને પ્રજાજનોનો રાજમહેલમાં આજે એકસામટો ધસારો લાગી રહ્યો હતો. આજે નવા વરસના નવલા દિવસે લોકોનો ઉલ્લાસ મા'તો ન હતો. કચ્છની પ્રજાના કચ્છી પોશાકમાં આજે કંઈ અજબ જેવી છટા આવી ગઈ હતી.

કચ્છપતિ રાઓશ્રી દેશળજી દરબારગઢના સભાખંડમાં મોટી સભા સાથે બિરાજમાન હતા. દેશળ દરબારનાં પ્રખ્યાત એવા ચૌદ રત્નો પણ રાજકચેરીમાં હાજર હતા. આ ચૌદ રત્નોને કવિએ એક જ છપ્પયમાં વણી લીધા છે —

***મોતી, મેર અરૂ ખંત, ફતુ ઔર અખબરઅલી***
***રુદ્ર, ચંદ્ર, ગોવિંદ, ઉનંડ કવિ, કૈશવ કલ્લી,***
***કાન ઔર ખેંગાર, વાલ અરૂ લાલા છલ્લી,***
***જુગ મયંક સમ અંક, રત્ન નર મહા, પ્રબલ્લી,***
***જ્યોં ધારા પતિ ભોજ, લસત બસત બલ બુદ્ધિ યુત,***
***ત્યોં ઈત રાજ રાજેન્દ્ર, રાઓ દેશલ કચ્છ પત.***

આ ચૌદ રત્નોમાં પહેલા અંજારના ગોરજી મોતીચંદજી, બીજા ગોરજી માણેકમેરજી, ત્રીજા માંડવીના ખાંતિવિજયજી ઊર્ફે બોડા ગુરજી, ચોથા જમાદાર ફતુ મલેક, પાંચમો અબડાસાના ડુમરા ગામનો અતિ પ્રખ્યાત એવો અલી ચોર, છટ્ઠા ગુંદિયાળીના જ્યોતિષશાસ્ત્રી હરજી પંડ્યા, સાતમા નાગ્રેચાના જાડેજા ચાંદાજી, આઠમો ગોધરા ગામનો મહાન મશ્કરો ગોવિંદો જોશી, નવમા ખાખરના જાડેજા કવિ ઉન્નડજી, દશમા ભિટારાના રાજગોર કવિ કેશવ, અગિયારમા કાનમેર ગામના કાના બારોટ, બારમા રોહાના જાડેજા ખેંગારજી, તેરમો વાલો ખવાસ અને ચૌદમો અંજારનો સારસ્વત લાલો મહારાજ જે લાલા ઠગના નામે પ્રખ્યાત હતો.

ધારાનગરીના ભોજરાજાનો રાજદરબાર જેમ ચૌદ રત્નો વડે દીપતો હતો તેમ ભુજ નગરીનો દેશળ દરબાર પણ ચૌદ રત્નો વડે શોભી રહ્યો હતો.

શંકરના દરબારમાં જેમ સિંહ, હાથી, ઉંદર અને ભૂતગણને પણ સ્થાન હતું તેમ દેશળ દરબારમાં યતિઓ, વેદો, શાસ્ત્રીઓ, કવિઓ, ભાયાતો સાથે ચોર અને ઠગને પણ સ્થાન હતું. આમ દેશળજી બાવાએ બસો વરસ પહેલા કચ્છમાં સાચા સમાજવાદની સ્થાપના કરી હતી.

આજે નૂતન વર્ષના આનંદનો દિવસ હોવાથી ચોપદારો નેકી પોકારી રહ્યા હતા. મહારાઓશ્રી એક પછી એક અમલદારો અને પ્રજાજનોની સલામી લઈ રહ્યા હતા. છડીદારો સલામી આપનારનાં નામ પોકારી પોકારીને તેમના તરફ મહારાઓશ્રીનું ધ્યાન દોરી રહ્યા હતા.

એટલામાં કચ્છ માંડવીના શેઠ માણેકચંદ શાહના પુત્ર માવજી શેઠનો વારો આવ્યો. માંડવી બંદરનો ઈજારો હમણાં માણેકચંદ શેઠ પાસે હતો. માણેકચંદ શેઠ પર બાવાને અત્યંત પ્રેમ હતો. બાવા જ્યારે જ્યારે માંડવી પધારે ત્યારે માણેકચંદ શેઠના ઘરની મહેમાની સ્વીકાર્યા વિના જાય જ નહિ. કચ્છના ગુર્જર વાણિયાના ઘરની રસોઈની વિધવિધ ભોજન સામગ્રીનો આસ્વાદ લેવાનો બાવાને ખૂબ શોખ હતો. માણેકચંદ શેઠ પણ બાવાના આ શોખને સાર્થક કરવા વણિક કુટુંબના પાકશાસ્ત્રની પ્રવીણતાની તમામ કળાઓ અજમાવવાનું ચૂકતા નહિ. આ શેઠના ઘરની વાનીઓનો સ્વાદ બાવા ભૂલતા નહિ.

આ વરસે માંડવી બંદરના ઈજારાની આવક ઘણી વધી ગયેલી હોવાથી માણેકચંદ શેઠે બાવાને નવા વરસનું નજરાણું કરવા પોતાના પુત્ર માવજી શેઠને ખાસ ભુજ મોકલાવ્યો હતો.

સલામીનો વારો હવે માવજી શેઠનો આવ્યો. માવજી શેઠ સલામી માટે ઊભા થતાં જ ચોપદાર પોકારી ઊઠ્યો : "માવજી શેઠ કી સલામ પે નિગાહ રખ્ખો મહેરબા.....ન સલામત!"

માવજી શેઠે નમીનમીને બાવાને ત્રણ વાર સલામ કરી. પછી પિતાએ મોકલાવેલ નજરાણાની બે જંગબારી મોટી છાબો બાવાનાં ચરણો પાસે રજૂ કરી. બંને છાબ ઊંચી કિસમના માંડવીની બનાવટના રેશમના તાકાઓથી છલોછલ ભરેલી હતી. બાવાએ છાબ પરનો રૂમાલ ખસેડી, રેશમના તાકા ઉપાડી નજરાણાનું નિરીક્ષણ કરવા માંડ્યું. રેશમના તાકા નીચે સોનાની કોરીઓનો ઢગલો દેખાઈ રહ્યો.

રેશમના તાકા નીચે પડેલી સોનાની કોરીઓ જોઈને બાવાને નવાઈ લાગી. એ જ વખતે બાવાના મુખમાંથી ઉદ્‌ગાર બહાર આવ્યા :

"અરે માવજી, હી કુરો? હી તાં નજરાણું આય કે ખજાનું આય?" (અરે માવજી, આ શું? આ તે નજરાણું છે કે ખજાનો છે?)

"બાવા! મોટા શેઠે કહ્યું કે આ સાલે માંડવીના ઈજારામાં બાવાને પ્રતાપે ખૂબ જ લાભ થયો છે એટલે બાવાને નવા વરસે સારું નજરાણું કરવું જોઈએ." માવજી શેઠે બાવાના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪૯ ઉપર)

*કોઈની તમારી ઉપર નજર ના હોય ત્યારે જ પૂરેપૂરી નિષ્ઠાથી કાર્ય કરવું એનું નામ ક્વોલિટી.*

# ધારાવી ઝુંપડપટ્ટીનો રસપ્રદ, પ્રેરણાદાયી પ્રવાસ

• લાલ રાંભિયા •

વાંદરા ટર્મિનસથી સાયન તરફ જઈ રહ્યો હતો. ધારાવી આગળ ટ્રાફિક જામમાં ફસાયો. "પૂરા મુંબઈ બદલ ગયા લેકિન ધારાવી નહીં સુધરા!" હું બબડ્યો. રિક્ષાવાળાએ હળવેકથી સામો પ્રહાર કર્યો, "સા'બ, ધારાવી સુધર જાયેગા તો બમ્બઈ બિગડ જાયેગા; અંદર જાકે દેખો તો માલુમ પડે!" રિક્ષાવાળાની ટકોર નિશાના પર લાગી. વિચારે ચડ્યો. પીસ્તાળીસ વર્ષ મુંબઈમાં ગાળ્યા, બધે ફરી વળ્યો પણ... એશિયાની સૌથી મોટી ઝુંપડપટ્ટી ધારાવીમાં નથી ગયો. મિત્ર નવીન ગડાએ કહેલી વાત યાદ આવી. એમણે ધારાવી પ્રવાસનું રસપ્રદ વર્ણન કર્યું હતું. ઘરે પહોંચી ગયો પણ રિક્ષાવાળાની ટકોર, ટકોરા મારતી હતી. ઈન્ટરનેટ પર ખાંખાખોળા કરતાં એક ટ્રાવેલ એજન્ટ જડી ગયો. 'બી ધ લોકલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ'! ફોન પર નક્કી કર્યા મુજબ બીજે દિવસે માહિમ સ્ટેશન ટિકીટબારી બહાર પહોંચ્યો. એજન્ટ તરત ઓળખાઈ ગયો કારણ કે ટી શર્ટ પર મોટા અક્ષરે લખ્યું હતું, 'બી ધ લોકલ'! સ્વચ્છ સુઘડ લબરમુછિયો જુવાન. ફહીમ એનું નામ. બીજા ત્રણ પ્રવાસીઓ સાથે ઓળખાણ કરાવી. બે વિદેશી છોકરીઓ હતી અને એક ફિલ્મ સ્ટોરી રાઈટર! અને શરૂ થયો અમારો પગપાળા ધારાવી પ્રવાસ! અને જે જોયું, અનુભવ્યું એ વર્ણનાતીત છે!

સાંકડી ગલીઓ, લટકતા વાયર, પાઈપ લાઈનો, ગટરના સાનિધ્યમાં ખોબા જેવડી ઓરડીઓમાં ધબકતું જીવન! જ્યાં જ્યાં નજર મારી ઠરે ... કોઈ નવરું ન હતું. પ્લાસ્ટિક, ડબ્બા, બાટલી, કપડાં, જોડાં, કાચ, કાગળ, બલ્બ, ટ્યુબલાઈટ, બોક્ષ, વાયર, લાકડું, લોખંડ ... મુંબઈ આખાંનું વેસ્ટ અહીં ઠલવાય; સોર્ટિંગ, રીપેરસીપેર કરી ફરી વાપરવા યોગ્ય બનાવી ધારાવીગરા, મુંબઈગરાને પાછું આપે. મેન્યુઅલ, ઈકોનોમિકલ વેસ્ટ રીસાયકલિંગનું દુનિયાનું... જી હાં! દુનિયાનું શ્રેષ્ઠ ઉદાહરણ કદાચ ધારાવી હોઈ શકે!

અને ... ઉત્પાદન ક્ષેત્રે?! મસમોટા ગૃહઉદ્યોગોને ઝાંખા પાડી દે આ ધારાવી! અને એટલેજ અમુક શાણા ઉત્પાદકો પોતાનો માલ ધારાવીમાં બનાવડાવી લે; ફક્ત પેકિંગ, લેબલીંગ પોતાનું! રેડીમેડ ગારમેન્ટ્સ્, શુઝ, બેગ્સ્, પ્લાસ્ટિક મોલ્ડિંગ, એસેમ્બલિંગ, ફેબ્રિકેશન, ફર્નીચર, ડેકોરેટીવ ફિટીંગ્સ્, જ્વેલરી... ટૂંકમાં બધું જ! મૉલ કે શો રૂમમાં વેચાતા ચામડાના જોડા, પર્સ, ટ્રાવેલ બેગ, બેલ્ટ, મોટા ભાગે 'મેઈડ ઈન ધારાવી'. અરે, બોલીવુડના ટોપમોસ્ટ ફેશન ડિઝાઈનરોની કલ્પના મુજબના સ્ટાઈલીશ શુઝ ધારાવીના જ કારીગરો બનાવી આપી શકે! નામી કેટરર્સ, મીઠાઈગર, કેન્ટીન્સ્, બાર થી અનામી ફેરીવાળાઓને રોજની ટનબંધ જાતજાતની સ્વાદિષ્ટ મિઠાઈ, ફરસાણ ... મેઈડ ઈન ધારાવી! ભારતમાંથી જાતજાતનાં સપનાં અને ભાતભાતનાં હુન્નરના સથવારે રૂપિયો રળવા મોહમયી મુંબઈ નગરીએ આવતા કર્મયોગીઓનું આશ્રય સ્થાન ... ધારાવી! એક ચોરસ કિલોમીટરમાં સરેરાશ ૩૦,૦૦૦ની વસતિ ધરાવતા મુંબઈના જ ધારાવી સ્લમની ચોરસ કિલોમીટર દીઠ વસતિ ૫૦,૦૦૦! સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાંના તમામ પ્રાંતના, તમામ ધર્મોના ભારતીયો અહીં હળીમળીને રહે; મુંબઈની ત્રણેય રેલવે લાઈન - વેસ્ટર્ન, સેન્ટ્રલ, હાર્બર અહીં મળે; મુંબઈનો સૌથી મોટો બસ ડેપો-ધારાવી, ૧૦ સ્કૂલ, ૧૧૧ રેસ્ટોરન્ટ, ૨ સરકારી હૉસ્પિટલ, ૫૪ ઈન્ટરનેટ પ્રોવાઈડર/ઑપરેટર, ૧૫ એ.ટી.એમ. NO ભિખારી, NO વેશ્યાગિરી! ૪૦ ટકા ધારાવીગરા અંગ્રેજી જાણે છે; ૫૦ ટકા લગભગ ત્રણ ભાષા બોલી શકે છે; લગભગ દરેક ઍડલ્ટ પાસે મોબાઈલ ફોન છે અને એટલે જ દર પાંચ મિનિટના અંતરે મોબાઈલ શૉપ છે; હજામત, ચા, પાનબિડીની ડોર ટુ ડોર સર્વિસ; અહીંનો જીવનમંત્ર છે-કામ ઔર લગન! રજાને અહીં રજા છે. ૩૬૫ દિવસ, ૨૪ કલાક કામ, કામ, બસ કામ. યહીં રહેના, કમાના, ખાના, પીના, સોના! સર્વધર્મ સમભાવ, કર્મયોગ, અપરિગ્રહ, સંતોષ અહીં આપમેળે ફળીભૂત થતા વર્તાય છે.

અને આ બધું હું નિરાંતે જોઈ શક્યો, સમજી શક્યો, કારણકે મારી સાથે ટુર ગાઈડ તરીકે ફહીમ હતો. ધારાવીમાં જ જન્મ્યો, ઉછર્યો, ભણ્યો અને વિકસ્યો. બધાનો એ લાડકો. અમે શરૂઆત કરી માહિમથી અને બહાર નીકળ્યા સાયન! "અભી એક જગા બાકી હૈ" મેં કહ્યું. ફહીમ ચોંક્યો. "બી ધ લોકલ ટુર્સ એન્ટ ટ્રાવેલ્સ કા ઑફિસ નહીં દીખાઓગે " સાંભળીને ફહીમ ખુશ થઈ ગયો અને લઈ ગયો ઑફિસે. દુકાનના માળિયા પર નાની, નમણી ઑફિસ. એના મિત્ર પાર્ટનર તૌસિફ સાથે ઓળખાણ કરાવી. બંનેની દાસ્તાન રસપ્રદ તો છે જ પણ સાથે પ્રેરણાદાયી પણ છે.

ફહીમ અને તૌસિફનો જન્મ અને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ધારાવીમાં જ થયો. ફહીમે કોમર્સ અને તૌસિફે સાયન્સ ડિગ્રી કોર્સમાં એડમિશન લીધું. ઉચ્ચ અભ્યાસના ખર્ચને પહોંચી વળવા એક ટ્રાવેલ એજન્સીમાં પાર્ટ ટાઈમ નોકરી શરૂ કરી. ધગશ અને અભ્યાસવૃત્તિ રંગ લાવી. "આવું કંઈક આપણે પણ કરીએ તો? સ્લમ ડૉગ મિલિયોનેર ફિલ્મ જોયા પછી દેશવિદેશના કેટલાય જિજ્ઞાસુઓ ધારાવી જોવા આવે છે પણ યોગ્ય માર્ગદર્શનના અભાવે મૂંઝાય છે. આપણે

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪૩ ઉપર)

*"હું દિલગીર છું" "સોરી" એટલું બોલતાં ક્યારેય ખચકાટ ન અનુભવો.*

## સત્યની શોધ અને સ્વીકાર

# ધર્મ, અધ્યાત્મ અને વિજ્ઞાન

• મુરજી ગડા •

દરેક ધર્મના ત્રણ મુખ્ય પાસા હોય છે. પહેલો પાસો છે એ ધર્મમાં આદેશાયેલ નૈતિકતાનો. ધર્મનું આ હાર્દ છે. બીજો પાસો છે એ ધર્મના નામે કરાવાતા ક્રિયાકાંડોનો – મુખ્યત્વે આ ધર્મનો મુખોટો છે. આ લેખનો મુખ્ય મુદ્દો છે ધર્મના ત્રીજા પાસાનો. એ પાસો છે ધાર્મિક વિચારધારા પ્રમાણેના અધ્યાત્મનો.

વિવિધ ધર્મો વચ્ચે આ ત્રણેય પાસાઓની સમજ, આદેશ અને આચરણમાં ઘણો ફરક રહેલો છે. આપણે એના ઉંડાણમાં નથી જવું. માત્ર એટલું કહેવું જરૂરી અને પૂરતું છે કે આ ફરક ધર્મોને એકબીજાથી અલગ બનાવે છે, એકબીજા સાથે લડાવે છે.

હજારો વરસથી માનવ મગજ પર અધ્યાત્મનો પ્રભાવ રહ્યો છે. જયારે માનવજીવન પર વિજ્ઞાનનો પ્રભાવ માત્ર છેલ્લી બે-ત્રણ સદીઓથીજ થવો શરૂ થયો છે. આ બંનેનું મહત્ત્વ તેમજ માનવ જીવન અને વિકાસ પરની એમની અસરના ઉંડાણમાં ન જતાં, આ બંનેના સ્વરૂપ અને કાર્યપ્રણાલીમાં જે ભેદ છે એ સમજીએ. સામાન્ય માણસો તો ઠીક, અનેક વિદ્વાનોમાં સુદ્ધાં આ બેમાં રહેલ ભેદનો સાચો ખ્યાલ નથી. આપણે થોડા મુદ્દા ટુંકાણમાં તપાસીએ.

(૧) વિજ્ઞાન વસ્તુનિષ્ઠ છે, ઓબ્જેક્ટિવ છે. વિજ્ઞાનની વફાદારી વિજ્ઞાનના સિદ્ધાંત કે એ સિદ્ધાંતના આધારે શોધાયેલ ઉપકરણ પ્રત્યે હોય છે, એ શોધનાર વૈજ્ઞાનિક કે ઉપકરણ બનાવનાર ઈજનેર પ્રત્યે નહીં. એટલેજ આપણે રોજબરોજના જીવનમાં વપરાતા વૈજ્ઞાનિક સિદ્ધાંત કે ઉપકરણના શોધકનું નામ પણ જાણતા હોતા નથી.

વિજ્ઞાનની સરખામણીએ અધ્યાત્મ વ્યક્તિનિષ્ઠ છે, સબ્જેક્ટિવ છે. અધ્યાત્મમાં માનનારની નિષ્ઠા એ કહેનારમાં વધુ અને એમના ઉપદેશમાં ઓછી હોય છે. ઈસુના દૈવી સ્વરૂપમાં માનનાર ખ્રિસ્તી ગણાય પછી ભલે તે એમના ચીંધેલા માર્ગે ચાલે કે ન ચાલે. જયારે ઈસુના દૈવી સ્વરૂપમાં ન માનનાર પરંપરાગત રીતે સાચો ખ્રિસ્તી નથી ગણાતો, પછી ભલે તે બધી રીતે એમના ચીંધેલા માર્ગે ચાલતો હોય. આ વાત બધા ધર્મોના અનુયાયીઓને એટલીજ લાગુ પડે છે.

(૨) વિજ્ઞાનના સિદ્ધાંત અનિવાર્ય હોય છે, વિશ્વસનીય હોય છે. તે સર્વત્ર એકસરખી રીતે લાગુ પડે છે. પાણી કરતાં ભારે હોય તે વસ્તુઓ ડૂબે અને હલકી હોય તે પાણી પર તરે, આમાં અપવાદ ન હોય. અગ્નિમાં હાથ નાખનાર બધા દાઝે, પછી ભલે તે આસ્તિક હોય યા નાસ્તિક; પાપી હોય કે પુણ્યશાળી હોય. દરેકની પ્રકૃતિ પ્રમાણે પીડા ઓછી વધુ થાય એ જુદી વાત છે. અગ્નિ પરીક્ષા માત્ર વાર્તાઓમાં શોભે, વ્યવહારમાં નહીં.

અધ્યાત્મની વાતો અનિવાર્ય હોતી નથી. તે ક્યારેક કામ કરે અને ક્યારેક ન પણ કરે. જેવો જેનો ભાવ, જેવી જેની ભક્તિ, જેવી જેની શક્તિ. સંસાર સાગરમાં તરી જનારો (સુખી, સફળ) માણસ આધ્યાત્મની દૃષ્ટિએ પુણ્યશાળી હોય અને ન પણ હોય. એજ રીતે સંસાર સાગરમાં ડૂબનારો (દુઃખી, નિષ્ફળ) માણસ પાપી હોય અને ન પણ હોય. આના બચાવમાં કરવામાં આવતી દલીલો ગળે ઉતરે એવી નથી હોતી.

(૩) વિજ્ઞાનની વાતો ખુલ્લી અને સાર્વત્રિક હોય છે. એને જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પ્રદેશની સીમાઓ નડતી નથી. વિજ્ઞાનનું જ્ઞાન અને એના આધારે વિકસેલ ટેકનોલોજી સંપૂર્ણ માનવજાત માટે ખુલ્લા છે. એનો લાભ લેનારને કોઈ સાધના કે તપ કરવું પડતું નથી.

અધ્યાત્મ રહસ્યમય અને ગૂઢ (Mystic) હોય છે. અધ્યાત્મને રસ્તે જનાર જે પણ પામતો હોય તે એણે જાતે મેળવવાનું હોય છે. એના બધા પ્રયત્નો પછી પણ એને જેની તલાશ હતી તે સાચેજ મળ્યું કે નહીં તે અન્ય કોઈ જાણી શકતો નથી. કરનારના કહ્યા પર વિશ્વાસ રાખવો પડે છે.

(૪) સમય, પરિસ્થિતિ કે હકીકત બદલાય, નિયમ ખામીવાળો સાબિત થાય અથવા બીજા વધુ સારા પુરાવા મળે તો વિજ્ઞાનનો નિયમ સુધારી શકાય છે. (આનું દૃષ્ટાંત પછી આવ્યું છે) મૂળ શોધક ગમે તેટલો પ્રસિદ્ધ હોય તો એ એનું કહેલું બધું જ આંખો મીંચીને સ્વીકારી નથી લેવાતું.

અધ્યાત્મનો કે ધર્મનો સિદ્ધાંત કે આદેશ બદલી શકાતો નથી. જૈનો અહિંસાનો સિદ્ધાંત છોડી ન શકે. મુસ્લિમ મૂર્તિપૂજા સ્વીકારી ન શકે. ધર્મમાં/અધ્યાત્મમાં પાયાના ફેરફાર શક્ય નથી.

(૫) કોઈપણ વ્યક્તિ નિષ્પક્ષ રીતે વિજ્ઞાનનો પ્રયોગ કરી શકે છે, પ્રસ્થાપિત નિયમને ચકાસીને ખાતરી કરી શકે છે. સંશય હોય તો જાહેર કરી શકે છે. વાસ્તવિકમાં ઘણી અલગ વ્યક્તિઓ દ્વારા આવી ચકાસણી કરાયા પછી જ કોઈ નવા સિદ્ધાંતને સ્વીકારાય છે.

અધ્યાત્મમાં આ કરવું અશક્ય છે. જે કહેવામાં આવ્યું હોય તે માનવું જ પડે છે. એમાં સંશય કરનાર નાસ્તિક ગણાય છે.

આદિકાળથી એકબીજા સાથે ઝગડતા

*"મારાથી ભૂલ થઈ ગઈ" એવું કહેતા અચકાવ નહિ.*

ધર્મો માત્ર એક બાબતે સહમત છે. એ છે વિજ્ઞાનનો વિરોધ કરવામાં. એના બે મુખ્ય કારણ છે. પહેલું કારણ છે એમની માન્યતાથી વિરૂદ્ધની વિજ્ઞાનની વાતો સ્વીકારવાથી એમની પ્રતિષ્ઠા ઝંખવાય છે, એમનું મહત્ત્વ ઓછું થાય છે. બીજું કારણ એ છે કે આ બધાને વિજ્ઞાન શું છે એની જ સમજ નથી. વિજ્ઞાન એટલે કુદરતના નિયમ સમજવાનું શાસ્ત્ર. એ સત્યની શોધ છે. વિજ્ઞાનનો વિરોધ એ કુદરતના નિયમોને અવગણવા જેવું છે. વિજ્ઞાનના સિદ્ધાંતને આધારે માનવ ઉપયોગી ઉપકરણો બનાવવાનું શાસ્ત્ર ટેકનોલોજી કહેવાય છે.

ભારતમાં લોકો વિજ્ઞાનને લીધે શોધાયેલ ઘણી બધી વસ્તુઓનો ઉપયોગ કરે છે. એટલે ભારતમાં વિજ્ઞાન અને ટેકનોલોજી આવ્યા છે એમ કહેવાય. કમનસીબે બહુમતી લોકોમાં વૈજ્ઞાનિક માનસ જરા પણ આવ્યું નથી. એમની વિચાર કરવાની રીત એજ જરીપુરાણી રહી છે.

વિજ્ઞાનના વિરોધીઓની સૌથી પહેલી દલીલ એ હોય છે કે, "વિજ્ઞાન તો બદલે રાખે છે જ્યારે ધર્મ શાશ્વત છે." આ કહેવાનો મતલબ એવો થયો કે ખળખળ વહેતા નદીના પાણી કરતાં સૂકા પ્રદેશના જૂના તળાવનું પાણી વધુ સારૂં છે.

વાસ્તવિકતા એ છે કે ધર્મ પણ બદલે છે, એને બદલવું જરૂરી છે. વિજ્ઞાન બદલતું નથી પણ પ્રગતિ કરે છે. શાશ્વત માત્ર એકજ છે, કુદરતના નિયમ. પણ એ બંધિયાર તળાવ કે ખાબોચિયું નથી. એ તો ઘૂઘવતો દરિયો છે, મહાસાગર છે.

શરૂઆતમાં લખ્યું છે તેમ ધર્મનું એક પાસું ક્રિયાકાંડ છે. એ તો સમય અને સ્થળ પ્રમાણે બદલાતા આવ્યા છે. ધર્મના નામે ધંધો કરવાવાળાઓ માટે તે લાભદાયક છે. આ સર્વવિદિત છે. એનો બચાવ કોઈ કરી ન શકે. આ ઉપરાંત મુખ્ય ધર્મના ફાંટાઓ અને ફિરકાઓના ક્રિયાકાંડમાં જે ફરક છે તે પણ આની પુષ્ટી કરે છે.

ધર્મનું બીજું પાસું છે મૂલ્યોનું, નૈતિકતાનું. દરેક ધર્મની નૈતિકતાની સમજ થોડી અલગ છે. ધર્મ જો શાશ્વત હોત તો નૈતિકતાની બાબતમાં એમની વચ્ચે જરાપણ ફરક ન હોત. કુદરતી રીતે બધા માનવ સરખા છે. એમની જરૂરિયાતો પણ સરખી છે. એમના મૂલ્યો અલગ ન હોઈ શકે. જૈન ધર્મની વાત કરીએ. પાર્શ્વનાથ ભગવાને બ્રહ્મચર્યને ખાસ મહત્ત્વ નહોતું આપ્યું જ્યારે મહાવીર સ્વામીએ એને નૈતિકતાના પાંચ મુખ્ય આદેશોમાં સ્થાન આપ્યું છે. આને જૈન ધર્મ બદલાયો એમ કહેવાય કે ન કહેવાય?

બુદ્ધ અને મહાવીર, બંને એકજ સમયગાળામાં એકજ પ્રદેશમાં વિહાર કરતા હતા. છતાં ઘણી બાબતોમાં આ બન્ને મહાપુરુષો વચ્ચે મોટા અને મહત્ત્વના મતભેદ હતા. દેહદમન, તપશ્ચર્યા, ખાનપાનની મર્યાદા વગેરેમાં આ સ્પષ્ટ દેખાય છે. આટલો મોટો તફાવત, ધર્મ શાશ્વત હોવાની વાતને પુષ્ટિ આપતો નથી.

હિંદુ ધર્મ એ પ્રાચીન વેદિક ધર્મનું નવું સ્વરૂપ છે. આ બન્ને વિચારધારાઓના વેદ, ઉપનિષદ, મહાકાવ્યો, પુરાણ વગેરે ગ્રંથો ઘણી સદીઓના સમયગાળામાં લખાયા છે. આ ગ્રંથો વાંચ્યા હોય એવા મિત્રો પાસેથી જાણવા મળે છે કે એમનામાં વર્ણવાયેલ અધ્યાત્મમાં સારો એવો ફરક છે. આ ઉપરાંત દુનિયાના જુદા જુદા ધર્મો વચ્ચે પણ સ્વર્ગ, નરક, આત્મા, પરમાત્મા, પુનર્જન્મ, બ્રહ્મના સ્વરૂપ, ધ્યાનના પ્રકાર અને પદ્ધતિ તેમજ અધ્યાત્મના લગભગ દરેક પાસામાં ગંભીર મતભેદ છે. બધા ધર્મપ્રણેતાઓ એટલાજ મહાન હોવા છતાં આટલો બધો મતભેદ શું સૂચવે છે? માત્ર આપણોજ ધર્મ સાચો અને બીજા બધા ખોટા કે અધૂરા એમ કહેવાથી પ્રશ્ન ઉકેલાતો નથી બલકે ક્લેશને આમંત્રણ આપે છે.

હવે વિજ્ઞાન બદલતું હોવાના આરોપને આપણા રોજિંદા જીવનને સ્પર્શતી એક મામૂલી વાતથી સમજીએ. પાણીને ગરમ કરીએ એટલે એક ચોક્કસ તાપમાને તે ઉકળવા લાગે છે. પાણી એનાથી વધુ ગરમ ન થઈ શકે. વધુ ગરમી મળતાં એનું વરાળમાં રૂપાંતર થાય છે. આ એક જાહેર અનુભવની વાત છે. પાણી કે પછી બીજી કોઈપણ વસ્તુ કેટલી ગરમ છે એનો માપદંડ કોઈની પાસે નહોતો. એનું તાપમાન જાણી શકાતું નહોતું.

ઠેઠ સત્તરમી સદીમાં યુરોપમાં જુદા જુદા વૈજ્ઞાનિકોએ અલગ પ્રકારના થર્મોમીટર શોધ્યા. સમયાંતરે એમાં જરૂરી ફેરફારો થતા ગયા. આજે આપણે વાપરીએ છીએ એવા થર્મોમીટર આવતા બીજા સો વરસ જેટલો સમય લાગી ગયો. આને વૈજ્ઞાનિક શોધ કહેવાય. વૈજ્ઞાનિકોએ ઉકળતા પાણીને $100^0C$ અને થીજતા પાણીને $0^0C$ ગણીને ઠંડી ગરમીનો ચોક્કસ માપદંડ શરૂ કર્યો.

કોઈ પર્વતવાસીએ એના ઉકળતા પાણીમાં થર્મોમીટર રાખી તપાસ્યું તો એને $100^0C$ કરતાં ઓછું તાપમાન જોવા મળ્યું. એટલે થર્મોમીટરને કે એના શોધનારને ખોટા કહેવાના બદલે વૈજ્ઞાનિક માનસ ધરાવતી એક વ્યક્તિએ જુદી જુદી ઊંચાઈએ જઈ ઉકળતા પાણીનું તાપમાન મેળવ્યું. કેટલાયે પ્રયોગો પછી શોધી કઢાયું કે ઉંચાઈ અને ઉકળતા પાણીના તાપમાન વચ્ચે સીધો સંબંધ છે. આશરે ૯૬૦ ફૂટની ઉંચાઈએ $1^0C$ ઓછા તાપમાને પાણી ઉકળે છે. અર્થાત માઉન્ટ આબુ પર પાણી આશરે $96\,^0C$ ઉકળવા લાગે છે.

એનાથી આગળ વધી, એ પણ શોધી કઢાયું કે આ તફાવત ઊંચાઈને લીધે નહીં પણ એટલી ઊંચાઈએ હવાનું દબાણ ઓછું હોય છે એના લીધે છે. આ સિદ્ધાંત પ્રમાણે દબાણ વધે-ઘટે તેમ પાણી અને વરાળનું તાપમાન પણ વધે-ઘટે છે. આપણા રસોડામાં રોજ વપરાતા કૂકરથી કરી વરાળથી ચાલતી ટ્રેન સુધી આ સિદ્ધાંતના આધારે કામ કરે છે.

આ એક સાવ સામાન્ય અને પાયાની શોધનો દાખલો હતો. છતાં એની પાછળ કેટલીયે વ્યક્તિઓની વરસોની મહેનત હતી, જેમનું નામ સુદ્ધાં કોઈને ખબર નથી. હવે તો આનાથી કેટલાયે વધુ અટપટા સિદ્ધાંતો શોધાયા છે. એમના આધારે નીતનવા સાધનો બને છે. છેલ્લા થોડા દાયકાઓમાંજ વાહનવ્યવહાર, સંદેશવ્યવહાર વગેરેમાં થયેલ ફેરફાર ઉડીને આંખે વળગે છે. આ વૈજ્ઞાનિક શોધો અને ટેકનોલોજીનો ચમત્કાર છે. એની પાછળની મહેનતનો અંદાજ લગાવવો પણ મુશ્કેલ છે.

*'મને ખબર નથી' એમ કહેતાં સંકોચ ન અનુભવો.*

દરેક વૈજ્ઞાનિક શોધની પ્રક્રિયાનું એકએક પગથિયું અગત્યનું અને જરૂરી હોય છે. એને વિજ્ઞાન બદલાય છે એમ ન કહેવાય. દરેક શક્યતાને તપાસી, દરેક અપવાદને ધ્યાનમાં રાખી ચોક્કસ થાય છે, પ્રગતિ કરે છે એમ કહેવું ઉચિત છે. એનાથી વધારે અગત્યની વાત એ છે કે પોતાની શોધોનો ઉપયોગ સમસ્ત માનવ સમાજના ભલા માટે કરે છે.

દરેક વસ્તુની જેમ વિજ્ઞાન અને ટેકનોલોજીનો પણ દુરૂપયોગ થાય છે. રસ્તા પર કોઈ પૂરઝડપે વાહન ચલાવી અકસ્માત સર્જે તો એનો દોષ વાહન બનાવનાર કે એની પાછળની ટેકનોલોજીને ન અપાય. એ દોષ વાહન ચલાવનારનો છે.

હજારો વરસો સુધી માનવ સમાજનું કુદરતી ઘટનાઓનું જ્ઞાન માત્ર અવલોકન પૂરતું મર્યાદિત હતું. એની પાછળના કારણ શોધી એનો સદુપયોગ કરવાનો કે પછી એમની નકારાત્મક અસરોથી રક્ષણ મેળવવાનો પ્રયાસ પણ ભાગ્યેજ કોઈ કરતું હતું. બધુંજ કોઈ દૈવી શક્તિને આધીન હોવાનું માની બધા એની પૂજા-પ્રાર્થના કરવામાંજ વ્યસ્ત રહેતા. વિજ્ઞાને એ બધુ બદલ્યું છે. સારાંશમાં, માનવ જીવનને અસર કરતા નિયમોના બે પ્રકાર છે : કુદરતી અને માનવસર્જિત. કુદરતના નિયમ શાશ્વત છે, કોઈ બનાવતું નથી. એ શોધવાનું શાસ્ત્ર વિજ્ઞાન કહેવાય છે. એના નિયમ કદી બદલી કે ઉથાપી શકાતા નથી. એમનો કોઈ વિકલ્પ નથી. તે માણસને ખ્યાલમાં રાખી બન્યા નથી.

જ્યારે રાજ્યનું બંધારણ, ધર્મના આદેશ, સામાજિક રીતરિવાજ વગેરે નિયમો માનવસર્જિત છે. સમાજને વ્યવસ્થિત રાખવા માટે માણસો વડે અને માણસો માટે બનાવવામાં આવ્યા છે. એટલે દેશ, કાળ અને જરૂરિયાત પ્રમાણે તે બદલાય છે, એમને બદલવા જરૂરી છે.

દેશનું બંધારણ બદલાય છે તેમજ ધર્મ પણ બદલાય છે. એ સારા માટેજ છે. સદીઓ પુરાણા મૂલ્યો આજના સમયમાં સુસંગત ન પણ હોય એ સ્વીકારવું અગત્યનું છે. દરિયો ન ઓળંગવાના હિંદુ ધર્મના આદેશને લીધે ભારતને મધ્ય યુગમાં ખૂબ ગુમાવવું પડ્યું હતું. યુરોપિયનોના દરિયાઈ આક્રમણ સામે લડવા માટે ભારતના રાજાઓ પાસે જરૂરી નૌકાદળ નહોતું. આવા ઘણા દાખલા આપી શકાય - રૂઢીચુસ્ત માનસે ભારતીય સમાજનો ઘણું નુકસાન પહોંચાડ્યું છે. જે ધર્મ સમય પ્રમાણે બદલાતા નથી એમના અનુયાયીઓ ધર્મથી વિમુખ થઈ જાય છે તો ક્યારેક ધર્માંતર પણ કરે છે. ધર્મ સદંતર લુપ્ત થવાના દાખલા પણ ઇતિહાસમાં છે.

અધ્યાત્મની વાતો પરલોકની માન્યતા પર આધારિત છે. એને કેટલું મહત્ત્વ આપવું એ દરેકની શ્રદ્ધા પર આધાર રાખે છે. અધ્યાત્મ જે પણ હોય તે સ્વકેન્દ્રી છે. એના જે પણ ફાયદા હોય તે વ્યક્તિગત છે. અને જો ફાયદો ન હોય તો એની પાછળ ખર્ચેલ સમય અને શક્તિનો વ્યય એ ગેરફાયદો જ ગણાય.

*(નોંધ : આ લેખના કેટલાક મુદ્દા અમેરિકા સ્થિત લેખક શ્રી સુબોધ શાહના અંગ્રેજી પુસ્તક, "Culture can kill" માંથી લેખકની પરવાનગીથી સાભાર લીધા છે.)*

**૧, શ્યામ વાટિકા સોસાયટી**
**વાસણા રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭.**
**ફોન : (૦૨૬૫) ૨૩૧૧૫૪૮**

## ખાનદાની

**કચ્છી રસધાર : મણકો-૮**

**(અનુ. : પાના નં.-૧૪૫ ઉપરથી ચાલુ)**

આ સાંભળીને બાવા બોલ્યા : "અરે, ગાંડો થા મા માવજી! એ લાભ માંડવીએ નથી આપ્યો! મેં જાતે જ જાણીબૂઝીને આપ્યો છે. જા, લઈ જા! આ સોનાની કોરીઓ પાછી લઈ જા! બીજું નજરાણું ભલે રહેવા દે!"

"પણ બાવા, સોનાની કોરીઓ પાછી લઈ જઈશ તો મોટા શેઠ મને વઢશે!"

"તને વઢશે પણ મને નહિ વઢે! તું જા! હું મારા અસવાર સાથે આ કોરીઓ પાછી મોકલી આપું છું. હવે તો તને નહિ વઢે ને?"

માવજી શેઠ હવે લાચાર બન્યો. બાવાનો એમના પ્રત્યેનો અપાર પ્રેમ અને એમના મનની મોટાઈ જોઈને માવજી શેઠની આંખો આનંદ અને આભારનાં આંસુ સાથે છલકાઈ ઊઠી.

આનું નામ તે ઉભય પક્ષની ખાનદાની!

***સ્વ. દુલેરાય કારાણી લિખિત***
***"કચ્છની રસધાર : ભાગ-૨"માંથી સાભાર***


## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮

૧. **પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

૨. **પ્રકાશનનો ગાળો :** માસિક

૩. **મુદ્રકનું નામ :**
શ્રી અશોક મહેતા
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૪. **પ્રકાશકનું નામ :**
શ્રી અશોક મહેતા
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૫. **સંપાદકનું નામ :**
શ્રી અશોક મહેતા
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૬. **અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - ઍલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, અશોક મહેતા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

*અમદાવાદ* — ***અશોક મહેતા***
*માર્ચ ૨૦૧૩* — *પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"*


***વખતે વખતે આપણે આપણું મૂલ્યાંકન કરી અને દોષોનું નિવારણ કરી લેવું જોઈએ.***

# જગતમાં વૃદ્ધો અનેક છે, જ્ઞાન વૃદ્ધો જૂજ છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આજના સંઘર્ષમય યુગમાં વૃદ્ધજનોના, પેન્શનરોના પ્રશ્નો અનેકવિધ હોય છે. કેટલાક પ્રશ્નો વ્યક્તિગત તેમજ વિવિધલક્ષી હોય છે. સામાન્ય રીતે ઢળતી વયે શારીરિક વ્યાધિઓ આપણા પર સવાર થતી રહે છે. વૃદ્ધો પેન્શનરો અનેક ચિંતાઓમાં ફસાતા ગરકાવ થતા જોવા મળે છે. આજે કોઈ પણ પેન્શનર કે વૃદ્ધ એવા નથી કે જેઓને મનમાં કોઈપણ પ્રકારની મૂંઝવણ ન હોય. કેટલાક વૃદ્ધો પોતાની તકલીફો અન્યોને કહીને સલાહ સૂચનો મેળવી શકે છે, તો કેટલાક અનેક તકલીફો હોવા છતાં શરમ સંકોચને કારણે કોઈ મિત્ર કે સંબંધીને તકલીફ વર્ણવતા નથી. પરિણામે ચિંતાતુર અવસ્થા ભોગવતા રહે છે. જે તેમની ચિંતાઓ માનસિક શારીરિક રોગોની જન્મદાત્રી બને છે. આવી અનેકવિધ વિટંબણાઓમાંથી મુક્તિ પ્રાપ્તિનો માર્ગ દાર્શનિકોએ ખુલ્લો મૂક્યો છે. વિદ્વાનોએ વૃદ્ધાવસ્થાને પક્વ કે ડહાપણની અવસ્થા કે શાણપણની અવસ્થા તરીકે સ્વીકારી છે. છતાં આ અવસ્થામાં અનેક વૃદ્ધોનું ડહાપણ ડોળાઈ જતું જોવા મળે છે. જેનું મુખ્ય કારણ છે ચિંતા અને માનસિક તનાવ.

ચિંતાને કે તનાવને હડસેલવા સર વિલિયમ ઑસ્લર પોતાના ટેબલ પર ભારતીય કવિવર કાલીદાસનું લખેલ એક કાવ્ય રાખતા. જેનું શિર્ષક છે 'ઉષ્માનું અભિવાદન.' કવિશ્રીએ કાવ્યકૃતિમાં વર્તમાન સમયને માણી લેવા વર્ણવ્યું છે કે 'આજને નિહાળો અને સ્વાગત કરો' કારણ એ જીવન છે. જિંદગીનો એજ આત્મા છે ... વિતી ગયેલી કાલ એ સ્વપ્નું છે અને આવતીકાલ એ પરિકલ્પના. પરંતુ આજને જે જીવી જાણે તે કાલને અજવાળે." ભૂત અને ભવિષ્યને સાવ ભૂલીને એ બધાને પ્રયત્નપૂર્વક, દેખી અનદેખી કરી દઈ, બસ 'આજ'નાજ દાયરામાં જીવતાં શીખી લેનારને ચિંતા સતાવી શકતી નથી. ફિલોસોફર જહોન રસ્કિન પોતાના ટેબલ પર સામાન્ય પથ્થરનો ટૂકડો રાખતા. જેમાં કોતરેલું હતું "ટૂડે" - આજ. ઈસુ ખ્રિસ્તના જન્મથી ત્રણસો વર્ષ પૂર્વે રોમન કવિ હોરસે સ્વકૃતિમાં આ લખ્યું છે,

*"સુખી છે એ માનવ, અને સુખી એજ છે એકલો,*
*જે આજને બનાવે એની જીવન સંગિની*
*અને કહી શકે જે, જરાય બીક વિના સ્વસ્થ બની અંદર કહે*
*કાલ, તારાથી જે થાય તે કરી લે,*
*"આજ", તો મેં જીવી જાણી છે."*

હાર્વર્ડ યુનિવર્સિટીના ક્લિનિકલ મેડિસીનના પ્રોફેસર રીચાર્ડ સી. કેબોટ પોતાના પુસ્તક 'વોટ મેન લીવ બાય' માં પોતાના દર્દી પરના અભ્યાસ લેખમાં ખાસ એવું વર્ણવે છે કે ચિંતા, ભય, પ્રબળ આશંકા આદિને કારણે ચક્કર, અંગ ધ્રુજારી જેવા રોગો ઉદ્‌ભવે છે. આવા રોગોમાં દર્દી માત્ર પોતાના મનગમતા કાર્યમાં વ્યસ્ત રહીને રોગને મટાડી શકે છે." પોતાના ખાલી સમયમાં ચિંતાને સ્થાને મનગમતી થોડીક પ્રવૃત્તિઓ, વાંચન, સંગીત, ચિત્ર, મિત્રો સાથેનો વાર્તાલાપ તમારા શરીરમાં નવી ચેતના, સ્ફૂરણા ભરી દેશે એવું જ્યોર્જ બર્નાડશો વર્ણવે છે.

થોડીક હળવી ક્ષણો માણવા કેટલાક વૃદ્ધો કે કેટલાક પેન્શનરો બાગ બગીચામાં કે કોઈ વૃદ્ધ મિત્રના પ્રાંગણમાં કે કોઈ મનગમતા સ્થળે મળે ત્યારે દૈનિકો કે ટી.વી. પરના સમાચારો પર ચર્ચા ચલાવે. તેમાં ડેંગ્યુ કે સ્વાઈન ફ્લુથી થયેલા મરણ આંકની વાતો ચર્ચાય અને આ વયસ્ક મિત્રો સ્વયં ચિંતામાં સરી જાય. "મને તો આ રોગ લાગુ નહિં પડે ને?" એક બે દિવસ સતત આ ચર્ચાથી મન નબળા વિચારોમાં સરી પડે. શરીર મન અસ્વસ્થ થઈ જાય.

ઍપ્લાઈડ સાઈકોલોજીના પ્રોફેસર વિલિયમ જેમ્સે જિંદગીમાં ખરાબમાં ખરાબ પરિણામ સ્વીકારવાની વાત આગળ ધરીને આપણને સમજાવ્યું છે કે, "જે થવાનું હોય તે થઈને જ રહે છે. માટે જે કંઈ થવાનું હોય તે થાય." એ વાતનો સ્વીકાર કરી લો.

આવોજ સુંદર ચિંતા દૂર કરવાનો વિચાર, મન અને તનની સ્વસ્થતા અને શાંતિનો વિચાર ચીની ફિલસુફ લિન યુતાંગે પોતાના પુસ્તક "ધ ઈમ્પોર્ટન્સ ઓફ લિવિંગ"માં જણાવ્યું કે, "કોઈ પણ ખરાબમાં ખરાબ સ્થિતિને હિંમતથી સ્વીકારવાથી આપણી આંતરિક શક્તિઓ પ્રબળ બને છે. પરિણામે અદ્‌ભુત શાંતિનો અનુભવ થાય છે," આ જગતના નિયંતા પરનો વિશ્વાસ, શ્રદ્ધા અને પ્રાર્થના કે ભક્તિ, માનવીની આંતરિક શક્તિઓને ઢંઢોળી મજબૂત બનાવે છે. તેથી મનને કાબૂમાં રાખીને જીવતાં શીખી લેનાર વયસ્કોના જીવનમાં સુખનો સૂરજ ઊગે છે. જીવનના છેલ્લા દિવસો, માનવમનને અનેક આકસ્મિક સમજણથી ભરી દઈને જીવનની ક્ષણભંગૂરતાનો બોધ અર્પી જાય છે.

*'સહજાનંદ', ૬/એ લીમડા લેન,*
*સંસ્કાર નગર*
*ભુજ, કચ્છ, ૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

આપણા વડીલોનો વારસો
શુધ્ધ કાંસાના વાસણ
પ્રાપ્તિ સ્થાન :
પારસ મેટલ વર્કસ
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

# અનંત હરિ મિત્ર અને પ્રમોદ રંજન ચૌધરી

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૨

• સ્વામી સચ્ચિદાનંદ •

સશસ્ત્ર ક્રાંતિના ઇતિહાસમાં આમ તો પૂરા ભારતે ભાગ ભજવ્યો કહેવાય, પણ ત્રણ પ્રદેશની ભૂમિએ સર્વાધિક મહત્ત્વનો ભાગ ભજવ્યો કહેવાય : બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્ર. આ ત્રણેએ જેટલા ક્રાંતિકારીઓ પેદા કર્યા તેટલા બીજા કોઈએ નથી કર્યા. બંગાળને બૉમ્બભૂમિ કહી શકાય. બૉમ્બ બનાવવા અને ઝીંકવાના કામમાં બંગાળ સૌથી આગળ રહ્યું છે. એવું કહેવાય છે કે બંગાળી જન્મજાત ક્રાંતિકારી હોય છે. પંજાબમાં શીખધર્મ અને આર્યસમાજની મહત્ત્વની પૃષ્ઠભૂમિ રહી. મહારાષ્ટ્રમાં સંત પરંપરા અને ચિતપાવન બ્રાહ્મણોનો મહત્ત્વનો પ્રભાવ રહ્યો કહેવાય.

આપણે બંગાળની વાત કરવાની છે. બંગાળમાં બૉમ્બ ભનાવવાનાં બે કારખાનાં પકડાયાં હતાં. આ કારખાનાંમાં બૉમ્બ બનતા અને પૂરા દેશમાં જરૂર પ્રમાણે પહોંચાડવામાં આવતા. સરકારે અહીંથી આઠ વ્યક્તિઓને પકડી લીધી હતી, જેમનાં નામ આ પ્રમાણે હતાં : (૧) અનંત હરિ મિત્ર, (૨) રાજેન્દ્ર લાહિડી, (૩) નિખિલ બેનર્જી, (૪) રાખાલ ડે, (૫) હરિનારાયણ ચંદ્ર, (૬) વીરેન્દ્ર બંદ્યોપાધ્યાય, (૭) દેવીપ્રસાદ ચૌધરી, (૮) સુધાંશુ ચૌધરી અને (૯) ધ્રુવેન્દ્ર ચટ્ટોપાધ્યાય. આમ તો સૂર્યસેન પણ ત્યાં હાજર હતો પણ તે લાગ જોઈને છટકી ગયો હતો.

આમાં અનંતહરિ મિત્ર પ્રમુખ હતો અને તેનો જન્મ ૧૯૦૪માં થયો હતો. માતાનું નામ પંચાનની અને પિતાનું નામ રામલાલ હતું. ચિત્તાગોંગમાં મામાને ત્યાં તેનું બચપણ વીત્યું હતું. સ્વામી વિવેકાનંદજીના સાહિત્યથી તે ખૂબ પ્રભાવિત હતો. શરૂઆતમાં અસહયોગ આંદોલનમાં દાખલ થઈ ગયો હતો; પણ ૧૯૨૨માં ચૌરાચોરીનું અંગ્રેજોનું ભયંકર હત્યાકાંડ ઘટવાથી ગાંધીજીએ એ આંદોલન સ્થગિત કરી દીધું હતું, તેથી સ્થગિતતા અને નિરાશાનો ભાવ કાર્યકર્તાઓમાં આવી ગયો હતો. કોઈ આંદોલનને કાયમ ચાલુ રાખવું હોય તો તેમાં સાતત્યની જરૂર રહેતી હોય છે. સાતત્યથી કાર્યકર્તાઓનો ઉત્સાહ ટકી રહેતો છે. વચ્ચે ખાલીપણું આવી જાય તો કાર્યકર્તાઓનો ઉત્સાહ ઓસરી જતો હોય છે. આંદોલનનો પ્રભાવ તેના ઉત્સાહ ઉપર આધારિત હોય છે. ગાંધીજીથી હતાશ થયેલો અનંત હરિ ક્રાંતિકારી પક્ષમાં દાખલ થઈ ગયો. આ લોકો શસ્ત્ર દ્વારા આઝાદી મેળવવા માગતા હતા, તેથી સમય-સમય પર મહત્ત્વની જગ્યાઓ ઉપર બૉમ્બધડાકા કરીને તેમણે અંગ્રેજોની ઊંઘ હરામ કરી દીધી હતી. આ ક્રાંતિકારી માનતા હતા કે એટલા બધા બૉમ્બ ધડાકા કરવામાં આવે કે સરકાર પંગુ થઈ જાય, તે શાસન ચલાવી જ ન શકે, તેથી હારીથાકીને વિદાય થઈ જાય.

અનંત હરિ ક્રાંતિકારીઓનો પ્રમુખ થઈ ગયો હતો. તેણે ઉપર કહ્યા પ્રમાણે બૉમ્બ બનાવવાનાં બે કારખાનાં શરૂ કરી દીધાં હતાં અને દક્ષિણેશ્વરથી બધા પકડાઈ ગયા હતા. બાકીના લોકોનાં નામ ઓકાવવા પોલીસે તેમના ઉપર ઘણા અત્યાચારો કર્યા હતા પણ કોઈ મોઢું ખોલતું ન હતું. છેવટે હારીથાકીને સરકારે તેમની પાસેથી ગુપ્તચરો દ્વારા બાકીનાં નામ કઢાવવાના પ્રયત્નો શરૂ કરી દીધા. સરકારે ભૂપેન્દ્રનાથ ચેટર્જી, જે ગુપ્તચર-ખાતાનો મુખ્ય અધિકારી હતો તેને જેલ-સુપરિન્ટેન્ડેન્ટ બનાવીને આ ક્રાંતિકારીઓ પાસેથી બાકીનાં નામો કઢાવવાની જવાબદારી સોંપી. ચેટર્જી દક્ષ અને બાહોશ અધિકારી હતો. તે બધા કેદીઓ સાથે આત્મીયતાથી વાતો કરીને પોતાનું ધાર્યું કામ કરી લેતો. પહેલાં તો તેણે ક્રાંતિકારીઓમાં આપસમાં ફૂટ પડાવવાનો પ્રયત્ન કર્યો પણ સફળ ન રહ્યો. કાચા અને હરખપદુડા માણસો ઊભરામાં તો મોટા કામમાં દાખલ થઈ જતા હોય છે, પણ પછી જ્યારે દુઃખ આવી પડે ત્યારે મક્કમ નથી રહી શકતા, તે ફસકી જતા હોય છે. પણ પૂરી કસોટી પછી જ ક્રાંતિકારી થયેલા આ લોકો જરાય ફસક્યા નહીં, તેથી ચેટર્જીએ તેમને સેક્સના માર્ગે પતિત કરવા પ્રયત્ન કર્યો. આ બહુ સરળ અને કારગર રસ્તો છે. જેલમાં રહેનારા લાંબા સમયથી કામભૂખ્યા હોય છે, તેથી બહુ સરળતાથી કામચક્રમાં ફસાઈ જતા હોય છે. પણ તેમાં પણ કોઈ સફળતા ન મળી.

ક્રાંતિકારીઓ સમજી ગયા હતા કે ચેટર્જીની શું નીયત છે. તેમણે તેને જ ખતમ કરી નાખવાનો કારસો ગોઠવ્યો. તા. ૨૮-૫-૧૯૨૬ ની સાંજે રોજના નિયમ પ્રમાણે ભૂપેન્દ્રનાથ જેલમાં રાઉન્ડ લગાવવા નીકળ્યો હતો. આજે કામ પાર પાડવાનું છે એવું નક્કી કરીને અનંત હરિએ પોતાના વૉર્ડનને બૂમ પાડીને પ્રાર્થના કરી કે “મારું ધોતિયું સૂકવ્યું હતું તે નીચે પડી ગયું છે. કૃપા કરીને બારણું ખોલો તો હું લઈ આવું.”

વૉર્ડને તાળું ખોલીને બારણું ખોલ્યું કે તરત જ ચાર ક્રાંતિકારી બહાર ધસી આવ્યા અને વૉર્ડનને દબોચી દીધો. તેની પાસેથી ચાવી અને સીટી પડાવી લીધી અને તેને દબાવી દીધો. એટલામાં તો ભૂપેન્દ્રનાથ ચેટરજી ત્યાં આવી પહોંચ્યો. બાકીના ચાર તેના ઉપર કૂદ્યા અને લોખંડના સળિયાથી તેની ખોપરી તોડી નાખી. તેને એટલો માર્યો કે તેના પ્રાણ નીકળી ગયા. પાછા બધા કેદીઓ ભેગા થઈ ગયા. પ્રત્યેક ઓરડીમાં જે જરૂર માટે પાણી રખાતું તેના દ્વારા પોતાની જ થાળીમાં લોખંડનો સળિયો ધોઈ નાખ્યો તથા પોતાના હાથ વગેરે પણ ધોઈ નાખ્યા. આ લોહીવાળું પાણી નાખવાની કોઈ જગ્યા ન દેખાતાં તે પાણી પોતે જ પી ગયા અને ડાહ્યાડમરા થઈને પાછા ઓરડીમાં બેસી ગયા.

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫૭ ઉપર)

*સુવ્યવસ્થા જાળવવા નીતિ પણ ચોખ્ખી હોવી જોઈએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૬

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

**શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓ દિવસે દિવસે વિકસતી જતી હતી. તેના અંતર્ગત શ્રી કચ્છી જૈન સેવા સમાજના મેડિકલ સેન્ટરમાં એક ટ્રેડ મિલ ટેસ્ટ (ટી.એમ.ટી.) યુનિટ વસાવવામાં આવ્યું. તે મશીનના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ શ્રી નવનીત પબ્લિકેશન્સ (ઇ.) લિ.ના ડાયરેક્ટર શ્રી હરખચંદ રામજી ગાલા (છોટુભાઈ)ના હસ્તે યોજવામાં આવ્યો હતો.**

સમારંભના અતિથિ વિશેષ પદે અમદાવાદનાં પ્રખ્યાત કાર્ડિયાક સર્જન ડૉ. અનિલ જૈન હતા. સમાજનાં સભ્યોએ બહોળા પ્રમાણમાં તથા અન્ય ઘણા આમંત્રિત મહેમાનોએ આ સમારંભમાં હાજરી આપી હતી.

સમારંભની શરૂઆતમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ પધારેલા સૌ આમંત્રિતો તથા સભ્યોને આવકાર આપ્યો હતો. તથા મેડિકલ ચેક-અપ સેન્ટરની અગત્યતા તથા તેના દ્વારા જાહેર જનતાને થતા લાભોની વિગતો આપી હતી. ત્યારબાદ સમારંભના ઉદ્‌ઘાટક શ્રી છોટુભાઈ ગાલાનું સન્માન સંસ્થાના મે.ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ, સમારંભના અતિથિ વિશેષપદ ડૉ. શ્રી અનિલ જૈનનું સન્માન સંસ્થાના ઉપપ્રમુખ શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતાએ તેમજ સમારંભમાં પધારેલ અમદાવાદ મેડિકલ એસોસિએશનનાં પ્રમુખ ડૉ. શ્રી યોગેન્દ્રભાઈ મોદીનું સન્માન સંસ્થાના બીજા ઉપપ્રમુખ શ્રી નવીનભાઈ શાહે પુષ્પગુચ્છ અર્પણ કરી કરેલ હતું. મહેમાનોએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

સમારંભમાં પધારેલ સૌ મહેમાનોએ પોતાના પ્રવચનમાં મેડિકલ સેવાઓની જરૂરિયાત અંગે ભાર મૂકેલ હતો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની આ ક્ષેત્રની સેવાઓને બિરદાવી હતી. આ ટી.એમ.ટી. મશીનનાં ઉદ્‌ઘાટન પ્રસંગ નિમિત્તે નવનીત પરિવાર તરફથી મેડિકલ સેન્ટરને રૂા. ૧ લાખના અનુદાનની જાહેરાત કરવામાં આવી હતી. આભારવિધિ બાદ સમારંભ પૂર્ણ થયેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં કેટલાક સમયથી નર્મદા નદીના કચ્છ માટેના સિંચાઈનાં પાણી તથા તેને લગતા કચ્છ બ્રાંચ કેનાલનાં કાર્યોનાં પ્રશ્ને સતત પ્રયત્નો ચાલેલ હતા. જેના અનુસંધાને તા. ૬-૩-૦૪ તથા તા. ૭-૩-૦૪નાં રોજ સમાજનાં ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ તથા અન્ય સમિતિઓનાં સભ્યોમાંથી ૨૮ સભ્યોનું એક જૂથ બે દિવસની કેવડિયા કોલોનીની મુલાકાતે ગયેલ હતું. આ પ્રકારની 'સ્ટડી ટુર' સમાજ તરફથી પ્રથમ વખત જ ગોઠવવામાં આવી હતી.

બે દિવસની યાત્રા દરમ્યાન પ્રથમ દિવસે સૌથી પ્રથમ મોડેલ હાઉસની મુલાકાત લેવામાં આવી હતી. આ મોડેલ હાઉસ જોવાથી ડેમના પૂર્ણ આયોજનનો ખ્યાલ આવી શકે છે. ડેમ સાઈટ, ડેમની ઊંચાઈ અને પહોળાઈ, કેનાલ હેડ પાવર હાઉસ, ઈરીગેશન બાયપાસ ટનલ, ડેમમાંથી પ્રથમ છોડવામાં આવતા પાણી માટેનાં વિવિધ પ્રકારનાં ચાર તળાવ તથા ૦.૦ કિલોમીટરથી ચાલુ થતી મેઈન કેનાલ વગેરેની સારી રીતે સમજ મેળવી શકાય છે. તે બાદ ક્રમશઃ ઉપર મુજબનાં દરેક આયોજનો વિગતવાર જોવામાં આવ્યા. આ પ્રવાસમાં આપણા કાયમી ટ્રસ્ટી શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન પણ જોડાયા હતા. આપણા સમાજનાં સભ્ય તથા નર્મદા નિગમનાં એન્જિનિયર શ્રી કિરીટ સંઘવીએ રસ દાખવી ઉપરોક્ત યોજના દરેક તબક્કે સમજાવી આ યોજનાની સંપૂર્ણ જાણકારી આપેલ. તેમના વગર કદાચ આ યોજનાની આટલી વિગતવાર માહિતી અને દરેક સ્થળની મુલાકાત શક્ય ના બની શકત.

આ યોજના બાબતે રસ ધરાવતા દરેક કચ્છીએ એક વખત સરદાર સરોવર બંધની તેમજ મેઈન કેનાલની મુલાકાત અવશ્ય લેવી જ રહી. નજરે જોયા વગર આ યોજનાનો અંદાજ બાંધવો અઘરો છે. બે દિવસનો પ્રવાસ ખૂબ જ માહિતીસભર તથા આનંદદાયક રહ્યો.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજની ૧૭મી સામાન્ય સભા તા. ૨૩-૫-૦૪નાં રોજ સાંજે ૪.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. સંસ્થાનાં મે.ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ ઉપસ્થિત રહેલ સૌ સભ્યોને આવકાર્યા હતા. તેઓએ જણાવેલ હતું કે ભારતભરનાં કચ્છી જૈન સમાજોમાં આપણા સમાજે માનભર્યું સ્થાન મેળવેલ છે તે બદલ સંસ્થાનાં નાના મોટા સૌ કાર્યકરો અભિનંદનને પાત્ર છે. આપણી કાર્ય પધ્ધતિથી અને સિધ્ધિઓથી પ્રભાવિત થઈ લોકો આપણી પાસેથી વધારે ને વધારે સેવાકીય કાર્યો થતા રહે તેવી અપેક્ષાઓ રાખી રહ્યા છે. પોતાના સામાજિક, વ્યવસાયીક કે અન્ય કારણોસર મુંબઈ જતા કચ્છી જૈનો માટે એક પણ અતિથિ ગૃહ નથી. તેથી આપણે મુંબઈમાં એક અતિથિ ભવનનું નિર્માણ કરીએ તેવી લોકલાગણી છે, જે એક મુશ્કેલ પડકાર છે. તેજ રીતે કચ્છનાં પ્રશ્નો અંગે પણ જરૂરી કાર્યવાહી શ્રી કચ્છી જૈન

*જેણે બહુ ભૂલ કરી હોય તેજ બીજાને બહુ ગભરાવતો હોય છે. - મોરારિબાપુ*

સેવા સમાજ - અમદાવાદ કરે તેવી અપેક્ષાઓ સેવવામાં આવે છે. આ બધા પડકારો ઝીલી લેવા માટે સૌ કાર્યકરો કટીબધ્ધ થાય તે માટે પ્રમુખશ્રીએ આહ્વાન આપ્યું હતું.

સંસ્થાનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ગત વર્ષ દરમ્યાન સંસ્થા તરફથી થયેલ સેવાકીય કાર્યવાહીનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. સંસ્થાનાં ખજાનચી શ્રી ચંદ્રકાંત દામજી શાહે વર્ષ ૨૦૦૩-૦૪નાં ઓડિટ થયેલ હિસાબોની વિગતવાર રજૂઆત કરી હતી. જેને સભાએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા. નિવૃત્ત થતા છ ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિનાં ૧૭ સભ્યોને સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

સામાન્ય સભા બાદ મળેલ ટ્રસ્ટ મંડળની બેઠકમાં ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાની મે.ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી તરીકે બિનહરીફ પુનઃ વરણી કરવામાં આવી હતી અને ત્યારબાદ મળેલ કારોબારી સમિતિની બેઠકમાં વર્ષ ૨૦૦૪-૦૫ માટે નીચે મુજબના હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | મે.ટ્રસ્ટી તથા પ્રમુખ |
| શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | ઉપપ્રમુખ |
| શ્રી કાંતિલાલ વેલજી સાવલા | ઉપપ્રમુખ |
| શ્રી પ્રતાપ નારાણજી દંડ | માનદ્ મંત્રી |
| શ્રી બાબુભાઈ ખેતશી મહેતા | સહમંત્રી |
| શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ખજાનચી |
| શ્રી રવિલાલ પોપટલાલ પારેખ | સહ ખજાનચી |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના સ્થાનિક સભ્યોના ઉત્કર્ષ માટે અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ છેલ્લા કેટલાક વર્ષોથી કરી રહેલ છે જેમાંની અમુક પ્રવૃત્તિઓ અંગે અમુક રકમ ફિક્સ ડિપોઝીટ તરીકે મૂકી તેના વ્યાજમાંથી આ પ્રવૃત્તિઓ ચાલે છે. બેંકનાં વ્યાજના દર નીચે ગયેલ હોવાથી આ પ્રવૃત્તિઓ ચલાવવામાં મુશ્કેલીઓ પડે છે જેની ચર્ચા અવારનવાર ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની બેઠકોમાં ચાલતી હોય છે.

આ પ્રવૃત્તિઓમાંની બે પ્રવૃત્તિઓ : (૧) બાલ સમૃધ્ધિ યોજના તથા (૨) સ્વામિવાત્સલ્ય જમણવાર, શ્રી માવજી ધારશી ફુરિયા તથા શ્રી બાબુભાઈ વેરશી નાગડાનાં સહકારથી ચાલુ કરવામાં આવેલ હતી. આ નાણાંકીય મુશ્કેલીઓની વાત આપણા ઉપરોક્ત દાતાઓના કાન સુધી પહોંચી. તેઓએ આ અંગે વિચાર કર્યો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો સાથે મિટીંગ કરી અને બાલસમૃધ્ધિ યોજના કે જેનું ભંડોળ ૮ લાખ રૂપીયા હતું તેમાં બીજા ૮ લાખ રૂપીયાનું અનુદાન તથા સ્વામિવાત્સલ્ય યોજના કે જેનું ભંડોળ રૂપીયા ૫.૫૦ લાખ હતું તેમાં બીજા ૭ લાખ રૂપીયાનાં અનુદાનની જાહેરાત કરી. જેને સમાજ તરફથી સહર્ષ વધાવી લેવામાં આવી અને બંને દાતાઓની ખૂબજ સરાહના કરવામાં આવી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પટાંગણમાં ૧૫મી ઓગસ્ટનાં દિવસે સવારનાં ૯.૦૦ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ સમાજનાં ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાનાં હસ્તે યોજાયો હતો. જેમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, કારોબારીના સભ્યો તથા અન્ય ઘણા સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

*(ક્રમશઃ)*

## કારાણી તેં જીવન કર્યું કલ્યાણ...

જીવન કર્યું કલ્યાણ,
કારાણી તેં જીવન કર્યું કલ્યાણ,
કચ્છી સાહિત્ય વાટીકાનો મોરલો,
બહુગુણ રત્નની ખાણ. ...કારાણી
આત્મજ્ઞાન ક્ષેત્રે અંધકાર હતો,
કચ્છી પોતાની જાતથી હતા અજાણ,
શબ્દ સૂર્ય થઈ તું પ્રગટ્યો,
"કચ્છડો ખેલ્યો ખલકમેં" દ્વારા કીધી જાણ ...કારાણી
કચ્છીમાં કવિતા કરી,
ભાષામાં પૂર્યા પ્રાણ,
વિવિધ વિષય ખેડ્યાં,
બાબાણી બોલીના બળુકા પ્રમાણ. ...કારાણી
કાળ સ્વભાવે ક્રુર ઘણો,
ઊગતા સૂર્યની રાખે પિછાણ,
ભવ્ય ભૂતકાળના હીરલા,
એને પથ્થર સમાન. ...કારાણી
એ હીરલાનું મૂલ પારખે,
ઈતિહાસકાર ઝવેરી સુજાણ,
કચ્છ કલાધરો કાલગ્રસ્ત,
કારાણી તેં કરાવી ઓળખાણ. ...કારાણી
સંસાર કે સાહિત્ય સમંદર સમાન,
ગુરુ છે પાર પમાડનાર વહાણ,
'રશ્મિન્' હેમખેમ કિનારે આવીયો,
કરી ગુરુને વારંવાર પ્રણામ. ...કારાણી

**કચ્છી સાહિત્ય સમ્રાટ કચ્છના મહાકવિ**
**સ્વ. પૂ. દુલેરાય લાખાભાઈ કારાણીજીને ભાવભીની માનાંજલિ...**

(છંદ : અનુષ્ટુપ)

કચ્છી સાહિત્યના ભાનુ કારાણી સ્વર્ગ સંચરે,
કચ્છી સાહિત્ય ક્ષેત્રે તો આજ અંધારી રાત છે,
કચ્છ કલાધર ગ્રંથોમાં રચ્યો ઈતિહાસ કચ્છનો,
શબ્દ-કોષ રચ્યો આપે, ગ્રંથો - કવિતાના રચ્યાં.

*રશ્મિનનો રણકાર ભાગ-૨ માંથી સાભાર*

શુભેચ્છા સહ : **સૌ. લીનાબેન હંસકુમાર શાહ**
**HEMANT SURGICAL INDUSTRIES LTD.**
647, Girgaum Road, Near Dhobi Talao, Avijah Bldg.,
Gr. Floor, No. 6 & 7, Mumbai-400 002. INDIA.
Tel. : 2203 0935 / 36 • Fax : 91-22-2207 7585
Web : www.hemantsurgical.com
E-mail : info@hemantsurgical.com

# મને વધારે વિચારો આવે છે

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

૩૮ વર્ષના એન્જિનિયર રૂપેશને છેલ્લા ત્રણેક વર્ષથી વધારે વિચારો આવતા હતા. રૂપેશને વિચારો આવતા હતા કે ઓફિસના બીજા કર્મચારીઓ એની વિરુદ્ધમાં છે, એના વિશે જ વાતો કરે છે, એની દરેક હિલચાલ પર છૂપી રીતે નજર રાખે છે. એનો ફોન ટેપ થાય છે. ઓફિસમાં તથા ખાસ કરીને એની કેબિનમાં છૂપા કેમેરા તથા ટ્રાન્સમીટર લગાડ્યા છે. એની હલનચલન પર બારીકાઈથી ધ્યાન રાખે છે, મારા પર નજર રાખે છે.

રૂપેશનું કામમાં મન લાગતું ન હતું. કામમાં ભૂલો થતી હતી. સ્વભાવ ચીડિયો થઈ ગયો હતો.

રૂપેશે ઉપરોક્ત વિચારો વિષે ઉપરી અધિકારીને ફરીયાદ કરી હતી. ઉપરી અધિકારીએ જણાવ્યું કે ઓફિસમાં આવું કાંઈ થતું નથી. આ તારા મનનો વહેમ છે. તારા કામમાં હમણા હમણા ભૂલો થાય છે. કામમાં ધ્યાન આપ.

રૂપેશે પત્નીને ઓફિસના વાતાવરણ વિષે ફરિયાદ કરી. અને કહ્યું કે મારી પ્રગતિથી બીજા કર્મચારીઓ ખુશ નથી, મારી ઈર્ષા કરે છે અને મને તકલીફ આપે છે. આથી હું બીજી નોકરી શોધી રહ્યો છું. થોડા સમય બાદ એણે આ નોકરીમાંથી રાજીનામું આપ્યું અને બીજી નોકરીએ લાગ્યો.

ત્રણેક મહિના નોકરી કર્યા બાદ બીજી નોકરીમાં પણ રૂપેશને લાગવા માંડ્યુ કે આ ઓફિસમાં પણ સહકર્મચારીઓ એની વિરુદ્ધમાં છે. અહીં પણ એનો ફોન ટેપ થાય છે. કામમાં ભૂલો થતી હતી. કામ પર રૂપેશ અનિયમિત થઈ ગયો.

પત્નીને શરૂઆતમાં રૂપેશની વાત સાચી લાગતી હતી. પત્નીને થતું હતું કે મારો પતિ બુદ્ધિશાળી છે, હોશિયાર છે તેથી એની પ્રગતિ ઓફિસના સહ કર્મચારી સહન કરી શકતા નથી. તેઓ રૂપેશને હેરાન કરે છે. કામમાં ખલેલ પહોંચાડે છે જેને લીધે એના કામમાં ભૂલો થાય અને રૂપેશની પ્રગતિ અટકી જાય.

બીજી નોકરીમાં પણ રૂપેશે રાજીનામું આપી દીધું. છ એક માસ રૂપેશ ઘરે રહ્યો. ઘરમાં દિવસના બારીઓ બંધ રાખતો. બારીના પડદા પણ બંધ જ રાખતો. એને વિચાર આવતા હતા લોકો એને જુએ છે, એના પર નજર નાંખે છે. એનું અને એના કુટુંબનું નુકસાન કરશે. અચાનક એક દિવસ બાળકોને સ્કૂલે જવા ન દીધાં. એને ત્યારે વિચાર આવ્યો હતો કે પહેલાની ઓફિસના કર્મચારીઓ બાળકોને નુકસાન પહોંચાડશે, બાળકોનું અપહરણ કરશે.

બાળકોને સ્કૂલે ન જવા દેવાની વર્તણૂક તથા બારીઓ અને પડદા દિવસે બંધ રાખવાની જીદથી પત્ની તથા કુટુંબીજનોને લાગ્યું કે રૂપેશ નોરમલ નથી. એને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે આ બધા તારા વહેમ છે, શંકા છે, હકીકત નથી. પણ રૂપેશ ટસનો મસ ન થયો. ગુસ્સે થઈ ગયો અને પત્નીને લાફો મારી દીધો.

કુટુંબીજનોને લાગ્યું કે કોઈએ રૂપેશ પર મેલી વિદ્યા કરી છે નહિ તો આવો બુદ્ધિશાળી, હોશિયાર રૂપેશ આ પ્રમાણે ન કરે. ભૂવાને બતાડી એની વિધિ કરી. ત્રણેક મહિનાને સમય નીકળી ગયો. કોઈ પણ ફરક ન પડ્યો. કુળદેવીના સ્થાને પગે લગાડી આવ્યા. રૂપેશની વર્તણૂક, વિચારોમાં ફરક ન પડ્યો.

આ સમય દરમ્યાન રૂપેશ પોતે ઘરની બહાર નીકળતો ન હતો. પત્નીને પણ ઘણી વખત ઘરની બહાર જવા ન દેતો. એણે ફોન પર વાત કરવાનું બંધ કરી દીધું હતું. સતત ભય અને શંકામાં જીવતો હતો. “અમારું કોઈ નુકસાન કરશે, અમને મારી નાંખશે” એ વિચારો વધતા જતા હતા.

એક હિતેચ્છુએ મનોચિકિત્સકની (લેખકની) સલાહ લેવાનું કહ્યું. કુટુંબીજનોએ દલીલ કરી કે આ તો કોઈએ કાંઈ કરી નાંખ્યું છે. આમાં ડૉક્ટરનું કામ નથી. હિતેચ્છુએ લેખક પાસેથી સારવાર બાદ નોરમલ થયેલ એક ભાઈનો દાખલો આપ્યો. છેવટના ઉપાય તરીકે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવા કુટુંબીજનો તૈયાર થયા.

લેખકે ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક રીતે તપાસ કરતા અન્ય લક્ષણો પણ મળ્યા. રૂપેશ નજીવી બાબતોમાં ગુસ્સે થઈ જતો હતો (જે એના સ્વભાવમાં ન હતું) ઘણી વખત એને લાગતું કે રસોઈમાં સ્વાદ બદલાઈ ગયો છે, કોઈ ખાવામાં ઝેર આપી દેશે એટલે ઘરમાં ન જમતો.

રૂપેશે લેખકને તપાસ દરમ્યાન જણાવ્યું કે ડોક્ટરના કન્સલ્ટિંગ રૂમના વેઈટીંગ રૂમમાં પણ એની જૂની ઓફિસના કર્મચારીઓ અલગ રૂપમાં આવ્યા છે.

## • નિદાન :

રૂપેશનો કેસ પેરાનોઈડ સાયકોસીસ શંકાની બીમાર (ચિંતાભ્રમ મનોભ્રમ) નો કેસ છે.

***રૂપેશના કેસમાં બીમારીની નકારાત્મક અસરોઃ***

(૧) રૂપેશની પ્રથમ નોકરીમાં પગાર તથા બીજી સવલતો સારી મળતી હતી. જો યોગ્ય સમયે નિદાન કરી સારવાર કરી હોત અને નોકરીએ ચાલુ રહ્યો હોત તો વ્યવસાયિક ક્ષેત્રમાં આગળ વધી શક્યો હોત.

(૨) નોકરીએ ચાલુ રહ્યો હોત તો બઢતી બાદ પગાર સારો મળત. નાણાકિય રીતે સધ્ધર થાત. બીજી નોકરીમાં પગાર

*જ્યારે પણ કોઈને મદદ કરો, તદ્દન ઉદાર મનથી કરો.*

પહેલાની નોકરી કરતા ઓછો મળતો હતો.

(૩) દસેક મહિના વચ્ચે નોકરી ન હોવાથી નાણાંકિય તંગી રહેતી હતી.

(૪) પત્ની અને બાળકો માનસિક તાણમાં જીવતા હતા તથા બાળકોના અભ્યાસ પર નકારાત્મક અસર થયેલ.

- **સારવાર :**

(૧) ગોળીઓની સારવાર (Antipsychotic medication) શરૂ કરી.

(૨) પત્ની તથા અન્ય કુટુંબીજનોને આ બીમારીની વૈજ્ઞાનિક જાણકારી સરળ ભાષામાં આપી તથા લેખકે ગુજરાતીમાં લખેલ આ બીમારી વિષેની પુસ્તિકા આપી.

(૩) કુટુંબીજનોને સાથ, સહકાર તથા સમજદારી પૂર્વકની વર્તણૂક માટે ચર્ચા કરી.

આ બધાનું પરિણામ સારૂં આવ્યું. ચાર અઠવાડિયામાં તો રૂપેશના વિચારો, વર્તણૂકમાં ફેરફારો થયા. અભિગમ તથા સ્વભાવમાં ફેરફારો કરવા કાઉન્સેલિંગ શરૂ કર્યું.

બે મહિનાની સારવારમાં તો નોકરીએ જવાનું શરૂ કર્યું.

- **વૈજ્ઞાનિક પદ્ધતિથી મનની તપાસઃ**

શરીરની તપાસ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરાય છે તથા લેબોરેટરી તપાસ, એક્ષ-રે, સોનોગ્રાફી, સી.ટી.સ્કેન, એમ.આર.આઈ. સ્કેન, એન્જિઓગ્રાફી વગેરેની મદદ લેવાય છે.

તેવીજ રીતે વૈજ્ઞાનિક પદ્ધતિથી મનની તપાસ કરાય છે. (Mental States Examination) તથા સાયકોલોજિકલ ટેસ્ટ - રોશાક ટેસ્ટ (Rorschach Test), એમ.એમ.પી.આઈ. (MMPI), બુદ્ધિઆંક (I.Q.) યાદશક્તિ માટે એમ.એમ.એસ.ઈ. (MMSE), બેન્ડર જેસ્ટાલ્ટ ટેસ્ટ (B.G.) વગેરેની જરૂરત પ્રમાણે મદદ લેવાય છે.

મનની તપાસ (Mental States Examination M.S.E.) મનોચિકિત્સક વાતચીત દ્વારા કરે છે જેમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે છે : (૧) વ્યક્તિના હાવભાવ, વર્તણૂક, પહેરવેશ; (૨) મુડ, (૩) વિચારો-વિચારધારા તથા વિચારોનો વિષય, (૪) વાણી, (૫) યાદશક્તિ - તાજેતરની તથા ભૂતકાળની, (૬) સમય, તારીખ - સ્થળની સમજદારી, (૭) વ્યક્તિને સમજાય છે કે એ બીમારી છે કે નહીં? સારવાર કરવાની જરૂરત છે કે નહીં? તથા વ્યક્તિ સારવાર કરશે કે નહીં?

- **વિચારોની વૈજ્ઞાનિક તપાસ :**

સામાન્ય રીતે દરેક વ્યક્તિને વિચારો આવે જ છે. ભાગ્યે જ એવી નોરમલ વ્યક્તિ હશે કે જે જાગૃત અવસ્થામાં વિચારો વગર રહી શકે (ઋષિમુનિઓ સિવાય). વિચારો એ મનની પ્રક્રિયા છે. વિચારો પરથી મનની જાણકારી મળે છે. સામાન્ય રીતે વિચારો વ્યક્તિના કાબૂમાં હોય છે. વ્યક્તિને જે વિચારવું હોય એ જ વિચારે છે. રોજિંદા કાર્યો વ્યક્તિ વ્યવસ્થિતપણે કરી શકે છે.

મનની બીમારીઓમાં વિચારો દર્દીનો કાબૂ લઈ લે છે. વિચારો સતત આવ્યા કરે છે. તથા રોજિંદા કાર્યો પર નકારાત્મક અસર થાય છે. કાર્યોમાં ભૂલો થાય છે. દર્દી વિચારો બદલાવી શકતો નથી. દર્દીને સલાહ આપવી કે વિચાર કંટ્રોલ કર કે વિચારો બદલાવ એ ટાઈફોઈડના દર્દીને સલાહ આપવી કે તાવ કંટ્રોલ કરવા બરાબર છે.

- **વિચારોનો વિષય :**

**હતાશાની બીમારી :**

(૧) નકારાત્મક વિચારો : "ભવિષ્ય અંધકારમય છે. "નુકસાન થવાનું છે," "કોઈ સારૂં નહીં થાય" "હું નિષ્ફળ વ્યક્તિ છું" "પોતે કોઈ કામનો નથી".

(૨) અપરાધભાવના વિચારો : "હું પાપી છું" "હું કુટુંબને બોજારૂપ છું" "મારા થકી બીજા દુઃખી થાય છે"

(૩) આત્મહત્યાના/મરવાના વિચારો : "આના કરતાં મરી જવું સારું" "ભગવાન મને જલદી બોલાવી લે"

**મનોભ્રમ/ચિત્તભ્રમની બીમારી :**

(૧) ભ્રમ શંકાઓ આવે - લોકો મારી વિરુદ્ધ છે, મારા પર નજર રાખે છે, પોલીસ મારી પાછળ છે, વિજાણું યંત્રો દ્વારા મારા પર દેખરેખ રખાય છે.

(૨) ખાવામાં ઝેર આપે છે, કુટુંબીજનો મને મારી નાંખશે (દરદી ઘરે જમતો નથી, પોતાની મેળે પાણી પીએ છે, ચા બનાવી પીએ છે)

(૩) મારા વિચારો બીજા લોકો જાણી જાય છે, મારી વાતો મારા વિચારો રેડિયો, ટી.વી., વર્તમાનપત્રોમાં છપાય છે.

**ડર (Phobia) :**

(૧) રેલવે, બસ, વિમાનની મુસાફરીમાં ડરના વિચારો આવે છે "અકસ્માત થશે. હું મરી જઈશ"

(૨) બંધ જગ્યાઓ જેવી કે લિફ્ટ, સિનેમા, થિયેટરમાં ડર લાગે છે. વ્યક્તિ આ જગ્યાઓએ જવાની ના પાડે છે.

(૩) વધારે લોકો હોય - લગ્ન, પાર્ટી, સામાજિક પ્રસંગોમાં ડર લાગે છે.

**ઓબ્સેસીવ વિચારો (Obsessive Thoughts) :**

(૧) ગંદકીના વધારે પડતા વિચારો આવે છે.

(૨) વસ્તુઓ વ્યવસ્થિત ક્રમવાર ગોઠવવાના વિચારો આવે છે.

- **સારાંશ :**

વધારે વિચારો આવવા, વિચારો પર વ્યક્તિનો કાબૂ ન રહેવો, વિચારોને લીધે કાર્યોમાં ભૂલ થવી, વિચારોમાં ખોવાઈ જવું તથા એ વખતે આજુબાજુનું ધ્યાન ન રહેવું. અયોગ્ય વિચારો પ્રમાણેની અયોગ્ય વર્તણૂક કરવી વગેરે મનની બીમારીનું લક્ષણ છે. મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ, યોગ્ય નિદાન કરી સારવાર કરવાથી વ્યક્તિ નોરમલ ગુણવત્તાભર્યુ જીવન જીવી શકે છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક,*
*'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*ઈચ્છાનો અંત લાવ્યા વિના શાંતિ અને પ્રસન્નતા ચિત્તમાં વસી શકતા નથી.*

# અવનીની વેદના

• ડૉ. ઊર્મિલા શાહ •

હજી તો અવનીની માને ગુજરી ગયે પૂરા ચોવીસ કલાક પણ થયા નથી ત્યાં તો તેના પતિ પંકજની ચડભડ ચાલુ થઈ ગઈ. સ્મશાનેથી સૌ ડાઘુ આવી ગયા. નાહીધોઈને સૌ બેઠાં હતાં ત્યાં તો અંદરની રૂમમાં જરા બોલાચાલી સંભળાઈ ... દિનકરભાઈની એકની એક દીકરી અવની અને તેના પતિ પંકજને કંઈક માથાકૂટ ચાલતી હતી. પત્નીના અવસાનનો આઘાત તો હજી સહેજેય ઓછો થયો ન હતો ત્યાં વળી પાછું શું ચાલ્યું? દિનકરભાઈને ધ્રાસકો પડ્યો.

અવની રડતાં રડતાં કરગરી રહી હતી. "તમને આવો વિચાર જ કેમ આવે છે?"

"ના આવે તો બીજું શું થાય? તારા એ પ્રિન્સિપાલને તો હું જોઉં છું ને મને થઈ જાય છે કે એમને શું કરી નાખું? તારી માને ફૂલ ચડાવવાની ને પગે લાગવાની એમને શું જરૂર હતી! એની માને તો કદીય પગે નહીં લાગ્યો હોય. અને અહીં બધાં ધતિંગ કરવા બેઠો હતો. લબાડ નહીં તો. તું તારી માના પગ પાસે બેઠી હતી ને ત્યાં ફૂલ ચડાવી પગે લાગવાના બહાને તારા માથાને તેણે એનું માથું અડાડ્યું.

હલકટ છે હલકટ. દંભી નહીં તો... ને તું ય સાવ બુદ્ધુ જેવી છે. કશી સમજ પડે તો ને! ક્યાંથી પડે? આમ ને આમ ગામ આખુંય તને ભોળવી જાય ને તોય તને કશી ગતાગમ પડે એવી નથી. ક્યારે સમજ આવશે તારામાં? આ તો અહીં મેં સગી આંખે જોયું ત્યારે ખબર પડી, તો સ્કૂલમાં તો કોણ જાણે શું ય થતું હશે? હવે મને ખબર પડી કે આટલું બધું તું સ્કૂલ સ્કૂલ કેમ કરે છે? ને બાકી હતું તે એમને ખભે માથું નાખી રડવા માંડી. કેમ?

તારે કોઈ બીજાં સગાંવહાલાં નહોતાં? અમે બધાં મરી ગયાં હતાં? એની ઉપર બહુ હેત શું વરસી જતું હતું! તો ત્યાં જ જઈને રહેને! શું કામ મારા જેવાને ત્યાં પડી રહી છે! ખબરદાર... જો હવે મારું નામ દીધું છે તો, આજથી મારે ને તારે કોઈ સંબંધ નથી સમજી!" ને એમ કહેતામાં તો પંકજ રૂમની બહાર નીકળી ગયો – ધૂંધવાતો ધૂંધવાતો. મોં ફુંગરાવીને બાજુની રૂમમાં બધાં બેઠાં હતાં તેમની વચ્ચે આવીને બેઠો... સૌ કોઈને ખ્યાલ આવી ગયો કે કંઈક અણઘટતું બન્યું છે, પણ આવા પતિપત્નીના નાજુક સંબંધમાં કોણ, શું કહી શકે?

અવની પણ કોને કહે? શું કહે? એક તો છેલ્લા છ એક મહિનાથી માની એકધારી માંદગી. એનાં મા-બાપની એ એકની એક જ દીકરી, ભાઈભાંડુ કોઈ જ નહીં અને એટલે માબાપને સંભાળવાની જવાબદારી તો તેની જ. બીજું કોઈ સંતાન ન હોય એટલે માંદગીમાં માબાપને અપેક્ષા પણ અવની પાસે જ હોય ને!

... ને તેમાં વળી એને નાના બે સંતાન. પિન્ટુ પાંચ વર્ષનો ને પિન્કી માત્ર ત્રણ વર્ષની. બંને અણસમજણાં. આખાય ઘરનું કામકાજ, બે બાળકો અને એમાં ઓછું હોય તેમ સ્કૂલમાં નોકરી. ક્યારેક તો અવનીને થઈ જતું, 'આના કરતાં હું ભણી ન હોત તો સારું થાત.' એ ભણી હતી એટલે પંકજને પણ તેની પાસે અપેક્ષા હતી. 'તે ઘણીય કમાઈ લાવશે. લગ્ન થયા ત્યારે તો પંકજ નોકરીય કરતો હતો પણ સ્વભાવે સાવ મનમોજીલો. મન ફાવે ત્યારે ઊઠે, મન ફાવે ત્યારે ન્હાય, ને તૈયાર થાય. ઑફિસે ક્યારેય ટાઈમસર ગયા છે ખરા? મને રોજ થતું હતું કે આમ ને આમ એક દિવસ નોકરી જશે અને એટલે હું એમનું કામ, બીજું બધું કામ પડતું મેલીને પહેલું કરતી, એમની થાળી ટાઈમસર તૈયાર હોય જ. ભલેને છોકરાં રડતાં હોય ને છતાંય મારા સમ છે જો એક્કેય દિવસ ઑફિસે ટાઈમસર ગયા હોય તો! ને આખરે એક દિવસ બન્યું પણ એવું જ, નોકરીમાંથી તેને છૂટા કરવામાં આવ્યા.

મારે માથે તો જાણે આભ તૂટી પડ્યું. મને ખૂબ આઘાત લાગ્યો. આ કાળઝાળ મોંઘવારી. ઘરમાં ઘરડાં બા ને બાપુજી. બે બે નાનાં બાળકો. હું ગૃહસ્થી કેમ ચલાવીશ? કશું જ સમજાતું ન હતું. મારી મૂંઝવણ અને અકળામણનો કોઈ પાર ન હતો. પણ પંકજના તો પેટનું પાણીય હાલતું ન હતું. મેં પપ્પાને પેટછૂટી વાત કરી. પપ્પા તો સ્કૂલમાં આચાર્ય હતા એટલે શિક્ષણક્ષેત્રમાં ઓળખાણો સારી. નસીબસંજોગે મેંય બી.ઍડ. કરેલું હતું એટલે મને પપ્પાની ભલામણથી નોકરી મળી ગઈ. સ્કૂલ સામાન્ય કક્ષાની હતી. ઘરથી દૂર હતી. પણ થયું, ચાલશે. બે બે બાળકો, ઘરનું બધું કામકાજ. બાની તબિયત તો ક્યાં સારી રહેતી હતી! તેમની પાસેય આશા ક્યાંથી રખાય! પણ છતાંય મારી પાસે કોઈ વિકલ્પ જ ન હતો, મને થયું... એક વાર શરૂ તો કરી દઉં... આવક તો ચાલુ થઈ જાય. નહીં તો ઘર કેવી રીતે ચલાવીશ? એમ કરતાં ક્યાંક પંકજને નોકરી મળી જશે ને નહીં પહોંચાય તો નોકરી મૂકી દઈશ. પણ અત્યારે તો નિભાવી લઉં. ને એમ વિચારી મેં એ ચેલેન્જ સ્વીકારી.

સવારના પાંચ વાગ્યામાં ઊઠી જતી. છોકરાંઓના ઊઠતાં પહેલાં રસોઈપાણી કરી પરવારી જતી. ને પછી છોકરાંઓની પળોજણમાં ક્યાં દસ વાગી જતા તેય સમજાતું નહીં. સ્કૂલે પહોંચવા બસનો ટાઈમ તો સાચવવો જ પડે ને? એટલે ક્યારેક જમવાનો ટાઈમ રહે તો જમતી ને નહીં તો સીધું સાંજે... એકટાણાનું વ્રત. શું થાય? ઈશ્વર પણ મારી કસોટી કરી રહ્યો હતો ને! પણ પંકજને નોકરી મળશે એ એક જ આશાએ આ બધો ભાર વેંઢાર્યે જતી હતી.

*છેવટે ભવિષ્ય પણ આપણાં કર્મો જ નક્કી કરે છે.*

હારીથાકીને કોઈક વાર પંકજને કહેતી, "ક્યાંક તપાસ તો કરો. આમ નોકરી વીના જીવન શે જિવાશે? ને એ ગુસ્સે થઈ જતા. જા શોધી આવ તું નોકરી. એમ રસ્તામાં પડી છે નોકરી?"

ને મને ય મનમાં અકળામણ થતી. એમનામાં ઉત્સાહ જ ન હતો, ખંત જ ન હતો, motivation જ ન હોય તો શું? નોકરી કંઈ સામેથી આવીને ન મળે. પણ પાંચ ઠેકાણે તપાસેય કરવી પડે. ધક્કાય ખાવા પડે. ઓળખાણ પિછાણનો ય ઉપયોગ કરવો પડે. આ બધી મને ચિંતા હતી પણ પંકજ તો જાણે નિરંજન નિરાકારની જેમ જ વર્તતા હતા. દિવસે દિવસે એ તો નિશ્ચિંત જ થતા જતા હતા. કારણ મને પગાર પણ સારો મળતો હતો ને! ને ગમે તેમ ખેંચીને ય હું એમાં નિભાવી લેતી. ક્યારેક મૂંઝાતી, અકળાતી ... પણ કહેવાનો કે બોલવાનો કશો જ અર્થ પણ સરે તેમ ન હોય ત્યાં કહીને ય શું કરવાનું? હૃદયમાં અસહ્ય વેદના સાથે અને પાર વિનાના શારીરિક શ્રમ સાથે હું એક પછી એક દિવસ ટૂંકા કરી રહી હતી. મને ય સમજાતું હતું કે આ પરિસ્થિતિમાં મારી નોકરી મારા માટે કેટલી મહામૂલી છે! અને એટલે એ હું નિષ્ઠાપૂર્વક કરતી. પણ પંકજને તો એ પણ ક્યાં ખમાતું હતું! એનું ય એમણે તો ઊંધું જ અર્થઘટન કરવા માંડ્યું હતું ને!

એક વાર તો મારી ય ધીરજનો અંત આવી ગયો. સવારથી ઊઠીને એકધાર્યું ગધ્ધાવૈતરું કરતી હું ... કેટલુંક ખમી શકું? ને મારાથી પંકજને કહેવાઈ ગયું ... "જરા જાતે પાણી લઈ લો ને!" ને એમનો અહમ્ ભભૂકી ઊઠ્યો. પુરુષપ્રધાન સમાજમાં ઊછર્યા છે ને! એ આ કેમ સાંખી શકે? ને એમણે મને એક લપડાક ચોડી દીધી. ને ત્યાં જ બાનું રસોડામાં પ્રવેશવું. ઘડીભર તો એય સમસમી ગયાં. પણ પંકજ તો એમના પેટનો દીકરો હતો ને! ને હું તો વહુ, પારકીજણી. ને મને બાએ ઉપરથી ઠપકો આપ્યો, "એને તું કેમ સાચવી લેતી નથી? તું જાણે તો છે કે એનો સ્વભાવ ગરમ છે." ને મને જાણે પડ્યા પર કોઈ પાટું મારતું હોય તેવું થયું. વગર વાંકે લપડાક મારી મારું હડહડતું અપમાન કર્યું હતું. તેનું તો કશું નહીં ને ઉપરથી જાણે બધા માટે હું જ જવાબદાર! મારા હૃદયમાં પડેલા ઘા પર જાણે મીઠું ભભરાવાતું ન હોય! ક્યારેક તો મને જ મારું મન પૂછતું : તું કોને માટે જીવે છે? શાને માટે જીવે છે? પણ નજર આગળ પિન્ટુ ને પિન્કી આવતાં ને હું પાછી શાંત પડી જતી. મનને સ્વસ્થ કરી દેતી અને ભગવાનને આંખો મીંચી કહેતી ... "તારે ય મારી કસોટી કરવી હોય એટલી કરી લે. કસોટી તો સોનાની જ થાય છે, કથીરની નહીં. ભગવાન! જોઉં છું હવે કોણ જીતે છે..." ને એ વંટોળમાં જાણે હજી ઓછું હોય તેમ મારી માનું મૃત્યુ... પતિનો પ્રેમ તો પામવાનું મારું સદ્ભાગ્ય જ ન હતું. ઈશ્વરે મને એમાંથી બાકાત રાખી છે, મારે માટે પ્રેમ પામવા માટે ફક્ત એક જ પાત્ર હતું. ને તે મારી વહાલસોયી મા ને તેનેય પ્રભુએ છીનવી લીધી! હે ભગવાન!... તેં શું ધાર્યું છે! મેં તારો એવો તે શું ગુનો કર્યો છે કે તું મને કસોટીની એરણ પર આમ ટીપી રહ્યો છે! અને હું લગભગ ભાંગી પડી હતી. મારામાં હવે જીવન જીવવાની હામ જ ન હતી. ધીરજ જ ન હતી. પણ પપ્પાનું પછી કોણ! ને એ વિચારે હું હિંમત રાખીને બેઠી હતી. હજી તો મારી એ માના અવસાનને પૂરા ચોવીસ કલાક માંડ થયા ન હતા ત્યાં ફરી પંકજે ભર્યા ઘર વચ્ચે આ ધમાલ કરી. મને થયું હમણાં જ આત્મહત્યા કરું ... જીવતાં જ મૃત્યુ જેવું જીવીને શું કામ છે? તેના કરતાં મોત શું ખોટું? પણ ત્યાં તો મારા પિન્ટુ, પિન્કી અને પપ્પા મારી નજર આગળ આવ્યાં. મેં મારાં ડૂસકાં પ્રયત્નપૂર્વક અંદર ને અંદર સમાવી દીધાં, ઊભી થઈ મેં મોં ધોયું. આંખો લૂછીને બહારના રૂમમાં આવીને બેઠી. દુનિયાની લાજે ... પપ્પાની નજર મારી સામે જ મંડાયેલી હતી. એમની આંખોમાં ભારોભાર દુઃખ હતું. પણ કોણ કોને સાંત્વન આપે!

*૨૫, પાર્થ બંગ્લોઝ, એસ.જી. હાઈવે*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫.*
*મો. ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## ફાંસીના વરરાજાઓ

**(અનુ. : પાના નં.-૧૫૧ ઉપરથી ચાલુ)**

પેલા વૉર્ડનને હવે ધમકી આપીને છૂટો કરી દીધો હતો. તેણે તરત જ ઉપર જઈને ઘંટ વગાડવા માંડ્યો. જોરજોરથી ઘંટ વાગવાથી જેલના કર્મચારીઓ દોડતા આવ્યા. બૉમ્બકેસ ઉપરાંત ભૂપેન્દ્રનાથની હત્યાનો કેસ પણ દાખલ થયો. આ કેશ વિશેષ ટ્રિબ્યુનલ આગળ ચાલ્યો. તા. ૧૫-૬-૧૯૨૬ ના રોજ તેનો નિકાલ થઈ ગયો.

અનંત હરિ મિત્ર અને પ્રમોદ રંજનને ફાંસીની સજા થઈ. બીજા ક્રાંતિકારીઓને જન્મટીપથી કેટલાંક વર્ષોની સજા થઈ.

ક્રાંતિકારીઓ અપીલમાં ગયા, પણ કાંઈ કશું વળ્યું નહીં. અંતે ૨૮-૯-૧૯૨૬ ના રોજ અનંત હરિ મિત્ર અને પ્રમોદ રંજન ચૌધરીને ફાંસીએ લટકાવી દીધા. આ લોકો રાષ્ટ્રગીત ગાતાંગાતાં ખુમારીથી ફાંસીએ લટક્યા હતા.

કહેવાય છે કે તેમને મોતનો જરા પણ ભય લાગ્યો ન હતો. "વંદે માતરમ્" અને "ઇન્કિલાબ ઝિંદાબાદ" ના નારા સાથે દેશની આઝાદીની બલિવેદી ઉપર તે લટકી ગયા હતા.

અહિંસાવાદીઓ ક્રાંતિકારીઓ દ્વારા થતી હિંસાનો સ્વીકાર ન કરતા, પણ તો પછી આઝાદી માટે તેમની પાસે બીજો માર્ગ પણ ક્યાં હતો? હિંસાવાદી અને અહિંસાવાદી બંનેનું લક્ષ્ય તો એક જ હતું - આઝાદી. તેની સફળતામાં આ ક્રાંતિકારીઓનું યોગદાન ઓછું ન કહેવાય. અંગ્રેજો અહિંસાવાદીઓથી જરાય ડરતા ન હતા, કારણ કે તે કશી હિંસા કરતા નહીં. તેઓ આંદોલન કરતા અને હોંશેહોંશે પકડાઈને જેલમાં આજ્ઞાંકિત થઈને રહેતા, પણ આ હિંસાવાદી ક્રાંતિકારીઓથી બધા ફફડતા રહેતા. અંદર અને બહાર બંને જગ્યાએ તેમની ભારે ધાક હતી. ક્યારે કોનું કામ તમામ કરી દે તે કહેવાય નહીં. તેથી અહિંસાવાદીઓની સફળતામાં મોટો હાથ હિંસાવાદીઓનો પણ કહેવાય, કારણ કે જો અહિંસક આંદોલન નિષ્ફળ જાય તો હિંસક આંદોલનને કચડી નાખવું અંગ્રેજો માટે કઠિન હતું.

આપણા માટે ફાંસીએ લટકનારા અને જેલયાતના ભોગવનારા આ ક્રાંતિકારીઓને વંદન. ■

*ક્ષમતા પર વિશ્વાસ રાખો, દોરી સંચાર ઉપરવાળો કરશે.*

# કારકિર્દી માટે શું જરૂરી?

## પરીક્ષાના પરિણામથી નાસીપાસ થશો નહીં

● શાંતિલાલ સંઘવી ●

માસ માર્ચ-એપ્રિલ એ વિવિધ પરીક્ષાઓની સીઝન છે. ઘણા વિદ્યાર્થીઓ ઓછા માર્ક મળવાને કારણે તથા નાપાસ થવાની બીકે આત્મહત્યા કરીને જીવન ટૂંકાવે છે ત્યારે નીચે જણાવેલ વિગતો જાણવાનું જરૂરી છે.

ખુદ ગાંધીજી બીજા ધોરણની ઈતિહાસ, ભૂગોળ અને અંગ્રેજીની પરીક્ષામાં નાપાસ થયા હતા અને મેટ્રિકમાં પણ બીજા પ્રયત્ને પાસ થયા હતા. સરદાર પટેલ પણ મેટ્રિકમાં બીજા પ્રયત્ને પાસ થયા હતા. ઈંદીરા ગાંધી ભણવામાં ઠોઠ હતા. સંજય અને રાજીવ ગાંધી પણ ભણવામાં નબળા હતા. સોનિયા ગાંધી પણ દસમા કે બારમામાં પાસ છે એવી ચર્ચા ચાલે છે. સંસ્કૃત ભાષાના પ્રકાંડ વિદ્વાન મણિલાલ નભુભાઈ દ્વિવેદી મેટ્રિકમાં સંસ્કૃતમાં જ નાપાસ થયા હતા! અને મહાનવલ 'સરસ્વતીચંદ્ર'ના લેખક ગોવર્ધનરામ ત્રિપાઠી બી.એ.માં એકવાર અને એલએલ.બી.માં ત્રણવાર નાપાસ થયા હતા. મોરારિબાપુ મેટ્રિકમાં ત્રણવાર નાપાસ થયા હતા. વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન, રવિન્દ્રનાથ ટાગોર, ચંદ્રવદન મહેતા, જે. કૃષ્ણમૂર્તિ, તારક મહેતા, શેખાદમ આબુવાલા, વિનોદ ભટ્ટ — બધા ભણવામાં નાપાસ થયા હતા અને ખૂબ જાણીતા વિદ્વાન રતિલાલ સાં. નાયક ઈન્ટર આર્ટસમાં ૧૩ વાર (આંકડામાં ભૂલ નથી) નાપાસ થયા હતા. અને પ્રખર વિદ્વાન, યુનિ.ના કુલપતિ તથા પીએચ.ડી. ગાઈડ ભોગીલાલ સાંડેસરા મેટ્રિકમાં સાત વાર નાપાસ થયા હતા. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ નોન મેટ્રિક છે.

અને હજુ આગળ જાણવું છે?

તો સાંભળો.

હેનરી ફોર્ડ, થોમસ આલ્વા એડિસન, રીચર્ડ બ્રાન્સન, બિલ ગેટ્સ, જહોન મેકે, સોવિયે હોન્ડા, રોકફેલર, ડ્રૂ બેરીમોર, પિયર્સ બ્રોન્સન, જીમ કેરી, રોબર્ટ ડી નીરો, શીન કોનરી, નિકોલ કિડમેન, જહોન ટ્રાવોલ્ટા, વિન્સેન્ટ વાન ગોગ, સલિન ડાયોન, રોનાલ્ડ રેગન, જ્યોર્જ બર્નાર્ડ શૉ, અડગર એલન પૉ વગેરે બધા જ ભણવામાં ઠોઠ હતા. હજુ તો આવા બીજા આખુ પાનું ભરાય એટલા નામ બાકી છે.

આપ સૌ જાણો છો કે ઉપર લખેલા તમામ નામધારી લોકો પોતપોતાના ક્ષેત્રમાં અત્યંત સફળ લોકો હતા અને ખૂબ ભણેલા લોકો તેમની પાસે નોકરી કરતા.

માટે વિદ્યાર્થી મિત્રો તથા ખાસ કરીને વિદ્યાર્થિની કન્યાઓ, જો તમને ઓછા માર્ક મળે, કદાચિત નાપાસ થવાય તો પણ બિલકુલ નિરાશ થશો નહીં અને ચિંતા કરશો નહીં. અલબત્ત જો તમે ભણવામાં ધ્યાન જ ન આપ્યું હોય, વર્ષભર આળસ અને મોજમસ્તીમાં જ રચ્યાપચ્યા રહ્યા હો એટલે કે તમારા ઠોઠપણા માટે તમે પોતે જ હકીકતમાં જવાબદાર હો તો આજથી જ ભવિષ્ય માટે સાવચેત બનીને મહેનત કરવાનું શરૂ કરી દો.

તમે પૂરો પ્રયત્ન કર્યો હોય અને છતાં ઓછા માર્ક આવે તો સમજજો કે ભગવાને તમારા માટે કોઈ વિશેષ કાર્ય માટે, કોઈ મહત્ત્વના કાર્ય માટે, તમારું નિર્માણ કાર્ય કર્યું હશે.

માતાપિતાઓને મારે માત્ર એટલું જ કહેવાનું છે કે 'ઠોઠ એટલે મૂર્ખ નહીં જ' એ સૂત્ર સદાકાળ યાદ રાખે. ડિગ્રીની કિંમત નથી પણ આવડત અને કુશળતાની કિંમત છે. ગોખણપટ્ટી કરીને (કે અન્ય રીતે) કોઈ ૯૦-૯૫ ટકા માર્કસ લઈ આવે તો પણ એ જિંદગીમાં સફળ થશે જ એમ માનવું નહીં. અને ઠોઠ ગણાતો વિદ્યાર્થી ભારે અક્કલમંદ નીકળે એ બિલકુલ શક્ય છે.

જો તમારે જિંદગીમાં સફળ થવું જ છે તો નકામી, અર્થહીન અને બિનજરૂરી પ્રવૃત્તિઓને ટાળો અને એમાં શક્તિનો અને સમયનો નિરર્થક વ્યય ન કરો. પછી જુઓ, કે તમને અચૂક સફળતા મળશે જ મળશે.

તમે ધ્યાનથી નિરીક્ષણ કરશો તો તમને દેખાશે કે અતિ ઉચ્ચ શિક્ષણ લીધેલા મોટાભાગના લોકો કોઈ સારી કંપનીના ઉચ્ચ હોદ્દા ઉપર રહેલા હોય તેને છ આંકડાનો પગાર પણ મળતો હોય પણ તેઓ જીવનમાં લગભગ રોબોટ જેવા બની ગયા હોય છે. આવા લોકોની સાથે સહજીવન કેવી રીતે જીવી શકાય? આ વાત પુરુષ તેમજ સ્ત્રી બંનેને લાગુ પડે છે.

*આરએચ-ર, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૩૦૧૭૨૯*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# વિશ્વના મહારાજાઓ

• અનુવાદકર્તા : મગનલાલ સંઘવી •

શિર્ષક વાંચીને કોઈ એમ ન સમજે કે કોઈ મહાન શાસકોની વાત હશે. શાસકો ખરા, જેને આપણે ઊંચી જાતના સૂક્ષ્મદર્શક સિવાય જોઈ પણ શકતા નથી.

વિજ્ઞાનીઓ છેલ્લા થોડા દાયકાથી Human Microbiome નામનું અભિયાન ચલાવી રહ્યા છે. વિજ્ઞાન આ મહારાજાઓની પાછળ પડી ગયું છે, અને જેમ જેમ જાણકારી મળતી ગઈ તેમ તેમ ખબર પડતી ગઈ કે દાયકાઓ પહેલાં જેને આપણે તુચ્છ સમજતા હતા તેના વગર આપણું અસ્તિત્વજ શક્ય નથી!

કોણ છે આ? આપણા શરીરના કોષ (CELL) જેવો જ એકકોષી જીવ. બેક્ટેરિયા! માન્યમાં ન આવતું હોય તો આગળ વાંચો.

સૌપ્રથમ આપણા શરીરથી જ શરૂ કરીએ.

આ જીવો આપણા શરીરને પોતાના પૂર્વજોની જાગીર સમજે છે. શરીરની અંદર - બહાર તેઓનું આખું વિશ્વ વસે છે. સંખ્યાનો અંદાજ લગાવી શકો? બહુ તો કહીએ કે અબજોની સંખ્યામાં હશે!

માનવ શરીર લગભગ ૧૦૦ અબજ કોષ (CELL)નું બનેલું છે. એનાથી ૧૦ ગણા, ૧૦૦૦ અબજ જેટલા આ લોકો આપણા શરીરની અંદર બહાર વસે છે! જલદી માન્યમાં ન આવે એવી વાત છે, પણ વૈજ્ઞાનિકો કશું અધ્ધર પાયે કહે નહિ. થોડાક અબજ આમ કે તેમ હોઈ શકે.

રખે સમજતા કે આ જીવો શરીરમાં મફતમાં ઘર બનાવીને રહે છે. આપણા માટે બહુ બધા ઉપયોગી છે.

આપણે એટલું તો જાણીએ છીએ કે જ્યાં જ્યાં આથો લાવવો હોય એવા ખાદ્ય પદાર્થો (બ્રેડ, ઈડલી, ઢોકળા) માં દૂધમાંથી દહીં જમાવવામાં આ જીવો જ કામ કરે છે. એના વગર આથો ન આવે. આ કામ કરનાર મિત્રોનું નામ Lactobacillas છે. આ મિત્રો આથાની પ્રક્રિયા દ્વારા ભોજનને સુપાચ્ય બનાવે છે, અને એ રીતે શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. ઉપરાંત પાચનતંત્રના અનેક દરદોથી પણ શરીરને બચાવવાનું કામ કરે છે.

આપણા શરીરમાં અન્ય વિટામિન્સની સાથે વિટામિન K-1 અને K-2 પણ જરૂરી છે. K-1 ખોરાકમાંથી મળી રહે છે. પણ બહુ જરૂરી K-2 પેટમાં રહેલા બેક્ટિરિયા બનાવે છે. K-2 વગર લોહી જામવાની પ્રક્રિયા જોખમાય છે અને હાડકાના દરદો જેવાકે Osteoporosis થઈ શકે છે.

આપણને રોગ પેદા કરવાવાળા બેક્ટેરિયાનો પણ પનારો પડે છે, ત્યારે ડોક્ટરો ANTI BIOTIC દવાઓ આપે છે. ખાસ કરીને પેટના રોગોમાં આવી દવાઓ વધારે લેવાય તો તે શરીરના મિત્રોને પણ દુશ્મનો સાથે મારે છે, ત્યારે ડોક્ટરો દહીં-છાશ વધારે લેવાની સલાહ આપે છે.

આવા બીજા મિત્ર બેક્ટેરિયા એક અદ્‌ભુત કામ કરે છે. કિશોર કિશોરીઓ જ્યારે યુવાનીમાં પ્રવેશે છે ત્યારે તેઓના જાતીય અવયવો, બગલના ભાગ વગેરેમાં આવેલ ગ્રંથિઓ વિશિષ્ટ રસાયણો પેદા કરે છે, જે તેઓના એકબીજા પ્રત્યેના આકર્ષણનું કામ કરે છે. આ રસાયણોની ગંધને માદક સુગંધમાં ફેરવવાનું કામ પણ શરીરની બહારના બેક્ટેરિયા કરે છે.

આની સૂક્ષ્મતમ જાત Mycoplasma Ganitalium માનવ અને વાનર જાતિના જનન અવયવોમાં વસે છે. સાઈઝ ૧ mm. નો ૫૦ કરોડમો ભાગ. મોટામાં મોટી જાત સમુદ્રમાં મળે છે. Thiomargarith Namibiensis, જે 0.75 m.m.ની સાઈઝના છે. નરી આંખે જોઈ શકાય. માનવ શરીરની બહાર છતાં તેને ઉપયોગી એવું કાર્ય એક જાતના બેક્ટેરિયા જમીનમાં કરે છે. તેઓ હવામાંથી નાઈટ્રોજન વાયુ ખેંચી તેનું ખાતર બનાવે છે. મુખ્યત્વે તેઓ કઠોળના છોડને ઉપયોગી થાય છે. પંજાબની ભાખરા-નાંગલ પ્રોજેક્ટમાં નાંગલની ફેક્ટરીમાં આવું જ નાઈટ્રોજન ખાતર આજ પદ્ધતિથી મોટા ખર્ચે અને મોટા પ્રમાણમાં ઉર્જા વાપરીને બનાવવામાં આવે છે, તે કામ આ મિત્રો મફતમાં કરતા રહે છે. એના વગર પૃથ્વી પર અનાજની પેદાશ ખૂબજ ઘટી જાય.

ભારતની અમુક નદીઓમાં સોનું મળે છે એવી જૂની માન્યતા છે. શક્ય છે. Chemilithotrophs નામના બેક્ટેરિયા જમીનમાં અને બહાર ખડક, પહાડને કોતરી કાઢે છે, ગુફાઓ બનાવે છે. આ પ્રક્રિયામાં કેટલીક ધાતુઓ સોના સહિત પ્રવાહી અથવા સૂક્ષ્મ કણીઓ રૂપે વરસાદની સાથે વહી જાય છે. વધારામાં પાણીમાં રહેતા તેના મિત્રો પ્રવાહી ધાતુઓને સૂક્ષ્મ કણીઓમાં ફેરવવાનું કામ કરે છે!

અને છેલ્લે, પ્રતિકૂળ સંયોગોમાં જીવિત રહેવાની આ ટેણિયાઓની તાકાતના જે પુરાવા મળ્યા છે તેની સામે આપણે તો મગતરાં બરાબર છીએ!

આની એક જાત સમુદ્રના તળિયે ગરમ ખડકોમાં ૧૦૦° સેન્ટી. ગરમીમાં જીવે છે!

અવકાશમાં ટકી રહેવાની તેઓની શક્તિ તો કલ્પનાતીત છે. થોડા વર્ષ પહેલાં માનવી અવકાશમાં કેટલો વખત અને કેવી રીતે રહી શકે એના અખતરા રૂપે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (I.S.S.) અવકાશમાં ૬૦૦ કિ.મી. ઉપર સ્થાપવામાં આવ્યું હતું. આ I.S.S. માં ઈંગ્લેન્ડના ખડકોમાંથી બેક્ટેરિયાનો નાનો સમૂહ પણ લઈ જવાયો હતો. આ બેક્ટેરિયાઓને I.S.S.ની બહાર કોઈ પણ જાતના રક્ષાકવચ વગર મૂકવામાં આવ્યા. આ રીતે સ્પેસ સ્યુટ વગર બહાર માનવી એક મિનિટ પણ ન જીવી શકે એવી હાલતમાં તેઓ જીવ્યા! I.S.S. ની બહાર ફ્રીઝ થઈને અને અલ્ટ્રાવાયોલેટ રેડિએશન સહન કરીને પૂરા ૫૩૩ દિવસ રહ્યા!

બેક્ટેરિયાની અન્ય જાણકારી આપવા તો આખું પુસ્તક લખવું પડે. અહીં તો થોડી ઝલક જ આપી શકાઈ છે.

*('રીડર્સ ડાઈજેસ્ટ' માસ ઓક્ટોબર-૨૦૧૨ના અંકમાં પ્રસિદ્ધ થયેલ અંગ્રેજી લેખનો અનુવાદ)*

***ત્રિવેણી બંગલો એચ.પી. પેટ્રોલ પંપ પાસે જજીસ બંગલા ક્રોસ રોડ, બોડકદેવ અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૦૭૯ - ૨૬૮૭૧૯૨૫.***

# બદસૂરત યુવતીઓએ નિરાશ થવાની જરૂર નથી ...!

• દિનેશ પાંચાલ •

મંજુ નામની યુવતી આમ તો સાવ બદસૂરત નહોતી. પણ કોઈ મુરતિયો એને જોવા આવતો ત્યારે ઘરમાં એક ખાસ ઘટના બનતી. અત્યંત ખૂબસૂરત એવી એની નાની બહેન શ્વેતા પર મુરતિયાની નજર પડતી અને થોડા દિવસો બાદ મુરતિયાના મા-બાપનો પોસ્ટકાર્ડ આવતોઃ 'છોકરાને નાની ગમી છે. વિચાર હોય તો જણાવજો!' એક બે વારના આવા અનુભવ પછી મંજુના માબાપે એવું ગોઠવ્યું, મંજુ માટે કોઈ મુરતિયો આવે ત્યારે શ્વેતાને પાડોશીને ત્યાં બેસાડી રાખવામાં આવે. બદસૂરત ગણાતી મંજુને બૌદ્ધિક સામર્થ્ય ઊંચુ હતું. પોતાનું એક નોખું વિચાર વિશ્વ હતું. તે ઓછું બોલતી પણ વાંચતી વિચારતી ઘણું. તેને વડીલોની આવી ગોઠવણ પોતાના વ્યક્તિત્વ પરના સીધા પ્રહાર સમી લાગી. એણે એનો વિરોધ કર્યો. મંજુના પિતાથી ના રહેવાયું. એમણે ગુસ્સે થઈ કહ્યું : 'તું ચહેરો જ એવો બેડોળ લઈ આવી છે કે તારો હાથ ઝાલવા કોઈ તૈયાર થતું નથી!' મંજુને બહુ ખોટું લાગ્યું. લાંબા ઝઘડાને અંતે મંજુએ પોતાનો નિર્ણય સુણાવી દીધો - 'જે યુવક મારા તમામ ગુણદોષો સહિત મને સ્વીકારવા રાજીખુશીથી તૈયાર થશે તેની જોડે જ હું લગ્ન કરીશ. નહીંતર લગ્ન કરવાનો મને ખાસ ઉમળકો નથી. હું તમને ભારે નહીં પડું. નોકરી કરી હું મારું ફોડી લઈશ!'

થોડા દિવસ બાદ એક મુરતિયો આવ્યો. સદ્ભાગ્યે તેણે મંજુને પસંદ કરી. ઘરના બધાં રાજીના રેડ થઈ ગયા. પણ મંજુએ કહ્યુંઃ 'શું મારો અભિપ્રાય જાણવાની જરૂર નથી લાગતી? આ મારી જીંદગીનો સવાલ છે. કોઈ મને તો પૂછો, છોકરો મને ગમ્યો કે નહીં?' મા-બાપને લાગ્યું કે આ છોકરી પાગલ થઈ ગઈ છે.

મા-બાપે ઊંચા જીવે ઈન્ટરવ્યૂ ગોઠવ્યો. થોડી વાતચીતમાં મંજુને ખબર પડી ગઈ કે છોકરાની જીભ તોતડાતી હતી. વાલીઓએ પ્રપંચપૂર્વક એ છૂપાવ્યું હતું. મંજુને એથીય મોટો વાંધો એ પડ્યો કે છોકરો કેવળ સાતમી પાસ હતો. એની વાતચીત કરવાની રીતભાત અને વિશેષ તો એના પછાત વિચારો જોઈ મંજુને એ વાતની પ્રતીતિ થઈ ગઈ કે ટેરેલીનના શર્ટ - પેન્ટમાં કોઈ ચૌદમી સદીનું મોડેલ છૂપાયેલું હતું. મંજુએ લગ્નની ધરાર ના કહી. પછી શું થયું તેની બહુ લાંબી સંઘર્ષ કથા છે. પરંતુ ટૂંકસાર એટલો કે માબાપનો સીધો - આડકતરો તિરસ્કાર સહન કરતાં મજુએ બી.કોમ.ફર્સ્ટ ક્લાસ ડિસ્ટીંક્શન સાથે પાસ કર્યું. ત્યારબાદ સહેલીના પિતાની મદદથી એક સારે ઠેકાણે નોકરી મેળવી લીધી. આજીવન કુંવારા રહેવાના પાકા મનસૂબા સાથે તેણે ભાડાના ઘરમાં જીવન શરૂ કર્યું. પછી થયું એવું કે મંજુની ઑફિસમાં કામ કરતો એક બ્રાહ્મણ યુવક મંજુની ભીતર છૂપાયેલા બુદ્ધિ વગેરેના આંતરિક સૌંદર્યથી પ્રભાવિત થઈ મંજુને ચાહવા લાગ્યો. મંજુએ પ્રથમ તો લગ્ન અંગે પોતાનો કોઈ જ ઈરાદો ન હોવાનું જણાવ્યું. પરંતુ મનોમન તે યુવકની પાત્રતા પણ ચકાસતી રહી. અંતે પૂરા એક વર્ષ બાદ મંજુએ લગ્ન કર્યા. આજે બન્ને સુખી છે. મા-બાપ જોડેય પુનઃસંબંધ ચાલુ થયો છે. મા-બાપ ખુદ સ્વીકારે છે કે 'શરૂઆતમાં અમને થોડું દુઃખ થયું પરંતુ મંજુએ જે કાંઈ કર્યું તે સારું જ કર્યું. અમે આપવા ધારેલા સુખ કરતાં એણે પોતાની રીતે અધિક સુખ મેળવ્યું છે.'

આપણા સમાજમાં કુંવારી કન્યાઓને પસંદ કરવાની પ્રણાલી ભારે અણગમા ભરેલી હોય છે. સુપાત્ર કન્યાના વાલીઓ પણ પ્રારંભથી જ દબાયેલા રહે છે. તેમાંય દીકરી કુરૂપ હોય યા કોઈ ખોડખાંપણ હોય ત્યારે માબાપે કોઈ ગુનો કર્યો હોય તેવા ગરીબડાં બની રહે છે. શિક્ષણના વધેલા વ્યાપથી વાલીઓમાં હવે થોડી જાગૃતિ આવી છે. પરંતુ એનું પ્રમાણ અલ્પ છે. આજેય લગભગ ૯૦ ટકા કિસ્સાઓમાં છોકરીઓને ઢીંગલીની જેમ શણગારીને હાથમાં ચા-નાસ્તાની ટ્રે પકડાવી ખૂબ કાળજીપૂર્વક મુરતિયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. કેવળ છોકરી જ નહીં, ઘરના બધાં જ જાણે કોઈ પરીક્ષા આપતા હોય તેમ ભારે ટેન્શનમાં રહે છે. છોકરાવાળા - 'બેચાર દિવસમાં ટપાલ દ્વારા નિર્ણય જણાવીશું' એમ કહી છૂટા પડે અને ત્યારબાદ આખું ઘર કાગડોળે ટપાલીની પ્રતિક્ષા કર્યા કરે છે.

પ્રશ્ન એ છે - પુરુષોને ય સ્ત્રીની એટલી જ જરૂર હોય છે, તો કેવળ કન્યા પક્ષે જ આવા ટેન્શનો શા માટે? મુરતિયો લઘરવઘર વેશમાં આવ્યો હોય તોય વાલીઓ એમ વિચારી ખુશ થાય છે - જોયું કેટલી સાદગી છે? અને કન્યા રૂપાળી હોય તો ય રખે ને મુરતિયો એને મણિબેન ગણી ના પાડી દેશે એવા ભયે તેણે પાવડરના લપેડા કરવા પડે છે. સારુ ફર્નિચર કે મોંઘા કપ રકાબી પાડોશમાંથી માંગી લાવવામાં આવે છે. પ્રશ્ન થાય છે દીકરીના માબાપ હોવાથી આવી દીનહીન મનોદશામાં રહેવાની કોઈ જરૂર ખરી?' સ્ત્રીઓ જ્યાં સુધી આત્મગૌરવ નહીં કેળવે ત્યાં સુધી તેના સર્વાંગી શોષણની વણલખી ગેરન્ટી ચાલુ રહેવાની છે. ઊંચુ શિક્ષણ અને આત્મનિર્ભરતાથી જ આત્મગૌરવ પ્રાપ્ત થઈ શકે છે. સ્ત્રી ભલે સુખી ઘરે પરણી હોય તો પણ તેણે નોકરી અને રસોઈ પાણી સિવાયની અન્ય બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં રત રહેવું જોઈએ. જેથી તેના વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે. સ્ત્રીઓની બધી પ્રવૃત્તિ કે પ્રગતિ કેવળ વરલક્ષી ન હોવી જોઈએ. સ્ત્રી પાસે તેના પોતાનાય રસરૂચિ હોવાં જોઈએ. કેવળ વર, ઘર અને છોકરાંઓને સંભાળીને સાવ હાઉસહોલ્ડ બની રહેવાને બદલે સ્ત્રીઓએ પોતાના ઈચ્છિત ક્ષેત્રમાં આગળ વધવાનો પ્રયાસ કરવો જોઈએ. ખુદ માતાઓએ પણ દીકરીને સારો મુરતિયો મળે તે માટે નહીં,

*મન, મોતી ને વેણ – એને નહિ સાંધો, નહિ રેણ.*

પણ જીવનમાં શિક્ષણ ખૂબ જરૂરી હોય છે તે માટે ભણાવવી જોઈએ. પોતાની સામાજિક સ્થિતિ માટે પુરુષોને દોષ દેતા રહેવાને બદલે સ્ત્રીઓએ પોતાની શોષણમય સ્થિતિનો અભ્યાસ કરીને તેમાંથી સ્વબળે મુક્ત થવા પ્રધાન ભૂમિકા અદા કરવી જોઈએ.

બદ્‌સુરત યુવતીઓએ એ ન ભૂલવું જોઈએ કે દ્રઢ સંકલ્પ અને બુદ્ધિબળથી માણસ પોતાની બદસુરતીને અતિક્રમીને ઇચ્છિત સન્માન યા સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. કુદરતે આપેલા ચહેરાને મેડિકલ સાયન્સની મદદથી શક્ય એટલો સુંદર બનાવી શકાય છે. એ સિવાય બાહ્ય સૌંદર્ય કરતાં ય જેનુ સાશ્વત મૂલ્ય અનેકગણુ છે એવા આંતરિક સૌંદર્યથીય પ્રતિભા ખીલવી શકાય છે. તનના મરોડ કરતાં મનના મરોડ અધિક મોહક હોય છે. સારા દેખાવ કરતાં સારા સ્વભાવનું સૌંદર્ય અંત સુધી સાથ આપે છે. આઈબ્રો કરતાં આઈક્યુ પર વિશેષ ધ્યાન આપવું જોઈએ. આંખ કાળી કે ભૂરી છે તેનું મહત્ત્વ નથી, એ આંખમાં સપના કેવાં છે તેની ઉપયોગીતા વિશેષ છે. ચામડી ગોરી હોય પણ દાનત ખોરી હોય તો કોઈ ફાયદો ખરો? શારીરિક હાઈટ કરતાં માનસિક હાઈટનું મહત્ત્વ અંત સુધી ખપમાં આવે છે. એક કથાકારે તેમની કથામાં કહ્યું હતું : ‘મન ભીતરનું સૌંદર્ય જ સાચું સૌંદર્ય ગણાય. દૈહિક સૌંદર્યની ચાંદની તો જુવાનીના ચાર દિવસ પૂરતી હોય છે!’

અલબત્ત સમાજમાં ૯૫ ટકા લોકો બાહ્ય સૌંદર્ય જોઈને પરણે છે. પરંતુ તે પછીના દાંપત્ય જીવનમાં પ્રત્યેક તબક્કે સ્ત્રીની બદામ જેવી આંખો કે ગુલાબની પાંખડી જેવા હોઠ પુરૂષને સુખ આપ્યા કરતાં નથી. (પત્નીના હોઠ હેમામાલીની જેવા હોય પણ તેમાંથી નિત્ય લલીતા પવાર જેવા શબ્દો નીકળતા હોય તો સમાજનો કયો ધર્મેન્દ્ર રાજી રહે?) તન ઐશ્વર્યા સમુ સુરેખ હોય પણ મન ખાલી અખરોટ જેવું હોય, જ્યાં પ્રેમકળાનો એકે ગુણ શોધેલો ના જડતો હોય એવી સ્ત્રીઓના લગ્નસુખની કોઈ ગેરન્ટી હોતી નથી. સમાજમાં ઘણીવાર જોવા મળે છે કે એક અપ્સરા સમી યુવતીનો પતિ અમુક જ વર્ષોમાં પત્ની પ્રત્યેનું આકર્ષણ ગુમાવી દે છે. એથી ઉલટું પ્રથમ નજરે કુરૂપ જણાતી યુવતીનો પતિ, પત્નીથી ભરપૂર તૃપ્ત રહેતો હોય એમ બને છે. કારણ એટલું જ, બાહ્ય સૌંદર્ય દાંપત્ય સુખની ગેરન્ટી હોતું નથી. એ માટે મનની ભીતરના સાત્વિક સૌંદર્ય પર જ મીટ માંડવી પડે. બચુભાઈ કહે છે : “બાહ્ય સૌંદર્ય ઘારીના પડ જેવું હોય છે. ઘારીની સાચી ગુણવત્તા અંદરના બદામ, પિસ્તા પરથી નક્કી થઈ શકે છે.’ આજની યુવા પેઢીએ જીવનસાથીની પસંદગી વેળા તેમના રૂપ-અરૂપને તેની સાચી ઉપયોગીતાના પરિપ્રેક્ષ્યમાં મૂલવવાં જોઈએ. અલ્પ સૌંદર્ય ધારકોએ લગીરે ચિંતા કર્યા વિના પોતાના ભીતરી સૌંદર્ય દ્વારા પોતાનું વ્યક્તિત્વ વિકસાવવું જોઈએ. તાત્પર્ય એટલુંજ ‘ખુદી કો કર બુલંદ ઇતના કિ હર તકદીર લીખને સે પહેલે ખુદા બંદે સે પૂછે બતા તેરી રઝા ક્યા હૈ?

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી*
*ગણદેવી રોડ, જમાલપોર*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. : ૯૪૨૮૧ ૬૦૫૦૮*

યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યકિતગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

## બાલુડેં જયું ગાલિયું



સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

### બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંણ હતે સ્ટેશન તેં આવ્યા તેર ત કીં ધમાલ ન વી... નપ્પટ શાંતિ વી. ને હેવર હકડો માડુ રાડું પાડીંધો વ્યો ક 'બેરાજા કપાયા બેરાજા કપાયા' ને થોડીવાર પુંવા બ્યો માડુ રાડું પાડીંધો વ્યો ક 'બળદિયા કપાયા બળદિયા કપાયા...' સે ગાલ કુરો આય જરા તપાસ કરે ને ચો ત!

બચુડો : (તપાસ કરેનેં ચે) બ રાજા પણ નાય કપાયા ને બળદિયા પણ નાય કપાયા. શાંતિ જ આય પણ હી જોકો રાડું પાડીંધા વ્યા સે બસજા કંડક્ટર વા સે પંઢજી બસલા પેસેન્જર ગોત્યાં તે. હકડી બસ બેરાજાથી કપાયા જી વી ને બઈ બસ બળદિયાથી કપાયા વેને વારી વઈ.

### ખિલજા મ ભલા

પત્ની : મને કોઈ મોંઘી વસ્તુ મળતી હોય ત્યાં લઈ જાવ ને...

પતિ : ચાલ... આમેય મારે ગાડીમાં પેટ્રોલ પુરાવવા જવું જ છે.

☺ ☺ ☺ ☺ ☺

એક વિદ્યાર્થી : આપણને ઘોર અન્યાય થાય છે.

બીજો વિદ્યાર્થી : કાંઈ સમજ ન પડી.

પહેલો વિદ્યાર્થી : એક શિક્ષક બધા વિષયો ભણાવી શકતા નથી, તો પછી વિદ્યાર્થીને બધા જ વિષયો કઈ રીતે આવડી જાય...?

☺ ☺ ☺ ☺ ☺

ગટુ : હું ચ્હા પીતો હોઉં અને એમાં ચકલી પડે તો શું કહેવાય?

નટુ : ચા - માં ચિડિયા....

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : અલ્યા આ દરવાજો ખભે મૂકીને ક્યાં જાય છે?

ચીન્ટુ : ચાવી ખોવાઈ ગઈ છે એટલે મીજાગરામાંથી દરવાજો ઉખાડી તાળુ ખોલાવવા જાઉં છું.

☺ ☺ ☺ ☺ ☺

રામભાઈ : મરવા માટે કયા કયા રસ્તા છે?

શ્યામ : સીગારેટ પીવો તો દસ વર્ષ વહેલા મરશો... દારૂ પીવો તો વીસ વર્ષ વહેલા મરશો પણ જો લગ્ન કરશો તો રોજ થોડું થોડું મરશો.

☺ ☺ ☺ ☺ ☺

સમીર : હંસતે રહો, મુસ્કુરાતે રહો... હંસતે રહો, મુસ્કુરાતે રહો..

આમીર : ભાઈ, આગળ તો બોલ...

સમીર : ક્યા પતા, કલ દાંત હો ન હો...!!!

☺ ☺ ☺ ☺ ☺

બોસ : (ઓફિસરને) કોન્ફરન્સ રૂમની બહાર વારે વારે મોબાઈલના ટ્યુન સંભળાયા કરે છે કાંઈક એવી નોટિસ - સૂચનાનું બોર્ડ લગાવ જેથી શાંતિ રહે.

ઓફિસર : સાહેબ, બોર્ડ લગાવી દીધું છે કે 'આપનો મોબાઈલ 'મનમોહન' મોડ પર રાખો...'

☺ ☺ ☺ ☺ ☺

મગનભાઈ: આટલા બધા પૈસા કમાવ્યા પછી શું ફેર પડ્યો... જમવાનું જોરદાર હશે નહીં?

છગનભાઈ : ના ભાઈ, ના... હવે જમવા માટે ચાંદીની થાળી છે ને ખાવા માટે ખાખરા...

☺ ☺ ☺ ☺ ☺

ગટુમલ : યાર મોટુમલ, તેં ખરી જાહેરાત આપી છે..... 'નોકર જોઈએ છે, જેને ડાયાબિટીસ હોય...' આમ કેમ?

મોટુમલ : યાર, મારે મીઠાઈના કાઉન્ટર માટે નોકર જોઈએ છે એટલા માટે.

☺ ☺ ☺ ☺ ☺

રાજેશ : યાર, સસ્તું પેટ્રોલ મળતું હોય એવું કોઈ એડ્રેસ આપને...

રમેશ : લખી લે... પણ કોઈને કહેતો નહીં.

'અલ હબીબ પેટ્રોલ પંપ, અલ હસન રોડ, ઓમાન, સાઉદી અરેબિયા.'

અહીં ૧ રૂપિયે લીટર પેટ્રોલ મળે છે.


*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*જ્યાં સુધી કોઈ સાથે કાંઈ પણ પ્રયોજન રહે છે ત્યાં સુધી વાસ્તવિક ત્યાગ થતો નથી.*

## જરૂર છે દિશા પરિવર્તનની

તાજેતરમાં કુળદેવી અને કૂળદેવતાઓની પહેડીઓ વધુને વધુ સંખ્યામાં અને ઝાકજમાળ ભરી હાઈ-ફાઈ (અફાટ ખર્ચ વાળી) બનતી જાય છે. આજકાલની કાળમુખી મોંઘવારીમાં A.C. હૉલ-ઑપન ગ્રાઉન્ડ, ડેકોરેશન, ગાનાર કલાકારો, કિંમતી વીજળી-પાણી, રિક્ષા-ટેક્સી-કાર કે ટ્રેનોમાં આવવા જવા તથા છલકાઈને બહાર આવતી એવી જમવાની ડીશનો ખર્ચ સરવાળે અન્નનો બગાડ-વૅડફાટની બાબતે ખર્ચનાં સરવાળા અને ગુણાકાર કરીએ તો તેની સંખ્યા આઠ-નવ આંકડાને સહેજે આંબી જતી હોય છે. એક તરફ સમાજ પ્રગતીશીલ કે સુધારાવાદી વિચારધારાઓ ધરાવવાનો ડોળ કરતો, લગ્નોમાં થતા બેફામ ખર્ચને ઘટાડવા માટે અડધા-અડધા ખર્ચની ઝુંબેશ ચલાવી અન્ય સમાજોને માટે એક મિશાલરૂપ બની રહ્યો છે ત્યારે સિક્કાની બીજી બાજુ કુળદેવી દેવતાઓની પહેડી કે પૂજાઓ (અથવા અન્ય સમારંભો) માં એકની ઝાકજમાળ જોઈ તેનાથી ચડિયાતી બતાવવા જાણે આખા સમાજમાં દોડ મચી ગઈ છે. એકંદરે અન્યની લીટીને નાની બતાવવા માટે પોતાની લીટીને મોટી કરવાની જાણે રીતસરની સ્પર્ધા લાગી ગઈ ન હોય એવું સ્પષ્ટપણે દર્શિત થઈ રહ્યું છે.

સમાજનો મધ્યમ વર્ગીય - કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારીમાં એક સાંધે ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિમાં નેવાનાં પાણી મોભે ચડાવવા મરણિયા પ્રયાસ કરી રહ્યો છે. પોતાનાં માટે સમાજમાં ચાલતી આવાસ યોજનામાં પોતાનાં નંબર આવવા માટે ચાતકની જેમ રાહ જોઈ રહ્યો છે.




તો કોઈ આજની પ્રગતિમાં સધ્ધર સ્થિતિએ પહોંચવા માટે - આંધળી દોટમાં કદમ મેળવવા જતાં કે નિસર્ગ - (સૃષ્ટી) ના નિયમોમાં તાલ મેળવવાનું ચૂકી જતાં આહાર-વિહાર અને આરામનો ચક્ર ખોઈ બેસતાં - ગંભીર રોગો અને બીમારીઓનો ભોગ બનતાં, પુનઃ સ્વાસ્થ્યની પ્રાપ્તિ કરવા માટે અજ્ઞાન પણે ડૉક્ટરો-ક્લિનિકો-હોસ્પિટલો અને તેનાં જાત-જાતનાં અજમાયશી પરીક્ષણોની ચક્કીમાં રીતસરનો પીસાઈ રહ્યો છે, દવા-ગોળીઓનાં ખોખાં, ઈન્જેકશનોની સિરિંજો અને ટોનિકોનાં બાટલાંઓ પર મરવાને વાંકે જીવી રહ્યો છે, ત્યારે ત્રીજી અત્યંત મહત્ત્વની બાબત એટલે કે ઉચ્ચશિક્ષણને પ્રાપ્ત કરવા માટે આજનો બાળક-યુવાન કે વિદ્યાર્થી અને તેમનાં મા-બાપ-એડમિશન-ટ્યૂશનોની ફી તથા તગડા ડોનેશનોનાં આંકડા સાંભળીને ઉચ્ચ શિક્ષણનાં સ્વપ્નોને ઉદાસ ચહેરે ત્યાં જ દફનાવી દેવા અથવા તો ખિસ્સાને પરવડી શકે તે લાઈનમાં જવા માટે નાછૂટકે દિશા પરિવર્તન કરી રહ્યાં છે.

તોફાની-મસ્તીખોર એક વિદ્યાર્થી - સોનગઢમાં વિદ્યા અને સુસંસ્કારનું આચમન કરતાં-તેની તેજસ્વિતા ખીલી ઉઠતાં મુંબઈથી દૂર એક મિલેટ્રી કૉલેજમાં અભ્યાસ કરતાં આગળ વધી રહ્યો છે. ગરીબ-મધ્યમ વર્ગીય - સ્વાવલંબી-પરિવાર પોતાની આવક ઉપરાંત બે લાખ રૂપિયા જેટલી વાર્ષિક ફી ભરવા માટે દિન રાત તનતોડ મહેનત મજૂરી કરી રહ્યો છે. પણ દિવસે ને દિવસે મોઘાં થતાં જતાં શિક્ષણ અને ફી બાબતે આ પરિવાર સતત ટેન્શનમાં જીવી રહ્યું છે કે આ વર્ષ તો જેમતેમ નીકળી ગયું પણ આગળનાં વર્ષ માટે હવે શું કરવું - ભણતર ચાલુ રાખવું કે પછી ... !!! આ કડવી સચ્ચાઈ ધરાવતો કિસ્સો તો એક ઉદાહરણ માત્ર છે. બાકી આખા સમાજની ઘર-ઘરકી કહાની છે.

આપણાં સમાજને હું નમ્રપણે અપીલ કરૂં છું - કુળદેવી + કુળદેવતાની પહેડીઓ - પૂજાઓ બંધ કરવાનું સૂચન નહિ કરૂં - પણ હરીફાઈની જગ્યાએ એકદમ સાદગી અપનાવી - ઉપરનાં સાતથી આઠ આંકની થયેલ બચતને પોતપોતાનાં કુળદેવી કે કુળદેવતાને નમતાં ભાવિકોને તેમની આર્થિક - સામાજિક સ્થિતિ અનુરૂપ મદદ કરવામાં ઉપયોગ કરો. ઉદાહરણ તરીકે કોઈને રહેવા માટે ઘર ખરીદવામાં મદદ કરો, અથવા ખરીદી આપો, કોઈ બીમાર હોય દવા + ઑપરેશન માટેની બનતી મદદ કરો, અથવા બીમારી દવા-ગોળીથી ઠીક થઈ શકે તેમ ન હોય અને દવાની જગાએ હવાફેરની જરૂર હોય તો તેવા સ્થળે જવા-આવવા કે રહેવા માટેની સગવડ કરી આપો. કોઈ બેરોજગાર હોય તો તેને નોકરી તથા ધંધો કરવા માટેની મદદ કરો, કોઈ વડીલોનાં સગાવહાલા કે પુત્ર-પુત્રી ન હોતા નિરાધારોને તેમની જરૂરિયાતો પૂરી કરવા મદદ કરો. કોઈ પરિવાર કે ભાવિક કુટુંબનાં બાળકો તેજસ્વી-હોશિયાર અને ઉચ્ચ અભ્યાસ માટે ઉત્સાહિત હોય પણ આર્થિક સ્થિતિ નબળી હોય તો તેમનાં એડમિશન - ટ્યૂશન કે વાર્ષિક ફી નો ખર્ચ ઉપાડી લેવા માટેની મદદ કરવામાં આવે તો તે ભાવિક કુટુંબની સમયાંતરે સ્થિતિમાં અકલ્પનીય સુધારો થશે. સમાજમાં કુળદેવી-કુળદેવતાંને નમતા તમામ ભાવિકોની અર્થાત સમગ્ર સમાજની કાયાપલટ થઈ જશે. અને આવી વિચારસરણી અમલી બનતાં પોતાનાં ભક્તોની સ્થિતિમાં સુધારો થતાં કુળદેવી તથા કુળદેવતાઓ પણ ખુશીથી ઝૂમી ઊઠશે. તેમને નારાજ થવા કે કોપાયમાન થવાને માટે કોઈ કારણ નહિ રહે.

બસ ફક્ત જરૂરત છે આપણી વિચારસરણી અને બચત થયેલા ધનને સાચા માર્ગે ઉપયોગમાં લેવા માટેની દિશા પરિવર્તનની! તો કુળદેવી અને કુળદેવતાઓમાં સાચી શ્રદ્ધા ધરાવનારા ભાવિકો અને તેની પહેડીઓનાં આયોજનમાં સિંહફાળો આપનારાં દિલેર દાતાઓ મારા ક્રાંતિકારી વિચારને આજથી જ અબઘડીથીજ અમલી બનાવવા માટે દૃઢનિશ્ચયી બનશો તો તે દિવસ મારા માટે, સમગ્ર સમાજને માટે અને મારા ગામ લાખાપુર અને મારી માતૃસંસ્થા "શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ" વિદ્યાધામ સોનગઢ આશ્રમ માટે સુવર્ણ દિન હશે.

*ધનજી ખીમજી શેઠિયા (લાખાપુરવાલા) - મુંબઈ*
*(સોનગઢ આશ્રમ)*
*મો. ૯૩૨૪૩૮૪૬૨૨, ૯૨૨૦૭૮૪૮૫૬*

• • • • •

*પ્રતિભા નિખારશો તો તેને જરૂર ઓળખ મળશે.*

### "કચ્છી મેળા"ના પ્રતિભાવ

આપશ્રીએ અમોને આપની સંસ્થામાં મફત સ્ટોલ આપી અમને કલાપારખુ લોકો સુધી પહોંચાડેલ છે જે બદલ અમો આપના આભારી છીએ.

અમો અમદાવાદ આવેલ અને તેમાં અમને જે સગવડો આપેલ, તે બીજા પ્રદર્શનમાં નથી મળતી અને અમોને કોઈ જાતની તકલીફ થવા દીધેલ નથી.

આમ પણ આપનો સમાજ ખાસ કરીને કચ્છી જૈન સેવા સમાજ દરેક ક્ષેત્રે લોકોની સેવા કરે છે. પણ આ વખતે નવા રૂપે કારીગરોને નવું પ્લેટફોર્મ આપેલ છે. કારીગરને ગ્રાહક સુધી પહોંચાડવા મહત્ત્વનું કામ કરેલ છે.

અમો આપની સંસ્થા તથા સંકળાયેલ તમામ કાર્યકરોનો તહેદિલથી આભાર માનીએ છીએ. આપનો સમાજ વધુમાં વધુ પ્રગતિ કરે તેવી પ્રાર્થના.

ભવિષ્યમાં અમારા લાયક કોઈપણ કામકાજ હોય તો જણાવશો.

*એ. ઓ. ખત્રી - ભુજ, કચ્છ*
*(ખત્રી અલીમામદ ઓસમાણ)*
*ફોન : (૦૨૮૩૨) ૩૨૯૮૨૬*

★

### "કચ્છી મેળા"ની કચ્છી થીમ

જયભારત સાથે જણાવવાનું કે આપની સંસ્થા દ્વારા તા. ૨૨-૨-૧૩થી તા. ૨૪-૨-૧૩નાં યોજાયેલ "કચ્છી મેળા"માં આપની સંસ્થા દ્વારા અમોને નિઃશુલ્ક ભાગ લેવા માટે આમંત્રણ આપવા બદલ અને મેળા દરમ્યાન ખૂબજ સુંદર વ્યવસ્થા - આયોજન માટે અમો આપનાં આભારી છીએ.

સંસ્થા દ્વારા "કચ્છી" થીમ પર ભવિષ્યમાં પણ આવા જ સુંદર આયોજન કરી અને કચ્છનાં કારીગરોને યોગ્ય પ્લેટફોર્મ મળે એ માટે સંસ્થા દ્વારા આવા આયોજન દર વર્ષે થાય એવી અમારી આપની પાસે અરજ છે. તા. ૨૨-૨-૧૩થી તા. ૨૪-૨-૧૩ સુધી યોજેલ "કચ્છી મેળા"માં જેટલાં સ્ટોલ ધારક હતા, તેઓનું સુંદર - સારૂં વેચાણ થયેલ છે અને ગ્રાહકોને પણ ઉત્પાદન કરતા માણસો - કારીગરો પાસેથી માલ મળેલ છે. જેમાં સંસ્થાએ સેતુરૂપ કાર્ય કર્યું છે. તે બદલ સંસ્થાનો ખૂબ ખૂબ આભાર. ભવિષ્યમાં અમારા લાયક કામકાજ હોય તો જણાવવા વિનંતી.

*જયેશ મોતા - દૃષ્ટિ હેન્ડિક્રાફ્ટ્સ, મસ્કા - માંડવી.*
*મો. ૯૪૨૬૯ ૬૫૭૬૬, ૯૮૨૫૫ ૯૮૭૫૭*

★

### 'કચ્છી મેળા' પછી લખાયેલ પત્રના પ્રતિભાવ સ્વરૂપે

આપનો લાગણીસભર પત્ર મેળવી ભાવવિભોર થયા. કચ્છના કારીગરો નસીબદાર છે. તેમને પ્રોત્સાહન મળે એ માટે કલાપ્રેમીઓ પ્રયાસ કરતાં રહે છે. મેળા, ઉત્સવ અને સેમિનારની પ્રવૃત્તિઓ યોજાયા કરે છે પણ આયોજન યોગ્ય હોય, આયોજકો પાસે દીર્ઘદૃષ્ટિ હોય, કલાપારખુ નજર હોય, યોગ્ય રજૂઆત કરવાની આવડત હોય, આગવી શૈલી હોય, સારી ઓળખાણ - પીછાણ હોય અને દિલથી કાર્ય કરવાની ખેવના હોય તો કાર્ય દીપી ઊઠે છે. માહોલ પ્રેરક બને છે તેનો પ્રત્યક્ષ અનુભવ 'કચ્છી મેળા'માં થયો. ફૂલની સુવાસ હવાની દિશામાં ફેલાય છે, જ્યારે સારા કાર્યની સુવાસ ચારે દિશામાં ફેલાઈ જાય છે.

મેળા દરમ્યાન આપની સંસ્થાએ ખૂબ ઉમળકાથી અમારી સગવડ સાચવી અને માન - મરતબો જાળવ્યો તે અમો ક્યારેય નહીં ભૂલી શકીએ.

અમારા લાયક કોઈપણ કાર્ય હોય તો યાદ કરશો, આભારી થશું.

*ખત્રી નૌશાદઅલી જંકરીયા - ભુજ, કચ્છ*
*મો. ૯૯૭૮૮ ૭૦૯૩૩*

● ● ● ● ●

*સાહેબશ્રી,*

આપની સંસ્થાની સુવર્ણ જયંતી નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન. આ પ્રસંગના મહોત્સવમાં આખા વર્ષના આપની સંસ્થાના કાર્યક્રમોની વિગતો 'મંગલ મંદિર' દ્વારા જાણીને આનંદ થયેલ. આટલા બધા સફળતાવાળા કાર્યક્રમોનું આયોજન માત્ર આપની સંસ્થા જ કરી શકે, તે માટે સંસ્થાને અને તેમના દરેક હોદ્દેદારો, કાર્યકરોને સલામ કરવા પડે.

તા. ૨૨-૩-૨૦૧૩થી તા. ૨૪-૩-૨૦૧૩ એમ ત્રિ-દિવસીય 'કચ્છી મેળા'નું વિશેષ આયોજન આપની સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. તેમાં એક સ્ટોલની વ્યવસ્થા અમારા માટે કરી આપેલ તે માટે ખૂબ ખૂબ આભાર. આ મેળાની શું વાત કરવી? તેના અજોડ આયોજન માટે સંસ્થાના આગેવાનો શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી કે.આર. શાહની મહેનત અને ધગશ કાબિલેદાદ કહી શકાય. તેવી જ રીતે સંસ્થાના પ્રમુખશ્રી અશોકભાઈનું સંપૂર્ણ સંચાલન હતું. 'કચ્છી મેળા'માં કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરવાનો આપની સંસ્થાનો ઉદ્દેશ બરાબર રીતે સિધ્ધ થયો હતો. કચ્છના કારીગરોની ચીજવસ્તુઓનું પ્રદર્શન સારી રીતે થયું. એટલું જ નહીં, પરંતુ દેશ વિદેશમાં તેમના માલ-સામાનના વેચાણમાં વૃધ્ધિ થતી રહેશે, જે 'કચ્છી મેળા'નું પરિણામ છે. મેળા દરમ્યાન પણ દરેક સ્ટોલવાળાના માલ-સામાનનું સારું વેચાણ થયેલ હતું અને ધાર્યા કરતાં અનેકગણી વધુ આવક થઈ હતી. મેળા દરમ્યાન સંચાલન, વ્યવસ્થા અને સારસંભાળ ખૂબ ઉત્તમ કક્ષાના હતા.

**Meera Marketing**
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

જે કામ કચ્છની સંસ્થાઓએ કરવું જોઈએ તે કામ અમદાવાદમાં રહીને આપની સંસ્થાએ ખૂબ સારી રીતે કરી બતાવ્યું છે. આ પ્રકારના આયોજનો કોઈપણ સ્થળે થાય ત્યારે અમે પૂરો સાથ સહકાર આપતા રહીશું.

ફરી એક વખત આપની સંસ્થા અને સૌ કાર્યકરોને ખૂબ ખૂબ અભિનંદન.

*પ્રતાપસિંહ પેંડાવાલા (માંડવી - કચ્છવાળા)*
*૩, સૂકીર્તિ ટાવર, આગમ એવન્યુની સામે,*
*પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઈટ, અમદાવાદ. મો. ૯૮૨૫૭૧૯૬૭૮*

• • • • •

## વિવિધ વિષયના પ્રતિભાવો

• **ભુજ ખાતે સેમિનાર :**

'મંગલ મંદિર' માસ ફેબ્રુઆરીના અંકમાં ભુજ ખાતે યોજાયેલ સેમિનારની વિગત દુઃખદ ગણાય. સેમિનારમાં હાજરી આપવાના આમંત્રણનો સ્વીકાર કર્યા બાદ ધારાસભ્યશ્રીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જેટલી ખેલદિલી પણ ન બતાવી શકે? પ્રમુખશ્રીની ટીકા આ બાબતમાં બિલકુલ યોગ્ય છે. તેઓએ ઓછામાં ઓછું પોતાના નેતાના વર્તનનો ધડો લેવો જોઈતો હતો. સેમિનારમાં રજૂઆત કરવા માટે અધિકારીઓ અને જાણકારી વિદ્વાનોએ કેટલી તૈયારી કરી હશે એ આ અંકમાં આપેલ લેખો ઉપરથી કલ્પી શકાય છે.

• **લેખક શ્રી દિનેશ પાંચાલના લેખ વિશે :**

આ ઉપરાંત ભાઈશ્રી દિનેશ પાંચાલના 'ઘડપણમાં સુખી થવાના લેખ'ના કેટલાક વાક્યોને સોનેરી વાક્યો કહી શકાય એવા છે. આમ તો આખો લેખ સોનેરી વાક્યોથી ભરપૂર છે. તેઓએ બતાવેલા ઘણા દૂષણો વૃધ્ધોમાં જોવા મળે છે અને એના કારણે સંતાનો સાથે વિખવાદ થાય છે. પૂરી વાત ન જાણતા લોકો સંતાનોને દોષ આપે છે. મોટાભાગની નિવૃત્ત વ્યક્તિઓ કાંઈ પણ પ્રવૃત્તિ કરતા નથી અને એકલતા અનુભવે છે. તેઓની સામાન્ય ફરિયાદ હોય છે કે સંતાનો તેઓ સાથે વાત કરવાનો પણ સમય કાઢતા નથી. આવું કહેતી વખતે પોતે સંતાનોને કેટલો સમય આપ્યો હતો એ યાદ નથી કરતા. જેવું આપ્યું હશે તેવું પામશો.

યુવાનીમાં કોઈ શોખ કેળવ્યો હોય તો વૃધ્ધાવસ્થાના સમયે બહુ કામ આવે છે. એકલતા સાલતી નથી. યુવાનીમાં માત્ર પૈસા પાછળ જ સમય આપ્યો હોય તો વૃધ્ધાવસ્થા ભારી પડે છે. માટે યુવાનીના સમયથી ૧-૨ શોખ કેળવવા જોઈએ.

• **કચ્છી મેળો :**

ધાર્યા કરતાં પણ સરસ આયોજન. આયોજકો, સ્વયંસેવકો તથા સ્ટાફના સભ્યોને ધન્યવાદ. પ્રચાર કાર્ય પણ સારું થયું. પહેલીવાર આપણને 'દિવ્ય ભાસ્કર' જેવા મીડિયા પાર્ટનર મળ્યા. આટલા મોટા આયોજનનો આપણો પહેલો જ પ્રસંગ હતો અને હવે પછી આવા આયોજનો આપણે પૂરતા આત્મવિશ્વાસપૂર્વક કરી શકીશું. નાની મોટી ક્ષતિઓ રહી હશે. તેને આટલા મોટા આયોજનમાં ગણતરીમાં ન લેવાય પરંતુ તેની પાછળની મહેનત જ જોવી જોઈએ.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ

'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ગ્રંથનું શાનદાર પ્રાકટ્ય પર્વ ભુજને આંગણે ઉત્સાહવર્ધક શ્રોતા - ઉપસ્થિતિની વચ્ચે થઈ એ બદલ આપને, સમિતિને તેમજ કાઉન્સિલને અભિનંદન.

લેખકોનું સુયોગ્ય સન્માન કરાયું એ પણ પ્રશસ્ય, ઉદાહરણીય કાર્ય હતું. ધન્યવાદ!

સમારંભ સંપન્ન થયાનો મને આનંદ રહ્યા કર્યો. સમયસર જાણ, ગ્રંથની નકલ તેમજ ચેકની રવાનગી કાબિલેદાદ ગણું છું. અને આપ સર્વેને માટે ધન્યવાદ તેમજ કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

કચ્છના સામાજિક - સાંસ્કારિક ઇતિહાસની એક અપૂર્વ, ઐતિહાસિક, શકવર્તી ઘટના આને ગણી શકાય. આપ સૌ અભિનંદનના અધિકારી છો.

ગ્રંથનું વાંચન સમય માગશે - મારા જેવા પાસે સવિશેષ. થઈ રહ્યે સવિસ્તર પ્રતિભાવ આપવા પ્રયાસ કરીશ જ. કોઈ કોઈ અભ્યાસીઓના મતે ક્યાંક ક્યાંક ત્રુટિઓ અધૂરાશો છે - રહી ગયેલ છે એમ જાણવા મળ્યું. આવું ગંજાવર કામ, પ્રથમવાર જ હાથ ધરાય, ત્યારે માનવીય મર્યાદાઓ રહી જાય એ સ્વાભાવિક છે. પણ ભગીરથ કાર્ય શ્રમ - સાધનાના સરળવાળા અને ગુણાકારના ફળરૂપે સંપન્ન થયું એ જ મોટી વાત. મુ.શ્રી મહેન્દ્ર ઝ. મેઘાણીએ એકવાર પત્રમાં જણાવેલું : 'કોઈ પણ પુસ્તક થયું એના કરતાં બહેતર થવાનો અવકાશ હંમેશ રહે જ.'

હા! તજજ્ઞ વિદ્વાનોનાં સૂચનો, ત્રુટિ - સુધાર, આવશ્યક ઉમેરણ ઇ. એકત્રિત થયા પછી એક પૂર્તિ - પુસ્તિકા ગ્રંથના અનુસંધાનમાં પ્રગટ કરી શકાય, તો કામને રાગ ચડે. જેમકે લેખકો દ્વારા સંદર્ભોની સૂચિ અપાવી જરૂરી હતી, જે હવે મેળવીને આમેજ કરી શકાશે.

ગુજરાતી સર્જકોના પ્રદાન સંબંધમાં વિશેષ અધૂરાશો અને ત્રુટિઓ રહી ગયાનું ધ્યાનમાં આવ્યું છે. સર્જકોના અત્યુક્તિભર્યા ઉલ્લેખ તેમજ તેના અભાવ બાબતમાં નિશ્ચિત માપદંડનો અભાવ સ્પષ્ટ વરતાઈ આવે. એ અંગે પણ યથાસંભવ ક્ષતિપૂર્તિ થઈ શકશે.

પુનરપિ આભાર સહ...

*પ્રભાશંકર ફડકે - અંજાર, કચ્છ*

• • • • •


HOLIDAY PLANNERS > KERALA & SOUTH INDIA TOUR PACKAGES
A.B. SALEM ROAD, JEW TOWN, COCHIN-682 002. KERALA (INDIA) Dial : +91-7736025429, +91-8129945429
Website : www.holidayplannersonline.in • E-mail : info@holidayplannersonline.com TAKE HOME A LIFE TIME OF MEMORIES
COCHIN - MUNNAR - THEKKADY - KUMARAKOM - HOUSEBOAT - KOVALAM - WAYANAD - POOVAR - ANDAMAN
DOMESTIC & INTERNATIONAL TOUR PACKAGES - HOTEL RESERVATIONS - CAR RENTAL - AIR TICKETING Trade enquiries solicited

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર

કચ્છના સાહિત્ય - કલા જગતમાં જેનું ગરિમાભર્યું સ્થાન છે એવા "શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય-કલા પુરસ્કાર" નો એક સમારોહ તાજેતરમાં મુંબઈ ખાતે યોજાઈ ગયો. આ દશાબ્દી વર્ષના કાર્યક્રમમાં સાહિત્ય-કલા પ્રેમી કચ્છી-બિન કચ્છીઓએ ઉમળકાભેર હાજરી આપી હતી.

કચ્છ અને દેશાવરમાં વસતા મૂળ વતની એવા કચ્છી સાહિત્યકારોને તેમની સાહિત્ય સર્જનની પ્રવૃત્તિમાં ઉત્તેજન આપવાના ઉદ્દેશથી એક ઉચ્ચ સાહિત્યકારોની સમિતિની રચના કરવામાં આવેલ. આ પુરસ્કાર પૂર્ણ રીતે ગુણવત્તાના આધારે કોઈપણ પ્રકારના પક્ષપાત વગર, વિચાર-વિનિમય અને ચર્ચા-વિચારણા પછી જ આપવામાં આવે છે.





પ્રારંભમાં ગાલા પરિવારની નવી પેઢીના સુકાની, ચિંતન-કાવ્યમાં ઊંડી અભિરૂચિ ધરાવનાર શ્રી કિરીટ ગાલાએ દર વર્ષ મુજબ અભ્યાસુ છતાં રસમય વક્તવ્ય આપ્યું. આ વર્ષે એમનો વિષય હતો "સર્જક અને એના મૂડ્સ (ચેતના જગત)." કાવ્ય કણિકાઓથી સભર વક્તવ્યમાં ગાલા પરિવારની કળા નિષ્ઠા પ્રતિબિંબિત થતી હતી.

પ્રાસંગિક ભૂમિકા અને કલાકાર-સાહિત્યકારોના પરિચય સાથે અભિવાદનની પ્રક્રિયા શરૂ થઈ. સૌપ્રથમ કચ્છીના સિનિયર કવિ અને સદાય કચ્છી ભાષાના વિકાસ માટે ચિંતિત રહેનાર સાહિત્યકાર શ્રી રવિ પેથાણી "તિમિર" (ફરાદી) નું એ પછી ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ (કોટડી મહાદેવ પુરી), વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા શ્રી ઉદયન ઠક્કરનું અને એ પછી ફિલ્મોમાં રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત મુંબઈના શ્રી મૂલચંદ મગનલાલ દેઢિયા (પ્રાગપર) નું પ્રકાશ આયોજન (ગૅફર) ની એમની કળા માટે સન્માન થયું.

એ પછીના બે યુવા કલાધર્મીઓ હતા. નૃત્યક્ષેત્રે ૨૫ વર્ષથી વધારે સમયથી આગવી કેડી કંડારનાર શ્રી હિતેન ગાલા અને રંગમંચ પર નાટ્યકળા અને કચ્છી ભાષાનો ઝંડો લહેરાવનાર સરળ-ઉત્સાહી નાટ્યકાર-અદાકાર શ્રી વિજય ગાલા (વડાલા). આ બંને કલાકારોને બિરદાવતાં કચ્છી ભાષાની અને કલા-સાહિત્યની ધૂરા નવયુવાનોમાં વિશેષપણે વહેતી હોય એવી લોક લાગણી પડઘાતી લાગી.

આ વર્ષના કાર્યક્રમની કેટલીક વિશેષતાઓ નોંધનીય હતી. ગુજરાતી ભાષામાં લેખક ઈતિહાસકાર તરીકે સિદ્ધ થયેલી આંતરરાષ્ટ્રીય કક્ષાના ફિલ્મ આલોચક કચ્છીમાડુ શ્રી અમૃત ગંગર (છસરા) દ્વારા શ્રી મૂલચંદભાઈ જેવા છૂપા રત્નનો મર્મસ્પર્શી પરિચય. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કાંતિ ગોરની ઉષ્માભરી ઉપસ્થિતિ તથા ડેનિસ ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ - ડેન્માર્કના પૂર્વ ડાયરેક્ટર શ્રી દિનો રેમન્ડ હેનસન અને ફેક્ટરી મેનેજર શ્રીમતી એન મેરી ક્રુસ્ટેન જેવા વિશ્વ પ્રસિદ્ધ ફિલ્મકારોની સાહેદી તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, પૂર્વ પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડની વિશેષ હાજરી હતી.

દર વખતે આ કાર્યક્રમમાં માત્ર અભિવાદન કરી સંતોષ માની લેવાને બદલે સાહિત્ય કલાકારોને સમાજ સમક્ષ મૂકી એની સર્જન શક્તિનાં ઓવારણા લેવામાં આવેલ. મધ્યાંતર બાદ કાર્યક્રમનું સંચાલન ડૉ. વિશન નાગડાએ કર્યું હતું.

કચ્છી ભાષા, કળા સાહિત્યના વિવધ પરિમાણોને પ્રગટ કરતો આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી ડૉ. માધૂરી છેડાએ પારિતોષિકમાં

*શરણે આવનારની મદદ કરવામાં ખરી માનવતા છે.*

મહિલાઓના નામ ઓછા કેમ છે? એવો પ્રશ્ન કરી વિશેષ શોધ માટે અનુરોધ કરતાં, કચ્છ અંજારના કુંભારિયા ગામના હિંદી સાહિત્યકાર મનહર ચૌહાણથી સૌને પરિચિત કર્યા. સમગ્ર કચ્છની વિવિધ જ્ઞાતિઓ અને સમાજોના પ્રતિનિધિત્વથી શોભતા આ કાર્યક્રમમાં મૂલચંદ દેઢિયા જેવા યુવા કલાકારોને બિરદાવી આવતીકાલ આશાસ્પદ છે એની પ્રતીતિ સૌને થઈ, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ડૉ. મંજુલા ગડાને શ્રેષ્ઠ કામગીરી બદલ ઍવોર્ડ એનાયત

આંતરરાષ્ટ્રીય મહિલા દિન (૮મી માર્ચ) નિમિત્તે ઓલ ઈન્ડિયા સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ મહિલા પાંખ, જૈન વિમેન્સ ઊર્જા ગ્રુપ (દિગંબર જૈન મહા સમિતિ), ઓસવાલ મંડળ - મુંબઈ, શ્રી વર્ધમાન જૈન મેવાડ મહિલા મંડળ, જીવો ચેપ્ટર મુંબઈ સેન્ટ્રલ અને જુહુના સહયોગથી જૈન સખી મંચ દ્વારા ૭ માર્ચના મુંબઈ ખાતે બિરલા સભાગૃહમાં યોજાયેલ એક કાર્યક્રમમાં મુંબઈના મેયર શ્રી સુનીલ પ્રભુના વરદ્ હસ્તે એક્સેલન્સ ઍવોર્ડ ઘાટકોપરના ડૉ. મંજુલા ગડાને અર્પણ થયેલ છે. તેઓશ્રી છેલ્લા ૩૪ વર્ષથી મંદબુધ્ધિના બાળકો માટે સતત નિઃસ્વાર્થપણે કાર્ય કરી રહ્યા છે અને તિલક નગર, અમર મહલ પર આવેલ સુલભા સ્પેશિયલ સ્કૂલના ટ્રસ્ટી અને માનદ્ મંત્રી છે. વધુમાં લાયન્સ ઈન્ટરનેશનલના લાયોનેસ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-એ/૨ના ડૉ. મંજુલા ગડા વર્ષ ૨૦૦૩-૦૪માં પ્રમુખપદની જવાબદારી સફળતાપૂર્વક અદા કરી ચૂક્યા છે.

ડૉ. મંજુલા ગડા, 'મંગલ મંદિર'ના નિયમિત કટાર લેખક ડૉ. (પ્રો.) મણિલાલ ગડાના ધર્મપત્ની થાય.

આ પ્રસંગે 'મંગલ મંદિર' ડૉ. મંજુલા ગડાને અભિનંદન પાઠવે છે.

## શ્રી કચ્છી ગુર્જર જૈન મહિલા સમાજ - બેંગ્લોર

સમસ્ત દક્ષિણ ભારતની કચ્છી ગુર્જર જૈન મહિલાઓની સંસ્થાઓના પ્રતિનિધિઓના એક સંમેલનનું આયોજન બેંગ્લોર સ્થિત શ્રી કચ્છી ગુર્જર જૈન મહિલા સમાજ દ્વારા બેંગ્લોર ખાતે ફેબ્રુઆરી માસમાં કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ૧૧૦ સભ્યો સહિત બહારગામની દસ સંસ્થાઓના ૨૯ પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા.

***સંમેલનનો મુખ્ય ઉદ્દેશ હતો :***

★ વિચારોનું પરસ્પર આદાન-પ્રદાન.
★ દરેક સંસ્થાની પ્રવૃત્તિઓની રજૂઆત.
★ આત્મિયતા કેળવવી.

આ સંમેલનમાં નારી ઉત્કર્ષ, સંસ્થાની પ્રગતિ તેમજ બહારની દુનિયામાં પગ મૂકતી સ્ત્રીએ કયા પ્રકારની સાવચેતી રાખવી - જેવા વિષયો પર ભિન્ન ભિન્ન સ્વરૂપના વિચારો પ્રગટ કરવામાં આવ્યા હતા.

પ્રારંભમાં નૂપુર વૃંદે એક આકર્ષક નૃત્ય દ્વારા દરેક મહેમાનશ્રીઓનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે બેંગ્લોર સ્થિત સંસ્થાના આરંભના પ્રમુખ શ્રીમતી પ્રમીલાબેન શાહે સંસ્થાની ૩૫ વર્ષની કારકિર્દી વિશે વિસ્તૃત માહિતી આપી હતી. પ્રમુખ સ્થાનેથી શ્રીમતી નીતા સંઘવીએ પણ સંમેલનના હેતુ સંબંધી પોતાનું ટૂંક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ ઉપરોક્ત વિષયો પરત્વે વક્તાઓએ પોતાના રસદાયક વિચારો પ્રદર્શિત કર્યા હતા.

શ્રીમતી પ્રમીલાબહેન શાહે સેમિનારમાં રજૂ થયેલા વિચારો અને ત્રણે વિષયોના મુખ્ય મુદ્દાઓ સંબંધી પ્રેરણાદાયી સમીક્ષા કરી હતી.

આ અવસરે ચેન્નાઈથી આવેલા શ્રીમતી હેમલતાબહેન દ્વારા બેંગ્લોરની સંસ્થાના પ્રમુખશ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું તેમજ બહારગામથી પધારેલા સર્વે પ્રતિનિધિઓને 'સ્ત્રી શક્તિ'નો આકર્ષક મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ.

બેંગ્લોરની સંસ્થા છેલ્લા ૩૫ વર્ષથી સાંસ્કૃતિક, તબીબી, સાહિત્ય તેમજ સેવાકીય જેવા વિવિધ ક્ષેત્રોની પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. ઉલ્લેખનીય છે કે સંસ્થા કોઈપણ ડોનેશન વિના સ્વનિર્ભર રીતે ચાલે છે તેમજ સ્થાનિકે જરૂરતમંદ બહેનોને રૂપીયા ૫૦ હજાર સુધીની લોન આપવા સક્ષમ છે. સંસ્થાના રજત જયંતી વર્ષ દરમ્યાન આરંભ સમયના દરેક સભ્યશ્રીઓનું ખાસ બહુમાન કરવામાં આવ્યું હતું, તેમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું હતું.

## તા. ૧૦-૪-૨૦૧૩ના 'વિશ્વ હોમિઓપથિ' દિન નિમિત્તે "સ્વાસ્થ્યનો મીઠો સ્વાદ – હોમિઓપથિ"

### નિઃશુલ્ક સેમિનાર

*દિવસ* : *રવિવાર, તા. ૧૪-૪-૨૦૧૩*
*સમય* : *સવારે ૦૯.૧૫થી ૧૧.૩૦*
*સ્થળ* : *હરિભાઈ હૉલ,* મ્યુનિ. માર્કેટની પાસે, સી.જી. રોડ, અમદાવાદ.

જેમાં રોગની સાચી સમજણ, સ્વાસ્થ્ય પ્રત્યે અભિગમ, હોમિઓપથી ચિકિત્સા પદ્ધતિ અંગે વાતચીત થશે તેમજ સ્વાસ્થ્ય અથવા રોગ વિશેના પ્રશ્નોના ઉત્તર ડૉ. પાર્થ માંકડ દ્વારા આપવામાં આવશે.

રજિસ્ટ્રેશન માટે SMS અથવા ફોનથી ૯૭૩૭૭ ૩૬૯૯૯ ૫૨ સંપર્ક કરવા હોમિઓક્લિનિકની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ
★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental

ફાર ઈસ્ટ
All Inclusive Rs. 69,999/-
10 Days • Dep. : 21 Apr., 01, 12, 22 May, 1 June
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
મુલુંડ • દાદર • પાર્લા
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

માર્ચ – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ઠક્કર એન.પી.એન. સ્કૂલ — અંજાર, કચ્છ
- હરેશકુમાર પ્રવીણચંદ્ર શાહ — માંડવી, કચ્છ
- રતિલાલ ડુંગરશી શાહ — થાણા, મુંબઈ
- કાંતિલાલ એસ. ફોફરિયા — કોઈમ્બતુર

#### ૩ વર્ષનું લવાજમ

- વસંતલાલ ડી. દેઢિયા — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

#### ૫ વર્ષનું લવાજમ

- પીયૂષ વિઠ્ઠલદાસ ચંદે — મુલુંડ (વેસ્ટ), મુંબઈ

#### આજીવન લવાજમ

- રમણિકલાલ એન. શાહ — દહીંસર (વેસ્ટ), મુંબઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- કલ્યાણજી હીરજી વિસરિયા — માટુંગા (સી.આર.), મુંબઈ
- રમણિકલાલ મેઘજી દેઢિયા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- દિલીપભાઈ ડી. ખોના — કોવાપ્પડમ, કોચીન
- ઉર્મિન ગ્રુપ ઓફ કું. — બોડકદેવ, અમદાવાદ
- હંસરાજ ડાહ્યાભાઈ હીરપરા — સાયન્સ સિટી, અમદાવાદ
- સુરેશકુમાર એમ. પટેલ — નરોડા, અમદાવાદ
- મોરારજી મેઘજી નાથાણી — નયા અંજાર, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- લહેરચંદ આણંદજી ખોના — ગાંધીધામ, કચ્છ
- મણિલાલ એમ. વીરા — સુરત

#### આજીવન

- ચંદ્રકાંત પી. નંદુ — ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ

## બાલ ગંગાધર તિલક

લોકમાન્ય બાલ ગંગાધર તિલકને કોઈએ પૂછ્યું, 'શાસ્ત્રીજી! આપણા ધર્મગ્રંથોમાં સારો વર મેળવવા માટે કન્યાઓને ગૌરીવ્રત રાખવાનું સૂચવવામાં આવ્યું છે. એવી રીતે સારી પત્ની મેળવવા માટે પુરુષોને કોઈ વ્રત રાખવાનું શા માટે સૂચવાયું નથી?'

તિલકે હસતા હસતા જવાબ આપ્યો : એનું કારણ એ છે કે સ્ત્રીઓ તો બધી જન્મથી જ સારી હોય છે.' ■

## દરેકની જિંદગીનો સમય કઈ રીતે પસાર થાય છે?

**વર્લ્ડ બેંકના બ્યૂરો ઑફ સ્ટેટીસ્ટીક્સ પ્રમાણે :**

★ માની લેવામાં આવેલ છે કે આજના જમાનામાં અનેક શોધખોળના પ્રમાણે મનુષ્યની સરેરાશ ઉંમર ૭૮ વર્ષ - ૨ મહિના એટલે કે ૬,૭૫,૩૬૦ કલાકની છે.

★ આ ઉંમરમાંથી તે ૧/૩ વર્ષ સૂઈ જવામાં વિતાવે છે કે જે ૨,૨૫,૧૨૦ કલાક = ૨૬ વર્ષ થાય. બાકી રહ્યા ૫૨ વર્ષ.

★ બાળક ગ્રેજ્યુએશન સુધી ભણવામાં સરેરાશ ૩૧,૦૦૦ કલાક વિતાવે છે. જેના બરાબર ૩.૫ વર્ષ થાય. બાકી રહ્યા ૪૮.૫ વર્ષ.

★ ઓફિસમાં કે વ્યવસાયમાં તે સરેરાશ ૯૧,૦૦૦ કલાક વિતાવે છે. જે બરાબર ૧૦.૫ વર્ષ થાય. બાકી રહ્યા ૩૮ વર્ષ.

★ આવવા જવાના ટ્રાફિકમાં તે સરેરાશ ૮૫૦૦ કલાક વિતાવે છે. જે બરાબર ૧ વર્ષ થાય. બાકી રહ્યા ૩૭ વર્ષ.

★ દાંત સાફ કરવા, ટોઈલેટમાં સમય વિતાવવો, નહાવું વગેરેમાં તે સરેરાશ ૨૨,૦૦૦ કલાક વિતાવે છે. જે લગભગ ૨.૫ વર્ષ થાય. બાકી રહ્યા ૩૪.૫ વર્ષ.

★ ખાવાપીવામાં સરેરાશ ૩૫,૦૦૦ કલાક પસાર થાય છે. જે બરાબર ૪ વર્ષ થાય. બાકી રહ્યા ૩૦.૫ વર્ષ.

★ શોપીંગ, કરિયાણાની દુકાનેથી ખરીદી કે શાકભાજી વગેરે ખરીદવામાં લગભગ ૨૨,૦૦૦ કલાક વિતાવે છે. જે લગભગ ૨.૫ વર્ષ થાય. બાકી રહ્યા ૨૮ વર્ષ.

★ જમવાનું બનાવવું, ઘરમાં સાફસફાઈ કરવી કે અન્ય પરચૂરણ કામમાં તે લગભગ ૫૨,૦૦૦ કલાક વિતાવે છે. જે લગભગ ૬ વર્ષ થાય. બાકી રહ્યા ૨૨ વર્ષ.

★ બાળકો અને પરિવારના સભ્યો સાથે વાતો કરવામાં તે સરેરાશ ૧૩,૦૦૦ કલાક વિતાવે છે. જે લગભગ ૧.૫ વર્ષ થાય. બાકી રહ્યા ૨૦.૫ વર્ષ.

★ ટી.વી. જોવામાં, વિડિયો ગેમ રમવામાં, ટેલિફોન પર વાત કરવામાં તે લગભગ ૯૦,૦૦૦ કલાક વિતાવે છે. જે લગભગ ૧૦.૫ વર્ષ થાય. બાકી રહ્યા ૧૦ વર્ષ.

★ મનુષ્ય પાસે બાકી સમય રહ્યો – ૧૦ વર્ષનો – જિંદગીમાં સારા કામ કરવાનો.

**તારવણ :**

★ મનુષ્યની જિંદગીના ૭૮ વર્ષમાંથી ૬૮ વર્ષ જીવન વ્યવહાર ચલાવવામાં વપરાઈ જાય છે.

★ તેની પાસે માત્ર ૧૦ વર્ષ બાકી રહે છે – કંઈક ઠોસ કામ કરીને આ દુનિયામાંથી વિદાય લેવા માટે.

★ **આ ૧૦ વર્ષનો યોગ્ય સદુપયોગ કરવો માત્ર અને માત્ર તમારા હાથમાં છે.** ■

*મન પચરંગી છે. ક્ષણેક્ષણે તેના રંગ બદલાય છે. એક જ રંગના રંગાયેલા કોઈ વીરલા જ હોય છે.*

# સાર સમાચાર

સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી

(૧) બ્રિટનમાં બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. માટેનો સરકારી ચાર્જ વર્ષે ૪૯ પાઉન્ડ છે જ્યારે રંગીન ટી.વી. માટેનો ચાર્જ ૧૦૦ પાઉન્ડ છે. તેથી લગભગ ૧૩ હજારથી વધારે લોકો બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. જુએ છે. *(સાધના, તા. ૨-૨-૧૩)*

(૨) તાજેતરમાં જર્મનીના લુનબર્ગ શહેરમાં 'લસણ પરિષદ' મળી હતી. જેમાં વિશ્વભરમાંથી ૮૦ નિષ્ણાતો આવ્યા હતા અને તેમાં લસણ 'ઔષધીય છોડ'નું બિરુદ આપ્યું હતું. *(સાધના, તા. ૨-૨-૧૩)*

(૩) 'ઑક્સ ફામ' સંસ્થાના જણાવ્યા મુજબ વિશ્વની કુલ વસતિના માત્ર એક ટકા અમીર લોકોની આવકમાં છેલ્લા વીસ વર્ષમાં સાંઈઠ ટકાનો જંગી વધારો થયો છે. ત્યારે બીજી બાજુ દુનિયાના અસંખ્ય ગરીબ લોકો આજે પણ માત્ર સવા ડોલરમાં દિવસ વિતાવે છે. *(સાધના, તા. ૨-૨-૧૩)*

(૪) અમેરિકાની રેસ્ટોરન્ટ, હોટલ, ફૂડ સ્ટોર વગેરેમાં જે વિવિધ બ્રેડ સપ્લાય થાય છે તે ન વેચાવાથી અથવા તો ખાવાના ઉપયોગમાં ન આવવાથી તેમાંની ૪૫% જેટલી બ્રેડ ગાર્બેજ કરવામાં આવે છે. જેની કિંમત વર્ષના ત્રણ અબજ ડોલર જેટલી થાય છે. *(અખંડાનંદ, જાન્યુ. ૨૦૧૩)*

(૫) ગુજરાત સરકારે રૂા. ૪૭૫/-થી રૂા. ૫૦૦૦/-ના ભાવે જે જમીન ડી.એલ.એફ. કાું.ને આપી છે, તેનો બજારભાવ રૂા. એક લાખ છે. *(લોક સ્વરાજ, ફેબ્રુ. ૨૦૧૩)*

(૬) ગુજરાતના ૨૬ ગામના ૧૫,૦૦૦ ખેડૂતોએ અમદાવાદના કલેક્ટરને આવેદનપત્ર આપી તેમાં જણાવેલ છે કે જે છ માર્ગી રસ્તો બનાવવાનો છે તેમાં એકાણું લાખ બાર હજાર આઠસો પચ્ચીસ ચોરસ મીટર ખેતીની ફળદ્રુપ જમીન સંપાદન કરવાનું સરકારે જે જાહેરનામું બહાર પાડેલ છે તે રદ કરવું. *(લોક સ્વરાજ, ફેબ્રુ. ૨૦૧૩)*

(૭) કોકાકોલાની બોટલિંગ કંપની એમના તમામ કારખાનાં કરતાં એક મોટું કારખાનું ગુજરાતમાં નાખવા માંગે છે. જેમાં દર મિનિટે ૭૦૦ બાટલીઓ ભરાશે. *(લોક સ્વરાજ, ફેબ્રુ. ૨૦૧૩)*

(૮) વિશ્વની શ્રેષ્ઠ ૨૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની એક પણ યુનિવર્સિટીનું નામ નથી. *(સંદેશ, તા. ૧૫-૨-૧૩)*

(૯) મુલાયમસિંહ યાદવ લખનૌમાં પોતાનું મંદિર બનાવી રહ્યા છે. તેના માટે જયપુરમાં ૨૨ લાખના ખર્ચે પોતાની આરસની પ્રતિમા તૈયાર થઈ રહી છે. *(વિવેકપંથી, જાન્યુઆરી-૨૦૧૩)*

(૧૦) (જે સરકાર લોકોને બે ટંક રોટલો પણ આપી શકતી નથી) તે સરકારે ૬૦ લાખ ગરીબોને ૭૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે મફત મોબાઈલ આપવાની યોજના ઘડી છે. તેમાં ૨૦૦ મિનિટનો ટોકટાઈમ પણ મફત અપાશે. *(વિવેકપંથી, જાન્યુઆરી-૨૦૧૩)*

(૧૧) વિદર્ભના જંગલમાં એક લાપતા માનવભક્ષી વાઘને પકડવા વન રક્ષકોએ જ્યોતિષીઓનું શરણું લીધેલ છે. *(વિવેકપંથી, જાન્યુઆરી-૨૦૧૩)*

(૧૨) દુશ્મન સામે લડતાં કોઈ જવાન શહીદ થાય તો તેના પરિવારને રૂા. એક લાખ મળે અને ઓલિમ્પિક ખેલ સ્પર્ધામાં શૂટિંગમાં કોઈ ખેલાડી સુવર્ણ ચંદ્રક જીતે તો તેને રૂા. ત્રણ કરોડ મળે છે. *(સાધના, તા. ૧૬-૨-૧૩)*

(૧૩) બળાત્કાર પીડિત મહિલાઓને સહાયરૂપ થવા માટે કેન્દ્ર સરકાર દ્વારા અપાતું ફંડ ગુજરાત સરકારે વાપર્યું જ નથી. ગુજરાત સરકારે આ માટે બોર્ડની રચના જ કરી નથી. *(ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, તા. ૨૧-૧-૧૩)*

(૧૪) ચીનના શાંઘાઈ શહેર માટે ત્યાંની સરકારે એવો કાયદો કર્યો છે કે જેની પાસે કાર પાર્કિંગ માટેની જગ્યા હોય તેને જ કાર ખરીદવાની મંજૂરી આપવામાં આવશે. *(સાંવરી, તા. ૧-૬-૧૨)*

(૧૫) જેને હાલમાં જ ફાંસીની સજા આપવામાં આવી તે અફઝલ ગુરુએ જેલવાસ દરમ્યાન ચારેય વેદ વાંચીને અભ્યાસ કર્યો હતો. *(દિવ્ય ભાસ્કર, તા. ૩-૩-૧૩)*

(૧૬) વર્ષ ૨૦૦૨માં કેન્દ્ર સરકાર પાસેથી ફુલ મોબિલિટી લેવા માટે શ્રી મુકેશ અંબાણીએ જે શેરનો બજારભાવ રૂા. ૫૫/- હતો તેવા એક કરોડ શેર માત્ર રૂા. ૧/- (એક)ના ભાવે પ્રમોદ મહાજનને આપેલા. *(લોક સ્વરાજ, માર્ચ-૨૦૧૩)*

(૧૭) વર્ષ ૨૦૦૦માં દેશના કેટલાક ગેસના કૂવા તેમાંથી ગેસ કાઢીને સરકારને આપવાની શરતે મુકેશ અંબાણીને આપવામાં આવેલા. પરંતુ મુકેશ અંબાણી વખતોવખત ગેસના ભાવ વધારતા જ ગયા. જ્યારે વાત ઘણી વણસી ગઈ ત્યારે તેલ ખાતાના પ્રધાન જયપાલ રેડ્ડીએ વિરોધ કર્યો. ત્યારે મુકેશ અંબાણીએ સરકાર પર દબાણ લાવીને જયપાલ રેડ્ડીની જ બદલી કરાવી દીધી! મુકેશ અંબાણીએ કહેલું કે કોંગ્રેસ પાર્ટી તો મારી દુકાન છે! *(લોક સ્વરાજ, માર્ચ-૨૦૧૩)*

(૧૮) એટલાન્ટિક મહાસાગરમાં સેનેગલ નામે એક નાનો ટાપુ છે. તેણે આબોહવા પરિવર્તનથી બચવા માટે ચૌદ કિલોમીટર પહોળી અને છ હજાર ચારસો કિલોમીટર લાંબી વૃક્ષોની દીવાલ બનાવવાનું શરૂ કરેલ છે. *(લોક સ્વરાજ, માર્ચ-૨૦૧૩)*

(૧૯) ઈરાક અને અફઘાનિસ્તાનના યુદ્ધોમાં ૧૩૦ અમેરિકી સ્ત્રી સૈનિકોનાં મૃત્યુ થયા છે અને ૮૦૦થી વધારે સ્ત્રી સૈનિકો ઘાયલ થઈ છે. *(નિરીક્ષક, તા. ૧-૩-૧૩)*

(૨૦) આજે ગુજરાતમાં ૪૮ ટકા બાળકો અપૂરતા પોષણવાળા છે. બાળકોનાં મૃત્યુદર પણ ઘણો વધારે છે. મહિલાઓની પ્રસૂતિ

*મોટા માણસોના શબ્દો – ગહન અને સઘન અનુભવ અને અનુભૂતિમાંથી પ્રગટે છે.*

વખતનો મૃત્યુ દર પણ ઘણો ઊંચો છે. આદિવાસીઓ, અનુસૂચિત જાતિઓ અને અન્ય પછાત જાતિઓનાં ૫૭ ટકા લોકો ગરીબાઈમાં જીવે છે. પર્યાવરણનો હ્રાસ થઈ રહ્યો છે. અન્ય વિકાસનાં ધોરણો જેવા કે આરોગ્ય, શિક્ષણ, આવકનું ધોરણ વગેરેમાં તે અન્ય રાજ્યો કરતાં ગુજરાત આઠમા નંબરે છે. ***(નિરીક્ષક, તા. ૧-૩-૧૩)***

(૨૧) ચીન પાસેથી આઝાદી મેળવવા અને દલાઈ લામાને પાછા તિબેટ લાવવા માટેની શાંત ચળવળમાં છેલ્લા થોડાક મહિના દરમ્યાન ત્યાંના ૯૫ લોકોએ આત્મદહન કરીને પોતાના પ્રાણ આપ્યા છે. ***(નિરીક્ષક, તા. ૧-૩-૧૩)***

(૨૨) કેન્દ્ર સરકાર જ્યારે પેટ્રોલ, ડીઝલ અને કેરોસીન વગેરે ચીજોના ભાવ વધારે છે ત્યારે ગુજરાત સરકાર તેની આકરી ટીકા કરે છે. પણ અંદરખાનેથી રાજી થાય છે કારણકે બિલકુલ મહેનત વગર રાજ્યની આવકમાં વધારો થતો રહે છે. વેચાણવેરો - વેટની ૨૦૦૪-૦૫માં આવક રૂા. ૮૩૦૯ કરોડ, ૨૦૦૯-૨૦૧૦માં રૂા. ૧૮૨૦૦ કરોડ અને ૨૦૧૨-૧૩માં રૂા. ૩૮૫૦૦ કરોડ થશે. ***(નયા માર્ગ, તા. ૧-૩-૧૩)***

(૨૩) દર વર્ષે શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહેવી જોઈએ તેને બદલે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં એક લાખ જેટલા વિદ્યાર્થીઓની સંખ્યા ગુજરાતમાં ઘટી છે. ***(નયા માર્ગ, તા. ૧-૩-૧૩)***

## પુસ્તક પરિચય

# 'સમણસુત્તં' ગ્રંથને જાણો છો?

પ્રત્યેક ધર્મને એનો સર્વમાન્ય ગ્રંથ હોય છે, જે ગ્રંથમાંથી એ ધર્મના સિદ્ધાંતોનો અર્ક પ્રાપ્ત થાય છે. તે ધર્મનું સમગ્ર દર્શન એમાં નિહિત હોય છે અને એ ધર્મ પાળનારી પ્રજા એના રોજિંદા જીવનમાં એ સિદ્ધાંતોને આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરતી હોય છે.

વૈદિક ધર્મનો સાર શ્રીમદ્ ભગવદ્ગીતામાં મળે છે, બૌદ્ધ ધર્મનો ધમ્મપદ, ઈસ્લામનો કુરાને શરીફ, ખ્રિસ્તી ધર્મનો બાઈબલ, યહુદી ધર્મનો હિબ્રુ બાઈબલ (તોરાહ), શીખોનો ગુરુ ગ્રંથસાહેબ, તાઓ ધર્મનો તાઓ-તે-ચિંગ, પારસી ધર્મનો અવેસ્તા જેવા સર્વસામાન્ય ગ્રંથ મળે છે, **તો પછી જૈન ધર્મનો ગ્રંથ કયો? સંત વિનોબાજીને જુદા જુદા ધર્મોના અધ્યયન દરમ્યાન આનો વિચાર આવ્યો.** સંત વિનોબાએ કુરાનસાર, ખ્રિસ્તધર્મસાર, ગીતા પ્રવચનો, જપુજી, ધમ્મપદ, ભાગવત્ ધર્મસાર અને તાઓ ઉપનિષદ જેવા અનેક ગ્રંથો લખ્યા. પણ એમાં એક મણકો ખૂટતો લાગતો હતો — અને તે જે ધર્મના સિદ્ધાંતો એમને પ્રિય હતા, તે જૈન ધર્મના સર્વમાન્ય ગ્રંથનો. કારણ એટલું જ કે તેઓ માનતા કે શ્રીમદ્ ભગવદ્ ગીતા પછી એમના માનસ પર સૌથી વધુ પ્રભાવ ભગવાન મહાવીરના ઉપદેશનો છે. એમાં પણ જૈન ધર્મની સત્યગ્રાહી બનવાની વાત એમના મનમાં વસી ગઈ હતી. **પ્રત્યેક વ્યક્તિ પાસે પોતાનું સત્ય હોય છે અને તેના દ્વારા એ પોતાનો માનવજન્મ સાર્થક કરતી હોય છે.** તમામ ધર્મોના તમામ પંથોમાં અને તમામ માનવોમાં જે સત્યનો અંશ છે તેને ગ્રહણ કરવો જોઈએ એવો ભગવાન મહાવીરનો ઉપદેશ એમને અત્યંત પ્રિય લાગ્યો. એ ચિત્ત પર એટલો બધો પ્રભાવ પાડી ગયો કે એમણે એમ પણ કહ્યું, "ગીતા પછી બાબા પર ભગવાન મહાવીરની અસર છે એટલે 'ગીતા પછીથી' એમ કહું છું તો ખરો, પણ જોઉં છું તો મને એ બંનેમાં કશો ફર્ક પડતો નથી."

આમ, એમણે આ વાત આત્મપ્રકાશી, બ્ર. જિનેન્દ્ર વર્ણીજીને કરી અને વર્ણીજીએ અનેક આચાર્યો અને વિદ્વાનોનો સહયોગ મેળવીને 'સમણસુત્ત' ગ્રંથ તૈયાર કર્યો. આ ગ્રંથની એક હજાર પ્રત છપાવીને 'જૈન ધર્મસાર'ના નામે પ્રકાશિત કરીને જૈન સમાજના વિદ્વાનોને મોકલીને એમનાં સૂચનો એકત્રિત કર્યાં અને ત્યારબાદ સંત વિનોબાના આગ્રહથી આ ગ્રંથ પર ચર્ચા કરવા માટે ત્રણસો જેટલા આચાર્યો, વિદ્વાનો અને શ્રાવકોની ઉપસમિતિ બનાવી અને જૈન સમાજમાં સાતનો આંકડો પ્રિય ગણાતો હોવાથી, સાતને એકસો આઠ વડે ગુણીને સાતસો છપ્પન ગાથાઓનો આ ગ્રંથમાં સમાવેશ કર્યો.

સંત વિનોબાએ કહ્યું કે, 'હજાર, દોઢ હજાર વર્ષમાં નહોતું થઈ શક્યું તે એક મોટું કાર્ય સંપન્ન થયું. એમાં બાબા નિમિત્ત માત્ર બન્યા. પણ મને પાકી ખાતરી છે કે એ ભગવાન મહાવીરની કૃપા છે!'

આમાં જુદા જુદા અનેક ગ્રંથોમાંથી ગાથાઓ એકત્રિત કરવામાં આવી અને જ્યોતિર્મુખ, મોક્ષમાર્ગ, તત્ત્વદર્શન અને સ્યાદવાદ્ એમ ચાર ખંડમાં એને વિભાજિત કરવામાં આવી. જૈન ધર્મ, તત્ત્વદર્શન અને આચારમાર્ગનો સંપૂર્ણ પરિચય પ્રાપ્ત થાય તેવો આશય રખાયો અને જૈનાચાર્યે પ્રાકૃત ગાથાઓને સૂત્ર કહ્યા છે અને પ્રાકૃત સૂત્ર શબ્દનો અર્થ સુત્ત અને શ્રુત પણ થાય છે. જૈન પરંપરામાં સૂત્ર શબ્દ રૂઢ હોવાથી આ ગ્રંથનું નામ 'સમણસુત્તં' (શ્રમણસુત્તમ્) રાખવામાં આવ્યું.

અપાર પરિશ્રમથી તૈયાર થયેલા આ ગ્રંથની બહુ ઓછા લોકોને જાણકારી છે. જૈન સમાજમાં પણ એ પ્રચલિત થયો નહીં અને ઘણા જૈનોને તો આ ગ્રંથની વાત કરો, તો તેઓ પહેલી વાર જ આ નામ સાંભળે છે એમ કહે છે! જો કે એમાં દોષ તો ગ્રંથ સુધી નહીં પહોંચનારાનો જ ગણાય!

**આ ગ્રંથના ચાર ખંડોમાં સાંપ્રદાયિક મતાંતરોથી દૂર જઈને જૈન ધર્મના સિદ્ધાંતોને મૂળ રૂપે આલેખવામાં આવ્યા છે.** મહત્ત્વના ગ્રંથોમાંથી એની આચારપ્રણાલી દર્શાવવામાં આવી છે અને એથીયે વધુ સામાન્ય જનસમૂહને આમાંથી જીવનના ક્રમિક વિકાસની પ્રક્રિયાનો આલેખ મળી રહે છે. આ ગ્રંથ એ અન્ય ધર્મના ગ્રંથો જેટલો લોકવ્યાપક બન્યો નથી એ દુર્ભાગ્યની વાત છે.

***- ડૉ. કુમારપાળ દેસાઈ***

***('ગુજરાત સમાચાર' 'પારિજાતનો સંવાદ' કોલમમાંથી ટુંકાવીને સાભાર)***

***પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ***

*ઉદાસીના ઘરમાં રહેવાનું પ્રેમને ગમતું નથી.*

## શબ્દ રમત-૮૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | | ૫ | | | ૬ | | ૭ |
| ૮ | | | ૯ | | | | | ૧૦ | | | |
| ૧૧ | | | ૧૨ | ૧૩ | ૧૪ | | | ૧૫ | | | |
| | | ૧૬ | | ૧૭ | | | | ૧૮ | | | ૧૯ |
| ૨૦ | | | ૨૧ | | | | ૨૨ | | | ૨૩ | |
| | | | | | | ૨૪ | | | ૨૫ | | |
| | ૨૬ | ૨૭ | | ૨૮ | | | ૨૯ | ૩૦ | ૩૧ | | |
| ૩૨ | | | | | | ૩૩ | | ૩૪ | | | ૩૫ |
| | | | ૩૬ | | ૩૭ | | ૩૮ | | | ૩૯ | |
| ૪૦ | | | ૪૧ | | | | | | ૪૨ | | |
| | | ૪૩ | | | ૪૪ | | | ૪૫ | | ૪૬ | |
| | | | | ૪૭ | | | | ૪૮ | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૪-૨૦૧૩*

### આડી ચાવીઓ

૧. આતંકવાદી હુમલાનો ભોગ બનેલું દક્ષિણ ભારતનું એક શહેર (૫)
૬. ચીં ચીં બોલતું પક્ષી (૩)
૮. ભાવ, કિંમત, પ્રાણીએ જમીનમાં રહેવાને કરેલું છિદ્ર (૨)
૯. શરત (૨)
૧૦. માલા મેડો મજલો (૨)
૧૧. નકામું ગણી બાતલ કરેલું (૨)
૧૨. તલવાર (૪)
૧૫. મીઠું (૩)
૧૬. ટેવ, ખાર, એક રમત (૧)
૧૭. કબર પાસે ભટકનારું પ્રાણી, ઘોરખોદિયો, તરસ (૩)
૧૮. કઠોળનું દળ, એની બનાવેલી વાનગી (૨)
૨૦. લય પામેલું, ગરક, તલ્લિન (૨)
૨૧. ઘંટીના હેઠલા પડમાં વચ્ચોવચ્ચ આવેલી ખીલી (૩)
૨૨. પૈસા, નાણુ, સોનું (૨)
૨૩. પાણીનો કુંડ (૨)
૨૪. કાક, કાગડો (૨)
૨૬. મનને ગમતું (૫)
૨૯. તલની બનાવેલી મીઠાઈ (૪)
૩૨. વિનોદ કરનારું (૩)
૩૪. હસાવી ખેલાવી રાજી રાખવું તે (૨)
૩૭. ઝટઝટ (૪)
૩૯. યુક્તિ (૨)
૪૦. વજન (૨)
૪૧. પરિણામ (૨)
૪૨. અક્કલ, ડહાપણ (૩)
૪૩. સંવત (૨)
૪૪. સુઝ, સમજણ (૪)
૪૬. તાકાત, સોનીનું એક ઓજાર (૨)
૪૭. ભેદ, રાજા (૨)
૪૮. ચણાના લોટની એક મીઠાઈ (૩)

### ઊભી ચાવીઓ

૧. ટીપુ સુલતાનના પિતા (૫)
૨. દરદવાળું, માંદુ (૩)
૩. ચાલાક, હોંશિયાર (૩)
૪. કોઈ જગ્યાએ અટક્યા વગરની મજલ, વિસામો લીધા વિના (૫)
૫. ચોક્કસ જાતના પથ્થરની પડતી ચળકદાર પતરી, એ પ્રકારની ધાતુ (૪)
૬. અજંપો, વલોપાત, આંદોલન (૪)
૭. લૂગડાનો લાંબો કકડો, ચીરો (૨)
૧૦. ધનવાન, તવંગર (૪)
૧૪. લોહી તરી આવવાથી મોં પર પડતો લીસોટો (૩)
૧૯. જઠર, પેટ (૩)
૨૨. સૃષ્ટિ, વિશ્વ, દુનિયા (૩)
૨૫. ખાંધે બોજો ઉપાડવાને બનાવેલી, શ્રવણે બેસાડીને મા બાપને યાત્રા કરાવી (૩)
૨૬. મોહક, સુંદર (૫)
૨૭. સરિતા (૨)
૨૮. મેશ, કાજળ (૨)
૩૦. કપાળ (૩)
૩૧. બાપ તેવા બેટા, -- તેવા ટેટા (૨)
૩૩. ધાતુને લાગેલો મેલ, ખૂંધું, લોભી (૨)
૩૫. સારવાર, સંભાળ (૪)
૩૬. શબને ઓઢાડવાનું કપડું (૩)
૩૮. ફૂલમાંની રજ (૩)
૩૯. ધંધો, વ્યવસાય (૪)
૪૦. હિંદુસ્તાન, ઈન્ડિયા (૩)
૪૩. ઈન્દ્રાણી (૨)
૪૪. હાથી (૨)
૪૫. બાળ ભાષામાં ખાવાનું (૨)

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

## શબ્દ રમત-૮૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | મ | લ | હા | સ | ન | | અ | | ત | ના | વ |
| બૂ | મ | | બ | ત | | અ | નુ | જ | | ગ | ર |
| ત | ત્વ | | ર | ત | ન | | પ | ડ | | રિ | |
| ર | | જા | ડું | | ફો | ર | મ | | ક | ક | રું |
| | મ | ણ | | ખં | | તિ | | મુ | રા | રિ | |
| પ | | ભે | દ | ભા | વ | | શ | ક્તિ | | | શા |
| રો | જિં | દુ | | ત | હે | વા | ર | | ક | લ | હ |
| ઠ | ગ | | મ | | મ | દ | મ | સ્ત | | | રૂ |
| | ર | સા | ણિ | યો | | ળી | | બ્ધ | | ખા | ખ |
| ર | | ક્ષી | | સૌ | ર | | ગો | | ખ | | ખા |
| બ | ગી | | લા | | ખા | ડું | | ગ | જા | ન | ન |
| ડી | | ન | જા | ક | ત | | રા | | નો | ટ | |

### *જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૮ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૫. | નવીન શામજી લાલકા | - ગદગ | બધા સાચા |

### *ફેબ્રુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૭૯ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૫. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | ૧ ભૂલ |

### *માર્ચ-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૦ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અ'વાદ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | કિશોર જે. શાહ | - ભુજ | ૧ ભૂલ |
| ૪. | રોહિત આર. સંઘવી | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | રશ્મિકાંત એસ. સાવલા | - ભુજ | ૧ ભૂલ |
| ૬. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | ૧ ભૂલ |
| ૭. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૮. | હસમુખ ડી. શાહ | - અડાલજ | ૪ ભૂલ |
| ૯. | સરોજ જયેશ શાહ | - અમદાવાદ | ૪ ભૂલ |

## વિશ્વાસનું ફળ

એક સાચો ભક્ત હતો. તે સ્વભાવે બહુ જ સીધો સાદો! છળ કપટને તો એ જાણતો પણ નહિ. એના મનની એક મુરાદ હતી કે ભગવાનના દર્શન થાય તો જીવન સફળ થાય. દર્શન માટે એ એવો તો તલસતો હતો કે જે મળે તેને તેનો ઉપાય પૂછતો. પરંતુ કોઈ એને જવાબ આપતું નહિ. આ વાતની એક ઠગને ખબર પડી. ઠગ એટલે ઠગ વળી. તેણે તો સાધુનો વેશ લીધો ને આવ્યો પેલા બિચારા ભોળા ભગત પાસે. ભક્ત તો એને જોઈ રાજી રાજી થઈ ગયો. છેવટે સાધુવેશધારી ઠગ બોલ્યો, 'ભગતજી, આજ તો હું તમને ભગવાનના દર્શન જરૂર કરાવીશ. તમે તમારો સઘળો સામાન વેચી દો ને મારી સાથે જંગલમાં ચાલો.'

ભગત તો સાવ સરળ હૃદયનો હતો. તેના મનમાં જરાયે સ્વાર્થ ન હતો ને વળી ભગવાનનાં દર્શનની એને તાલાવેલી લાગી હતી. એણે તો જલદી જલદી ઘરવખરી વેચી નાખી. વધેલો સામાન પણ સસ્તામાં આપી દીધો ને જેટલા પૈસા મળ્યા તે બધા લઈ પેલા ઠગની સાથે જંગલમાં ચાલ્યો.

ચાલતા ચાલતા રસ્તામાં એક કૂવો આવ્યો. ઠગ ત્યાં થોભ્યો. કૂવામાં જોઈ બોલ્યો, 'બસ ભાઈ, આ કૂવામાં તમને ભગવાનના દર્શન થશે. જો તમારે ભગવાનનાં દર્શન કરવા હોય તો આ માયાવી રૂપિયા અહીં મૂકી રાખો ને કૂવામાં પડો.' બિચારો ભોળો વિશ્વાસ ભક્તજન! એણે તો કૂવામાં પડતું નાખવા તૈયારી કરી. જેવો એ કૂવા પાસે આવ્યો કે તરત જ પાછળથી પેલા ઠગે તેને ધક્કો માર્યો. ભગત કૂવામાં તો પડ્યો પણ પડતાની સાથે જ એને કોઈએ ઊંચકી લીધો. તેણે આંખ ઉઘાડી જોયું તો સાક્ષાત્ ભગવાન્! ભગવાનનાં દર્શન એને થયાં ને જીવન ધન્ય ધન્ય બની ગયું.

પેલો ઠગ તો રૂપિયાની થેલી લઈને પોબારા ભણી ગયો. પણ પાપીને પાપની સજા તો મળવી જ જોઈએ ને! ભગવાને ખુદ સિપાહીનો વેશ લીધો ને ઠગને પકડી લીધો. ને પેલા ભક્તને કૂવામાંથી બહાર કાઢી બધી હકીકત કહી સંભળાવી. પરંતુ ભક્ત તો કશું જ સાંભળતો ન હતો. એ તો માત્ર એટલું જ બોલ્યો, ભગવાન, એને સતાવો નહિ. એ ઠગ હોય કે ગમે તે હોય, પરંતુ એજ મારો સાચો ગુરુ છે. મારી માયાવી પૂંજી લઈને પણ એણે મને ભગવાનના દર્શન કરાવ્યા છે. જેણે પાપ માથે લઈને મને તાર્યો છે એ પણ તરી જવો જોઈએ. એને છોડી દો.

ઠગને લાગ્યું કે ઠગાઈ કરવા જતા પોતે જ ઠગાઈ ગયો. એનું હૈયું પલટાઈ ગયું ને એ પોતે ભગવાનનો સાચો ભક્ત બની ગયો.

જેને ભગવાન પર વિશ્વાસ છે તે કદી દુઃખી થતો નથી.

***સાભાર : 'ગુજરાત સમાચાર'***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

### જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૪નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧૩. નવીન શામજી લાલકા - ગદગ

### ફેબ્રુઆરી-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૫નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧૬. જયંતીલાલ વાલજી રાજગોર - ભુજ

### માર્ચ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૬નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૩. પી. સી. શાહ - ભુજ
૪. હસમુખ ડી. શાહ - અડાલજ
૫. સુનિલ ખીમચંદ છેડા - અમદાવાદ
૬. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૭. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૮. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૯. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૧૦. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ

*દેશમાં પક્ષો તો હંમેશાં રહેવાના જ. પણ આપણામાંથી જે વસ્તુ હું દૂર કરવા ઈચ્છું છું તે તો એ કે આપણે એકબીજા પર ખોટા હેતુઓનું આરોપણ ન કરીએ. આપણને ઘેરી વળેલું પાપ એ આપણા મતભેદો નથી પણ આપણી પામરતા છે. શબ્દો ઉપર આપણે મારામારી કરીએ છીએ. ઘણીવાર તો પડછાયાને માટે આપણે લડીએ અને મૂળ વસ્તુ જ ખોઈ બેસીએ છીએ. ખરેખરી નડનારી વસ્તુ આપણા મતભેદો નથી પણ તેની પાછળ રહેલી આપણી પામરતા છે.*

— ગાંધીજી

## સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૩૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૪-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ મે-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :** ૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

### ક્રમાંક - ૧૦૩૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | ૩ | | ૨ | |
| ૭ | ૨ | | | ૯ | ૫ | | | |
| | | ૪ | | ૮ | | | ૯ | ૧ |
| ૧ | | ૫ | | | ૮ | | ૩ | |
| | | ૩ | ૫ | ૭ | ૬ | ૨ | | |
| | ૭ | | ૯ | | | ૫ | | ૬ |
| ૮ | ૫ | | | ૬ | | ૧ | | |
| | | | ૭ | ૧ | | | ૫ | ૮ |
| | ૧ | | ૮ | | ૨ | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૫ | | | | | ૪ |
| | | ૬ | ૩ | | ૯ | | | |
| ૭ | | ૩ | ૬ | | | ૯ | | ૨ |
| | ૩ | ૯ | | ૮ | | ૨ | | ૭ |
| | ૧ | | ૭ | ૫ | ૩ | | ૯ | |
| ૫ | | ૭ | | ૨ | | ૮ | ૩ | |
| ૧ | | ૮ | | | ૭ | ૫ | | ૩ |
| | | | ૮ | | ૪ | ૧ | | |
| ૩ | | | | | ૫ | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૬ | ૯ | ૧ | | ૮ | |
| | | ૫ | | | ૩ | ૬ | | |
| ૬ | ૧ | ૭ | | | | | ૩ | |
| | | | ૧ | ૩ | | ૪ | ૨ | ૬ |
| ૨ | | | | | | | | ૭ |
| ૩ | ૬ | ૯ | | ૪ | ૨ | | | |
| | ૨ | | | | | ૧ | ૬ | ૩ |
| | | ૩ | ૫ | | | ૯ | | |
| | ૮ | | ૩ | ૧ | ૪ | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | | | ૨ | ૩ | | ૬ | |
| | ૮ | ૩ | | | ૫ | ૨ | | |
| | | | ૧ | ૯ | | | | ૪ |
| | | ૭ | ૪ | | ૬ | | ૨ | ૫ |
| | | ૮ | | | | ૭ | | |
| ૪ | ૨ | | ૫ | | ૭ | ૯ | | |
| ૨ | | | | ૭ | ૧ | | | |
| | | ૧ | ૮ | | | ૪ | ૭ | |
| | ૭ | | ૨ | ૬ | | | ૫ | ૧ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૩૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૪ | ૭ | ૩ |
| ૬ | ૪ | ૭ | ૨ | ૫ | ૩ | ૧ | ૯ | ૮ |
| ૯ | ૩ | ૧ | ૪ | ૭ | ૮ | ૨ | ૬ | ૫ |
| ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૨ | ૫ | ૩ | ૬ |
| ૫ | ૧ | ૨ | ૬ | ૩ | ૯ | ૭ | ૮ | ૪ |
| ૩ | ૬ | ૪ | ૭ | ૮ | ૫ | ૯ | ૨ | ૧ |
| ૧ | ૯ | ૩ | ૮ | ૨ | ૪ | ૬ | ૫ | ૭ |
| ૨ | ૭ | ૮ | ૫ | ૧ | ૬ | ૩ | ૪ | ૯ |
| ૪ | ૫ | ૬ | ૩ | ૯ | ૭ | ૮ | ૧ | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૬ |
| ૪ | ૧ | ૫ | ૬ | ૩ | ૨ | ૭ | ૯ | ૮ |
| ૬ | ૮ | ૨ | ૪ | ૯ | ૭ | ૧ | ૩ | ૫ |
| ૫ | ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૧ | ૯ |
| ૨ | ૭ | ૬ | ૫ | ૧ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૧ | ૯ | ૮ | ૨ | ૪ | ૩ | ૫ | ૬ | ૭ |
| ૩ | ૫ | ૧ | ૮ | ૨ | ૬ | ૯ | ૭ | ૪ |
| ૮ | ૨ | ૯ | ૩ | ૭ | ૪ | ૬ | ૫ | ૧ |
| ૭ | ૬ | ૪ | ૯ | ૫ | ૧ | ૩ | ૮ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૨ | ૯ | ૭ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૧ | ૭ | ૪ | ૫ | ૬ | ૩ | ૯ | ૮ | ૨ |
| ૯ | ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૭ | ૧ | ૬ |
| ૨ | ૩ | ૭ | ૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૮ |
| ૮ | ૪ | ૯ | ૧ | ૩ | ૨ | ૬ | ૭ | ૫ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૮ | ૯ | ૨ | ૩ | ૪ |
| ૭ | ૬ | ૮ | ૨ | ૧ | ૫ | ૩ | ૪ | ૯ |
| ૪ | ૨ | ૫ | ૩ | ૯ | ૭ | ૮ | ૬ | ૧ |
| ૩ | ૯ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૨ | ૭ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૬ | ૩ | ૯ | ૧ | ૫ | ૮ | ૭ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૪ | ૮ | ૬ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૭ | ૬ | ૨ | ૫ | ૪ | ૯ | ૧ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૩ | ૭ | ૨ | ૬ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૭ | ૧ | ૪ | ૮ | ૬ | ૯ | ૨ | ૫ | ૩ |
| ૬ | ૯ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૭ | ૪ |
| ૮ | ૩ | ૨ | ૫ | ૭ | ૪ | ૧ | ૬ | ૯ |

*પ્રેમ ભલે આંધળો હોય પણ દૂરનું જોઈ શકે છે.*


नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
• Heavy Bottom Thickness
• Long-Lasting Stainless Steel Vent Tube
• Strong Rim For Enhanced Protection
• Anti-Bulging Thermal Base
• Energy Saver Base
• Induction Base Encapsulated Sandwich Bottom
• Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Innovators in exclusive range of quality stainless steel utensils

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

★ **દુનિયાનું સૌથી ઠંડું ગામ :** ઉત્તરપૂર્વ રશિયાના સાખા રીપબ્લિકના ઓમાયા કોનસ્કી જિલ્લામાં આવેલું ઓમાયા કોન ગામ આખા વિશ્વનું સૌથી ઠંડું ગામ છે. આ ગામ ઈન્ડિગરસ્કા નદીને કિનારે આવેલું દરિયાની સપાટીથી ૭૫૦ મીટર ઊંચાઈ પર આવેલું છે. આ વર્ષે અહીંની ઠંડીનો ૧૦૦ વર્ષનો રેકોર્ડ તૂટ્યો અને અહીં તાપમાન માઈનસ ૭૧ ડિગ્રી તાપમાન સુધી પહોંચી ગયું હતું. અહીં -૫૨ ડિગ્રીથી નીચે તાપમાન જાય એટલે સ્કૂલ બંધ થઈ જાય, મોબાઈલ કામ કરે નહીં, પેનમાં શાહી જામ થઈ જાય, ચશ્માં પહેરો તો ચોંટી જાય. કાર સહિતના વાહનો અહીં ચાલુ રાખવામાં આવે છે કારણકે આ તાપમાને કાર ફરી ચાલુ નહીં થાય તેવો ડર હોય છે.

★

**ઉલ્કાપિંડ :**

- ૧૫મી ફેબ્રુઆરીએ રશિયાના ચેલિયા બિનસક ક્ષેત્રમાં આકાશમાંથી ઉલ્કાપિંડના ટુકડા પડવાથી ૧૨૦૦થી વધુ લોકો ઘવાયા છે. ઉલ્કાપિંડનો સૌથી મોટો ટુકડો ચેરબર કુલ સરોવરમાં પડ્યો હતો. જેના લીધે બરફના સરોવરમાં ખૂબજ મોટો ખાડો પડી ગયો હતો અને રશિયાને ૧.૭૯ અબજ રૂપિયાનું નુકસાન થયું છે.
- દરરોજ પૃથ્વી પર લગભગ ચાર હજાર ઉલ્કાપિંડ વરસે છે. તેનું કદ નાનું હોવાથી નુકસાન થતું નથી.
- ઉલ્કાઓના પડવાથી નુકસાનના ઘણા સમાચાર આવે છે પરંતુ રશિયા પહેલાં માત્ર એક જ ઘટનાની સાબિતી મળે છે. ૧૯૫૪માં સાઈલાકોગામાં રહેતા એની હોજેસ ઘરે ઊંઘી રહ્યા હતા. એક ૮ પાઉન્ડ વજનની ઉલ્કા તેની છત સાથે ટકરાઈને તેની પર પડી.
- ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનને ૨૦ વર્ષોમાં લગભગ એક લાખ ઉલ્કાઓથી બચાવવા માટે મોટી કેવલેટની ચાદરથી કવર કરી હતી. આ મટિરિયલનો ઉપયોગ બુલેટપ્રુફ કપડાં બનાવવા માટે કરાયો હતો.
- દર વર્ષે થતું સૌથી મશહૂર અને ભવ્ય મીટિયોર શાવર એન્યુઅલ પરસીડ ૧૨ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ જોવા મળ્યું હતું. આ વર્ષે આપણી કમનસીબી છે કે આ શાવર ૨૦૧૩માં કદાચ જોઈ નહીં શકાય કારણકે તે દિવસે આકાશમાં ચંદ્રમાની રોશની વધારે હશે.
- ઉલ્કાપિંડ આ સૂર્ય મંડળના સૌથી જૂના પહાડ છે. તારાઓની આસપાસ આ મિનરલ આપણા સૂર્યમંડળના બનવાથી પણ અબજો વર્ષ પહેલાં બન્યા હતા.
- ઉલ્કાઓની ગેરકાયદે લે-વેચ પણ થાય છે. ઑનલાઈન શોપિંગ વેબસાઈટ પર દર વર્ષે લગભગ એક હજાર ઉલ્કાઓની લીલામી થાય છે.
- જો તમને કોઈ મીટિયોરાઈટ (ઉલ્કા) મળે તો નોમન ક્લેચર કમિટી ઑફ મીટિયોરિટીકલ સોસાયટી ઈચ્છે છે કે તમે તેના ૨૦ ટકા કે ૨૦ ગ્રામ બેમાંથી જે પણ કંઈ ઓછું હોય તેને લૅબના રિસર્ચ માટે દાનમાં આપો. બાકીનો હિસ્સો તમે વેચી શકો છો.

★

★ **ઈનોવેટિવ સીટી :** કોલંબિયાનું મેડેલિન શહેર દુનિયાનું સૌથી ઈનોવેટિવ શહેર બની ગયું છે. મેડલિને ન્યુયોર્ક અને તેલ અવીવને પણ પાછળ રાખીને 'ઈનોવેટિવ સિટી ઑફ ધી યર'નું બિરૂદ હાંસલ કર્યું છે. જે પ્રકારે દુનિયાના ઘણા દેશોમાં મેટ્રો ટ્રેન દોડે છે તે પ્રકારે અહીં મેટ્રો કેબલ કાર ચાલે છે. છેલ્લાં ૧૩ વર્ષમાં અહીંના તંત્રએ પરિવહન સિસ્ટમ, પર્યાવરણ નીતિઓ, સંગ્રહાલયો, શાળા લાઈબ્રેરી અને સાંસ્કૃતિક સ્થળોએ ઘણા ઈનોવેશન કર્યા છે. એક સમયે આ દેશ ડ્રગ્સના કુખ્યાત તસ્કર પાબ્લો ઍસ્કોબારના નરસંહારના કારણે સૌથી હિંસક દેશ બની ગયો હતો. આજે ૨૦૦ શહેરના વિકાસની હરીફાઈમાં પ્રથમ નંબરે આવેલ છે.

★ **સૌથી મોટો પ્રાઈમ નંબર :** સંશોધકોએ અત્યાર સુધીની સૌથી મોટી અવિભાજ્ય સંખ્યા (પ્રાઈમ નંબર) શોધી કાઢી છે જેણે ચાલીસ લાખ આંકડા દ્વારા અગાઉના વિક્રમને તોડી નાખ્યો છે. આ આંકડો બે (૨)ને તેનીજ સાથે ૫૭૮૮૫૧૬૧ વાર ગુણાકાર કરીને તેમાંથી એક (૧) બાદ કરીને મેળવવામાં આવ્યો છે. અત્યાર સુધીનો આ સૌથી મોટો પ્રાઈમ નંબર શોધી કાઢવા માટે સંશોધકોએ ચાર વર્ષની જહેમત ઉઠાવવી પડી હતી. આ આંકડો ૧.૭ કરોડ આંકડાનો છે.

★

**વિજ્ઞાનની વિસ્તરતી જતી ક્ષિતિજ :**

★ **રોજિંદા કામમાં મદદગાર રોબો :** ઝુરિચ વિશ્વવિદ્યાલયના ઈજનેરોએ કૃત્રિમ સ્નાયુઓવાળો રોબો વિકસાવ્યો છે જે માંદા, અશક્ત કે વયોવૃદ્ધને તેમના રોજિંદા કામમાં મદદરૂપ થશે. રોબો તરીકે ઓળખાતા આ યંત્ર માનવમાંના સાંધામાં મોટરને બદલે મજબૂત કૃત્રિમ સ્નાયુ ગોઠવાયા છે. જેને લીધે તે માનવ વતી કામ કરશે.

★ **અદૃશ્ય કરતું કાપડ :** અમેરિકાના સહયોગથી કેનેડાની એક કંપનીએ તેના પર આયાત થતા કિરણોને સંપૂર્ણપણે વેરવિખેર કરી નાખતું કાપડ બનાવ્યું છે. જેને લીધે સૈનિકો જોઈ શકાતા

*પ્રેમની ભાષા આંખમાં હોય છે.*

નથી. અદશ્ય કરી દેતું કાપડ અંધારામાં અને નાઈટ વિઝન કેમેરા કે ગોગલ્સની સામે પણ એટલું જ કામ આપે છે.

★ **પડોશમાં નવા ગ્રહો :** વૈજ્ઞાનિકોએ ઝડપી આકાશગંગા ગનનો ઉપયોગ કરીને પૃથ્વીથી નજીકમાં પાંચ નવા ગ્રહો શોધ્યા છે. બાર પ્રકાશ વર્ષ દૂરના આ ગ્રહો પર જીવનને અનુકૂળ પર્યાવરણ હોવાની શક્યતા છે. તાઉ સેટી નામના તારાનાં લગભગ છ હજાર વિશ્લેષણોને પરિણામે ન્યુ સાઉથ વેલ્સ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો આ તારણ પર આવ્યા છે.

★ **નિરાધાર એકલો ગ્રહ :** ગુરુત્વાકર્ષણ બળ વગરનો અને ગુરૂ ગ્રહથી દસ ગણો મોટો ગ્રહ ઓળખાયો છે. સી.એફ.બી.ડી.એસ.આઈ.આર.-૨૧૪૯ નામે ઓળખાતો આ ગ્રહ તારાની પરિક્રમા કરતો નથી. માટે તેને નિરાધાર અને એકલો કહ્યો છે. ફ્રાંસના ખગોળશાસ્ત્રીએ પ્રથમ વખત શોધેલા ગ્રહનું તાપમાન ચારસો ડિગ્રી સેલ્સિયસ અને ઉંમર બાર કરોડ વર્ષ હોવાનું અનુમાન છે.

★

**<u>ભાષાનું ભણતર</u> :**

દુનિયામાં એવા લાખો લોકો હશે કે જે ઘરે કે ઓફિસમાં બે, ત્રણ કે ચાર ભાષાઓ બોલે છે. ઘણાં લોકોને પાંચથી છ ભાષાનું જ્ઞાન હોય છે. પણ આ દુનિયામાં ૨૦, ૩૦ કે ૧૦૦ ભાષાઓનું જ્ઞાન ધરાવતા લોકો પણ છે. માઈકલ ઈરાર્ડબેબલ 'નો મોર' પુસ્તક માટે આખા વિશ્વમાં ફરી એમણે એવા લોકો શોધ્યા કે જેમને ઘણી બધી ભાષાઓ આવડતી હોય.

★ **ગ્રેહામ કેસડેલ** ૧૪ ભાષાઓ જાણતા હતા. તેઓ બ્રસેલ્સ યુરોપિયન કમિશનમાં ટ્રાન્સલેટર છે.

★ **હરીના પોલીગોટ** ૧૬ ભાષાના જાણકાર છે.

★ **એલેક્ઝાન્ડર આર્ગ્યુએલ્સ** ભાષાઓ શીખવા દરરોજ ૯ કલાકનો સમય આપતા હતા. ૨૦ ભાષાઓમાં તેઓ પારંગત છે અને ૬૦થી વધારે ભાષાઓનો અભ્યાસ કરેલ છે.

★ **જોહન ફ્લેન્ડર્સે** ૧૯૮૭માં સ્પર્ધામાં પ્રથમ આવ્યા હતા. આ સ્પર્ધામાં તેમણે ભાષાના સ્થાનીય જાણકાર સાથે ૧૦ મિનિટ વાત કરવાની હોય છે. અહીં ૨૨ ભાષાના જાણકાર તરીકે તેઓ પ્રથમ આવ્યા હતા.

★ **એમ.આઈ.ટી.ના જાણીતા ભાષાશાસ્ત્રી** ત્રણ જ ભાષા બોલે છે : અંગ્રેજી, સ્પેનિસ અને વાર્લપરી. પરંતુ તેઓ ૫૦ ભાષાના જાણકાર છે.

★ **એમિલ ક્રેબ્સ** ૩૨થી માંડીને ૬૮ ભાષા જાણતા હતા. જર્મન રાજનીતિજ્ઞ ચીનમાં કામ કરતા હતા. ભાષા શીખવાની અનોખી ટેલેન્ટને કારણે તેમના મૃત્યુ પછી તેમના મગજને રિસર્ચ માટે પ્રિઝર્વ કરીને રાખવામાં આવ્યું છે.

★

**<u>સૌથી મોટી કોર્પોરેટ ઓફિસ</u> :**

★ વેબ કંપની ગુગલે તેનું અતિ વિશાળ મથક કેલિફોર્નિયામાં વડું મથક બે-વ્યુ બનાવી રહી છે.

★ આ ઓફિસ માટે ૪૨ એકર જમીન રૂા. ૧૬૫૦ કરોડમાં ખરીદાયેલ છે.

★ ઓફિસ એક રિંગ આકારની છે જેનો વ્યાસ ૧૬૧૫ ફૂટ છે.

★ નિર્માણ દરમ્યાન એક ટ્રક માટી પણ બહાર નહીં ફેંકાય. સો એકરના કેમ્પસમાં ૭૦૦૦ વૃક્ષો ઉછેરાશે.

★ એક હજાર લોકોની ક્ષમતાવાળું અંડરગ્રાઉન્ડ ઓડિટોરિયમ.

★ ચાર માળની નવ લંબચોરસ આકારની ઈમારતો સૌથી વચ્ચેથી વળેલી અને છત પર બગીચો.

★ દરેક ઈમારતને એકબીજા સાથે જોડતા પૂલ.

★ દિવસના પ્રકાશથી જ બધું કામ થઈ શકે. છતાં કોમ્પ્યુટરની સ્ક્રીન ઝાંખી ન પડે તેવી વ્યવસ્થા.

★ દરેક કર્મચારી પોતાના નજીકના સહયોગી સુધી માત્ર અઢી મિનિટમાં પહોંચી શકશે.

★ કેમ્પસમાં ઠેર ઠેર લૉન્જ, સ્વિમિંગ પૂલ, જીમ, સ્પા, સ્પોર્ટસ અરેના.

★ કેમ્પસમાં કોઈ જ પ્રાઈવેટ કેબિન નહીં. દરેક કર્મચારી પાછળ એક આઇડિયા બોર્ડ લાગેલું રહેશે. ■

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF**
**ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **ત્રણ પૌત્રોને ફોજને ભેટ ધર્યા :** 'ત્રણ ત્રણ પૌત્રોને દેશદાઝથી પ્રેરાઈ ભારતીય સેનામાં ભરતી કર્યા છે. પ્રપૌત્રીના સગપણ પણ ફૌજી યુવાન સાથે કર્યા છે.... એટલું જ નહીં હું જીવતો હોઈશ તો પ્રપૌત્રને પણ ફોજીના ગણવેશમાં જોવાનું પસંદ કરીશ...' આ શબ્દો છે ભુજ તાલુકાના વરલી ગામના ૮૭ વર્ષના વયોવૃદ્ધ આહીર ખેડૂત શ્રી તેજાબાપાના. ભૂકંપ સમયે આ ગામમાં બધું જ ધ્વસ્ત થયું હતું ત્યારે લશ્કરનો એક કાફલો ત્યાં દરેકની સારસંભાળ અને વ્યવસ્થા અર્થે પહોંચી ગયો હતો. તે સમયે તેમની નિઃસ્વાર્થ સેવા ગામવાસીઓને સ્પર્શી ગઈ હતી. ગામના તેજાભાઈ જેઠાભાઈ આહીરે લશ્કરની શિસ્ત તથા સેવાથી પ્રેરાઈને પોતાના ત્રણ પૌત્રોને લશ્કરમાં જોડાવા પ્રેર્યા હતા. આજે આ ત્રણે યુવાનો દેશની વિકટ એવી કાશ્મીર, અરુણાચલ અને નાગાલેન્ડ જેવી બોર્ડર પર લશ્કરમાં કામગીરી કરી રહ્યા છે.

★ **કચ્છના શૈક્ષણિક પ્રશ્નો અંગે :** કચ્છના વિવિધ શૈક્ષણિક પ્રશ્નો ઉકેલવા લેવાયેલા પગલાની સાંસદ પાસેથી બુઝુર્ગ કેળવણીકાર પ્રા. વખતસિંહ જાડેજાએ તાજેતરમાં માહિતી માંગી છે.

પોલીટેકનિકમાં પ્રવેશ સંબંધી ઉપરાંત કચ્છના પ્રાણપ્રશ્નો જેવા કે ભુજની જનરલ હોસ્પિટલ ચાલુ રહેવી જોઈએ, કચ્છના ૧૦ વિદ્યાર્થીઓને ખાસ કિસ્સા તરીકે અદાણી મેડિકલ કૉલેજમાં અનામત બેઠક મળવી જોઈએ. કચ્છના ઉદ્યોગોમાં બેરોજગારોને ૮૦ ટકા પ્રમાણે નોકરી મળવી જોઈએ. કચ્છને સેન્ટ્રલ યુનિવર્સિટી મળવી જોઈએ તેમજ કચ્છના પ્રજ્ઞાચક્ષુને ઉદ્યોગોમાં નોકરી મળવી જોઈએ તેવું સૂચન કર્યું હતું. ધારાસભ્યો પણ આ બાબતે તેમણે લીધેલાં પગલાંની માહિતી જાહેર કરે તેવું પ્રો. જાડેજાએ ઉમેર્યું હતું.

★ **કચ્છમાં નર્મદા કેનાલની ક્ષમતામાં વધારો :** નર્મદા યોજનાનું વધારાનું પાણી કચ્છ જિલ્લાને પહોંચાડવા માટે કેનાલોની વહન ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો છે. ધારાસભ્ય શ્રી છબીલભાઈ પટેલના પ્રશ્નના લેખિત પ્રત્યુત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે નર્મદા મુખ્ય નહેરની ૨૬૩ કિ.મી.થી ૩૮૮ કિ.મી.ની લંબાઈમાં વહન ક્ષમતા ૯૪ ક્યુસેક વધારવામાં આવી છે.

બીજી તરફ ધારાસભ્યશ્રીઓએ આક્ષેપ કર્યો હતો કે હકીકતમાં સરકારે કચ્છના ફાળવેલા નર્મદાના ૩ મિલિયન એકર ફીટ પાણીમાંથી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને જથ્થો ફાળવી દેવાયો છે અને એ માટેના કામો શરૂ કરી દેવાયા છે. જ્યારે કચ્છ માટે સરકારે કોઈ ફાળવણી કરી નથી. આ માટે કચ્છીઓએ જાગૃત બનવું પડશે. તેમણે પૂછેલા પ્રશ્નમાં સરકારે એવું જણાવેલ છે કે, કચ્છમાં કુદરતી ડેમ સાઈટ નથી.

★ **વાઈબ્રન્ટ સમિટમાં કચ્છ માટે મૂડીરોકાણ :** ગાંધીનગર 'મહાત્મા મંદિર' ખાતે ૧૧થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન યોજાયેલા વાઈબ્રન્ટ સમિટમાં રાજકોટ અને કચ્છ જિલ્લા માટે કુલ ૧૮૯૨ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શનને તાજેતરમાં મંજૂરી આપી દેવાઈ છે તેમ એક પ્રશ્નના લેખિત પ્રત્યુત્તરમાં ઉદ્યોગમંત્રીએ તાજેતરમાં વિધાનસભામાં જણાવ્યું હતું.

કચ્છમાં સૌથી વધુ ૧૪૬ ઈરાદાપત્ર એન્જિનિયરિંગ, ઓટો એન્ડ સિરામિક્સ ક્ષેત્રે ૬૦ ઈરાદાપત્ર, ૬૦ ઈરાદાપત્ર એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે, ૨૧ મિનરલ બેઝ ક્ષેત્રે અને ૨૬૧ અન્ય ક્ષેત્રે થયા છે. અંદાજે ૧૫૦થી વધુ યુનિટના સભ્યોની ચહલપહલથી ઢોરીની સીમ ગાજી ઊઠી હતી.

★ **ખેતીમાં પરિવર્તન :** ભાંગતી ખેતીને ઊભી કરવા અને ખેતીમાં હરિયાળી ક્રાંતિ લાવવા નખત્રાણા પંથકના ખેડૂતોએ ટપક પદ્ધતિ સાથે વાવેતરમાં પરિવર્તન કરીને બમણું ઉત્પાદન મેળવીને ક્રાંતિ સર્જી છે. ખેતીમાં પ્લોટો કરી ટપકથી ઉનાળુ મગફળીમાં વિપુલ ઉત્પાદન લેવા પાણીના પૂરતા પ્રયોગ સાથે રાસાયણિક ખાતરોના વપરાશ ઉપર કાપ મૂકીને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની ઝુંબેશ અહીંના ખેડૂત વર્ગે આદરી છે. પંથકના ઘણા ખેડૂતોએ વાડી ઉપર દેશી આર.ઓ. પ્લાન્ટ બનાવ્યા છે. કચ્છની ૬૦ ટકા ખેતી ટપકમાં આવી જશે એટલે વીજ સમસ્યામાંથી આપોઆપ છૂટકારો મળશે અને આઠ કલાકનો વીજ પુરવઠો વધુ લાગશે તેવું અહીંના ખેતી નિષ્ણાતોએ તાજેતરમાં જણાવ્યું હતું.

★ **બાવળની કોફી :** ગાંડો બાવળ એટલે કાંટા - કાંટા ધરાવતી વનસ્પતિજ નથી, બલકે તે પશુઓમાં દૂધને કુદરતી રીતે વધારે તેવું પશુ આહાર છે. તે સોડમદાર કોફી પણ છે. આ વાત ગાંડા બાવળમાંથી ચારો કોફી અને લાકડામાંથી નમૂનેદાર કૃતિઓ બનાવી તેને વ્યાપારિક ધોરણે સફળતાપૂર્વક વિકસાવનારા 'કાઝરી' વરિષ્ઠ વૈજ્ઞાનિક અને ગાંડા બાવળ અંગે વિશ્વબેંક પુરસ્કૃત યોજનાના મુખ્ય અધિકારી એવા ડૉ. જે.સી. તિવારીએ તાજેતરમાં કરી હતી.

★ **કચ્છના આંધ્ર સમાજમાં આનંદ :** છેલ્લા ૪૫ વર્ષથી કચ્છમાં વસતા આંધ્ર પ્રદેશના લોકોને તાજેતરના રેલવે બજેટમાં પોતાને

*કાયર માણસો પ્રેમ કરી શકતા નથી.*

વતન જવા માટે ગાંધીધામથી વિશાખાપટ્ટનમની સીધી ટ્રેનની જાહેરાત કરાતાં કચ્છના આંધ્ર સમાજમાં આનંદની લાગણી ફેલાઈ છે.

★ **ભુજ - મુંબઈ એ.સી. ટ્રેન :** ગત રેલવે બજેટમાં મંજૂર થયેલી ભુજ - મુંબઈની એ.સી. સુપર ફાસ્ટ ટ્રેન ટૂંક સમયમાં દોડતી થઈ જશે. અમદાવાદના ડી.આર.એમ.એ તાજેતરમાં કચ્છના સાંસદને આ માહિતી આપતા જણાવ્યું હતું કે ભુજથી મુંબઈનું અંતર માત્ર ૧૨ કલાકના સમયગાળામાં પસાર કરનાર આ સુપરફાસ્ટ વાતાનુકૂલ ટ્રેન સત્વરે શરૂ કરાવવા માટેના પ્રયાસો હવે નિર્ણાયક તબક્કે છે.

★ **કચ્છના દરિયામાં તેલના સ્પષ્ટ સંકેત :** કચ્છ પ્રદેશમાં લાંબા સમય સુધી પેટ્રોલિયમ પેદાશોની શોધખોળ કર્યા પછી, સંશોધક એજન્સીઓને હવે ભારતીય કાંઠાના દરિયાઈ વિસ્તારમાં ઓઈલ અને ગેસ હોવાને લગતા સ્પષ્ટ સંકેત મળ્યા છે.

સમાચાર માધ્યમોના અહેવાલ મુજબ દહેરાદૂન સ્થિત કે.ડી.એમ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ પેટ્રોલિયમના નિવૃત્ત નિર્દેશક ડૉ. એસ.કે. બિશ્વાસે પણ તાજેતરમાં તેમની ગાંધીનગરની મુલાકાત દરમ્યાન આ તારણ આપ્યા હતા. તેઓ કાઉન્સિલ ફોર સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (સી.એસ.આઈ.આર.)ના જાણીતા વૈજ્ઞાનિક પણ છે.

ડૉ. બિશ્વાસે પેટ્રોલિયમ સંશોધનના ક્ષેત્રે ૫૦ વર્ષ સુધી કાર્ય કર્યું છે. કચ્છ પ્રદેશમાં સંશોધન કાર્યમાં પણ કારકિર્દીનો સારો એવો સમય પસાર કર્યો છે. તેમણે કહ્યું કે અમે ૧૫ વર્ષ સુધી કચ્છનું વિગતવાર મેપિંગ કર્યું છે અને 'મેચ્યોર જનરેશન'ના સંભવિત સ્ત્રોત શોધી કાઢ્યા છે તે ઑફશોર છે, ઑનશોર નહીં. તેલ અને ગેસનો અનામત જથ્થો કચ્છના અખાતમાં નહીં પણ સમુદ્રમાં છે અને તે ભારતીય જળસીમાની મર્યાદામાં છે. કચ્છ ઑફશોર હવે પછીનો એવો વિસ્તાર છે કે જ્યાંથી તેલ મળી શખે છે એમ જણાવ્યું હતું. યોગાનુયોગ, ડી.જી.એચ.ની વેબસાઈટે તેલ મળી આવ્યું હોવાનું સમર્થન કર્યું હતું. વેબસાઈટમાં જણાવાયું કે, કચ્છ બેઝિનના ઑફશોર પાર્ટમાં તેલ અને ગેસની ડિસ્કવરી તરફ દોરી જાય એવું સંશોધનાત્મક કાર્ય થયું છે.

★ **ઢોરીના રણમાં ફિલ્મનું શૂટિંગ :** 'નમક' ફિલ્મના શૂટિંગ માટે બોલીવુડના બે મેગા સ્ટાર સોનાક્ષી સિંહા અને શાહીદ કપૂર તાજેતરમાં કચ્છ ઢોરીના રણમાં નૃત્યના દશ્યાંકન માટે આવ્યા હતા. તેમની સાથે દિગ્દર્શક પ્રભુ દેવા પણ હતા.

★ **આગથી ૫૦ લાખનું ઘાસ ખાખ :** જીવદયા મંડળ સંચાલિત રાપર પાંજરાપોળના પાબુસરી વિભાગમાં તાજેતરમાં ભયંકર સ્વરૂપે આગ લાગતા અંદાજિત અડધા કરોડ રૂપિયાનો ઘાસચારો સળગી ગયો હતો.

પાંજરાપોળ સંસ્થાના પ્રમુખ શ્રી વેલજીભાઈ મહેતાએ મુંબઈથી જણાવ્યું હતું કે, ગઈ સાલે મોંઘા ભાવનો ચારો લઈને ઘાસની કાલરો બનાવી હતી. એકબાજુ ઘાસની તંગી અને બીજીબાજુ સંસ્થાને નડતી નાણાકીય ભીડની સ્થિતિ વચ્ચે આગની ઘટના બનતા સંસ્થાની હાલત કફોડી બની હોવાનું તેમણે ઉમેર્યું હતું. સંસ્થામાં હાલે આઠ હજાર ઢોર આશ્રય લઈ રહ્યા છે.

★ **તબીબને છ માસની કેદ :** પ્રસૂતિ દરમિયાન શ્રીમતી ગંગાબહેન મૂળજીભાઈ મહેશ્વરીનું સારવારમાં તબીબી બેદરકારીના કારણથી તાજેતરમાં મોત નિપજ્યું હતું. પોસ્ટ મોર્ટમના રિપોર્ટમાં નોર્મલ ડિલીવરી વખતે ચેકો મારવાથી લોહી મોટા પ્રમાણમાં વહી જવાથી પ્રસૂતાનું મોત નિપજ્યું હતું. મૃતકના પતિએ આરોપી તબીબ સામે ગાંધીધામની કોર્ટમાં ફરિયાદ નોંધાવેલ હતી. અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતાં તેના ચુકાદામાં જણાવ્યું હતું કે સાક્ષીઓ તેમજ દસ્તાવેજી પુરાવા તથા દલીલો સાંભળીને આરોપી તબીબ ૬ માસની કેદ અને પરિવારને રૂ. ૨૫,૦૦૦ નું વળતર આપવા હુકમ કર્યો હતો.

★ **રોડ ટચના દબાણો માટે નોટિસ :** કચ્છમાં છેલ્લા થોડા સમયથી રોડટચ દબાણ પ્રવૃત્તિ વધી જતાં તંત્રે લાલ આંખ કરી છે. ખાસ કરીને રાજ્યના જાહેર રોડની બંને સાઈડોમાં આડેધડ બાંધકામ થયેલાં હોવાથી તાત્કાલિક ધોરણે હટાવવાનો નિર્ણય લેવાયો હોવાથી સરકારી જમીન પરની પેશકદમી દૂર કરવા તાજેતરમાં નોટિસો અપાતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો હતો.

★ **કચ્છ યુનિ.ના વિદ્યાર્થીઓ ઝળક્યા :** ઉદયપુર રાજસ્થાન ખાતે મોહનલાલ સુખડિયા યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગમાં તાજેતરમાં યોજાયેલા જીઓ યૂથ ૧૩ પરિસંવાદમાં સમગ્ર દેશના વિદ્યાર્થીઓની સાથે કચ્છ યુનિવર્સિટીમાંથી પણ ડિપાર્ટમેન્ટ ઑફ અર્થ એન્વાયર્નમેન્ટલ સાયન્સના ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં કચ્છ યુનિ. ના બે વિદ્યાર્થીઓએ અનુક્રમે છઠે અને સાતમે ક્રમે આવીને જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

★ **જમીન કૌભાંડમાં આગોતરા જમીન નામંજુર :** મૃત્યુ પામેલી વ્યક્તિના નામના ખોટા આધારો ઊભા કરી બોગસ દસ્તાવેજ બનાવી જમીન ઓળવી જવાના મુંદ્રા તાલુકાના ભુજપુર ગામના ભારે ચકચારી કિસ્સામાં સૂત્રધાર તરીકે જેની સંડોવણી પોલીસ ચોપડે બહાર આવી છે તેવા ભુજ નગરપાલિકા ભાજપના એક સભ્યની આગોતરા જામીન અરજી તાજેતરમાં અદાલતે નામંજૂર કરતાં ભુજ શહેરમાં સનસનાટી મચી ગઈ હતી.

★ **ભુજમાં બે ગૌવંશ કતલખાનાં પકડાયા :** ગાય અને ગૌવંશના પશુઓની કતલ ઉપર કાયદામાં સ્પષ્ટ પાબંદી હોવા છતાં આ નિયમોની ઐસી કી તૈસી કરીને છેલ્લા કેટલાક સમયથી જ્યાં દરરોજ અને નિયમિત આવા પશુઓની ગેરકાયદેસર કતલ થતી હતી તેવા ભુજ શહેરના બે વ્યવસ્થિત ઢબના કતલખાના અંતે તાજેતરમાં કાયદાની ઝપટે ચડ્યા હતા. આ સ્થળે પોલીસના

*માણસને ભૂલ કરવાનો અધિકાર છે, પણ ભૂલોની પરંપરાનો અધિકાર નથી.*

મોટા કાફલાએ ધોંસ બોલાવી ગાયોની કતલના એક મોટા કારસ્તાનનો પર્દાફાશ કર્યો હતો અને ૨૦ જેટલા પશુધનને બચાવી લેવામાં આવ્યા હતા.

★ **વિજય વિલાસ કચકડે કંડારાયો :** પ્રભુદેવા દિગ્દર્શિત હિન્દી ફિલ્મ 'નમક' (જેનું નામ બદલીને રેમ્બો રાજકુમાર કરાયું છે) તેનું તાજેતરમાં માંડવીના વિજયવિલાસ પેલેસમાં શૂટિંગ કરવામાં આવ્યું હતું. સંપન્ન થયેલા અત્રેના શૂટિંગ સાથે કચ્છમાં આ ફિલ્મના દૃશ્યોની પૂર્ણાહુતિ થઈ હતી.

હિન્દી ફિલ્મોમાં ગીતના સિકવન્સ માટે કચ્છની ભૂમિ હવે જાણીતી બની ગઈ છે.

★ **કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા સેમિનાર :** કચ્છી ભાષાને વધુ લોકભોગ્ય બનાવવા ઓછામાં ઓછું પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં તેનો સમાવેશ થાય તે માટે પ્રયાસો કરવાનું સૂચન કચ્છી સાહિત્ય અકાદમીના પૂર્વપ્રમુખ અને કચ્છમિત્રના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ કાળા ડુંગર પર તાજેતરમાં આયોજિત 'પત્ર-પત્રકારેંજો કચ્છીમેં પ્રદાન' સેમિનારમાં કર્યું હતું. વધુમાં, તેમણે આ સ્થાનના વિકાસમાં પૂર્વ ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ઝવેરીનું મોટું યોગદાન હોવાનું ઉમેર્યું હતું. અતિથિ વિશેષપદેથી કચ્છી ભાષાના ભીષ્મ પિતામહ સમાન શ્રી માધવ જોશી 'અશ્ક'એ કચ્છી ભાષાને બંધારણમાં સ્થાન અપાવવા ગુજરાત સરકાર તેમજ દિલ્હી સુધી રજૂઆત કરવા તૈયારી રાખવા એલાન કર્યું હતું. તે સિવાય, 'કચ્છી ભાષા કે માન્યતા ડેરાય મેં પત્રકારેં જો ફાળો', 'કચ્છી ભાષામેં લેખકેં જો પ્રદાન' અને 'કચ્છી ભાષા કે આઉં કુલાય મહત્ત્વ ડિયાં તો' જેવા વિષયો પર અન્ય કચ્છી વક્તાઓએ પોતાની રજૂઆતો કરી હતી.

સંચાલકોના આમંત્રણથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી **શ્રી મણિલાલભાઈ કે. ગોસર** ઉપરોક્ત સેમિનારના પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કચ્છી સાહિત્યના તજજ્ઞો સમક્ષ કચ્છી ભાષાના વિકાસ પરત્વે પોતાના વિચારો પ્રગટ કર્યા હતા.

★ **એકાએક કેન્દ્રિય ગૃહમંત્રી કચ્છ સરહદની મુલાકાતે :** કચ્છની સરહદ ઘણી જ સંવેદનશીલ છે અને કેન્દ્ર સરકાર દ્વારા તેની સંવેદનશીલતાને નજરઅંદાજ નહીં કરાય તેમ તાજેતરમાં કચ્છ સરહદની મુલાકાતે આવેલા ગૃહમંત્રી સુશીલકુમાર શિંદેએ જણાવ્યું હતું. એકાએક જ ગૃહમંત્રીની મુલાકાતના પગલે સુરક્ષા સંદર્ભે અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તાજેતરમાં જ પડોશી દેશ પાકિસ્તાને ગ્વાદર પોર્ટની ચીનને સોંપણી કરીને બેવડી રાજરમત રમી છે. આ ગ્વાદર પોર્ટ કચ્છની દરિયાઈ સરહદની નજીકના જ અંતરે આવેલું છે. તેથી દરિયાઈ સરહદે સુરક્ષા સંબંધે કેન્દ્ર સરકાર હરકતમાં આવી હોય તેમ એકાએક જ કેન્દ્રિય ગૃહમંત્રી કચ્છ સરહદે દોડી આવ્યા હતા.

તેમની મુલાકાત દરમ્યાન કોટેશ્વરમાં જવાનોએ પોતાની સમસ્યાઓની રજૂઆત કરી હતી જે અંગે ગૃહમંત્રીએ ઉકેલની ખાતરી આપી હતી. ગૃહમંત્રીએ લખપત નજીક આવેલા પિલ્લર નંબર ૧૧૭૫ ખાતે પાકિસ્તાનને જોડતી સરહદ નિહાળી હતી. આ ઉપરાંત ગૃહમંત્રીએ દરિયાઈ સીમા, સીરક્રીકમાં આવેલો અતિ અટપટો વિસ્તાર હરામીનાળા સરહદની પણ મુલાકાત લીધી હતી.

*(સમાચાર પત્રો પર આધારિત)*

## સારા માણસે પોતાનો સ્વભાવ ન છોડવો જોઈએ

એક સંત એના શિષ્ય સાથે મુસાફરી કરી રહ્યા હતા. એક ગામથી બીજા ગામે જતી વખતે વચ્ચે એક નદી આવી. એ નદીમાં છાતી સુધી ઊંડું પાણી હતું પણ સંત અને શિષ્ય એ નદી પાર કરવા માટે ટેવાયેલા હતા.

નદી પાર કરતી વખતે સંતે જોયું કે એક વીંછી તણાઈ રહ્યો હતો. સંતે એ વીંછીને બચાવી લીધો. પણ તેમણે જેવા એ વીંછીને હાથમાં લીધો, એ સાથે વીંછીએ એમને ડંખ માર્યો. એટલે સંતના હાથમાંથી વીંછી પડી ગયો. વીંછી ફરીવાર તણાવા લાગ્યો અને ફરીવાર સંતે તેને બચાવ્યો. ફરીવાર વીંછીએ સંતને ડંખ માર્યો. એટલે ફરી સંતના હાથમાંથી વીંછી પડી ગયો અને તણાવા લાગ્યો. ફરીવાર સંતે તેને બચાવ્યો અને વીંછીએ સંતને ડંખ માર્યો..... સંતનો શિષ્ય આ તાલ જોઈ રહ્યો હતો. ત્રણ વાર આવું બન્યું. એટલે એની ધીરજનો અંત આવી ગયો. તેણે સંતને કહ્યું કે, એ વીંછી તમને અવારનવાર કરડી રહ્યો છે છતાં તમે તેને શા માટે બચાવવાની કોશિશ કરો છો?

સંતે શિષ્યને કહ્યું, 'મારો સ્વભાવ છે કે કોઈ મુશ્કેલીમાં હોય તો હું એને મદદરૂપ બનવાની કોશિશ કરું. અને વીંછીનો સ્વભાવ છે કે એ એની નજીક જશે એને કરડશે. જો વીંછી પોતાનો સ્વભાવ નથી છોડતો, તો હું મારો સ્વભાવ શા માટે છોડી દઉં?'

આપણી આજુબાજુ પણ આ સંત અને વીંછી જેવી પ્રકૃતિના માણસો હોય છે. સંત જેવી પ્રકૃતિના માણસોનો સ્વભાવ બીજાને મદદરૂપ થવાનો, બચાવવાનો હોય છે અને વીંછી જેવા માણસોનો સ્વભાવ પોતાની આજુબાજુના માણસોને નુકસાન પહોંચાડવાનો હોય છે.

તમને પણ ઘણીવાર અનુભવ થયો હશે કે તમે કોઈને મદદ કરવા જાઓ ત્યારે તમારી મદદથી એ માણસ બચી જાય કે પાછો આર્થિક રીતે ઊભો થાય ત્યારે તમારું જ અહિત કરે.

કમભાગ્યે પેલા સંત જેવી પ્રકૃતિ ધરાવતા માણસો ઓછી સંખ્યામાં હોય છે અને વીંછી જેવી પ્રકૃતિ ધરાવતા માણસો ડગલે ને પગલે જોવા મળે છે. પણ સારા માણસોએ જેવા હોઈએ એવા રહેવું જોઈએ, નુકસાન થાય તો પણ.

*સાભાર : 'મુંબઈ સમાચાર'*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*હૃદયમાંથી આવતું સંગીત એ મહામૂલી ચીજ છે.*

# "સંકલ્પ"

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના સુવર્ણ જયંતી વર્ષના અવસરે તારીખ ૨૨થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૩ના સવારના ૧૦થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી અમદાવાદમાં સંસ્કાર કેન્દ્ર ખાતે ત્રિ-દિવસીય કચ્છી મેળાનું સફળતાપૂર્વક આયોજન કરેલ હતું. તે બદલ 'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન વતી ખૂબ ખૂબ અભિનંદન. આ મેળા માટે સ્વયંસેવક (વોલન્ટિયર્સ)ની કામગીરીની જવાબદારી શ્રી કચ્છી જૈન સેવા સમાજે 'સંકલ્પ'ને સોંપેલ હતી. આ કામગીરી માટે ૩ દિવસમાં લગભગ ૧૭૫ સભ્યોનો સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ હતો. આ કામગીરી સફળતાપૂર્વક પાર પાડવા માટે 'સંકલ્પ' વતી અમો ઉપરોક્ત સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં સમાજના કે 'સંકલ્પ'ના કાર્યક્રમોમાં આપ સર્વે સભ્યોનો આવી જ રીતે સુંદર સાથ અને સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

★

'સંકલ્પ'ના 'ગેટ-ટુ-ગેધર' (નવેમ્બર-૨૦૧૨) તથા 'વેલકમ-૨૦૧૩' (૩૧ ડિસેમ્બર, ૨૦૧૨)ના કાર્યક્રમો માટે નીચે જણાવેલ દાતાશ્રીઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.


| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા | ૭,૫૦૦/- |
| ૨. | શ્રી મહેશભાઈ કે. શાહ (મુંબઈ) | ૫,૦૦૦/- |
| ૩. | શ્રીમતી પ્રભાબેન શાંતિલાલ સાવલા | ૫,૦૦૦/- |
| ૪. | શ્રી હરખચંદભાઈ કે. સાવલા | ૫,૦૦૦/- |
| ૫. | શ્રી રમેશભાઈ કે. સાવલા | ૫,૦૦૦/- |
| ૬. | શ્રી છોટુભાઈ રામજીભાઈ ગાલા | ૫,૦૦૦/- |
| ૭. | શ્રી અનિલભાઈ હરિયા | ૫,૦૦૦/- |
| ૮. | શ્રી મનુભાઈ જી. શાહ | ૫,૦૦૦/- |
| ૯. | શ્રી ગીરીશભાઈ ગોપાલજી સંઘવી | ૫,૦૦૦/- |
| ૧૦. | ડૉ. ધીરેનભાઈ એસ. શાહ | ૫,૦૦૦/- |
| ૧૧. | શ્રી રવજી અદેસીંગ વોરા | ૩,૧૦૦/- |
| ૧૨. | શ્રી જિતેન્દ્રભાઈ ડી. ખોના | ૨,૫૦૦/- |
| ૧૩. | શ્રી કમલેશભાઈ એમ. શાહ | ૨,૫૦૦/- |
| ૧૪. | શ્રી હીરેનભાઈ કે. શાહ | ૨,૫૦૦/- |
| ૧૫. | શ્રી અતુલભાઈ સંઘવી | ૨,૫૦૦/- |
| ૧૬. | શ્રી મનહરભાઈ વિશનજી દેઢિયા | ૨,૫૦૦/- |
| ૧૭. | શ્રી કમલેશભાઈ બાબુભાઈ ગોગરી | ૨,૫૦૦/- |
| ૧૮. | શ્રી ભરતભાઈ ભાણજી ગાલા | ૨,૫૦૦/- |
| ૧૯. | શ્રી બચુભાઈ રાંભિયા | ૨,૦૦૦/- |
| ૨૦. | શ્રી ધર્મેન્દ્રભાઈ બાબુભાઈ ગાંધી | ૧,૧૦૦/- |
| ૨૧. | શ્રી કમલેશભાઈ લોડાયા | ૧,૦૦૦/- |
| ૨૨. | શ્રી મૂલચંદભાઈ એન. મારૂ | ૧,૦૦૦/- |
| ૨૩. | શ્રી મહેન્દ્રભાઈ દેવજીભાઈ ખોના | ૧,૦૦૦/- |
| ૨૪. | શ્રી મનીષભાઈ બી. છાડવા | ૧,૦૦૦/- |
| ૨૫. | શ્રી હાર્દિકભાઈ પટવા | ૧,૦૦૦/- |
| ૨૬. | શ્રી મેહુલભાઈ ડી. શાહ | ૧,૦૦૦/- |
| ૨૭. | શ્રી મિલનભાઈ એ. શાહ | ૧,૦૦૦/- |
| ૨૮. | શ્રી અશોકભાઈ મહેતા | ૧,૦૦૦/- |
| ૨૯. | શ્રી દિલીપભાઈ વોરા | ૧,૦૦૦/- |
| ૩૦. | શ્રી જયેશ ઠાકરશી લોડાયા | ૧,૦૦૦/- |
| ૩૧. | શ્રી પરેશભાઈ મગનભાઈ સંઘવી | ૧,૦૦૦/- |
| ૩૨. | શ્રી લહેરચંદ મૈશેરી | ૧,૦૦૦/- |
| ૩૩. | શ્રી નીતિન ભોગીલાલ શાહ | ૧,૦૦૦/- |
| ૩૪. | શ્રી અંકુર ભણશાલી | ૧,૦૦૦/- |
| ૩૫. | શ્રી વીરેન્દ્રભાઈ રાઘવજીભાઈ લોડાયા | ૧,૦૦૦/- |
| ૩૬. | શ્રી વિનોદભાઈ દંડ | ૧,૦૦૦/- |
| ૩૭. | એક સદ્‌ગૃહસ્થ તરફથી | ૧,૦૦૦/- |
| ૩૮. | શ્રી જીજ્ઞેશભાઈ મહેતા | ૧,૦૦૦/- |
| ૩૯. | શ્રી નિમેષભાઈ સંઘવી | ૧,૦૦૦/- |
| ૪૦. | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી | ૧,૦૦૦/- |
| ૪૧. | શ્રી દર્શનભાઈ સંઘવી | ૧,૦૦૦/- |
| ૪૨. | શ્રી રાજેન્દ્રભાઈ વાડીલાલ મહેતા | ૧,૦૦૦/- |
| ૪૩. | શ્રી ભાવેશભાઈ મોરબિયા | ૧,૦૦૦/- |
| ૪૪. | એક સદ્‌ગૃહસ્થ તરફથી | ૧,૦૦૦/- |
| ૪૫. | શ્રી અલ્પેશભાઈ નંદુ | ૧,૦૦૦/- |
| ૪૬. | શ્રી ઉમરશી નરશી મૈશેરી | ૧,૦૦૦/- |
| ૪૭. | શ્રી જિતકુમાર આર. શાહ | ૧,૦૦૦/- |
| ૪૮. | શ્રી કેતનભાઈ લોડાયા | ૧,૦૦૦/- |
| ૪૯. | શ્રી જગદીશભાઈ ત્રેવડિયા | ૧,૦૦૦/- |
| ૫૦. | શ્રી ઉદય વસંતભાઈ નાગડા | ૧,૦૦૦/- |
| ૫૧. | શ્રીમતી પારૂલબેન અમિતભાઈ છેડા | ૧,૦૦૦/- |
| ૫૨. | ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા | ૫૦૦/- |
| ૫૩. | શ્રી સ્નેહલભાઈ પી. શેઠ | ૫૦૦/- |
| ૫૪. | શ્રી જિતેન્દ્રભાઈ સંઘવી | ૬૦૦/- |
| ૫૫. | શ્રી ગૌતમભાઈ ડી. ધુલ્લા | ૫૦૦/- |
| ૫૬. | શ્રી અરુણભાઈ સુરેન્દ્રભાઈ જૈની | ૫૦૦/- |
| ૫૭. | શ્રી દિનેશભાઈ મૈશેરી | ૫૦૦/- |
| ૫૮. | શ્રીમતી પ્રીતિબેન રાજુભાઈ દોશી | ૨૫૦/- |
| | | **૧,૧૦,૫૫૦/-** |

★

આ ઉપરાંત 'સંકલ્પ'ના 'વેલકમ-૨૦૧૩'ના કાર્યક્રમ માટે મે. દાવડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ પ્રા. લિમિટેડ તરફથી સ્પોન્સરશીપ પેટે રૂા. ૨૫,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. ઉપરોક્ત દાતાશ્રીઓનો 'સંકલ્પ' હૃદયપૂર્વક આભાર માને છે અને ભવિષ્યમાં પણ આવો જ સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા રાખીએ છીએ.

*નીતિન શાહ - મંત્રી, 'સંકલ્પ' (મો. ૯૯૭૯૮૮૨૪૦૧)*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137




## સરનામા ફેરફાર

- **અર્પિત પ્રફુલભાઈ કોરડિયા**
  ૨, યમુના એપાર્ટમેન્ટ,
  નીલકંઠ નગર, અપ્સરા સિનેમાની પાછળ,
  કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
- **દિનેશ આર. મહેતા** (તંત્રીમંડળ : 'મંગલ મંદિર')
  **દર્શિત દિનેશ મહેતા**
  ૩૦૨, મર્લિન અરહમ,
  ૧૧, વિશ્વકુંજ કો.ઓપ. હાઉસિંગ સોસાયટી,
  નારાયણ નગર રોડ, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  ફોન : ૯૯૨૪૩ ૪૨૬૨૮, (૦૭૯) ૨૬૮૫૪૬૪૪

## સગપણ

- **ગુરૂવાર, તા. ૧૪-૩-૨૦૧૩**
  **ચિ. દર્શિત દિનેશ દામજી દૌલત (સુથરી - અમદાવાદ)**
  **ચિ. યેશા અમિત કનુભાઈ પટેલ (વસો - વડોદરા)**

## પુત્ર જન્મ

- **તા. ૧૯-૧૧-૨૦૧૨**
  **જૈવલ - અમિત કિરણકુમાર શાહ (ભુજ - અમદાવાદ)**
  **માતુશ્રી : શ્રીમતી ધારાબહેન શાહ**

## અવસાન નોંધ


- **લક્ષ્મીચંદ પ્રેમજી ગાલા (સાડાઉ - લીમડી)** (ઉં.વ. ૬૨) રવિવાર, તા. ૨૪-૩-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.
  (સદ્‌ગતશ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી મણિલાલ કુંવરજી ગોસરના સાળા થાય.)
  સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.

## ઉપધાન તપ



અમદાવાદ, ગામ માંડવીના ગુલાબબેન નાનાલાલ કરશનજી પટવાની પૌત્રી અને મનસુખલાલ ધનજી સંઘવીની દોહિત્રી પલ્લવીબેન અરુણકુમાર પટવાની પુત્રી **કુ. શિવાની**એ પાલિતાણા મધ્યે ઉપધાન તપની આરાધના માસ જાન્યુઆરી-૨૦૧૩માં શાતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

## અભિનંદન



**સી.એ. શ્રી સાહિલ ગાલા**
શ્રીમતી સ્વાતિબેન તતા શ્રી બિપીનભાઈ રમણલાલ ગાલા (રાયધણજર - અબડાસા) અમદાવાદના સુપુત્ર ચિ. સાહિલે વર્ષ ૨૦૧૩માં સી.એ. ફાઈનલ પરીક્ષા ઉત્તીર્ણ કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

## સાભાર સ્વીકાર

**ગત માસ દરમ્યાન નીચે મુજબ દાન પ્રાપ્ત થયેલ છે.**

### શ્રી જલારામ અન્નક્ષેત્ર માટે

★ મામૂલ મેડિકલ એન્ડ જનરલ સ્ટોર્સ તરફથી રૂા. ૫૦૦/-ની ભેટ.

### તબીબી સહાય યોજના

★ શ્રી પ્રતીક અભયભાઈ છેડા તરફથી રૂા. ૧,૦૦૦/-ની ભેટ.

### કેળવણી સહાય ફંડ

★ તન્વીબહેન અભયભાઈ છેડા તરફથી રૂા. ૧૦૦૦/-ની ભેટ.

### 'મંગલ મંદિર'ને સપ્રેમ

★ શ્રી બિપીન રમણલાલ ગાલા (રાયધણજર, અબડાસા – અમદાવાદ) પરિવાર તરફથી પુત્ર સાહિલ સી.એ. (૨૦૧૩)ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ. જે નિમિત્તે 'મંગલ મંદિર'ને રૂા. ૫૦૦/-ની ભેટ.

★ શ્રી અમિત કિરણકુમાર શાહ (ભુજ) અમદાવાદને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે 'મંગલ મંદિર'ને રૂા. ૨૦૧/-ની ભેટ.

### વૈયાવચ્ચ માટે

★ શ્રીમતી કોમલ શાહ - મુંબઈ તરફથી રૂા. ૧૩૦૦/-ની ભેટ.

★ શ્રી નીલેશ લોડાયા - મુંબઈ તરફથી રૂા. ૭૦૦/-ની ભેટ.

★ શ્રી કિરણ ચીમનલાલ શાહ તરફથી રૂા. ૫૦૦/-ની ભેટ.

★ જિયા ગુંજન લોડાયા (બાયઠ - મુંબઈ) તરફથી રૂા. ૩૦૦/-ની ભેટ.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ઉપરોક્ત દરેક ભેટનો સહર્ષ સ્વીકાર કરે છે અને સર્વેશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.**

*જીવન એમના માટે મૂલ્યવાન છે જે બીજાનાં દુઃખમાં તેમને સાથ આપે છે.*

## ત્રિ-દિવસીય કચ્છી મેળામાં

## શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટરની ઉત્કૃષ્ટ કામગીરી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે આયોજિત સંખ્યાબંધ મુખ્ય કાર્યક્રમો અંતર્ગત તા. ૨૨-૨-૨૦૧૩થી તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન અમદાવાદમાં સંસ્કાર કેન્દ્ર - પાલડી ખાતે કચ્છની સંસ્કૃતિના આમ જનતાને દર્શન કરાવવા 'કચ્છી મેળા'નું ત્રિ-દિવસીય સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત મેળામાં સમાજ દ્વારા સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન સ્થિત નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર દ્વારા તબીબી ચેક-અપ તેમજ તબીબી ક્ષેત્રે વિવિધ પ્રકારનું માર્ગદર્શન આપવા એક અલાયદો સ્ટોલ રાખવામાં આવ્યો હતો.

આ સ્ટોલમાં નીચે પ્રમાણે તબીબી ચેક-અપ પરીક્ષણોની સુવિધા તમામ મુલાકાતીઓ માટે નિઃશુલ્ક રાખવામાં આવી હતી. માત્ર બ્લડ - સુગર - આર.બી.એસ. માટે રૂા. ૧૦/-નો ચાર્જ લેવામાં આવેલ. ● બી.એમ.આઈ., ● બ્લડ સુગર - આર.બી.એસ., ● બી.પી., ● દાંત, ● ફીઝિયોથેરાપી અને ડાયટ. આ સિવાય વ્યક્તિની તબીબી સંબંધિત તમામ જરૂરી માહિતીની એક પોકેટ પુસ્તિકાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ મેડિકલ સ્ટોરની મુલાકાત લેનાર દરેકને વિવિધ પ્રકારના લીફલેટ્સ આપવામાં આવ્યા હતા.

મેળા દરમ્યાન સતત કાર્યરત આ સ્ટોલમાં કુલ ૩,૦૦૦થી વધારે મુલાકાતીઓએ ઉપલબ્ધ સેવાઓનો લાભ લીધો હતો.

ઉપરોક્ત સેવાઓ ઉપરાંત, લોકોને તબીબી ક્ષેત્રે જરૂરી માર્ગદર્શનરૂપ વિગત દર્શાવતા રંગબેરંગી અનેક બૅનર્સ, પોસ્ટર્સ, ચાર્ટસ વ્યવસ્થિત રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. તેના માધ્યમથી મુલાકાતીઓને તબીબી ક્ષેત્રનું જરૂરી માર્ગદર્શન સેન્ટરના કાર્યરત સ્ટાફ દ્વારા આપવામાં આવતું હતું. જેના પરિણામે લોકોમાં સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ પેદા કરવાનું અભિયાન ખૂબજ સફળ થયું હતું. આ રીતે મેડિકલ સેન્ટરે એક મોટી સિધ્ધિ હાંસલ કરી હતી, તેમ ચોક્કસપણે કહી શકાય. આ પ્રકારના દાવાની વિગતમાં જઈએ તો....

★ **ડાયાબિટીસ આર.બી.આઈ. વિભાગ :** ડાયાબિટીસ - આર.બી.આઈ. પરીક્ષણ વિભાગમાં કુલ ૭૬૯ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો. તેમાંથી ૧૫૨ વ્યક્તિઓનું આર.બી.એસ. ૧૪૦થી ઉપર જણાયું હતું. તેની તારવણી એ રીતે થઈ શકે કે ૧૫૨ વ્યક્તિઓ ડાયાબિટીસની પરિક્રમામાં હતા. તેઓ દરેકને અહીં યોગ્ય રીતે તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

★ **બી.પી. ચેક-અપ વિભાગ :** એ પ્રમાણે નિષ્ણાત ડૉક્ટર દ્વારા કુલ ૮૪૮ વ્યક્તિઓનું બી.પી. સંબંધી ચેક-અપ કરવામાં આવ્યું હતું. મેડિસિન ડોક્ટર દ્વારા આ વિભાગમાં આવેલ દરેક મુલાકાતીઓનું બી.પી. ચેક-અપ કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

★ **દાંત વિભાગ :** આ વિભાગમાં કુલ ૫૨૨ વ્યક્તિઓએ નિઃશુલ્ક દાંતની તપાસનો લાભ ઉઠાવ્યો હતો. નિષ્ણાત ડેન્ટલ ડોક્ટર્સ - ટીમ આ વિભાગમાં સતત કાર્યરત જોવા મળી હતી.

★ **બી.એમ.આઈ. પરીક્ષણ :** આ વિભાગમાં કુલ ૭૬૯ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો.

આજના વૈશ્વિક માહોલમાં વ્યક્તિઓના આહાર, લાઈફ સ્ટાઈલ વગેરેમાં આવેલ પરિવર્તનના કારણે લોકોમાં સ્થૂળતા - મેદસ્વીપણાની સમસ્યાઓ ખૂબ વધી છે. આ ક્ષેત્રે જાગૃતિ કેળવવા બી.એમ.આઈ. પરીક્ષણ રાખવામાં આવેલ. જેમાં વજન, ઊંચાઈ, ઉંમર, લિંગ - જાતિના આધારે દરેક વ્યક્તિનું બી.એમ.આઈ. મશીનથી બોડી - માસ ઈન્ડેક્સ કાઢવામાં આવ્યું હતું.

★ **ફીઝિયોથેરાપી વિભાગ :** આ વિભાગમાં કુલ ૧૫૭ વ્યક્તિઓએ પોતાની વિવિધ પ્રકારની સમસ્યા સંબંધી લાભ લીધો હતો. આ વિભાગના નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરી કસરત માટે માર્ગદર્શન આપવામાં આવેલ.

★ **ડાયટ વિભાગ :** આ વિભાગમાં કુલ ૧૬ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો. દરેકને આહાર બાબત જરૂરી સલાહ - સૂચનાઓ આપવામાં આવેલ.

★ **થેલેસેમિયા :** શ્રી જ્ઞાન ભાનુશાલીના સહકારથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આ સમસ્યાની જાણકારી આપતા લીફલેટ્સ દરેક મુલાકાતીઓને આપવામાં આવેલ. આ ગંભીર સમસ્યાથી બચવા માટે શું કરવું વગેરે અંગે યોગ્ય માહિતી અને સલાહ સૂચનો આપવામાં આવતા હતા.

★ **અન્ય સુવિધા :** મેડિકલ સેન્ટરમાં તા. ૩૧-૫-૨૦૧૩ સુધી ટી.એમ.ટી. તેમજ સી.બી.સી. કરાવવા નિર્ધારીત ચાર્જિસમાં ૨૦ ટકાની છૂટ મળે તેવા કૂપન આપવામાં આવ્યા હતા.

મેડિકલ સેન્ટરના ઉપરોક્ત વિભાગોમાં મેળાના ત્રણે દિવસ સવારના ૧૦થી રાત્રિના ૧૦ વાગ્યા સુધી સતત ભીડ જોવા મળી હતી.

### સૌજન્ય તેમજ સેવા પ્રદાન કરનાર

★ ડૉ. હિતેન્દ્ર શાહના સહકારથી કૉલેજ ઑફ ડેન્ટલ સાયન્સિઝ એન્ડ રિસર્ચ સેન્ટર, બોપલ, અમદાવાદ તરફથી મોબાઈલ ડેન્ટલ ચેર તેમજ નિષ્ણાત ડેન્ટલ ડૉક્ટર્સ ટીમની સેવાઓ આપવામાં આવી હતી.

★ આર.બી.એસ. પરીક્ષણ માટે એશિયન સર્જિકલ્સવાળા શ્રી શ્રેણિકભાઈનો સહકાર પ્રાપ્ત થયેલ.

★ બી.પી. ચેક-અપ વિભાગમાં ડૉ. અભિષેક દવે, ડૉ. હર્ષ જોશી,

*બાળકોને પ્રેમથી જ સમજાવી શકાય, તેમની સાથે વાત કરો, ગુસ્સો નહિ.*

ડૉ. દિવ્યેશ પટેલ, ડૉ. સાગર પટેલ તથા ડૉ. રાહુલ રામચંદાની વગેરેએ તેમજ ડાયટ વિભાગમાં અંજલીબેન રાઠોડે સતત રીતે પોતાની સેવા આપી હતી.

★ 'કચ્છી મેળા'માં મેડિકલ સેન્ટરના ઉપરોક્ત સ્ટોલમાં ઉપલબ્ધ કરાયેલ સેવાઓને સફળતા અપાવવા માટે સમાજના હોદ્દેદારોશ્રી તેમજ તબીબી સેવા સમિતિના કન્વીનરશ્રી કાંતિલાલ વેલજી સાવલા, સમિતિના સભ્યો – સર્વશ્રી દિનેશ મહેતા, અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, કે.આર. શાહ અને નરેન્દ્રભાઈ ખોનાએ પૂરતું યોગદાન આપેલ હતું.

★ મેડિકલ સેન્ટરના અધિકારીઓ શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રાણાવત, શ્રી પીન્ટુભાઈ પટેલે ખૂબજ સફળતાપૂર્વક સંપૂર્ણ સંચાલનની વ્યવસ્થા નિભાવેલ હતી.

★ તે સિવાય સ્ટાફવર્ગના રમીલાબેન, મનીષા, વિશાખા, રાધિકા, પીંકી, કાજલ, મંજુલા, રેખા, દક્ષા, અશ્વિન, કિરણ, સમીર, નીલેશ વગેરેની અથાગ મહેનત પણ સફળતાના એક ભાગરૂપે હતા. ઉપરાંત સમાજ કાર્યાલયના સર્વશ્રી પરાશરભાઈ, કિશોરભાઈ, કિરણભાઈ, કિન્નરીબેન અને રોનકબેન તેમજ સમાજના કાર્યકર શ્રીમતી મંજુલાબેન દિનેશભાઈ શાહ દ્વારા પણ જરૂરી સહકાર સાંપડેલ હતો.

★ મેડિકલ સેન્ટર દ્વારા આટલું લાંબું સફળતાપૂર્વકનું આયોજન સૌપ્રથમ વખત કરવામાં આવ્યું હતું. મેળાના ત્રણે દિવસ દરમ્યાન મેડિકલ સેન્ટર દ્વારા લોકોમાં સ્વાસ્થ્ય સંબંધી તેમજ તબીબી ક્ષેત્રે જરૂરી માર્ગદર્શન આપવાનો અભિગમ સૌને સ્પર્શી ગયો હતો. આ કારણે મુલાકાતીઓ દ્વારા સમાજ અને મેડિકલ સેન્ટરની સેવાઓ પ્રત્યે પ્રશંસા કરવામાં આવી હતી.

***અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત ઉપરોક્ત મેડિકલ સેન્ટર કોઈપણ ભેદભાવ વિના જાહેર જનતા અર્થે વર્ષ ૧૯૯૭થી સતત કાર્યરત છે. આ સેન્ટરમાં તબીબી ક્ષેત્રના કુલ ૨૬ વિભાગો છે અને લગભગ ૫૦થી વધારે ઉચ્ચ ડિગ્રીધારક ડૉક્ટર્સ દ્વારા તમામ પ્રજાજનોના લાભાર્થે સેવા પ્રદાન કરવામાં આવે છે. સમાજના દરેક જ્ઞાતિના પ્રતિદિન લગભગ ૪૦૦થી વધારે દર્દીઓ ખૂબજ નજીવા દરથી તેનો લાભ ઉઠાવી રહ્યા છે. જે બાબત મેડિકલ સેન્ટરની સફળતા સૂચક કહી શકાય.***

***– હાસ્યલતા મહેતા***

*(તસવીરી ઝલક માટે જુઓ પાના નં.-૧૯૧ (કવર પેઈજ-૩))*

# સમાજ સુરક્ષા સમિતિ

## અગત્યની જાહેરાત

***વયસ્ક સભ્યો માટે (જેઓને હાલના નિયમો મુજબ આરોગ્યનો વીમો નથી મળી શકતો)***

***ન્યુ ઈન્ડિયા એસ્યુ. કું.ની આરોગ્ય વીમા યોજના***

૧. **જેઓનો વીમો ન્યુ ઈન્ડિયા એસ્યુ. કું. લિ.માં ચાલુ છે તેઓને માટે જ આ યોજના છે. અન્ય કોઈ વીમા કંપનીમાં હોય અથવા જેની કોઈ પોલીસી ચાલુમાં ન હોય એવા સભ્યોને લાભ નહિ મળી શકે.**

૨. હાલ વયસ્ક નાગરિકો પોતાના વીમાની રકમમાં ઈચ્છે તો પણ વધારો કરી શકતા નથી. નવી યોજના હેઠળ ન્યુ ઈન્ડિયામાં પોલીસી ચાલુ હોય એવા વીમા ધારકો વીમાની રકમમાં ૧ થી ૧॥ લાખ સુધીનો વધારો કરી શકશે.

૩. પ્રીમિયમના દર નીચે મુજબ છે :

| રકમ | ૬૦-૬૫ વર્ષ | ૬૬-૭૦ વર્ષ | ૭૧-૭૫ વર્ષ | ૭૬-૮૦ વર્ષ | ત્યારબાદ |
|---|---|---|---|---|---|
| ૧ લાખ | ૩૮૫૦/- | ૪૨૫૦/- | ૪૭૦૦/- | ૫૧૫૦/- | દર ૫ વર્ષે |
| ૧.૫૦ લાખ | ૫૭૨૦/- | ૬૩૧૦/- | ૬૯૬૦/- | ૭૬૫૦/- | ૧૦%નો વધારો |

૪. ઉપરોક્ત પોલીસીમાં મોટાભાગની સારવારમાં મહત્તમ સીમા નક્કી કરવામાં આવેલ છે. એથી વધારાની રકમ વ્યક્તિએ જાતે ભોગવવાની રહેશે. આની વિગત સમાજ ઉપરથી મળી શકશે.

૫. જે વર્ષમાં ક્લેઈમ નહીં થાય તો વીમાની રકમમાં વાર્ષિક ૫%નો વધારો થશે. (મહત્તમ ૩૦% સુધી જ.) ક્લેઈમ થયા બાદ બોનસ બંધ થઈ જશે.

૬. સરકાર માન્ય આયુર્વેદિક હોસ્પિટલમાં સારવાર લઈ શકાશે. પણ વીમાની રકમના ૨૫% સુધીનું જ વળતર મળશે.

૭. તબીબી વિજ્ઞાનની પ્રગતિના કારણે લગભગ ૨૨ જેટલી સારવાર માટે ૨૪ કલાક હોસ્પિટલમાં રહેવાની જરૂર નહિ રહે. (આ નિયમ બધા જ તબીબી વીમા ધારકોને લાગુ પડે છે.)

૮. હવે પછી દરેક ક્લેઈમમાંથી ૧૦%ની રકમ કપાઈને જ રકમ મળશે. (આ નિયમ પણ બધા જ આરોગ્ય વીમા ધારકોને લાગુ પડે છે.)

૯. આ સિવાય અન્ય નિયમો સામાન્ય પોલીસીઓ મુજબ જ લાગુ પડશે. જેવા કે ૩૦ દિવસની સીમા, ૨૦ જાતની સારવારમાં ૧॥ વર્ષની સીમા અને ઉંમરના કારણે આર્થરાઈટિસ અને સાંધા બદલવાની સારવારમાં ૪ વર્ષની સીમા લાગુ પડશે.

૧૦. ક્લેઈમ થયેથી પ્રીમિયમમાં ૨ વર્ષના સરેરાશ ક્લેઈમના ૫૦% જેટલો વધારો થઈ શકે છે.

૧૧. આ પોલીસીમાં ચાલુ વર્ષમાં ૨ વખત ક્લેઈમ થાય તો બંને ક્લેઈમ વીમાની રકમની સીમામાં જ મળશે. દા.ત. ૧॥ લાખનો વીમો હોય, પહેલા વરસે ૧ લાખનો ક્લેઈમ થાય તો બીજા વરસે ૫૦ હજારનો જ દાવો મળી શકે. એ પણ અન્ય શરતોને આધીન.

**ફરી એકવાર – આ યોજના માત્ર એવા સભ્યો માટે જ છે, જેઓની પાસે હાલ ન્યુ ઇન્ડિયા એસ્યુ. કું.ની જ પોલીસી ચાલુ હાલતમાં હોય.**

***સમાજ સુરક્ષા સમિતિ, કન્વીનર - મગનલાલ સંઘવી***

*અન્ય પર શંકા કરતાં પહેલાં સૌપ્રથમ તમારો ઈરાદો તપાસી જુઓ.*

## આંખની તપાસ અને મોતિયાના ઑપરેશન કેમ્પનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે સમાજ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરે તા. ૨૪-૩-૨૦૧૩ના રોજ આંખના રોગની તપાસ તેમજ મોતિયા સંબંધી નિઃશુલ્ક કેમ્પનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટરમાં કરેલ હતું.

કુલ્લ ૫૫ વ્યક્તિઓએ ઉપરોક્ત કેમ્પનો લાભ લીધેલ હતો. જેમાં ૧૬ વ્યક્તિઓ પૈકી કોઈની એક અને કોઈની બે આંખોમાં મોતિયાનું નિદાન થતાં કુલ્લ ૨૫ આંખના મોતિયાના ઑપરેશન નક્કી થયા હતા. આંખના નિષ્ણાત ડૉ. દેવલ શાહ, ડૉ. જિગ્નેશ શાહ અને ડૉ. લીના કોઠારીએ કેમ્પ દરમ્યાન દરેક વ્યક્તિઓના આંખની સર્વાંગી રીતે તપાસ કરી હતી. લાભાર્થી વ્યક્તિઓએ તે પરત્વે પોતાનો સંતોષ વ્યક્ત કરીને કેમ્પની કામગીરીની પ્રશંસા કરી હતી. દરેક ડૉક્ટરોને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તબીબી સેવા સમિતિના કન્વીનર શ્રી કાંતિભાઈ સાવલા તેમજ સમાજના અન્ય હોદ્દેદારોશ્રી ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી હાસ્યલતાબેન, શ્રીમતી દક્ષાબેન તેમજ શ્રી પીન્ટુભાઈ અને અન્ય સ્ટાફવર્ગે કેમ્પની કામગીરીનું યોગ્ય રીતે સંચાલન કર્યું હતું.

*– તબીબી સેવા સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રાયોજિત ક્રેડિટ સોસાયટી

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો પૂર્ણાહુતિ સમારંભ શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ના બપોરે ૩.૩૦ વાગે શ્રી સરદાર ભવન, સરકિટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ મધ્યે યોજાનાર છે. તે કાર્યક્રમ દરમ્યાન સૂચિત ક્રેડિટ સોસાયટીનો શુભારંભ કરવામાં આવશે.

હાલે આ સોસાયટીના રજિસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલી રહી છે. સમાજના સભ્યોને સોસાયટીના શેરોનું વિતરણ કરવાનું ચાલુ છે. ઈચ્છુક સભ્યોએ પાલડી ખાતેના કાર્યાલયમાં શ્રી કિશોરભાઈ ઠક્કરને મળી, શેર અંગેનું અરજીપત્રક ભરી કાર્યવાહી પૂર્ણ કરવા અનુરોધ છે. આ ઉપરાંત વધુ માહિતી માટે નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા વિનંતી.

*શ્રી કે. આર. શાહ : ૯૩૨૮૦ ૦૧૧૪૦*

*શ્રી રજનીકાંત ધરમશી પારેખ : ૯૮૯૮૦ ૫૩૫૨૧*

*ડૉ. ચંદ્રકાંત દેઢિયા*
*કન્વીનર : ક્રેડિટ સોસાયટી સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

**આગામી કાર્યક્રમ**

**ગર્ભસંસ્કાર જ્ઞાન અને કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન**

*શું તમને સ્વામી વિવેકાનંદ જેવું સંતાન જોઈએ છે?*
*શું તમને નરેન્દ્ર મોદી જેવું સંતાન જોઈએ છે?*
*શું તમને સચીન તેંદુલકર જેવું સંતાન જોઈએ છે?*

આપનું સ્વપ્ન જરૂર પૂરું થશે, ગર્ભસંસ્કાર જ્ઞાન - વિષય પર વિસ્તૃત માહિતી મેળવીને.

ઈન્ફિનિટિ ઈન્ડિયા ફાઉન્ડેશન, જે પ્રાચીન ગર્ભસંસ્કાર જ્ઞાનને (પ્રાચીનકાળમાં ઋષિ મુનિઓએ વિકસાવેલું) ફરી જાગૃત કરવા આંદોલન ચલાવી રહ્યું છે.

અને સાથે **કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન** પણ

કૂકિંગ નિષ્ણાત દ્વારા કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન પણ અપાશે. ગરમીને અનુલક્ષીને ઠંડા પીણા - મોકટેઈલ્સ, સલાડ, ડેઝર્ટ વગેરે વાનગીઓ શીખવવામાં આવશે. આયોજનની સરળતા માટે સમયસર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી.

*કાર્યક્રમની તારીખ : બુધવાર, તા. ૧૭મી એપ્રિલ, ૨૦૧૩*
*સમય : બપોરના ૨.૩૦*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*
*વિષય : ગર્ભસંસ્કાર જ્ઞાન (ઓડિયો - વીડિયોના માધ્યમ સાથે) અને કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન.*
*રજિસ્ટ્રેશન ફી : રૂા. ૫૦/-*
*રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ : તા. ૧૫-૪-૧૩*
*(પાલડી ભવનના કાઉન્ટર પર ફી ભરીને નામ નોંધાવવા – ફોન પર નહીં.)*

*કન્વીનર : શ્રીમતી સુલુ જલદીપ શાહ*

**"સંકલ્પ", શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદના સમાચાર માટે જુઓ પાના નંબર : ૧૮૦**

## પ્રતિભાવંત વિદ્યાર્થીઓને આર્થિક સહાય

જે પ્રતિભાશાળી જૈન વિદ્યાર્થીને દેશ તેમજ પરદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું હશે તેમને તેમજ UPSCની I.A.S., I.P.S. અને રાજ્યકક્ષાની P.S.C.ની પરીક્ષા આપવી હશે એ સર્વેને સર્વ પ્રકારની આર્થિક સગવડો 'જીતો' સંસ્થામાંથી પ્રાપ્ત થઈ શકશે.

**સંપર્ક :** www.jito.org અથવા www.jitontf.org.
**Email :** jelp@jitontf.org ★ **Call :** 022-61409851

*બુદ્ધિનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૩

● **સોમવાર, તા. ૨૫-૨-૨૦૧૩**

ત્રિ-દિવસીય 'કચ્છી મેળો' ગઈ કાલે સંપન્ન થયો. મેળામાં સહયોગ આપનાર દરેકને શ્રી પ્રતાપભાઈ દંડ દ્વારા પત્રો લખીને આગળની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવ્યા. 'કચ્છી મેળા' ની કાર્યવાહીનું 'વિશ્લેષણ' કરવામાં આવ્યું. વડોદરા, સુરત, મુંબઈ વગેરે સ્થળે આ પ્રકારનાં 'કચ્છી મેળા' યોજવાના પ્રસ્તાવો અંગે ચર્ચા કરવામાં આવી. અમદાવાદમાં દર વર્ષે આ પ્રકારના 'કચ્છી મેળા' યોજી શકાય કે નહીં તે અંગે વિચારણા કરવામાં આવી. અગર દર વર્ષે અમદાવાદમાં 'કચ્છી મેળા' યોજી શકાય તો કચ્છના કારીગરોને દર વર્ષે સારું પ્રોત્સાહન સાંપડી શકે તેના પર ચર્ચા કરવામાં આવી.

● **બુધવાર, તા. ૨૭-૨-૨૦૧૩**

આજરોજ સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર 'કચ્છી યલો પેજિસ' સમિતિની એક મિટીંગ મળેલ હતી. શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. અત્યાર સુધી અંદાજિત ૩૧૦૦ ફોર્મ ભરાઈને આવી ગયેલ છે. ડિરેક્ટરીના પાનાના સરનામા બે કોલમમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું. તેને લગતી અનેક ઝીણી ઝીણી વસ્તુઓની ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા. એક કોલમમાં ૮ સરનામાની રીતે એક પાના પર ૧૬ સરનામાનો સમાવેશ કરવાનું નક્કી કરાયું. ત્રણ અલગ અલગ કેટેગરી મુજબ ત્રણ ઈન્ડેક્ષ આપી ડિરેક્ટરી છપાવવાનું નક્કી કરવામાં આવ્યું. રીવાઈઝડ ત્રણ અલગ કેટેગરી બનાવવી. કેટેગરી નંબર કન્ટીન્યુઅસ લેવાનું તથા બહારગામની જાહેરાતો લેવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

● **ગુરૂવાર, તા. ૨૮-૨-૨૦૧૩**

અ.મ્યુ.કો.ની સ્લમ રીહેબિલિટેશનની યોજના સમજવા આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી મનુભાઈ શાહ મેયર શ્રી અસિતભાઈ વોરાને મળેલ હતા. અ.મ્યુ.કો.ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર શ્રી આનંદભાઈ પટેલ પણ આ મિટીંગમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓએ આ યોજનાના નીતિ-નિયમોને લગતા જરૂરી પેપર્સ અભ્યાસ માટે આપ્યા હતા. અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની હદમાં ટોટલ ૭૧૦ ઝૂંપડપટ્ટીઓ છે. તેમાંની કોઈ એકને આપણે ડેવલપ કરવાનું વિચારી શકીએ તેવો શ્રી અસિતભાઈ વોરાનો પ્રસ્તાવ હતો.

● **શુક્રવાર, તા. ૧-૩-૨૦૧૩**

આજરોજ શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી અશ્વિનભાઈ સાવલાનો તા. ૧૭-૩-૧૩ના કચ્છના ઉદ્યોગપતિશ્રીઓના સન્માન અંગેનો પત્ર મળ્યો. ત્યારબાદ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ સાથે રહી આગળના કાર્યક્રમની ચર્ચા કરી. હવે પછી તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ કાર્યક્રમની મુખ્ય વિગતો નક્કી કરરવામાં આવી. (૧) શ્રી ક.જૈ.સે.સ.ના અત્યાર સુધીના કાર્યો તથા સુવર્ણ જયંતી વર્ષના કાર્યક્રમોની સંયુક્ત સી.ડી. બનાવી તેની રજૂઆત કરવી, (૨) ક્રેડિટ સોસાયટીનું ઉદ્‌ઘાટન કરી તેની શરૂઆત કરવી તથા (૩) શક્ય કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું યોગ્ય વ્યક્તિઓ દ્વારા સન્માન કરવું. લગભગ આ પ્રકારની રૂપરેખા નક્કી કરવામાં આવી ઉદ્યોગપતિશ્રીઓના સન્માન માટે 'ફોકીઆ'ના શ્રી નિમેષ ફડકેનો સંપર્ક સાધવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

★

ગુજરાત ટુરીઝમના શ્રી હેમંત પ્રધાન તથા શ્રી ભાલચંદ્ર મહેતા ભવન પર આવેલ હતા. તેમની સાથે રહી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' નો પ્રચાર 'ગુજરાત ટુરીઝમ' કઈ રીતે કરી શકે તેની પણ ચર્ચા કરવામાં આવી. 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'ના હાલના ગુજરાતીમાં છપાયેલ ૫૦૦ બ્રોચર, ગુજરાત ટુરીઝમની ઓફિસે મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

★

'કચ્છ કેનાલ' બાબતે તા. ૨-૩-૧૩ની નર્મદા નિગમની મિટીંગ અટેન્ડ કરવા શ્રી મૂકેશભાઈ ઝવેરી આજે ભુજથી શ્રી કચ્છી જૈન ભવન પર આવી ગયેલ હતા. તેઓએ નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલના પ્રગતિના છેલ્લામાં છેલ્લા અહેવાલો આપ્યા હતા.

● **સોમવાર, તા. ૪-૩-૧૩**

"કચ્છી સંસ્થાઓની વિગતોનો" ૧૧ લેખનો પ્રથમ લૉટ એપ્રિલ - ૨૦૧૩ ના 'કચ્છી સંસ્થા વિશેષાંક' માં પ્રગટ કરવા પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવ્યો.

★

આજરોજ ફોકિઆના શ્રી નિમેષ ફડકે ભવન પર આવેલ હતા. તેમની સાથે રહી તા. ૧૩-૪-૧૩ ના બહુમાન માટેના અંદાજિત ૨૦ જેટલા કચ્છના ઉદ્યોગપતિશ્રીઓના નામ, તા. ૧૩-૪-૧૩ના સન્માન માટે નક્કી કરવામાં આવ્યા. શ્રી નિમેષભાઈ પાસેથી તેઓના સરનામા, ઈ-મેઈલ નંબર વગેરે મેળવવામાં આવ્યા.

● **મંગળવાર, તા. ૫-૩-૨૦૧૩**

આજરોજ કચ્છી સંસ્થાઓના લેખની વિગત તૈયાર કરી, ૧૭ કચ્છી સંસ્થાઓના લેખ "કચ્છી સંસ્થા વિશેષાંક" માં પ્રગટ કરવા બીજા લૉટ સ્વરૂપે પ્રિન્ટીંગ માટે તૈયાર કરવામાં આવ્યા.

★

અમદાવાદમાં એસ.જી. રોડ પર આવેલ કે. એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યાલયના આગામી તા. ૨૪-૩-૨૦૧૩ ના અમદાવાદ ખાતે ઉજવવામાં આવનાર રજત જયંતી મહોત્સવની તૈયારી અંગે આજરોજ મુંબઈથી શ્રી સાકરચંદભાઈ, શ્રી મનીષભાઈ તથા શ્રી નરેન્દ્રભાઈ નંદુ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેમની સાથે વિદ્યાલયના માનદ્ મંત્રી શ્રી ગુણવંતભાઈ કે. શાહ તથા માનદ્ નિયામક શ્રીમતી કોકીલાબેન જી. શાહ પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી અશોક મહેતા, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી કે. ડી. શાહ, શ્રી રમણિકલાલભાઈ ગોસર તથા શ્રી રજનીકાંતભાઈ પારેખ પણ આ મિટીંગમાં ઉપસ્થિત રહેલ હતા. રવિવાર તા. ૨૪-૩-૨૦૧૩ ના રોજ

ઉજવવામાં આવનાર સંસ્થાના રજત જયંતી સમારંભની ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

★

આજરોજ સાંજના શ્રી તારાચંદભાઈ છેડા તથા શ્રીમતી હંસાબેન છેડા ભવન પર પધારેલ હતા. તેઓએ ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરનો લાભ લીધેલ હતો. શ્રી તારાચંદભાઈ છેડાએ અનેક માહિતીઓ આપેલ હતી.

★

નવનીતના શ્રી અમરચંદભાઈ ગાલા સાથે ફોનથી મુંબઈ વાત કરવામાં આવી. 'કચ્છનો સર્વાંગ ઈતિહાસ' ગ્રંથનો એક અન્ય સેટ તેમના પર મોકલી આપવાનું તેઓશ્રીએ જણાવ્યુ. મોકલી પણ આપ્યો.

- **બુધવાર, તા. ૬-૩-૨૦૧૩**

અગાઉ નક્કી કર્યા મુજબ ગુજરાત ટુરીઝમના ઓફિસર શ્રી ભાલચંદ્ર મહેતા પર 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'ના ગુજરાતીમાં છપાયેલ ૫૦૦ બ્રોચર મોકલી આપ્યા. આ બ્રોચરની જરૂરિયાત અંગ્રેજીમાં પણ હોવાથી અંગ્રેજીમાં બ્રોચર તૈયાર કરી આપવા શ્રી હંસરાજભાઈ કંસારાને પત્ર લખી વિનંતી કરવામાં આવી.

★

તા. ૧૩-૪-૧૩ ના કચ્છના ઉદ્યોગપતિશ્રી ઓના સન્માનના કાર્યક્રમ અંગે ચાજે વીસેક જેટલા ઉદ્યોગપતિશ્રીઓને ઈ-મેઈલ દ્વારા આમંત્રણ આપતા પત્રો મોકલી આપવામાં આવ્યા.

- **ગુરૂવાર, તા. ૭-૩-૨૦૧૩**

આજરોજ કારોબારી સમિતિની એક મિટીંગ મળેલ હતી. ૧૪ સભ્યો હાજર રહેલ હતા. તા. ૨૨-૨-૨૦૧૩થી તા. ૨૪-૨-૨૦૧૩ દરમ્યાન ઉજવવામાં આવેલ કચ્છી મેળા અંગેની ચર્ચા, તા. ૧૭-૩-૧૩ ના કેન્સલ કરવામાં આવેલ કાર્યક્રમની ચર્ચા તથા તા. ૧૩-૪-૧૩ના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહૂતિ કાર્યક્રમની ચર્ચા કરવામાં આવેલ હતી. વિવિધ ખર્ચાઓને મંજૂરી આપવામાં આવેલ હતી. મંગલ મંદિરમાંથી આવેલ રાજીનામા અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

★

KDCના આર્કિટેક્ચર કૉલેજ અંગેની કલેક્ટરશ્રીને કરવામાં આવેલ અરજીની પૂર્તતા માટે શ્રી શશીકાંતભાઈ ઠક્કરે ભુજથી કેટલીક વિગતો મોકલી આપેલ હતી.

★

ખૂબજ નાદુરસ્ત તબિયતમાંથી બહાર આવેલા ટ્રસ્ટીથી કલ્યાણજી રવજી રાંભિયાની મુલાકાતે આજરોજ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિલાલભાઈ રાવલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા તેમના નિવાસ સ્થાને ગયેલ હતા.

- **શુક્રવાર, તા. ૮-૩-૨૦૧૩**

શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ કે.ડી.સી.ની પરામર્શક સમિતિ, સમન્વય સમિતિ તથા સંપાદન સમિતિની તા. ૧૦-૩-૧૩ની મિટીંગ માટે આજે કચ્છ ગયેલ હતા. તેઓએ અંજારમાં નિમેષ ફડકેની, ભુજપુરમાં મહેન્દ્ર ગઢવી તથા વિજય વિકલ્પવાળા શ્રી વિજયભાઈની તથા બિદડામાં શ્રી કોમલભાઈ સાવલાની મુલાકાત લીધેલ હતી. શ્રી કોમલભાઈ સાવલા સાથે માતૃવંદના માટે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. રાત્રિ રોકાણ ક.વી.ઓ. ભુજ ખાતે કરવામાં આવ્યું.

- **શનિવાર, તા. ૯-૩-૨૦૧૩**

આજરોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડને કોમલ સાવલા મળેલ હતા. સાથે બાયોગેસ પ્લાન્ટ બનાવવાના નિષ્ણાત પૂનાના શ્રીમતી પ્રિયદર્શીની કર્વે હતા. તેઓએ બાયોગેસ પ્લાન્ટની વિગત આપી કે જે ઘરના દરરોજના ગ્રીન કચરામાંથી ગેસ બનાવવાના પ્લાન્ટ અંગેની હતી. આ પ્લાન્ટ કોઈના પણ ઘરમાં ઈન્સ્ટોલ કરી શકાય. ઘરનો દરરોજનો શાકભાજીનો કચરો વગેરે આ પ્લાન્ટમાં નાંખી તેમાંથી ગેસ ઉત્પન્ન કરી, LPGના બદલે આ ગેસ વાપરી ઘરની રસોઈ વગેરે થઈ શકે છે તેવું તેમણે જણાવ્યું. તેઓને શ્રી કચ્છી જૈન ભવન - અમદાવાદની મુલાકાત લઈ માર્ગદર્શન આપવા આમંત્રણ આપ્યું. એપ્રિલ - ૨૦૧૩ માં તેઓ અમદાવાદની મુલાકાત લઈ શકશે, તેવું તેમણે જણાવ્યું.

★

આજરોજ ભુજ ખાતે શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે શ્રી વિનોદ ગાલા, અભય કલર લૅબના શ્રી પ્રદીપભાઈ ગાંધી, વિરામ હોટલના શ્રી મહેન્દ્રભાઈ ગઢવી તથા શ્રી સાત્વીક ગઢવી તેમજ શ્રી નિમેષ ફડકે, શ્રી રસીકભાઈ મામતોરા તથા શ્રી વીરેન ધીરજલાલ શાહની મુલાકાત લઈ જરૂરી ચર્ચા કરી.

★

ફોકિઆની ઓફિસે શ્રી નિમેષભાઈ ફડકે તથા શ્રી રસીકભાઈ મામતોરાએ કેટલાક ઉદ્યોગપતિશ્રીઓના કોન્ટેક્ટ નંબર વગેરે આપ્યા. કેટલાક ઉદ્યોગપતિઓનો તા. ૧૩-૪-૨૦૧૩ ના કાર્યક્રમ માટે સંપર્ક સાધવામાં આવેલ હતો.

★

આજરોજ જયારે રેલ્વેપુરા પોસ્ટ ઓફિસમાં 'મંગલ મંદિર' પોસ્ટ કરવા ગયા ત્યારે પોસ્ટ ખાતાએ નવો નિયમ બતાવ્યો (કે જેની અગાઉ જાણ કરવામાં આવેલ ન હતી) કે કવર પેઈજ નં. ૧ પરથી ક્રમાંકની શરૂઆત કરવામાં આવેલ ન હોવાથી પોસ્ટના કન્સેશનલ દરનો લાભ મળી શકશે નહીં. પોસ્ટ ખાતાની ચોક્કસપણે જોહુકમી હતી. રૂ. ૧૦,૭૫૦/- ભર્યા પછી જ મંગલ મંદિર પોસ્ટ થઈ શક્યા.

- **રવિવાર, તા. ૧૦-૩-૨૦૧૩**

આજરોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની પરામર્શ સમિતિ, સંપાદન સમિતિ તથા સમન્વય સમિતિની એક મિટીંગ કચ્છ મિત્ર ભવન, ભુજ ખાતે મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી નરેશભાઈ અંતાણી, શ્રી હરેશભાઈ ધોળકિયા તથા શ્રી દિલીપભાઈ વૈદ્ય ઉપસ્થિત રહેલ હતા. શ્રી દિલીપભાઈ વૈદ્યે ઈતિહાસના ગ્રંથમાં રહી ગયેલ ત્રુટીઓ અંગે ધ્યાન દોર્યું હતું. દરેક પ્રકરણના અંતે સંદર્ભ સૂચિ મૂકવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ચર્ચા-વિચારણાના અંતે શ્રી દિલીપભાઈ વૈદ્ય તથા શ્રી ઉમિયાશંકર અજાણીને શક્ય ત્રુટીઓ શોધી આપી તેનું લિસ્ટ બનાવવા જણાવવામાં આવ્યું. દરેક લેખક પાસેથી તેમના લેખની સંદર્ભ સૂચિ બનાવવા માટે જાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. કચ્છની હસ્તકળા તથા કચ્છના પ્રવાસન ઉદ્યોગ માટે પરિચય પુસ્તિકા બહાર પાડવાનું નક્કી કરવામાં આવ્યું કે જેની જવાબદારી શ્રી કીર્તિભાઈ ખત્રીને સુપરત કરવામાં આવી. હાલનો ઈતિહાસ ગુજરાતી ભાષામાં લખવામાં આવેલ છે તેનું અંગ્રેજીકરણ હાલે ભુજ

સ્થિત શિવાની ઝવેરી કરે છે. તેણે તૈયાર કરેલ પ્રથમ લેખ ચકાસ્યા બાદ આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું. દરેક લેખક પાસેથી પણ તેમના લેખો અંગ્રેજીમાં લખીને મોકલી આપે તેવું જણાવવાનું પણ આજની મિટીંગમાં નક્કી કરવામાં આવ્યું.

★

ત્યારબાદ શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે ડોસાભાઈ લાલચંદ ધર્મશાળાની મુલાકાત લીધેલ હતી. સાથે શ્રી હંસરાજભાઈ કંસારા તથા શ્રી દિલીપભાઈ વૈદ્ય પણ હતા. ગુર્જર સમાજ તરફથી તેમના પ્રમુખ શ્રી ભદ્રેશભાઈ શાહ, શ્રી મધુભાઈ, શ્રી બીરજુભાઈ તથા શ્રી વીરેનભાઈ ઉપસ્થિત રહેલ હતા. આ ધર્મશાળા અતિથિ ભવનના પ્રથમ માળે મેડિકલ સેન્ટર ચાલુ કરવા અંગે તેનું નિરીક્ષણ કરી જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

★

શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હંસરાજભાઈ કંસારા આજરોજ અમદાવાદ પરત આવ્યા.

- **સોમવાર, તા. ૧૧-૩-૨૦૧૩**

આજરોજ શ્રી દિનેશ મહેતા તથા શ્રી પરાશર વ્યાસ અમદાવાદ ખાતેની નવરંગપુરા ખાતેની વડી પોસ્ટ ઓફિસે તા. ૯-૩-૧૩ ના મંગલ મંદિરના પોસ્ટીંગ સમયે ભરવા પડેલ રૂ.૧૦૭૫૦/- ની તપાસ કરવા ગયા ત્યારે ત્યાંથી કોઈ સંતોષજનક જવાબ મળેલ ન હતો. રેલ્વેપુરા પોસ્ટ ઓફિસના R-M-S પાસેથી ચોક્કસ જવાબ મેળવવા ત્યાંથી જણાવવામાં આવ્યું.

★

આજરોજ સાંજના ગુજરાત ટુરીઝમના શ્રી હેમંત પ્રધાન તથા શ્રી ભાલચંદ્ર મહેતા ભવન પર આવેલ હતા અને કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગના 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ'ના પ્રચાર માટે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, ટુરીઝમ મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ટુરીઝમ રાજ્યકક્ષાના મંત્રી શ્રી પ્રદીપસિંહજી જાડેજા, ટુરીઝમ કોર્પોરેશનના અધ્યક્ષ શ્રી કમલેશ પટેલ, અગ્રસચિવશ્રી તથા સચિવશ્રીને અલગ અલગ પત્રો લખીને મોકલી આપવા તેઓએ સલાહ આપેલ હતી.

- **બુધવાર, તા. ૧૩-૩-૨૦૧૩**

આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે. આર. શાહ તથા શ્રી સમીરભાઈ શાહે રૂબરૂ મળીને શણગાર ડેકોરેટર્સના કચ્છી મેળાના બીલ અંગેની ચર્ચા કરી, તેઓનું બીલ ફાઈનલ કરેલ હતું

- **ગુરૂવાર, તા. ૧૪-૩-૨૦૧૩**

મંગલ મંદિરના એપ્રિલ ૨૦૧૩ના 'કચ્છી સંસ્થા વિશેષાંક' માટે આજે વધુ ૧૦ સંસ્થાઓના તૈયાર કરેલ લેખો પ્રિન્ટીંગમાં મોકલી આપવામાં આવ્યા.

★

આજરોજ 'કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ' અંગેના પત્રો મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વગેરેને મોકલી આપવામાં આવેલ હતા.

★

હિસાબી સમિતિની આજની મિટીંગમાં કન્વીનર શ્રી મગનલાલભાઈ સંઘવી તેમજ સભ્ય શ્રી હસમુખભાઈ ખાંડવાલા, કે.ડી. શાહ, રમણિકલાલ ગોસર અને કાર્યાલયના એકાઉન્ટન્ટ શ્રી કિશોરભાઈ હાજર હતા. બેઠકમાં તા. ૨૮-૨-૨૦૧૩ સુધીના હિસાબોની ચકાસણી કરવામાં આવી હતી અને તેમાં સુધારા સંબંધી જરૂરી સૂચનાઓ એકાઉન્ટન્ટને આપવામાં આવી હતી. માસ ડિસેમ્બર-૨૦૧૩ સુધીના હિસાબો ઑડિટ થઈ ગયા છે, તેમ શ્રી કે.ડી. શાહે જણાવ્યું હતું.

- **શુક્રવાર તા. ૧૫-૩-૨૦૧૩**

આજ રોજ શ્રી લીલાધરભાઈ ગડા ભવન પર આવેલ હતા. તેઓએ ભોજાય સર્વોદય ટ્રસ્ટનો "કચ્છી સંસ્થા વિશેષાંક" માટેનો લેખ તૈયાર કરી આપ્યો. શ્રી લીલાધર ગડા સાથે શ્રીમતી મીનલ પટેલ તથા બરોડાના શ્રી રાજેશભાઈ ઝવેરી (જીવન અક્ષય ચેરિટેબલ ટ્રસ્ટ) પણ હતા.

★

આજરોજ "એક્ષલ ક્રોપ કેર" વાળા શ્રી અશ્વિનભાઈ શ્રોફનો ફોન હતો. તેઓશ્રીએ જણાવેલ કે તા. ૧૩-૪-૧૩ ના કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓના બહુમાનના કાર્યક્રમમાં તેમના બદલે કદાચ તેમના કોઈ કુટુંબીજન ઉપસ્થિત રહેશે.

★

આજરોજ પરિચય મિલન સમિતિની એક મિટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી હીરજી પાસુ શાહ, શ્રી જશવંત કોઠારી તથા શ્રી મહેન્દ્રભાઈ વસનજી શાહ આ મિટીંગમાં ઉપસ્થિત રહેલ હતા. ગત પરિચય સંમેલનના હિસાબો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ગત પરિચય મિલન સમારંભના પરિણામો સંતોષજનક આવેલ ન હોવાથી ભવિષ્યમાં આ પ્રકારના સમારંભો યોજવા કે નહીં તેની વિચારણા કરવામાં આવેલ હતી. યોગ્ય ડેટા બેંક જાળવવાના પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી. સમારંભનો સંપૂર્ણ રિપોર્ટ તૈયાર કરી, આવતી કારોબારી સમિતિમાં તે મૂકવાનો નિર્ણય કરવામાં આવેલ હતો.

- **શનિવાર, તા. ૧૬-૩-૨૦૧૩**

મુંબઈ અતિથિ ભવનના ડેવલપર્સ શ્રી પારસભાઈ બાબરિયા, શ્રી પંકજભાઈ બાબરિયા તથા શ્રી દિનેશભાઈ બાબરિયા આજરોજ મુંબઈથી શ્રી કચ્છી જૈન ભવન પર વાટાઘાટ કરવા તથા છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિની રજૂઆત કરવા પધારેલ હતા. તેમની સાથે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલાએ મિટીંગ કરી હતી. બેઝમેન્ટનો એમાઉન્ટ રૂ. ૧.૭૫ કરોડ (૫,૦૦૦ ચો. ફૂટ) ફાઈનલ કરવામાં આવેલ હતો. બે, ત્રણ, ચાર અને પાંચમો માળ આપણે અગાઉ નક્કી કરેલ હોવાથી અને અગર છઠ્ઠો તથા ૭મો માળ SRA તરફથી બાંધવા મળે તો તે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આપવામાં આવે તેવું આજે ફરીથી નક્કી કરવામાં આવેલ હતું. તેના ભાવો નક્કી કરવાની પ્રક્રિયા બાકી રાખવામાં આવી હતી. બીજા, ત્રીજા, ચોથા તથા પાંચમાં માળના એગ્રીમેન્ટના દરેક મુદ્દા પર ચર્ચા કરી તેને અંતિમ રૂપ આપવામાં આવેલ હતું.

★

આજ રોજ શ્રીમતી ફાલ્ગુની હીરેન તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાની સાથે રહી તા. ૧૩-૪-૧૩ ના કાર્યક્રમની રજૂઆતની પદ્ધતિ પર ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યોની તથા સુવર્ણ જયંતી વર્ષના કાર્યોની એક સળંગ સી.ડી. બનાવવાની વિગતો ફાલ્ગુનીને આપવામાં આવેલ હતી.

★

આજરોજ સૂચિત ક્રેડિટ સોસાયટીના અનુસંધાને ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી નરેન્દ્ર કોઠારી સાથે ચર્ચા કરેલ હતી.

★

કચ્છી સંસ્થા વિશેષાંક માટે વધુ ૬ સંસ્થાના લેખો પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવેલ હતા. આજ દિવસ સુધી કુલ ૪૪ સંસ્થાના લેખો પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવેલ છે.

- **સોમવાર, તા. ૧૮-૩-૨૦૧૩**

આજરોજ સર્વશ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી કિશોરભાઈ ઠક્કર સમાજના ઑડિટર શ્રી નૌતમભાઈ વકીલની ઓફિસમાં જઈને માસ જાન્યુઆરીથી માર્ચ-૨૦૧૩ના હિસાબોના ઑડિટ કામે અને આવાસ યોજનાના હિસાબો અંગે ઑડિટર્સ સાથે ચર્ચા કરી હતી.

★

આજરોજ શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકભાઈ ગોસરે પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા સાથે મિટીંગ કરી હિસાબો, ઉઘરાણી અને સ્ટાફની લોન અંગે ચર્ચા કરી હતી.

- **મંગળવાર, તા. ૧૯-૩-૨૦૧૩**

સભ્યપદ સમિતિની મિટીંગ આજે મળી હતી. શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી કે.ડી. શાહ હાજર હતા. સભ્યપદની ૯ અરજીઓની ચકાસણી કરીને સભ્યપદ મંજૂર કરવા ટ્રસ્ટ મંડળને ભલામણ દરખાસ્ત કરી હતી. ■

## ઊડતી નજરે....

### ફેબ્રુઆરી-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>જેમાંથી – | ૯,૬૬૯ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .... **૪૪૮** | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .... **૧૦૯** | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન .... **૩૦** | |
| | (ગ) | સોનોગ્રાફી .... **૭૭૫** | |
| | (ઘ) | ટી.એમ.ટી. .... **૧૭** | |
| | (ચ) | બોડી ચેક-અપ .... **૪૨૦** | |
| | (છ) | અન્ય .... **૭,૮૭૦** | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... **૨,૧૨૫**<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ .... **૫,૬૭૫**<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ .... **૪૬૩**<br>કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ .... **૨,૦૮૩** | ૧૦,૩૪૬ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... **૮૩૨**<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... **૨,૯૩૧** | ૩,૭૬૩ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... **૪૭૪** | ૪૭૪ |
| | | ફેબ્રુઆરી - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .... | ૨૪,૨૫૨ |



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૦ ૫૩૮૫૬

**Since 1958** **Leading. Innovating. Growing.**

# GET ASSOCIATED WITH AN AWARD WINNING ORGANIZATION






CFBP-Jamnalal Bajaj Award - 2011
for Fair Business Practices on April 20, 2012

Apollo-CV Award - 2012
for Best Practice Adopter of the Year on April 30, 2012

**Winner of FOUR Excellence Awards in 3 months.**







Ceat India Road Transportation National Award
for Customer Experience - 2012

Ceat India Road Transportation National Award
for Excellence in Personnel Management - 2012

## ISO 9001 : 2008

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

***In just three months V-Trans bags 4 prestigious excellence awards in 4 different categories in recognition of its relentless pursuit of Quality***

**V-Trans** is a total logistics solutions provider having over 425 branches spread across 26 states in India. With over 53 years of expertise, we offer surface transport, express cargo service (including air & rail) and integrated warehousing facilities all under one roof through V-Trans, V-Xpress and V-Logis divisions respectively.

## Our Deliverables

- Unique marine insurance cover of all goods from booking to delivery
- Centralised Customer Service Cell with Toll Free Number
- Specialists in safe and Speedy movement of goods
- Specialists in movement of small parcels from 10 kg onwards to Bulk goods, Half / Full Truck Loads, ODC and Projects to suit tailor made requirements
- Dedicated Corporate and Key Account Management
- Fleet of over 600 vehicles of all sizes and dimension

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**

# તસવીરી ઝલક

તા. ૨૨-૨-૨૦૧૩ના રોજ ત્રિ-દિવસીય 'કચ્છી મેળા'નું અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના મેયરશ્રી અસીતભાઈ વોરાએ ઉદ્‌ઘાટન કર્યું હતું ત્યારે તેમની સાથે રહેલા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ચેરમેન શ્રી અમિતભાઈ શાહ અને ભાજપના અગ્રણી શ્રી ગૌતમભાઈ શાહે મેળાના આકર્ષણરૂપ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત મેડિકલ સેન્ટરની ખાસ મુલાકાત લઈને વિવિધ વિભાગોની તબીબી પ્રક્રિયા રસપ્રદ રીતે જાણી હતી.

આ અવસરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો અને ટ્રસ્ટીશ્રીઓ તેમજ તબીબી સેવા સમિતિના કન્વીનર શ્રી કાંતિભાઈ સાવલા સાથે મેડિકલ સ્ટાફ નજરે પડે છે.

ઉલ્લેખનીય છે કે મેળા દરમ્યાન કુલ ૩૦૦૦થી વધારે મુલાકાતીઓએ આ મેડિકલ સેન્ટરમાં ઉપલબ્ધ સેવાઓનો લાભ લીધો હતો.











અમદાવાદ ખાતે "કચ્છી મેળા"ના કાર્યક્રમ અંતર્ગત
કચ્છની સંસ્કૃતિનો ધબકાર ઝીલવા યોજાયેલ ફોટોગ્રાફી સ્પર્ધામાં જાહેર થયેલ વિજેતા તસવીરો....



પ્રથમ ઇનામ : 'દરિયાએ ઓઢ્યું રંગભર્યું આકાશ'
તસવીરકાર : શ્રી અરવિંદ નાથાણી - ભુજ



દ્વિતીય ઇનામ : 'લોર્ડ ઓફ ગ્રાસલેન્ડ'
તસવીરકાર : શ્રી અશોક ચૌધરી - મુંદ્રા



તૃતીય ઇનામ : 'કલ્ચર એન્ડ ટ્રેડિશન'
તસવીરકાર : શ્રી કુલદીપસિંહ કઢારિયા - મુંદ્રા

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to post at Ahmedabad PSO on 5th of Every Month. R.N.I. No. of RNP is 33266/1978

Ratna
HOME PRODUCTS PVT. LTD.
no limits... no compromise

We Play With Stainless
STEEL

ku·ku
Symbol of Purity

beyond the best
Gulu
India

ku·ku
Life time
STAINLESS STEEL

Life time
100% Value of Money

OUR BRANDS

EXCLUSIVE RANGE OF STAINLESS STEEL UTENSILS

63, Bada Mandir Compound, Panjrapole Road, Mumbai 400 002.
Phone : (022) 2242 1213 / 2242 4100 / 3240 8081
Website - www.ratnahomeproducts.in Email - support@ratnahomeproducts.in